ગ્રંથ મળવાનું ઠેકાણું:—

☞ વકીલ મોહનલાલ હીમચંદ.

પાદરા–(ગુજરાત)

ભાવનગર—ધી આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં, શાહ ગુલાબચંદ

લલ્લુભાઇએ છાપ્યું.



નિવેદન.

શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ તરફથી પ્રકટ થતી શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિ ગ્રંથમાળા ગ્રંથાંક ૧૦૬ તરીકે આ " કક્કાવલિ સુબોધ " ગ્રંથ પ્રકટ કરી વાંચકોના હાથમાં મુકતાં અતિ આનંદ થાય છે.

જગત્ ઉપર ઉપકાર કરનાર દયાળુ ત્યાગી પુરૂષો પોતાના સ્વાનુભવનો લાભ જગતને વાણી અને પુસ્તક દ્વારા આપી શકે છે. જેમણે આત્મસાધન, તત્વચિંતન, અને લેખનનો અવિરત ઉદ્યમ અવસાન પર્યંત કર્યો છે એવા સદ્-ગુરૂ મહારાજશ્રીના અંતિમ સમયના છેલ્લા દિવસો પર્યંત આ ગ્રંથનો છેવટનો ભાગ લખાયો છે અને તેમાં તેઓશ્રીએ પોતાનો સ્વાનુભવ ઉતારવા સાથે વ્યવ-હારમાં ગુંથાયેલ ગૃહસ્થોને પણ માર્ગદર્શક થઇ પડે તેવા ઉંચા સિદ્ધાંતો સરળભાષામાં આ ગ્રંથમાં ગુંથી, અતિ ઉપકાર કર્યો છે.

ગુરૂશ્રી ગુજરાતી ભાષાના એક ઉત્કૃષ્ટ કવિ હતા. તેમણે ગુર્જર ભાષામાં અનેક ઉત્કૃષ્ટ ગ્રંથોમાં આત્મજ્ઞાન અને ભજનો, સ્તવનો તથા ઇતિહાસ આ-લેખી ગુર્જર ભાષાની સેવા બજાવી છે. તેમાં આ ગ્રંથે સંગીન વધારો કર્યો છે.

એક રીતે આ કક્કાવલિ સુબોધ ગ્રંથ જાણે સદ્બોધનો ભાષાકોશ હોય તેમ એક એક શબ્દ પર પાનાનાં પાના ભરી તેમાં સદુપદેશ ઉભરાવ્યો છે. આમા લેખકની વર્ણનશક્તિ, બહુશ્રુતપણું, વિદ્વત્તા, ક્ષયોપશમ, જ્ઞાનની તથા સ્વાનુભવના બહુલતા અને વ્યવહાર નિશ્ચયનું જ્ઞાતાપણું જણાઇ આવે છે.

ગુરૂશ્રીના પૂર્વે પ્રસિદ્ધ થયેલા સેંકડો ગ્રંથોના માફક આ ગ્રંથ પણ સૌને આત્માની તથા જીવનની ઉન્નતિ અર્થે થાઓ એમ ઇચ્છાય છે.

આ મંડળના ગ્રંથો માટે આજસુધી ઉદારચરિત જ્ઞાનરસીક સજ્જનોએ સારી રકમો આપી કોઇ પણ જાતના સ્થાયી ફંડ વિનાના આ મંડળને પોષ્યું છે. તેજ પ્રમાણે પોષવા વિનંતી છે.

આ ગ્રંથમાં આર્થિક મદદ આપનાર નીચેના ગુરૂભક્ત સજ્જનોનો આ સ્થળે આભાર માનવામાં આવે છે.

૨૫૦) રૂા. જવેરી મગનલાલ નાનચંદ—વીજાપુરવાળા.

૧૫૦) જવેરી લલ્લુભાઇ નહાનચંદ—વીજાપુરવાળા.

૧૦૧) જવેરી મોતીલાલ નહાનચંદ—વીજાપુરવાળા.


આ ગ્રંથની પડતર કીંમત વધારે આવવા છતાં મંડળના હમેશાંના નિયમ મુજબ માત્ર રૂા. ૧–૪–૦ રાખવામાં આવી છે. ઇત્યલં વિસ્તરેણ—

ॐ अर्हम् शांतिः ३.

સં. ૧૯૮૨
વસંતપંચમી—પાદરા.

વકીલ મોહનલાલ હીમચંદ
શ્રી અ૦ જ્ઞા૦ પ્ર૦ મંડળ તરફથી.





प्रस्तावना.

विदलयति कुबोधं बोधयत्यागमार्थं,
सुगति कुगतिमार्गौ पुण्यपापे व्यनक्तिः
अवगमयति कृत्याऽकृत्यभेदं गुरुर्यो,
भवजलनिधिपोतस्तं विना नास्ति कश्चित ॥

"સંસાર સમુદ્રમાં વહાણ સમાન એવા ગુરૂ મહારાજ પ્રાણીઓના કુબોધને દૂર કરે છે, તેમજ શાસ્ત્રોના અર્થનો બોધ કરે છે. સુગતિ કુગતિના માર્ગરૂપ પુણ્ય અને પાપનો ભેદ સ્પષ્ટ રીતે સમજાવે છે, એટલુંજ નહિં પણ કૃત્ય અને અકૃત્યના વિભાગનો બોધ આપે છે. એવા તે સદ્ગુરૂ વિના અન્ય કોઇ આ વિશ્વમાં તારક છેજ નહિં."

પ્રાતઃસ્મરણીય સચ્ચારિત્ર્યચૂડામણિ પંડિતપ્રવર ગુરૂદેવ શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીની વિશ્વોપકારક લેખીની અને લેખન વ્યવસાયથી પ્રાય: ગુર્જરાદિ દેશોમાં ભાગ્યેજ કોઇ સાક્ષર જૈન–જૈનેતર અજ્ઞાત હશે. જન્મથી ઉચ્ચ સંસ્કારો, ધર્મભાવના, વૈરાગ્ય અને ત્યાગના નિજ સંસ્કારો લઇ અવતરેલા આ ગહન જ્ઞાન, નિજ સ્વાનુભવ અને સંયમ પ્રતિપાલક સમર્થ યોગીશ્વરે માત્ર ચોવીશ વર્ષના સંયમ (દિક્ષા પર્યાય) સમયમાં ૧૦૮ ઉપરાંત સ્વ–અને લોકોપકારક મહાન્ ગ્રંથો રચ્યા. અરે (મુનિજન્મ. દિક્ષા)થી સ્વર્ગગમન પર્યંત–સ્વર્ગગમન પહેલાંના ચાર દિવસ પર્યંત તેઓશ્રીની લેખીની જગદુપકારક ગ્રંથો આલેખનીજ રહી હતી. જાણે વિશ્વને ૧૦૮ ગ્રંથો રૂપી આધ્યાત્મ જ્ઞાન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સદ્બોધ, સમાજ–સુધારણા અને અષ્ટાંગ યોગરૂપ દિવ્ય સુવાસથી ભરપૂર ઉભરાતા પુષ્પોની મનોહર માળાની ભેટ આપી જવાની પોતાની અભિલાષા પૂર્ણ કરવાજ જીવનધારી રહ્યા હોય તેમ ગુરૂશ્રીએ ૧૦૮ ગ્રંથો પૂર્ણ કર્યા પછી તરતજ સ્વર્ગવાસ કીધો.

ગુરૂદેવનો અંતિમ સમયમાં લખાતો અને પૂર્ણ થયેલો ગ્રંથ તે આ કક્કાવલિસુબોધ છે. સ્વર્ગગમન પહેલાં ૩–૪ દિવસ સુધી તેજ ગ્રંથનાં પ્રુફસ તેમણે તપાસ્યાં હતાં અને છતાંયે તેમાં નવિન ઉમેરો કરે જતા હતા. શીથીલ પ્રકૃતિના કારણે તેઓશ્રીને આ પરિશ્રમ ન લેવા વિનતી કરવામાં આવતી ત્યારે સહાસ્ય વદને જણાવતા કે જીવનની છેલ્લી પળ સુધી મ્હારા આ પ્રિય વ્યવસાયમાંજ હું મગ્ન રહીશ. અને એમજ બન્યું. જેના વાંચનથી વિબુધ અને સામાન્ય શિક્ષિત વર્ગ સમાન રીતે પ્રફુલ્લ બની ઉઠી મસ્તકો ડોલાવી ઉઠે છે. એવાં અનૂપમ પુસ્તકોનો સમૂહ વિશ્વને સમર્પી જનાર આ જ્ઞાનમસ્ત મહાકવિ એવં યોગવિદ્યા વિશારદ મહાન્ સાહિત્યાચાર્ય અને પ્રખર વક્તૃત્વશાલી પ્રતિભાસંપન્ન ગુરૂદેવ આજે સ્વર્ગમાં બિરાજે છે; છતાં તેમનાં અમર યશોગાન ગાતાં પુસ્તકો જ્યાંસુધી વિશ્વમાં વિદ્યમાન છે અને વિબુધજનો તે દિવ્ય જ્ઞાન–રસામૃત પાન માટે આતુર છે ત્યાસુધી તેઓ અત્રે વિદ્યમાનજ છે, અને તેમનાં સ્વર્ગગમનથીજ તેમના છેલ્લા પુસ્તકની પ્રસ્તાવના લખવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે. છતાંયે મને ભીતિ રહ્યા કરે છે કેઃ—

આશય સદ્ગુરૂ દેવનો, અતિ ગંભિર ઉદાર,
બાલક બાંહ્ય પસારીને, કહે ઉદધિ વિસ્તાર;
નય નિક્ષેપ પ્રમાણ ને, પક્ષ ભંગ મનોહાર,
અનેકાંત મર્મે ભરી, ગુરૂ વાણી નહિં પાર.
સ્યાદ્વાદ શૈલી રૂડી, આત્મજ્ઞાનના તાર,
વણ્યા ગુંથ્યા ગ્રંથે ગહન, ધારે બુધ નરનાર;
તોપણ—કરૂં વિવેચન ભક્તિવશ કક્કાવલિ સુખકાર,
યથાશક્તિ ગુરૂશ્રી સ્મરી, જેહના બહુ ઉપકાર.

કક્કાવલિ સુબોધ ગ્રંથ ગુરૂશ્રીએ છેલ્લો લખ્યો છે. તેમાં અ થી માંડી તમામ બારાખડી વારના અક્ષરથી શરૂ કરી પ્રત્યેક અક્ષરથી શરૂ થતી લીંટીઓમાં ઉચ્ચ અધ્યાત્મજ્ઞાન, યોગ, તત્વજ્ઞાન, ઇતિહાસ, સેવાધર્મ, કર્મયોગ, ગ્રહસ્થ ધર્મ, બાલલગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધલગ્ન નિષેધ, વીરધર્મ, ઉચ્ચપ્રેમ, મિત્રતા, પતિધર્મ, પાત્નધર્મ, ભક્તિ, ઉપાસના, ત્યાગ, તપ, શાંતિ, સૌખ્ય, ઉચ્ચ ગ્રહસ્થધર્મ, કસરત, આહારશુદ્ધિ, નિર્મળ ચારિત્ર, આચાર, સાચા સુધારા, શ્રાવક સાધુ વિગેરેનાં કર્તવ્યો, સાત્વિક જીવન, જીવદયા, ચોરી, નિંદા, વ્યભિચાર, કાયરતા, પરવશતા, શઠતા, અશાંતિ, વ્યસન આદિ ત્યાગ, આ અને એવાજ અતિ ઉપયોગી વિચારવા યોગ્ય વિષયોનું વિવેચન ઘણું વિસ્તારથી સાદી અને સરળ

ભાષામાં ઉપકાર બુદ્ધિથી લખ્યું છે, એક એક અક્ષર પર પુસ્તકનાં પુસ્તક ભર્યાં છે. જાણે સંશોધની એક ડીક્શનેરી યા શબ્દકોષ વાંચતા હોઇએ એમ ભાસે છે.

અતિ વાંચનથી તથા બહુશ્રુતપણાથી લખાયેલ આ ગ્રંથ વાંચતાં લાગી આવે છે કે ગુરૂશ્રીએ આટલો વિશાલ અનુભવ ક્યાંથી ને ક્યારે મેળવ્યો હશે ? ઘણામાં ઘણી બાબત પર મર્મ અને તલસ્પર્શિ વિવેચન, મનુષ્ય જીવનમાં ગ્રહસ્થાશ્રમીઓને ઉપયોગિ સદુપદેશ, સાધુ જીવનનો સચોટ ઉપદેશ, બાલકને આજ્ઞાઓ, યુવાનોને શિક્ષાઓ, પતિધર્મ અને પત્નિધર્મની મર્યાદા, ફરજો અને તેના આદર્શો, વૃદ્ધોને માર્ગદર્શક સૂચનાઓ, બ્રહ્મચર્યવ્રતની આવશ્યકતા, ધનાઢ્યોની ફરજો, શિક્ષકોના ઉચ્ચાદર્શો, સાચા શુદ્ધ પ્રેમીઓનાં લક્ષણ અને ફર્જો જીવન સંગ્રામમાં જરૂરની શારીરિક શક્તિનાં વિકાસના અલભ્યમાર્ગો, બ્રહ્મચર્યના ફાયદા, કોમ અને ધર્મના રક્ષણાર્થે ઇતિહાસ અને સુધારણાના અભ્યાસની જરૂરીઆત, જીવનની અનુપમ શાંતિ માટે ઉચ્ચ ગ્રહસ્થ જીવનની અને ઉત્કૃષ્ટ સાધુ જીવનની પ્રવૃત્તિઓ, ધર્મ દેશ કોમ અને કુટુંબની ઉન્નતિ અને રક્ષા માટે જોઇતી સેવા ભાવના, નીડરતા, સ્વાર્થત્યાગ એવં સર્વાર્પણની જરૂરીઆત અને તેની શિક્ષાથી માંડીને ઠેઠ ઉચ્ચ જીવન જીવી પરોપકાર, સેવા અને ત્યાગ દ્વારા અનુપમ આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી સ્વાનુભવે મોક્ષ પ્રાપ્તિ કરી લેવા સુધીની માર્ગદર્શક શિક્ષાવલી આ કક્કાવલિમાં લીટીએ લીટીએ ઉભરાય છે.

આવા પ્રકારનાં પુસ્તકો વીરલ જોવામાં આવે છે, ગુરૂશ્રીએ અષ્ટાંગ યોગ, દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુ યોગ, અધ્યાત્મજ્ઞાન, તત્વજ્ઞાન, ઇતિહાસ, શિક્ષાલેખો ભજનો, સ્તવનો, પૂજાઓ, સમાજ સેવા, સમાજ સુધારણા, કુદરત, આદિ પર સેંકડો અનુપમ ગ્રંથો હજારો પૃષ્ટોનાં ગદ્ય પદ્યમા ગુજરાતી હિન્દી સંસ્કૃત માગધી ભાષામાં લખ્યા પછીથી આ છેલ્લો ગ્રંથ જાણે ભાષાના પ્રત્યેક શબ્દ ઉપર નાનકડા ગ્રંથો જ લખી કોઇ પણ શબ્દ દ્વારા બોધ આપવો રહી ન જાય એવા આશયથી લખી તમામ ગ્રંથોની માળામા એક મેર સમાન આ ગ્રંથ બનાવી માળા પૂર્ણ કરી જગતપર અનન્ય ઉપકાર કર્યો છે. જેમનુ સમસ્ત જીવન જ જ્ઞાન-ધ્યાન-યોગ-શાંતિ, સ્વાનુભવ, પ્રભુભક્તિ, ત્યાગ, તપ, વૈરાગ્ય અને વિશ્વોદ્ધારના ઉચ્ચ આદર્શોની પૂર્તિ માટેજ હતુ, અને તેની પૂર્ણતા કરી-પોતાનુ ઇષ્ટ સાધ્ય સાધી આ વિશ્વમાંથી વિદાય થયા. તેઓના ઉપકાર તળેથી આ વિશ્વ ક્યારેય ઋણ વિનાનુ ન થશે.

આ ગ્રંથ ગુર્જરભાષામા છે-સરળ છતા સંપૂર્ણ ભાવવાહી, કાવ્યમાં હોવાથી અલંકાર યુક્ત છતા બાળકપણ સમજી શકે એવા અને માત્ર ભાષાના અમુક અક્ષરોની મર્યાદામા રહેલા હોવાછતાં અમર્યાદિત સદ્બોધ અને શિક્ષાઓથી ઉભરાતો છે.

વ્યવસાય જીવનપર્યંત અસ્ખલીતપણે ચાલ્યો ને જગતને સાહિત્યનો અમૂલ્ય વારસો આપી ગયા.

અવગાહન શક્તિ—

આ શક્તિ પણ તેટલીજ તિવ્ર હતી. હસ્તકો શ્લોકોના ગિર્વાણ ગુર્જર માગધી હીન્દિ ભાષાના ગ્રંથને હાથમાં લીધા પછીથી માત્ર એકજવાર અવગાહી લઇ મુક્યા પછી તે તેમને સંપૂર્ણ અવગત થઇ જતો અને આતોકીન દાસ પ્રમાણે કોઇપણ વખતે લેખનમાં શાખ તરીકે તે શ્લોક તેમની પાસે હાજર થતો. આવી અદ્ભુત અવગાહનશક્તિ વીરલ છે.

મુફોની તપાસણી—

આ તમામ ગ્રંથોનાં મુફો પણ જાતેજ શ્રી ગુરૂદેવ જોતા, અનેક પ્રેસોમાં છપાતાં પુસ્તકોનાં સંખ્યાબંધ મુફો ટપાલમાં આવતાંજ તેઓ તે તપાસવા બેસી જતા અને એવાં તપાસતા કે ભુલ રહે નહી. જ્યારે શ્રીમદે જાણ્યું કે પોતાનું આયુષ્ય સ્વલ્પ છે ત્યારે એકસામટાં સતાવીશ પુસ્તકો પ્રેસમાં આપ્યાં એટલાંજ પુસ્તકોની પ્રસ્તાવનાઓ, વિગેરે લખવી તે મુફો તપાસવાં વિગેરે કાર્ય નિયમીત ઘડીયાળની માફક તેઓ કરતા, તેમની પાસે બેસનારને તેઓશ્રી નવરા કદી પણ બેગવા ન દેતા. તેઓ તરતજ આવનાર વા બેસનારને પુછતા કે બોલો–પૂછો–વિચારો યા વાંચો. આમ કરવામાં તેમની સાથે મુફો જોનાર પણ એવા હુશીઆર બની ગયા હતા કે તેમના આ કાર્યમાં તેમને ઘણાજ મદદરૂપ થતા. અને સતાવીશ ગ્રંથોનાં આલેખન-પ્રસ્તાવનાઓ–મુફો વિગેરે કાર્ય તેમણે માત્ર ચારજ માસ જેટલા ટુંક સમયમાં કરી નાખ્યાં અને બે ત્રણ ગ્રંથ શિવાયના તમામ ગ્રંથોની પ્રસ્તાવનાઓ પણ પોતેજ લખી છે.

આવા સતત્ જ્ઞાન વ્યાસંગવાળા, ઉદ્યમી, જ્ઞાની ગુરૂદેવની આ છેલ્લી કૃતી છે. અંતિમ પ્રસાદી છે. અમૂલ્ય વારસો છે.

નિયમીતપણું—

તેઓશ્રીનો ખોરાક તદ્દન સાદો, સાત્વિક, એકજવખત લેવાતો, અને અલ્પ હતો. તેઓ રોજ સવારે–સાંજે દીર્ઘશકાર્થે બે ચાર માઇલ જેટલું ખુલ્લામાં ચાલતા. અતિ અલ્પ નિદ્રા–જાગૃતિ તીવ્ર અને આત્મજાગૃતી અનુપમ હતા. નિયમીતપણામાં સચોટ હતા. આટલુ છતા વિશ્વના સદ્વાસમા વિશ્વમાં બનતા બનાવોથી અજ્ઞાન રહેતા નહી. નિયમીતપણુ એ તેમનો ખાસ આદર્શ હતો. જીવનના તમામ વ્યવહારમાં એમનું નિયમીતપણું સૌને અનુકરણીય હતુ અને તેની સચોટ છાપ આ ગ્રંથમા વાકયે વાકયે તેમણે આળેખી છે.

કક્કાવલિમાં ગુરૂશ્રીએ પ્રથમ મથાળે **ककावलि सुबोध ग्रंथ** એમ નામ આપ્યું છે. કક્કાવલિનો સંપૂર્ણ સુબોધ-જાણપણું બાલવયમાં વિદ્યાર્થી કરે છે પણ તે અક્ષર જ્ઞાન પુરતુંજ. સાચુ કક્કાવલિનું જ્ઞાન સદ્‌ગુરૂ વિના થાય જ નહિં સદ્‌ગુરૂજ કક્કાવલિનું ગ્રહસ્થના આદર્શ જીવનનું તેમજ યાવત્ મુક્તિપ્રદ સત્ય-માર્ગનું સાચું કક્કાવલિનું જ્ઞાન આપી શકે. જો કે ગુરૂદેવ તો અસંગી ત્યાગી હોય છે છતાંયે તેઓ વિશ્વોપકારાર્થે દયા દષ્ટિથી જગતને ઉપદેશ દેતા વિચરે છે સાધુ મુનિરાજો, આચાર્ય ભગવાન, આદિ પોતાનાં જીવન આત્મારાધન કરવા ઉપરાંત પરોપકારાર્થે વિતાવે છેઃ—

विद्वांसः कति योगिनः कति गुणैर्वैदग्ध्य भाजः कति ।
प्रौढा मानकरीन्द्रकुंभदलने वीराः प्रसिद्धाः कति ।
स्वाचारा कति सुन्दराः कति कति प्राज्यप्रतिष्ठावराः
किन्त्वेको विरलः परोपकरणे यस्याऽस्ति शक्ति सदा ॥

તેમ જેમનામાં પરોપકાર કરવાની શક્તિ હોય તેવા જ્ઞાની પુરૂષો તો આ વિશ્વમાં વિરલ છે કે જેમનાં અબાધિત વચનામૃતનું પાન કરીને ત્રણે કાળમાં ભવ્ય પ્રાણીઓની આબાદી અક્ષતપણે દીપી રહે છે. એવા લોકોપકારી અને નિઃસ્વાર્થ વૃત્તિવાળા આચાર્યો આ વિશ્વમાં વિરલ અને અમર છે.

આ કક્કાવલિમાં આચાર્યશ્રીએ સત્ય કક્કાવલિનું ભાન વાચકોને કરાવી તેનું નામ સાર્થક કર્યું છે.

તે પછી પ્રારંભ મંગલમાં સર્વજ્ઞ પરમેશ્વર વિતરાગ એવા શ્રીમન્ મહાવીર સ્વામિ દેવ તથા સદ્‌ગુરૂ શ્રીમદ્ સુખસાગરજી મહારાજને પ્રણામ કર્યા છે. એ સૂચવે છે કે મંગલને ઇચ્છનાર પ્રત્યેક મનુષ્યે પ્રારંભમાં પરમાત્માનું તથા સદ્‌ગુરૂનું સ્મરણ અને સ્તવના કરવાં ઇષ્ટ છે.

હવે ગુરૂશ્રીની લેખીની સુબોધની વર્ષા વર્ષાવતી ઉપદેશ ક્ષેત્રમાં આગળ વધે છે.

અ થી શરૂઆત થાય છે. અ અક્ષરના વિવેચનમાં ત્રીશ પૃષ્ટ ભર્યા છે.

અજ્ઞાની રહેવું નહિં આતમ, સર્વ દુખહેતુ અજ્ઞાન;
અજ્ઞાની પશુ સરખો જાણો, અજ્ઞાને ભવ દુખની ખાણ.

શરૂઆતમાંજ ગુરૂશ્રી જ્ઞાનનો કક્કો વાચકને શિખવવા માંડે છે. આ વિશ્વ-માં જ્ઞાની શિવાય અન્યને મનુષ્ય કહેવો તે પણ તેઓશ્રી યોગ્ય વિચારતા નથી.

જ્ઞાન સિવાય વિશ્વમાં દુઃખ ક્લેશ ભય અને અંધકાર છે. વ્યવહારીક દૃષ્ટિએ પણ અજ્ઞાની માનવ પશુ સરખો ગણાય છે ને તેમાં પણ સારું નીતિમય ઉપયોગી અને ઉપકારક જ્ઞાન-વિદ્યા ન હોય તેવા ભણેલા પણ નકામા ગણાય છે. ગુરૂશ્રી પોતાના ભજનોમાં કથે છે તેમ:—

ઉકાળ્યું શું ભણી વિદ્યા, ગણી વિદ્યા ઉકાળ્યું શું ?
હૃદયની ઉચ્ચતા સાથે, કરી ના સ્વોન્નતિ જ્યારે !

* * * *

ઉકાળ્યું શું કવિ થઈને, બની વક્તા ઉકાળ્યું શું ?
પ્રમાણિક વૃત્તિની સાથે, કરીના સ્વોન્નતિ જ્યારે ?

* * * *

ગુણો વણ તો ઘટાટોપે, કદીના સ્વોન્નતિ થાવી !
બુધ્ધ્યબ્ધિ સદ્‌ગુણી થાતાં, ભણ્યું લેખે, ગણ્યું લેખે.

ભ૦ ભા૦ ૮ પૃ. ૪૬૭

માટે સાચું ભણતર સંસારીક દૃષ્ટિએ પણ ભણવું જોઇએ કે જેથી સ્વોન્નતિ થાય. અજ્ઞાનજ સર્વ દુઃખના હેતુભુત છે. જ્ઞાન વિનાનો માણસ પશુ સરખો ગણાય છે અને સમસ્ત ભવ દુઃખની ખાણુ સરખો માત્ર અજ્ઞાનથીજ થાય છે માટે વિશ્વમાં સાર પણ જ્ઞાન છે. માટે જ્ઞાન ભણો-જ્ઞાની થાઓ એ તેમની શિક્ષા છે.

માત્ર વ્યવહારીક જ્ઞાન કાંઇ આત્માને હિતકર કે ભવ સમુદ્રથી તારવા કામ ન આવે. જ્યાં સુધી માણસ સાચુ આત્મજ્ઞાન ન મેળવે ત્યાં સુધી તો:—

જ્યાં લગે આત્મતત્વ ચિન્યો નહિં
ત્યાં લગે સાધના સર્વ જુઠી.

તેઓશ્રીતો આગળ ચાલતાં કથે છે:—

અક્ષર જ્ઞાનથી કેળવાયેલા, માનવું તેમાં મોટી ભૂલ
સદ્‌ગુણને સદ્‌વર્તન જ્ઞાને, કેળવણીનું સાચું મૂલ.

આમ કહ્યા પછી સાચું આત્મજ્ઞાન થતાં મનુષ્ય પોતે કોણ છે ? આત્મા શું છે, અને તેની શક્તિ તથા ઋદ્ધિ શું છે, તે જણાવે છે:—

અરૂપી આતમ તત્વમસિ તું, આતમ આપો આપ ઉદ્ધાર
અખંડ અવિનાશી અજ અક્ષય, અનંતગુણ પર્યાયાધાર.

અક્ષર અજર અમર આતમ એક ભણતાં ગણતાં થાશો એક
અનેક એક સ્વરૂપે આતમ, આનંદ રૂપી કરો વિવેક
અનુભવ જ્ઞાન તે આત્મપ્રભુનું, નિર્વિકલ્પતે જ્ઞાન પ્રમાણ.
અંતર આતમ આનંદ રસનો, સાગર ઉલટે એવું ભાન.

આ સાચા આત્મજ્ઞાનનો અભ્યાસ એજ જ્ઞાન અને એનું જ સ્વાનુભવ પૂર્વક રટન નિદિધ્યાસન પરમ આવશ્યક છે એમ જણાવે છે.

પોતે જ્ઞાન માટે કેટલા તૃષાતુર છે, તથા પોતાને શું અનુભવ છે જણાવતાં લખે છે.

અમારો જ્ઞાને દૃઢ નિશ્ચય છે, મોહાદિકથી રહેવું દૂર;
અમારો નિશ્ચય બ્રહ્મનૂરમાં, મેળવવું નિજ બ્રહ્મનું નૂર !
અમારો નિશ્ચય જ્ઞાનસમાધિ,-યોગે પ્રભુરૂપ થાવું એહ;
અનુભવ એવો અમને આવ્યો, પ્રભુપદ વરશું બની વિદેહ.

પોતાનો આદર્શ અકારમાં ચીતરતાં:—

અમર થયા જેણે નિજ શુદ્ધિ, કરી પ્રકટાવ્યો પૂર્ણાનંદ;
અમર થયા જેણે મનને જીત્યું, ટાળ્યા રાગને રોષના ફંદ.
અમર થયા જેણે નિષ્કામે, તપ જપ પ્રભુમાં હોમ્યા પ્રાણ;
અમર થયા જેણેજ કષાયો, ટાળી પામ્યા પદ નિર્વાણ.
અક્ષર દેહે અમર થયા તે, દાની શૂરાઓને સંત;
અક્ષર દેહે અમર થયા તે, પરમાર્થી ઉપકારી ભક્ત.

આવી તો અકારની હજારો લીટીઓ આળેખાઈ છે.

અનુગામી થા જ્ઞાનીઓનો, અનુસરો ગુણીઓની ચાલ;
અનુકરણ કર સદ્‌ગુણીઓનું, સાધુઓના ગુણ સંભાર.

છેવટે આત્મજ્ઞાનના અનુભવના નીચેના ઉદ્‌ગારો લખી 'અ' પૂર્ણ કરે છે:—

અનુભવ આવે આતમસુખનો, ત્યારે જડરસ રૂચિ વિણસાય;
અનુભવ આત્માનંદનો નાવે, ત્યાં લગી જડસુખ વૃત્તિ રહાય.

આત્મિક સુખનો ઓર આનંદ અનુભવતાં લખે છે કે:—

અનુભવ આત્મિક સુખનો આવે, બાહ્યરસો સ્વયમેવ વિલાય;
અનુભવ આવ્યા પામ્યા વણુંકો, બ્રહ્મરસીલો નહિ ગણાય.

આ સિવાય અકારની સેંકડો પંક્તિઓમાંથી થોડીક લઇએઃ—

અજપાજાપ તે આત્મરમણુતા, અનહદ ધ્વનિ અંતર ઉપયોગ;
અધ્યાત્મિક દ્રષ્ટિએ અર્થને, સમજી સાધો અનુભવ યોગ.

યોગસાધનામાં કહેલ અજપાજાપ તથા અનહદ ધ્વનીના આધ્યાત્મિક દ્રષ્ટિએ સાચા અર્થ બતાવતાં તે સમજી અનુભવવા ઉપરોક્ત પંક્તિઓ ટાંકી છે.

અનુભવ જ્ઞાન તે આત્મપ્રભુનું, નિર્વિકલ્પ છે જ્ઞાન પ્રમાણ;
અન્તર અંતમ આનંદ રસનો, સાગર ઉલટે એવું ભાન.

× × ×

અશક્ય છે નહિં મનુષ્યને કંઈ, અલભ્ય નહિં કંઈ જગમાં જોય;
અજરામર પદ માનવ પામે, માનવ પ્રભુ-પ્રતિનીધિજ હોય.

× × ×

અફીણુ વ્યસનથી હિન્દ ને ચીનની, પાયમાલી થઇ પડની જાણુ.
અફીણુ આદિ દુર્વ્યસનોથી, નાસે તન ધન મન ને પ્રાણુ.

× × ×

અકળાઇશ નહિં આફત આવે, આફત સદા નહિં રહેનાર;
અધિર થા ના કાર્ય કરંતાં, અમૂલ્ય આયુ ન ફોગટ હાર.
અહિંસામય વિચાર કર્મે, અલ્લા ઇશુ ભજે જે રામ,
અર્હત્ બુદ્ધ હરિ સો ભજતાં, પામે મુક્તિ વૈકુંઠ ધામ.
અસ્ત ઉદય સૂર્યાદિક પામે, જીવોનો તો ત્યાં શો ભાર;
અસ્ત ઉદય કૈસર ને ઝારનો, સમજી ધર્મ કરો નરનાર.
અમેરિકામાં ઐક્યને વિદ્યા, વિજ્ઞાન પ્રતિદિન નવનવ શોધ;
અર્થ કામની ઇચ્છા ભારે, આહોન્નતિને શોધે ઓધ.
અતિથી સેવા ઘરબારીનું, સૌથી મોટુ છે કર્તવ્ય;
અતિથી માટે સ્વાર્પણ કરવું, ગૃહસ્થનોએ ધર્મ છે ભવ્ય.
અતિથી સેવા આર્યોની છે, સર્વ ખંડમાં શ્રેષ્ઠ પ્રમાણ;
અતિથિને આદર સત્કારે, આપો ભોજન ને વળી માન.
અતિ ઠંડુ તીખુ ખારૂં ને, ઉન્હું ભોજન ખાવુ વાર.
અતિ નિદ્રા જાગર પરિશ્રમને, ઇંદ્રિય અતિ પરિશ્રમને વાર.

અધિકારી થઈ કર નહિ જુલ્મો, કર નહિ પ્રાણાંતે અન્યાય;
અધિકારી થઇ પક્ષપાતને, ત્યાગી કર સમજીને ન્યાય.
અન્યાયી જે અમલદાર છે, તે જીવંતો છે શયતાન;
અન્યાયીના જુલ્મની સામે, રહીને જીવે તે .બળવાન.
અધિકારી જુલ્મીઓ સામે, ઉભું રહેવું કરીને સંપ;
અન્યાયીનો પક્ષ ન કરવો, અન્યાયે નહિ અંતે જંપ.
અમલ લહી અભિમાની ન થાજે, અમલદાર છે તુજપર દેખ,
અલ્પ શક્તિથી ક્યાં તું ભૂલે, જીવે મરે તું શાથી પેખ.
અર્પાઈ જા પરમાર્થે તું, સુકૃત્યર્થે સહુકરને આપ;
અર્પાવું પ્રભુમાં નિજનું જે, તે સેવા ભક્તિની છાપ.
અનુભવ પચ્ચીશી જ રચીને, આત્માનુભવ આપ્યું જ્ઞાન;
અનુભવ જ્ઞાન પ્રમાણ છે સાચું, અંતર નાદ તે સાચું તાન.
અપૂર્વ નવ નવ વિદ્યા ગ્રહવી, અપૂર્વ નવ નવ લેવું જ્ઞાન;
અપૂર્વ શોધો નવ નવ કરવી, અપૂર્વ સાંભળવું ગુણખાણ.
અશક્ત થા નહિં મન તનુ વચથી, હિંમત ખંતને ઉદ્યમ ધાર;
અશક્તિઓનાં મૂળ ઉખેડી, શક્તિઓ ધારો સુખકાર.
અર્વાચીન પ્રાચીન ઇતિહાસો, સર્વ ધર્મ પ્રજાના ઉકેલ;
અર્વાચીન પ્રાચીનમાં સાચું, હોયતે ગ્રહશો ધરીને પહેલ.
અબળાઓપર જુલ્મ કરો નહિં, સંતાપો નહિં અબળા જાત;
અબળાઓને દુખો દેતાં, દેશ કોમ પડતી સાક્ષાત.
અગ્રેસર થા દેશ કોમનો, સંઘ પ્રજાના હિતને માટ;
અગ્રેસર થા પુણ્ય કાર્યમાં, અગ્રેસર થા મોક્ષની વાટ;

આમ વિવિધ સદ્બોધદાયક સેંકડો પંક્તિઓ માત્ર અ કારમાં જ ભરી છે. આ પંક્તિઓમાં સર્વ પ્રકારનો સદ્બોધ તરે છે.

હવે આ રૂપી શબ્દ રેલના પાટાપર સદુપદેશરૂપી પંક્તિઓની રેલવે દોડે છે. જ્યાં દયાદષ્ટિનો જીવંત ઝરો ખળખળ વહેજ જાય છે ત્યાં પીપાસુઓને શી ઉણપ ? આમાં અકારથીયે ચઢીજાય તેવા સિદ્ધાંતો ગુરૂદેવે ઉભરાવ્યા છે. જેને સાચો આત્માનુભવ થાય છે તેની બલીહારી છે.

આચાર્યો જે ધર્મગુરૂઓ, તેઓને શ્રદ્ધાથી સેવ;
આચારો પાળો શુભ સુખકર, ઓળખ ગુરૂને સાચા દેવ.

ધર્મગુરૂઓ આચાર્યો ને મુનિવરો જે સાચા પારમાર્થિક શુભ આચારોથી પરિપૂરિત હોય તેને મન વચન કાયાથી સેવવા કર્મવ્ય છે. સાચા સાધુઓનાં લક્ષણ જાણવાં જરૂરી છે. તેમના ગ્રંથોમાં સ્થળે સ્થળે સાચા ગુરૂનાં લક્ષણો આપી તેઓ જણાવે છે કે માણસ બે પૈસાની હાંડલી લેતાં ત્રણ ટકોરા મારી પરખે છે છતાં ભવોભવના તારણહાર ગુરૂદેવને ઓળખ્યા-પિછાન્યા શિવાય ધારણ કરવા એ ભૂલ છે. સુગુરૂ તારે તે કરતાં કુગુરૂ ડુબાડે વહેલા. સુગુરૂઓનાં લક્ષણ તેઓશ્રી આમ બતાવે છે.—

આત્મજ્ઞાન વિના અને પ્રભુમય જીવન થયા વિના કોઈપણ યોગી, મહાત્મા સાધુ, ત્યાગી ગુરૂ બની શકતોજ નથી.

કર્મયોગ. પૃષ્ટ ૭૦૮

સાચા સાધુનાં લક્ષણઃ—

આશાવરી.

સાધુ ત્યારે તુંહિ કહાવે,:સમતા ઘટમાં આવે. સાધુ.
રાગ દ્વેશ વિકલ્પ ન પ્રકટે દ્વેશ ન મનમાં થાવે;
સમભાવે દુનીયાંને દેખે, મનમાં વૈર ન લાવે. સાધુ.
નિંદા વિકથા ત્યાગીને તે, પરમ પ્રભુને ધ્યાવે;
ઉદયાગત કર્મોને વેદે, પડતો નહિં પરભાવે. સાધુ.
વૈરાગે મન ક્ષણ ક્ષણ વાળે, આત્મ રમણતા ચહાવે;
આત્મપ્રભુની અમલ મોજનાં, સ્ફુરણે ગાણાં ગાવે. સાધુ.
દેખે ચાલે ખાવે પીવે, નિજને ન્યારો ભાવે;
અંતરમાં પરમાતમ પેખે, ઉપયોગે તે ધ્યાવે. સાધુ.
દર્શન જ્ઞાન ચરણને સાધે, પરમાનંદ જમાવે;
બુદ્ધિસાગરઃસાધુ સાચો, દશવિધ ધર્મ સુહાવે. સાધુ.

ભજન પદસંગ્રહ ભા. ૮ પૃ. ૩૪૨

કુગુરૂઓનાં લક્ષણ બતાવતાં જણાવે છે કે—

અસૂયા પૂજનારાઓ, ધમાધમમાં રહી માચી:
કુહાડો પાદપર મારી, કરો ધર્મોન્નતિ ક્યાંથી ?

પરસ્પર ખોદનારાઓ, પરસ્પર નિન્દનારાઓ;
કુસંપી બીજ વાવીને, કરો૦

કરો ભળભળ જરા માટે, સહાતું અન્યનું ના કાંઈ;
ક્ષમાથી દૂર સો ગાઉ, કરો૦

કરીને સર્વનું જુઠું, સ્વયં માન્યું કરી સાચું;
નથી માધ્યસ્થની દૃષ્ટિ, કરો૦

જરા કંઇ માન્યતા ભેદે, કરો ભડકો કષાયોનો;
થઈ સામા લઢો દ્વેષે, કરો૦

લઢાવી મારતા ભક્તો, કહી સાચું કંઈ જુઠું;
ભભુકી કાન કાચા થઈ, કરો૦

હૃદય ઔદાર્ય ના કિંચિત્, મળીને કામ ના કરતા;
ગુણાનુરાગ ના કિંચિત, કરો૦

વધે તેના પગો ઝાલી, કરો છો પાડવા યત્નો;
ગમે તે આળને દેઈ, કરો૦

કરો જો સ્વોન્નતિ પુરી, તદા ધર્મોન્નતિ કરશો.
બુધ્ધ્યબ્ધિ સદ્ગુણો પામી, કરો ધર્મોન્નતિ સંપે.

ભ. ભા. ૮ પૃ.

કવ્વાલી.

ધમાધમમાં રહી વૃત્તિ, ગુણોવણ વેશ આચારો,
અભિમાની થયા વેશે, વળ્યું શું વેશ પહેર્યાથી ?

રહી જો કામની ઇચ્છા, પરિગ્રહની રહી ઇચ્છા,
અસત્ય બોલવું સ્હેજેઃ વળ્યું૦

રહી જો માનની ઇચ્છા, કરાવ્યો કલેશ લોકોમાં,
રહી જો ભીખ ભોગોની. વળ્યું૦

કપટના નાટ્ય ભજવાતાં, કષાયોની થતી વૃદ્ધિ.
ત્યજ્યું તેને ગ્રહ્યું પાછું. વળ્યું૦

ત્યજીને એક બહુ કીધા, ત્યજી જેમ કાંચળી સર્પે
રહ્યો જો મોહ મન માહે. વળ્યું૦

હરાયા ઢોરની પેઠે, રહે ત્યાગી નહિ જગમાં,
બુધ્ધિબ્ધિ સદ્ગુણો સેવે, મુનિનો વેશ છે લેખે.

ભ. ભા. ૮ ૩૭૦

આમ સદ્ગુરૂ દેવનાં સાચાં લક્ષણ જાણી ઓળખી સદ્ગુરૂ ધારવા જોઇએ. ગુરૂવિનાનો મનુષ્ય નગુરો ગણાય છે. તેના ભવનો પાર આવે કેમ ? અને પૂર્ણ ભાગ્ય યોગે જ સાચા ગુરૂ મળી શકે છે. તેમને ઓળખવાનાં નેત્રો સાચા જીજ્ઞાસુને જ હોય છે. પૂર્ણ આતુરતા વિના તેઓ મળતા નથી. અને મળે છે તેમને ધન્ય છે. એવા સદ્ગુરૂઓને ઓળખી-પામી પૂર્ણ શ્રદ્ધાથી સેવવા તેથી જ ભવ જળનો પાર પામી શકાશે. સાચા ગુરૂને ઓળખવા માટે ધર્મશાસ્ત્ર-સિદ્ધાંતોનું શ્રવણ-મનન ઇષ્ટ છે, માટે તેના અભ્યાસની પણ પૂર્ણ જરૂર છે.

સાચા સાધુની તો બલીહારી છે. જીવન જેનાપર કુરબાન કરી પરમ પદ વરવું છે એવા પરમ સદ્ગુરૂ દેવને માટે મનુષ્યે અવશ્ય પ્રાણાર્પણ કરવું ઘટે છે કોઇ પણ મહાપુરૂષ-ત્યાગી સદ્ગુરૂ મિલન શિવાય ઇષ્ટ પ્રાપ્તિ કરી શકયા નથી. તારણહાર ગુરૂજ છે.

આશ્રવ ત્યાગો સંવર ધારો, આજ્ઞા ગુરૂની પાળો બેશ,
આશા તૃષ્ણા વાસના વારો, આપ્રસમા થઇ ટાળો કલેશ.
આનંદઘન મુનિવરની પેઠે, આતમનો આદર્શ જમાવ,
આત્મારામની પેઠે પંડિત, કર્મયોગિ થઇ ધર્મ જણાવ.

ગુરૂશ્રીને શ્રીમદ્ આનંદઘનજી પર અપૂર્વ ગુણાનુરાગ અને ભક્તિભાવ હતો. તેઓશ્રીએ તેમની ભક્તિપ્રિત્યર્થ તેમનાં ૧૦૮ પદો પર લંબાણથી ભાવાર્થ-અનુભવાર્થ લખ્યો છે તેના ઉપોદ્ઘાત અને શ્રીમદ્ના જીવન ચરિત્ર આલેખનમાં જ અઢીસો પૃષ્ટ ભર્યા છે. અને પદોપરના વિવેચનમાં સાડા પાંચસો પૃષ્ટ ભર્યા છે. એમનો આદર્શ શ્રી આનંદઘનજી જ હતા. આબાદ તેઓનામાં શ્રી આનંદઘનજીની જ જ્ઞાનમસ્તી ધ્યાન અધ્યાત્મજ્ઞાનની રૂચિ, અનુભવાયાં છે અને સદાયે પ્રફુલ્લ અને જ્ઞાનનિમગ્ન ગુરૂશ્રીને જોતાં જ શ્રીમદ્ આનંદઘનજી ખડા થતા. તેઓએ શ્રી આનંદઘનજી માટે સ્તુતિ કરતાં લખ્યું છે કે—

(अनुष्टुप)

सर्व दर्शन विज्ञातो, विश्ववन्द्यो मुनीश्वरः ॥
ज्ञानी ध्यानी प्रभोर्भक्तो, विरागाणां शिरोमणिः ॥ १ ॥

शुद्ध धर्मोपदेष्टा च, जैन शासनद्योतकः ॥
ध्यानिनामग्रणीर्मान्यो, भावचारित्र्य साधकः ॥ २ ॥

अध्यात्मोद्धारकः पूज्यः, समतानन्दभाक् च यः ॥
आनन्दघन योगी स जीयाद्भारत मण्डले ॥ ३ ॥

તેજ પ્રમાણે શ્રી આત્મારામજી મહારાજ માટે પણ તેઓશ્રીને બહુમાન અને તેમના ગુણાનુરાગ દ્રષ્ટ્રયા ઘણે સ્થળે પ્રશંસા સ્તુતિ કર્યાં છે. અને તેમના આદર્શો નજર સામે રાખી તેવા બનવા વાંચકને તેઓ જણાવે છે.

આફ્રિકામાં આળસ અજ્ઞાન, કુસંપ શ્રદ્ધાને તોફાન.
આસ્ટ્રેલીયામાં વિદ્યોદ્યમ, અનુશીલન ગુણશીલે માન.

આર્યોની પ્રગતિનું કારણ, બળકળ વિદ્યા બુદ્ધિ જ્ઞાન.
આત્મોન્નતિ કરતાં તે આર્યો, સાત્વિકગુણ કર્મેજ પ્રધાન.

આરોગ્ય પુષ્ટિકારક ભોજન, પાણી વાપરશો કરી જ્ઞાન.
આયુષ્ય લાંબુ છાશને ફળથી, ડાકટરવૈદ્યો ભાખે જાણ.

વિદેશોનાં દષ્ટાંતો એ ગુરૂશ્રીની સર્વ દેશોની સ્થિતિનું જાણપણું સૂચવે છે. તેઓશ્રીને હિન્દ ઉપરાંત તમામ અન્યદેશોની ઘણા પ્રકારની માહીતી રહેતી ને તેમનો ગ્રહણ કરવા યોગ્ય બાબતો પ્રસંગોપાત જણાવતા હતા.

છાશ ને ફળ માટે ગુરૂશ્રીએ સ્થળે સ્થળે ઉલ્લેખ કર્યો છે. સાત્વિક પુષ્ટિકારક ખોરાક, છાશ ને ફળનો આહાર, અને—

આયુ જો શતવર્ષનું ઇચ્છો, બ્રહ્મચર્ય વહો આરોગ્ય કાય;
આહાર પાન વિહાર યોગ્યકર, ભય ચિન્તા તજ શાંતિ લાય.

બ્રહ્મચર્ય પ્રતિપાલન, તથા ભય ચિંતા ત્યજી શાંતિ ધારવી એ મનુષ્યના સંપૂર્ણ આરોગ્ય. એવં શતાયુ થવાના મુળ મંત્રો તેઓશ્રી ગણતા ને કહેતા હતા. આમાં પણ એમજ પ્રતિબોધે છે.

આત્મજ્ઞાનનું આનંદી મુખ, વર્ષે ચહેરા ઉપર નૂર;
આત્મજ્ઞાનીના અંતર માંહિ, આત્મ પ્રભુજી હજરા હજુર.

આ સત્ય તો લેખકે અનુભવ્યું છે અને એવા આત્મજ્ઞાનીનાં દેદારનાં દર્શન સૌ કોઇ અનુભવી શકે છે.

આર્થિક બાજીથી ગૃહસ્થ શોભે, ધાર્મિક બાજીથી શોભે સંત;
આપ્યાથી દાતારો શોભે, મનની મોટાઇએ મહંત.

આમાં ગૃહસ્થ, સંત, દાતાર અને મહંત આ ચારેની વ્યાખ્યા ટુંકાણમાં પણ કેટલી સુંદર આપી છે ! ગૃહસ્થ. ઘરનો-અદસ્થાશ્રમનો ભાર વહન કરનાર તે તો આર્થિક બાજીજ શોભે. જૈનોની પૂર્વની જાહોજલાલીના સ્મરણથી વર્તમાન જૈન સમાજની આર્થિક અધોગતિ ખેદ ઉપજાવે છે.

પાટણમાં શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજના સામૈયામાં સેંકડો હજારો કોટ્યાધિપતિઓ હાજર હતા. કેટલાયે જૈન રાજાઓ થઇ ગયા ને એજ લક્ષ્મિ-પુત્ર જેવી ગણાતી જૈન કોમની વર્તમાન દશા જોઇ શ્રીમદ્ વારંવાર જૈનો તો શ્રીમંત-પવિત્ર-પ્રમાણીક નાતિવાન અને દાતાર હોય એવા ઉદ્‌ગારો કાઢતા અને કર્મયોગી બની તેવા બનવા દરેકને કહેતા. તેઓશ્રીએ **" જૈનોની પ્રાચીન અર્વાચીન સ્થિતિ "** નામના પુસ્તકમાં આ બાબત ઘણું જ ઉત્તમ દર્શન કરાવી એ સ્થિતિપર ઘણું અજવાળુ પાડયું છે.

આશિર્વાદો સૌના લેશો, લેશો નહિં કોઇનો શ્રાપ;
આપત્તિ સંપત્તિ માંહી, યથાશક્તિ કંઈ શુભ આપ.

× × ×

ગુરૂશ્રીના જીવનમાં તેમના પર અનેક વિકટ પ્રસંગો આવતાં તેવા અપ-કારીપર પણ દયા લાવી તેમને ક્ષમા આપતા. કોઇને પણ કટુ વચન કહી નિન્દતા નહી; તેમજ સૌને ગુણાનુરાગી થવા કહેતા. અર્વાચીન ઘણા પ્રકારના ઝગડાઓમાં પણ તેઓ તો સર્વથા નિર્લેપજ રહ્યા છે. આત્મજ્ઞાનીઓ એવા પરભાવમાં પડતા જ નથી એ તેમણે પોતાના જ જીવનમાં આચરી બતાવ્યું છે.

અંબા નામે જનુની મ્હારી, જન્મદાત્રી દેવી ગુણ ખાણ;
અંબા માતા દેવી પ્રણમું, સ્મરૂં તેનાં કરૂં યશ ગુણગાન.
અંબા માતા તુજ ઉપગારો, નભ કરતાં તે અનંત સમાન;
અંબા પ્રતિબદલો શો વાળું, શતશિક્ષક સમ માતા જાણ.
અંબા માતા તુજ સમ સઘળી, નારી જાતિ માની મેં સત્ય;
અંબારૂપે સહુ સ્ત્રી વર્ગની, સેવાનાં બનો મુજ સૌ કૃત્ય.

માતૃ ભક્તિની પરાકાષ્ટા ગુરૂદેવનું હૃદય બતાવે છે.

માતાના સ્નેહ માટે ગુરૂશ્રીએ ઉપરોક્ત પંક્તિઓ લખી માતૃપ્રેમની મહત્તા દર્શાવી છે. શ્રી મહાવીર પ્રભુએ ગર્ભમાંજ માતા પિતા જીવતાં દિક્ષા

નહીં લેવાની કરેલી પ્રતિજ્ઞા એ એમના માતૃભક્તિની પરાકાષ્ઠા હતી. અને તેજ પ્રમાણે ગુરૂશ્રીએ પણ એવાજ પ્રકારના અપૂર્વ માતૃ વાત્સલ્યના દર્શનથી એવીજ પ્રતિજ્ઞા કરી હતી અને તેઓશ્રીએ પણ માતાપિતાના સ્વર્ગગમન પછીથીજ દિક્ષા અંગીકાર કરેલી. માતા પિતાની ભક્તિ માટે ગુરૂદેવે ઘણું લખ્યું છે ને એ શિક્ષાઓ આપણા યુવાન વર્ગને માટે સુવર્ણસૂત્રો છે. પાશ્ચાત્ય વિદ્યાલંકૃત દેશના તથા ધર્મના યુવાન વર્ગને શ્રી મહાવીર પ્રભુએ તેમજ ગુરૂશ્રીએ માતૃભક્તિનું અપૂર્વ દર્શન કરાવ્યું છે. તેઓ અન્યત્ર માતૃ ભક્તિપર લખતાં જણાવે છે કેઃ—

સુહાતી સ્વર્ગથી મોટી, સદા સંતાન સંભાળે;
કદી ના વર્ણવ્યો જાતો, અપૂર્વ સ્નેહ માતાનો.
કરી સર્વાબ્ધિયોની શાહી, કરી લેખણ ગિરીન્દ્રોની;
કરીને પત્ર પૃથ્વીનો, લખું જો સ્નેહનું વર્ણન.
તથાપિ પૂર્ણ ના થાવે, જગતમાં ક્યાંય ના માવે;
અહો એવો અલૌકિક છે, અપૂર્વ સ્નેહ માતાનો.
પ્રભુ મહાવીર બંધાયા, અપૂર્વ સ્નેહ તંતુએ;
પ્રતિજ્ઞા ગર્ભમાં કીધી, અપૂર્વ સ્નેહ માતાનો.
કરે સ્વાર્પણ દઇ પ્રાણો, કરે ઉપકારની કોટિ;
બની તન્મય રહે ખુશી, અપૂર્વ સ્નેહ માતાનો.
સદા જે ભક્ત માતાનો, સદા ભક્ત સ્વભૂમિનો,
અહો તે જીવતો જગમાં, અપૂર્વ સ્નેહ માતાનો.
કરે જે માતૃની ભક્તિ, કરે તે સદ્ગુરૂ ભક્તિ,
કરે તે દેવની ભક્તિ, અપૂર્વ સ્નેહ માતાનો.
બનીને માતૃના ભક્ત જ, કરો ભક્તિ સ્વમાતાની.
બુદ્ધ્યબ્ધિ સાવજનનીની, કરી સેવા બનો મોટા.

[illegible] ઉપર [illegible] સુદેવ [illegible] માતા સમી સૌ નારીઓને ગણે છે [illegible] દર્શાવે છે. તેઓ [illegible] [illegible] હતા.

[illegible]

[illegible]—

ઇડા નાસિકામાં જો આવે, મદિરાજ્ઞ તત્તતો સુખને શાંતિ;
ઇશાન ધાઓ કાલ ન આરી ઇશ્વરને નહિં ઇચ્છા ભ્રાંતિ.

યોગમાર્ગમાં હઠ યોગના અનેક પ્રકારનો અભ્યાસ યોગીઓ માટે આવશ્યક છે-તેમજ ગ્રહસ્થીઓ પણ આધકાર પ્રમાણે ગુરૂગમ પૂર્વક યોગમાર્ગમાં પ્રવૃત થઇ શકે છે. પૂરક રેચક કુંભક આદિ તમામ પ્રકારની ક્રિયાઓ હઠયોગની છે. આ સર્વ ક્રિયાઓથી ગુરૂશ્રી વિભૂષીત હતા. અને આ માર્ગનું વિસ્તૃત જ્ઞાન ગુરૂશ્રીએ પોતાના ઘણાં પુસ્તકોમાં વિસ્તારથી આપ્યું છે.

ઇન્દ્રની પદવી લીંટ સરખી, માને આત્મજ્ઞાની સંત,
ઈશ્વર અવતારી તે સંતો, આતમ સુખ ને પામ્યા સત્ય;
ઈલ્કાબો મેળવવા માટે, તજો ખુશામત પાપનાં કર્મ,
ઈનામ-ઇશ્વરપદ મેળવવું, તે સાચું સમજો ધરી ધર્મ.

ઇસ્લામીઓ ઈશ્વર અલ્લા, નિરાકાર માને છે એક,
ઇમાન અલ્લાનું ધારે મન, કુરાન માને એવી ટેક;

ગુરૂદેવને સાચા આત્મજ્ઞાનના સુખપાસે ઇન્દ્રપદ તુચ્છ જણાય છે.

ઇશ્ક ન જેને આત્મપ્રભુનો, તેવણુ બીજો ઇશ્ક છે ફોક.
ઇશ્ક તે ઈશ્વર પ્રીતિ લગની, તેવણુ ઇશ્ક તે રણુની પોક.

ઇશ્ક એટલે સ્થૂલનો પ્રેમ એ અસત્ય આજે પ્રચાર પામ્યું છે પણ સાચો ઇશ્ક તે આતમ પ્રભુનો જ હોઇ શકે. તે વિનાનો ઇશ્ક તે ભવભ્રમણનો હેતુ છે, પ્રભુની પ્રીતિ લગની રટના એજ સાચો ઇશ્ક છે. ગુરૂશ્રી કથે છે.

ઇતિહાસો શું જગના વાંચે, નિજ જીવન ઈતિહાસ તપાસ,
ઇતિહાસો જીવ કર્મના લખતાં, નખમાં પણ નહિ માવે ખાસ.
ઇશ્વર આતમ ચિદાનંદમય, અનંત શક્તિમય નિર્ધાર,
ઈશ્વર લક્ષણ જુદાં જુદાં, અર્થ એક છે સૌનો સાર.

આમ 'ઇ' પૂર્ણ કરી ગુરૂશ્રી 'ઉ' શબ્દ ઉપર કલમ ચલાવે છે—

ઉદ્યમ ધંધામાં નહિ લાજો, ચોરી જારીથી લાજો ભવ્ય,
ઉદ્યમી જન તો ઉંઘ ન ધારે, ઉદ્યમથી કરશો કર્તવ્ય.

ઉદ્યમ ધંધો પોતાને ભવિતવ્યતા યોગે જે સાંપડે તે શરમ વગર કરવો જોઇએ. તેમાં પોઝીશન કે આબરૂ જાય એવો ડર નકામો છે. મનુષ્યે સ્વાધિકારે સર્વ કર્મ કરવાં જ જોઇએ. સંસારમા નિર્લેપવૃત્તીએ પોતાની ફરજો બજાવવી

એ પ્રત્યેક ગ્રહસ્થનો ધર્મ છે. કર્મયોગી થવા દરેકે પ્રયત્નવાન બનવુંજ જોઈએ. ગુરૂશ્રી પોતે મનુષ્યને વ્યવહાર અને નિશ્ચયથી સંપૂર્ણ અને આદર્શ કર્મયોગી થવા હંમેશાં ઉપદેશ આપ્યા કરતા અને તે માટે મહાન્ ગ્રંથ કર્મયોગ તેઓશ્રીએ ખાસ રચ્યો છે. તેમાં તેઓશ્રીએ સ્વાધિકારે વ્યવહાર નિશ્ચય રીતે કર્મયોગી કેમ થવાય તે વિસ્તારથી જણાવ્યું છે. તેઓશ્રી આ ગ્રંથના પૃષ્ટ ૮૨ માં જણાવે છે કેઃ—

કર્મયોગ રચ્યો ગ્રંથ મેં સારો, કર્મયોગી કરવા નરનાર,
કર્મયોગને વાંચો તેથી, નિર્લેપી થાશો નરનાર;
કર્મયોગી તે નરને નારી, આસક્તિ વણ કરતાં કાજ,
કર્મ કરે પણ અકર્મભાવે, રહીને સાધે આતમ રાજ્ય.

માટે મનુષ્યે કર્મ કરતાં–સદુદ્યમ કરતાં બીલકુલ લાજ–શરમ ધરવાની જરૂર નથી એમ એમનો આશય છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયનો, જૈન જગત્પર બહુ ઉપકાર,
ઉપાધ્યાય નિબંધ રચીને, તેમની ભક્તિ કીધી સાર.

ગુરૂશ્રીને ઉપાધ્યાયજી મહારાજ પર અનન્ય ભક્તિભાવ હતો અને તેઓશ્રીએ તેઓશ્રીનાં ગુણગાન ઘણા ભક્તિભાવથી કર્યાં છે. પાદરે તેઓ હતા ત્યારે કેટલાક વખતથી ડભોઈ શ્રી ઉપાધ્યાયજીના પાદુકાનાં દર્શન કરવા માટે ચોખા નહી વાપરવાનો અભિગ્રહ કર્યો હતો અને ત્યાં જઈ દર્શન કર્યા ત્યારેજ સંતુષ્ટ થયા હતા. અને વડોદરા ગુર્જર સાહિત્ય પરિષદ્‌માં મોકલવા ખાસ શ્રી યશોવિજયજી નિબંધ પાદરા ખાતે રચી મોકલ્યો હતો. આમ વિશ્વોપકારક પૂર્વ–પુરૂષોનાં ભક્તિભાવે ગુણગાન આત્મામાં અનેરી શક્તિઓ પ્રકટાવી આત્મગુણ પ્રકટ કરે છે માટે સૌએ ગુણાનુરાગ દૃષ્ટિ ધારવી એ ગુરૂશ્રીનો સ્પષ્ટ આશય છે.

ઉપવાસો વિધિપૂર્વક કરવા, અનેક જાતના રોગો જાય,
ઉપવાસોથી થતા ફાયદા, સમજી શકત્યા કરવા ન્યાય.
ઉપવાસોથી આત્મશુદ્ધિ, થાતી નિષ્કામે કર જ્ઞાન;
ઉપવાસે રહું કર્મેન્દ્રિયને, ત્યાગી રાખી પ્રભુમાં ભાન.

ઉપવાસોની [illegible] શું આવશ્યકતા અને ફળ છે. તે માત્ર ઉપરોક્ત [illegible] ઉપવાસ માટે ગુરૂશ્રી ઘણો લાભ બતાવતા [illegible] અને ઉપવાસ [illegible] અને અભ્યંતર [illegible] અનુભવ કરી આનન્દિત રહેતા હતા.

ઉપદેશક જો અંતરમાં નિજ, કેટલા તહારામાં ગુણદોષ;
ઉપદેશક જો તુજ અંતરમાં, તુજ વર્તનથી શો સંતોષ ?
ઉપદેશે છે જે તું સૌને, તે તારા આચારે મૂક;
ઉપદેશક સદ્‌વર્તન યોગી, રાખે નહિં નિજ માંહી ચૂક.

ઉપદેશક થતાં પહેલાં પોતે ઉપદેશક થવાને પાત્રતા ધરાવે છે કે નહિં તે પ્રથમ જોવાનું છે. ઉપદેશ્ય વસ્તુ ઉપદેશક પોતાના વર્તનમાં મૂકી ન શકતો હોય તો તે ઉપદેશક પદને પાત્ર નથી એમ ગુરુશ્રી દ્રઢપણે માનતા હતા અને પોતે પણ તેજ પ્રમાણે આજન્મપર્યંત વર્ત્યા હતા. તેઓશ્રીને "કથની કથે સૌ કોઇ, રહેણી અતિ દુર્લભ હોઇ" એ સૂત્ર વારંવાર કહેતાં લેખકે સાંભળ્યા છે. ને તેઓને એવાજ મનુષ્યો પ્રિય હતા. "રહેણી કરણી એક તેને ચરણે વંદન અનેક" એ તેમનું પ્રિય સૂત્ર હતું. આ ઉપરોક્ત પંક્તિઓ પણ તેઓના વર્તન, આદર્શ અને સ્વાનુભવનો પડઘોજ છે.

ઉપકારો વાળ્યા નહિ વળતા, સદ્‌ગુરુના કોટિ ભવ માંહ્ય;
ઉપકારીના ઉપકારોને, જાણો વર્તો સુખ તે માંહ્ય.

કર્યા ઉપકારનું જાણપણું તે ઉત્તમ છે. તેમાં પણ આ ભવ પરભવ સુધારનાર શ્રી સદ્‌ગુરુના ઉપકારો એક ભવ નહિં પણ અનેક ભવમાં પણ ફેડી શકાય નહિં. આ સૂત્રો પણ સદ્‌ગુરુદેવે પોતાના આચારમાં મૂકી બતાવ્યાં છે. તેઓશ્રી પર ઉપકારો કરનાર તમામ અદ્દશ્ય તથા સાધુવર્યોના ઉપકારો તેઓશ્રીએ વારંવાર સ્મર્યા છે. પુસ્તકોમાં પણ તેમનાં સ્મરણ કરી તથા પ્રસંગે પણ ઉપકારો માની ઋણ મુક્ત થવા પ્રયત્નો કર્યા છે.

આમ ઉ શબ્દપર સેંકડો અનુપમ પંક્તિઓ લખી આગળ ઋ પર વિવેચન કર્યા બાદ એ પર પણ તેવાજ પ્રકારની પંક્તિઓ આપી જાય છે.

એકડા સરખું સમ્યગ્‌દર્શન, બગડા સરખું આત્મજ્ઞાન;
એક શુદ્ધ ચારિત્ર તે ત્રગડો, ત્રણ મળ્યે મુક્તિ નિર્વાણ.

આ બેજ પંક્તિઓમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર નિરૂપણ કરી તેનું મહત્વ દર્શાવ્યું છે. મોક્ષનું જ્ઞાન માત્ર બેજ પંક્તિઓમાં આપવામાં આવ્યું છે

પોતે આ જન્મપર્યંત જે કાર્ય કર્યું તે હવે નીચેની પંક્તિઓમાં દર્શાવે છે.

એકાંતે જંગલ કોતરમાં, આત્મજ્ઞાનથી કીધું ધ્યાન;
એક વપુસ્થિત આતમ ભાળ્યો, સત્તાએ જે છે ભગવાન.

એવા જ દેવ ગુરુની અધારી અનુભવ ??? તેઓને છે પણ ???

શ્રદ્ધા રાખી શકતો ન હોઇ સૌ દેવ સરખા ગણી સમ્યકત્વને ગુમાવે છે; પણ શુદ્ધદેવ તો એકજ દેવગુરૂની શ્રદ્ધા રાખવા ફરમાવે છે:—

એક દેવને એક ગુરૂથી એક પતિ પત્નિથી સુખ;
એકથી બે જ્યાં પડ્યા મતોત્યાં, ફાટફુટને પ્રકટે દુઃખ.

માત્ર એકજ પતિ અને એકજ પત્નિની આવશ્યકતા સાંસારિક દૃષ્ટિએ અતિ આવશ્યક હોઇ સુખ જેવી વસ્તુ માટે અનેક પત્નિઓ, છુટાછેડા–પુનર્લગ્ન આદિ બાબતોનો સખત નિષેધ શુદ્ધદેવ જણાવે છે અને સત્યજ છે કે સંસારમાં સાચો પ્રેમ–સાચું સુખ માત્ર એકજ પતિ–એકજ પત્નિના સંબંધમાં સંભવે છે.

એવંભૂત નયાપેક્ષાએ, સર્વ કર્મના નાશે મુક્તિ;
એવી રીત નૈગમ આદિ, નયોથી જાણો મુક્તિ યુક્તિ.

સાત નયમાં છેલ્લો એવંભૂત–નિશ્ચય નય સર્વ શ્રેષ્ટ છે. જૈનદર્શન સાત નયની અપેક્ષાઓમાં—સાતમાં—શ્રેષ્ટતા ભોગવે છે. એ નયની અપેક્ષાએ સર્વ કર્મના નાશ વિના મુક્તિ હોયજ નહીં એમ કહે છે, છતાં કેટલાંય દર્શનો અમુક રીતે મુક્તિ માને છે તે નૈગમાદિ નયોની અપેક્ષાએ છે છતાં તેમની માનેલી મુક્તિ કેટલી અધુરું છે તે સર્વ નયોની અપેક્ષાએ જ યુક્ત છે તે સમજે છે. જૈનદર્શનની બલિહારી છે કે નયના સંબંધમાં વિશ્વના તમામ પ્રબંધો કરી સત્ય પ્રકટ કરી આપ્યું છે.

× × ×

ઐક્ય એક મોટી—એજ કહેતા—ઐક્ય એજ બળ છે. સંપ એજ સંરક્ષણ છે. અને માત્ર હિન્દુઓમાંજ નહિં પણ મુસલમાનો તથા અન્ય પ્રજાઓના સંપની આવશ્યકતા સમજાવવા સૈ કોઇના તેમના ઉદ્ગારો જોઇએ.

ઐક્ય વિના આર્યો જગ હાર્યા. એકતા વિણ જૈનોનો હ્રાસ;
ઐક્ય વિના મુસલીમો હાર્યા. હિન્દીઓનો થતો વિનાશ.
ઐક્યથી હિન્દીઓ [illegible] હિન્દુસ્થાનનું પામ્યા રાજ્ય;
ઐક્યથી હિન્દીઓ [illegible] પોતાનું રચ્યું સામ્રાજ્ય.
ઐક્ય [illegible] છે [illegible];
ઐક્ય [illegible].
ઐક્ય [illegible] હિન્દીઓનું સામ્રાજ્ય;
ઐક્ય [illegible].

[illegible]

ધર્મ-કોમ-કુટુંબ અને મિત્ર-પતિ-પત્નિ આદિને માટે ફુંકે છે. માત્ર થોડી પંક્તિઓમાંજ મહાન્ સત્રો તેઓશ્રી 'એ' માં આપે છે.

જૈનો માટે ગુરૂશ્રીને ઘણીજ લાગણી હતી. તેઓશ્રી જૈનોને કાયર-કુસંપી-દુઃખી-કલેશી-પરતંત્ર-પામર-દરિદ્રી દેખતા કે તુર્તજ તેમને ઉપદેશ આપી ઉન્નતિને માર્ગે દોરી જતા અને તેમના ઉપદેશથી ઘણા જૈનો ઉન્નત દશાને પામેલા હિન્દમાં છે:—

એ જૈનો કરી એકતા જાગો, ક્ષુદ્ર ભેદમાં બની ઉદાર,
એ જૈનો કરી ઐક્ય પ્રવર્તો, ઐક્ય બળે છે હયાતી ધાર.

માત્ર આ બેજ પંક્તિઓમાં જૈનો માટેની ગુરૂશ્રીની ઉછળતી લાગણીઓ જણાય છે. જૈન કોમની હયાતી ઐક્ય ઉપરજ નિર્ભર છે. ક્ષુદ્ર મતભેદમાં ભુલી જૈનો વર્તમાન કાળમાં આંતરકલેશમાં મગ્ન રહ્યા છે અને પોતાના ધર્મનો ઉત્કર્ષ વિસર્યા છે. તે માટે આ સચોટ સદ્બોધ માત્ર ટુંકાણમાં તેઓશ્રી બતાવે છે. અને તે તમામ જૈનોને શિરોધાર્ય કરવા યોગ્ય છે.

ઔષધઆશ્રમ, વૈદ્યો, અને ઔષધશાસ્ત્રની પરમ આવશ્યક્તા વિશ્વને છે અને રહેશેજ. ભારતવર્ષમાં આ ત્રણેની આવશ્યક્તા રહેવાની છેજ તે માટે તેઓ જણાવે છે કે:—

ઔષધશાળાઓ બંધાવો, પ્રકટાવો શુભ વૈદ્ય અનેક.
ઔષધીઓનાં શાસ્ત્ર રચાવો, વૈદ્યકશાસ્ત્રનો કરો વિવેક,

આમ બારાખડીના માત્ર બારજ શબ્દોમાં હજારો સુન્દર ભાવવાળી ઉપદેશક પંક્તિઓ ગુરૂદેવે લખી છે.

વિચારોના પુષ્પોને શબ્દોરૂપી દોરામાં ગુંથી સુન્દર માળા બનાવવી તેનું નામ કવિતા-ને કવિતા એ ઘણુંજ ટુંકાણમાં બહોળા વિચારોને પ્રકટ કરવાનું એક માત્ર સાધન છે; જે પૂર્ણ કુશળતાથી ગુરૂશ્રીએ સફળ કર્યું છે.

ગુરૂશ્રી બારાખડીમાં વ્યવહાર નિશ્ચય બન્ને પ્રકારના અલૌકિક જ્ઞાનને ભરી હજારો પંક્તિ રચી હવે કક્કાવલી તરફ આવે છે.

'ક' પર ચાલીશ પૃટ ભર્યાં છે. જ્યાં જ્ઞાનગંગાનો પ્રવાહ અસ્ખલિતપણે વહેતો હોય, સ્વાનુભવની સેરો છુટતી હોય, પરોપકારને દયાના સોતા ચાલતા હોય, અને આત્માનંદના ઝરા ઉછળતા હોય ત્યાં પરોપકારાર્થે લખાણો લખતાં કલમ પૂરવેગમાં દોડેજ.

આ કક્કાવલિં સુબોધ ગ્રંથમાં એમજ લાગે છે કે જાણે ગુરૂદેવ એક, એક શબ્દને વેબ્સ્ટર ડીક્સનેરી યા 'વૃહત્ શબ્દકોષ'ની માફક છણી નાંખવા માંગતા હોય તેમ અક્ષરોના શબ્દો ને વાક્યો છોડતાજ જાય છે. મગજમાં, હૃદયમાં અને કલમમાં કેવી દિવ્ય શક્તિ હશે કે આમ પંક્તિઓની પંક્તિઓ તાબેદાર દાસની માફક સ્મરતાંજ દોડી આવતી હશે ?

'કક્કાવલિ'માં ગુરૂદેવની આળેખેલી પંક્તિઓ એટલી બધી ઉત્તમ છે કે અત્રે કઇ ટાંકવી ને કઈ રાખવી તે સમજાતું નથી. સ્થળ સંકોચનો ડર પણ રહે છે. છતાંયે ટુંકાણમાંજ હવે આપણે ક ને લઇશું.

કર્મને જીતતાં કક્કો ભણીઓ, સમજો એવું ચિત્ત મોઝાર.
કક્કા કર્મ વિપાકો ભોગવ, સમભાવે મુક્તિ નિર્ધાર,

શરૂઆતમાં જણાવ્યા પ્રમાણે સાચો કક્કો વિદ્યાગુરૂ ભણાવે છે તે નહિ, પણ ધર્મગુરૂ ભણાવે છે તેજ હોઇ શકે. જે કક્કો ભણતાં જન્મ મરણ ટળે, આત્માનું ભાન થાય અને તે ભણ્યા પછી કાંઇ ભણવાનુંજ ન રહે તેનુંજ નામ કક્કો ! આ કક્કો ભણનારને ખાત્રીથી કહી શકાય કે બીજું ભણવાનું નજ રહે.

કર્મને જીતવાં એ મહા મુશ્કેલ છે. કર્મને જીતવાની કળા આવડે પછી તેને શું બાકી રહે ? ગુરૂશ્રી કહે છે કે "કર્મને જીતતાં કક્કો ભણીઓ" કર્મને જીતાય ત્યારેજ કક્કો ભણાયો ગણાય. આ કક્કો ગુરૂ સિવાય કોણ ભણાવે? રાગ દ્વેષનો ત્યાગ—આત્મજ્ઞાનની પ્રાપ્તિ, હેય જ્ઞેય ઉપાદેયની વિવેક બુદ્ધિ પુદ્ગલ અને આત્માની ઓળખ ને વહેંચણ, નયનિક્ષેપાપક્ષ પ્રમાણ, સપ્તભંગી આદિનું સ્વાનુભવ પૂર્વક પિછાન થયા સિવાય કર્મને જીતતાં ન આવડે. એ આવડેથી કક્કો ભણ્યા ગણાય. આવા કક્કો એટલે મુક્તિ પ્રાપ્તિનું સાધન ! આ કક્કો ભણવા ગુરૂશ્રીએ કક્કાવલી લખી! તેઓશ્રીનો કેટલો ઉપકાર ! આવી કક્કાવલી હમને સ્મરણ નથી કે કોઇએ લખી હોય. સંસારીયોને માટે સાંસારિક વ્યવહારિક જ્ઞાન આત્મજ્ઞાનીઓ માટે ઉચ્ચ પ્રકારનું આધ્યાત્મિક—જ્ઞાન, સાધુઓ માટે તેમના આચાર તથા કર્તવ્યનું જ્ઞાન, યોગિઓ માટે યોગસાધનાનાં સુવર્ણ સૂત્રો, રાજા પ્રજાના ધર્મ. પાશ્ચાત્ય દેશોની પણ સ્થિતિનાં દિગ્દર્શન તથા આ પ્રજા સાથે તુલના, ઇતિહાસનાં આલેખન, અધિકારીઓ, માતાપિતા, પતિ પત્નિ, પુત્ર પુત્રિઓ, રાજાઓ, ધર્મગુરૂઓ આદિ તમામના ધર્મનું સવિસ્તર જ્ઞાન આટલી સાદી છતાં ગંભીર અસરકારી ભાષામાં—કાવ્યમાં—આપી દઈ જાણે ગુરૂશ્રી વાંચકને ઉપદેશામૃતનો છલોછલ ભરેલો પ્યાલો પાઇ દે છે—વિશ્વને અમોલી ભેટ આપે છે. એવા ઉપકારી પુરૂષોની દયાદષ્ટિ —નમન ! વંદન !

કક્કાવલિના વાંચક આમાંથી પોતાની પાત્રતા, રૂચિ, અભ્યાસ પ્રમાણે જે જોઈએ તે મેળવી શકે છે: જ્ઞાનનો સાગર ભર્યો પડ્યો છે. જોઈએ તો ઘડો-લોટો -પ્યાલો ભરીલો-વા ખોબેજ પીઓ. પાત્રતા પ્રમાણે મેળવશો. છતાં એ જ્ઞાન સાગરના કિનારે ઉભા રહી ઘણાયે પિપાસુઓ આળસ યા પ્રમાદ વશ કાંઈપણ પાણ્યા પીધા વિના પાછા ફરે તો તેનો દોષ તેમનાપર રહે.

આ ગ્રંથ સાદ્યંત વાંચનાર અલૌકિક આનંદ ને જ્ઞાન જરૂર મેળવશે એ નિઃસંશય છે.

આ ગ્રંથના ખાસ ખૂબી એ છે કે તે ઉચ્ચ કોટિના સાક્ષર કવિ પંડિત વાંચી પ્રમોદ પામી-વધું જાણી શકે તેટલાજ ઓછા અભ્યાસવાળા તેને વાંચી સમજી શકે તેમજ શાળામાં ભણતા વિદ્યાર્થીઓ પણ સમજી શકે. ! અરે ! સ્ત્રીઓ બાળકો પણ તે સમજી શકે અને નિરક્ષરો વૃદ્ધો-વૃદ્ધાઓ પણ વંચાવી સ્હેલાઈથી સમજી શકે એવા પ્રકારનું અપેક્ષાઓયુક્ત ભાવભર્યું સુન્દર પદ્ય લખાણ આમાં છે.

વધુ ખૂબી તો એ છે કે 'ક' થી માંડી 'જ્ઞ' સુધીના અક્ષરોમાં પણ બારાખડી આખી ને, તે શબ્દના ગુંથી છે. એટલે પ્રાયઃ ગુજરાતી ભાષાનો કોઈજ શબ્દ તેમણે છોડ્યો નથી. તમે ગમે તે શબ્દ શોધો આ મહા શબ્દ કોશમાંથી ઉપદેશની પંક્તિઓમાં તમને તરતજ જડવાનો.

આ પુસ્તક જેમ રીટાયર થયેલાઓને તેમજ યુવાનોને ગમે ત્યાં ગમે ત્યારે એક સરખો ઉપદેશ આપનાર ગુરૂઓના જેટલો ઉપકારી થઇ શકે તેવો છે, માત્ર વાંચવો-વંચાવો જોઈએ,

'ક' શબ્દ ઉપર સંખ્યાબંધ પદોમાં સદુપદેશ અને આત્મધર્મ તેમજ વ્યવહાર ધર્મના શુદ્ધ સિદ્ધાંતો સમજાવી હવે શ્રીમદ્ ખ તરફ વળે છે. 'ખ' ઉપર પણ ચૌદ પદોમાં ૪૦૦ લાઇનો આલેખી છે.

ખખ્ખા ક્ષમા ધરો ઘરમાંહિ, સઘળી ખામી કરશો દૂર;
ખાર ન રાખો વૈરી ઉપર, આત્મ ખુમારી રહો મશહુર.

\+ \+ \+

ખુમારી પ્રકટે સમાધિયોગે, પરમાનંદ પ્રકટ વેદાય;
ખુમારી આવે તે નહિ છાની, ચહેરા ઉપર ઝટ દેખાય.

સાચી આત્માનંદની ખુમારી પ્રકટાવવામાં સમાધિ યોગ પ્રભુ આત્માના અસંખ્ય પ્રદેશમાં રહેલા જોઈએ, અને તેમ થતાં પરમ આનંદ જે

કદીએ ભોગવ્યો નથી એવો સાક્ષાત્–પ્રકટ અનુભવી શકાય છે, અને તેની ખુમારી આવે તે તો જગજાહેર જ હોય, અને તેને ભોકતા પણ આત્મા જ તેને વેદી શકે, જેની છાપ ચહેરા પર તેમજ દિલ પર પ્રકટ દ્રષ્ટિગોચર થાય જ, આમાં માત્ર બેજ લીટીઓમાં શ્રીમદે સમાધિ યોગના સિદ્ધાંતોને ઉભરાવ્યા છે.

ખેચરી મુદ્રા હઠ યોગીઓ, પામે છે અભ્યાસે તેહ;
ખેચરી શક્તિ પામે વળે શું, બન્યો ન આતમ જો ગુણ ગેહ.

હઠયોગના અનેક પ્રકારો હઠયોગીઓ, આત્મજ્ઞાનના–સ્વાનુભવનાં દર્શન કર્યા વિના સાધે છે. અને અભ્યાસે હઠયોગની ખેચરી આદિ મુદ્રાઓ સિદ્ધ કરી શકે છે. પણ તેથી શું લાભ ?

જ્યાં લગે આત્મતત્વ ચિન્યો નહિં,
ત્યાં લગે સાધના સર્વ જીઠી.

તેજ પ્રમાણે જ્યાંસુધી સાચો, સ્વાનુભવસિદ્ધ આત્મા–જે અનંત ગુણના ધામ સમો નથી પીછાન્યો ત્યાં સુધી હઠયોગ શો ઉપયોગી છે ? આટલામાં જ શ્રીમદે ઘણું ઘટાવી દીધું છે.

'ગ' શબ્દ પરનાં પૃષ્ટો ઉપર નજર નાંખતાં ઉપદેશ રત્નાકર ઉછળે છે.

ગૃહસ્થનું ઘર સ્વર્ગ સમું જ્યાં, દયા દાન ને સ્વાર્પણ ત્યાગ;
ગુણદ્રષ્ટિ ને ઐક્ય પ્રેમતા, ઉત્સાહ ઉદ્યોગ ને વૈરાગ્ય.

માત્ર બેજ લીંટીઓમાં ગૃહસ્થધર્મ ગૃહસ્થના ઘરનાં લક્ષણો ને ગૃહસ્થ જીવનનાં સૂત્રો ગુંથી દીધાં છે.

દયા, દાન, સ્વાર્પણ, ત્યાગ, ગુણદ્રષ્ટિ, સંપ, પ્રેમ, ઉત્સાહ, ઉદ્યોગ અને વૈરાગ્ય આટલાં વાનાંથી વિભૂષિત હોય તેજ ગૃહસ્થ ને તેજ ગૃહસ્થ ગૃહ. આ આદર્શ કેટલો બધો ઉચ્ચ છે ને તેમાં શું શું જોઇએ તે અતિ ટુંકાણમાં શ્રીમદે બતાવી દીધું છે.

'ઘ'

ઘોરને પૂજે મર્યા પછી જે, જીવંતા તો દે નહિ માન;
ઘોરપૂજકો ગુણ ગ્રહણ વીણ, જગમાં જીવંતાં નાદાન.

મહાન્ પુરૂષોને, સત્પુરૂષોને, ઉપકારકોને, તારકોને, ઉદ્ધારકોને તેમના જમાનામાં--જીવતાં વીરલા જ પિછાની શકે છે, બાકી તો ઉલટા વિશ્વના ગાડ-

રીઆ પ્રવાહથી અલગ એવા મહાન્ પુરૂષોને તો સમાજે પીડ્યા જ છે ને પરિણામ તેમના જવા પછી તેમનાં ગુણગાન કરાયેલ મહાત્માઓને માગેલા પત્થરે પૂજાય છે. આને ધોરપૂજકો કહેવાય તેઓ જીવતાં જતાં તેને શ્રીમદ્ નાદાન જણાવે છે ને ગુણદૃષ્ટિ ખીલવવા ફરમાવે છે.

'ચ' નાં પંદર પૃષ્ટમાં ૪૩૦ લીંટીઓમાં ઉત્કૃષ્ટ અને અદ્ભુત ઉપદેશામૃત વરસાવ્યું છે.

ચેન પડે જો આતમધ્યાને, સમાધિમાં તો મુક્તિ થાય;
ચેંન ત્યાં મનડું ઠરતું નક્કી, સદ્ગુણ ચેન ધરો હિત લાય.
ચોરી દર્શન જ્ઞાન ચરણ તપ, આતમ કરીને પરણો મુકત;
ચાહીને કરી ચોરી એવી, મુકિત વધુ પરણી લે સૂકિત.

\+ + +

ચીચીઆરી જ્યાં દુઃખીઓની, પડે ત્યાં સંતો દોડી જાય;

\+ + +

ચીસ પડે ત્યાં વ્હારે જાવું, આત્માર્પણ કરી કરવી સ્હાય.

\+ + +

છાક કરે શું જો ઇતિહાસે, ત્હારા જેવા ગયા અસંખ્ય;
છાક ન છાજ્યો કૈસર ઝારનો, સમજે તો તુજ સમ નહિં રંક.

\+ + +

જીવંતી બાહ્યાંતર સઘળી, શક્તિઓને ઝટ પ્રકટાવ;
જીન થવાને જન્મ છે ત્હારો, ધ્યેયાદર્શ એ ત્હારૂં ધ્યાય.

\+ + +

જીર્ણને ત્યાગે નવીન ધારે, પહેરનારો નહિ બદલાય;
જાણી એવું મૃત્યુકાલે, જ્ઞાની ભીતિ શોક ન પાય.

સાચા જ્ઞાની મૃત્યુકાળે એજ વિચારે છે કે જીર્ણ વસ્ત્ર બદલી નવું પહેરવું છે તેમાં હર્ષ શોક શો ! આ વચનો શ્રીમદે પોતાના મૃત્યુકાળે અક્ષરે અક્ષર સિદ્ધ કરી બતાવ્યા છે.

'જ' ઉપર હજારો પંક્તિઓ લખી તેમાં જાજ્વલ્યમાન સદ્‌પદેશ જ્યોતિ ઝગમગાવી છે.

'ઝ'

ઝીલો આનદજ્ઞાનને પ્રેમે, પ્રભુભક્તિમાં ઝુલવું શ્રેષ્ઠ;
ઝીલવું સારા માગે સારૂં, શીખ ઝીલે તે પડે ન હેઠ.

\+ \+ \+

ઝરે અનુભવ જ્ઞાનને પ્રકટે, તો તે કદીય ન થાય વિનાશ;
ઝરણાં શમતા રસનાં પ્રકટયાં, આનંદ આપે કરે પ્રકાશ.
ઝલક જે અંતરમાંહિ પ્રકટી, જ્યાં ત્યાં પ્રસંગે થાય પ્રકાશ;
ઝવેરી તે જે આત્મપ્રભુંરૂપ, હીરો પરખે સત્ય તે ખાસ.

\+ \+ \+

આ પંક્તિઓ જેવી આત્માનુભવની ઝલકની ચળક ચમકાવતી સેંકડો પંક્તિઓ 'ઝ' પર આળેખાઇ છે.

'ટ'

ટટ્ટા જડ પુદ્ગલના સુખમાં, ટળવળવું તે દુ:ખની ખાણ;
ટાળો દુ:ખકર કામ વિકારો, આતમમાં સુખ નક્કી જાણ.

\+ \+ \+

'ઠ'

ઠોકો પ્રભુનાં દ્વારો પ્રેમે, ઉઘડે તેથી પ્રભુનાં દ્વાર;
ઠોકો નહિં અન્યાયે કોને, ઠોકાવું નહી સારૂં લગાર.

\+ \+ \+

'ડ'

ડુક્કર શ્રદ્ધાત્મિક દૃષ્ટિએ, અતિ વિષયની કામના ટેવ;
ડુક્કર તે વ્યભિચારી મનડું, દુર્ગુણની થાતી જે સેવ.

\+ \+ \+

'પ'

પાંખો છે બે દર્શન જ્ઞાનને, તેથી શિવપુર પ્રતિ જવાય;
પાંગળો આતમ, ચારિત્રવણુ છે, પાંગળો ચારિત્ર વણુ કહેવાય.

\+ \+ \+

'મ'

મરવું શિખો ધર્મકાર્યમાં, મરતાં અમર જીવો થઈ જાય;
મરીને અન્ય બચાવો જીવો, મારણ વૃત્તિ વેગે હઠાવ.

\+ + +

હે ! પ્રભુ તારા માટે જીવવું, તુજ વણ મુજને ગમે ન ક્યાંય,
હે ! પ્રભુ દીન દયાળુ પાલક, બાપ હું ચહુંછું તારી છાંય.

\+ + +

'ક્ષ'

ક્ષય નથી ધર્મ પ્રવૃતિનો કદી, ધર્મ કર્યું નિષ્ફળ નહિ જાય,
ક્ષય ક્યારે નહિ આત્મપ્રભુનો, નિત્ય અખંડ છે આતમરાય.

\+ + +

'જ્ઞ'

જ્ઞાન ક્રિયાથી મુક્તિ નક્કી, સૌથી મોટું આતમ જ્ઞાન.
જ્ઞાની શ્વાસોશ્વાસમાં મુક્તિ, પામે છે એ નક્કી માન.

આમ ક થી જ્ઞ સુધીના તમામ શબ્દોપર સેંકડો અદ્વિતીય પંક્તિઓમાં શ્રીમદે ઉચ્ચ આત્મજ્ઞાન, તપ, ત્યાગ, વૈરાગ્ય, શાંતિ, વ્યવહારને નિશ્ચય બેઉ રીતે ઓતપ્રોત કરી સદુપદેશના સાગર રેલાવ્યા છે. કેટલું લખીએ ? કેટલું વિવેચન કરીએ ?

જેની પંક્તિએ પંક્તિએ શબ્દે શબ્દે વિવેચનનાં પૃષ્ઠો ભરીએ તોયે શ્રીમદ્‌નો આશય સંપૂર્ણતયા સ્પષ્ટ કરી વ્યક્ત કરી ન શકાય.

શ્રીમદે તો એક એક અક્ષર પર હજારો પંક્તિઓ રચી પણ તે પ્રતિ પંક્તિના અર્થ કરી તેના સ્પષ્ટાર્થ, ભાવાર્થ ને અનુભવાર્થ કરવા જતાં ગ્રંથો ભરાય તેમ છે. આ સ્વાનુભવી જ્ઞાનમાં મસ્ત બની આત્માનંદની ખુમારીમાંજ ઝીલતા શ્રીમદે પોતાના સ્વાનુભાવામૃતનો રસાસ્વાદ વાચકોને કેટલો ઉદારતાથી આપ્યો છે તે તો તેના ગ્રાહકોજ સમજી શકે.

પોતાનું આયુષ્ય અલ્પ હોવાનુ પ્રથમથીજ જાણીને શ્રીમદે અનેક સદ્‌બોધ સામગ્રીથી ભરેલો આ ગ્રંથ પ્રથમ અ થી અઃ અને ક થી જ્ઞ સુધીના તમામ અક્ષરોથી શરૂ કરી હજારો પંક્તિબધ રચનામાં રચી નાંખ્યો હતો...

પૂર્ણ રહી ન જાય, અને તે પછી છપાવવાના ચાલતા કામે તેમાં હમેશાં પ્રસંગાનુસાર ઉમેરો કરે જતા હતા. પોતે એવી કવિત્વની પ્રતિભા શક્તિવાળા હતા કે પ્રુફ તપાસતાં તપાસતાં યે તેમાં સેંકડો પંક્તિઓ નવીન રચી ઉમેરી દેતા હતા. આમ ગ્રંથની પૂર્ણાહુતિ જો કે ચૈત્ર શુદ ૧૫ ના રોજ થઇ હતી છતાંયે તેમાં ઉમેરો ચાલ્યા કરતો હતો અને શ્રીમદ્‌નું સ્વર્ગગમન જેઠ વદી ૩ ના રોજ થયું છતાં તેમાં આગલા શુકરવાર સુધી તો આ ગ્રંથમાં નવીન લાઇનો ઉમેરતા જતા હતા ને પ્રુફસપણ પોતે જોયા કરતા હતા. નિયમિત રીતે આયુષ્યની છેલ્લી ક્ષણ સુધી પણ સ્વફરજ બજાવ્યા જવાની, જ્ઞાન ભક્તિ કરવાની અને ઉપકારક દૃષ્ટિએ ઉચ્ચ અધ્યાત્મજ્ઞાનનો વારસો આપી જવાની પ્રબળ ધગશ શ્રીમદમાં રહી હતી ને તે તેમણે પૂર્ણતયા સફલ કરી છે.

સં. ૧૯૮૧ ના વર્ષમાં પોતાના સારી તબીયત હોવા છતાં મૃત્યુ સમય નિકટ જાણી પરવારી લેતા હોય તેમ ગ્રંથમાળાના ૧૦૮ મણકામાં ટુટતા બાવીશ ગ્રંથો એક સામટા શ્રીમદે તૈયાર કરવા માંડયા હતા અને સાત સાત પ્રેસ રોકી ગ્રંથો છપાવવાનું કાર્ય શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે ઉપાડયું હતું. અમદાવાદ, ભાવનગર, વડોદરા આદિ સ્થળોમાં આ પુસ્તકો માટે મંડળે રોકેલા પ્રેસોના માલીકોએ પણ પૂર્ણ ભક્તિભાવે આ કાર્ય ઉપાડી લીધું હતું. શ્રીમદ્‌ પોતે નિયમીતપણે લખવાનું, પ્રુફો તપાસવાનું, પ્રસ્તાવનાઓ લખવાનું વિગેરે કાર્યો ઝડપથી કરે જતા હતા. આ કાર્ય શ્રીમદ્‌ના અવસાન પર્યંત નિયમીત ચાલ્યું હતું અને તમામ ગ્રંથો પૂર્ણ થઇ રહ્યા પછી શ્રીમદે સ્વર્ગગમન કર્યું હતું. જ્ઞાન લેખન, જ્ઞાનપ્રચાર, જ્ઞાનભક્તિ માટે આવું અનુપમ કાર્ય અવસાન પર્યંત આટલી ચીવટથી છતાં અતિ ઉલ્લાસથી આટલું ઝડપથી નવિન રચના કરવા સાથે કોઇએ કર્યાનું જાણમાં નથી.

શ્રીમદે આ ગ્રંથ રચવાની શરૂઆત મધુપુરિ–મહુડીમાં પોસ વદી ૧ રવિવારે કરી હતી. આ ગ્રંથ લખવા માટે એક નોટ વાપરવામાં આવી છે. તેમાં ખ અક્ષર સુધી તો સંતપ્ત થતાં સુધી શ્રીમદે લખ્યાં કર્યું જણાય છે. પછી ફ થી રી સુધી લખતા ગયા છે અને દરેક અક્ષર ઉપરના લખાણની પુર્ણાહુતી ન કરતાં જ્ઞ સુધી પહોંચી ગયા છે. ચૈત્ર માસ પછી પૂર્ણ સ્વસ્થતાથી કદાચ ગ્રંથ લખવા ફાવશે નહી ને શરીરની અસ્વસ્થતામાં વધારો થશે એમ ધારી દરેક અક્ષર પર લખી ચુકયા જણાય છે ને પ્રસંગોપાત વચ્ચે વચ્ચે પેનસીલ તથા શાહીની લીટીઓ ઉમેરાઇ છે. આમ રી અક્ષર પૂર્ણ કર્યો છે અને પ્રશસ્તીની ગાથા ૯ તથા ૧૬ માં તેની પૂર્ણાહુતિ જણાવી છે. છતાંએ લખાણ તો ચાલ્યાજ કર્યું અને ઉમેરો થતોજ રહ્યો. ને જેઠ શુદ ૧૩ સુધી ચાલ્યો.

પ્રશસ્તિ.

પોષ વદી એકમ રવિવારે, મહુડી વાંધા પદ્મ જીણંદ;
રવિવારે રચના શરૂ કીધી, સર્વ જીવોને છે સુખકંદ.

આ પછી મહુડીથી મહા શુદી બીજે વિહાર કરી પ્રાંતીજ શ્રીમદ્ પધાર્યાં હતા.

મહુડી માંહી રચના કીધી, ત્યાંથી પ્રાંતીજપુર વિહાર;
માઘ શુદી બીજે કીધો શુભ, પ્રતિદિન ત્યાં રચના કરી સાર.

ત્યાંથી માઘ વદી સાતમે શ્રીમદ્ પુનઃ મધુપુરિ આવ્યા છે અને રચના શરૂ રાખી હતી.

માઘ વદી સાતમે પ્રાંતીજથી, મધુપુરિમાં કર્યો વિહાર;
મધુપુરીમાં પ્રતિદિન રચના કીધી લાવી હર્ષ અપાર.
મધુપુરીમાં ધ્યાન સમાધિ, ઉપયોગે આનંદ રસ લીધ;
નિર્જન સ્થાનો કોતરો માંહિ, આત્મસ્વરૂપ વિચારણા કીધ.

શ્રીમદ્ને કોતરો અને નિર્જન સ્થાનોમાં ધ્યાન સમાધિ અને આત્મસ્વરૂપની વિચારણાનો કેવો અદ્ભુત આનંદ ભર્યો ઉલ્લાસ પ્રાપ્તિનો શોખ હતો તે ઉપરોક્ત પંક્તિઓ સ્પષ્ટ કરે છે અને આવા આત્મમસ્તીના અવસરે આ ગ્રંથ લખાતો ચાલ્યો.

અહિંથી શ્રીમદ્ ફાલ્ગુન શુદ ત્રીજના પ્રાતઃકાળે વિહાર કરી વિજાપુર ગયા હતા. અને ચૈત્ર શુદી પાંચમે શ્રી રવિસાગરજી સ્વર્ગવાસી થયા હતા. પૂર્ણાહુતિ માટે શ્રીમદ્ જણાવે છેઃ—

ચૈત્ર પૂર્ણિમા શુક્રવાર દિને, પૂર્ણ કર્યો કક્કાવલિ ગ્રંથઃ
ભણે ગણેને ભાવે સાંભળે, પામે તે શિવપુરનો પંથ (૯)

તથાઃ—

વિજાપુર વિદ્યાશાળામાં ગ્રંથની રચના પૂર્ણ પ્રસિદ્ધ;
વિજાપુર વિદ્યાશાળામાં, આત્મોન્નતિના બીજે સિદ્ધ. (૧૬)

આમ આ ગ્રંથ પૂર્ણ થવા પછી શ્રીમદ્ પોતાના લઘુતા બતાવતાં તથા કક્કામાંની અપૂર્ણતા અશુદ્ધિ માટે ક્ષમા યાચના જણાવે છે—

નથી લેખકને નથી કવિ હું, નથી જ્ઞાની વા નથી વિદ્વાન;
બાલક ચાલે પ્રેમે લખ્યું મ્હેં, સત્ય જણાય તે લેશો જ્ઞાન.

કેવી લઘુતા ? કેટલું નિરભિમાનપણું ?

કક્કાવલિ સુબોધમાં જે જે, ભૂલચૂક ને થયો જે દોષ,
સર્વ સંઘની આગળ તેની, માફી માગું બહુ ગુણ પોષ.

* * *

અને છેવટે ઉપસંહાર કરતાં મંગલ સ્વરૂપ સદ્‌ગુરૂદેવતાઓને સ્મરી લે છે–

ગુરૂ રવિસાગર સુખસાગર ગુરૂ, પામી તેનો પૂર્ણ પસાય;
બુદ્ધિસાગર મંગલમાલા, ગ્રંથ રચી પામ્યો સુખદાય.

આમ આ મહાન્ કક્કાવલિ કાવ્ય ગ્રંથ સર્વ રસોવડે પૂર્ણ–પરિપુરિત થયો છે.

અત્યારે શ્રીમદ્‌ના જીવંત જીવનની જ્વલંત જ્યોતસમા ૧૦૮ મહાગ્રંથો શ્રીમદ્‌ની એક મહાવિદ્વાન, મહાપંડિત, મહાકવિ, ઉત્કૃષ્ટ લેખક, શ્રેષ્ટ સ્વાનુભાવી સમર્થ યોગીરાજ, ઉચ્ચકોટિના અધ્યાત્મી, તિવ્ર તપત્યાગ, વિભૂષિત મહાન પુરૂષ તરીકેની ખ્યાતી કરતા વિશ્વમાં વિદ્યમાન છે.

આવા કક્કાવલીના જોટાના તથા તેની શૈલીના કયા કયા ને કેટલા ગ્રંથો ગુર્જર ભાષામાં છે તેનો તપાસ આ લેખકે કર્યો છે. છતાં ભારતવર્ષના ગુર્જર ભાષા લેખકોએ આવા પ્રકારનો તથા આવી અદ્‌ભુત ઉચ્ચકોટિની રસસામગ્રીવાળો કોઇ ગ્રંથ વિદ્યમાન હોવાનું જણાઈ શક્યું નથી.

આ ગ્રંથની વિશિષ્ટતામાં તેમાં અનેક પ્રકારનો સર્વોપયોગી સદ્‌બોધ હોવા ઉપરાંત તે જૈન સાધુનો આળેખેલો હોવા છતાં પણ તે વિશ્વના તમામ ધર્મના, તમામ કોમના, તમામ વયનાં, તમામ રસજ્ઞોના, આબાળ વૃદ્ધ સ્ત્રીપુરૂષોને એક સરખો ઉપયોગી, સમજી શકાય તેવો બન્યો છે.

આમાં પાશ્ચાત્ય દેશોના દાખલા તથા ત્યાંની પરિસ્થિતીનો પણ ખ્યાલ આપી દીધો છે અને સ્વદેશ (બાહ્ય) તથા આંતર સ્વદેશ તથા સ્વરાજ્ય (મુક્તિ) તેમજ આદર્શ ગૃહસ્થાશ્રમ–તથા આર્યોનાં કર્તવ્યોનું ભાન, રાજા–પ્રજાની ફર-

જો, પંચશીલ જ્ઞાન, શારીરિક જ્ઞાન આદિ અનેક આગમોના ઉચ્ચતમ સ્વાનુભવ-વા યોગ્ય જ્ઞાન ભર્યું છે.

અમને તો આશા છે કે આવા વિરલ ગ્રંથો વિશ્વને અને વિશ્વવાસીઓને ઘણોજ લાભ પહોંચાડશેજ.

વાંચકોને અમારી નમ્ર વિનંતી છે કે અતિ પરિશ્રમે તૈયાર કરેલો આ ગ્રંથ માત્ર વાંચીનેજ નહિ પણ વર્તનમાં મુકીને તેનો લાભ લેવો, અને આત્માનું સાધન કરવું. એજ શ્રીમદ્‌ના પરિશ્રમને સફળ બનાવવા માટે બસ છે.

છેવટે એટલુંજ જણાવીને વિરમાશું કેઃ—

પૂર્ણાનંદ સ્વરૂપ આત્મ સુખના અર્થી ખરા જે હતા,
મોંઘા શારદનંદ જે વિલસતા જ્ઞાને સદા સર્વદા;
આળેખ્યા અદ્‌ભુત ગ્રંથ ગરવા, ઉપદેશ—તત્વે ભર્યા,
નિશ્ચયને વ્યવહાર સાર સરખાં, જીવન સિદ્ધાંતો નર્યા.
જેની દ્રષ્ટિ અમિ ભરી વિલસતી, વિશ્વોપકારે સદા,
જેની એક ક્ષણેય ના ગઈ હતી, આળસ પ્રમાદે કદા;
જેણે જીવન અંત જ્ઞાન રસની રેલી સરીતા અહા;
યોગીરાજ નમું સુજ્ઞાની ગુરૂશ્રી શ્રી બુદ્ધિસાગર મહા.

પાદરા.
નવગઢી.
વસંતપંચમી
સં. ૧૯૮૨

ૐ જયગુરૂ શાંતિઃ
તત્પાદરેણુ
મણિલાલ મોહનલાલ પાદરાકર.





શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રસારક મંડળ તરફથી



શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી ગ્રન્થમાળામાં પ્રગટ થયેલા ગ્રન્થો.




	ગ્રન્થાંક	પૃષ્ઠ	કિંમત.
*	૧ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા.	૨૦૬	૦-૪-૦
*	૨ ભજનસંગ્રહ ભાગ ૨ જો.	૩૩૬	૦-૮-૦
*	૩ ભજનસંગ્રહ ભાગ ૩ જો.	૨૨૫	૦-૮-૦
*	૪ સમાધિશતકમ્.	૬૧૨	૦-૮-૦
*	૫ અનુભવપચ્ચિશી.	૨૪૮	૦-૮-૦
*	૬ આત્મપ્રદીપ.	૩૧૫	૦-૮-૦
*	૭ ભજનસંગ્રહ ભાગ ૪ થો.	૩૦૪	૦-૮-૦
	૮ પરમાત્મદર્શન.	૪૦૦	૦-૧૨-૦
*	૯ પરમાત્મજ્યોતિ.	૫૦૦	૦-૧૨-૦
*	૧૦ તત્ત્વબિંદુ.	૨૩૦	૦-૪-૦
*	૧૧ ગુણાનુરાગ (આવૃત્તિ બીજી)	૨૪	૦ ૧-૦
*	૧૨-૧૩ ભજનસંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા.	૧૦૦	૦-૬-૦
*	૧૪ તીર્થયાત્રાનું વિમાન (આ. બીજી)	૬૪	૦-૨-૦
*	૧૫ અધ્યાત્મભજનસંગ્રહ.	૧૯૦	૦-૬-૦
*	૧૬ ગુરુબોધ. આ. ૨	૨૯૦	૦-૮-૦
*	૧૭ તત્ત્વજ્ઞાનદીપિકા.	૧૨૪	૦-૬-૦
*	૧૮ ગહૂંલીસંગ્રહ ભા. ૧	૧૧૨	૦-૩-૦
*	૧૯-૨૦ શ્રાવકધર્મસ્વરૂપ ભાગ ૧-૨	૪૦-૪૦	૦-૧-૦
*	૨૧ ભજનપદસંગ્રહ ભાગ ૬ ઠ્ઠો.	૨૦૮	૦-૧૨-૦
*	૨૨ વચનામૃત.	૮૩૦	૦-૧૪-૦
	૨૩ યોગદીપક.	૩૦૮	૦-૧૪-૦

૯૯	શ્રી યશોવિજયજી નિબંધ.	૨૧૦	૦-૬-૦
૧૦૦	ભજનપદસંગ્રહ ભાગ ૧૧	૨૨૦	૦-૧૨-૦
૧૦૧	,, ભાગ ૧ આ. ૪ થી	૨૦૭	૦-૮-૦
૧૦૨	ગુજરાત બૃહદ્ વિજાપુર વૃત્તાંત	૨૭૮	૧-૪-૦
૧૦૩-૪	શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃતજીવન ચરિત્ર તથા દેવવિલાસ.	૨૩૦	૦-૧૨-૦
૧૦૫	મુદ્રિત શ્વે. ગ્રંથગાઇડ		
૧૦૬	કક્કાવલી-સુબોધ.	૪૬૦	૧-૪-૦
૧૦૭	સ્તવન સંગ્રહ (દેવવંદન સહિત)	૨૭૫	૦-૧૦-૦
૧૦૮	પત્ર સદ્ઉપદેશ ભાગ ૩		


ગ્રંથો મળવાનાં ઠેકાણાં.

૧ વકીલ મોહનલાલ હીમચંદ-પાદરા (ગુજરાત)
૨ શા. આત્મારામ ખેમચંદ-સાણંદ.
૩ શા. નગીનદાસ રાયચંદ ભાંખરીયા-મહેસાણા.
૪ શા. ચંદુલાલ ગોકળભાઈ-વિજાપુર.
૫ શા. રતીલાલ કેશવલાલ-પ્રાંતિજ.
૬ બુદ્ધિસાગરસૂરિ જૈનસમાજ-પેથાપુર.
૭ શા. મોહનલાલ નગીનદાસ ભાંખરીયા
૧૯૨-૯૪ બજાર ગેટ, કોટ, મુંબાઇ.



* આ નિશાનીવાળા ગ્રંથો શિલકમાં નથી.
× આ ગ્રંથો વડોદરા કેળવણી ખાતાએ મંજુર કરેલા છે.
\+ આ ગ્રંથો [illegible] સરકારના કેળવણીખાતાએ મંજુર [illegible]

श्रीमज्जैनाचार्य बुद्धिसागरसूरि रचित.



कक्कावलिसुबोधग्रन्थ.

प्रणम्य श्री महावीरं, सर्वज्ञं परमेश्वरम्
जिनेन्द्रं वीतरागं च, सद्गुरूं सुखसागरम् ॥ १ ॥
कक्कावलि सुबोधाख्यं, ग्रन्थं करोमि प्राकृतम्
बालानां सत्यबोधार्थं, सर्वशिक्षामयं शुभम् ॥ २ ॥

અ આ અરિહંત દેવને ધ્યાવો, અર્હં અર્હં જપવો જાપ;
અરિહંતને સમજી જ્ઞાને, જપતાં સઘળાં નાસે પાપ ॥ ૧ ॥

અજ્ઞાની રહેવું નહીં આતમ !!, સર્વ દુઃખ હેતુ અજ્ઞાન;
અજ્ઞાની-પશુ સરખો જાણો, અજ્ઞાને ભવદુઃખની ખાણ. ॥ ૨ ॥

અરૂપી આતમ તત્ત્વમસિ તું, આતમ !! આપોઆપ ઉદ્ધાર;
અખંડ અવિનાશી અજ અક્ષય, અનંત ગુણ પર્યાયાધાર. ॥ ૩ ॥

અક્ષર અજર અમર આતમ એક, ભણતાં ગણતાં થાઓ એક;
અનેક એક સ્વરૂપે આતમ, આનંદરૂપી કરો વિવેક. ॥ ૪ ॥

અન્ધા આગળ આરસી ધરવી, બહેરા આગળ જેવું ગાન;
અજ્ઞાની આગળ તમ જ્ઞાની, અજ્ઞાનીને હોય ન સાન. ॥ ૫ ॥

અન્ધકાર સરખું અજ્ઞાનજ, અજવાળા સમ જાણો જ્ઞાન;
અન્તર્ આત્મસ્વરૂપે રહેતાં, પરમાતમ પ્રગટે નિર્વાણ. ॥ ૬ ॥

અજપાજાપ તે આત્મસ્મરણતા, અનહદધ્વનિ,-અંતર્ ઉપયોગ;
આધ્યાત્મિક દ્રષ્ટિએ અર્થને, સમજી સાધો અનુભવયોગ. ॥ ૭ ॥

અનુભવ જ્ઞાન તે આત્મપ્રભુનું, નિર્વિકલ્પ છે જ્ઞાન પ્રમાણ;
અન્તર્ આતમ આનંદ રસનો, સાગર ઉલટે એવું ભાન. ॥ ૮ ॥

અનુભવ પચ્ચીશીજ રચીને, આત્માનુભવ આપ્યું જ્ઞાન;
અનુભવ જ્ઞાન પ્રમાણ છે સાચું, અંતરનાદ તે સાચું ભાન. ॥ ૯ ॥

અનેક એક સ્વરૂપી આતમ, પર્યાય દ્રવ્ય નયે છે બેશ;
અસત્ય નહીં વદવું ને કરવું, અસત્યમાં છે દુઃખો ક્લેશ. ॥ ૧૦ ॥

અનીતિનું વર્તન નહીં ધરવું, અનીતિથી અંતે છે નાશ;
અવળા પન્થે ડગલું ન ધરવું, અન્તરૂમાં ધર સુખ વિશ્વાસ. ॥ ૧૧ ॥
અક્કલ બડી પણ ભેંસ ન મોટી, અક્કલની કિંમત નહીં થાય;
અજ્ઞાનીના પ્રભુ થતાં દુઃખ, જ્ઞાની દાસ થતાં સુખ સ્હાય. ॥ ૧૨ ॥
અશક્ય છે નહીં મનુષ્યને કંઇ, અલક્ષ્ય નહીં કંઇ જગમાં જોય;
અજરામર પદ માનવ પામે, માનવ–પ્રભુ પ્રતિનિધિ જ હોય. ॥૧૩॥
અમર અજર આતમ નિજ જાણો, દેહ પ્રાણનું મરણું જાણ;
અકળ કળા–આતમપ્રભુની છે, અખંડ અવિનાશી તું માન. ॥ ૧૪ ॥
અજિતનાથ બીજા તીર્થંકર, અજીત બનો જીતી મન કર્મ;
અચરિજ નહીં જ્ઞાને જગમાંહી, આતમ!! કરશો નહીં અધર્મ. ॥૧૫॥
અચ્ચંકારીભટ્ટાપેઠે, ક્ષમા અને સમતાને ધાર;
અતિમુકતક મુનિવરની પેઠે, પ્રતિક્રમણ કરશો નરનાર. ॥ ૧૬ ॥
અરણિક મુનિ પેઠે નિર્મોહી, દેહોત્સર્ગ કરીને થાવ!!;
અવગુણ છાંડી ગુણને ધારો, અનંત જીવનને પ્રગટાવ!!. ॥ ૧૭ ॥
અરજી કરવી યોગ્ય ન્યાયીને, અસ્થિર મનનો નહીં વિશ્વાસ,
અયોગ્ય સાથે કરો ન સંબંધ, અજ્ઞાની છે જગમાં દાસ. ॥૧૮॥
અહંકારથી અનંત દુઃખો, રાવણ દુર્યોધનની પેર,
અન્તરૂમાં જો!! અવગુણ તારા, શાથી વર્તે છે અંધેર. ॥૧૯॥
અક્ષર જ્ઞાનથી કેળવાયેલા, માનવું તેમાં મોટી ભૂલ;
સદ્‌ગુણને સદ્‌વર્તન જ્ઞાને, કેળવણીનું સાચું મૂલ્ય. ॥૨૦॥
અલ્લા કહેતાં મળે ન અલ્લા, મનમાંથી ટળતાં શયતાન,
અલ્લા આતમ પોતે થાવે, મોહે ભૂલ કરે ઇન્સાન. ॥૨૧॥
અન્તરૂનાદ–અવાજ તે જાણે, અંતર પ્રગટે સાચું જ્ઞાન;
અન્તરૂનાદમાં ભૂલ ન પ્રગટે, સમજે નહીં તેને અજ્ઞાન. ॥૨૨॥
અજગર સરખું ધરો ન આળસ, આળસથી જીવંતાં નાશ;
અનુદ્યમી વાતોડુ જાણો, આફતમાં ઉદ્યમ સુખવાસ. ॥૨૩॥
અફીણ વ્યસનથી હિંદને ચીનની, પાયમાલી થઇ પડતી જાણ;
અફીણ આદિ દુર્વ્યસનોથી, નાસે તન ધન મનને પ્રાણ. ॥૨૪॥

અન્ન વાયુથી જીવો જીવે, અન્નાદિકનું દેશો દાન;
અદા કરો નિજ ફર્જને જ્ઞાને, અતિથિને દેવું સન્માન. ॥૨૫॥
અનંતનાથ ને અર બે જિનવર, ધ્યાવો તેવા થાવો ભવ્ય;
અનંત જીવન માટે જીવવું, આતમ !! તારૂં એ કર્તવ્ય. ॥૨૬॥
અડચણ આપત્ સોને આવે, સહાય કરે તેમાં ધન ધન્ય,
અતિ પરિશ્રમ તનુ મન ઇન્દ્રિય, થાવે તેથી રોગી તન. ॥૨૭॥
અતિ વર્જવું વર્જવા લાયક, આહારાદિક તેમ વિહાર;
અવસર યોગ્ય જે દેવું લેવું, કરવું તે કર્તવ્ય વિચાર. ॥૨૮॥
અવસર જેનો તેની કિંમત, અવસરે સહુની કિંમત થાય,
અવસરે આવ્યો મેઘ મઝાનો, અવસર વણ તે માન ન પાય. ॥૨૯॥
અવસર આવે શોભે સર્વે, અવસર દેખી કરશો કૃત્ય;
અમૂલ્ય કિંમત–અવસર જાણે, તે જગમાંહી દેખે સત્ય. ॥૩૦॥
અજાણુ આગળ કિંમત શી નિજ, વાનર આગળ રત્નની પેર;
અવસર આવે અર્થી જાણુની,–આગળ કિંમત કીર્તિ લ્હેર. ॥૩૧॥
અવસર આવ્યો જવા નહી દો !!! અવસર વીત્યે જન પસ્તાય;
અર્થીને છે અર્થની કિંમત, માનવ, હીર ને શું ખાય. ॥૩૨॥
અર્થ કામની,–પ્રાપ્તિ ધર્મે, અનર્થ કાર્યો કરો ન ભવ્ય;
અર્ધી ઉંમર ઉંઘમાં જાતી, ચેતીને કર શુભ કર્તવ્ય ॥૩૩॥
અનાર્ય–તે લોકો કહેવાતા, દેવગુરૂને ધર્મ અજાણ;
અનાચાર હિંસાદિક પાપે, તનુ અર્થે જે ધારે પ્રાણ. ॥૩૪॥
અનાર્ય જીવન પાપમયી છે, આર્ય જીવન છે ધર્માચાર;
અનાર્ય, જીવે મિથ્યાધર્મે, સમ્યગ્ ધર્મે આર્ય વિચાર. ॥૩૫॥
અકળાઇશ નહિ આફત આવે, આફત સદા નહીં રહેનાર;
અધીર થા ના કાર્ય કરંતાં, અમૂલ્ય આયુ ન ફોગટ હાર. ॥૩૬॥
અતિ પરિચયે થાય અવજ્ઞા, અતિ સઘળું કરવું પરિહાર;
અન્ધો થા ના !! છતી આંખે તું, સત્યાસત્યનો કર નિર્ધાર. ॥૩૭॥
અન્ધો દિવસમાંહી ઘૂક છે, રાત્રે અંધો કાક છે જાણ,
રાત્રી દિવસ આંખેએ અન્ધો, કામી નર વ્યભિચારી માન. ॥૩૮॥

અતિકામી વ્યભિચારી અન્ધાં, બુદ્ધિ છતાં પણ બુડથલ જાણ;
અન્ધા કામે દાસ ગુલામો, જગમાંહી જૂઠા નાદાન. ॥૩૯॥

અહિંસા છે સર્વ ધર્મમાં, શ્રેષ્ઠધર્મ જગમાંહી સત્ય;
અહિંસામાં ધર્મ છે સાચો, દયાનાં કર ! ! આતમ ! ! શુભ કૃત્ય. ॥૪૦॥

અહિંસા છે પરમાતમ રૂપ, અહિંસા ત્યાં પ્રગટ્યા દેવ;
અહિંસા ત્યાં આર્યપણું છે, દયાવિના નહીં દેવની સેવ. ॥૪૧॥

અહિંસામય જેની વૃત્તિઃ જેનાં આહારાદિક સહુ કૃત્ય;
અર્હન્ પ્રગટ પ્રભુ તે પોતે, તે, જાણે સહુ જગનાં સત્ય. ॥૪૨॥

અહિંસાની પૂર્ણવૃત્તિથી, સિંહો પણ મિત્રો સમ થાય;
અરિ રહે નહીં જગમાં કોઈ, વૈકુંઠ જીવંતાં તે પાય. ॥૪૩॥

અહિંસક જન પરમ આર્ય છે. અનાર્યતા, હિંસાથી ગણાય;
અધર્મ હિંસા સમ નહીં બીજો, હિંસાથી કર્મો બંધાય. ॥૪૪॥

અહિંસામય વિચાર કર્મે, અલ્લા ઇશુને ભજે જે રામ;
અર્હન્ બુદ્ધ હરિ સહુ ભજતાં, પામે મુક્તિ વૈકુંઠ ધામ. ॥૪૫॥

અહિંસાને જ્ઞાન ભક્તિ તેમ, આત્મશુદ્ધિ જે અંશે થાય;
આત્મપ્રભુ પામે તે અંશે, તેના દિલમાં સત્ય જણાય. ॥૪૬॥

અર્થો જે જે ધર્મશાસ્ત્રના,–ભિન્ન ભિન્ન શાસ્ત્રે છે જેહ;
અર્થો સાચા તેમાંના તે, શુદ્ધદયાએ જાણે તેહ. ॥૪૭॥

અનેક મત પંથ ધર્મી લોકો ! ! ધર્મના ભેદે કરો ન દ્વેષ;
અન્તરમાં સમતા પ્રગટ્યાથી, સર્વલોકની મુક્તિ બેશ. ॥૪૮॥

અમૂલ્ય આયુ તન મન વાણી, વાપર ! ! મુક્તિ માટે જીવ ! !;
અવસર આવ્યો થા ન પ્રમાદી, થાવે આતમ નિશ્ચય શિવ. ॥૪૯॥

અજપાજાપ તે અંતરમાંહી, ક્ષણ ક્ષણ આત્મપ્રભુ ઉપયોગ;
આધ્યાત્મિક દૃષ્ટિએ એવા, અજપાજાપનો અર્થ પ્રયોગ. ॥૫૦॥

અનહદ નાદ તે આત્મજ્ઞાનની,–દ્રષ્ટિએ પ્રભુનો ઉપયોગ;
અનહદનાદ તે કેવલજ્ઞાનને,–પૂર્ણાનન્દનો પૂરો ભોગ. ॥૫૧॥

અનહદનાદ તે ભક્તિદ્રષ્ટે, પ્રભુની લગની અખંડ તાન;
અંતરમાંહી પરાભક્તિની,–ધૂને જે પ્રગટે તે જ્ઞાન. ॥૫૨॥

અન્તર્નાદ તે આત્મજ્ઞાનના,–અનુભવે પ્રગટે જે જ્ઞાન;
અન્તર્ આતમ અવાજ એ છે, સત્યનું પ્રગટે સાચું ભાન. ॥૫૩॥
અનુભવજ્ઞાન તે રાગ દ્વેષ વણ, સત્યનું સત્ય તરીકે ભાન;
અનુભવજ્ઞાને સમ્યગ્ દૃષ્ટિ,–યોગે અંતર્ પ્રગટ્યું જાણ. ॥૫૪॥
અમર થયો જાણો તે આતમ, કર્માદિકના ટાળ્યા બંધ;
અમર થયો તે સદ્ગુણી જગમાં, શુદ્ધાત્મા નિઃસંગ અબંધ. ॥૫૫॥
અપૂર્વ અવસર, માનવ ભવનો,–પામી આતમ ત્યાગ!! પ્રમાદ;
અલખ અરૂપી અજ અવિનાશી, અખંડ આતમને કર યાદ. ॥૫૬॥
અજ્ઞાની અમૃત પાવે ને, જ્ઞાની વિષને કદાપિ પાય;
અજ્ઞાનીનું અમૃત પીવું છંડી, વિષ પીવુ અંતે સુખદાય. ॥૫૭॥
અજ્ઞાની મિથ્યામતિ લોકો, સમ્યગ્ દૃષ્ટિ વિહીન જેહ;
અનંત ભવનો પાર ન પામે, નય સાપેક્ષિકજ્ઞાની ન તેહ ॥૫૮॥
અયોગ્ય જનને જ્ઞાન ન આપો, અયોગ્યને નહીં જ્ઞાન ફળંત;
અજ્ઞાની પશુ સરખો આતમ, સત્તા ધનથી કશું ન વળંત. ॥૫૯॥
અનર્થ સઘળા મૂળનો હેતુ, અર્થ છે જાણો નરનેનાર;
અર્થને માટે મારામારી, અર્થથકી ચાલે સંસાર. ॥ ૬૦ ॥
અર્થાર્થીને આર્ત તથા વળી, આત્માર્થી પ્રભુને ભજનાર;
અનુભવે નિજને જેહ અલખ રૂપ, જીવંતો પ્રભુ રૂપ તે ધાર. ॥ ૬૧ ॥
અનંત ગુણપર્યાય સ્વરૂપી, આતમ જ્ઞાનાનન્દસ્વરૂપ;
અખંડ અક્ષર અજ અવિનાશી, સાપેક્ષાએ રૂપારૂપ. ॥ ૬૨ ॥
અધ્યાત્મશાંતિ પામવા, અધ્યાત્મશાંતિ ગ્રન્થ;
રચ્યો વિવેકે ભવ્યને, દેખાડ્યો શિવપન્થ ॥ ૬૩ ॥
અરહટ્ટ ઘટિકા યંત્રની પેઠે, કર્મે જીવો ઉંચ ને નીચ;
સુખ દુઃખ પામે કર્મ ચક્રની,–ધારાએ મનમાં ધર શીખ. ॥ ૬૪ ॥
અસ્ત ઉદય સૂર્યાદિક પામે, જીવોનો તો ત્યાં શો ભાર;
અસ્ત ઉદય ઈશ્વર ને જગનો, સમજી ધર્મ કરો નરનાર. ॥ ૬૫ ॥
અસ્તોદય, તો કર્મ ચક્રથી, સર્વ જીવો લહે સુખને દુઃખ;
અરે-આતમા ક્યાં મુંઝે મોહે, સ્વપ્ન લાડુથી ટળે ન ભૂખ. ॥ ૬૬ ॥

અનંત જીવન ! આત્મ પ્રભુનું,-દર્શન જ્ઞાન અને ચારિત્ર;
અનંત જ્યોતિર્મય નિજ આતમ, મોહ હણીને થાવ !! પવિત્ર. ॥૬૭॥
અરિહંત તે દોષ અઢાર રહિત પ્રભુ, ચારે ઘાતી કર્મનો કીધો અંતજે;
અતિશય ચોત્રીશ કેવળજ્ઞાની જિન,-વિભુ, તીર્થંકર છે તારણહાર;
ભદંત જો, અરિહંત તીર્થંકર પ્રભુ એવા વંદીએ. ॥ ૬૮ ॥
અનંત ગુણ પર્યાય શક્તિમય, આતમ તે પરમાતમ થાય;
અનાદિ કાલીન કર્મ ટળ્યાથી, આતમ તે પરબ્રહ્મ સુહાય. ॥ ૬૯ ॥
અમેરિકામાં ઐક્ય ને વિદ્યા, વિજ્ઞાન પ્રતિદિન નવ નવ શોધ;
અર્થ કામની ઈચ્છા ભારે, બાહ્યોન્નતિનો શોધે બોધ. ॥ ૭૦ ॥
અનંત આતમ વ્યક્તિથી છે, સંગ્રહ નય સત્તાથી એક;
અપેક્ષા એવી સાત નયોથી,-જાણે તેને તત્ત્વવિવેક. ॥ ૭૧ ॥
અન્ય જીવોનું અહિત ઈચ્છે, નિજ આતમ ઉંચો નહીં થાય;
અન્ય જીવોને શત્રુનું પણ, બૂરૂં ન ઈચ્છો સ્વપ્નામાંહ્ય. ॥ ૭૨ ॥
અક્કલવણ શક્કલ શા ખપની, અક્કલ વણ નહીં શોભે અંગ;
અક્કલને ખીલવો અભ્યાસે, તેથી વધતા સદ્ગુણ રંગ. ॥ ૭૩ ॥
અવંતીસુકુમાલ જ મહામુનિ, છંડ્યો જેણે દેહાધ્યાસ;
અંગને ભક્ષ્યું શિયાલણીએ, સમતા ધરી પામ્યા સ્વર્ વાસ. ॥ ૭૪ ॥
અઇમુત્તા મુનિવરજી મોટા, કીધો જેણે પશ્ચાત્તાપ;
આતમમાં કેવલ પ્રગટાવ્યું, ટાળ્યા સઘળા ભવ સંતાપ. ॥ ૭૫ ॥
અનેક મત પંથ દર્શન ધર્મનાં,-સર્વ શાસ્ત્રથી ગ્રહજો સત્ય;
અનેકાન્તરૂપે પ્રણમાવો, નયસાપેક્ષે ધર્મનાં કૃત્ય. ॥ ૭૬ ॥
અનેકાન્તનય જ્ઞાતા જગમાં, સ્યાદ્વાદી સમકિતને પાય;
અનેક દર્શન ધર્મ પન્થનું,-સત્યગ્રહે તે જૈન સુહાય. ॥ ૭૭ ॥
અલ્લા તે અરિહંત જિનેશ્વર, નિરાકાર સર્વજ્ઞ છે દેવ;
અનંત જ્ઞાનના નૂરે શોભે, આતમ કર !! અલ્લાની સેવ ॥ ૭૮ ॥
અતિથિ સેવા ઘરબારીનું, સૌથી મોટું છે કર્તવ્ય;
અતિથિ માટે સ્વાર્પણ કરવું, ગૃહસ્થનો એ ધર્મ છે ભવ્ય. ॥ ૭૯ ॥
અતિથિ સેવા-આર્યોની છે, સર્વ ખંડમાં શ્રેષ્ઠ પ્રમાણ;
અતિથિને આદર સત્કારે, આપો ભોજન ને વળી માન. ॥ ૮૦ ॥

અજિત જિનેશ્વર અભિનંદન પ્રભુ, અર પ્રભુ પરમાતમ દેવ;
અર્હં એવા ભાવો ધ્યાવો, વીતરાગની કરીએ સેવ. ॥ ૮૧ ॥

અકળાઈશ નહીં સંકટ આવે, સંકટ આવી ચાલ્યાં જાય;
અશક્ય નહીં કંઇ અગમ્ય નહીં છે, આતમને એમ નિશ્ચય લાવ્ય.॥૮૨॥

અયોગ્ય કર નહીં અયોગ્ય વદ નહિ, મનમાં કર નહિ દુષ્ટ વિચાર;
અયોગ્યને શું યોગ્ય જ તેના, જ્ઞાનીથી કરજે નિર્ધાર. ॥ ૮૩ ॥

અંતેવાસી તે કહેવાતા, ગુરૂના અંતરૂમાં રહેનાર;
અંતરૂમાં પરમેશ્વર રાખી, જીવે અંતેવાસી ધાર. ॥ ૮૪ ॥

અંતેવાસી શિષ્યો સાચા, ગુરૂનું પામે પૂર્ણ જે જ્ઞાન;
અંતેવાસી ગુરૂ પાસે રહી, ગુરૂના સઘળા આશય જાણ. ॥ ૮૫ ॥

અપત્ય સરખા શિષ્યો ગુરૂના, ગુરૂમાં અર્પાઇ રહેનાર;
અપત્યથી પણ અંતેવાસી, શિષ્યો-ગુરૂહૃદયરૂપ સાર. ॥ ૮૬ ॥

અજવાળું જેટલું ઉપયોગી, અંધારૂં પણ તેટલું જાણ;
અહર્ રાત્રી બે છે ઉપયોગી, કુદ્રતની લીલા છે પ્રમાણ. ॥ ૮૭ ॥

અજવાળું ઉદ્યમનામાટે, વિશ્રામાર્થે તમઃ પ્રમાણ;
અકળા કળા કુદ્રત્ ઉપયોગી, કૃત્રિમતાથી દુઃખ છે જાણ. ॥ ૮૮ ॥

અતિ પરિચયે હોય અવજ્ઞા, અતિબોલે બહુશક્તિ વિનાશ,
અતિ સર્વે છે વર્જ્ય જગત્માં, યોગ્ય પરિચયે સુખની આશ ॥૮૯॥

અકલ કલા છે આત્મપ્રભુની, અકલ કલા છે કર્મની જાણ;
અકલકલા, કુદ્રતની જાણી, યોગી બોલે અલેખ વાણ. ॥ ૯૦ ॥

અતિ ઠંડું તીખું ખારૂં ને, ઉનું ભોજન ખાવું વાર !!;
અતિ નિદ્રા જાગરણ પરિશ્રમને, ઇન્દ્રિય અતિ પરિશ્રમ પરિહાર ॥૯૧॥

અતિ હઠ કદાગ્રહી નહિં થાવું, અતિ જોવું અતિ બોલવું વાર !! ;
અતિ લખવું અતિ ભણવું ગણવું, અતિ કાર્યોને કરવાં વાર. ॥૯૨॥

અતિ મીઠા કડવા તીખા ને, અતિ ખારાનો કર પરિહાર;
અતિ અભ્યાસ ન કર અતિ લોભે, વર્જ્ય-અતિ તેને ઝટવાર. ॥૯૩॥

અનેક મત દર્શન ને પન્થો, અનેક ધર્મો જગમાં જોય;
અનેક ધર્મના લોકો જગમાં, અનેક મત ભેદો જગ હોય. ॥ ૯૪ ॥

અનેકાન્તનય દર્શનજ્ઞાને, અનેક ધર્મમાં જે છે સત્ય;
અનેકાંતદૃષ્ટિથી જાણી, કરવાં સાપેક્ષાએ કૃત્ય. ॥ ૯૫ ॥
અનેકાન્તદર્શનનયજ્ઞાને, અનેક દૃષ્ટિ પંથનું જ્ઞાન;
અનેકરીતે સાપેક્ષાએ, જાણી આતમ પામે ધ્યાન. ॥ ૯૬ ॥
અમૃત તે નિર્વિષયાનન્દ છે, અમૃત તે નિજ જ્ઞાનાનન્દ;
અમૃત તે પ્રભુ સાથે એકતા, પામો અમૃત નાસે ફન્દ. ॥ ૯૭ ॥
અમૃત, મીઠી વાણી જલને, અન્નને સ્વાર્થ વિનાનો પ્યાર;
અમૃત; નિર્દોષી નિજજીવન, સાત્વિક આચારોને વિચાર. ॥ ૯૮ ॥
અન્યોનો અપરાધ કરંતાં, અન્યોની તું માફી માગ;
અપરાધોને ભૂલની માફી, માગો ધારો સત્યનો રાગ ॥ ૯૯ ॥
અન્યની ભૂલો કાઢતાં પૂર્વે, પોતાની ભૂલો તું દેખ;
અન્ય જનોની આગળ નિજની, ભૂલ થઇ તે નહીં ઉવેખ!! ॥૧૦૦॥
અજ્ઞાની ગુરૂઓ નહીં સારા, અજ્ઞાની નહીં સારો વૃદ્ધ;
અજ્ઞાની જે માત પિતાદિક, કરે નહીં સંતાન સમૃદ્ધ ॥ ૧૦૧ ॥
અજ્ઞાની જ્યાં આગેવાનો, ત્યાં તો ઉજ્જડ ખાખ મશાણ;
અજ્ઞાની રાજા આચાર્યો, દેશ સંઘના કરતા હાન. ॥ ૧૦૨ ॥
અજ્ઞાની ઠાકોરો ભૂરા, અજ્ઞાનીઓ દોરવનાર;
અથડાતા અંધારે લોકો, પૂરી પડતીના કરનાર. ॥ ૧૦૩ ॥
અજ્ઞાની જ્યાં ધર્મગુરૂઓ, કરતા ધર્મની મારામાર;
અન્ધાને દોરે જ્યાં અંધા, અજ્ઞાનીઓ તેવા ધાર ॥ ૧૦૪ ॥
અજ્ઞાની રાજાને રૈયત, દેશ રાજ્યમાં અંધ ધુંધ;
અજ્ઞાનીઓ ભાષા લિપિ,-જ્ઞાતા, પણ જે થયા ન બુદ્ધ ॥ ૧૦૫ ॥
અજ્ઞાનીઓ પશુ સરખા છે, ખાતા પીતા ભોગવે ભોગ;
અજ્ઞાનીનો પ્રેમ નકામો, અબોધ સરખો કો નહીં રોગ ॥ ૧૦૬ ॥
અજ્ઞાનીઓ દેવગુરૂને, કરે ન ધર્મનું સમ્યગ્જ્ઞાન;
આંધળા સરખી શ્રદ્ધા ધારે, સમજે નહીં ભક્તિ ભગવાન્ ॥૧૦૭॥
અજ્ઞાની કુગુરૂની સંગત,-કરવાથી ભવનો નહીં પાર;
સત્ય જૂઠનો ભેદ ન જાણે, અજ્ઞાની માનવ નિર્ધાર. ॥ ૧૦૮ ॥

અથડાતા અજ્ઞાની જ્યાં ત્યાં, અજ્ઞાને અથડાવું થાય;
અંધાથી અજ્ઞાની બૂરો, કરે વિશ્વમાં બહુ અન્યાય ॥ ૧૦૯ ॥
અજ્ઞાનીની સર્વ શક્તિઓ, અધર્મપાપોમાં ખર્ચાય;
અજ્ઞાની જો જ્ઞાની સંગાથે, ચાલે તો તે દેખતો થાય. ॥ ૧૧૦ ॥
અંબડ તાપસ સમ્યગ્‌જ્ઞાની, પ્રભુ વીરનો મોટો ભક્ત;
અજવાળું અંતરમાં લીધું, ત્યાગ્યું મિથ્યામતિનું રક્ત ॥૧૧૧॥
અયોગ્યને જે કહેવું દેવું, તે તો ઉલટા અર્થે થાય;
અયોગ્યને વિદ્યા દેવાથી, દુરૂપયોગ તેનો થઈ જાય ॥ ૧૧૨ ॥
અયોગ્ય-યોગ્યની કરી પરીક્ષા, યોગ્યને યોગ્ય તે પ્રેમે આપ;
અયોગ્યની સંગત કરવાથી, અયોગ્ય જેવી નિજની છાપ ॥ ૧૧૩ ॥
અભણ જનોને ભણાવવાને, કરશો સારા સર્વ ઉપાય;
અભણપણું નહીં કોને પ્યારૂં, ભણ્યા ખરા જે પાળે ન્યાય ॥૧૧૪॥
અજાણ રહેવું ઘટે ત્યાં સ્થાને, જાણ થવું જ્યાં ઘટે જ ત્યાંય;
અજાણ થઈને નિરભિમાને, ગુરૂથી જ્ઞાન ગ્રહો દુઃખ જાય ॥ ૧૧૫॥
અલ્પ દોષને પાપ અલ્પ જ્યાં, બહુ લાભ ને જ્યાં બહુ ધર્મ;
અપેક્ષા સમજી કાર્ય તે કરવું, દેશ કાલ સાપેક્ષિકકર્મ ॥ ૧૧૬ ॥
અલ્પ દોષને બહુ શુભ ધર્મની,-બુદ્ધિથી કરજે કર્તવ્ય;
અપેક્ષા વણ અધિકાર વિના જગ, કર્મયોગી બનતો નહીં ભવ્ય ॥૧૧૭॥
અનાર્ય, હિંસા જૂઠ ને ધારે, ચોરી મૈથુનમાં આસક્ત;
અસત્ય પાપી જીવન ગાળે, સત્યદેવનો બને ન ભક્ત. ॥ ૧૧૮ ॥
અનાર્ય, દેશને અધર્મ ભેદે, સમજે નહીં તે સાચો ધર્મ;
અધર્મમાં નિજ જીવન ગાળે, કરે સદા પાપારંભ કર્મ. ॥ ૧૧૯ ॥
અધર્મ છે જગમાંહી હિંસા, જૂઠું ચોરી ને વ્યભિચાર;
અધર્મ, મિથ્યા પરિણતિ પાપનાં,-કાર્યોનો કરવો વ્યવહાર. ॥૧૨૦॥
અધર્મ તે નિર્દયતા શઠતા, દારૂ માંસાદિક વ્યાપાર;
અધર્મ તે છે અધર્મ બુદ્ધી, માંસાદિક પાપી આહાર. ॥ ૧૨૧ ॥
અધર્મ તે જ્યાં ધર્મ નહીં ત્યાં, ધર્મની શ્રદ્ધા અને પ્રવૃત્તિ;
અધર્મ જે તે ધર્મના નામે, હિંસાદિકને જૂલ્મ અનીતિ. ॥૧૨૨॥

અધર્મ, તે અન્યાય પ્રવૃત્તિ, જૂઠી સાક્ષી જૂઠા લેખ;
અધર્મ તે જ્યાં આત્મધર્મનું, અજ્ઞાનજ અંતરમાં પેખ. ॥૧૨૩॥

અનીતિ જૂલ્મ ને મારામારી, સબળાથી નબળા ભક્ષાય;
અધર્મ ત્યાં જ્યાં દેવગુરૂને, ધર્મનું સમ્યગ્જ્ઞાન ન કયાંય. ॥ ૧૨૪ ॥

અકાર્ય કરતાં ડગલું પાછું, ભરજે ખૂબ વિચારી ભવ્ય;
અકાર્ય કીધા પછી પસ્તાવો, થાય ન એવું કર કર્તવ્ય. ॥ ૧૨૫ ॥

અકાર્ય-કાર્યને સાપેક્ષાએ, જાણી કરશો નહીં અકાજ;
અકાર્ય કરતાં શકિત ટળતી, રહે ન જગમાં સાચી લાજ. ॥ ૧૨૬ ॥

અત્તર, સાચું સત્કાર્યોને, સદ્ગુણથી જે થાતી કીર્તિ;
અત્તર, સાચું ગુણ સુગંધી,-લેવાની આતમની રીતિ. ॥ ૧૨૭ ॥

અભેદ ભાવે દેખે જ્ઞાની, અભેદ ભાવે વર્તે સન્ત;
અભેદ જોવું અભેદ વર્તન, એ બેમાં છે ફર્ક અનન્ત. ॥ ૧૨૮ ॥

અટપટી વાતો મસ્તોની છે, ભૂલ ભૂલામણી બહુ દેખાય;
અપેક્ષા, નયવાદોની જાણે, સ્યાદ્વાદી ત્યાં ભૂલ ન ખાય. ॥ ૧૨૯ ॥

અંત્યજ સ્પર્શ્યાસ્પર્શ્ય સંબંધી, હિંદુઓમાં છે બે ભેદ;
અંત્યજ લોકોની પ્રગતિમાં, કોઇ કોમને છે નહીં ખેદ. ॥ ૧૩૦ ॥

અંત્યજ કોમની ચડતી કરવી, કેળવણીથી કેળવી બેશ;
અન્ય જનોને કેળવવાથી, તેઓના ટળતા સહુ કલેશ. ॥ ૧૩૧ ॥

અધિકારી થઇ કર ! ! નહીં જૂલ્મો, કર નહીં પ્રાણુંતે અન્યાય;
અધિકારી થઇ પક્ષપાતને, ત્યાગી કર સમજીને ન્યાય. ॥ ૧૩૨ ॥

અધિકારી થઈ અભિમાનથી, મગજ ખોઇને કર નહીં પાપ;
અધિકારી થઇ દુરૂપયોગે, શકિત ખર્ચતાં છે સંતાપ. ॥ ૧૩૩ ॥

અન્યાયી જે અમલદાર છે, તે જીવંતો છે શયતાન;
અન્યાયીના જૂલ્મની સામે, રહીને જીવે તે બળવાન્. ॥ ૧૩૪ ॥

અધિકારી જૂલ્મીઓ સામે, ઉભા રહેવું કરીને સંપ;
અન્યાયીનો પક્ષ ન કરવો, અન્યાયે નહીં અંતે જંપ. ॥ ૧૩૫ ॥

અન્યાયીને શિક્ષા દેવી, જેથી લોક તજે અન્યાય;
અન્યાયે નહીં રાજ્યની ચડતી, અન્યાયીને કરો ન સ્હાય ॥ ૧૩૬ ॥

અમલદારની શક્તિયો સહુ, પામી કરજે શુભ ઉપયોગ;
અમલદારને સ્વર્ગ વા નરક છે, શુભાશુભ શક્તિસંયોગ ॥ ૧૩૭॥

અમલ લહી અભિમાની ન થાજે, અમલદાર છે તુજ પર દેખ,
અલ્પ શક્તિથી ક્યાં તું ભૂલે, જીવે મરે તું શાથી પેખ ॥ ૧૩૮ ॥

અલ્પધર્મનું કૃત્ય જે સારૂં, દુર્ગતિથી રક્ષણ કરનાર;
અલ્પ અગ્નિની ચીણગારીથી, ગંજી ગામો ભસ્મ થનાર ॥ ૧૩૯ ॥

અધિકારી સાચો જે મનની,–ઉપર અમલ ચલાવે સત્ય,
અન્યાયી નહીં બનજે મોહે, છંડો હિંસા જૂઠનાં કૃત્ય ॥ ૧૪૦ ॥

અનર્થ કર નહીં નબળાઓપર, કામે ક્રોધે કર ન અનર્થ;
અનર્થ હેતુ અર્થને કામ છે, સમજે તેને એ છે વ્યર્થ ॥ ૧૪૧ ॥

અનર્થ જૂઠ્મો પાપો કર નહીં, આઘાત સરખો પ્રત્યાઘાત;
અનર્થનું ફલ આ ભવ પરભવ, અંતે દુઃખ છે સત્ય એ વાત ॥ ૧૪૨ ॥

અનંત આનંદમય તું આતમ, બાહિરમાં સુખ છે નહીં સત્ય;
અસંખ્ય પ્રદેશી આતમ તું છે, શુદ્ધોપયોગે કર નિજ કૃત્ય ॥ ૧૪૩ ॥

અર્પાઈ જા પરમાર્થે તું, સુકૃત્યર્થે સહુ કર ને આપ !!;
અર્પાવું પ્રભુમાં નિજનું જે, તે સેવા ભક્તિની છાપ ॥ ૧૪૪ ॥

અરજી કરે અન્યાયી આગળ, નિષ્ફળ અરજી ચાલી જાય;
અરજી સાથે સંપ શક્તિને, તન ધન સત્તા બળથી ન્યાય ॥ ૧૪૫ ॥

અશક્ત કે જે પત્ની ઘરનું,–રક્ષણ કરે નહીં તેહ ગણાય;
અશક્ત કે જે પર જીવાડ્યો, જીવે ઘરબારી થઈ હાય. ॥ ૧૪૬ ॥

અશક્ત કે જે શત્રુઓના, હુમલાથી ડરી ભાગી જાય.
અર્થ કુટુંબ ઘર પત્ની ન રક્ષે, બાયલો થઇ જીવીને ખાય ॥ ૧૪૭ ॥

અશક્ત નામર્દોને ઘરમાં, વસવું પરણવું ઘટે ન લેશ;
અશક્તને કન્યા નહીં દેવી, અશક્ત લજ્વે ધર્મને વેષ ॥ ૧૪૮ ॥

અશક્ત તે જે મૃત્યુથી બીવે, મરે ન અન્યના રક્ષણ કાજ;
અશક્ત દુર્ગુણી દુર્વ્યસની છે, અશક્ત વર્ગનું છે નહીં રાજ ॥ ૧૪૯ ॥

અશક્ત તે જે મનના તાબે, કામ સ્વાર્થનો બને ગુલામ;
અશક્ત તે જે શુભ સત્કર્મો–પ્રાસ કરે નહીં ધરે ન હામ ॥ ૧૫૦ ॥

અશક્ત. ઘરબારી નહીં શોભે, અશક્ત તે ત્યાગી નહીં સંત;
અશક્ત, તન મન શક્તિ વિનાના,–આત્મશક્તિ વણ કો,ન મહંત ॥૧૫૧॥

અભાગિયાને ધર્મ ન સૂજે, સૂજે નહીં સારૂં ને સત્ય;
અભાગિયાની અવળી બુદ્ધિ, કોટિપતિ પણ બૂરાં કૃત્ય ॥ ૧૫૨ ॥

અભાગ્ય જેનું તેનું ઈચ્છયું, થાતું નહીં ઉલટું થઈ જાય;
અભાગિયા પણ સુભાગીસંગે, અન્ય પ્રતાપે સુખને પાય ॥ ૧૫૩ ॥

અવસર આવ્યો જે નહીં જાણે, અવસર સમજ્યા વણ કરે કૃત્ય;
અવસર જાણે નહીં તે મૂરખ, અવસરે શોભે બોલ્યું સત્ય ॥ ૧૫૪ ॥

અન્યધર્મીપર કરો ન જૂલ્મો, અન્ય ધર્મીપર કરો ન દ્વેષ,
અન્ય ધર્મીનાં સાથે દ્વેષે, કરો ન ઝઘડા ટંટા કલેશ. ॥ ૧૫૫ ॥

અન્ય ધર્મનાં શાસ્ત્રોમાંથી,–સાપેક્ષાએ લાગે સત્ય;
અપેક્ષા રાખીને તે ગ્રહવું; અસત્યનાં કરવાં નહીં કૃત્ય. ॥ ૧૫૬ ॥

અન્ય ધર્મીઓ જો નિજધર્મી–લોકો પર કરે બહુઅન્યાય;
અશક્તિ તે વખતે નહીં ધરવી, ન્યાય બળે કરો સર્વોપાય. ॥ ૧૫૭ ॥

અન્ય ધર્મીઓ પણ આત્માઓ, નિજ આતમ સમ જ્ઞાને માન;
અજ્ઞાને મતભેદો જ્યાં ત્યાં, દ્વેષને યુદ્ધોમાં શયતાન. ॥ ૧૫૮ ॥

અન્ય ધર્મીમાં સ્વધર્મીમાંહી, કપટે પેસીને શયતાન;
અન્યોઅન્ય લડાવે ભેદે, એક બીજાના હરતો પ્રાણ. ॥ ૧૫૯ ॥

અન્ય ધર્મ છે જૂઠો કેવળ, મારો ધર્મ છે સર્વથા સત્ય;
અન્ય ધર્મીને જીવવા દઉં નહીં, એવું છે શયતાનનું કૃત્ય. ॥ ૧૬૦ ॥

અન્ય ધર્મીઓ સાથે મૈત્રી, ધારી ચાલો આતમરાજ ! ! !;
અન્યમતો પર સહિષ્ણુભાવે, વર્તો પામો શિવ સામ્રાજ્ય. ॥ ૧૬૧ ॥

અન્ય ધર્મીઓ સ્વધર્મીઓ સહુ, સમભાવે પામે છે મુક્તિ;
અન્ય ધર્મીઓ સ્વધર્મીઓ સહુ, પાપે નરકમાં જાવે યુક્તિ. ॥ ૧૬૨ ॥

અતએવ જૂદા ધર્મના ભક્તો–તેઓ પર મૈત્રીને ધાર ! !;
અન્યધર્મ શાસ્ત્રોમાં જૂઠું, લાગે તેને નહીં સ્વીકાર. ॥ ૧૬૩ ॥

અન્ય ધર્મીઓના બળ ભયથી. સત્ય સ્વધર્મનો કરો ન ત્યાગ;
અન્યોઅન્ય કરાવે હિંસા, શયતાન જ સમજીને જાગ ॥ ૧૬૪ ॥

અન્યોઅન્ય પરસ્પર ધર્મના,—ભેદો ત્યાં અજ્ઞાનનો દોષ;
અજ્ઞાને અંધારામાંહી, અથડાતા જીવો ધરી રોષ. ॥ ૧૬૫ ॥

અન્યોઅન્યમાં ભેદનું કારણ, મોહ કથાયો છે અજ્ઞાન;
અન્ય જીવો પણ નિજ આતમ સમ, જાણી હરો નહિ અન્યના પ્રાણ ॥૧૬૬॥

અભક્ષ્ય વસ્તુઓનું ભક્ષણ, કરવાથી નહીં હૃદયની શુદ્ધિ;
અભક્ષ્ય ભક્ષણ અપેયપાને, પ્રગટે દિલમાં પાપની બુદ્ધિ. ॥ ૧૬૭ ॥

અશુદ્ધ તે ઘટ રાગ રોષ છે, અશુદ્ધ તે દુર્વ્યસનપ્રવૃત્તિ;
અશુદ્ધ ભોજન અશુદ્ધ પાણી, સદોષી વૃત્તિ અને અનીતિ. ॥ ૧૬૮ ॥

અશુદ્ધ તે મન વચને તનુની,—પાપ પ્રવૃત્તિ હિંસા વેર;
અશુદ્ધ તે અજ્ઞાને જડમાં—સુખ બુદ્ધિની વર્તે લહેર. ॥ ૧૬૯ ॥

અશુદ્ધ તે દિલ જ્યાં ઇર્ષ્યા છે, જૂઠ ચોરી ને જ્યાં વ્યભિચાર;
અશુદ્ધ તે સ્વાર્થે અન્યોનાં, ગળાં રેંસવાં થઇ તૈયાર. ॥ ૧૭૦ ॥

અશુદ્ધ તે અન્યાયને જુલ્મો, અશુદ્ધ, દુર્ગુણના આચાર;
અશુદ્ધ તે શુભાશુભ પરિણતિ, શુદ્ધ તે નિર્મોહી જ વિચાર. ॥ ૧૭૧ ॥

અશુદ્ધ તે પરજીવની હિંસા, કરીને ભરવું પાપી પેટ;
અશુદ્ધ તે દુર્મતિ દિલમાંહી, જેથી જવાનું નરકે ઠેઠ. ॥ ૧૭૨ ॥

અશુચિ તે મનમાં દુર્બુદ્ધિ, અશુચિ તે તનુ વચનાં પાપ;
અશુચિ તે મિથ્યાત્વની બુદ્ધિ, વૈર કપટ મોહે સંતાપ. ॥ ૧૭૩ ॥

અશુચિ તે છે પાપ પ્રવૃત્તિ, મનમાં થાતા પાપવિચાર;
અશુચિઅશુદ્ધિટાળી આતમા!, પવિત્ર શુદ્ધ બનો સુખકાર. ॥૧૭૪॥

અન્ય વિદેશી વિધર્મીઓનાં,—સ્વાર્થે કાવતરાં જે થાય;
અન્યોના સહુ દાવપેચથી, ચેતે તે મૃત્યુ નહીં પાય. ॥ ૧૭૫ ॥

અન્યવિદેશી વિધર્મીઓનો,—સ્વાર્થ વિના નહીં હોવે મેળ;
અન્યવિજાતિ વિધર્મીઓના,—જાણી લેવા સઘળા ખેલ ॥ ૧૭૬ ॥

અન્યવિજાતિ વિધર્મીઓથી, સાવધાન થઇ જગમાં ચાલ;
અન્યવિજાતિ વિધર્મી—મોહ છે, કામ ક્રોધથી ચેતી ચાલ ॥ ૧૭૭ ॥

અન્ય તે કર્મની પ્રકૃતિયો સહુ, અન્ય તે જાણે રાગને રોષ;
અન્ય તે આતમથી જે જૂદું, આતમને દે નહી સંતોષ ॥ ૧૭૮ ॥

અશક્ત. ઘરબારી નહીં શોભે, અશક્ત તે ત્યાગી નહીં સંત;
અશક્ત, તન મન શક્તિ વિનાના,–આત્મશક્તિ વણ કો,ન મહંત ॥૧૫૧॥

અભાગિયાને ધર્મ ન સૂઝે, સૂઝે નહીં સારૂં ને સત્ય;
અભાગિયાની અવળી બુદ્ધિ, કોટિપતિ પણ બૂરાં કૃત્ય ॥ ૧૫૨ ॥

અભાગ્ય જેનું તેનું ઇચ્છયું, થાતું નહીં ઉલટું થઈ જાય;
અભાગિયા પણ સુભાગીસંગે, અન્ય પ્રતાપે સુખને પાય ॥ ૧૫૩ ॥

અવસર આવ્યો જે નહીં જાણે, અવસર સમજ્યા વણ કરે કૃત્ય;
અવસર જાણે નહીં તે મૂરખ, અવસરે શોભે બોલ્યું સત્ય ॥ ૧૫૪ ॥

અન્યધર્મી પર કરો ન જૂલ્મો, અન્ય ધર્મી પર કરો ન દ્વેષ,
અન્ય ધર્મીની સાથે દ્વેષે, કરો ન ઝઘડા ટંટા ક્લેશ. ॥ ૧૫૫ ॥

અન્ય ધર્મનાં શાસ્ત્રોમાંથી,–સાપેક્ષાએ લાગે સત્ય;
અપેક્ષા રાખીને તે ગ્રહવું; અસત્યનાં કરવાં નહીં કૃત્ય. ॥ ૧૫૬ ॥

અન્ય ધર્મીઓ જો નિજધર્મી–લોકો પર કરે બહુઅન્યાય;
અશક્તિ તે વખતે નહીં ધરવી, ન્યાય બળે કરો સર્વોપાય. ॥ ૧૫૭ ॥

અન્ય ધર્મીઓ પણ આત્માઓ, નિજ આતમ સમ જ્ઞાને માન;
અજ્ઞાને મતભેદો જ્યાં ત્યાં, દ્વેષને યુદ્ધોમાં શયતાન. ॥ ૧૫૮ ॥

અન્ય ધર્મીમાં સ્વધર્મીમાંહી, કપટે પેસીને શયતાન;
અન્યોઅન્ય લડાવે ભેદે, એક બીજાના હરતો પ્રાણ. ॥ ૧૫૯ ॥

અન્ય ધર્મ છે જૂઠો કેવળ, મારો ધર્મ છે સર્વથા સત્ય;
અન્ય ધર્મીને જીવવા દઉં નહીં, એવું છે શયતાનનું કૃત્ય. ॥ ૧૬૦ ॥

અન્ય ધર્મીઓ સાથે મૈત્રી, ધારી ચાલો આતમરાજ ! ! !;
અન્યમતો પર સહિષ્ણુ ભાવે, વર્તો પામો શિવ સામ્રાજ્ય. ॥ ૧૬૧ ॥

અન્ય ધર્મીઓ સ્વધર્મીઓ સહુ, સમભાવે પામે છે મુક્તિ;
અન્ય ધર્મીઓ સ્વધર્મીઓ સહુ, પાપે નરકમાં જાવે યુક્તિ. ॥ ૧૬૨ ॥

અતએવ જૂદા ધર્મના ભક્તો–તેઓ પર મૈત્રીને ધાર ! !;
અન્યધર્મ શાસ્ત્રોમાં જૂઠું, લાગે તેને નહીં સ્વીકાર. ॥ ૧૬૩ ॥

અન્ય ધર્મીઓના બળ ભયથી. સત્ય સ્વધર્મનો કરો ન ત્યાગ;
અન્યોઅન્ય કરાવે હિંસા, શયતાન જ સમજીને જાગ ॥ ૧૬૪ ॥

અતિશયી થાવું વિદ્યાજ્ઞાનથી, તપશક્તિથી વિશ્વ મહંત,
અશ્લીલ શબ્દો વદો ન ક્યારે, અધર્મીઓ કહેવાય ન સંત. ॥૧૯૩॥

અણુસમ પરના ગુણને પર્વત, સરખો માને સજ્જન સત્ય;
અણુસમ પરના દોષને-પર્વત, સરખો કહેતો દુર્જન કૃત્ય. ॥૧૯૪॥

અવસ્થા તારી હાલ છે કેવી, પૂર્વે કેવી હતી વિચાર;
અવનતિ વા સ્વોન્નતિ તુજ કેવી ? કર તેનો અંત નિર્ધાર. ॥૧૯૫॥

અવસ્થા,-મન વચ તનુની કેવી, કરવી સુખ શાંતિ કરનાર;
અવશ્ય તેનો નિશ્ચય કરીને, આતમ આપને આપ ઉદ્ધાર!! ॥૧૯૬॥

અનંત શક્તિમય તું આતમ ! થા નહીં જડના મોહે દીન;
અસંખ્યયોગે મુક્તિ થાતી, ભાખે છે શ્રી મહાવીર જિન. ॥૧૯૭॥

અનંત શક્તિયોનો સ્વામી, નક્કી નિજ છે આતમરામ;
અજ્ઞાને ભૂલીને દુઃખી, દીન બને છે ભૂલી હામ. ॥ ૧૯૮ ॥

અજાકંઠસ્તન પેઠે નિષ્ફલ, અજ્ઞાનીનું આયુષ્ય જાય;
અનાશ્રયે કો ચઢે ન ઉચે, આશ્રય ઉચે ઉચ્ચ થવાય. ॥ ૧૯૯ ॥

અભયદાન સમ દાન ન કોઇ, મરતા જીવને રક્ષવો જાણ;
અભયદાન છે દ્રવ્યને ભાવે, દ્રવ્ય તે જીવના રાખવા પ્રાણ ॥ ૨૦૦ ॥

અભયદાન તે ભાવથી જાણુને, નિજ પરને સમકિતનું દાન;
અજ્ઞાન મોહાદિકને હણુવા, માટે દેવું આતમજ્ઞાન. ॥ ૨૦૧ ॥

અભયદાન તે સેવા ભક્તિ, જ્ઞાન ધર્મનો છે ઉપદેશ;
અભયદાન તે મોહને મારી, રક્ષવો આતમધર્મનો પ્રાણુ. ॥૨૦૨॥

અભયદાન દે યથાશક્તિથી, સુપાત્રદાન દે આણી હર્ષ;
અભયદાનથી નિર્ભય થાવું, અન્ય જીવોપર ધર ન અમર્ષ. ॥૨૦૩॥

અભયકુમારની બુદ્ધિ પેઠે, બુદ્ધિએ કર ર્જ્ઞ.મોત્કર્ષ;
અભયકુમારના જેવો થાવા, અંતર્ ઉત્સાહે મન તર્ષ !! ॥ ૨૦૪ ॥

અસાર આ સંસારમાં જડ સહુ, અસાર જૂઠા વિષયના ભોગ;
અસાર માંહી સાર છે સેવા, ભક્તિ જ્ઞાન ક્રિયા ગુણયોગ. ॥ ૨૦૫ ॥

અસારમાંથી ગુણ દૃષ્ટિએ, સાર ઘણો સમજી લેવાય;
અસારમાંથી સારમાં જાવું, એવો છે સ્વાભાવિક ન્યાય. ॥ ૨૦૬ ॥

અસારયોગે સાર જણાતો, અસારથી સમજાતો સાર;
અસારનું આલંબન પામી, પછીથી સારનો લાગે પ્યાર. ॥ ૨૦૭ ॥

અસાર તે જડ ભોગ પ્રવૃત્તિ, અસાર છેવટ દેહ છે જાણ;
અસાર તન ધન કુટુંબ કબીલો, ગાડી વાડી લાડી માન. ॥ ૨૦૮ ॥

અસાર તે સહુ મૂકી મરવું, મરતાં સાથે જે નહીં થાય;
અસાર તે જડ સુખની ઇચ્છા, કામ ક્રોધ માયા અન્યાય. ॥ ૨૦૯ ॥

અસાર લોભ ને માન ને પદવી, પુદ્ગલ ખેલો સહુ અસાર;
અસારમાંહી સાર છે આતમ, દર્શન જ્ઞાન ચરણ આધાર. ॥ ૨૧૦ ॥

અસાર સહુ જડ વસ્તુઓથી, જ્ઞાને પ્રગટાતો ઘટ સાર;
અસાર સાર બે સાપેક્ષાએ, સમજીને આતમ ઉદ્ધાર. ॥ ૨૧૧ ॥

અસાર તે પણ સાપેક્ષાએ, સાર અને છે સાર, અસાર;
અનેકનય સાપેક્ષા જાણે, તે જાણે છે અસાર, સાર. ॥ ૨૧૨ ॥

અસત્ય, સત્ય છે સાપેક્ષાએ, અસત્ય તે પણ સત્ય ગણાય.
અસત્યમાંથી સત્યમાં જાવું, અસત્ય યોગે સત્ય ગ્રહાય. ॥ ૨૧૩ ॥

અસત્ય તે પણ સત્ય છે જાણો, સત્ય તે સાપેક્ષાએ અસત્ય;
અસત્ય, સત્યને સાતનયોથી, જાણે તે સમજે છે સત્ય. ॥ ૨૧૪ ॥

અસત્ય, સત્ય છે અસંખ્ય ભેદે; સાપેક્ષાએ સઘળું જાણ;
અસત્ય, સત્ય બે સાથે છે પાસે, અસત્ય ત્યાગી સત્યને જાણ ॥ ૨૧૫ ॥

અભ્યુદય છે ધર્મ વિચારે, સદ્ગુણ શક્તિએ નિર્ધાર;
અભ્યુદય છે જ્ઞાને ત્હારો, સદ્વર્તનરૂપ પ્રાણને ધાર ॥ ૨૧૬ ॥

અભ્યુદય જે તમોરજોગુણી, છેવટ તેનો આવે અંત;
અભ્યુદય સાત્ત્વિક ગુણયોગે, પરંપરાએ સદા વધંત ॥ ૨૧૭ ॥

અભ્યુદયનું મંગળ ચિહ્ન છે, ઉમંગ શ્રદ્ધા ઉદ્યમ ખંત,
અભ્યુદયનું ચિહ્ન છે ધીરજ, બળ બુદ્ધિ કળ શક્તિ તંત્ર ॥ ૨૧૮ ॥

અભ્યાસીને અભ્યુદયની, નિશાનીઓ વેગે પરખાય;
અફીણ આદિ વ્યસનો બૂરાં, તેનો સંગ ન ક્યારે થાય ॥ ૨૧૯ ॥

અફીણ આદિ દુર્વ્યસનોથી, રાષ્ટ્ર પ્રજાને સંઘ વિનાશ;
અશુચિ આદિ વ્યસનોથી છે અધ્યાત્મવ્યસન પણ છે દુઃખકાર. ॥ ૨૨૦ ॥

અભાવને તે ભાવ ન કહાવે, અપેયનું તે કદી ન પાન;
અશ્રદ્ધાનું રહે ન ઠેકાણું, શત્રુના ગુણનું કરે માન ॥ ૨૨૧ ॥
અભ્યુદયકર તે છે ઉદ્યમ, શારિરિક ગુણકર્મથી જોડ;
અનુકૂલાનુન જે વિવેક પામી, નીતિરીતિ વર્તે એવ. ॥ ૨૨૧ ॥
અકાલરૂપી આતમ માની, કાલથી કિંચિત્ ભય નહીં થાય;
અકાલ, તુજને કાલ ન આવે, શત્રુઓથી કદિ ન હાર ॥ ૨૨૩ ॥
અકૃત્રિમ સ્વભાવથી થા આતમ ! અવિકારીપણું દૂર વાર;
અપકારગણથી શીખ લેઇ, ઉત્ક્રાન્તિમાર્ગે પદ ધાર. ॥ ૨૨૪ ॥
અરેલટટ્ટુ જેવો થા નહીં, સાક્ષીભાવે કર ! ! કર્તવ્ય;
અન્તર્ શક્તિયો પ્રગટાવવા, અવતારી થા ચેતન ભવ્ય ! ! ॥ ૨૨૫ ॥
અવગુણીઓની નિંદા કર નહીં, નિંદા કર નહીં બદીને નાશ;
અવગુણીઓને ધિક્કારો નહીં, તું પણ એવો હતો કુકામ ॥૨૨૬॥
અવગુણ મ્હારા જે અંતરમાં, બીજાના કયાં રોપો ગાય;
અવગુણ પણ ત્યારે સદ્‌ગુણી તું, થાઇશ ત્યારે ગુણ નિર્માય ॥૨૨૭॥
અપનીત ઉપનીત વચનો જાણો, જૈનાગમને વાંચી ભવ્ય;
અશક્તિયોનું મૂળ અશ્રદ્ધા, અજ્ઞાન તજીને કર ! ! કર્તવ્ય ॥૨૨૮॥
અશક્તતા, તનુ વીર્યનું રક્ષણ, નહીં કરવાથી વેગે થાય;
અશક્તતા છે, વીર્યના વ્યયથી, બ્રહ્મચર્ય શક્તિ ગુણદાય ॥ ૨૨૯ ॥
અશક્તતા, અતિ મોહે કામે, અતિ પરિશ્રમે તનુમાં થાય;
અશક્તતા, અતિ ભોગે રોગે, અતિ શોકે ભયથી પ્રગટાય ॥૨૩૦॥
અશક્તતાના હેતુઓ જે, તેઓને પહેલાંથી વાર;
અશક્તસંતતિએ પડતી છે, દેશ રાજ્યને કુટુંબ હાર ॥ ૨૩૧ ॥
અશક્તિયોનાં જે જે બીજો, તેને જાણી દૂર નિવાર;
અથડામણ છે અશક્તને બહુ, અશક્ત પર નહીં જુલમ ગુજાર ॥૨૩૨॥
અશક્તિયો, નિજ ભૂલે દોષે, અજ્ઞાને પ્રગટે છે જાણ;
અશક્ત વા શક્ત જ જે રહેવું, તે નિજ હાથમાં જ્ઞાને માન ॥૨૩૩॥
અશક્તિ, તે મનની નબળાઇ, તનની સાધનની નબળાઇ;
અશક્તિ તે દુર્ગુણ વ્યસનોની, હિંમત પણ છે નામર્દાઇ ॥ ૨૩૪ ॥

અશકત થા નહીં મન તનુ વચથી, હિંમત ખંતને ઉદ્યમ ધાર;
અશકિતયોનાં મૂળ ઉખેડી, શકિતયો ધારો સુખકાર. ॥ ૨૩૫ ॥

અનાદિ કાલથી અનંત ભવમાં, ભમિયો ચેતન વાર અનંત;
અનંત દુઃખને પામ્યો મોહે, ભજી લેને ભાવે અરિહંત ॥ ૨૩૬ ॥

અનંત જ્ઞાનાનન્દમયી તું, આતમ–અનંત શકિત સ્વરૂપ;
અનંત જીવનમય તું આતમ, સમરો ધ્યાવો શુદ્ધસ્વરૂપ. ॥ ૨૩૭ ॥

અસંખ્યલોકો તારા જેવા, ચાલી ગયા તું જ્ઞાને પેખ;
અસાવધ રહેજે નહીં ક્ષણ પણ, સુખ સદ્‌ગુણને જ્ઞાને દેખ. ॥૨૩૮॥

અકસ્માત્ અણધાર્યા આવે, ઉપસર્ગોને સંકટ જ્યાંય;
અકસ્માત્ એવા ત્યાં પૂર્વનો,–કર્મોદય છે દુઃખ છે ત્યાંય. ॥ ૨૩૯ ॥

અકસ્માત્ દુઃખો ત્યાં આવે, પૂર્વભવોનાં કર્મે તેહ;
અજાયબી ત્યાં કર્મોદયની, જાણી થાશો સમતાગેહ. ॥ ૨૪૦ ॥

અપત્ય ઉપર સ્નેહ સ્વભાવે, અપત્ય જેવા શિષ્યો ત્યાંય;
અપત્ય પોષણ કરવું એ તો, માત પિતાની ફર્જ ગણાય. ॥ ૨૪૧ ॥

અનાદિકાલથી એવી રીતિ, કુદ્રતીપ્રેમનો એવો ન્યાય;
અનાદિની રીતિ છે એવી, કુદ્રતરૂપપ્રભુલીલ સુહાય. ॥ ૨૪૨ ॥

અનુપમ આત્મપ્રભુ અંતરૂમાં, અનંત આત્મપ્રભુનાં નામ;
અનેક ભાષામાં પ્રભુ નામો, તે તું પોતે આતમરામ. ॥ ૨૪૩ ॥

અનંત આનંદનો તું દરિયો, કયાં તું શોધે જડમાં સુખ;
અનંત આનંદરૂપી આતમ, ભોગમાં રોગ ને અંતે દુઃખ ॥ ૨૪૪ ॥

અનંત તારો અંત ન આતમ, ! અનાદ્યનંત આતમતું એક;
અપાર તારો પાર ન આતમ, એવો ધર તું હૃદય વિવેક. ॥ ૨૪૫ ॥

અમર નિજાતમ મરે ન કયારે, દેહ ફરે પણ આતમ નિત્ય;
અછેદ્ય ને અખંડ્ય અભેદ્ય જ, વિશ્વમાં થા તું પૂર્ણ પવિત્ર. ॥૨૪૬॥

અનાદિ આતમ, કર્મ એ બેથી, જગત્ અનાદિકાલથી જાણ;
અનાદિની ઉત્પત્તિ ન ક્યારે, કર્તા તેનો નહીં પિછાણ. ॥ ૨૪૭ ॥

અનાદિકાલથી ષડ્ દ્રવ્યો છે, વર્તે તે તો કાલ અનંત;
અનાદિ સાદિ ભંગો તેમાં, દ્રવ્યને ગુણપર્યાયે તંત્ર. ॥ ૨૪૮ ॥

અઘટિત ઘટના અકલ્પ્ય કલ્પના, અકસ્માત્ કર્મે પ્રગટાય;
અણુચિંતવ્યું જે આવી પડે ત્યાં, શુભાશુભ કર્મોનો ન્યાય. ॥ ૨૪૯ ॥
અશુભ કર્મો તે છે પાપો, શુભકર્મો તે પુણ્ય પ્રમાણ;
અશુભ વિચારે પાપનો બંધ જ, સારા વિચારે પુણ્ય છે માન. ॥૨૫૦॥
અશુભ પરિણતિ,-પાપ વિચારો, શુભપરિણતિ છે પુણ્ય વિચાર;
અશુભ કષાયે પાપનો બંધ છે, શસ્ય કષાયે પુણ્ય છે ધાર. ॥૨૫૧॥
અશુભને શુભ ત્યાં ન કષાયો, શુદ્ધવિચારે પ્રગટે મુક્તિ;
અશુભ શુભની વૃત્તિ વિના તો, શુદ્ધ ઉપયોગે આતમ મુક્ત. ॥૨૫૨॥
અશુભ શુભ જો મનવૃત્તિ નહીં; જીવન્મુક્ત પ્રભુતા ત્યાંય;
અયોગી આતમ કાર્ય કરે પણ, સમભાવે વર્તે છે ત્યાંય. ॥ ૨૫૩ ॥
અનુપયોગે અધર્મબંધ છે, ઉપયોગે છે આતમધર્મ;
અનુપયોગી રહો ન આતમ!!, ઉપયોગે આતમ છે અકર્મ. ॥૨૫૪॥
અનુભવ જ્ઞાની ગીતાર્થ ગુરૂની, એક ઘડીની સંગત થાય;
અનંત ભવનાં કર્મનાં બંધન, છૂટે સમ્યગ્દૃષ્ટચા ન્યાય ॥ ૨૫૫ ॥
અદ્વૈતવાદને દ્વૈતવાદનો, સ્યાદ્વાદે જ ખુલાસો થાય,
અદ્વૈત દ્વૈત એ બે વાદો પણ, અનેકાંતદૃષ્ટિમાં સમાય ॥ ૨૫૬ ॥
અભેદ ભેદ એ બે વાદો પણ, અનેકાંતદૃષ્ટિમાં સમાય,
અનેકાન્તદૃષ્ટિના જ્ઞાનમાં, સર્વે દર્શન સમાઇ જાય ॥ ૨૫૭ ॥
અનેકાન્તદૃષ્ટિએ સમ્યગ્,-જ્ઞાની તેઓ જૈન ગણાય;
અરિ! અંતરૂગત રાગ રોષને, હણીને અર્હત્પદને પાય ॥ ૨૫૮ ॥
અનેકાન્ત દૃષ્ટિથી સઘળા, મિથ્યાવાદ કદાગ્રહ જાય;
અપેક્ષા-સાતનયોની સર્વમાં, સમજાતાં મોહારિ હણાય ॥ ૨૫૯ ॥
અનેક એકાદિ ઇશ્વરના,-વાદોથી જે ધાર્મિક ભેદ;
અનેકાન્ત દૃષ્ટિમાં સમાતા, સાપેક્ષાએ રહે ન ખેદ ॥ ૨૬૦ ॥
અક્ષય આત્મઅસંખ્યપ્રદેશો, એક બીજાથી થાય ન ભિન્ન;
અવ્યય તેમ અનાદિ અનંતજ, સમજે તે નહીં રહેતો દીન ॥૨૬૧॥
અપવાદે ઉત્સર્ગે જેઓ, જાણે ધર્માચાર વિચાર;
અનેકાન્તનય જ્ઞાની ગીતાર્થજ, જૈનો તે થાતા નિર્ધાર ॥ ૨૬૨ ॥

અમૂલ્ય માનવભવની ક્ષણ એક, અમૂલ્ય છે આતમનું જ્ઞાન;
અમૂલ્ય માનવભવને પામી, આતમ પ્રગટાવો ભગવાન્ ॥ ૨૬૩ ॥

અસાધ્ય કશું નહીં જનને જગમાં, અશક્ત માટે શબ્દ અસાધ્ય;
અભ્યાસે ઉત્સાહે ખંતે, ધૈર્યજ્ઞાને સર્વ સધાય ॥ ૨૬૪ ॥

અમારી પડહો જે વગડાવી, પશુ આદિ કરે હિંસાબંધ;
અર્હત્ પદ આદિ તે બાંધે, સિદ્ધ જિનેશ્વર થાય અબંધ ॥ ૨૬૫ ॥

અશાત દુઃખને ભોગવે તેઓ, જેઓ હિંસાદિ કરનાર;
અધમદશાને તેઓ પામે, વ્યસનાદિક દોષો ધરનાર. ॥ ૨૬૬ ॥

અધમાધમ પાપી છે તેઓ, ઋષિઆદિ હત્યા કરનાર;
અધર્મ જૂઠ ને જૂલ્મ અન્યાયે, પાપો કરી જગમાં જીવનાર ॥૨૬૭॥

અનાથ-તે છે મિથ્યાબુદ્ધિ,-ધારક નગુરા નાસ્તિક લોક;
અનેક પાપ પ્રવૃત્તિવાળા, દુઃખો પામી પાડે પોક. ॥ ૨૬૮ ॥

અનાથ તેઓ જેના શિર પર, દિલમાં સત્ય નહીં ભગવાન;
અન્નાદિક માટે જે રૂવે, અનાથજનને આપો દાન. ॥ ૨૬૯ ॥

અન્ન ને પાણીથી સહુ જીવો, જીવંતા નજરે દેખાય;
અન્ન ને પાણી સમું નહીં દાન કો, જેથી લોકો જીવ્યા જાય ॥૨૭૦॥

અન્નને આપી ભોજન કરવું, ધર્મી લોકોનું શુભ કૃત્ય;
અહરૂ અહરૂ પ્રતિભોજન પહેલાં, અન્નદાનને દેજો નિત્ય ॥ ૨૭૧ ॥

અપમંગલ સહુ પાપોદયથી, પુણ્યોદયથી મંગલ થાય;
અનુભવ સત્ય છે એવો જ્યાં ત્યાં, સમજી ધર્મ કરો સુખ ન્યાય ॥૨૭૨॥

અન્નોદકથી જીવાડ ! ! જીવો, તેથી પુણ્યનો થાતો બંધ;
અનાશ્રયીને આપજે આશ્રય, વિષયોમાં થાજે નહીં અન્ધ ॥૨૭૩॥

અદ્યાપિ પર્યંત જન્મીને લ્હેં, કર્યાં શાં ? પુણ્યને પાપનાં કૃત્ય;
અત્યારે શું કરે છે તે જો ! !, હવેથી આદરજે ઘટ સત્ય. ॥ ૨૭૪ ॥

અત્યારે જે કરવાનું તે, કાલ ઉપર આતમ ! ! નહીં રાખ;
અધુના કરવાનું તે અધુના, કર ! આતમ સુખ શાંતિ ચાખ. ॥૨૭૫॥

અર્થીજન નિજ પાસે આવે, એવી દુનિયા કુદ્રતૂરીતિ;
અર્થ વિના જે પાસે આવે, પરમાર્થી સ તેની પ્રવૃત્તિ. ॥ ૨૭૬ ॥

અર્થ કામ બે પુણ્યે મળતા, ધર્મ કર્યાથી અર્થ પમાય;
અર્થનું કારણ ધર્મ પુણ્ય છે, ધર્મે રાજાદિપદ પાય. ॥ ૨૭૭ ॥
અવલંબન કર ! ! ગુણીજનોનું, મળ્યું તેમાંથી કર કંઇ દાન;
અવજ્ઞા કર નહીં કોઇની ક્યારે, અપાય કરતાં અપાય જાણ. ॥૨૭૮॥
અથથી ઇતિ સુધી અર્પિ શુદ્ધ, રહે ધન્ય તે નરને નાર;
અર્ઘ્યજ તે છે દેવની પેઠે, પૂજાતાં જગમાં નિર્ધાર. ॥ ૨૭૯ ॥
અઘ સહુવારે અર્થ તે જગમાં, અનંતજીવન પામે તેહ;
અધિકા જગમાં ઉંચા થાવા, ધારો ગુણ સત્કર્મનો નેહ. ॥ ૨૮૦ ॥
અહિંયાં જેવું કરો વિચારો, તેવું ફલ પરભવમાં થાય;
અત એવ અહિંયાં આતમ ગુણોને, પ્રગટાવો સહુ દુઃખો જાય. ॥૨૮૧॥
અનંગ જીતે અંગ ધરે નહીં, અંબર સમ નિઃસંગી થાય;
અંગમાં અનંગ જેને છે નહીં, તે પરમાતમરૂપ સુહાય. ॥ ૨૮૨ ॥
અમારો જ્ઞાને દૃઢ નિશ્ચય છે, મોહાદિકથી રહેવું દૂર;
અમારો નિશ્ચય બ્રહ્મનૂરમાં, મેળવવું નિજ બ્રહ્મનું નૂર. ॥ ૨૮૩ ॥
અમારે સર્વ જીવોની સાથે, આતમભાવથી મળવું સત્ય;
અમારો નિશ્ચય સર્વ જીવોના,-હિતાર્થે કરવું ધર્મનું કૃત્ય. ॥૨૮૪॥
અમારો નિશ્ચય જ્ઞાન સમાધિ,-યોગે પ્રભુરૂપ થાવું એહ;
અનુભવ એવો અમને આવ્યો, પ્રભુ પદ વરશું બની વિદેહ. ॥૨૮૫॥
અખિલ જીવોને આતમ સરખા, માન્યા કરૂં ન કોપર રીસ;
અખિલ વિશ્વમાં સર્વ જીવોને, આતમસમા દેખું જગદીશ. ॥૨૮૬॥
અખિલ વિશ્વની સાથે મારો,-આત્મૈક્યે પ્રભુપ્રાદુર્ભાવ;
અનંતજીવનભાવે પ્રગટ્યો, લીધા આત્મ જીવનના લ્હાવ. ॥ ૨૮૭ ॥
અફીણ જેવું મોહીજીવન, ત્યાગી અમૃત જીવન ધાર;
અટકાવો મોહની વૃત્તિયો, દિલમાં પેસંતી તત્કાલ. ॥ ૨૮૮ ॥
અવનીમાં જન્મીને આતમ, ! ! અવનવી શોધો કરજે ભવ્ય;
અફલ ન પલ પણ જવા દે જે, સાક્ષી થઇને કર ! ! કર્તવ્ય. ॥૨૮૯॥
અક્રિયાવાદી કૃષ્ણપક્ષીયો, શુકલપક્ષી ક્રિયાવાદી ભવ્ય;
અક્રિયવાદી અબંધ અક્રિય,-જીવ માને કરે નહીં કર્તવ્ય. ॥૨૯૦॥

અક્રિયવાદી મોક્ષ ન માને, સેવા ભકિત ક્રિયાનો ત્યાગ;
અક્રિય માને એકાન્તે નિજ, આતમ એવો મિથ્યારાગ. ॥ ૨૯૧ ॥

અલંકારથી દેહ ન શોભે, અલંકાર ગુણરૂપ ન હોય;
અલંકાર સાચા સદ્‌ગુણ ગણ ! ! અલંકાર નૈસર્ગિક જોય. ॥ ૨૯૨ ॥

અવનવું પર્યાયે જગ થાતું, પર્યાયે સર્વે બદલાય;
અવ નવ અવતારો પર્યાયો, કર્મો-પર્યાએ કહેવાય. ॥ ૨૯૩ ॥

અવતર્યો મનુષ્યરૂપે આતમ ! !, અનીષ્ટ ઇષ્ટનો કરો વિવેક,
અનિષ્ટ ત્યાગી ઇષ્ટને પામી, પ્રભુમય જીવનની ધર ! ! ટેક ॥૨૯૪॥

અકલ્પ્ય આત્મસ્વરૂપ છે તારૂં, મન ઇન્દ્રિથી નહીં કળાય;
અસંખ્યપ્રદેશી આતમ તું છે, નિર્વિકલ્પે આપ કળાય ॥ ૨૯૫ ॥

અધિપતિ તું છે સર્વ શકિતનો, કર્મનાશથી પ્રગટે શકિત,
અધિપતિના સહુ અધિકારોને, વાપરવાની કરશો ભકિત ॥ ૨૯૬ ॥

અચલ અચિંત્ય છે સ્વરૂપ તારૂં, પ્રભુથી એકમેક થઇ જાવ ! ! !;
અસ્તિતા-પર જડ વસ્તુની, ભૂલી પ્રભુમાં ધ્યાન લગાવ ! ! ॥૨૯૭॥

અગણિત પ્રભુનો મહિમા ભારી, પ્રભુ શકિત છે અનંત અપાર;
અનંત ગુણ પર્યાયમયી તું, આતમપ્રભુ, સત્તાએ ધાર ॥ ૨૯૮ ॥

અણગમો દુર્ગુણ વ્યસનો ઉપર, ક્ષણુક્ષણ આતમમાંહી ભાવ ! !;
અણગમો કર બૂરી ટેવો પર, ગુણીઓ પર પ્રીતિને લાવ ॥ ૨૯૯ ॥

અનિલની પેઠે સર્વ વિશ્વમાં, અપ્રતિબદ્ધપણે ફર દેખ;
અનિલના ગુણને આતમ ! ! લેશો, દુર્ગુણોને દૂર ઉવેખ ॥ ૩૦૦ ॥

અણિશુદ્ધ અથથી ઇતિ સુધી, શુદ્ધ રહે જે નર ને નાર;
અગણિત કીર્તિ મહિમા પામે, પ્રભુ પેઠે પૂજાતાં ધાર ॥ ૩૦૧ ॥

અણુસમ લઘુતા ધરીને વર્તો, મેરૂ સમ નિજ પ્રભુતા ધાર,
અગુરૂ લઘુ નિજ આતમ જાણો, સ્વભાવે જ્ઞાનાનંદ અપાર ॥૩૦૨॥

અમર થયા તે જગમાં લોકો, પરમાર્થે જીવ્યા જગમાંહ્ય;
અમર થયા જેણે પ્રભુમાં સહુ, હોમ્યું બીજું ચહે ન કાંય ॥૩૦૩॥

અમર થયા જેણે નિજ શુદ્ધિ, કરી પ્રગટાવ્યો પૂર્ણાનન્દ;
અમર થયા જેણે મનને જીત્યું, ટાળ્યા રાગ ને રોષના ફંદ ॥૩૦૪॥

અમર થયા જેણે નિષ્કામે, તપ જપ, પ્રભુમાં હોમ્યા પ્રાણ;
અમર થયા જેણે જ કપાયો, ટાળી પામ્યા પદ નિર્વાણ ॥ ૩૦૫ ॥

અભડાવું છે રાગ રોષથી, શુદ્ધાતમ તો નહીં અભડાય;
અભડાતો નહીં આત્મોપયોગી, જગમાં સ્પર્શ્યાસ્પર્શ્ય છે ન્યાંય. ॥૩૦૬॥

અઘરાં કાર્યો પણ અભ્યાસે, બળ કળથી સહેલાં થઇ જાય;
અઘરાં કાર્યો કોઇ ન જગમાં, બુદ્ધિ કળ બળ ગ્રહે ઉપાય. ॥૩૦૭॥

અવગણના નહીં કરશો કો'ની,-વિના પ્રયોજન કરો વિવેક;
અર્વાચીન પ્રાચીનમાંથી શુભ, સત્ય શક્તિપ્રદ ગ્રહો અનેક ॥ ૩૦૮ ॥

અર્વાચીન પ્રાચીન ઈતિહાસો, સર્વ ધર્મ પ્રજાના ઉકેલ;
અર્વાચીન પ્રાચીનમાં સાચું, હોય તે ગ્રહશો ધરીને પહેલ ॥૩૦૯॥

અનુકરણ કરો ગુણ શક્તિનું, પૂરૂં સમજીને નરનાર;
અનુકરણ સમજ્યા વણ કરવું, તેથી ખત્તા પડતી ધાર. ॥ ૩૧૦ ॥

અક્ષર દેહે થયા અમર તે, દાની શૂરાઓ ને સંત;
અક્ષર દેહે અમર થયા તે, પરમાર્થી ઉપકારી ભક્ત. ॥ ૩૧૧ ॥

અર્જુન પેઠે યોદ્ધા થાતા, તે જગમાં પામે જયકાર;
અલએલો પ્રભુ દિલમાં ધરતાં, આત્મપ્રભુ પ્રગટે નિર્ધાર. ॥૩૧૨॥

અજ્ઞાનવાદી એવું માને, અજ્ઞાને સુખિયા નરનાર;
અજ્ઞાને નહીં ભેદ ખેદને, રાગ રોષ દુ:ખો અહંકાર. ॥ ૩૧૩ ॥

અજ્ઞાનવાદી પાખંડી છે, અક્રિયવાદી પેઠે તેહ;
અનેકાન્તનયથી એ બેનો, મિથ્યાભાવ ટળે છે એહ. ॥ ૩૧૪ ॥

અજ્ઞાનવાદી પેઠે જેઓ, એકાંત માને જ્ઞાનનો વાદ;
અશુદ્ધતાને કરતા રહેતા, તે પણ છે મતિનો ઉન્માદ. ॥ ૩૧૫ ॥

અજ્ઞાનવાદી પેઠે જેઓ, એકાંતે ગ્રહે વિનયનો પક્ષ;
અનેકાન્તદૃષ્ટિ વણ મિથ્યા, સેવાભક્તિ પણ નિરપેક્ષ. ॥ ૩૧૬ ॥

અનેકાંતનયદૃષ્ટિએ છે, ક્રિયાવિનય મોક્ષાર્થે સત્ય;
અનેકાન્તથી જ્ઞાન છે હેતુ, અજ્ઞાને શુભ ધર્મનાં કૃત્ય. ॥ ૩૧૭ ॥

અલર્ક શ્વાનની પેઠે જગમાં, અતિકામીની વૃત્તિ પ્રવૃત્તિ;
અથાગ આત્મોત્સાહ ધરીને, કામ તજીને બનો પવિત્ર. ॥ ૩૧૮ ॥

[illegible] પણ [illegible] જો, કરે જે ઉપકારી શુભ કાજ;
[illegible] શુભ પુણ્યને બાંધે, પામે સ્વર્ગતણું સામ્રાજ્ય. ॥ ૩૧૯ ॥

[illegible] —નિરાશ્રે તપ જપ ચારિત્ર;
[illegible] ધર્મ કરીને, જ્ઞાની થઈ બને સુકૃત પવિત્ર. ॥ ૩૨૦ ॥

[illegible], શુદ્ધભાવથી સમજીને ત્યાગ ;
[illegible], આત્મજ્ઞાનથી શમજી જાગ ॥ ૩૨૧ ॥

[illegible] આરાધ [illegible];
[illegible] આરાધ સમાન. ॥ ૩૨૨ ॥

[illegible] આરાધ જે સત્ય;
[illegible] નિજ ગણુ આરાધ્ય. ॥ ૩૨૩ ॥

[illegible] દુઃખી થાય;
[illegible] ॥ ૩૨૪ ॥

[illegible]
[illegible] ॥ ૩૨૫ ॥

[illegible]

અદા કરો નિજ ફર્જને આતમ !!!, ફર્જ અદા કર થઇ નિષ્કામ;
અદા કરે નહીં ફર્જને જેઓ, નિર્બલ નિર્જીવ તેહ હરામ. ॥૩૩૩॥
અદા કરો ફર્જોને નક્કી, સ્વાધિકારે પ્રાપ્ત થએલ;
અદા કરી ફર્જોને પાછું, ફલ ઇચ્છે નહીં તે સમજેલ. ॥ ૩૩૪ ॥
અશાતારૂપી ફલ છે કડવું; દુઃખ તે પાપના ઉદયે જાણ;
અસાત પ્રગટે અકળાઇશ નહીં, રાખજે નિજ આતમમાં ધ્યાન. ॥૩૩૫॥
અબળાઓ પર જૂલ્મ કરો નહીં, સંતાપો નહીં અબળા જાત;
અબળાઓને દુઃખો દેતાં, દેશ કોમ પડતી સાક્ષાત્. ॥ ૩૩૬ ॥
અબલજનોને સત્તા બળથી, આપો નહીં દુઃખો સંતાપ;
અબળોપર અન્યાયો જૂલ્મો, કરતાં પ્રગટે મોટું પાપ. ॥ ૩૩૭ ॥
અવશ્ય ભાવીભાવ જે બનતું, ત્યાં ઉદ્યમનું જોર હણાય;
અચરિજ ત્યાં કશું માન ન આતમ ! ભવિતવ્યતા મુખ્ય ત્યાં થાય. ॥૩૩૮॥
અત્યાચારને કરો ન ક્યારે, અત્યાચારથી પાપનો બંધ;
અત્યાચારી શાંતિ ન પામે, દેખંતો પણ જાણો અન્ધ. ॥ ૩૩૯ ॥
અનાચારથી પતિતપણું છે, અનાચારને દૂરે છંડ;
અતિચારોને દૂરે હરજે, રાખ ન કૃત્રિમ જૂઠ ઘમંડ. ॥ ૩૪૦ ॥
અખાડા—કુસ્તીમાં ઉપયોગી, શારીરિકશક્તિને હેત;
અખાડા ઉપયોગી છે જગમાં, તનુ બલવૃદ્ધિનો સંકેત. ॥ ૩૪૧ ॥
અમદાવાદ છે ગુર્જર દેશમાં, જૈનકોમનું મોટું ધામ;
અનેક જૈનમંદિર ઉપાશ્રય, અનેકસાધુઓનું ઠામ. ॥ ૩૪૨ ॥
અરૂચિ કર !! નહીં ધર્મકર્મમાં, સંતોપર રૂચિભાવ વધાર !!;
અપ્રિય થાવાનાં કૃત્યોને, જેમ બને તેમ દૂર નિવાર. ॥ ૩૪૩ ॥
અડગ રહો આતમ નિજ ધર્મે, ડગો નહીં દુષ્ટોથી લેશ;
અડગપણાથી શત્રુ સામા, ઉભા રહેતાં ટળતા ક્લેશ. ॥ ૩૪૪ ॥
અડગ રહીને પાળ !! પ્રતિજ્ઞા, અડગ રહીને કર કર્તવ્ય;
અડગ રહી નિજ ફર્જ અદાકર !!, તેથી સ્વોન્નતિ છે તુજ ભવ્ય. ॥૩૪૫॥
અસ્થિર મનથી મોટાં કાર્યો, થતાં નહીં સંશયથી જાણ;
અસ્થિરતા તે મોહને શંકા, ભીતિ લોભને કામ છે માન. ॥૩૪૬॥

અસ્થિરતા તજ સ્થિરતા ધર મન, અસ્થિર કોઈ ઠરે નહિ ઠામ;
અસ્થિરનો વિશ્વાસ ન કરવો, અસ્થિરમાં કંઇ હોય ન હામ. ॥૩૪૭॥

અસ્થિરજન, પાળે શું પ્રતિજ્ઞા, અસ્થિર, ભાગી નાશી જાય;
અસ્થિર જનનું મન બાળક સમ, જ્યાં બેસે ત્યાં તેવું થાય. ॥૩૪૮॥

અપજશ કલંકથી નહીં બીવે, તેવો મહાપાપી વા સંત;
અપજશથી દુનિયાદારીમાં, જશ જીવનનો આવે અંત. ॥ ૩૪૯ ॥

અસહ્ય સંકટ આવી પડે પણ, અધર્મના પંથે નહીં ચાલ;
અનેક સંકટ વેઠીને પણ, ધર્મન્યાય નીતિમાં હાલ. ॥ ૩૫૦ ॥

અત્યાચારીઓના જૂલ્મો, સામા રહી નિજ કરો બચાવ;
અતિશય દુઃખ તે અલ્પકાલતક, સમજી મનમાં ધીરજ લાવ. ॥૩૫૧॥

અધર્મ તે છે કે જેથી નિજ, અન્યજીવોને દુઃખો થાય;
અધર્મ, હિંસા જૂઠ ને ચોરી, વ્યભિચાર જૂલ્મો અન્યાય. ॥૩૫૨॥

અકડાઈ જા નહીં અભિમાને, અકડાઇથી મળે ન જ્ઞાન,
અક્કડ થઈ જે ફક્કડ ફરતા, પામે નહિ તે સત્યની સાન. ॥ ૩૫૩ ॥

અકસ્માત્ છે કર્મોદયથી,-બુદ્ધિનું જ્યાં કાર્ય ન થાય;
અકળ કળા છે કર્મપ્રભુની, સુખ દુઃખની પ્રગટાવે છાંય. ॥ ૩૫૪ ॥

અકળાઈ જાવું નહીં ક્યારે, મગજ ખોઈને બોલ ન બોલ;
અક્કલથી છે આગળ જાવું, ગુરુની આગળ પડદો ખોલ. ॥ ૩૫૫ ॥

અક્ષરજ્ઞાનથી જ્ઞાનીઓના, જ્ઞાનનો મળે ખજાનો બેશ,
અક્ષર બ્રહ્મ નિજાતમ નક્કી, પ્રગટતાં નહીં રહેતા ક્લેશ. ॥ ૩૫૬ ॥

અવિશુદ્ધ બ્રહ્મચારી જેઓ, ખરે ન જેનું વીર્યનો બિન્દુ;
અતુલ બલી તે પ્રચંડ કાર્યો, કરતાં પ્રગટાવે સુખસિન્ધુ. ॥ ૩૫૭ ॥

અખાડા કર નહીં લેઈ ઝોળી, અગડંબગડં કર નહીં કાજ;
અગત્ય આવે મિત્રો સાચા, પરખાતા જે રાખે લાજ. ॥૩૫૮॥

અગમવેદીથી વર્તે જેઓ, અનેક દુઃખનો પામે પાર;
અગમરંગમાં જ્ઞાની સંતો, હંસ બનીને કરે વિહાર. ॥૩૫૯॥

અગમ વાણી છે યોગીઓની, પરાપાર પામ્યા છે જેહ;
અગમ્યજ્ઞાની સર્વજ્ઞ જિનવર, કેવલજ્ઞાને ભાખે તેહ. ॥૩૬૦॥

અગાધ જ્ઞાનનો,-દરિયો આતમ, પામે તેનો જ્ઞાની અંત;
અજ્ઞાની નહીં જ્ઞાનને જાણે, જાણે નહીં તે સાચા સંત. ॥૩૬૧॥
અગ્રેસર થા ! ! દેશ કોમને, સંઘ પ્રજાના હિતને માટ,;
અગ્રેસર થા ! ! પુણ્યકાર્યમાં, અગ્રેસર થા મોક્ષની વાટ. ॥૩૬૨॥
અઘને ટાળો સત્ય વિચારે, ધર્માચારે અઘનો નાશ;
અઘરૂં તે પણ સહેલું થાતું, અભ્યાસે ઉત્સાહે ખાસ. ॥૩૬૩॥
અઘોર પંથી નહીં ઉપયોગી, કરે નહીં જનતા કલ્યાણ,
અઘોરી બાવા, તમોગુણી બહુ, કરો ગુણીનું સાચું માન. ॥૩૬૪॥
અટકાવો જગ થનાર પાપો, અટકાવો જૂલ્મો જે ઘોર;
અટકાવોને અનીતિયુદ્ધો, અટકાવોને બૂરા ચોર. ॥ ૩૬૫ ॥
અટકાવો નહીં સારાં કાર્યો, પાપ વિચારોને અટકાવ !!;
અવળા પન્થે જનારાને, અટકાવી સત્પંથે લાવ. ॥૩૬૬॥
અટવી છે દોષોની અંતરુ, તેને સાફ કરીને ચાલ,
અડચણ આવે તેની સામો, થઈને આગળ પંથમાં હાલ. ॥૩૬૭॥
અટપટી સેવાને ભક્તિ છે, અટપટી જ્ઞાનની વાતો જાણ;
અપેક્ષા સમજે તેને અટપટ, ખટપટ ટળતી નિશ્ચય માન ॥૩૬૮॥
અટકો જોઈ વિચારીને બહુ, અટકી જા નહીં કરતાં ધર્મ;
અડગ રહીને સ્વાધિકારે, કર ! ! ઉપયોગે સુખકર કર્મ. ॥ ૩૬૯ ॥
અડુક દડુકીયો નિર્બલ માનવ, અધિકારથી બનતો ભ્રષ્ટ;
અણગમતો સુજ્ઞોને થા નહીં, અનુચિત કરે તે થાતો નષ્ટ. ॥૩૭૦॥
અતિશયોક્તિ કરતાં વદતાં, સાચું પણ જૂઠામાં જાય;
અત્યાચારને થાતાં વારો, અનાચારથી દુઃખો થાય. ॥ ૩૭૧ ॥
અથડાવવાનું નકામું કર નહીં, અદબ ધરીને જ્યાં ત્યાં ચાલ;
અધકચરૂં રહેવું નહીં સારૂં, અધમોદ્ધાર પ્રભુ સંભાર. ॥ ૩૭૨ ॥
અધીરો થા નહીં કાર્યો કરતાં, કરે ઉતાવળ થાય ન કાજ;
અધીર બન્યા વણ કાર્યો કરતાં, પ્રગતિનું પ્રગટે સામ્રાજ્ય. ॥ ૩૭૩ ॥
અધ્યાપકની સેવાભક્તિ-કરવાથી વિદ્યાની સિદ્ધિ,
અધ્યારોપ છે જડમાં સુખનો,-સાચી આતમસુખની ઋદ્ધિ. ॥ ૩૭૪ ॥

અસ્થિરતા તજ સ્થિરતા ધર મન, અસ્થિર કોઈ ઠરે નહિ ઠામ;
અસ્થિરનો વિશ્વાસ ન કરવો, અસ્થિરમાં કંઇ હોય ન હામ. ॥૩૪૭॥
અસ્થિરજન, પાળે શું પ્રતિજ્ઞા, અસ્થિર, ભાગી નાશી જાય;
અસ્થિર જનનું મન બાળક સમ, જ્યાં બેસે ત્યાં તેવું થાય. ॥૩૪૮॥
અપજશ કલંકથી નહીં બીવે, તેવો મહાપાપી વા સંત;
અપજશથી દુનિયાદારીમાં, જશ જીવનનો આવે અંત. ॥ ૩૪૯ ॥
અસહ્ય સંકટ આવી પડે પણ, અધર્મના પંથે નહીં ચાલ;
અનેક સંકટ વેઠીને પણ, ધર્મન્યાય નીતિમાં હાલ. ॥ ૩૫૦ ॥
અત્યાચારીઓના જૂલ્મો, સામા રહી નિજ કરો બચાવ;
અતિશય દુઃખ તે અલ્પકાલતક, સમજી મનમાં ધીરજ લાવ. ॥૩૫૧॥
અધર્મ તે છે કે જેથી નિજ, અન્યજીવોને દુઃખો થાય;
અધર્મ, હિંસા જૂઠ ને ચોરી, વ્યભિચાર જૂલ્મો અન્યાય. ॥૩૫૨॥
અકડાઈ જા નહીં અભિમાને, અકડાઇથી મળે ન જ્ઞાન,
અક્કડ થઈ જે ફક્કડ ફરતા, પામે નહિં તે સત્યની સાન. ॥ ૩૫૩ ॥
અકસ્માત્ છે કર્મોદયથી,-બુદ્ધિનું જ્યાં કાર્ય ન થાય;
અકળ કળા છે કર્મપ્રભુની, સુખ દુઃખની પ્રગટાવે છાંય. ॥ ૩૫૪ ॥
અકળાઇ જાવું નહીં ક્યારે, મગજ ખોઇને બોલ ન બોલ;
અક્કલથી છે આગળ જાવું, ગુરૂની આગળ પડદો ખોલ. ॥ ૩૫૫ ॥
અક્ષરજ્ઞાનથી જ્ઞાનીઓના, જ્ઞાનનો મળે ખજાનો બેશ,
અક્ષર બ્રહ્મ નિજાતમ નક્કી, પ્રગટતાં નહી રહેતા ક્લેશ. ॥ ૩૫૬ ॥
અણિશુદ્ધ બ્રહ્મચારી જેઓ, ખરે ન જેનું વીર્યનો બિન્દુ;
અતુલ બલી તે પ્રચંડ કાર્યો, કરતાં પ્રગટાવે સુખસિન્ધુ. ॥ ૩૫૭ ॥
અખાડા કર નહીં લેઈ બોલી, અગડંબગડં કર નહીં કાજ;
અગત્ય આવે મિત્રો સાચા, પરખાતા જે રાખે લાજ. ॥૩૫૮॥
અગમચેતીથી વર્તે જેઓ, અનેક દુઃખનો પામે પાર;
અગમપંથમાં જ્ઞાની સંતો, હંસ બનીને કરે વિહાર. ॥૩૫૯॥
અગમ વાણી છે યોગીઓની, પરાપાર પામ્યા છે જેહ;
અગમભાખી સર્વજ્ઞો જિનવર, કેવલજ્ઞાને ભાખે તેહ. ॥૩૬૦॥

અકપુણ્ય, ઉદ્યમ ઉત્સાહે, બુદ્ધિપુણ્યસંગે થાય;
અમરપટો નહીં દેહનો જગમાં, અમૃતફળ તે જ્ઞાન સુહાય. ॥ ૩૮૯ ॥

અમલઝેરીમાં ભૂલે દોષો, પોતાનું ખરૂં તે વિસરાય;
અમલી, પ્રસંગે ભૂલે સારૂં, અમલી છે પરતંત્ર કથાય. ॥ ૩૯૦ ॥

અમલ ચલાવો મનની ઉપર, મન ઇન્દ્રિને વશમાં રાખ;
અમીની દૃષ્ટિએ લે સૌને, અમીદૃષ્ટિથી અમૃત ચાખ. ! ! ॥ ૩૯૧ ॥

અર્પાઇ જા પરમાર્થે તું, પ્રભુમાં અર્પાઇને જીવ !!
અર્પાઇ પ્રભુમાં જે જીવે, આતમ તે થાવે છે શિવ. ॥ ૩૯૨ ॥

અરસપરસ જીવોએ જગમાં, સુખ દુઃખમાં લેવો શુભ ભાગ;
અરસપરસના સુખના માટે, અર્પાવું તેમાં તું જાગ. ॥ ૩૯૩ ॥

અર્ધ્ય છે અતિથિ ગુરૂ શુભ સંતો. કર તેઓનું અર્ચન બેશ;
અર્ધ્યપાદથી ઉચ્ચ વિનય છે, તેથી નાસે મનના ક્લેશ. ॥ ૩૯૪ ॥

અર્થને સમજી આત્મોન્નતિ કર ! ! અર્થદાસ તે મહા ગુલામ;
અર્થશાસ્ત્રનું જ્ઞાન કરીને, નીતિએ રળવા શુભ દામ. ॥ ૩૯૫ ॥

અલાબલા તે મનની માયા, અલ્પજ્ઞાનથી અતિશય હાન;
અલ્પકૃપા તે પાપ વિચારો, પાપાચારોમાંહી માન. ॥ ૩૯૬ ॥

અવગુણ ઉપર ગુણ કરનારા, સંતો ભક્તો કેક મહંત;
અવગુણ ઉપર અવગુણ કરવો, તેથી કોઇ ન થાતો સંત. ॥ ૩૯૭ ॥

અવદશા વા ઉચ્ચદશામાં, યોગ્ય દર્શની લાગણી વાર,
અભિપ્રાયો નિષ્પક્ષ જે સારા, ખરા તેમાં સમતા ધાર. ॥ ૩૯૮ ॥

અવધિ સમજી અવોધ ધારો, અવધિજ્ઞાનનો કરો પ્રકાશ;
અવઢોઢો જગને ગુરૂદૃષ્ટિ, અવશ્ય ધર પ્રભુ ગુરૂ વિશ્વાસ; ॥૩૯૯॥

અવલવાણી, જ્ઞાની સંતોની, જ્ઞાનીને સઘળી સમજાય,
અવર્ણીવણી, આત્મજ્ઞાનમય, સમજે શાસ્ત્ર રહસ્ય તે પાય. ॥૪૦૦॥

અવિદ્યા જ્યાં ત્યાં અંધારૂં છે, અવિનીત અજ્ઞાની અન્ધ;
અશાન્ત પરિણતિથી પ્રગટે, સર્વ દુઃખ છે પાપના બંધ. ॥ ૪૦૧ ॥

અહિંસાચારપર લક્ષ દેજો, જેનો ઊંચો છે આચાર;
અષ્ટાંગ તેમાં બ્રહ્મચર્ય વળ, નહિ શક્તિ સમું અન્ય ખાસ. ॥૪૦૨॥

અસુરો, પાપથી જીવે જગમાં, ધર્મે જીવે સુર, તે જાણ;
અહમેવ અસુરોની પ્રકૃતિ, શૂર સદા છે નિરભિમાન. ॥ ૪૦૩ ॥

અલ્પ દોષને અલ્પ પાપ પણ, પરભવમાં દુઃખકારક થાય;
અલ્પ અલ્પ પણ દાન દયા દમ, મોક્ષાર્થે નક્કી સમજાય. ॥ ૪૦૪ ॥

અનુક્રમે પુદ્ગલ સુખમાંથી, આત્મિક સુખ, અનુભવે પમાય;
અનુક્રમનો અનુભવ છે એવો, સમજુ અનુક્રમે આગળ જાય ॥ ૪૦૫ ॥

અનુક્રમે પુદ્ગલ સુખથી, આતમ-સુખનો અનુભવ આવે સત્ય;
અનુભવ આત્માનંદનો પ્રગટે, લાગે જડ સુખ પછીથી અસત્ય. ॥૪૦૬॥

અનુભવ આવે આતમ સુખનો, ત્યારે જડરસ રૂચિ વિણસાય;
અનુભવ આત્માનંદનો નાવે, ત્યાં લગી જડસુખ વૃત્તિ રહાય. ॥૪૦૭॥

અનુભવ આત્મિક સુખનો આવે, બાહ્યરસો સ્વયમેવ વિલાય;
અનુભવ આવ્યા પામ્યા વણ કો, બ્રહ્મ રસીલો નહીં ગણાય. ॥ ૪૦૮ ॥

અનુભવ જ્યારે આત્મિક સુખનો, આવે ત્યાં નહીં મૈથુન ચાહ;
અનુભવ જ્યારે આત્મિક સુખનો, પ્રગટે તદા નહીં કામનો દાહ ॥૪૦૯॥

આ

આતમ, દર્શન જ્ઞાન ચરણમય, જાણે તે તું આતમ આપ;
આતમ, આનંદરૂપી નિશ્ચય, જ્ઞાને આતમ લક્ષણ છાપ. ॥૪૧૦॥

આતમ, કર્મ અનાદિ, કાળનું, તોયે તેનો થાતો નાશ;
અનંત અનાદિ અકલ અલખછે, આતમ તે તું ધર વિશ્વાસ. ॥૪૧૧॥

આલસ કર નહીં આતમધર્મે, આત્મશુદ્ધિના ધર ! ! ! આચાર;
આદર કર ! ! નિજ આત્મગુણોનો, આત્મસ્વભાવે ધર્મજ ધાર. ॥૪૧૨॥

આચાર્યો જે ધર્મગુરૂઓ, તેઓને શ્રદ્ધાએ સેવ;
આચારો પાળો શુભ સુખકર, ઓળખ સાચા અરિહંત દેવ ॥૪૧૩॥

આસવ ત્યાગી સંવર ધારો, આજ્ઞા ગુરૂની પાળો બેશ;
આશા તૃષ્ણા વાસના વારો, આમ્ર સમા થઈ ટાળો ક્લેશ. ॥૪૧૪॥

આત્મપ્રદીપ છે દીપક સરખો, તથાત્મદર્શન ગ્રન્થ છે સાર;
આત્મતત્ત્વ દર્શન શુભનામે, રચના કીધી પર સુખકાર. ॥૪૧૫॥

આનંદઘન પદસંગ્રહ ઉપર, કીધો મેં ભાવાર્થ પ્રકાશ;
વાંચે તે ગ્રન્થ તેઓ તરશે, થાશે અનુભવ જ્ઞાન પ્રકાશ. ॥૪૧૬॥

આયુષ્ય એળે ગાળ ન આતમ ! !, આડો અવળો ક્યાં અથડાય;
આવક જાવક વિવેક કરતાં, આપત્તિ આવે ન કદાય. ॥૪૧૭॥

આપત્કાલે આપદ્ ધર્મે, રહેવું અવસર જાણી ભવ્ય;
આજ્ઞા-માતપિતા સદ્‌ગુરૂની, પાળો કરશો સત્કર્તવ્ય. ॥૪૧૮॥

આજનું કરવું કાલની ઉપર, રાખો નહીં જગમાં નરનાર;
આશ્રય આપો નિરાશ્રિતોને, સાત્વિક કરશો શુભ આહાર. ॥૪૧૯॥

આપત્તિમાં ધીરજ ધરવી, જીવો ! ! ! નહીં રાખી પર આશ;
આચાર્યોની સેવા કરશો, આચારોને પાળો ખાસ. ॥૪૨૦॥

આળ ન દેશો દ્વેષે કો પર, આળથી પરભવ આવે આળ;
આળ ચડાવો નહીં શત્રુપર, આળથી પાપ ને દુઃખજંજાલ. ॥૪૨૧॥

આમ્ર સરીખા થાવું મીઠા, પરોપકારો કરીને સત્ય;
આયુષ્ય પૂરૂં થાવા પહેલાં, ધર્મકર્મનાં કરી લો કૃત્ય. ॥૪૨૨॥

આર્યદેશમાં આત્મજ્ઞાનને, આધ્યાત્મિક તત્ત્વોનો પ્રકાશ;
આવિર્ભાવે પામ્યો પૂરો, જૈનને હિંદુ આર્યો ખાસ. ॥૪૨૩॥

આસ્તિક તે કહેવાતા લોકો, દેવગુરૂને માને ધર્મ;
સ્વર્ગ નરક મુક્તિને માને, પુનર્જન્મ આતમને કર્મ. ॥૪૨૪॥

આનંદઘન મુનિવરની પેઠે, આતમનો આદર્શ જગાવ ! !;
આત્મારામની પેઠે પંડિત, કર્મયોગી થઇ ધર્મ જણાવ. ॥૪૨૫॥

આદર્શજ છે આતમશુદ્ધિ, કરી નિજમાં પ્રભુને પ્રગટાવ ! !;
આતમ આપોઆપ પ્રભુ છે, ચિદાનંદ ચેતનને જગાવ. ॥૪૨૬॥

આતમ સાક્ષીએ ગ્રહુ કરવું, જગ જનરંજન વૃત્તિ ટાળ;
આહારે વ્યવહારે લજ્જા,-ભીતિ આદિ દોષ નિવાર. ॥૪૨૭॥

આશુક માશુક આતમ પોતે, પ્યારો પ્યારી આતમ જાણ;
આશયો જાણે આતમ સઘળા, આતમ આપો આપ પ્રમાણ. ॥૪૨૮॥

આવળ આકડો આંબલી આંબો, પરોપકારે જીવે ઝાડ;
આલોચી લે અંતર તારૂં, તુજથી મોટાં ઓને તાડ. ॥૪૨૯॥

[illegible] દિલમાં વિચારો, આજુબાજુનો કરો વિચાર;
[illegible] દુઃખને, જાણી કાર્ય કરો નરનાર. ॥૪૩૦॥
[illegible] સદ્મા, આતમ વણ આશા નહીં કોઇ;
[illegible] આપોઆપ પ્રભુ હો જોઇ. ॥૪૩૧॥
[illegible] જાણે તેને કરો જુહાર.
[illegible], સમજીને વર્તો સંસાર. ॥૪૩૨॥
[illegible], તેનો આતમ ! ! કરો વિચાર;
[illegible], વિવેક ધરી ધર શુભ આચાર. ॥૪૩૩॥
[illegible] આતમ નિશ્ચય લાવ ! !;
[illegible], આતમ કર્માચાર વિચાર. ॥૪૩૪॥
[illegible], આતમ કર્મ અનાદિ હોય;
[illegible], જાણ અનાદિથી અવલોય. ॥૪૩૫॥
[illegible], ઉપરથી આકાશ પાતાળ;
[illegible], આતમ ઉપર મૂકો હાથ. ॥૪૩૬॥
[illegible] નામે કહિયો ગ્રન્થ;
[illegible] મુક્તિ પન્થ. ॥૪૩૭॥
[illegible] સુખાત્મપ્રકાશ;
[illegible], તેથી પામો મુક્તિવાસ. ॥૪૩૮॥
[illegible]
[illegible] ॥૪૩૯॥
[illegible]
[illegible] ॥૪૪૦॥
[illegible]
[illegible] ॥૪૪૧॥
[illegible]
[illegible] ॥૪૪૨॥
[illegible]
[illegible]

આત્મજ્ઞાનથી ક્ષણમાં મુક્તિ, આતમ તે પરમાતમ જાણ;
આંતર આતમ સુખ છે સાચું, બાહિર્ જડમાં સુખ નહીં માન. ॥૪૪૪॥

આફ્રિકામાં આલસ અજ્ઞાન, કુસંપ શ્રદ્ધા ને તોફાન;
આસ્ટ્રેલીયામાં વિદ્યોદ્યમ, અનુશીલન ગુણ શીખે માન. ॥૪૪૫॥

આર્યોની પ્રગતિનું કારણ, બળ કળ વિદ્યા બુદ્ધિ જ્ઞાન;
આત્મોન્નતિ કરતા તે આર્યો, સાત્વિક ગુણ કર્મે જ પ્રધાન. ॥૪૪૬॥

આર્યો થાવે અનાર્ય પણ જે, સાત્વિક ગુણ આચાર પ્રધાન;
આતમજ્ઞાને સચ્ચારિત્રે, આર્યપણું જ્યાં ધર્મ ને જ્ઞાન. ॥૪૪૭॥

આરોગ્ય પુષ્ટિકારકભોજન, પાણી વાપરશો કરી જ્ઞાન;
આયુષ્યલાંબુ છાશ ને ફ્લથી, ડાકતર વૈદ્યો ભાખે જાણ. ॥૪૪૮॥

આયુ જો શતવર્ષનું ઇચ્છો, બ્રહ્મચર્ય વહો આરોગ્ય કાય;
આહાર પાન વિહાર યોગ્ય કરી, ભય ચિંતા તજ શાંતિ થાય. ॥૪૪૯॥

આત્મપ્રભુને પરમેશ્વર,—જાણી કરવાં જે જે કૃત્ય;
આત્મપ્રભુવણ અન્ય ન ઇચ્છા, એ નિષ્કામ છે ભક્તિ સત્ય. ॥૪૫૦॥

અરિહંત શુદ્ધાતમપ્રભુ સરખો, થાવા જ્ઞાન ક્રિયા ગુણ ધર્મ;
આદરવા નિષ્કામ છે ભક્તિ, સેવા તે નિષ્કામ છે કર્મ. ॥૪૫૧॥

આતમને પરમાતમ કરવા,—માટે જીવવા જેહ ઉપાય;
આહારાદિક સર્વ પ્રવૃત્તિ, નિષ્કામીજીવનમાં ગણાય. ॥૪૫૨॥

આ ભવમાં જે રોગ દુઃખતા, તેનું કારણ દોષ તપાસ;
આભવ પરભવ કર્મોદયથી, સુખ દુઃખ પ્રગટે ધર વિશ્વાસ. ॥૪૫૩॥

આજીજી કર !! નહિ નિર્દયને, આજીજી કર યોગ્યની પાસ;
આત્મોન્નતિ કરવામાં તત્પર, થા ! આતમ ધારી વિશ્વાસ. ॥૪૫૪॥

આત્મોન્નતિનું ભાષણ આપ્યું, વડોદરા ભૂપ આગળ બેશ;
આત્મોન્નતિ ભાષણ છે મુદ્રાંકિત, વાંચો તેથી નાશે કલેશ ॥૪૫૫॥

આતમ ઉપર પ્રેમ કરો પણ, અન્યજીવો પર ધરો ન દ્વેષ;
આર્યો ઉપર પ્રેમ કરો પણ, અનાર્યોને આતમ સમ પેખ. ॥૪૫૬॥

આત્મપ્રીતિરસાદો આગળ, સર્વ વિશ્વપર પ્રેમ લગાવ !!;
આત્માઓ જ્યાં સર્વે ઐક્યત્યાં, ભક્તિમાં નહીં ભેદનો ભાવ. ॥૪૫૭॥

આતમ !! માત પિતા ગુરૂ વર્ગની, સંઘ સ્વદેશની રક્ષા ધાર;
આતમના ઉપકારીઓની,-પહેલી રક્ષા કર !! નિર્ધાર. ॥૪૫૮॥

આતમને પરમાતમ કરવા, સર્વધર્મનો છે સંકેત;
આતમશુદ્ધિમાં ઉપયોગી, અસંખ્યયોગે ધર્મ છે હેતુ. ॥૪૫૯॥

આતમમાટે જેવું ઇચ્છે, તેવું જગજીવોનું ધાર !!;
આનંદ જ્ઞાનને માટે જીવો, કર !! પ્રવૃત્તિ અને વિચાર. ॥૪૬૦॥

આતમઆનંદજ્ઞાન અભાવે, જીવો જડમાં માને સુખ;
આત્મજ્ઞાન આપી તેઓનું, ટાળો આતમ ! સઘળું દુઃખ. ॥૪૬૧॥

આલંબન જેવું જીવોને, મળતું તેવા તેઓ થાય;
આલંબન મળે ઉચ્ચ જો સારૂં, તો જીવો ઉંચા સુખ પાય. ॥૪૬૨॥

આલંબન જો નીચ નઠારૂં, મળે તો જીવો નીચા થાય;
આલંબન ઉપર આધાર જ, ચડતી પડતીનો છે ન્યાય. ॥૪૬૩॥

આલંબન આજુબાજુમાં, સારા ઉંચાં આતમ !! રાખ;
આલંબનની થાય અસર દિલ, સત્સંગે શિવ સુખને ચાખ!! ॥૪૬૪॥

આલંબન-આધાર જો સારો, મળશે તો પડવું નહીં થાય;
આપત્તિયો આવે ત્હોયે, ઉચ્ચના આધારે દુઃખ જાય. ॥૪૬૫॥

આકડા આદિ વનસ્પતિયો, સર્વવિશ્વ ઉપયોગી જાણ;
આ જગમાં ઉપયોગી જાણે, સહુને તે જગ થાય મહાન. ॥૪૬૬॥

આંબાના ફલ જેવા મીઠા, થાતાં સત્કૃત્યે નરનાર;
આચારો ને વિચારો સારા, ધારો કરશો પરોપકાર. ॥૪૬૭॥

આડો અવળો આથડ નહિ જીવ !!, અમથો જા ના પરના ઘેર;
આગળ પાછળ જોઈ વિચારી, કર સત્કર્મો તજ અન્ધેર. ॥૪૬૮॥

આલસ સમ ઉધેહી ન કોઈ, પંડિત શૂરાને પણ ખાય;
આલસ સરખો કોઈ ન દુશ્મન, નિજમાં રહી નિજને ખાય. ॥૪૬૯॥

આત્માનુભવ જેને પ્રગટ્યો, તેને આત્માનંદ અપાર;
આત્માનુભવીનો આનંદી,-ચહેરો શાંતિમય સુખકાર. ॥૪૭૦॥

આત્માનુભવ સત્ય થયો ત્યાં, મુક્તિ સુખનો અનુભવ થાય;
આત્મજ્ઞાનથી અનંત કર્મો, અનાદિનાં બાંધ્યાં વિણસાય. ॥૪૭૧॥

આજીજી જે કૂરની આગળ, પાડવી રણમાં જેવી પોક;
આજીજી કરો સુપાત્ર આગળ, દુઃખ વિચારો પ્રગટ્યા શોકો. ॥૪૭૨॥
આતમ વશ,-મન ઇન્દ્રિય થાતાં, આતમ પ્રગટે છે ભગવાન;
આતમના વશ ઇન્દ્રિયમન નહીં, જગમાં તે કેહી નાહાન. ॥૪૭૩॥
આશા તૃષ્ણા અનંત નભ સમ, ઇચ્છાનો આવે નહીં અંત;
આતમમાં શાશ્વત સુખ નક્કી, જાણી આશા ટાળો સંત. ॥૪૭૪॥
આજ્ઞાઓ ને માનો આપના,-ગુરૂની,-આજ્ઞા પ્રેમે પાળો!;
આજ્ઞાધીન વર્તનથી સદ્ગુણ, સુખ શાંતિ વૃદ્ધિ નિર્ધાર. ॥૪૭૫॥
આજ્ઞા, પાળ્યાથી આતમની, અનેક રીતે પ્રગતિ થાય,
આજ્ઞાપાલક મર્દ બને છે, વિનયાદિક ગુણવૃન્દને પાય. ॥૪૭૬॥
આબરૂ જાળવવી પ્રામાણ્યે, ટેકે નેક ધરીને બેશ;
આબરૂ ટળતાં નફ્ફટ જગમાં, આબરૂ રાખો સહીને કલેશ ॥૪૭૭॥
આષાઢાચાર્ય જ મહાજ્ઞાની; કર્મવશે વેશ્યા ઘરવાસ;
આત્મોપયોગે ભાવના ભાવી, કેવલ લહી પામ્યા શિવ ખાસ. ॥૪૭૮॥
આત્મજ્ઞાનનું આનંદી સુખ, વર્ષે ચહેરા ઉપર નૂર;
આત્મજ્ઞાનીના અંતરમાંહી, આત્મપ્રભુજી હજરાહજૂર. ॥૪૭૯॥
આંબા ફલ સરખું નિજ જીવન, મીઠા આનંદરસ ભરપૂર;
આત્મન્! આપ સ્વભાવે કરશો, અન્યોને ઉપકારી સનૂર ॥૪૮૦॥
આત્મન્! તન ધન વાચાસત્તા, શક્તિનો કર! સદુપયોગ;
આત્મન્! સઘળાં સાધન સારાં, તેનો કર નહીં દુરૂપયોગ. ॥૪૮૧॥
આયુનો ઉપયોગ કરી લે, પળપળ આયુ ખૂટી જાય;
આયુષ્ય ખૂટે અંજલીખોબા,-માંહી વારિ પેઠે ન્યાય. ॥૪૮૨॥
આયુઃ ગયું તે મળે ન ફરીથી, માટે આતમ! સાવધ થાવ!
આયુષ્ય, ધર્મના માર્ગે વાપર! નિષ્ફલ કરો! શયતાનના દાવ ॥૪૮૩॥
આરોગ્યાર્થે ઉપયોગી જે, કડવું પણ તે મીઠું જાણ,
આરોગ્યાર્થે અનુપયોગી, મીઠું પણ તે ઝેર સમાન. ॥૪૮૪॥
આતમ મન તન સુંદર, આરો,-ગ્યાર્થે, ઉપયોગી સોમિષ્ટ;
આરોગ્યાર્થે કાલાદિથી, અનુપયોગી જાણ અનીષ્ટ. ॥૪૮૫॥

આરોગીનું તન મન સુંદર, આરોગ્યે આતમની શુદ્ધિ,
આતમ આરોગ્ય, જ્ઞાનને સમતા, નિર્વિષયાનંદશક્તિવૃદ્ધિ. ॥૪૮૬॥

આર્યહિંદુની શાખાઓ ત્રણ, વૈદિક બૌદ્ધ અને છે જૈન;
આર્ય હિંદુ ધર્મીઓ એ ત્રણ, સમજો ધર્મોનું ચૈતન્ય. ॥૪૮૭॥

આઝાદીથી જગમાં જીવવું, ખાવું પીવું કરવા કાજ,
આઝાદી વણ અપમાનિત થઈ, જીવ્યાથી રહેતી નહીં લાજ. ॥૪૮૮॥

આકુલવ્યાકુલ થા !! ના મનમાં, કટોકટીનો પડે પ્રસંગ;
આમણો દુમણો થા નહીં મનમાં, કર જ્ઞાની સંતોનો સંગ. ॥૪૮૯॥
આનંદઘન મહાજ્ઞાની યોગી, વાંચો તેના કીધા ગ્રન્થ,
આત્મજ્ઞાન પ્રાકટ્ય છે તેથી, દેખાશે શિવપુરનો પન્થ. ॥૪૯૦॥

આસ્રવ તે નિજ આત્મની સાથે, કર્મબંધના હેતુ જેહ;
આસ્રવ તે મિથ્યાત્વ અવિરતિ, કષાયને યોગ જ છે એહ. ॥૪૯૧॥

આસ્રવ તે આઠે કર્મોનું,–જેહ હેતુથી બંધન થાય;
આસ્રવ રાગ ને દ્વેષ છે ભાવે, પુણ્ય પાપ આસ્રવમાં ગણાય. ॥૪૯૨॥

આસ્રવના બેંતાલીશ ભેદો, શુભાશુભ પરિણામ તે જાણ;
આસ્રવ રોધે છે ઘટ સંવર, સત્તાવન ભેદે ગુણ ખાણ. ॥૪૯૩॥
આંબિલ તપથી મન તન શુદ્ધિ, સર્વરસોની મૂર્ચ્છા ત્યાગ !!
આડો હાથ ન દેજે બીજા–દાન કરે તેમાં મહાભાગ ! ॥૪૯૪॥
આર્તધ્યાનના ચાર ભેદ છે, આર્તરૌદ્ર બે ધ્યાન નિવાર;
આત્મશુદ્ધિમાં ધર્મશુક્લ બે, ધ્યાન ઘણાં ઉપયોગી ધાર. ॥૪૯૫॥
આસ્તિક તે ઇશ્વરને માને, સ્વર્ગ નરકને માને ધર્મ;
આસ્તિક તે આત્માને માને, માને પુણ્યને પાપનાં કર્મ. ॥૪૯૬॥
આસ્તિક પુનર્જન્મને માને, સમ્યગ્દ્રષ્ટિ ધારે સત્ય;
આસ્તિકતે બહુ બીવે પાપથી, કરે ધાર્મિક પરમાર્થિક કૃત્ય ॥૪૯૭॥
આસ્તિક, પ્રભુની આજ્ઞા માને, નાસ્તિક ગણે ન પુણ્યને પાપ;
આસ્તિક, હિંસા પાપથી બીવે, કરે પાપનો પશ્ચાત્તાપ. ॥૪૯૮॥
આસ્તિક નવ તત્ત્વોને માને, પૂજે સાધુ સંત ફકીર.
આસ્તિક તે આર્યો કહેવાતા, આતમને કરતા ॥

આસ્તિક જૈનો હિંદુ બૌદ્ધો, સાપેક્ષાએ જગ કહેવાય,
અંશે સાપેક્ષાએ નયથી, મુસલમાન ક્રીસ્ત્યાદિ ગણાય. ॥ ૫૦૦ ॥
આસ્તિકો માર્ગાનુસારી, આગળ ચઢી સમકિતી થાય;
આગળ સમ્યગ્જ્ઞાનને પામી, સ્યાદ્વાદી જૈનો સુખ પાય. ॥ ૫૦૧ ॥
આસ્તિક, નિર્દય ક્રૂર ન બનતો, અધર્મયુદ્ધો કરે ન લેશ;
આસ્તિક, આત્મિક બળને પામે, ટાળે તે પશુબળનો ક્લેશ ॥૫૦૨॥
આર્થિક બળથી ગૃહસ્થ, શોભે, ધાર્મિક બળથી શોભે સંત;
આપ્યાથી દાતારો શોભે, મનની મોટાઈએ મહંત. ॥ ૫૦૩ ॥
આકુલ વ્યાકુલ જીવો તે છે, આશા તૃષ્ણાના જે દાસ;
આતમમાં સુખ શાંતિ ન ધારે, પુદ્ગલ ભોગની ધરતા પ્યાસ ॥૫૦૪॥
આત્માર્થે શુભ કાર્યો કરવા, આજનું આજ કરી લે ભવ્ય;
આડી રાત ત્યાં વાત શી કરવી, આજનાં આજ કરો કર્તવ્ય. ॥૫૦૫॥
આથડ!! નહીં અમથો પર ઘરમાં, ઘર!! પરમેશ્વરનું આધીન;
આશા તૃષ્ણા કામેચ્છાઓ, વારો તેથી રહો ન દીન. ॥ ૫૦૬ ॥
આંબો વાવી કેરી ખાવી, ખસખસ વાવી લેવું ઝેર;
આપીશ જેવું પામીશ તેવું, પ્રેમનું પ્રેમ ને વેરનું વેર. ॥ ૫૦૭ ॥
આશીર્વાદો સૌના લેશો, લેશો નહીં કોઈનો શાપ;
આપત્તિ સંપત્તિમાંહી, યથાશક્તિથી કંઈ શુભ આપ!! ॥ ૫૦૮ ॥
આડાં અવળાં મારી ગપ્પાં, આવ્યો અવસર ખો નહીં ભવ્ય;
આત્મોન્નતિ ને આતમશુદ્ધિ, પરમાર્થિક કરજે કર્તવ્ય. ॥ ૫૦૯ ॥
આવ્યો અવસર ચૂક ન ચેતન, આતમ!! અરે ક્યાં કરે પ્રમાદ;
...જ કાલ કરતાં મરી જાવું, કરી લે ક્ષણ ક્ષણ પ્રભુની યાદ. ॥૫૧૦॥
...ખી ઉમ્મર હાર્યો પામર!!, હજી પણ ચેત ચેત કંઈ ચેત;
...ડું અવળું ભમવું વારો, શુદ્ધ કરો નિજ આતમક્ષેત્ર. ॥૫૧૧॥
...તા, સાત્ત્વિકગુણ કર્મોની,–પાળે તેઓ થાય મહાન્;
...તાપાલક આગળ ચડતો, સારી આજ્ઞા સુખકર જાણ. ॥ ૫૧૨ ॥
...ાઓ જે સ્વપરોન્નતિકર, દેશસંઘ હિતકારક જેહ;
...ાઓ જે ધર્મવૃદ્ધિકર, પાળે સુખ પામે જન તેહ. ॥ ૫૧૩ ॥

આજ્ઞાઓ જે દેવ ગુરૂને, ધર્મની માને તે છે ભક્ત;
આજ્ઞા,–પુણ્ય પ્રવર્ધક માને, અંતરૂમાં રહે નહીં આસકત. ॥ ૫૧૪ ॥
આજ્ઞાકારક આજ્ઞાધારક, આજ્ઞાઓને જાણે જેહ;
આજ્ઞા, ઉત્સર્ગે અપવાદે, કરે પાળે જગ સ્વતંત્ર એહ. ॥ ૫૧૫ ॥
આત્મશુદ્ધિ અર્થે જે કરવું, પરમાર્થજ તે કૃત્ય પિછાણ;
આત્માના ગુણ પર્યાયોને, પ્રગટાવવા પરમાર્થ તે જાણ. ॥ ૫૧૬ ॥
આશ્રય, આપો નિરાશ્રિતોને, આશ્રય પામી, જીવે સર્વ;
આશ્રય આપ્યાનું ફલ આશ્રય, આશ્રય આપી કરો ન ગર્વ. ॥૫૧૭॥
આશ્રયયોગ્ય ને આશ્રય આપો, ક્ષેત્રકાલનો કરી વિવેક;
આશ્રય લહી ઉપકાર ન માને, ત્હોયે ન છંડો નિજ ગુણ ટેક. ॥૫૧૮॥
આશ્રય દઈ અભિમાન ન કરશો, આશ્રય દેવો થૈ નિષ્કામ;
આશ્રય લહી આશ્રય દાતાનું, ખોદે તે છે મહાહરામ. ॥ ૫૧૯ ॥
આશ્રય, સાત્વિક સહુમાં સારો, દેવો સમજો નરને નાર;
આશ્રય; આશયને સમજીને, દેવો નિજપરસુખ કરનાર. ॥ ૫૨૦ ॥
આપ બડાઈ નિજ મુખથી જે, ગાતા તેઓ છે નાદાન;
આપ પ્રશંસા નિજ મુખથી કદિ, શોભે નહીં સમજે ગુણવાન. ॥૫૨૧॥
આપબડાઇ પરની નિન્દા, કરનારા જગમાં હેવાન;
આપોઆપ સુગંધની પેઠે, ગુણો થતા જગ જાહેર માન. ॥ ૫૨૨ ॥
આત્મ સુધારે જે નહીં નિજનો,–તેનું ભાષણ ભાંડ ભવાઈ;
આત્મ ચરિત્રને જે નહીં દેખે, તે નહીં થાતો આત્મસખાઈ. ॥૫૨૩॥
આતમનું આતમને આપો, દેહનું આપો દેહને ભવ્ય;
આતમનો ખોરાક ચિદાનંદ, પ્રગટે એવું કર !! કર્તવ્ય. ॥ ૫૨૪ ॥
આલસ તજીને ઉઠો આતમ ! કરો નિજ આતમનો ઉદ્ધાર;
આલસ સમ શત્રુ નહીં તનમાં, આળસે સિદ્ધિ ન થાય લગાર. ॥ ૫૨૫॥
આલસ ઉંઘથી જીવતાં મૃત્યુ, એ દીથી જગ શું જીવાય;
આલસ તજ કર !! સત્કર્તવ્યો, આતમ !! આળસ તજ સુખદાય. ॥૫૨૬॥
આદર કર સદ્ગુણી લોકોનો, અતિથિ ગુરૂનો કર સત્કાર;
આદર કર ઉપકારી વર્ગનો, આદરથી સુધરે વ્યવહાર. ॥ ૫૨૭ ॥

આદર કરતાં ખાદ ન આવે, વિવેક વણુ નહીં આદર હોય,
આશ્રયનાં કર્તવ્યો કરજે, સ્વાધિકારે ફર્જ જ જોય. ॥ ૫૨૮ ॥

આજનું કાલ ઉપર નહીં રાખીશ, આજનું આજ કરી લે ભવ્ય!!.
આજ કાલ કરતાં દિન વર્ષો, વહી જશે કર ઝટ કર્ત્તવ્ય. ॥ ૫૨૯ ॥

આર્થિક રાજકીય પ્રગતિની,—નીતિયો છે ધર્મથી ભિન્ન;
આર્થિક રાજ્યની સર્વ નીતિયો, વેશ્યાવૃત્તિપેઠે નવીન. ॥ ૫૩૦ ॥

આજ લગી મેં કર્યાં જે દુષ્કૃત, નિંદુ ગર્હું ત્રિકરણ યોગ;
આજથી આગળ આત્મોપયોગે–રહી જીવું તજુ સાવદ્યયોગ. ॥ ૫૩૧ ॥

આકર્ષણું, પ્રભુ ભક્તિનું છે, તેનાંથી ગુણુ આકર્ષાય;
આકર્ષો!! ગુણગણ, જ્યાં ત્યાંથી, આસક્તિ રાખો નહીં ક્યાંય. ॥૫૩૨॥

આખરે પરભવ જાતાં જીવને, પુણ્ય પાપ બે સાથી થાય;
આગળ પરભવમાં સુખ, ધર્મે, સમજે તે ધારે છે ન્યાય. ॥ ૫૩૩ ॥

આગ્રહી થા નહીં મોહે આતમ!! વિવેકે ધર્મમાં આગ્રહ શ્રેષ્ઠ;
આચ્છાદન છે મોહનું માઠું, ટાળે તે પરબ્રહ્મ છે જ્યેષ્ઠ. ॥૫૩૪॥

આજ પછીથી મન કાયાથી, કર નહીં પાપને નહીં કરાવ!!;
આજ પછીથી ધર્મ વિચારો, આચારોમાં લયને લાવ!! ॥ ૫૩૫ ॥

આજ કર્યું શું તેહ વિચારો, પ્રતિક્રમણુ કરી ટાળો દોષ;
આજ જે કરવા યોગ્ય તે આજે, કર!! અંતરમાં ધરી સંતોષ. ॥૫૩૬॥

આજીજી કર! પ્રભુની ભાવે, જૂઠી આજીજીને નિવાર;
આજીવિકા કર!! નીતિએ, દિલમાં રાખી પ્રભુ નિર્ધાર. ॥ ૫૩૭ ॥

આજ્ઞાંકિત થા!! સત્ય દયાનો, ગુરૂને દેવની આજ્ઞા પાળ;
આજ્ઞા–નિષ્પાપી સુખકારક, ધારો બીજી દૂર નિવાર. ॥ ૫૩૮ ॥

આડંબર, પાપીને દોષી,—જૂઠા તેનો કર પરિહાર;
આડંબરી થાતાં નહીં સુખ છે, આડાઈને તજ નિર્ધાર. ॥ ૫૩૯ ॥

આબોહવા તનુ પુષ્ટિ કરે છે, સ્વચ્છ હવાથી દેહારોગ્ય;
આચારો જેના તનુ હિતકર, તેના તનુમાં રહે ન રોગ. ॥ ૫૪૦ ॥

આઠા અવળા ભમો !! ન આતમ !!, પરને દુઃખ ન દે તલભાર;
આડાઈ તજી દે અવળાઈ, આડીવાણી તજ નિર્ધાર. ॥ ૫૪૧ ॥
આડે આવ !! ન કોના હિતમાં, સત્કાર્યોમાં નાંખ ન આડ;
આડો માંડ ન વિવેકથી તું, પાપી આડ તે નરકની ખાણ. ॥૫૪૨॥
આડો માંડ ન રીસાઈને, નિજ ભૂલ દેખે તેહ મહાન્;
આડોશીપાડોશીઓનું, નિષ્કામે કર !! હિત કલ્યાણ. ॥ ૫૪૩ ॥
આણ ન લોપો સુખકર સારી, નિજપરનું જેથી હિત થાય;
આણ ન લોપો ગુરૂ સંતોની, આતતાયીને શિક્ષા ન્યાય્ય. ॥૫૪૪॥
આતપ તે સાપેક્ષાએ છે, સુખ દુઃખકર સૌને જ્યાં ત્યાંય;
આતસબાજી અંતર્દેખો, આતિથ્યે સ્વાર્પણ હિતદાય. ॥૫૪૫॥
આતુરને આપ્યાથી તેની; કિંમત તેને સારી થાય;
આતુરતા જ્યાં પ્રભુ દર્શનની; ત્યાં સંતોની થાતી સ્હાય. ॥૫૪૬॥
આત્મઘાત ભવોભવ દુઃખકર છે, આત્મઘાતમાં છે અજ્ઞાન;
આત્મઘાતકી બનો ન ક્યારે, બનો ન ગુસ્સાના મહેમાન. ॥૫૪૭॥
આત્મજ્ઞાન સમજ્ઞાન નહીં કો, આત્મજ્ઞાનથી થાતો મોક્ષ;
આત્મતુષ્ટિ સમ કોઈ ન તુષ્ટિ, આત્મરસે પ્રગટે સંતોષ ॥૫૪૮॥
આત્મનિવેદી બને છે ધર્મી, આત્મપ્રતીતિ તેને થાય;
આત્માનંદ રસ ચાખ્યા પછીથી, મિથુનની ઈચ્છા ટળી જાય. ॥૫૪૯॥
આત્મશુદ્ધિ કર !! જ્ઞાન વૈરાગ્યે, આત્મસમર્પણ કર ! ! મોક્ષાર્થ;
આત્માનુભવ કર ગુરૂજ્ઞાને, તેથી પ્રગટાશે પરમાર્થ. ॥ ૫૫૦ ॥
આત્મારામ ભજો મહાપ્રીત્યા, આત્માર્પણથી તજાય સ્વાર્થ;
આત્મા જાણે સર્વે જાણ્યું, આત્મા તે પરમાત્મ મહાર્થ. ॥ ૫૫૧ ॥
આત્યંતિક કર આત્મોદય તું, જડની માયા મમતા મેલ;
આથડ નહીં કુમતિનો પ્રેર્યો, આતમગુણમાં કરશો કેલિ. ॥ ૫૫૨ ॥
આદત ખોટી દુઃખ કરનારી, સઘળી તન મનમાંથી ટાળ !!;
આદત સારી સુખકર ધારો, સાચો પ્રભુનો જગમાં પ્યાર. ॥ ૫૫૩ ॥
આદર બુદ્ધિ ધાર !! ગુણીપર, ગુણીઓ પર કર આદરભાવ;
આદરમાનમાં મુંઝ ન આતમ, પ્રભુપ્રેમરૂપ આદર લાવ !! ॥ ૫૫૪ ॥

આદર !!, આત્મની શુદ્ધિકર સો, કર !! આદર્શ જીવન સુખકાર,
આદિ અંત જેનો નહીં એવો, આત્મપ્રભુ તું નિત્ય વિચાર !!. ॥૫૫૫॥

આદિનાથ તીર્થંકર પહેલા, ઋષભદેવ જગમાં જયકાર;
આદીશ્વરને પૂજું વંદુ, પ્રભુના ગુણુ ગ્રહવા તે સાર. ॥ ૫૫૬ ॥

આશ્રમાં ધર્મી થવાનેમાટે, ગુરૂસેવા કર !! પ્રાયશ્ચિત્ત;
આદિ અંત છે દેહાદિકનો,-દેહ ક્ષણિક છે રહે ન નિત્ય. ॥ ૫૫૭ ॥

આધિ વ્યાધિ ઉપાધિ દુઃખકર, તેના નાશાર્થે ધર !! ધર્મ;
આધ્યાત્મિક આનંદી થૈને, પરમાર્થે કર !! સેવા કર્મ. ॥ ૫૫૮ ॥

આપોઆપ વિચારો આતમ !!, રાગ રોષ વૃત્તિને ત્યાગ !!;
આત્મિક બળ અંતર્ પ્રગટાવો, પ્રભુનું સ્મરણ કરીને જાગ!!. ॥ ૫૫૯ ॥

આત્માર્થે કર !! ધર્મનાં કાર્યો, આત્માર્થે તે છે પરમાર્થ;
આપ મર્યા વણુ મોક્ષ ન થાવે, પ્રભુપ્રાપ્ત્યર્થે ધરજે સ્વાર્થ. ॥ ૫૬૦ ॥

આપત્કાલે ધૈર્ય તજો નહીં, સૌના શિરપર છે આપત્તિ;
આપત્તિમાં આત્મશુદ્ધિ જે, કરે તે જ્ઞાની ભક્ત મહંત. ॥ ૫૬૧ ॥

આપદ્ધર્મો પણ સેવાતા, આપત્કાલે દેખો ગ્રન્થ;
આપો સારૂં લેશો સારૂં, આદર !! સુખકર સારો પન્થ. ॥ ૫૬૨ ॥

આપનારનું કરી લે સારૂં, થોડામાંથી થોડું આપ !!;
આપબળે શુભ કાર્યો કરવાં, ક્ષણે ક્ષણે ભજ જગનો બાપ. ॥ ૫૬૩ ॥

આપ-લે જગમાં થાય સ્વભાવે, આપ-લે મોક્ષાર્થે કર ભવ્ય !!;
આપ વખાણુથી ઘટે પ્રતિષ્ઠા, કર મોક્ષાર્થે સહુ કર્તવ્ય. ॥ ૫૬૪ ॥

આપવું લેવું સુખકર સારૂં, સુખકર લે ને સુખકર આપ;
આપ સ્વાર્થ એકાંતે ન સારો, સ્વાર્થ ખરો જ્યાં નહીં સંતાપ. ॥૫૬૫॥

આપ્તજનોની સેવા કરવી, આફત આવે હિંમત ધાર;
આબરૂ ખરી પ્રભુમાં મન ધરવું, નિષ્કામી તે આબરૂદાર. ॥ ૫૬૬ ॥

આબાદી કર !! આત્મગુણોની, સુખકર તે આબાદી જાણુ.
આત્મોન્નતિકરદર્શન જ્ઞાનનું-પ્રગટપણું આબાદી માન. ॥ ૫૬૭ ॥

આડી ફાંસ ના મારો કોના,–હિતસુખ પરમાર્થોમાં ટેશ;
આડો આવ !! ન કોના સુખમાં, કર નહીં મોહે કોથી કલેશ. ॥૫૬૮॥

આભડછેટ તે દુર્ગુણ દોષો,–દુષ્ટ વિચારો, મનથી માન;
આભડછેટ જે તનુની તેતો, વ્યવહારે થાતી તે જાણ. ॥ ૫૬૯ ॥

આભારો, આ જગમાં ભમતાં, મુજપર સર્વજીવોના અનંત.
આભારો, માનું છું સૌના, જડચેતન સહુ ઉપગ્રહવંત. ॥ ૫૭૦ ॥

આભારી, જગજીવોનો હું, જગ શાંતિ ઈચ્છું આભાર;
આભારી થૈ કરૂં નિષ્કામે, આભારો તે છે ઉપકાર. ॥ ૫૭૧ ॥

આભ્યંતર બાહિર મુજ સઘળું, આત્મપ્રભુ પ્રાપ્ત્યર્થે થાવ !!;
આપ !! સદા નિશ્ચય નિષ્કામે, વર્ત્તી ધરૂં છું પ્રભુમય ભાવ.॥ ૫૭૨ ॥

આમદ સાચી–ધર્મની કરણી, આમદ એવી નિત્ય વધાર;
આમંત્રો પ્રભુને દિલમાંહી, પલ પલ પ્રભુને ઘટ. સંભાર. ॥ ૫૭૩ ॥

આમળો અવળો હોય તે છંડો, આયુષ્ય સફલ કરી લે ભવ્ય;
આયતન–દેહ છે તેમાં આતમ, દેવ છે તેનાં કર કર્તવ્ય. ॥ ૫૭૪ ॥

આ ભવમાં આમુષ્મિક સુખ હિત, થાવાનું કર !! ધાર્મિક કર્મ;
આમોદ, અંતરૂમાં છે સાચો, બીજા જૂઠા છંડો ભર્મ. ॥ ૫૭૫ ॥

આય પ્રમાણે વ્યયને કરવો, વિવેકથી સહુ વાતે જાણ;
આયુ ક્ષણ પણ પાપમાં ગાળ ન, આમ્નાયોનું કરજે જ્ઞાન. ॥૫૭૬॥

આયુધ, જ્ઞાન સમું નહીં કોઇ, આરપાર થા !! ત્રિગુણાતીત;
આરંભે કર પ્રભુ સ્મરણ નિત્ય, મોહ રહિત થા !! સત્ય અતીત.॥૫૭૭॥

આરાધક થા !! પ્રભુનો પૂરો, પ્રભુનું આરાધન કર !! સત્ય;
આરામ લે તું પ્રભુમાં પ્રભુરૂપ,–થઇને એ નિવૃત્તિ કૃત્ય. ॥ ૫૭૮ ॥

આરૂઢ થા તું પ્રભુના પન્થે, પડ નહીં પાછો ત્યાંથી લેશ;
આરો આવશે પ્રભુના ધ્યાને, સર્વપ્રકારના ટળતા કલેશ ॥ ૫૭૯ ॥

આરોગ્ય તારૂં ચિદાનન્દ છે, અન્યોપર દે નહીં આરોપ;
આરોપીનો આત્મ સુધારો, બનો ન ચેતન જૂઠા પોપ. ॥૫૮૦॥

આરોહણ કર મોક્ષ પગથિયે, કોટિ પગથીયાં ચઢી પ્રભુ પાવ !!;
આર્જવથી વેગે પ્રભુ પાસે,–જવાશે એવો નિશ્ચય લાવ !!. ॥૫૮૧॥

આર્તિહારક ગુરૂ સંતોની, સેવા ભક્તિથી દુઃખ જાય;
આર્ય બનો સાત્વિક ગુણ કર્મે, આતમ આર્યપણું સુખદાય. ॥૫૮૨॥

આર્યશાસ્ત્રને આર્યાચારો, સમજી આર્ય પંથાને ધાર ! !;
આર્ય તે ત્રિગુણાતીત થવાને, ઉપયોગી થાતો નિર્ધાર. ॥ ૫૮૩ ॥

આલંબન કર !! પ્રભુના પંથમાં, પ્રભુભકતોની કર સંભાળ;
આલંબન અંતર્દૃષ્ટિ તું, ધ્યાન સમાધિથી જ વિચાર. ॥ ૫૮૪ ॥

આલમમાં રહે નિર્લેપી તે, શહેનશાહ સાચો દિલ જાણ.
આલંબન પામી પ્રભુમાર્ગે, વહીને કરશો પ્રભુનું જ્ઞાન. ॥ ૫૮૫ ॥

આલસથી દૂરે બહુ રહેવું, આલાપો સાચા તે ધાર !!,
આલિંગન કર સંતને પ્રેમે, પ્રભુનું આલેખન કર સાર. ॥ ૫૮૬ ॥

આલોચીને વિવેકથી કર !, થા !! આલોયણ લેઈ શુદ્ધ,—
આવક ગુણની કરજે ભાવે, જેથી અંતે થાય તું બુદ્ધ. ॥ ૫૮૭ ॥

આવક જાવક વિવેક રાખો, આવક સારી તો સુખ પાસ.
આવો પ્રભુની પાસે બન્ધો, પ્રભુમાં રાખીને વિશ્વાસ. ॥ ૫૮૮ ॥

આવશ્યક વટ્ કર્મો પ્રતિદિન, કરતાં આતમશુદ્ધિ થાય;
આવશ્યક ધાર્મિક કરણીથી, ચિત્ત શુદ્ધિને મોક્ષ સુહાય. ॥ ૫૮૯ ॥

આવાગમના હેતુ વિચારો, મોક્ષ છે તારો સત્યાવાસ,
આવાહન, શ્રીઆત્મ પ્રભુનું, પ્રેમે કરતાં પ્રભુ છે પાસ ॥ ૫૯૦ ॥

આવિર્ભાવ જે આતમપ્રભુનો, પ્રભુ પ્રાપ્તિ-પ્રભુ દર્શન જાણ;
આવિર્ભાવ, નિજાતમ ગુણનો, આતમપ્રભુમાહાત્મ્ય તે માન ॥ ૫૯૧ ॥

આવેગો—આવેશો બૂરા, મોહના ભ્રાતા તુર્ત નિવાર;
આવેશી બૂરો નહીં થા તું, પ્રભુનો આશક થા નિર્ધાર. ॥ ૫૯૨ ॥

આશક માશક આતમ પોતે, જ્યાં ત્યાં આતમ—ચેતન જાણ;
આધાર છે આતમજ્ઞાને, વિવેક પ્રગટે તો નિર્વાણ. ॥ ૫૯૩ ॥

આધીશાદી પ્રભુપર નિજની,—ધર્મ કર્મનો થાય વિનાશ;
આધારની અપેક્ષાઓ સહુ, સમજો નો હૃદયે નહીં વાસ. ॥ ૫૯૪ ॥

આદરો પામી સર્વે સહતા, ધીરાનો આદર સુખકાર;
આદર કરને તેને સુખ છે, અ દર દો અન્યોને સાર ॥ ૫૯૫ ॥

આશાએ જગ જીવો જીવે, આશાએ સહુ ચળવળ થાય;
આશા જેને નહીં તે જડ છે, વા તે પૂર્ણ પ્રભુ સમજાય. ॥ ૫૯૬ ॥

આશા સારી બૂરી જગમાં, પુણ્ય પાપ હેતુ છે તેહ;
આશાઓ પાપી સહુ ત્યાગો !!, સારી આશા ધરો સનેહ. ॥ ૫૯૭ ॥

આશાઓનો સાગર મોટો, કોઈ ન પામે તેનો પાર;
આશા-,જડ સુખ ભોગોની તે, જૂઠી છે સમજો નિર્ધાર. ॥૫૯૮॥

આશા દાસીના વશમાં જગ, જીવો આશાદાસી પુત્ર.
આશા-જગનું સૂત્ર ચલાવે, આશામાં છે કર્મનું સૂત્ર. ॥ ૫૯૯ ॥

આશાઓના અનેક ભેદો, જ્ઞાને આશાઓ બદલાય.
આશામાંથી આત્મસુખાશા, પ્રગટી તે પણ નષ્ટ જ થાય. ॥ ૬૦૦ ॥

આશીઃ આપો સૌને સારી, સારી આશી લે સુખકાર;
આશીર્વાદ ફળે સંતોના, શાપ ફળે તેમ જ નિર્ધાર. ॥ ૬૦૧ ॥

આશ્રમસ્થાનો જ્ઞાન સુખાર્થે, ધર્માર્થે ઉપકારી થાય;
આશ્રિતવર્ગને સહાય આપી, કર !! સારૂં એ સેવા ન્યાય. ॥૬૦૨॥

આશ્વાસક થા !! દુઃખીઓનો, દુઃખીને આશ્વાસન આપ !!;
આશ્વાસન છે સુખનું લ્હાણું, તેથી ટળતા મનસંતાપ. ॥૬૦૩॥

આસક્તિ ત્યજ જડ ભોગોની,-જડ વસ્તુનો તજ ! આસંગ;
આસન, આત્મોપયોગ છે સાચું, આસ્થાએ પ્રભુ લાગે રંગ. ॥૬૦૪॥

આસ્તિક થા તું દેવ ગુરૂનો, નાસ્તિક, તમમાંહી ઘસડાય;
આસ્તિક, સદ્ ધર્મ હી આવે, જ્ઞાનાનન્દ પ્રભુ થઇ જાય. ॥૬૦૫॥

આસ્તિક, સ્વર્ગને નરકને માને, માને નવતત્ત્વાદિ પદાર્થ;
આસ્તિક, આનંદ પ્રભુ પ્રગટાવે, છેવટ પામે શિવ પરમાર્થ. ॥૬૦૬॥

આહ્લાદી થા !! પ્રભુ ભક્તિમાં, આત્મામાં સાચો આહ્લાદ;
[illegible] નહીં મિથ્યા વાદવિવાદ. ॥૬૦૭॥

[illegible] નહીં [illegible];
[illegible] વૃન્દ વિલાસ. ॥૬૦૮॥

[illegible] બુદ્ધિ કરો [illegible];
[illegible] મિથ્યાત્વ વિચાર. ॥૬૦૯॥

આંચકા આવે હાર ન હિંમત, ઉદ્યોગી થઇ આગળ ચાલ;
આંજે ગુરૂગમ જ્ઞાનનું અંજન, આંખે તેથી સાચું ભાળ!! ॥૬૧૦॥
આંતર ભાંગો આત્મપ્રભુથી, આત્મપ્રભુથી અભેદ થાવ!!;
આંતરડી નહીં દુઃખવ! કોની, દયાધર્મમાં મનડું લાવ!!. ॥૬૧૧॥
આંદોલન સારાં પ્રગટાવો, લોકોનું જેથી હિત થાય;
આન્દોલન સેવા ભક્તિનાં,–ઉપકારોનાં શિવ સુખદાય. ॥૬૧૨॥
આંધળો થા નહિ મોહે સ્વાર્થે, કામે ક્રોધે કર નહીં પાપ;
આંધળા લુલા રોગીઓનાં,–દુઃખ હરી હરવા સંતાપ. ॥૬૧૩॥
આંબિલ તપથી ચિત્તની શુદ્ધિ, ચિત્તશુદ્ધિથી પ્રગટે જ્ઞાન;
આંસુડાં પાડો નહીં મોહે, રૂવો પ્રભુમાટે ધરી ભાન. ॥૬૧૪॥
અંકગણિતને, ભણશો લોકો, અંદેશો નહીં શંકા ધાર;
અંજન જ્ઞાનનું હૃદયે આંજો, સુખ શાંતિ મળશે નિર્ધાર. ॥ ૬૧૫ ॥
અંજનગિરિયો થયા શ્વેત પણ, પોળું મન જો કર્યું ન ભવ્ય!
અંતરનું સુખ લેશ ન લેશો, અંતે કર! તારૂં કર્તવ્ય. ॥ ૬૧૬ ॥
અંધાધુંધી અજ્ઞાને છે, અંધાધુંધી મોહે થાય;
આંધી, મોહવિચારોની જગ, અંધા જીવો જગ અથડાય. ॥ ૬૧૭ ॥
અંશે અંશે ગુણ પ્રગટાવો, અંશે પ્રગટાવો શુભ ધર્મ;
અંતરૂ આતમ જ્ઞાન અવાજે, અંતરનાં કરશો શુભ કર્મ. ॥ ૬૧૮ ॥
અંદર બાહ્યનું સોનું સમજો, અંદર ઉતરે ભેદ પમાય;
અંડને પિંડ બ્રહ્માંડને સમજો, ગુરૂગમથી જ્ઞાન જ પ્રગટાય. ॥ ૬૧૯ ॥
અંક વિનાનાં કોટિ મીંડાં, તેની કિંમત નહીં લગાર;
અંકની સાથે મીંડાંઓની,–કિંમતનો નહીં રહેતો પાર. ॥ ૬૨૦ ॥
અંક સરીખો આત્મપ્રભુ છે, તે વણ જડ, મીંડાં સમ જાણ;
દેહાદિક, મીંડાં સરખાં પણ, આતમ સહકારે ગુણવાન. ॥ ૬૨૧ ॥
અંતરૂ આતમમાંહી લગની, જેની લાગે તે શિવ પાય;
અંતરૂ ખદ્યોત ભાનુ સરખો, ક્રિયા જ્ઞાનનો સમજો ન્યાય. ॥ ૬૨૨ ॥
આંતરડા નબળાં જો પડે તો, મઠ્ઠા છાશથી સબળાં થાય;
આંતરડાંને હિતકર છાશ છે, સર્વે વૈદો કહે ઉપાય. ॥ ૬૨૩ ॥

અંધારાનું પણ અંધારૂં, અજ્ઞાન જ છે સહુ દુઃખકાર;
અંતરમાં અજવાળું કરવા, જ્ઞાન સમું નહીં કોઈ સાર. ॥ ૬૨૪ ॥

આંતરડી સહુજીવની ઠારો, દુઃખીની આંતરડી ઠાર !!;
અંગુલમાત્ર ન સાથે આવે, મર્યા પછી તન ધન ઘરબાર. ॥ ૬૨૫ ॥

અન્ધાને અન્ધાઓ દોરે, અજ્ઞાનીઓ વર્તે એમ;
અન્ધ થવું નહીં છતી આંખે જગ, કામ ક્રોધને ધારી વ્હેમ. ॥ ૬૨૬ ॥

આંખો સફળી તદા ગણાતી, આંખોથી જો દેખો સન્ત;
આંખોમાંથી કામ ને ઇર્ષ્યા, ટાળ્યાથી પામો ભગવન્ત. ॥ ૬૨૭ ॥

આંખોમાં ઇર્ષ્યા ને કામની,—અગ્નિ જ્યાં સુધી રહેનાર;
આંધળો ત્યાં સુધી માનવ છે, શક્ત મતી નહીં સત્ય વિચાર. ॥ ૬૨૮ ॥

આંટીઘુંટી આવી પડે તો, સમજુ અનુભવી સલાહ ધાર;
આંસુ સારી દો નહીં આતમ !!!, મેરૂસમ ધીર બની વિચાર. ॥૬૨૯॥

આંસુઓ પાડી રોવાથી, દુઃખ પડ્યાં નહીં દૂરે જાય;
અનુભવી સાધુજનની સલાહે, વર્તતાં દુઃખો દૂર થાય. ॥ ૬૩૦ ॥

અંબા નામે જનની મ્હારી, જન્મદાત્રી દેવી ગુણખાણ;
અંબા માતા દેવી પ્રણમું, સ્મરૂં તેનાં કરૂં યશ ગુણમાન. ॥ ૬૩૧ ॥

અંબા માતા તુજ ઉપકારો, નથી કરતાં તે અનંત અમાન;
અંબા !! પ્રતિ બદલો શું વાળું, શત શિક્ષક સમ માતા જાણ. ॥૬૩૨॥

અંબા માતા તુજને શાન્તિ, મળો સદા એ હઉં આશીષ;
અંબાજનની દૂર પસાયે, પામીશ મુક્તિ વિશ્વાવીશ. ॥ ૬૩૩ ॥

અંત સમય જ્યારે આવ્યો તુજ, ત્યારે રહ્યો નહીં તારી પાસ;
અંતરમાં રહ્યું એટલું આજી, તુજ સેવા ભક્તિની પ્યાસ. ॥ ૬૩૪ ॥

અંજનો જાતો કે ગુરૂગમથી, [illegible] માંજ્યો તે નહીં જાય;
અંજન જ્ઞાનનું કરીને ખોલ્યાં, નેત્રો તે ગુરૂ પ્રભુ પાય. ॥ ૬૩૫ ॥

અંતર—અજવાળું કર્યું જો !! તુજ, કરતો ક્યાં પરની પંચાત;
અંતર—[illegible] [illegible] સ્વામી છે સાક્ષાત્. ॥ ૬૩૬ ॥

[illegible] [illegible] સ્વરૂપ [illegible]
[illegible] [illegible] ॥ ૬૩૭ ॥

અંધાધુંધી જો નિજમાં શી ? અંધાધુંધી દૂર નિવાર !!;
અંધારૂં અંતરનું ટાળો, નિશ્ચય કરી વર્તો નિર્ધાર. ॥ ૬૩૮ ॥

અંબાર જ છે આતમ પોતે, અનંત જ્ઞાનનો ઝળહળ ભાણ;
અંશુમાલીથી પણ અનંત, તેજનો દરિયો આતમ જાણ !!. ॥૬૩૯॥

અંશે જે જે આત્મગુણોને, પામે તે અંશે ભગવાન્;
અંશથકી જ્યાં સદ્ગુણ પ્રગટ્યા, અંશે પ્રગટ પ્રભુ તે જાણ. ॥ ૬૪૦ ॥

અંબરથા પણ અનંતગુણો છે, મોટો આત્મપ્રભુ ભગવાન્;
અંશ સરીખું જેની આગળ, અંબર જગ છે અણુ પ્રમાણ. ॥ ૬૪૧ ॥

આંટને સાચવો અનેકરીતે, આંટે ચાલે સહુવ્યવહાર;
આંટે શાંતિ તુષ્ટિ પુષ્ટિ,-હેતુ સઘળા પામો સાર. ॥ ૬૪૨ ॥

અંબા માતા તુજ સમ સઘળી, નારી જાતિ માની મેં સત્ય;
અંબારૂપે સહુ સ્ત્રી વર્ગની,-સેવાનાં બનો મુજ સહુ કૃત્ય ॥ ૬૪૩ ॥

આંબાને કોઇ પત્થર મારે, તેને આપે કેરી બેશ;
આમ્ર સરીખા સંતોને પણ, મારંતાં હરતા ઉત ક્લેશ. ॥ ૬૪૪ ॥

આંબલી બહુ ઉપયોગી જગમાં, જ્યાં જેનો ઉપયોગજ થાય;
આંચ ન આવે પુણ્યોદય જ્યાં, આયુષ્ય, વાતો કરતાં જાય. ॥૬૪૫॥

આંગણે કલ્પતરૂસમસંતો, આવ્યા તેને દો !! સત્કાર;
આંખો તારી આતમસદ્ગુરૂ, જ્ઞાનથી આંજે તે ગુરૂ સાર. ॥ ૬૪૬ ॥

આંસુ આવે કર્યા પાપનાં, પશ્ચાત્તાપે જો નિર્ધાર;
આંસુ એવાં આતમશુદ્ધિ,-કરનારાં લાવો નરનાર. ॥ ૬૪૭ ॥

અંગત નિંદા કરો ન કોની, નામ દેઈને આતમ !! ભવ્ય;
અંટસ-વૈરને નહીં વધારો, અપરાધો ગણ સહુ ક્ષંતવ્ય. ॥ ૬૪૮ ॥

આંકીશ નહીં માનવની કિંમત, પરિચય પૂર્ણ કર્યા વિણ ભવ્ય;
અંકુશ રાખો મન ઇન્દ્રિપર, અંકુશ રાખી કર કર્તવ્ય. ॥ ૬૪૯ ॥

અંતરમાં પાસે છે પ્રભુ ને, અંતરમાં શત્રુ છે પાસ;
અંતરના શત્રુને હણીને, પ્રભુપદ પામો આતમ !! ખાસ. ॥૬૫૦॥

અંતરમા આતમપ્રભુ દેખ્યા, તો પછી વિશ્વે પ્રભુ દેખાવ;
અંતરમાં નહીં શત્રુ રહ્યા તો, બાહિરમાં નહીં શત્રુ રહાય. ॥૬૫૧॥

અંતરમાં જ્યાં પ્રભુ વસે છે, ત્યાં છે શત્રુઓનો વાસ;
અંતર રહસ્ય એવું સમજો, જ્યાં મિત્રો ત્યાં શત્રુ ખાસ; ॥૬૫૨॥

અંતરમાં અનુભવ-કર સાચો, અંતરમાં છે સુખ ને દુઃખ;
અંતરમાં દુઃખ તો છે બાહિર, અંતર સુખ તો બાહિર સુખ. ॥૬૫૩॥

અંક અભેદ છે દશમાં નવનો. નવને ગુણે નવ સંખ્યા થાય;
અંક યથા નવનો તેમ સમકિત,-દ્રષ્ટે સઘળું સહુ પ્રણમાય. ॥૬૫૪॥

અંધને અંધ દોરે છે. જગમાં અંધાધુંધી [illegible];
અંધને જો દેખતો દોરે, તો તે શિવપુર સિધો જાય. ॥૬૫૫॥

[illegible] નહીં [illegible], [illegible] તું કરતાં પાપ;
[illegible], [illegible] ભક્તિ કર તું જાપ ॥૬૫૬॥

[illegible], વ્યભિચારી [illegible] નરનાર;
[illegible], અવ્યભિચારી શુભાશયકાર. ॥૬૫૭॥

[illegible] નહીં [illegible];
[illegible] ॥૬૫૮॥

[illegible];
[illegible] ॥૬૫૯॥

[illegible];
[illegible] ॥૬૬૦॥

[illegible];
[illegible] ॥૬૬૧॥

[illegible];
[illegible] ॥૬૬૨॥

[illegible];
[illegible] ॥૬૬૩॥

[illegible];
[illegible] ॥૬૬૪॥

ઈ.

ઈશ્વરની કરો સેવા ભક્તિ, આતમ-ઈશ્વર એક મહાન;
અનંતનામે ઈશ્વર એકજ, આતમને જાણો ભગવાન. ॥ ૬૬૫ ॥

ઈશાવાસ્યોપનિષદ્‌ની ઉપર, કર્યું વિવેચન નય સાપેક્ષ;
ઈશ્વર તે આતમ સમજાવ્યો, વાંચો નાસે રાગ ને દ્વેષ. ॥ ૬૬૬ ॥

ઈતિહાસો વાંચો સહુ જાતના, ભૂતકાલનું થાશે જ્ઞાન;
ઈર્ષ્યાદિક દોષોને ટાળો, ઈશ્વર આપ બનો ભગવાન. ॥ ૬૬૭ ॥

ઈશ બનો સદ્‌ગુણ શુભ કૃત્યે, ઈતિ આવંતાં ધારો ધર્મ;
ઈનામ,-સદ્‌ગુણ પ્રગટે તે છે, ઈમાન લાવો પ્રભુપર શર્મ. ॥ ૬૬૮ ॥

ઈશુક્રાઈસ્ટને ક્રીસ્તિ માને, જો ટાળે તે રાગ ને દ્વેષ,
હિંસા, સર્વજીવોની ટાળે, ભક્તોમાંહી લહે પ્રવેશ. ॥ ૬૬૯ ॥

ઈશ્વર સોગન્ન જૂઠા, ખાવે, ઈલાજી જેવા તે કહેવાય;
ઈશ્વર,-દયામયી સર્વજ્ઞ જ, જાણે તે ઈશ્વરપદ પાય. ॥ ૬૭૦ ॥

ઈલાચીકુમર વાંસ ઉપર ચઢી, ભાવે પામ્યો કેવલજ્ઞાન;
ઈજા કરો નહીં અન્ય જીવોને, નિજસમ પરને દુઃખનું ભાન. ॥ ૬૭૧ ॥

ઈચ્છાઓ બૂરી સહુ વારો, કામેચ્છાઓ દુઃખનું મૂળ;
ઈહા કરો મુક્તિની પલપલ, જડની ઈચ્છાઓ સહુ ધૂળ. ॥ ૬૭૨ ॥

ઈડા નાસિકામાં જો ચાલે, મહી જલ તત્ત્વ તો સુખને શાન્તિ;
ઈશાન થાઓ કાલ ન ખાશે, ઈશ્વરને નહીં ઈચ્છા ભ્રાન્તિ. ॥ ૬૭૩ ॥

ઈરાનમાંહી આશુક માશુક, સુરીતત્ત્વનો થયો વિકાસ;
ઈગ્લાંડે સહુ કળા જણાવી, રાજ્ય કપટતંત્રાદિ પ્રકાશ. ॥ ૬૭૪ ॥

ઈર્યાસમિતિ જોઈ ચાલો, ઈર્ષ્યા કરો ન કોની લેશ,
ઈર્ષ્યાથી પડતી નિજ પરની, ઈર્ષ્યાથી દુઃખો બહુ ક્લેશ. ॥ ૬૭૫ ॥

ઈન્ધન સરખા થશો ન સૂકા, ઈર્ષ્યાળુ, વિષાથી ખરાબ;
ઈન્દ્રિયો ચંચળ ઘોડા સમ, તેઓપર ઝટ મૂકો દાબ. ॥ ૬૭૬ ॥

ઇન્સાફો, કરો નિજના આતમ ! !, કર નહી સાચાનો ઇન્કાર;
ઇજારો છે નહીં જગમાં ધર્મનો, સત્યને મુક્તિનોજ વિચાર. ॥૬૭૭॥

ઇન્દ્રની પદવી લીંટ સરીખી, માને આતમજ્ઞાની સંત;
ઇશ્વર અવતારી,-તે સંતો, આતમસુખ જે પામ્યા સત્ય. ॥ ૬૭૮ ॥

ઇલ્કાબો મેળવવા માટે, તજો ખુશામત પાપનાં કર્મ;
ઇનામ,-ઇશ્વરપદ મેળવવું, તે સાચું સમજો ધરી ધર્મ. ॥ ૬૭૯ ॥

ઇશ્વર સમ જગમાં કહેવાશો, તોપણ તેથી ટળે ન દુઃખ;
ઇર્ષ્યા રાગને દ્વેષ તજ્યાથી, કામ તજ્યાથી મળશે સુખ. ॥ ૬૮૦ ॥

ઇકાર એવો ભણી આચરતાં, ઇન્દ્રોથી પણ થશો મહાન્;
ઇયત્તા કર્મે છે દુઃખની, જાણો ભજશો દિલ ભગવાન્. ॥ ૬૮૧ ॥

ઇંડામાંથી પ્રગટે પિંડજ, ઇંડામાંહી જીવ છે ધાર;
ઇલાવિષે સહુ જીવવા જન્મે, કોની ન કર હિંસા જ લગાર. ॥૬૮૨॥

ઇજ્જત રાખો કોટિ ઉપાયે, ઇજ્જતથી જીવો ! ! જગમાંય;
ઇજ્જતની કિંમત નહીં જગમાં, ઇજ્જત જાતાં રહ્યું ન કાંય. ॥૬૮૩॥

ઇચ્છાનો કદિ પાર ન આવે, ઇચ્છા છે સહુ દુઃખનું મૂળ;
ઇચ્છા-નભથી અનંત મોટી, ઇચ્છા સઘળી ધૂળની ધૂળ. ॥૬૮૪॥

ઇચ્છાએ સંકલ્પ વિકલ્પો, ઇચ્છાનાશે, ઇશ્વર આપ;
ઇચ્છા ભવનું મૂળ છે સાચું, ઇચ્છાવણ નહીં થાપ ઉથાપ. ॥૬૮૫॥

ઇન્દ્રિયાધીનઆસક્તિથી, અનંત દુઃખો પ્રગટે જાણ;
ઇન્દ્રિયાધીન કદિ ન રહેવું, આત્માધીન કર ! ! સમજી જ્ઞાન. ॥૬૮૬॥

ઇન્દ્રિય મન વાણીને કાયા, તે આતમનાં સાધન બેશ;
ઇંદ્રિયાદિની કરો ન હાનિ, યોગ્ય કરો ઉપયોગ હમેશ. ॥ ૬૮૭ ॥

ઇન્જીન સરખા થઇને, સર્વની, આગળ થાવું બનીને શૂર;
ઇલાજ સર્વે આત્મશુદ્ધિના,-આદરવા પ્રગટાવી નૂર. ॥ ૬૮૮ ॥

ઇપ્સિત સર્વે ધર્મથી મળતું, ઇતિ ઉપદ્રવ પામે નાશ;
ઇષ્ટની સિદ્ધિ ધર્મપસાયે, ધર્મ કરંતાં શાંતિ વિલાસ. ॥ ૬૮૯ ॥

ઇન્દ્ર ચંદ્રની ઇચ્છું ન પદવી, ઇચ્છું નહીં જડમૈથુનસુખ;
ઇચ્છું આતમ-પ્રભુ રૂપ કરવો, નાસે અનાદિ કર્મનું દુઃખ. ॥૬૯૦॥

ઇચ્છા તજી મેં નામ રૂપની,-કીર્તિ સુખની પામી જ્ઞાન;
ઇચ્છા તજી મેં સર્વ શુભાશુભ, એક પ્રભુ છે દિલ ભગવાન્. ॥૬૯૧॥

ઈંટો એકની ઉપર એકને, મૂકે થાવે ઘરને મહેલ;
ઈંટ સરીખો મેળ કરંતાં, સર્વ ગુણો મળે મુક્તિ રહેલ. ॥ ૬૯૨ ॥

ઇચ્છો તેવું પામો નક્કી, સુખને ઇચ્છો જે છે સત્ય;
ઇચ્છાઓ દુ:ખકારક ત્યાગો ! ! !, મોક્ષેચ્છાએ કરવાં કૃત્ય. ॥૬૯૩॥

ઇલાકુમારે આતમ ભાવી, ઘટ પ્રગટાવ્યું કેવળજ્ઞાન;
ઇલાકુમારને વંદુ ધ્યાવું, રહો એવું મુજમાંહી ભાન. ॥ ૬૯૪ ॥

ઇન્જીંકશન સદ્‌ગુણનાં લેશો, દુર્ગુણ દોષને કાઢો દૂર;
ઇશ્વરરૂપે થાવા આતમ ! !, થા જ્ઞાનાદિ ગુણ ભરપૂર. ॥ ૬૯૫ ॥

ઈંજીન ગાડી આગળ રહેવે, અગ્નિગાડી ખેંચી જાય;
ઈંજીન સરખું મન છે જાણો, તેનો ઉપરી આતમરાય. ॥ ૬૯૬ ॥

ઈંજીન મનને શિવપુર પન્થમાં, આતમ, જ્ઞાને લેઈ જાય;
ઇશ્વર પ્રભુરૂપ આતમ થાવે, સંસારે નહીં જન્મો થાય. ॥ ૬૯૭ ॥

ઈશારો સમજુજનને બસ છે, અજ્ઞાનીને શિક્ષા માર;
ઈશારો, જ્ઞાનીનો સંકેતે, સમજે ભકતો પામે પાર. ॥ ૬૯૮ ॥

ઈશુક્રાઈસ્ટ તે આતમ બોધે, દયા પ્રેમ ભક્તિ ધરનાર;
ઈશ્વર સાથે બોધે પ્રેમી, પ્રભુને શ્રદ્ધાથી ભજનાર. ॥ ૬૯૯ ॥

ઇસ્લામીઓ, ઈશ્વર અલ્લા, નિરાકાર માને છે એક;
ઈમાન અલ્લાનું ધારે મન, કુરાન માને એવી ટેક. ॥ ૭૦૦ ॥

ઈશુખ્રીસ્તિયો યહોવાદેવને, માને બાઇબલ ગ્રન્થ પવિત્ર;
ઈશ્વર બોધે આતમ માને, રાખે યહોવા ઈશુમાં ચિત્ત. ॥ ૭૦૧ ॥

ઈંટાળા પણ જગ ઉપયોગી, નિરૂપયોગી જગ નહીં કોઈ;
ઈત્યાદિ શિક્ષા સમજીને, ઉપયોગી થા આતમ ! જોઈ. ॥ ૭૦૨ ॥

ઇન્દ્રજાળ સમ દુનિયા માયા. ઇન્દ્રોની પણ ઋદ્ધિ અનિત્ય;
ઇન્દ્રજાળમાં મોહ ન ધર જીવ!, જડસુખ શક્તિ રહે ન નિત્ય. ॥૭૦૩॥

ઇન્દ્ર ધનુષ્ય સમ ક્ષણિક સપનું, તન ધન સત્તા યૌવનરૂપ;
ઇન્દ્રની પદવી ઇન્દ્ર ધનુષ સમ, સમજી મનમાં થા તું ચૂપ. ॥૭૦૪॥

[illegible] ભાવે જ્ઞાન;
[illegible] સારો ભગવાન. ॥ ૭૦૫ ॥
[illegible] જ્ઞાન શક્તિ;
[illegible] આતમ સારો પૂર્ણ વ્યક્તિ. ॥ ૭૦૬ ॥
[illegible] આતમ જ્ઞાનાનન્દ:
[illegible] ॥ ૭૦૭ ॥
[illegible]
[illegible] ॥ ૭૦૮ ॥
[illegible]
[illegible] ॥ ૭૦૯ ॥
[illegible]
[illegible] ॥૭૧૦
[illegible]
[illegible] ॥૭૧૧
[illegible]

ઈશ્વરને સહુ માનવ લોકો, મતિથી માને છે ભિન્ન ભિન્ન;
ઈશ્વર રૂપ બનીને ઈશ્વર, શોધે તે ઈશ્વરમાં લીન. ॥૭૧૯॥

ઈશ્વર લક્ષણ જૂદાં જૂદાં, અનેક માને નર ને નાર;
ઈશ્વર બાહ્યથી ભિન્ન ભિન્ન છે, લક્ષણથી નહીં ભિન્ન લગાર. ॥૭૨૦॥

ઈશ્વર-આતમ-ચિદાનંદમય, અનંતશક્તિમય નિર્ધાર;
ઈશ્વર લક્ષણ જૂદાં જૂદાં, અર્થ એક છે સૌનો સાર. ॥૭૨૧॥

ઈશ્વર જેવી બુદ્ધિ તેવો, સૌને દિલમાંહી સમજાય;
ઈશ્વર, આનંદજ્ઞાન સ્વરૂપી, શુદ્ધાતમ છે અનુભવાય. ॥૭૨૨॥

ઈજા-પરને તે છે હિંસા, ઈજા અનેક પ્રકારે જાણ;
ઈડા પિંગલા સુષુમ્ણાના,-ભેદોનું કર !! સમ્યગ્જ્ઞાન. ॥૭૨૩॥

ઈતબારીનો ઘાત ન કરજે, કર !! નહીં વિશ્વાસીનો નાશ;
ઈતરાજી કર નહીં કો ઉપર, કર્મે સુખને દુઃખ વિલાસ. ॥૭૨૪॥

ઈનામ આપો યોગ્યને સારૂં, યથાશક્તિથી આપ !! ઈનામ;
ઈમાન રાખી બનો પ્રમાણિક, ઈમાનથી કર !! કાર્ય તમામ. ॥૭૨૫॥

ઈલકાબો તે ગુણો ખરા છે, પ્રભુસેવા ભક્તિ ઈલકાબ;
ઈરાદો, પ્રભુની પ્રાપ્તિનો ધરી, ઈલાજ કરી હર !! દુઃખ તમામ. ॥૭૨૬॥

ઈષ્ટમિત્ર, નિજ આત્માનુભવ, જ્યાં લઈ જાવે ત્યાં તું ચાલ !!;
ઈહભવ પરભવમાં ધર્મે સુખ, માની મુસાફરીમાં હાલ. ॥૭૨૭॥

ઈંગિત આકારે ગુરૂમનને, જાણીને કર !! સદ્ગુરૂ સેવ;
ઈંગિતજ્ઞ થા !! સર્વ જીવોનું,-ભલું કરવાથી પ્રગટે દેવ. ॥૭૨૮॥

ઈન્દ્રની પદવી પામે હોંયે, અગુરૂ લઘુ નિજ આતમ ભાવ !!;
ઈન્દ્રજાલ સમ જગની માયા, જાણી છંડો મોહવિભાવ. ॥૭૨૯॥

ઈન્દ્ર ધનુષ્ય વિદ્યુત્ચમકારા, જેવી જગની માયા જાણ;
ઈન્દ્રાસન એવાં મન જાણો, મન ધન સઘળું સ્વપ્નસમાન. ॥૭૩૦॥

ઈન્દ્રિયોને કર !! નિજ તાબે, ઈન્દ્રિય જ્ઞાને આગળ ચાલ;
ઈન્દ્રિયાતીત પરમેશ્વરમાં, પૂર્ણપ્રેમથી ધર બહુ વ્હાલ. ॥૭૩૧॥

ઈન્દ્રિયાતીત તત્ત્વોને પણ, મહાવીરે ભાખ્યા છે જાણ;
ઈન્દ્રિયાતીત અનુભવજ્ઞાને, સમજાતું લે મનમાં માન. ॥૭૩૨॥

ઇશ્વરજ્ઞાન કરી લે !! ધ્યાને, અનુભવ કર !! ઇશ્વરનો સત્ય;
ઈશ્વર, અનુભવ ગમ્ય થવાથી, કરાય નહીં પાપોનાં કૃત્ય. ॥૭૩૩॥
ઇશ્વર લક્ષણુ અનેક રૂપે, જ્યાં ત્યાં અનેક રૂપ મનાય;
ઈશ્વરીજ્ઞાન ત્યાં જૂઠ ન હિંસા, પાપ કર્મનો નાશ કરાય. ॥૭૩૪॥
ઈશ્વરને દુનિયાના લોકો, અનેક લક્ષણે માને તમામ;
ઈશ્વરનાં બહુ રૂપો માને, એકાનેક કરૂં જ પ્રણામ. ॥૭૩૫॥
ઈશ્વર પ્રેરણા સાચી તે છે, રાગ રોષ નહીં જ્યાં અજ્ઞાન;
ઈશ્વર અરિહંત શુદ્ધાતમ પ્રભુ, અનેક નામે જિન ભગવાન્. ॥૭૩૬॥
ઈશ્વરીમાયા બાહ્યથી જાણો, કર્મપ્રકૃતિનો વ્યવહાર;
ઈશ્વરીમાયા નિશ્ચયથી તે, ચિદાનંદરૂપ સાચી ધાર. ॥૭૩૭॥

उ

ઉદ્યમ કરતા ઉદ્યમી જેઓ, ભૂખે મરતા થાય ન તેહ;
ઉણા નહીં રહેશો ઉદ્યમથી, ઉદ્યમ ઉત્સાહે સુખ ગેહ. ॥૭૩૮॥
ઉત્સાહીની ચડતી થાતી, ઉચ્ચવિચારોથી મન માન;
ઉદાર થાતાં જગમાં ઉંચા, લોકો કરતા બહુ સન્માન. ॥૭૩૯॥
ઉંચ-નીચ જન, પુણ્યે પાપે, ઉંઘો નહી શિવપન્થ મઝાર;
ઉંડા ઉતરો આતમમાંહી, આતમ ઋદ્ધિ દેખો સાર. ॥૭૪૦॥
ઉપકારો કરો નિષ્કામે સહુ, ઉપકારોથી મુક્તિ થાય;
મારા ઉપકારીઓ થયા જે, તેઓનું ભલું થાવો ન્યાય. ॥૭૪૧॥
મુજ ઉપકારક માતપિતાને, ગુરૂ આદિ જે નરને નાર;
તેઓનું પરભવમાં સારૂં, થાશો શાંતિ પામો અપાર. ॥૭૪૨॥
ઉત્સવ ઉપધાન તપવ્રત ગુણમય, ચિદાનંદ ઉત્સવ નિજમાંહ્ય;
ઉપકારે ઉત્સવ છે જગમાં, આતમમાં સુખ સાચો ન્યાય. ॥૭૪૩॥
ઉપકારો કરી પ્રતિ બદલાની,-ઇચ્છા વણુ વર્તો નરનાર;
ઉપકારીનું ભલું કરવામાં, સ્વાર્પણુ કરવા રહો તૈયાર. ॥૭૪૪॥
ઉપગ્રહો કર !! સર્વ જીવોને, અરસપરસ કુદરતની રીત;
ઉપગ્રહો કરવામાં મરવું, એવી ઉત્તમ જનની નીતિ. ॥૭૪૫॥

ઉત્તમ થાવા કરો પ્રયત્નો, ઉચ્ચ થવું ગુણ કરી પ્રકાશ;
ઉચ્ચ થવું આતમના હાથે, ઉચ્ચદૃષ્ટિથી ઉચ્ચતા ખાસ. ॥૭૪૬॥

ઉધાં કાર્યો ઉંધી બુદ્ધિ, કરશો નહીં પ્રાણાંતે ખાસ;
ઉમર વધ્યાથી કોઈ ન મોટા, જ્ઞાનાદિએ મહંતવાસ. ॥૭૪૭॥

ઉમર વધી પણ ધર્મ ન કીધો, તેથી ઉમર વીતી ફોક;
ધર્મમાં ઉમર ગઇ તે સારી, પાપે રણમાં જીવવું પોક. ॥૭૪૮॥

ઉંટનાં હોવે અઢાર વાંકાં, અવળચંડનાં વાંકા સર્વ;
ઉલટી દૃષ્ટિવાળા જનનો, સદુપદેશે ટળે ન ગર્વ. ॥૭૪૯॥

ઉદ્યમ સરખો મિત્ર ન બાંધવ, ઉદ્યમથી સહુ કાર્યની સિદ્ધિ;
ઉદ્યમથી સુખ શાંતિ કીર્તિ, ઉદ્યમથી પ્રગટે છે ઋદ્ધિ. ॥૭૫૦॥

ઉદ્યમ ધંધામાં નહીં લાજો, ચોરી જારીથી લાજો ભવ્ય;
ઉદ્યમીજન તો ઉંઘ ન ધારે, ઉદ્યમથી કરશો કર્તવ્ય. ॥૭૫૧॥

ઉંઘણશીના બનો ન રાજા, ઉંઘે થાતો આતમવિનાશ;
ઉંઘેલાનો પાડો, પાડી,-જાગેલાની સમજો ખાસ. ॥૭૫૨॥

ઉંઘે દિવસમાં જેઓ લોકો, વિના પ્રયોજન તેમાં પાપ;
ઉંઘો પાપમાં, ધર્મમાં જાગો, નાસે તેથી સહુ સંતાપ. ॥૭૫૩॥

ઉંચા નીચા કર્મે જીવો, કર્મ વિના નહીં ઉચ્ચને નીચ;
કર્માતીત દશામાં સર્વે, આતમ સરખા માન પ્રતીત. ॥૭૫૪॥

ઉંચા ડુંગર ઉંચાં તાડો, ગુણ વણ ઉંચા વધે શું હોય;
ઉંચા જન સદ્ગુણ ધર્મે છે, ગર્વ કરો નહીં ઉચ્ચનો કોય. ॥૭૫૫॥

ઉગંતાને દુનિયા નમતી, આથમતાને નમે ન કોય;
ઉંઘંતાનું નશીબ ઉંઘે, જાગંતાનું જાગે સોય. ॥૭૫૬॥

ઉંઘે મોહી જાગે જ્ઞાની, ઉર્ધ્વદિશાએ જ્ઞાની જાય,
ઉભા રહેતા સ્વાશ્રયી સંતો, પ્રભુમયજીવનને જે પાય. ॥૭૫૭॥

ઉઠો ! જાગો ! ! આતમજ્ઞાને, ત્યાગી દેશો સર્વપ્રમાદ;
ઉઠ્યા ત્યાંથી સવાર ગણુયો, ત્યાગી દો મિથ્યા વિષવાદ. ॥૭૫૮॥

ઉપાધ્યાય શ્રી યશોવિજયનો, જૈન જગત્ પર બહુ ઉપકાર;
ઉપાધ્યાય નિબંધ રચીને, તેમની ભક્તિ કીધી સાર. ॥૭૫૯॥

[illegible] સ્વપરની સત્તા દેખાય:
[illegible] પાપકર્મ આપે દુઃખ આપ. ॥[illegible]॥
[illegible] ન લગાર !!
[illegible] નર તે નાર. ॥[illegible]॥
[illegible] ન [illegible],
[illegible] ॥[illegible]॥
[illegible]

ઉર્ધ્વગમન છે સદ્ગુણુ કર્મે, અધોગમન દુર્ગુણથી થાય;
ઉઠો જ્ઞાને જાગી આતમ ! !, જ્ઞાનક્રિયાથી મુક્તિ લહાય. ॥ ૭૭૪ ॥
ઉત્તરોત્તરગુણુસ્થાનક પામો, ઉચ્ચનીચનો ટાળો ભેદ;
ઉઘાડ ! આતમનાં ગુણુદ્વારો, ત્યાગી ભીતિ દ્વેષને ખેદ. ॥ ૭૭૫ ॥
ઉપવાસો વિધિપૂર્વક કરતાં, અનેકજાતના રોગો જાય;
ઉપવાસોથી થાતો ફાયદો, સમજી શક્ત્યા કરવા ન્યાય. ॥ ૭૭૬ ॥
ઉપાસના સેવા ભક્તિને, જ્ઞાન યોગ છે પ્રભુ સ્વરૂપ;
ઉપહાસ્ય જ તે કદિ ન થાવે, ક્રિયાદિયોગે આતમભૂપ. ॥ ૭૭૭ ॥
ઉપયોગે સહુ સાધનમાંહી, ધર્મ છે સઘળા સાધનમાંહ્ય;
ઉપયોગી જે થાય ન તેમાં, સાધનતા નિષ્ફળ છે ત્યાંય. ॥ ૭૭૮ ॥
ઉપયોગે જ્ઞાનીને સર્વે, સાધન, ધર્મનો હેતુ થાય;
ઉપયોગવણુ સાધનમાં ધર્મ ન, સાધન સાપેક્ષાએ ન્યાય. ॥૭૭૯॥
ઉલૂક જેવા રહો ન અન્ધા, દુર્ગુણુ વ્યસનો ધરી કુટેવ;
ઉદ્ભટ વેષને કદિ ન પહેરો, સેવો ધર્મગુરૂને દેવ. ॥ ૭૮૦ ॥
ઉપયોગી ધર્માર્થે જીવવા,-માટે આહારાદિક સહુ કૃત્ય;
ઉપયોગી જીવનમાં જાણી, ઉપયોગી ધરજે સહુ સત્ય. ॥૭૮૧॥
ઉપયોગી સહુને સહુ જગ છે, નિરૂપયોગી કોઈ ન લેશ;
ઉપયોગ, યોગ્ય કરી જે જાણે, રહે ન તેને દુઃખ ને લેશ. ॥૭૮૨॥
ઉધાર લેવું ઉધાર દેવું, ત્યાં પ્રમાણિક થાજે ભવ્ય;
ઉચાટ કર નહીં દુઃખ સંકટમાં, વિવેકથી કર ! ! ! સહુ કર્તવ્ય. ॥૭૮૩॥
ઉચ્ચજનોની સંગત કર મન ! !, નીચજનોની સંગત ત્યાગ;
ઉચ્ચની સંગે ઉચ્ચ ગુણોની,-પ્રાપ્તિ છે સમજીને જાગ ! !. ॥૭૮૪॥
ઉપસર્ગો ઉપદ્રવો નડે પણુ, મૂકો નહીં પ્રભુભક્તિ ધર્મ;
ઉપસર્ગોમાં સમભાવી થઈ, કર ! !. સત્કાર્યોનાં સહુ કર્મ. ॥૭૮૫॥
ઉડાઉખર્ચો કદિ ન કરવાં, હદ બાહિર્ નહીં થવું ઉદાર;
ઉંદર સરખી લઘુતા ધારી, ધરો ધર્મ મન થઇ હુશિયાર. ॥૭૮૬॥
ઉપસર્ગો ઉપદ્રવો નડે તો, ઉત્સવ સમ તે મનમાં માન;
ઉચાટ કર નહીં દુઃખદા પડતાં, એવું ધર ! ! નિજ આતમ જ્ઞાન. ॥૭૮૭॥

ઉત્સુક થાશો સર્વ ગુણોથી, પ્રભુપદ વરવા નર ને નાર;
ઉત્સુક, ઇચ્છયું કાર્ય કરે છે, ઉત્સુકતાએ જ્ઞાન અપાર. ॥૭૮૮॥

ઉત્સુક ઉદ્યમી ઉત્સાહી થઇ, જ્ઞાનાદિક પામે નિર્ધાર;
ઉત્સુક થઇને આત્મ ઉજાગર,–દશા લહ્યાથી જગ જયકાર. ॥૭૮૯॥

ઉત્સવ ગણુ ! ! મૃત્યુ ભેટંતાં, સંકટ રોગને દુઃખનો કાલ;
ઉત્સવ સમગણુ ! ! કર્મવિપાકો, ભોગવતાં સમભાવનો ખ્યાલ. ॥૭૯૦॥

ઉદ્યાપન કર વ્રતગુણુધર્મનું, જ્ઞાને ઉદ્યાપન છે સત્ય;
ઉદ્યાપન–આતમગુણુશુદ્ધિ,–માટે કરવું તે શુભ કૃત્ય. ॥૭૯૧॥

ઉજાગરાઓ જે કરવાથી, તન મનની શકિતનો નાશ;
ઉંઘ અભાવે રોગ વધે તે, ઉજાગરા કરવા નહીં ખાસ. ॥૭૯૨॥

ઉપર ઉપરનું જોઇ કોનું, બાંધો નહીં સાચો અભિપ્રાય;
ઉંડા ઉતરી સત્ય તપાસો, પછી અભિપ્રાયે છે ન્યાય. ॥૭૯૩॥

ઉંબર સરખા વૃદ્ધ થયા જે, લહ્યા ન જ્ઞાનાદિક ગુણુ સત્ય;
ઉમર વધંતાં કશું વધ્યું નહીં, કર્યાં ન જેણે સદ્‌ગુણુ કૃત્ય. ॥૭૯૪॥

ઉજાગ્રત્ જે જ્ઞાનદશા છે, આત્મદશાનો શુદ્ધ ઉપયોગ;
ઉત્સાહી થઇ તેને પામો, પ્રગટે પરમાતમપદભોગ. ॥૭૯૫॥

ઉન્માદી થા નહિ સત્તાથી, લક્ષ્મી વિદ્યાથી જગમાંહ્ય;
ઉંદરને પકડે છે બિલાડી, મૃત્યુ આવતું ક્ષણુની માંહ્ય. ॥૭૯૬॥

ઉચિત અવસર સમજે નહીં તે, ભણ્યો ખરો પણુ ગણ્યો ન તેહ;
ઉચિત અવસર જાણી બોલે, કાર્ય કરે થાતો ગુણુગેહ. ॥૭૯૭॥

ઉદાર થાવો ! ! યોગ્ય દાનમાં, યોગ્યપાત્રને પામી ભવ્ય;
ઉદારતા વણુ કોઇ ન શોભે, ઉદારતા છે સત્કર્તવ્ય. ॥૭૯૮॥

ઉદાર થાવો પરોપકારે, અન્ન વસ્ત્ર દ્યો જ્ઞાનનું દાન;
ઉદાર જીવંતો જગમાટે, એવો તે દેહી ભગવાન. ॥૭૯૯॥

ઉન્હાળામાં કેરી ફળતી, કેરીથી કરતી ઉપકાર;
ઉત્તમ થવાની એ રીતિ, પરોપકારે જીવવું સાર. ॥ ૮૦૦ ॥

ઉંચા થઇ જે સત્ય કહે નહીં, ઉચ્ચ થવાનાં કરે ન કર્મ;
ઉદ્ધારે નહીં તે સ્વપરજનોનું, સાધે નહીં ભક્તિ ને ધર્મ. ॥૮૦૧॥

ઉછેર બાળક બાલિકાઓ, જ્ઞાન દયાદિક ગુણથી બેશ;
ઉછેર સ્વાધિકારે આવ્યાં, ઉર્ધ્વગામી થા ટાળી ક્લેશ. ॥ ૮૦૨ ॥
ઉમેદ રાખો ઉંચી ક્ષણુ ક્ષણુ, ઉચ્ચાશયને સમજો ભવ્ય;
ઉકેલ કર ! ! આવી કૂર્મેનો, શુદ્ધોપયોગે કર કર્ત્તવ્ય. ॥ ૮૦૩ ॥
ઉદાસ થઈ બેસી રોવાથી, થાય ન ધારેલું નિજ કાજ;
ઉદાસીનતા ત્યાગી આતમ ! !, સદ્ગુણ કર્મનું કર ! ! સામ્રાજ્ય. ॥૮૦૪॥
ઉદાસ થા ના ! ! ઉદાસીનતા,-થાવાનું શું મૂળ ? વિચાર;
ઉદાસીનતા તજ ઉત્સાહે, પડી પાછા ઉઠો નિર્ધાર. ॥ ૮૦૫ ॥
ઉત્થાન જ જે કરે પડંતાં, તેવો આતમ ઉંચો થાય;
ઉત્થાન જ જે કરે ન પડતાં, જગમાં નીચો તે થઇ જાય. ॥ ૮૦૬ ॥
ઉઘાડ ! ! અંતર્ જ્ઞાનનાં દ્વારો, ગુણનાં દ્વારો ખુલ્લાં મૂક ! !;
ઉચાટ ત્યાગી થા ઉત્સાહી, ઉપયોગી કર્ત્તવ્ય ન ચૂક. ॥ ૮૦૭ ॥
ઉટાંટીયા આદિ રોગોનું,-કારણુ પહેલાંથી જ નિવાર;
ઉંચીદષ્ટિ ઉંચાં કાર્યો, કરવામાંહી લક્ષ્ય લગાડ ! !. ॥ ૮૦૮ ॥
ઉંચા ચઢીને પડે જે પછા, ઉચ્ચ થવાને કરે જે કાજ;
ઉંચા તે પાછા થાતા જગ, પુણ્યેશ્વરપ્રતાપે સાજ. ॥ ૮૦૯ ॥
ઉત્સર્ગને અપવાદ બે માર્ગો, ધર્માદિકનતકર્મમાં જાણ;
ઉત્સર્ગ ને અપવાદ બે જાણે, વર્તે તે સમયે ગુણુધાન. ॥ ૮૧૦ ॥
ઉર્ધ્વઅધોને તિર્ચ્છાલોકનો,-શ્રુતજ્ઞાને કર ! ! ચિત્ત વિચાર;
ઉચ્છેદન કર ! ! રાગ ને રોષનું, તેથી મુક્તિ છે નિર્ધાર. ॥ ૮૧૧ ॥
ઉદયદશામાં ગર્વી થા ના ! ! પડતીમાં થા ના મન ખિન્ન;
ઉદય ને અસ્તદશાનાં ચક્રો, સર્વ જીવોને છે પ્રતિદિન. ॥ ૮૧૨ ॥
ઉદય થવાને ધર ! ઉત્તમ ગુણુ, કર ! ! ઉત્તમ કાર્યો ધરી પ્રેમ;
ઉદય જે આત્માનો ગુણુયોગે, નિત્ય તે ત્યાં છે યોગ ને ક્ષેમ. ॥૮૧૩॥
ઉદય થવાના જેહ ઉપાયો, તેને આચારે ઝટ મૂક ! !;
ઉદયદશાનું ચિહ્ન છે ઉત્સાહ, ઉદ્યમ હિંમત તે નહીં ચૂક ! !.॥૮૧૪॥
ઉદય થતો ઉપયોગે પ્રેમે, સત્કાર્યે ભક્તિએ જાણુ;
ઉચ્ચારોહણુ કરવામાટે. સદાચાર સદ્ગુણો પ્રમાણુ. ॥ ૮૧૫ ॥

ઉન્નત થાવા કર !! સહુ કાર્યો, ઉપમા લે સદ્દગુણને કાજ;
ઉપમા લેવી સારા થાવા, અનુત્સાહે સહુ વિણશે કાજ. ॥ ૮૧૬ ॥

ઉપાડ ! શકત્યનુસારે કાર્યો, ઉપાડે તે સહુ પાર ઉતાર ! !;
ઉજ્જવલ કર કુલવંશ ને દેશને, ઉપદ્રવોથી લેશ ન હાર. ॥ ૮૧૭ ॥

ઉપદ્રવોથી ગભરાતો ના, ઉપદ્રવો નહીં સદા રહંત;
ઉંઘવું જાગવું જ્યાં સુધી છે, ઉપદ્રવ દુઃખ સુખ તાવત્ સન્ત. ॥૮૧૮॥

ઉદર ભરે છે નિજ સહુ જીવો, ઉંચા તેથી તે નહીં થાય;
ઉદર ભરે જે બીજાઓનું, ઉત્તમ જગમાં તેહ ગણાય. ॥ ૮૧૯ ॥

ઉપવીત પહેરે ગુણ કર્મોવણ, ઉચ્ચાતમ તેથી નહીં થાય;
ઉપવીત–સદ્દવિદ્યા સત્કર્મ જ, ઉપવીતનું ફલ એ છે ન્યાય. ॥ ૮૨૦ ॥

ઉદ્દવર્તન ગુણપર્યાયોનું,–ઉપાદાન ઉદ્દવર્તન એહ;
ઉદ્દવર્તન શુભ કર્મનું ધર્મે, ઉદયે કર્મે અંતરૂ તેહ. ॥ ૮૨૧ ॥

ઉગે જે તેનો અસ્ત છે જગમાં, ઉંઘે તે જન જાગે જાણ;
ઉન્નતિ આતમની, આતમથી, ઉન્નતિ હેતુ આતમજ્ઞાન. ॥ ૮૨૨ ॥

ઉપલ સરીખા જડ લોકો પણ, જ્ઞાનીસંગે જ્ઞાની થાય;
ઉટજવિષે પણ ત્યાગી જ્ઞાની, અનંત સુખથી ઘટ ઉભરાય. ॥ ૮૨૩ ॥

ઉચાર વચનો પ્રથમ વિચારી, ઉચારીને પાછાં ન ઘલાય;
ઉંઘણશી થઇ ભૂલ ન ધાર્યું, ઉંઘણશીથી ધાર્યું ન થાય. ॥ ૮૨૪ ॥

ઉખરભૂમિમાં વાવ !! ન બીજો, બીજો ઉગે ફળે ત્યાં વાવ !;
ઉજ્જવલ આતમ કરવા જન્મ્યો, ક્ષણ ક્ષણ ઉપયોગે તે લાવ ! ! ॥૮૨૫॥

ઉજ્જડ ભૂમિ જે દેખાતી, ત્યાં પૂર્વે જનવસતિ જાણ;
ઉજ્જડમાંહી આનંદ મંગલ, ઉદ્યમી ધર્મી કરે પ્રયાણ. ॥ ૮૨૬ ॥

ઉકાળે શું તે જગમાં જન્મી, જેમાં દમ નહીં દયાને દાન;
ઉકળે નહીં જે ક્રોધે માને, ઉકાળે સારૂં પામી જ્ઞાન. ॥ ૮૨૭ ॥

ઉકેલ તારૂં આત્મચરિત્રને, આજલગીની દશા તપાસ;
ઉકેલ પડશે તેથી સાચો, આત્મોન્નતિ સમજાશે ખાસ. ॥ ૮૨૮ ॥

ઉદ્યાન જ છે મનને આતમ, અંતરમાં ફરી જો એકવાર;
ઉજાણી કર !! આતમસુખની, રહિ ન મૈથુનકામ લગાર. ॥ ૮૨૯ ॥

ઉત્પન્ન જાવક સર્વને જાણી, વર્તે તે નહીં દુઃખી થાય;
ઉત્સુપ નિહાળે ગુણુની નિજમાં, સદ્ગુણી તે જગમાંહિ સુહાય. ॥૮૩૦॥

ઉત્તીર્ણ જ થાવો શિક્ષણમાં, ખંતોત્સાહ ધરી ઉલ્લાસ;
ઉલ્લાસી ઉત્તીર્ણ બને છે, કાર્યસિદ્ધિનો જો વિશ્વાસ. ॥ ૮૩૧ ॥

ઉજાસ, પ્રગટાવો ગુણગણનો, ઉજાસમાં સદ્બુદ્ધિ પ્રકાશ;
ઉહાપો કરનારા બનો નહીં, ઉમળકો શુભ પ્રગટાવો ખાસ. ॥૮૩૨॥

ઉમળકો આવ્યો જે શુભધર્મનો,-તે આચારે મૂકો !! ભવ્ય;
ઉમળકો અન્તર્નાદ જણાવે, તે સમજો સાચું કર્તવ્ય. ॥ ૮૩૩ ॥

ઉત્થાપન કરશો નહીં ધર્મનું, ધર્મોત્થાપન કરતાં પાપ;
ઉત્તરોત્તર જે ઉન્નતિશ્રેણિ, તેને પામો ધર્મસહાય. ॥ ૮૩૪ ॥

ઉપધિમાં મમતા મૂર્છાને—વારી ઉપધિ સંગે વર્ત !!;
ઉપાધિમાં નિઃસંગીદશા સ્મરી!, મુક્ત થવાની સાચી શર્ત. ॥૮૩૫॥

ઉપકરણોને સમજી વાપર !!, નકામી પરની ચિન્તા ત્યાગ !!;
ઉદાહરણ સારાં વાંચી લે, સુણીલે કર દિલ ધર્મનો રાગ. ॥ ૮૩૬ ॥

ઉખેડ દુર્ગુણનાં સહુ મૂળો, ઉચ્ચાપત કર નહીં પરદ્રવ્ય;
ઉસ્તાદોની શિક્ષાધારી, કરજે તારૂં સત્કર્ત્તવ્ય. ॥ ૮૩૭ ॥

ઉચ્છિષ્ટજ જે ભોગને ત્યાગ્યા, તેની વાંછાથી જે ભોગ;
ઉચ્છિષ્ટજ તે ત્યાગ્યું થતું, ઉમેરો કર!! ગુણમાં એ યોગ. ॥૮૩૮॥

ઉઠાં ભણાવો સ્વાર્થે અન્યને, તેથી સાચી શાંતિ ન થાય;
ઉઠાં ભણાવે કોઇ કળાએ, ત્યાં સાવધ રહો જાણો ન્યાય. ॥ ૮૩૯ ॥

ઉડાઉગીર વિચારપ્રવૃત્તિ,-કરનારાનો સંગ નિવાર !!;
ઉડાઉ થા ના વિવેકી થાજે, ગુણોની ઉત્પત્તિ નિર્ધાર. ॥ ૮૪૦ ॥

ઉલ્કાપાત સમો ગુરૂદ્રોહી, ધર્મસંઘદ્રોહી મહાપાપ;
ઉપજે એવા દ્રોહી જ્યાં ત્યાં, અવશ્ય પ્રગટે છે સંતાપ. ॥ ૮૪૧ ॥

ઉપનિષદો, નયસાપેક્ષાએ, અનેકાન્તથી જાણે જેહ;
ઉત્કર્ષજ નિજઆત્મગુણોનો, કરીને થાતો ગુણગણ ગેહ. ॥ ૮૪૨ ॥

ઉત્કૃષ્ટ જ સમ્યક્ત્વાદિક ગુણ, પ્રગટાવી લે આતમરાજ !;
ઉત્તરોત્તર ગુણસ્થાનક ચઢ ઝટ, આત્મસ્વભાવે મુક્તરાજ્ય. ॥૮૪૩॥

ઉકળી જા નહિં ઉછાંછળો થઇ, શકિતથી અધિક શિર ન ઉપાડ;
ઉજાળ જનની કૂખને કુલને, સગાં સંબંધી વેળા વાળ !!. ॥૮૫૮॥
ઉંચો નીચો માન ન નિજને, આતમ અગુરૂલઘુ છે આપ;
ઉચ્છ્વાસે શ્વાસે પ્રભુ સ્મર દિલ, સંતોના લેજે નહીં શાપ. ॥૮૫૯॥
ઉપલ કનકમાં સમભાવી જે, શત્રુ મિત્ર સમભાવી જેહ;
ઉંઘે પણ તે જાગતો જગમાં, ઉંઘવિષે લહે શાંતિ તેહ. ॥૮૬૦॥
ઉત્તરાધ્યયને છત્રીશ ઉત્તમ,-અધ્યયનો જગજન હિતકાર;
ઉત્તર પૂર્વ દિશિ મુખ કરીને, વાંચો પ્રગટે ધર્મ અપાર. ॥૮૬૧॥
ઉપાંગ બારને અંગ એકાદશ, દશપયન્ના છેદને ચાર;
ઉપયોગી દશ વૈકાલિક છે, અનુયોગદ્વારની દૃષ્ટિ અપાર. ॥૮૬૨॥
ઉપયોગી જૈનશાસ્ત્રો સઘળાં, મોક્ષાર્થીને હિત કરનાર;
ઉપાય, મુકિતના સહુ ભાખ્યા, ગુરૂગમે સમ્યગ્જ્ઞાન થનાર ॥૮૬૩॥
ઉદાસીન થઇ બેસી ન રહેવું, મૃત્યુ ભય તજી કર નિજ કાજ;
ઉદારદૃષ્ટિ ઉદારકૃત્યો, ઉત્તમશકિત છે સામ્રાજ્ય. ॥૮૬૪॥
ઉત્થાપીશ નહિ સત્ય ધર્મના,-આચારો ને સત્ય વિચાર;
ઉત્થાપીશ નહિ જૂનું સાચું, પૂર્વપુરૂષના શુભ વ્યવહાર. ॥૮૬૫॥
ઉપાધિયોથી મુકત થવાને, આતમ !! શુદ્ધસ્વરૂપ વિચાર;
ઉપાધિ જે જે અંશે ટળતી, તે તે અંશે ધર્મ છે સાર. ॥૮૬૬॥
ઉન્હાળો, ઉકળાટ એ બેથી, વૃષ્ટિ શાંતિ અવશ્ય થાય;
ઉષ્ણતા ઠંડી બે આગળને, પાછળ અનુક્રમે આવે જાય. ॥૮૬૭॥
ઉત્સવ-તે વ્રત તપ જપ સત્યતા, દયા દાન દમ સંયમ જ્ઞાન;
ઉત્સવ તે પ્રભુ સ્મૃતિ છે ક્ષણ ક્ષણ, ઉત્સવ તે પરમાર્થે પ્રાણ. ॥ ૮૬૮ ॥
ઉત્સવ તે પ્રામાણ્યપ્રવૃત્તિ, દુર્ગુણદુરાચારવિનાશ;
ઉત્સવ તે નિજદોષો જાણી, સુધારવાની વૃત્તિ ખાસ. ॥ ૮૬૯ ॥
ઉત્સવ તે સદ્‌ગુણીની સંગત, સાધુ સંતની સંગતિ બેશ;
ઉત્સવ,-ન્યાયને નીતિ રીતિ, દુર્વ્યસનોના હરવા કલેશ. ॥ ૮૭૦ ॥
ઉત્સવ તે નિર્દોષાનંદ છે, ઉત્સવ બાહ્યાંતર બહુ ભેદ;
ઉત્સવ તે શ્રદ્ધા પ્રીતિને, ઉદ્યમ ધરીને તજવો ખેદ. ॥ ૮૭૧ ॥

ઉપદેશોથી સુધરે લોકો, ઉપદેશક જો ગુણિયલ હોય;
ઉપદેશો છે અનેક જાતના, આત્મ શુદ્ધિકર તે શુભ જોય. ॥૮૭૨॥

ઉપદેશક થાવું મહાદુર્લભ, સદુપદેશક જગમાં અલ્પ;
ઉપદેશક,-તમોરજોગુણી બહુ, સત્ત્વગુણી છે સૌથી સ્વલ્પ. ॥૮૭૩॥

ઉપદેષ્ટા થા !! સત્ય ગુણોનો, સત્યકાર્યનો કરી ઉપદેશ;
ઉપદેષ્ટા થા પહેલાં પોતે, ગુણી બનીને રહે ન કલેશ. ॥ ૮૭૪ ॥

ઉપદેશક ગુરૂ ધર્મી ભક્તો,-ઉપર સર્વોન્નતિ આધાર;
ઉપદેશક ઉપદેષ્ટા સૌમાં, કેવલજ્ઞાની તારણહાર. ॥ ૮૭૫ ॥

ઉપદેશક થઇ સ્વાધિકારે, આપ્યાં મેં વ્યાખ્યાનો અનેક;
ઉપયોગી જે ધાર્મિક ગુણકર, સમજાવ્યો સહુજાત વિવેક. ॥ ૮૭૬ ॥

ઉપદેશો આપ્યા ઉપયોગે, ધર્મી કર્યાં બહુલાં નરનાર;
ઉપદેશો, નીતિ સદ્ગુણને, સત્કાર્યોના-કથ્યા અપાર. ॥ ૮૭૭ ॥

ઉન્નતિકર આત્મિકધર્મોની,-સેવાર્થે ઉપદેશ પ્રવૃત્તિ;
ઉપદેશો !! આતમ ! આતમને, આત્મશક્તિ પ્રગટાવો વ્યક્ત. ॥૮૭૮॥

ઉપદેશોથી લોકો ચેતે, દુર્ગુણ વ્યસનનો થાય વિનાશ;
ઉદય ઉન્નતિ ઉચ્ચપ્રવૃત્તિ, થાવે તેથી ઉન્નતિ ખાસ. ॥ ૮૭૯ ॥

ઉપદેશક જો !! અન્તરૂમાં નિજ, કેટલા તારામાં ગુણ દોષ;
ઉપદેશક જો તુજ અંતરૂમાં, તુજ વર્તનથી શો સંતોષ. ॥ ૮૮૦ ॥

ઉપદેશો છે જે તું સૌને, તે તારા આચારે મૂક !!;
ઉપદેશક સદ્વર્તન યોગી, રાખે નહીં નિજમાંહી ચૂક. ॥ ૮૮૧ ॥

ઉપદેશી મૌની ગુણધારી, બોલ્યા વણ આપે ઉપદેશ;
ઉપદેશક મૌની જગ ઝાઝા, સમજે તેના ટળતા કલેશ. ॥ ૮૮૨ ॥

ઉપદેશક મૌની જગ સઘળું, સર્વવસ્તુ આપે છે શીખ;
ઉપદેશક નિષ્કામી જ્ઞાની, સદ્ગુણી યોગે સાચી દીખ. ॥ ૮૮૩ ॥

ઉંધા જે સમજીને ચાલે, તેને લાગે નહીં ઉપદેશ;
ઉપયોગી અધિકારી જનના,-ઉપદેશોથી નાસે કલેશ. ॥ ૮૮૪ ॥

ઉંદર સરખા માનવો કપટે, ફુંકી ફુંકી ફોલી ખાય;
ઉંદરના ઉદ્યમ ઉત્સાહને,-કળાને લેતાં પ્રગતિ થાય. ॥ ૮૮૫ ॥

ઉશ્કેરો નહીં ધર્મીઓને, કરે જેથી તે અત્યાચાર;
ઉશ્કેરણી બૂરી સહુ ત્યાગો, જેથી ટળતા પાપાચાર. ॥ ૮૮૬ ॥
ઉગરી જવું પ્રભુમાં મન રાખી, પાપ રહિત કરતાં જ પ્રવૃત્તિ;
ઉગામ, નહીં અન્યોને દુઃખકર, શસ્ત્રાદિકને ત્યજ કુવૃત્તિ. ॥ ૮૮૭ ॥
ઉગાર !! આતમને પાપોથી, દુઃખીઓના પ્રાણુ ઉગાર !!;
ઉઘાડ !! અંતરજ્ઞાનનાં દ્વારો, કરી કદાગ્રહનો પરિહાર. ॥ ૮૮૮ ॥
ઉચકી લે તું ધર્મવિચારો, ઉચકી લે તું ધર્મનાં કાજ;
ઉચાટ ત્યજ !! તું જગમમતાનો, પ્રગટાવો દિલમાં પ્રભુરાજ્ય ॥૮૮૯॥
ઉચ્છેદન કર !! મોહનું જ્ઞાને, પાપીવૃત્તિયોને જ ઉચ્છેદ,
ઉછળો, પ્રભુભક્તિ રસરંગે, ધર સો જીવથી આત્મઅભેદ ॥ ૮૯૦ ॥
ઉડાવો જૂઠાં મોહનાં બંડો, ઉડ !! તું મુક્તિપ્રતિ સદાય;
ઉતરે જુવાની પૂર ચઢેલું, સમજી ત્યાગો સહુ અન્યાય ॥ ૮૯૧ ॥
ઉતારૂઓને સહાય કરી લે, દુઃખીઓને પાર ઉતાર;
ઉતાવળ કરીને પ્રભુ ભજી લે, મરતાં લાગે લેશ ન વાર. ॥ ૮૯૨ ॥
ઉત્તમપદને આતમ !! વરશો, મોહારિ સાથે કરી યુદ્ધ;
ઉત્તમ અરિહંત સત્તાએ તું, ચારિત્રે થાઓ જિનબુદ્ધ. ॥ ૮૯૩ ॥
ઉત્તર આપ !! તું સાચા સુખકર, જેથી અન્યો બને પવિત્ર;
ઉત્તરકાલમાં પ્રભુમય થઇને, જીવે એવું ધર ! ચારિત્ર. ॥ ૮૯૪ ॥
ઉત્તર ઉત્તર ગુણસ્થાનકની,-નિસ્સરણીપર કર !! આરોહ;
ઉદ્યમ કર ઉત્તીર્ણ થવાને, અંતરભાવે બની અમોહ. ॥ ૮૯૫ ॥
ઉત્તેજક થા વિશ્વલોકને, કષાય મુક્ત થવાને હેત;
ઉત્તેજન દે ગુણોનું સૌને, કર ઉત્થાન જ્યાં શિવસંકેત ॥ ૮૯૬ ॥
ઉત્થાપક થાઇશ નહીં ક્યારે, સારીવાતોને જગ થાપ;
ઉત્પાતો આવે ત્યારે તું, પ્રભુમાં પોતાનું મન છાપ. ॥ ૮૯૭ ॥
ઉત્સાહિત કર !! સર્વ જીવોને, દયા સત્યમાં ધરી ઉત્સાહ;
ઉત્સાહી થા !! પ્રભુને મળવા, પ્રભુમાં જીવનનો ધર ચાહ. ॥ ૮૯૮ ॥
ઉદય અસ્ત છે પુણ્ય પાપથી, સારૂં દેતાં બનો ઉદાર;
ઉદાસી ત્યાગી પ્રભુપ્રાપ્ત્યર્થે, યોગ્ય ધરો આચાર વિચાર ॥ ૮૯૯ ॥

ઉદ્યોજક થા ધર્માર્થે તું, ઉદ્યોગી થઇને તૈયાર;
ઉદ્વેગી થા નહીં સંકટમાં, પ્રભુ પ્રાર્થના કર !! સુખકાર. ॥ ૯૦૦ ॥

ઉધાર પાસું રાખ ન કિંચિત્, ધર્મની રોકડ સાચી ધાર;
ઉધારો કર નહીં એક પલકનો, સ્વોન્નતિ કરવા ધારો પ્યાર. ॥ ૯૦૧ ॥

ઉન્મત્તાઇ રાગ ને રોષે, તારામાં રહી કર ! ! તે દૂર;
ઉજ્જવલનો અભિમાન કરે શું, મોહ ટળતાં પ્રભુ હજૂર. ॥૯૦૨॥

ઉન્મની તે તુર્યાથી આગળ, આતમપ્રભુમાં ભેદ ન લેશ;
ઉન્મની-આત્મદશામાં પૂરણુ, શુદ્ધિ રહે ન રાગ ન દ્વેષ. ॥ ૯૦૩ ॥

ઉન્માર્ગે છે કે સન્માર્ગે ?, તજી ઉન્માદને સત્ય વિચાર;
ઉન્માદી થા નહીં પ્રભુ ભૂલી, અહંવૃત્તિ ઉન્માદ તે વાર. ॥ ૯૦૪ ॥

ઉન્મૂલન કર ! કામદશાનું, તીક્ષ્ણજ્ઞાન વૈરાગ્યથી ભવ્ય;
ઉપધિ અલ્પને ઉપકારક તે, ધર બીજું સહું પરિહર્તવ્ય. ॥૯૦૫॥

ઉપજ કયી ? જે ધર્મકાર્ય તે, સંવર નિર્જર ધર્મનાં કૃત્ય;
ઉપાદાન કારણુ મુક્તિનું, આત્મચરણુ સુજ્ઞાન છે સત્ય. ॥ ૯૦૬ ॥

ઉપદેશ્યા મેં ધર્મના બોધો, હજુ ઉપદેશ કરૂં છું એહ;
ઉપદેશોમાં દોષ થયો તો, માફી માગું છું ગુણગેહ. ॥ ૯૦૭ ॥

ઉપદ્રવોથી અકળાતો નહીં, શિક્ષકસમ શિક્ષાદાતાર;
ઉપનિષદોને સાપેક્ષાએ, વાંચી સમ્યગ્જ્ઞાન વિચાર. ॥ ૯૦૮ ॥

ઉપયોગી થા !! સર્વ જીવોની,-મુક્તિમાટે આતમ ભવ્ય;
ઉપયોગ, અંતરમાં આતમનો, રાખી કર ધાર્મિક કર્તવ્ય. ॥૯૦૯॥

ઉપયોગે જાગ્રત્ પ્રભુ જાણો, શુદ્ધાત્મસ્મૃતિ છે ઉપયોગ;
ઉપયોગે ઘટ પ્રકટ પ્રભુ છે, અનુપયોગે પોઢ્યા ભોગ. ॥ ૯૧૦ ॥

ઉપયોગ, મનનો શુભ અશુભ જે, શુદ્ધોપયોગ છે તેથી ભિન્ન;
ઉજ્જાગૃત જે આત્મદશા તે, આત્મોપયોગે રહેવું લીન. ॥૯૧૧॥

ઉપરી થા તું ધર્મકૃત્યમાં, ઉપરીપણું ધર્માર્થે શ્રેષ્ઠ;
ઉપરીપણું નહીં પાપમાં સારૂં, જેથી જવાય નરકે હેઠ. ॥ ૯૧૨ ॥

ઉપવાસોથી આતમશુદ્ધિ, થાતી નિષ્કામે કર !! જ્ઞાન;
ઉપવાસી થવું સર્વેચ્છાને,-ત્યાગી રાખી પ્રભુમાં ભાન. ॥ ૯૧૩ ॥

ઉપવાસી થઇ તું ઉપવાસી, અહંભાવ એવો પરિહાર;
ઉપવાસી સહુ વાસના ત્યાગી, ભાવથકી ઉપવાસી ધાર. ॥ ૫૧૪ ॥

ઉપશમભાવને વ્યક્ત કરો ઘટ, ક્ષયોપશમ દિલમાં પ્રગટાવ !!;
ઉપશમાવો સર્વ કષાયો, આત્મસ્વભાવે નિજને ભાવ ! ! ॥ ૫૧૫ ॥

ઉપસર્ગો પ્રગટે પ્રભુ ધ્યાતાં, ધર્મ કરંતાં હિંમત ધાર !!;
ઉપયોગી થઇ ઉપસર્ગોને, સહીને મુક્તિ વર ! નિર્ધાર. ॥ ૫૧૬ ॥

ઉપહારો તે પ્રભુ પ્રેમવણ, શુષ્ક નકામા મનમાં જાણ;
ઉપાધિથી ગણ !! ભિન્ન નિજાતમ, નિરૂપાધિપદમાં સુખ ખાણ.॥૫૧૭॥

ઉપાધ્યાય તે જ્ઞાની સદ્ગુરૂ, ધર્મશાસ્ત્રનો પાઠક જાણ;
ઉપાય એવા કરો કે જેથી, જન્મ મરણ નાસે દુઃખ ખાણ. ॥૫૧૮॥

ઉપાશ્રયોમાં મુનિ સંતોનો-,ધર્માર્થે થાવે છે વાસ;
ઉપાલંભ દે પાત્રને જોઇ, ઉપાસકો પ્રભુભક્તો ખાસ. ॥ ૫૧૯ ॥

ઉપાસના છે ત્રિવિધ સુખકર, સાત્વિકજ્ઞાનોપાસના બેશ;
ઉચ્ચદશામાં જાવા માટે, આત્મોપયોગી થાવ ! હમેશ. ॥ ૫૨૦ ॥

ઉભય પક્ષની વાત સુણીને, નિર્ણય કરે તો ભૂલ ન થાય;
ઉભય લોકમાં હિત સુખ ગુણને, પ્રગટાવો ત્યાગો અન્યાય. ॥૫૨૧॥

ઉભરો,-યોગ્ય ને ધાર્મિક સુખકર, પરમાર્થી તે કાઢો બહાર;
ઉમદા ગુણ ખીલવો નિજમાં ઝટ, તેમાં લેશ ન કરશો વાર. ॥૫૨૨॥

ઉમેદ ક્ષણ ક્ષણ ઉચ્ચ થવાની, રાખી કર !! ઝટ આતમશુદ્ધિ,
ઉમેર !! ગુણની શીલકમાંહી, પ્રતિદિન કર જ્ઞાનાદિક વૃદ્ધિ. ॥૫૨૩॥

ઉર, ધારો સાગર સમ ગંભીર, ઉરમાં સર્વે વાત સમાવ !!;
ઉલ્લંઘન કર નહીં શુભ શિક્ષા, ગુરૂઓની ભક્તિ મન લાવ. ॥૫૨૪॥

ઉલટથેર કર !! ધર્મની કરણી, લજ્જા ભીતિને તજી ખેદ;
ઉલ્લાસી થા સર્વપ્રસંગે, સુખદુઃખને સમભાવે વેદ. ॥૫૨૫॥

ઉલ્લૂબની કર નહીં નિજ અવળું, ઉલ્લેખો સુખકર ઉલ્લેખ !!;
ઉવેખ અન્યોના દુર્ગુણને, જ્યાં ત્યાં ગુણરાગે ગુણ દેખ. ॥૫૨૬॥

ઉશ્કેરો નહીં લોકને પાપે, ઉસ્તાદોની કરવી સેવ;
ઉંદર સમ થઇ કપટે અન્યને, ફુંકી ખાવાની ત્યજ ટેવ. ॥૫૨૭॥

ઉમર તારી ગાળ ! ! ન એળે, પ્રભુમાં રહીને કર વ્યવહાર;
ઉંડું છે-સેવાભક્તિ નીતિ, ક્રિયા જ્ઞાનને ધ્યાન વિચાર. ॥૯૨૮॥

ઉંઘ ન મુક્તિપંથમાં આતમ !!, ઉંઘથી સર્વથા થાય વિનાશ;
ઉંઘણશી બન નહીં મુજ આતમ, જન્મ્યો પ્રભુપદ લેવા ખાસ. ॥૯૨૯॥

ઉહાપોહ કર મુક્તિ માટે, સર્વકર્મથી છૂટવું મુક્તિ.
ઉજ્જાગ્રત્ લહી દશાને આતમ ! પ્રભુ પ્રગટાવો તનમાં યુક્તિ. ॥૯૩૦॥

ઉશ્કેરાઇ જવું ન સારૂં, ક્રોધાદિથી થાતી હાનિ;
ઉશ્કેરો સન્માર્ગમાં સૌને, જેથી પ્રગટે સુખને જ્ઞાન. ॥ ૯૩૧ ॥

ઉંઘ વેચીને ઉજાગરાને, લેવો તેમાં સાર ન કાંય;
ઉંઘ તે નિયમિત લેવી સારી, ઉંઘ છે ઉપયોગી સુખ છાંય. ॥ ૯૩૨ ॥

ઉગામતાં શસ્ત્રાદિક પૂર્વે, હાનિ લાભનો કરો વિચાર;
ઉગામતા શસ્ત્રાદિક જેઓ, અવિચારે તે દુઃખી થનાર. ॥ ૯૩૩ ॥

ઉચ્ચાપત કર નહીં તું ક્યારે, અન્યે મૂકી થાપણ જેહ;
ઉચ્ચાપત કર નહીં અન્યોની,-લક્ષ્મી જેથી સુખનો છેહ. ॥ ૯૩૪ ॥

ઉપનિષદો દશમૂળ છે સૌથી, પછી બીજીથી બની અનેક;
ઉપનિષદોની પૂર્વે વેદો, એવો રચના કાલ વિવેક. ॥ ૯૩૫ ॥

ઉપનિષદોને વૈદિક હિંદુ,-આર્યો માને છે હિતકાર;
ઉપનિષદ્‌માંથી સ્યાદ્વાદની,-દ્રષ્ટિએ સત્ય લેવું સાર. ॥ ૯૩૬ ॥

ઉપકારો વાળ્યા નહીં વળતા, સદ્‌ગુરૂના કોટિ ભવમાંહ્ય;
ઉપકારીના ઉપકારોને, જાણો વર્તો સુખ તેમાંહ્ય. ॥ ૯૩૭ ॥

ઋ.

ઋદ્ધિ ગાડી વાડી લાડી, કુટુંબ નોકર જે પરિવાર;
મરતાં કોઈ સાથ ન આવે, આતમ ચેતી લ્યો નિર્ધાર. ॥ ૯૩૮ ॥

ઋષિ મુનિવર સાધુ સેવો, ક્ષણ પણ સંતની સંગત થાય;
કોટિ ભવનાં કર્મો ટાળે, સાધુ સંગ કરો હિત લાય. ॥ ૯૩૯ ॥

ઋદ્ધિ, આતમની આતમમાં, જડમાં નહીં આતમની ઋદ્ધિ,
ઋદ્ધિ, આતમની છે તારી, તે સમ અન્ય ન કોય સમૃદ્ધિ. ॥ ૯૪૦॥

ઋષિ સતીને બાલક ભ્રૂણની, હત્યાથી છે અનંત પાપ;
ઋષિ સતીની હાયો લાગે; કુલનો ક્ષય પ્રગટે સંતાપ. ॥૯૪૧॥

ઋગ્વેદાદિ વેદજ્ઞો પણ, રાગે રોષે થાય ન મુકત;
ઋચાભણ્યા પણ મોહને ટાળો, મોહ ટળે જેથી તે સુકત. ॥૯૪૨॥

ઋદ્ધિ તેહ કમાયો સાચો, ધર્માર્થે કીધો ઉપયોગ;
ઋદ્ધિમંતા તે નહીં સાચા, સ્વાર્થે કરતા જેઓ ભોગ. ॥૯૪૩॥

ઋષિવર થાવા પવિત્ર મન કર ! !, પવિત્ર મનમાં પ્રગટે સત્યઃ
ઋષિ તે જ્ઞાન અહિંસા સત્યને, બ્રહ્મચર્ય ધારે શુભકૃત્ય. ॥૯૪૪॥

ઋષિ થવા તું સચ્ચારિત્રે, જ્ઞાને યોગે આતમ ! જાણ.
ઋષિ થતાં નહિ ઋદ્ધિ જોઈએ, અંતરૂમાં પ્રગટાવો જ્ઞાન. ॥૯૪૫॥

ઋષિયો ગૌતમ ગણધર આદિ, થયા જ્ઞાનીઓ જગવિખ્યાત;
ઋદ્ધિમંતા રાજાઓ પણ, ઋષિની આગળ તરણા માત્ર. ॥૯૪૬॥

ઋષભદેવ પહેલા તીર્થંકર, પ્રથમ જિનેશ્વર પ્રભુ ભગવાન્;
ઋષભદેવથી જૈનધર્મની,-પ્રવૃત્તિ થઈ છે સત્ય પ્રમાણ. ॥૯૪૭॥

ઋતુઓ ષટ્ છે વસંતઆદિ, ઋતુ ઋતુના છે સહુ ફેર;
ઋતુએ જેહ થવાનું હોય તે, થાતું તજો મિથ્યા અન્ધેર. ॥૯૪૮॥

ઋતુ આવંતાં ફલ પાકંતાં, સમય આવતાં ફલની સિદ્ધિ;
ઋતુ સમયના અજ્ઞાનીઓ, અધીરતાથી લહે ન ઋદ્ધિ. ॥૯૪૯॥

ઋજુતા ધારી મારા આતમ ! !, સ્વાધિકારે જગમાં વર્ત ! !;
ઋણ રાખીશ નહીં કર્મનું કિંચિત્, સંતપણાની એ છે શર્ત. ॥૯૫૦॥

ઋણી તે મોહી અજ્ઞાની છે, જડમાં ધારે સુખની આશ;
ઋણાનુબંધે લેવું દેવું, ખાવું પીવું લેવું ખાસ. ॥૯૫૧॥

ઋણથી મુક્ત બનો નિજ આતમ ! કર્મનાં દેવાં ચૂકવી સર્વ;
ઋષિ બન !! આત્મોપયોગે સાચો, રહે ન જેથી મનમાં ગર્વ. ॥૯૫૨॥

ઋષિ બન બાહ્યાંતરૂથી ત્યાગે, ત્યાગી સઘળા વિષય કષાય;
ઋષિદશામાં દાખ ન આમી, કાય છતાં પણ રહો અકાય. ॥૯૫૩॥

ઋષિદશામાં આતમ ! ! મારા, દર્શન જ્ઞાન ચરણ લય લાવ ! !;
ઋષિકુલમાંહી વાસ કરીને, અંતરૂમાં પ્રભુને પ્રગટાવ. ॥૯૫૪॥

ઋષિ તું આતમ !! સત્તાએ પ્રભુ, અનંત ગુણનો તું વિશ્રામ.
ઋષિપણું સમ્યક્ ચારિત્રે, પ્રગટાવો પૂર્ણાનંદરામ. ॥૯૫૫॥

એ.

એકસો ચાલીશ ઉપર મોટા,—નાના ગ્રન્થ રચ્યા હિતકાર;
એક ગ્રન્થ પણ શ્રદ્ધા પ્રેમે, વાંચે તે પામે ભવપાર. ॥૯૫૬॥

એકડા સાથે એકડો આવે, બે એકડે હોવે અગ્યાર;
એકડા પેઠે મળતાં સંપે, અનંત શક્તિ પ્રગટે સાર. ॥૯૫૭॥

એક્કો ત્યાં ટેકો છે પ્રભુનો, આતમ ઇશ્વર એકડે એક;
આતમ માયા બન્ને જોડે, બગડે, બે એ, ગ્રહો વિવેક. ॥૯૫૮॥

એકલો આતમ આવ્યો અંતે, એકલો પરભવમાંહી તે જાય;
એક હું આતમ જ્ઞાનાનન્દી, બીજું કોઈ ન મારૂં થાય. ॥૯૫૯॥

એક છે સાચો આત્મપ્રભુ જગ, ગુણપર્યાયે આતમ અનેક;
એવું સમજી આતમ ધ્યાવો, પરમાતમની ધારી ટેક. ॥૯૬૦॥

એશિયા ખંડમાં આત્મજ્ઞાનને, આળસ ઇર્ષ્યા એશઆરામ;
અતિથિસેવા, ભક્તિ, સદ્ગુણ, આર્યપણાનો સદ્ગુણ કામ. ॥૯૬૧॥

એકડા સરખું સમ્યગ્દર્શન, બગડા સરખું આતમ જ્ઞાન;
એક શુદ્ધ ચારિત્ર તે તગડો, ત્રણ્ય મળે મુક્તિ નિર્વાણ. ॥૯૬૨॥

એકાતમને જેણે જાણ્યો, તેણે સહુ જાણ્યો સંસાર;
એકછે દેહમાં આત્મપ્રભુજી, અનંત સુખ જ્ઞાની નિર્ધાર. ॥૯૬૩॥

એકાન્તે જંગલ કોતરમાં, આત્મજ્ઞાનથી કીધું ધ્યાન;
એક વપુસ્થિત આતમ ભાવ્યો, સત્તાએ જે છે ભગવાન. ॥૯૬૪॥

એકાન્તવાદી દર્શન ધર્મી, મિથ્યાત્વે અજ્ઞાની ગણાય;
એકાનેક નયોની સઘળી, સાપેક્ષાએ જ્ઞાની થાય. ॥૯૬૫॥

એકી વખતે સર્વ ન થાતું, હળવે હળવે કાર્યો થાય;
એકી વખતે સર્વે કરતાં, મૃત્યુ દુઃખકારજ વિણસાય. ॥૯૬૬॥

એક હું આતમ ચિદાનંદમય, જડ પુદ્ગલથી ન્યારો નિત્ય;
એકત્વભાવના ભાવો આતમ !! તેથી થાશો પૂર્ણ પવિત્ર. ॥૯૬૭॥

એકલો જન્મ્યો એકલો જાયશ, કર્મ શુભાશુભ સાથે થાય;
એવું સમજી આતમ ચેતો, જ્ઞાનને ધ્યાન સમાધિ ઉપાય. ॥૯૬૮॥

એકાન્તવાદી, પક્ષને પકડી, કરે દર્શનની તાણાતાણ;
એકાન્તવાદે કરતો કર્મની-વૃદ્ધિ સમ્યગ્ લહે ન જ્ઞાન. ॥૯૬૯॥

એકાન્તવાદી એકેક નયનું,-દષ્ટિ બિંદુ માને સત્ય;
એક બીજાનું ખંડન મંડન, શુદ્ધ કરે એકાન્તે કૃત્ય. ॥૯૭૦॥

એકડો એકો, એક્કો ગણવો, સર્વ જીવો નિજ સરખા એક;
એવું ભણવું ગણવું કરવું, જેથી પ્રગટે સત્ય વિવેક. ॥ ૯૭१ ॥

એવું બોલ ને એવું કર!! જીવ!!, એવા કર મન સત્ય વિચાર;
એક તું શુદ્ધ બની સુખ પામે, તરે અને તારે નરનાર. ॥૯૭૨॥

એક ભૂલ થઇ જાય તો રો' બહુ, જેથી બીજી ભૂલ ન થાય;
એક જો નિશ્ચય અંતર્ પ્રગટે, તેની સિદ્ધિ થાય સહાય. ॥૯૭૩॥

એકવાર જો ચઢતે ભાવે, દેવાયું જો સુપાત્રદાન;
એકનું ફલ તો કોટિ ગણું ત્યાં, થાતું એવું નિશ્ચય માન. ॥૯૭૪॥

એકાંતે જો એકવાર પણ, પાપનો થાવે પશ્ચાત્તાપ;
એકાણું ભવ કીધાં પાપો, ટળતાં મળતો ત્રિભુવન બાપ. ॥૯૭૫॥

એકાંતે જો!! તુજ કર્મોને, પાપ પુણ્ય કર્મોને દેખ!!;
એકાંતે પ્રભુ પ્રાર્થના કરતાં, પ્રભુ ઝાંખી અંતરમાં પેખ. ॥૯૭૬॥

એક બીજાઓનું ભલું કરવું, સર્વ પ્રજાઓ જ્યાં છે એક;
એક પ્રભુ ત્યાં ખીલી ઉઠે, ચડતીની ત્યાં વાગે ટેક. ॥૯૭૭॥

એકડે એકો, બેએ બગડે, એક મતે જય સિદ્ધિ થાય;
એકની આજ્ઞા ત્યાં જયલક્ષ્મી, બે મતથી શક્તિ વિણસાય. ॥૯૭૮॥

એક દેવને એક ગુરૂથી, એક પતિ પત્નીથી સુખ;
એકથી બે જ્યાં પડ્યા મતો ત્યાં, ફાટફૂટ ને પ્રગટે દુઃખ. ॥૯૭૯॥

એકી વખતે અનેક કાર્યો, કરે તે પ્રભુ સમ છે અવતાર;
એક અનેક છે આત્મપ્રભુથી, સમજે તે પામે સુખ સાર. ॥૯૮૦॥

એકદીલી ત્યાં મેળ પરસ્પર, આતમદેશી મળે સુખ થાય;
એક નજરથી પ્રભુને દેખો, જેથી પ્રભુ પદ સિદ્ધિ સુહાય. ॥૯૮१॥

એકનિષ્ઠ રહો પ્રભુમાં આતમ !!, એક માર્ગી થા !! પ્રભુનો ભક્ત;
એકલપેટો સ્વાર્થી થા નહીં, એકલવાયો છે તું સંત. ॥૯૮૨॥

એકલો આવ્યો એકલો જાઈશ, અંતે તો તું એકનો એક;
એકમાં અનેક ને અનેકમાં એક, સમજી સાચો કરો વિવેક. ॥૯૮૩॥

એક વખત જો પ્રભુની ઝાંખી, અંતર્ પ્રગટે તો ભવપાર;
એક વખત જો સમકિત પ્રગટે, મુક્તિ એકડો નક્કી થનાર. ॥૯૮૪॥

એક સરીખા મળતા આવે, જ્યાં ધાર્મિક આચાર વિચાર;
એકતા વ્યવહારે ત્યાં રહેતી, સંઘ શક્તિ ત્યાં વધે અપાર. ॥૯૮૫॥

એકાએક બને અણધાર્યું, સારૂં ખોટું સુખ દુઃખકાર;
એવું ત્યાં કર્મોદય ભાવી,–ભાવ–પ્રબલતા નિશ્ચય ધાર. ॥૯૮૬॥

એકાકી તું ધ્યાન સમાધિ–ભાવમાં રહીને નિશ્ચય લાવ !!;
એકાકી થઇ એક નિજાતમ–પ્રભુને શુદ્ધ કરી પ્રગટાવ !!. ॥૯૮૭॥

એકાગ્રતાએ પ્રભુને ધ્યાવો, સંત મળે ત્યાં એકાકાર;
એકાદશ અંગોને જાણો, બાર ઉપાંગને ગુરૂગમ ધાર !!. ॥૯૮૮॥

એકી કરી વ્યવહારે વર્તો, શુદ્ધપ્રેમ તે અદ્વૈતભાવ;
એકાત્મારૂપ પ્રેમે થાવું–અદ્વૈતભાવના એવા લ્હાવ. ॥૯૮૯॥

એકીવારે બધુ ન થાવે, અનુક્રમે સહુ કાર્ય સધાય;
એક્કો થા સહુ શુભ કાર્યોમાં, પ્રભુમાં એક્કો તે પ્રભુ થાય. ॥૯૯૦॥

એંઠું સહુ પુદ્ગલના ભોગો, એઠું જૂઠું કામના ભોગ;
એકાંતે પ્રભુ ધ્યાન ધરીને, પ્રભુની સાથે ધારો યોગ. ॥૯૯૧॥

એકાંતવાસી સાધુ સંતો, જ્ઞાનીને સારી એકાંત;
એકાંત બૂરી છે મોહીને, સમજી ટાળો જૂઠી ભ્રાંત. ॥૯૯૨॥

એવું બોલને એવું કરજે, જેથી દુઃખો સહુ વિણસાય;
એવું બોલ ન એવું કર નહીં, જેથી વૈરિયો પ્રગટાય. ॥૯૯૩॥

એવું ચિંતવ !! મનમાં પ્રતિદિન, જેથી આતમશુદ્ધિ થાય;
એકાંતે કર !! આત્મનિરીક્ષણ, કર્યું શું તેનો કર મન ન્યાય. ॥૯૯૪॥

એકલપેટો થા નહીં આતમ !!, લે સઘળાના શુભમાં ભાગ;
એકલપેટા સ્વાર્થી લોકો, પામે નહીં મુક્તિ ને ત્યાગ. ॥૯૯૫॥

એકાંત જ છે જ્ઞાની સંતને, પૂરી કર્મ ખપાવણકાજ;
એકાંત જ છે મૂર્ખને ભૂરી, ગોદીની રહેતી નહીં લાજ. ॥ ૯૯૬ ॥
એકલવાયા અજ્ઞાનીઓ, ના કોઈ સાધુ સંત ફકીર;
એકલવાયા સાશ ભૂરા, નબળા કે કે મોટા વીર. ॥ ૯૯૭ ॥
એવંભૂતનયાપેક્ષાએ, સર્વકર્મના નાશે મુક્તિ;
એવી રીતે નૈગમ આદિ,-નયોથી જાણો મુક્તિ યુક્તિ. ॥ ૯૯૮ ॥
એ પણ જાશે આ પણ જાશે, એકીલો આતમ તું જાણ;
એક આતમા પ્રભુને મૂકી, જડ જગમાં મુંઝે અજ્ઞાન. ॥ ૯૯૯ ॥
એકતારો નિજતારં વગાડી, કહે પ્રભુથી થા એકતાર;
એકતાર આતમ પ્રભુ સાથે, લાગે તો સુખ શાંતિ અપાર. ॥૧૦૦૦॥
એકાગ્રવૃત્તિ જો પ્રભુ સાથે, થઈ તો તે જાણો એકતાર;
એકાગ્રવૃત્તિ તે પ્રભુમાંહી. ભક્તિ સાચી છે સુખકાર. ॥૧૦૦૧॥
એકઘડી સુધીયે પણ પ્રભુની,-સાથે લાગે જો એકતાન;
એકડો મુક્તિ થવાનો નક્કી, યાતો પ્રગટે આત્મજ્ઞાન. ॥૧૦૦૨॥
એકરંગ જો દેવગુરૂથી,-લાગ્યો તો દુઃખ સર્વે જાય;
એકાંતે જો !!! તુજ વર્તનને, જેથી દુર્ગુણ દોષ વિલાય. ॥૧૦૦૩॥
એરંડો જગમાં ઉપયોગી, દસ્તાદિકે ઉપયોગી હોય;
એરંડો પણ વૃક્ષાભાવે, વૃક્ષ સરીખો શોભે જોય. ॥૧૦૦૪॥
એળીયો, પેટના દુઃખને હરતો, એના જેવો બનજે ભવ્ય;
એળીયા સરખો ગુણ કરવાને, કરજે આતમ !! શુભ કર્તવ્ય. ॥૧૦૦૫॥
એલચીનો શુભવાસ છુપાયો, છૂપે નહીં સમજો નરનાર;
એલચી સરખા સદ્ગુણી લોકો, છૂપાયા નહીં રહે લગાર. ॥૧૦૦૬॥
એકના ઉપર એક સવાશેર, દુનિયામાંહી લોકો દેખ;
એકથી એક ચઢે છે જગમાં, તજી અહંતા નજરે પેખ. ॥૧૦૦૭॥
એક બીજાનો મત ન મળે જ્યાં, ગમે નહીં આચાર વિચાર;
એકતા મેળ રહે નહીં ત્યાં તો, અનેકમતિયા જીવો ધાર. ॥૧૦૦૮॥
એકવાર સમકિત ગુણ પ્રગટે, તો પછી મુક્તિ એકડો થાય;
એકડે એક જે ભણવું તે તો, સમકિતની પ્રાપ્તિ કહેવાય. ॥૧૦૦૯॥

એક ઘડી મીનીટ પલની પણ, ગીતાર્થ સંતની સંગત થાય.
એક નિજાતમ મુક્તિ સન્મુખ, ડગલું ભરતો મુક્તિ જાય. ॥૧૦૧૦॥
એષણાસમિતિ, જૈન શાસ્ત્રમાં, દ્રવ્ય ભાવથી ભાખી બેશ;
એષણા સમિતિએ અનગારો, ગ્રહી આહારને ટાળે કલેશ. ॥૧૦૧૧॥
એકેન્દ્રિયાદિ જીવો સઘળા, નિજ આતમસમ જ્ઞાને દેખ !! ;
એકેન્દ્રિયાદિ સર્વ જીવોની,—દયાને કરી તજ હિંસા દ્વેષ. ॥૧૦૧૨॥
એકવાર જીવ સમકિત પામ્યો; તો તે થાતો અવશ્ય સિદ્ધ;
એકવારના સમકિત માંહી, અંતર્મુહૂર્તમાં એહ સમૃદ્ધ. ॥૧૦૧૩॥
એકવાર જો કરી પ્રતિજ્ઞા, તો તે ધૈર્ય ધરીને પાળ;
એક પ્રતિજ્ઞા પાળ્યાથી ઘટ,—માંહી શક્તિ વધે તત્કાલ. ॥૧૦૧૪॥
એકવાર છે પ્રેમથી લગ્ન જ એકવાર બોલે છે ભૂપ;
એકવાર બોલે છે સંતો, નહીં તો સંતને સારી ચૂપ. ॥૧૦૧૫॥
એકવાર જે બોલી ફરતો, નહીં પ્રમાણિક તેહ ગણાય;
એક્કો જ્યાં ત્યાં સુખને શાન્તિ, એક્કામાંહી શક્તિ સદાય. ॥૧૦૧૬॥
એકી વખતે આટો ફાકવો, ભસવું એ બે કાર્ય ન થાય;
એકી વખતે શત્રુ મિત્રની,—સાથે એકતા નહીં સુહાય. ॥૧૦૧૭॥
એકાદશી તપ મહિમા ભારી, એકાદશીએ એકયને ધાર;
એક અનેક નિજાતમ જાણો, દ્રવ્યને પર્યાયે જ વિચાર. ॥૧૦૧૮॥
એકને અનેકમાંહી સમાવો, અનેકને એકમાંહી સમાવ !!;
એક અનેક સ્વરૂપી આતમ, એકત્વે પ્રભુ ધ્યાન લગાવ !!!. ॥૧૦૧૯॥
એકથી એક સવાશેર જગમાં, અભિમાની તો થાવું ફોક;
એક એકથી ચઢિયાતા જન, જગમાં છે મન ગર્વને રોક!!. ॥૧૦૨૦॥
એકડે એક્કો બેથી બગડે, ત્રણ્ય મળેથી તગડો થાય;
એકડા તગડા વચ્ચે બગડો, વચલી અવસ્થા બૂરી જાય. ॥૧૦૨૧॥
એકડો એકો, પ્રભુનો લાગુશો, કર્મ વિના થા !!! આતમ એક;
એકડો એકો શ્રદ્ધા ટેકો, રાખો દુનિયામાંહી નેક. ॥૧૦૨૨॥
એકડા વિણ મીંડાં સહુ મિથ્યા, આતમ વિના તનુ મિંડું જાણ;
એકાતમ પર્યાં સર્વે સાથે. રહેતો તેની કિંમત માન. ॥૧૦૨૩॥

એક દિન રાજા એક દિન રંક તું, એક દિન શાતા એક દિન દુ:ખ;
એક દિન ધનવંત એક દિન નિર્ધન,એક દિન ભીખથી ભાગે ભૂખ.૧૦૨૪
એકદિન જન્મ ને એકદિને મરવું, એકદિન કીર્તિને ધિક્કાર;
એકદિન ઉંચો નીચો એકદિન, એકદિન જાવું સૌનું ધાર ।।૧૦૨૫।।
એકદિન હસવું એકદિન રોવું, સઘળા સરખા દિવસો ન જાય;
એકલો આવ્યો એકલો જાઇશ, પ્રભુ ભજ્યા વિણ શાંતિ ન થાય.।।૧૦૨૬।।
એક દિન નામને રૂપ ન જગમાં, અનેકમાં પણ એકલો એક;
એવું સમજી આતમ ચેતો !!, પ્રભુ શ્રદ્ધા પ્રીતિ ધરી ટેક. ।।૧૦૨૭।।
એકવીશમી સદીમાંહી થાશે, યુગપ્રધાનો મોટા ચાર;
એક એકથી મહા ચઢીયાતા; જૈનજગત શાસન જયકાર. ।।૧૦૨૮।।
એકવીશમી સદીમાંહી એશીયા, બળ કળ બુદ્ધિથી સ્વાતંત્ર્ય.
એક્કો કરી મેળવવા માટે, સજ્જ થશે ધરી યંત્રને તંત્ર. ।।૧૦૨૯।।
એકવીશમી સદી અનેક રીતની, સંક્રાન્તિથી થશે પસાર;
એકને અનેક ભૂલાવે એવી, રીતિનું પરિવર્તન ધાર. ।।૧૦૩૦।।
એકવીશમી સદિમાંહી દેશો, એક એકથી થવા ચઢીયાત;
એક બીજાની સ્પર્ધાથી તે, યુદ્ધો કરશે અનેક જાત. ।।૧૦૩૧।।
એદી થા નહીં અરે ! આતમા, એશઆરામે ભૂલી ન સત્ય;
ઐહિક જડ સુખમાં નહીં રાચો, આતમ કરી લે સારાં કૃત્ય.।।૧૦૩૨।।
એંશી વર્ષની થતાં ઉંમર પણ, વૃદ્ધો અજ્ઞાને છે બાલ;
આઠ વર્ષનો જ્ઞાની બાલક, સત્ય વૃદ્ધ કરજે મન ખ્યાલ. ।।૧૦૩૩।।

ઐ.

ઐતિહાસિકદૃષ્ટિ ન પહોંચે, એવો તું છે અનાદિ અનંત;
ઐચ્છિક સુખ છે મનના જૂઠાં, આતમ સુખ છે સદા સ્વતંત્ર.।।૧૦૩૪।।
ઐશ્વર્યે ફૂલાશો નહીં મન, જાણો નદીના પૂર સમાન;
ઐક્ય કરો શુભ કાર્યમા સઘળાં,-ઐક્યથી શક્તિ મળે મહાન્.।।૧૦૩૫।।
ઐક્ય કરી નિજઆતમથી પ્રભુનું, જીવો !!! પ્રભુમયજીવને એહ;
ઐક્ય જ્યાં એવું ત્યાં પ્રભુ પ્રગટે. જીવંતા નિજ આતમ વિદેહ. ।।૧૦૩૬।।

એંઠ ! અનંતીવાર તેં ખાધી, પર પુદ્‌ગલની ભૂલી ભાન;
એંઠ ! અનંતા જીવની છંડી, ખાધી રહ્યું નવ તારૂં માન.॥૧૦૩૭॥

ઐકય છે વિચાર પ્રકૃતિ મેળે, ઐકય ન સ્વભાવે ભેદ જ્યાં હોય;
ઐકય ન ધર્મ પરસ્પર ભેદે, જૂઠ ત્યાં ઐકય ન સાચું જોય.॥૧૦૩૮॥

ઐકય ન દુનિયાદારીમાંહી, બાલજીવોનું સ્વાર્થે થાય;
ઐકય ન સ્વાર્થ જ્યાં જૂદા જૂદા, ઐકય ન દેશના ભેદે સદાય. ॥૧૦૩૯॥

ઐકય ન જાતિસ્વભાવથી જ્યાં ત્યાં, ઐકયના સર્વઉપાયો ફોક;
ઐકય ન કાળા ગોરાઓનું, વર્ણમોહ ત્યાં પડતી પોક. ॥૧૦૪૦॥

ઐકય છે દેશના મોહને ત્યાગે, ધર્મમોહ ત્યાગે જ સદાય;
ઐકય છે જ્ઞાની ત્યાગીઓને, અભેદદશામાં તે પ્રગટાય. ॥૧૦૪૧॥

ઐકય ન સબળા નબળાઓનું, જાતિસ્વભાવે જ્યાં છે વૈર;
ઐકયના નામે સંઘની શકિત, સારામાં વપરાય તો લ્હેર. ॥૧૦૪૨॥

ઐકયના નામે સંઘશક્તિનો, દુષ્ટયોગ જો જગમાં થાય;
ઐકય તે નરક સમું દુઃખકારી, અન્યલોકનું જીવન જાય. ॥૧૦૪૩॥

ઐકય જ્યાં આત્મનું પ્રભુ થકી છે, ત્યાં જગથી પણ ઐકય સુહાય;
ઐકય, પ્રભુ જગ જીવો સાથે, એવું ઐકય ત્યાં પ્રભુ પ્રગટાય.॥૧૦૪૪॥

ઐકય જે સાત્ત્વિક તે જગ સારૂં, સાત્ત્વિક ઐકયમાં પ્રભુ પ્રત્યક્ષ;
ઐકયમાં સંઘની શકિતઓ છે, સાત્ત્વિક ઐકય કરો શુભ દક્ષ. ॥૧૦૪૫॥

ઐકયમાં જ્ઞાનની વ્યાપકતા છે, સેવાભક્તિ વ્યાપક થાય;
ઐકયમાં સ્વાર્પણતાને સહવું, અન્યોમાટે જીવ્યું જાય. ॥૧૦૪૬॥

ઐકયમાં ત્યાગ ઉદારપણું છે, સ્વતંત્રતા સુખનો પણ ભોગ;
ઐકયમાં નામને રૂપની સુખની,–વાસનાત્યાગનો પ્રગટે યોગ ॥૧૦૪૭॥

ઐકય થતું જ્ઞાને સુખકારી, અજ્ઞાનીઓ ઐકય ન પાય;
ઐકય જે તામસ રાજસ ખોટું, સામાઓને દુઃખ જ્યાં થાય. ॥૧૦૪૮॥

ઐકય ન ધર્મના ભેદે થાતું, ભિન્નધર્મીમાં રહેતો ભેદ;
ઐકય ન જાતિ સ્વભાવથી, ભેદી,–ઓમાં વર્તે સ્વભાવે ખેદ. ॥૧૦૪૯॥

ઐકય ન ભિન્ન સ્વભાવે થાતું, ઐકય ન ભિન્નાચારે થાય;
ઐકય ન જ્યાં મન મેળ મળે નહીં, પ્રેમભિન્ન ત્યાં ઐકય ન ક્યાંય ॥૧૦૫૦॥

ઐક્ય છે શુભ કર્મોના સાગ્યે, ઐક્ય છે સરખા સ્વાર્થે જાણ;
ઐક્ય છે સરખે સરખાઓનું, ઐક્યજનક છે પ્રેમને જ્ઞાન. ॥૧૦૫૧॥
ઐક્ય ત્યાં શ્રદ્ધા પ્રેમ સ્વાર્થ જ્યાં, ઐક્ય જ્યાં સ્વભાવે મળતું થાય;
ઐક્ય ત્યાં બળશક્તિ ને જીવન, ઐક્ય બળે જગમાં છે ન્યાય. ॥૧૦૫૨॥
ઐક્ય વિના આર્યો જગ હાર્યા, એકતા વણ જૈનોનો હ્રાસ;
ઐક્ય વિના મુસ્લીમો હાર્યા, હિંદીઓનો થતો વિનાશ. ॥૧૦૫૩॥
ઐક્યથી બ્રીટીશો જય પામ્યા, હિંદુસ્થાનનું પામ્યા રાજ્ય;
ઐક્યથી બ્રિટીશ ફ્રાન્સે હાલમાં, પોતાનું રક્ષ્યું સામ્રાજ્ય. ॥૧૦૫૪॥
ઐક્યથી જાપાનીસો જીત્યા, ચીનાઓ પામે છે હાર;
ઐક્ય જે આવશ્યક તે કરવું, ઉપાયો કરીને જ હજાર. ॥ ૧૦૫૫ ॥
ઐક્ય થશે જબ હિંદીઓનું, તબ હિંદીઓનું સામ્રાજ્ય;
ઐક્યને આત્મસમર્પણ શક્તિ, એ ત્રણથી જગ રહેતી લાજ. ॥૧૦૫૬॥
ઐક્ય જો હિંદીઓનું વ્યવસ્થિત, નીતિ રીતિથી જગ જાય;
ઐશ્વર્ય જ તો તેઓ પાસે, સહેજે આવે ઘરમાં ન્યાય. ॥ ૧૦૫૭ ॥
ઐક્ય જો દેહનાં સહુ અંગોનું, ઇન્દ્રિયોનું તો જીવાય;
ઐક્ય વિના દેહી નહીં જીવે, પિંડે બ્રહ્માંડે સમ ન્યાય. ॥ ૧૦૫૮ ॥
ઐક્ય વિના લઘુ કર્મી કોમો, મોટી કોમોથી જ હણાય;
ઐક્યને બળ કળ બુદ્ધિ પ્રતાપે, જીવોથી જગમાં જીવાય ॥૧૦૫૯॥
ઐક્ય તે જીવંતી શક્તિ છે, સ્વાર્થભેદથી ઐક્ય હણાય;
ઐક્ય ન અજ્ઞાની સ્વાર્થીમાં, ઐક્ય ત્યાં ગુલામભાવ ટળાય. ॥૧૦૬૦॥
ઐહિક ઐચ્છિક સર્વ પામવા, ઐક્ય સમો નહીં મંત્ર ને યંત્ર;
ઐક્ય, પ્રભુની શક્તિ પુણ્ય છે, ઐક્ય સમો નહીં મોટો તંત્ર. ॥૧૦૬૧॥
ઐક્ય જો જ્ઞાનીગુરૂથી થાતું, તો આતમનિજ ગુરૂપદ પાય;
ઐક્ય જો પ્રભુશ્રી અંતર્ પ્રગટે, આતમ પ્રભુસ્વરૂપી થાય. ॥૧૦૬૨॥
ઐક્ય જો સાત્વિક પ્રેમે થાવે, પ્રભુથી તો ઘટમાં છે સ્વર્ગ;
ઐક્ય જો પરાથી પ્રભુમાં થાવે, આતમ પામે છે અપવર્ગ. ॥૧૦૬૩॥
ઐક્ય જે પ્રેમે તમોરજોગુણી, તેનો અંતે થાય વિનાશ;
ઐશ્વર્ય જ જે તમો રજોગુણી, અંતે તેનો થાવે હ્રાસ. ॥૧૦૬૪॥

ઓ

ૐ અર્હંમહાવીર પ્રભુનો,-જાપ જપો જ્ઞાને નરનાર;
ૐ જ્ઞાને આતમને કરવો, પરમાતમરૂપી નિર્ધાર. ॥૧૦૬૫॥
ઓછું, અધિકું બોલ ન ચેતન, ઓછું અધિકું તોલ ન તોલ;
ઓછું પાત્ર તે દુર્જનતાને, ધારે બોલે નીચા બોલ. ॥૧૦૬૬॥
ઓઠું લે જીવ ! ! ધર્મીસંતનું, ઓળંગો નહીં સત્યના પન્થ;
ઓળખી લે સારૂંને ખોટું, ઓળવ નહીં સદ્‌ગુરૂ સુ ગ્રન્થ. ॥૧૦૬૭॥
ઓચિંતો ઝટ કાળ ઝપટશે, માટે ચેતો ઝટપટ જીવ !!;
ઓઘડમાર્ગ છે મોહનો ભૂરો, ત્યાગી થાશો જીવના શિવ. ॥૧૦૬૮॥
ઓળો તનનો તેવી માયા, ઓટને ભરતી કર્મે થાય;
ઓપે નહીં સદ્‌ગુણ વણ માનવ, ઓકી જશો નહીં બોલ્યું ન્યાય. ॥૧૦૬
ઓશિયાળું જીવન નહીં ગાળો, પરાશ્રયી બનીને પરતંત્ર;
ઓછું ન અધિકું મનમાં માનો, પુદ્‌ગલ ઋદ્ધિથી ગુણવંત. ॥૧૦૭૦
ઓકી જશો નહીં સદ્‌ગુણ પામ્યા, ઓકી જશો નહીં વિદ્યાજ્ઞાન;
ઓકીને જે પાછા ભોગવે, ભોગો, તે જગમાં હેવાન. ॥૧૦૭૧॥
ઓઠું ન લેશો પડતા વાતે, પડતાઓનું નરને નાર;
ઓઠું લેશો ચડતાઓનું, તેથી સદ્‌ગુણ પામો સાર. ॥૧૦૭૨॥
ઓશિંકુ મૂકીને સૂવે, ભૂલે નિજ કર્તવ્યનું ભાન;
ઓડકાર પ્રગટે અધિકું ખાવે, રોગ થકી પણ તે અજ્ઞાન. ॥૧૦૭૩॥
ઓળખો પરિચય કરીને જનને, નહીં ઓળખતાં સંગ જો થાય;
ઓછી અધિકી થાય વિપત્તિ, ઓળખી સંગ કરે સુખન્યાય ॥૧૦૭૪॥
ઓળી આશ્વિન ચૈત્ર માસમાં, નવ દિન આંબિલતપ છે બેશ;
ઓળી કરતાં તન મન સાત્ત્વિક, થાવે નાસે દુર્ગુણ ક્લેશ. ॥૧૦૭૫॥
ઓછું આપી અધિકું લે નહીં, લોભે નીતિને નહીં ત્યાગ;
ઓતપ્રોત પ્રભુ સાથે થઇ જા, ઓળખી શત્રુમિત્ર બે જાગ; !!! ॥૧૦૭૬॥
ઓળવ નહીં ઉપકારી ગુરૂને, ઓળવ નહીં પરનો ઉપકાર;
ઓળવ નહીં પર થાપણ મૂકી, ઓળવ નહીં જે સત્યવિચાર ॥૧૦૭૭॥

ઓગણીશ છપ્પન સાલમાં પડિયો, હિંદાવચે મહારૌરવકાલ,
ઓગણીશ અઠ્યોતરમાં મુજગુરૂ,સ્વર્ગ વિષે પહોંચ્યા હિતકાર. ॥૧૦૭૮॥
ઓગણિશ બત્રીશ શિવરાત્રીમાં, જન્મ થયો મુજ દેહનો જાણ,
ઓગણિશ સત્તાવન માગશર સુદિ, છઠ્ઠે મુનિદીક્ષા અહી માન.॥૧૦૭૯॥
ઓગણિસ સિત્તર માગશિર પુનમ, પેથાપુરમાં સૂરિપદ યોગ;
ઓગણિશ નેવું લગભગ સાલે, યુગ પ્રધાનનો જન્મપ્રયોગ.॥૧૦૮૦॥
ઓગણીશ અઠ્યોત્તરમાં સ્વર્ગે, સુખસાગર ગુરૂ ગયા જ મુજ;
ઓગણિશ અડતાલીસના સાલે,મુજને થૈ જૈન ધર્મની સૂજ. ॥૧૦૮૧॥
ઓગણિશ ચોપન જેઠવદિમાં, એકાદશીને આદિત્યવાર;
ગુરૂ રવિસાગર સ્વર્ગ પધાર્યા, મારા ઉપકારી નિર્ધાર. ॥૧૦૮૨॥
ઓળખ તું આતમ ! નિજને ઘટ, કેવું તારૂં સ્વરૂપ જાણ;
ઓળખ ક્યાંથી આવ્યો ને ક્યાં,-જાઇશ તારો કેવો પ્રાણ.॥૧૦૮૩॥
ૐ અર્હં મહાવીર જિનેશ્વર, ચોવીશમા તીર્થંકર દેવ;
ૐ અર્હં પરમેશ્વર ત્હારી, શુદ્ધ પ્રેમથી કરૂં હું સેવ. ॥ ૧૦૮૪ ॥
ૐ અર્હં પરમાતમ પ્રભુજી, વીતરાગ સર્વજ્ઞ જિનેશ;
ૐ અર્હંન્ દોષાતીત નિર્મલ, ટાળ્યા સર્વથા રાગ ને દ્વેષ. ॥ ૧૦૮૫ ॥
ઓ પરમેશ્વર ત્રિભુવન સ્વામી, અનંતશક્તિ પૂર્ણ દયાલ;
ઓ પરમેશ્વર શરણુ કર્યું તુજ, મુજ મનના સહુ દોષ પખાલ.॥૧૦૮૬॥
ઓ ! પરમેશ્વર વેગે તારો, મુજ આતમ શુદ્ધિ કર!! સત્ય;
ઓ ! પરમેશ્વર તુજમાં છવી, કરૂં હું નિષ્કામે સહુકૃત્ય. ॥૧૦૮૭॥
ઓ ! પરમેશ્વર !! નામ રૂપાદિ-સર્વવાસના મોહનો ત્યાગ;
કરીને તારા ભાવે જીવું, એવો પ્રગટ્યો છે શુદ્ધરાગ. ॥ ૧૦૮૮ ॥
ઓ ! પરમેશ્વર એક શરણુ તું, નોધારાનો તું આધાર;
ઓછું અધિકું કર્યું તું જાણે, મુજને જ્ઞાને તું ઉદ્ધાર. ॥ ૧૦૮૯ ॥
ૐ અર્હં મહાવીર જિનેશ્વર, આત્મપ્રભુ તું નિશ્ચય દેવ;
આતમ તે પરમાતમ તું છું, નિજની નિજ કરતો તું સેવ. ॥૧૦૯૦॥
ઓ પ્રભુ ! મારા દુઃખો ટાળો!!, અનંત સુખ આપો નિર્ધાર
ઓ પ્રભુ ! હું તું આત્મસ્વરૂપે,-એક ન તેમાં ભેદ લગાર.॥૧૦૯૧॥

ઓ પ્રભુ તારી શક્તિ અનન્તી, જગ ગાવે તુજ મહિમા અપાર;
ઓ પ્રભુ તું છે અનંતજ્ઞાની, અનંત આનંદી નિર્ધાર. ॥ ૧૦૯૨ ॥
ૐ અર્હં નિજ આત્મપ્રભુ તું, કર્તા હર્તા પાલનહાર;
ૐ તું આત્મપ્રભુ છે અકર્તા, નહિ હર્તા તું તારણહાર. ॥૧૦૯૩॥
ૐ અર્હં મહાવીર જિનેશ્વર, તું છે હરિહર બ્રહ્મારામ;
ૐ અર્હં તું અનેકનામી, ખુદા અલ્લા આદિ બહુ નામ. ॥૧૦૯૪॥
ૐ અર્હં મહાવીર જિનેશ્વર, સર્વવિશ્વનો તારણહાર;
ૐ અર્હં મહાવીર તુજ શરણું, કીધું મારો કર !! ઉદ્ધાર.॥૧૦૯૫॥
ઓ જૈનો ! ! કરી એકતા જાગો, ક્ષુદ્ર ભેદમાં બની ઉદાર;
ઓ જૈનો !! કરી ઐક્ય પ્રવર્તો, ઐક્ય બળે છે હયાતી ધાર. ॥૧૦૯૬॥
ઓ જૈનો ! ! આર્યો જગ જાગે, ધર્મૈક્યે કરો સૌનું ઐક્ય;
ઓશિયાળા પરતંત્ર બનો નહીં, સંપ શક્તિ ને ધરો વિવેક. ॥૧૦૯૭॥
ઓ જૈનો ! ! જીવંતી સઘળી, શકિતયો જે ધર્મની બેશ,
પ્રગટાવો સઘળી ઉપયોગે, ધર્મ કર્યાથી નાસે કલેશ. ॥ ૧૦૯૮ ॥
ઓ ભારતવાસીઓ ! ! જાગો, ગુણ ગ્રહો કરશો પરમાર્થ;
ઓ જગમાં ભવી બંધુઓ સહુ, ઐક્ય ધરો તજી બૂરો સ્વાર્થ.॥૧૦૯૯॥
ઓ જગ માનવો ! ! જ્ઞાને જાગો, જગમાં જ્ઞાનનો કરો પ્રકાશ;
સેવાભકિત આતમપ્રેમે, ઐક્ય કરો સહુ જગનું ખાસ. ॥૧૧૦૦॥
ઓગણિશ એકાશી ચૈતર સુદિ, પંચમી રવિવારે ગુણધાર;
વૃદ્ધિસાગર મુનિ તનુ છંડી, પહોંચ્યા પહેલા સ્વર્ગ મઝાર.॥૧૧૦૧॥
ઓગણીશ ચુમ્માલીશમાં જન્મ્યા, પાલીતાણા નગર મઝાર;
ઓગણીશ પાંસઠમાં ગ્રહીદીક્ષા, પાદ્રામાં મુનિવ્રતની સાર. ॥૧૧૦૨॥
ઓગણીશ એકાશીમાં આગમ, જોગવહ્યા તપ જ્ઞાન વિશાલ;
સોળવર્ષની દીક્ષા પાળી, અનશન કરી ગ્યા સ્વર્ગ મઝાર. ॥૧૧૦૩॥
ઓછું લાવ !! ન જડના મોહે, તું છે આત્મગુણોએ પૂર્ણ;
ઓછું પુદ્ગલ ઋદ્ધિમાંહી, પુદ્ગલમાં છે સુખનું શૂન્ય. ॥૧૧૦૪॥
ઓઠું આપી પડો ન પાછા, ઓઠું જૂઠું નીચ ન ધાર;
ઓઠું નહીં લે પાપીઓનું, ઉંચાનું ઓઠું સુખકાર. ॥૧૧૦૫॥

ઓઢો, પ્રભુમાં ઉપયોગી થઇ—જીવવું જગમાં એ છે સત્ય;
ઓઢો, નામને રૂપમાં જ્ઞાને, નિર્મોહી થઇ કરવું કૃત્ય. ॥૧૧૦૬॥
ઓઢો, પ્રભુમય જીવન તે છે, બીજા ઓઢા-અનિત્ય જાણ;
ઓઢાઓ જે બાહ્યના તેમાં, નિર્લેપી થૈ ભજ ભગવાન. ॥૧૧૦૭॥
ઓળખ, પ્રભુની સાચી જગમાં, આત્મપ્રભુને ઓળખ ભવ્ય;
ઓળખ, આત્મસમા જીવોને, પછીથી કરો ધાર્મિક કર્તવ્ય. ॥૧૧૦૮॥
ઓળખાણ છે જ્યાં ત્યાં સારી, ઓળખાણ જ્યાં ત્યાં ઘરજાણ,
ઓળખાણુ ખપમાં કદિ આવે, ઓળખાણ જ્યાં પ્રેમનું તાન. ॥૧૧૦૯॥

ઔ

ઔષધ આપી રોગીઓની, સેવા કરશો નરને નાર;
ઔષધિયોનું જ્ઞાન કરીને, કરશો જીવોપર ઉપકાર. ॥૧૧૧૦॥
ઔષધિયો રોગો હરનારી, જ્યાં ત્યાં ઉગે દેશોદેશ;
ઔષધિયોનો મહિમા મોટો, જાણે તે ટાળે છે કલેશ. ॥૧૧૧૧॥
ઔષધિયો ઉપકારી જગમાં, ઔષધિયોનું કરશો જ્ઞાન;
ઔષધમાંહી વનસ્પતિ શુભ, ઉપયોગી ઔષધ સુખખાણ. ॥૧૧૧૨॥
ઔદાર્ય જેમાં સ્વાભાવિક છે, જગમાં તે મોટો દાતાર;
ઔદાર્ય વણ જે દાન કરે તે, ફળ પામે નહીં તેનું સાર. ॥૧૧૧૩॥
ઔદયિકકર્મો જે જે આવે, તેમાં ધારી લે સમભાવ;
ઔદયિકભાવમાં ઉપયોગી થૈ, વર્ત ! ધરી શુદ્ધ ઉત્તમદાવ. ॥૧૧૧૪॥
ઔદયિક કર્મો ! ! ! જો ઉપયોગે, ઉચ્ચને નીચપણું ત્યાં હોક;
ઔપચારિક સંબંધોમાંહી, મુંઝ ન આતમ ! ! પાડી પોક. ॥૧૧૧૫॥
ઔદાસીન્ય ન ધર નિજ આતમ, સુખદુઃખમાં ધર સમતાભાવ;
ઔદાસીન્યદશા છે મોટી, તેને ત્યાગી સ્વયં જગાવ ! ! ॥૧૧૧૬॥
ઔત્સર્ગિક અપવાદિક મતને, કર્મો કર ! ધારી ઉપયોગ;
ઔજસ, આતમનું પ્રગટ કરો ઘટ, ભોગવ ! સમભાવે સદુપયોગ. ॥૧૧૧૭॥
ઔજસ, વૃત્તિનું રજો તમોગુણી, તેથી સાત્વિક બહુમહાન;
ઔજસ, આતમનું, અનંતશક્તિ, ઔજસ ત્યાં પ્રભુપ્રગટ્યા જાણ. ॥૧૧૧૮॥

ઓજસ્, નૈષ્ઠિક બ્રહ્મચારીનું, જ્ઞાની સંતનું બહુ મહાન;
ઓજસ્ વૃદ્ધિના ઉપાયો, લે જે ગુણી થૈને ગુણવાન. ॥૧૧૧૯॥

ઔદારિક વૈક્રિયને કાર્મણ, આહારક તૈજસ તનુ પંચ;
ઔપાધિક તનુયોગો કર્મે, રાગે રોષે કર્મનો સંચ. ॥૧૧૨૦॥

ઔષધાશ્રમ બંધાવો જ્યાં ત્યાં, પ્રગટાવો શુભ વૈદ્ય અનેક.
ઔષધિયોનાં શાસ્ત્ર રચાવો, વૈદક શાસ્ત્રનો કરો વિવેક. ॥૧૧૨૧॥

ઔદાસીન્ય દશા તજ !! આતમ !!, આનંદ નિજમાંહી પ્રગટાવ;
ઔદાસીન્ય તે વિરાગવૃત્તિ—તેથી આગળ ચાલે લ્હાવ. ॥૧૧૨૨॥

क.

કક્કા કર્મને સમ્યક્ સમજી, કર્મનું કારણ મોહ નિવાર !!;
રાગદ્વેષથી કર્મબંધ છે, જ્ઞાનવૈરાગ્યે કર્મને વાર !!. ॥ ૧ ॥

કર્મને જીતતાં કક્કો ભણિયો, સમજો એવું ચિત્ત મઝાર;
કક્કા, કર્મ વિપાકો ભોગવ!, સમભાવે મુક્તિ નિર્ધાર. ॥ ૨ ॥

કાળ ઝપટશે અણધાર્યો ઝટ, કપટ કળાનો કર!! ઝટ ત્યાગ;
કર્મ કર્યાં ભોગવવાં પડશે, આત્મધર્મમાં જ્ઞાને જાગ !!. ॥ ૩ ॥

કર્મયોગ રચ્યો ગ્રન્થ મેં સારો, કર્મયોગી કરવા નરનાર;
કર્મયોગને વાંચો તેથી, નિર્લેપી થાશો નિર્ધાર. ॥ ૪ ॥

કન્યાવિક્રયનિષેધ ગ્રન્થને, રચીને મેં દીધો ઉપદેશ;
કન્યાવિક્રય બંધ થવાથી, દેશ કોમના ટળશે ક્લેશ. ॥ ૫ ॥

કક્કા કીર્તિ વાસના ત્યાગી, કરો ધર્મનાં સારાં કાજ;
કર્મ પ્રમાણે સુખ દુઃખ થાતું, કર્મનાશથી શિવપુર રાજ્ય !! ॥૬॥

કાલા ઘેલા થશો ન જગમાં, કરો ન ક્યારે કાળા કેર;
કર્મને ભવનું કારણ જાણી, કર્મનું મૂળ તજી દો વેર. ॥ ૭ ॥

કલંક દેવાં નહીં ક્રોધી થૈ, ક્રોધ જગતમાં છે ચંડાલ;
કામણ દૂમણ કરો ન કોપર, કામવાસના પ્રગટી વાર !! ॥ ૮ ॥

કંજુસનું મુખ જોવું ન પ્રાતઃ—પ્રભાતમાં લેવું નહીં નામ,
કંજુસનું ધન [illegible], મરતો લેઈ જાય ન દામ. ॥ ૯ ॥

કાયા દેખી શું મલકાતો, કાયા માયા અન્તે ધૂળ;
કોટિ ઉપાયે રહે ન કાયા, માનવ ! મોહે જરા ન ભૂલ. ॥ ૧૦ ॥

કુરાન માને મુસલ્માન સહુ, કર્મ ટળ્યા વણુ થાય ન મુક્તિ;
કપટકલા ત્યાં ધર્મ ન કિંચિત્, કાળની આગળ ચલે ન યુક્તિ ॥ ૧૧ ॥

કર્મયોગી તે નર ને નારી, આસક્તિ વણુ કરતાં કાજ;
કર્મ કરે પણુ અકર્મભાવે, રહીને સાધે આતમરાજ્ય. ॥ ૧૨ ॥

કણુબી પાછળ પળે કરોડો, ખેતીના ધંધાથી જાણુ;
કુદરતને જાણે તે જ્ઞાની, કપટ કરે અંતે દુઃખ લ્હાણુ. ॥ ૧૩ ॥

કરણી તેવી પાર ઉતરણી. વાવ્યું તેવું લણુશો સત્ય;
કર્યાં કર્મ ભોગવવાં પડતાં, સમજી કરશો સારાં કૃત્ય. ॥ ૧૪ ॥

કૃતકર્મો ભોગવવાં પડતાં, ઈન્દ્રાદિક પણુ ભોગવે કર્મ;
કર્મને શર્મ નહીં છે કોની, કરીલે ! ચેતન પળ પળ ધર્મ. ॥ ૧૫ ॥

કજીયા કંકાસો કરવામાં, પોતાની યે ભૂલ વિચાર;
કૃત ભૂલોને દૂર કર્યાથી, આત્મોન્નતિ સાચી નિર્ધાર. ॥ ૧૬ ॥

કુકર્મ કરશો છાનાંમાનાં, તોપણુ પ્રગટ થતાં સંસાર;
કુકર્મથી સુખ લેશ ન મળશે, પગ પગ દુઃખ દાવાનળ ધાર. ॥ ૧૭ ॥

કકળાવો નહીં અન્યને દ્વેષે, જૂઠા કરવા નહીં કકળાટ;
કીલામણુા કર ! નહીં અન્યોને, આલસ છે મનતનનો કાટ. ॥ ૧૮ ॥

કકડે કકડે ખવાય સઘળું, આખું કોળું નહીં ખવાય;
કકડીને ભૂખ લાગે જ્યારે, ખાધું પચે ને રોગ ન થાય. ॥ ૧૯ ॥

કચ કચ કર નહીં નકામી ક્યારે, કેશાકેશીયુદ્ધ નિવાર !!;
કાળજું ભૂલી કાર્ય કરે તે, ગાંડો કે દાની શૂર ધાર. ॥ ૨૦ ॥

કચરા પૂંજા કર ! નહીં મનમાં, મનને રાખો શુદ્ધ પવિત્ર;
કચપચથી નહીં કાર્યની સિદ્ધિ, ચોખું રાખો કાર્યને ચિત્ત. ॥ ૨૧ ॥

કચર પચર ખાવું નહીં સારૂં, કચરીશ નહીં અન્યોને ભવ્ય;
કચરો કર !! મન તનનો દૂરે, કચવાયા વણુ કર !! કર્તવ્ય. ॥ ૨૨ ॥

કચાશ રાખ ન સુકાર્ય કરતાં, કસોટીથી મન ધર સંતોષ;
કર્મે જેવી વેળા આવે, તેવી ભોગવ ! ધર નહીં રોષ. ॥ ૨૩ ॥

કજીયાખોરથી પાડ ન ! કામો, કજા થાય તે કર નહીં કામ;
કજીયાના જે અર્થી દલાલો, તેને સ્વાર્થે આપ ! ન દામ. ॥૨૪॥

કજોડાથી નહીં નર્ક છે છેટું, કાજલસમ છે દુષ્ટની સંગ;
કટાક્ષનો જે ભાવ ન સમજે, અજ્ઞાની તેના જ કુઢંગ. ॥૨૫॥

કટિસ્નાનથી રોગો જાવે, ગુરૂગમ પૂર્વક થાય જો સ્નાન;
કટિ આદિ સ્નાનોની સમજણ, ગુરૂગમથી જ્ઞાને શુભમાન. ॥૨૬॥

કઠોર થા નહિં દુઃખી ગરીબપર, કડકપણું તે દૂર નિવાર ! !
કડાકૂટ તજ કદાગ્રહીથી, કઢાપો પ્રગટે તે સંહાર. ॥૨૭॥

કતકની પેઠે વિવેકથી નિજ, મનના દોષો કરાય દૂર;
કથીરસમ છે જૂઠી કહેણી, કદર કરો બની જ્ઞાની શૂર. ॥૨૮॥

કદંબ પુષ્પની પેઠે દાની,-નું મન હાથો શોભે સત્ય;
કનિષ્ટ તે જે કંજૂસ સ્વાર્થી, અજ્ઞને નિર્દય કરે કુકૃત્ય. ॥૨૯॥

કન્યાશાળાઓ બહુ સ્થાપો, કન્યાઓને આપો જ્ઞાન;
કન્યા કેળવણી વણુ દેશની,-ધર્મરાજ્યની ચડતી ન જાણ. ॥૩૦॥

કપાલીની નહીં સારી બુદ્ધિ, કપાલ-કૂટી કરો ન ફોક;
કપોલ કલ્પિત કહેણી જૂઠી, કફનું કારણ જાણી રોક !. ॥૩૧॥

કફની માત્રથી બને ન જોગી, કબજે મન તો આતમ દેવ;
કબ્ર છે અંતરૂ મોહની વૃત્તિ,-ટાળો ધારો સદ્ગુણ સેવ. ॥૩૨॥

કબાટ સમ નિજ દિલને કરજો, ઉપયોગી તે સંગ્રહો સર્વ;
કબીર વેદાંત સુફી મતવાદી, કબૂતરને પણ કામને ગર્વ. ॥૩૩॥

કબૂલ થઈને ફરી ન જાશો, પાળો સારી કરી કબુલાત;
કમકમી પ્રગટે એવા કુકર્મી,-લોકોની બૂરી છે વાત. ॥૩૪॥

કમ કૈવતને જુસ્સો ઝાઝો, મૂર્ખ અશકતની એવી વૃત્તિ;
કમાઇ થોડી ખર્ચ જયાં ઝાઝું, ત્યાં અંતે પ્રગટે કમબખ્તી. ॥૩૫॥

કમાડ વાસે પગથી કપટી, કરપીણઆંખો જુદી જોય;
કમ્મર બળ તે હિંમત સ્વાશ્રય, ખંતને ઉદ્યમ નિશ્ચય હોય. ॥૩૬॥

કરડાગી કરી બોલ ન વચનો, કરમાઈશ ના મોહથી લેશ;
કરવતથી પણ બરો ક્રોધી, કીડીપર પણ કર નહીં દ્વેષ. ॥૩૭॥

કલ્પતરૂ સમ સંતને દાનો, સદ્ગુરૂ છાયા અતિ સુખકાર;
કલ્પલતા સમ સાચી વિદ્યા, કુકર્મવૃત્તિ પ્રગટી વાર. ॥૩૮॥
કૃતજ્ઞ જે તે કૃત ગુણ જાણે, ઉપકારીનું હિત કરનાર;
કૃતજ્ઞ તે છે કૃતગુણ બદલો, વાળે જે જગ નરને નાર. ॥ ૩૯ ॥
કૃતજ્ઞ' જગમાં વિરલા લોકો, ઉપકારી માટે અર્પાય;
કૃતકાર્યોનો પ્રતિ બદલો નહીં, ઇચ્છે તે નિષ્કામી ગણાય. ॥ ૪૦ ॥
કૃતઘ્ન તે ઉપકારની ઉપર, અપકારો સામો કરનાર;
કર્યા ગુણોને જે નહીં જાણે, જાણે છતાં બૂરૂં કરનાર. ॥ ૪૧ ॥
કૃતઘ્ન જનથી કુતરો સારો, પાલકમાટે આપે પ્રાણ;
કૃતઘ્ન' ધૂલથકી છે હલકો, ધૂલી ખપમાં આવે જાણ. ॥ ૪૨ ॥
કૃતઘ્નની કિંમત નહીં કોડી, સૌથી હલકો જગમાં થાય;
કૃતઘ્ન થા ! નહીં ઉપકારીનો, ઉપકારીનું કર હિત ન્હાય. ॥ ૪૩ ॥
કષાયો સોળને પચ્ચીશ ભેદે, સર્વથા ટાળે તે અરિહંત;
કષાયને જીત્યો તે જિન છે, વીતરાગ જગમાં મહાસંત ॥ ૪૪ ॥
કષાયો છે તે કર્મનાં બીજો, કષાયં ત્યાગે ત્યાગ્યું સર્વ;
કષાય જબ તક તબ તક ત્યાગી-દશાપણાનો મિથ્યા ગર્વ. ॥ ૪૫ ॥
કષાયો જેને તે નહીં ઇશ્વર, પરમેશ્વર જગમાં કહેવાય;
કષાય' જન્મ મરણના હેતુ, કષાય જીતે પુરૂષ તે થાય. ॥ ૪૬ ॥
કષાય જીતે તે છે યોગી, તપસી સન્યાસીને ફકીર;
કષાય જીતે સાધુ મુનિ યતિ, કષાય જીતે તે મહાવીર. ॥ ૪૭ ॥
કુથલી કરતાં ધર્મ ન થાતો, કુથલીથી થાતું બહુ પાપ;
કુથલીથી નહી સ્વકાર્ય સિદ્ધિ. કુથલીથી પ્રગટે સંતાપ. ॥ ૪૮ ॥
કૃત્ય અકૃત્ય ને સત્યાસત્યને, જાણો તેનું સમ્યગ્ જ્ઞાન;
કૃત્ય કરે પણ સાક્ષીરૂપે, થાતો તે પામે નિર્વાણ. ॥ ૪૯ ॥
કાકની દષ્ટિ તજીને આતમ !!, જ્યાં ત્યાં સદ્ગુણ સારૂં દેખ !!;
કાણું કર્મે સર્વ જીવોમાં, દોષોની દષ્ટિને ઉવેખ. ॥ ૫૦ ॥
કૃષ્ણને કાપોત નીલને તેજસ, પદ્મ શુક્લ લેશ્યા ષટ્ જાણ;
કૃષ્ણાદિક લેશ્યાઓ જાણી, ઉજ્વલ લેશ્યા ગ્રહો સુજાણ. ॥ ૫૧ ॥

કષ્ટ વિપત્તિ દુઃખ બહુ પડતાં, કસોટી ત્હારી આતમ ! થાય;
કસોટીથી તું પૂર્ણ કસાજે, તેથી શાંતિ અંતે ન્યાય. ॥ ૬૬ ॥

કમભાગી જે ગુરૂ નહીં માને, કમભાગી જે સુણે ન શીખ;
કમભાગી તે કામનો માર્યો, વ્યભિચારી થઇ માગે ભીખ. ॥ ૬૭ ॥

કમભાગી જે શત્રુ મિત્રને, સત્યાસત્યનો લહે ન ભેદ;
કમભાગી જે દાન દેઈને, પાછળથી મન કરતો ખેદ. ॥ ૬૮ ॥

કમભાગી જે દુર્ગુણ દોષને; સેવી નિજને ગણે મહાન્;
કાર્યો કરે અવિચારીપણાથી, હિતસ્વીની સમજે નહીં સાન. ॥૬૯॥

કમભાગી તે નિર્લજ્જ નફ્ફટ, કાચું દિલને કાચા કાન;
કુટુંબ દેશ ને સંઘના સામો, થાતો ત્યાગે નહીં અભિમાન. ॥૭૦॥

કાંટાની વાડો કરવાથી, આમ્રાદિકનું રક્ષણ થાય;
કાંટા સરખા લોકોથી જગ, દયાળુ જ્ઞાની જન રક્ષાય. ॥ ૭૧ ॥

કાંટા વાવ !! ન મન વચ તનુથી, કાંટા નિજને વાગશે તેહ;
કંટાળો ખા નહીં શુભ કાર્યે, કાયર થા નહીં બન !! ગુણગેહ.॥૭૨॥

કરીને દેખ તું આભવમાંહી, જેવું કરે તેવો તું થાય,
કયાશ રાખ ન પ્રભુને ભજતાં, લેનેદે એ કુદ્રત ન્યાય. ॥ ૭૩ ॥

કેઇક કર્ત્તાવાદી લોકો, પ્રભુની ઇચ્છાએ સહુ થાય;
કથન કરે ત્યાં પ્રભુની ઈચ્છા, એજ કર્મનું ફલ છે ન્યાય. ॥ ૭૪ ॥

કર્મોદય તે પ્રભુની ઇચ્છા, કર્મ, પ્રભુની મરજી જાણ ! !;
કર્મોદય તે કર્મપ્રભુનો, ન્યાય કરેલો નિશ્ચય માન. ॥ ૭૫ ॥

કંઠાભૂષણ સત્ય બોલવું, કટિઆભૂષણ સત્યાચાર;
કંદોરો તે બ્રહ્મચર્યનો, પરનારી મૈથુન પરિહાર. ॥ ૭૬ ॥

કુશલ બનો સહુ કર્મ ક્રિયામાં, કુશલ હોય તે પામે યોગ;
કુશલપણું છે અનેક યોગે, ભોગોમાં થા આતમ અભોગ. ॥ ૭૭ ॥

કષ્ટની કોટિ આવે તોપણ, આનંદ સમતા ધીરજ ધાર;
કર્મની લીલા સુખ દુઃખ જાણી, કર્મ નવાં બાંધો ન લગાર. ॥૭૮॥

કૃષ્ણને કર્મો મરતાં નડિયાં, બાણ વાગતાં છંડ્યા પ્રાણ;
કાબાઓ લેઇ ગયા કૃષ્ણની,–નારીઓને જુઓ પુરાણ. ॥ ૭૯ ॥

કટાકટીનો પ્રસંગ આવે, તોપણ પ્રભુને ધર્મને ધાર !!;
કરો કમાણી ધર્મની સારી, કર્મને આતમ !! ભિન્ન વિચાર. ॥૮૦॥

કમલપત્ર સમ થવું નિર્લેપી, કર્તવ્યો કરતાં સંસાર;
કાયાથી કર !! નહિ કદિ કાળું, કાર્ય કરો નિજ ફર્જ વિચાર. ॥૮૧॥

કર્મ શુભાશુભ ઉદયે આવ્યાં, ભોગવ !! હર્ષને ત્યાગી શોક;
કર્મ બાંધતાં પૂર્વે ચેતો, કર્મ ન છૂટે પાડે પોક. ॥ ૮૨ ॥

કાળી બાજુ દેખ ન કોની, કાળી બાજુ વણ નહીં કોઈ;
કર્મ છે યાવત્ તાવત્ દોષી, જીવો જાણો જગમાં જોઈ. ॥ ૮૩ ॥

કપિલર્ષિ' જિનભાવે પામ્યા, ક્ષણમાં ધ્યાને કેવલજ્ઞાન;
કર્મ પ્રભુની અકળ કળા છે, તેથી છૂટે તે ભગવાન્. ॥ ૮૪ ॥

કઠિયારો કાન્હડ સુખ પામ્યો, ધર્મ ધરીને વાંચો શાસ્ત્ર;
કર્મને આતમ તત્ત્વને જાણી, ધરી લે જ્ઞાનતણું દિવ્યાસ્ત્ર. ॥ ૮૫ ॥

કસ્તુરી કાળી માટીને, કાળો મેઘને કાળો વાન;
કાળાં અતિ તે બહુ ફલપ્રદ છે, કાળાં ગોરાં સરખાં જાણ. ॥ ૮૬ ॥

કાળી ગોરી ધોળી ચામડી,–રૂપે મુંઝો નહીં નરનાર;
કાળાં ગોરાં સહુમાં ગુણને, અવગુણ રહેતા સત્ય વિચાર. ॥ ૮૭ ॥

કહેણી રૂપા જેવી જાણો, રહેણી તે તો રત્ન સમાન;
કહેણી સમ રહેણી છે જેની, તેહ પ્રમાણિક દેવ સમાન. ॥ ૮૮ ॥

કથની કરે પણ જે નહીં વર્તે, લુચ્ચો જગમાં લંઠ લબાડ;
કથનીની કિંમત છે કોડી, વર્તન વણ દુર્ગતિની ખાડ. ॥ ૮૯ ॥

કસોટીએ કસાય છે કંચન, તેથી કિંમત તેની થાય;
કસાય છે સજ્જન કંચન સમ, કષ્ટાદિક પડતાં નિર્માય. ॥ ૯૦ ॥

કષ્ટ પડ્યા વણ કોઈ કાર્યની, જગમાં કિંમત સત્ય ન થાય;
કષ્ટો પડતાં કરતાં કાર્યો, શૂરા યોગી જગ કહેવાય. ॥ ૯૧ ॥

કંથેર કેરને કો ન ઉછેરે, તોપણ જ્યાં ત્યાં પ્રગટે તેહ;
કેળને લોકો પાઈ ઉછેરે, કુદરત ઉચ્ચનો ભેદ જ એહ. ॥ ૯૨ ॥

કડવી તુંબડીને જલઘટથી, નવરાવો જો કોટિવાર;
કડવાપણું તે શેષ ન મૂકે, પ્રકૃતિને તેમ ધારો ધાર. ॥ ૯૩ ॥

કાયોત્સર્ગ તે કાયા ઉપર, મમતા, આતમભાવનો ત્યાગ ! ! !;
કાયોત્સર્ગ અવશ્ય તે કરવું, દેહમાં ધાર ! ! ન આતમ રાગ. ॥૯૪॥
કીડી આદિ સંઘના સંપે, સર્પનો થાતો જલ્દી નાશ;
કાક સંઘના સંપથી ઘૂકનો,-ભય ટળતો સમજો જન ખાસ. ॥૯૫॥
કીડી આદિ સંઘના સંપનો, દાખલો લેઇ સંઘનો સંપ;
કરશો તો જગમાંહી જીવશો, સંપે સુખ શાંતિ ને જંપ. ॥ ૯૬ ॥
કુર્બાની પશુઓની કરવી, થાય ન તેથી ખુદા પ્રસન્ન;
કરી આજ્ઞા નહીં રક્ત પીવાની, ઈશ્વર-નિશ્ચય જાણો મન. ॥૯૭॥
કુર્બાની કરો મન શયતાનની, હિંસાથી નહીં જન્નત હોય;
કપટ કુમતિ ને કામ હણ્યાથી, આતમ અલ્લા પ્રસન્ન જોય. ॥ ૯૮ ॥
કજીયા ક્લેશ ને સંકટ દુઃખો, કઇ પડે ત્યાં છે તુજ ભૂલ;
કાયા મન જો ! ! તારૂં તપાસી, દુઃખ હેતુ અજ્ઞાન છે મૂલ. ॥ ૯૯ ॥
કોઇક નિંદે કોઇ પ્રસંશે, સૌનો નહીં અભિપ્રાય જ એક;
કાર્યને કર તું વિવેકથી જીવ ! !, દુનિયાના અભિપ્રાય અનેક. ॥૧૦૦॥
કરણી તેવી પાર ઉતરણી, વાવ્યું તેવું લણશો ભવ્ય !;
કાર્યો કર પણ ફલ ઈચ્છા તજ ! !, અકર્મ આવે કર કર્તવ્ય. ॥૧૦૧॥
કાગડા કાળા સર્વ ઠેકાણે, ધોવે કોયલા થાય ન શ્વેત;
કપટી દુર્જન દ્રોહીઓથી,-મૈત્રીધર સાવધ રહી ચેત. ॥ ૧૦૨ ॥
કાળી બાજુ દેખ ન કોની, સૌની ધોળી બાજુ દેખ;
કરશે તે ભોગવશે જગમાં, અન્યની નિંદા કરવી ઉવેખ. ॥ ૧૦૩ ॥
કરોડ ગાઉ દૂરે તે છે, પાસે છતાં જે પ્રેમથી શૂન્ય;
કપટી દ્રોહી દોષનો ગ્રાહી, સારૂં છે તસ આગળ મૌન ॥ ૧૦૪ ॥
કાયર, કાર્યની સિદ્ધિ કરે નહીં, અર્ધપન્થથી ભાગી જાય;
કાયર થા ના કાર્ય કરંતાં, કાયરથી પ્રભુ દૂર રહાય. ॥ ૧૦૫ ॥
કાચા કાનનો થા ના ક્યારે, સાંભળ્યું તેટલું સત્ય ન હોય;
કરી પરીક્ષા દેખ ! અનુભવે, સત્યવાત સમજાતી જોય. ॥ ૧૦૬ ॥
કંજુસ થા નહિ કાયર થા નહિ; અયોગ્ય ક્રોધ થતો જ દબાવ ! !;
કુશલ બની ઉપયોગી થૈને, સ્વયોગ્ય ફર્જને નિત્ય બજાવ. ॥૧૦૭॥

કૂરગડુનું ચરિત્ર જાણી, અંતરૂમાંથી ક્રોધ નિવાર ! !;
કૂર્માપુત્ર ચરિત્ર વિચારી, રાગ રોષ કામાદિક વાર ! !. ॥ ૧૦૮ ॥

ક્રોધ, કાળીયો પ્રગટે ત્યારે, બોલવું લખવું કરવું ત્યાગ;
કંચન કામિનીમાં સુખ લાગે, તો સંતોનો કર ! ! મનરાગ. ॥૧૦૯॥

કાયામાં આતમબુદ્ધિથી, જીવંતો જીવ મૃતક સમાન;
કાયામાં વસનારો આતમ, કાયાથી ન્યારો ગુણ ખાણ. ॥ ૧૧૦ ॥

કૃષ્ણ તે અન્તરૂ આતમ જાણો, વૃત્તિયો ગોપીઓ ખાસ;
કરે કર્મ પણ કર્મથી ન્યારો, સમકિતી આતમ ધર વિશ્વાસ. ॥૧૧૧॥

કૃષ્ણ તે કર્મ છે સૃષ્ટિ કર્તા, હર્તા પાલક નયસાપેક્ષ;
કૃષ્ણ તે આતમ કર્મ બે ભેદે, ચરિત્ર નયસાપેક્ષે દેખ. ॥ ૧૧૨ ॥

કન્યા વેચી પૈસો ખાવો, કસાઈ કરતાં મોટું પાપ;
કલંક મોટું એ સરખું નહીં, લ્યો નહીં કલંકની જગ છાપ. ॥ ૧૧૩ ॥

કન્યાવિક્રય કરનારાઓ, દેશ કોમ પડતી કરનાર;
કન્યા વેચે કસાઇ સરખો, પાપ કર્મ બાંધે નિર્ધાર. ॥ ૧૧૪ ॥

કન્યાવિક્રય નિષેધ ગ્રન્થે, સ્વરૂપ તેનું વર્ણવ્યું જાણ ! !;
કન્યાવિક્રય દુષ્ટ રીવાજને, ત્યાગંતાં ચઢતી ગુણ ખાણ. ॥ ૧૧૫ ॥

કર્મયોગી જે નરને નારી, તેના ગુણ આચાર વિચાર;
કર્મયોગ ગ્રન્થે મેં ભાખ્યા, વાંચો તેને ઓ ! ! નરનાર. ॥ ૧૧૬ ॥

કુમતિ કુટિલતાને બહુવારો, સર્વ કાર્ય કરતાં નરનાર;
કુગુરૂનો વિશ્વાસ કરો નહિં, કુગુરૂ સોબત કરવી વાર. ॥ ૧૧૭ ॥

કૃષ્ણ સર્પની સોબત સારી, કુગુરૂ સંગે ભવોભવ દુઃખ;
કુગુરૂ સુગુરૂ ભેદ જણાતો, સમ્યગ્જ્ઞાને પ્રગટે સુખ. ॥ ૧૧૮ ॥

કુતર્કથી નહીં તત્ત્વ પમાતું, કુતર્કથી છે કલેશને વૈર;
કુતર્કથી સૂકો નિજ આતમ, કુતર્કીને પ્રગટે નહિ સ્થૈર્ય. ॥૧૧૯॥

કડવું ઔષધ પણ ગુણકારી, માતપિતા ગુરૂ લોકો પાય;
કડવું પણ સુખકર સાંભળવું, કરવું દુઃખહર જેહ જણાય. ॥૧૨૦॥

કામિની કજીયા કંચન પૃથ્વી, દુઃખનાં હેતુ એ છે જાણ;
કલેશકારિણી મળે જો કામિની, જીવંતાં નારકી દુઃખ માન ॥૧૨૧॥

કામના વશમાં જગ સહુ જીવો, કામ છે સર્વ જીવોનો કાલ;
કામવશે ઇન્દ્રો પણ કિંકર, કામ તજે તે કાલના કાલ. ॥ ૧૨૨ ॥
કામના માટે કંચન કામિની, કામાર્થે જગની જંજાળ;
કામથી અંતે સુખ ન સાચું, પછીથી દુઃખ દાવાનલ જ્વાલ. ॥૧૨૩॥
કામ છે ભોગીને અમૃતસમ; ત્યાં સન્તોને લાગે ઝેર;
કામ નહીં ત્યાં રામ પ્રભુ છે, કામત્યાંહિ હિંસાદિક છે વૈર. ॥૧૨૪॥
કામને જીત્યો તે જગ જીત્યો, કામને રામ નહિ એક ઠામ;
કામને જીત્યા વણ જગ જીત્યો, ચક્રી પણ તે દુઃખ ગુલામ. ॥૧૨૫॥
કામવાસના જીતી જેણે, તેણે જીત્યું સર્વે જાણ;
કામ છે દુઃખનું મૂળ જગતમાં, કામને જીતો ધારી જ્ઞાન. ॥૧૨૬॥
કર્મ છે આઠ પ્રકારે જગમાં, કર્મના ચારને ત્રણ છે ભેદ;
કર્મના વશમાં સર્વ જીવો છે, કર્મથી જીવોને દુઃખ ખેદ. ॥૧૨૭॥
કરોળીયો જેમ લાળથી તાંતણા-જાળ રચી તેમાં સપડાય;
કર્મનો કર્તા હર્તા આતમ, કરોળીયા જેવો છે ન્યાય. ॥ ૧૨૮ ॥
કર્મોદયથી સર્વે જીવો, સુખ દુઃખ પામે અન્ય નિમિત્ત;
કર્મોદયમાં અન્ય જીવો તે, નિમિત્ત માત્ર છે સમજો ચિત્ત.॥૧૨૯॥
કલંક ચઢયાં છે મહાસતીઓપર, પૂર્વકર્મના ઉદયે જાણ!!;
કષ્ટ દુઃખ આવે ત્યારે તું, અન્ય જીવોને શત્રુ ન માન. ॥ ૧૩૦ ॥
કરૂણા કર તું સર્વજીવોપર, કોઇને કિંચિત્ દુઃખ ન આપ!!;
કરીશ જેવું પામીશ તેવું, સત્ય નિયમ એ નહિ ઉત્થાપ;॥૧૩૧ ॥
કોકિલા સમ મીઠા બોલો, થા!!, સાવધ તું કાકની પેર;
કુતરા સમ થા સેવક સાચો, કાક સંપવત્ રહેવું ઘેર. ॥ ૧૩૨ ॥
કેળવણી લે તનની મનની, દુર્ગુણ નાસે જેથી સર્વ;
કેળવણીથી દુઃખ ટળે સહુ, કેળવણી ગ્રહી થા નિઃગર્વ. ॥ ૧૩૩॥
કાચા કાનનો થા ના કયારે, કાયર થા ના કરતાં કાજ;
કાળજું ઠેકાણે રાખીને, ચાલો ચેતન વધશે લાજ. ॥ ૧૩૪ ॥
કેળની પેઠે લાંબા હાથનો, થા ઉપકારી કાર્યે ભવ્ય!;
કઠીનતા ધર વજ્રના જેવી, કરો વ્યવસ્થાએ કર્તવ્ય. ॥ ૧૩૫ ॥

કાળા માથાના માણસથી, જગમાં સર્વે કાર્યો થાય;
કઠીન કાર્યો પણ કળ બળથી, બુદ્ધિથી સહેલાં થઈ જાય. ॥ ૧૩
કુકકુટ પેઠે જાગ્રત રહેવું, કીડી પેઠે ઉદ્યમ ધાર !!;
કૃષ્ણની પેઠે થા ગુણગ્રાહી, જ્યાંથી ત્યાંથી ગુણ લે સાર. ॥૧
કાલ સ્વભાવને નિયતિ કર્મને, ઉદ્યમ પાંચે કાર્ય સધાય;
કારણથી છે કાર્યની સિદ્ધિ, દ્રવ્ય તે ભાવ નિમિત્તે થાય. ॥
કર્મે લખ્યું તે થાશે એવું, માની બેસી રહો ન કોય;
કર્મોદય પણ ટળે ઉદ્યમથી, કર !! ઉદ્યમ વિશ્વાસથી જોય. ॥૧૩૯॥
ક્રિયાકર્મ કરનારા ધર્મી,-અજ્ઞાનીનો બુદ્ધિ ભેદ,-
કર નહીં સંશયથી તર્કે તેને, સંશયે ભ્રષ્ટ વા પામે ખેદ. ॥૧૪૦॥
ક્રિયા વિનાનું જ્ઞાન તે પંગુ, જ્ઞાન વિનાની ક્રિયા તે અન્ધ;
જ્ઞાન ક્રિયાથી મુક્તિ આદિ, સર્વ કાર્યની સિદ્ધિ અબન્ધ. ॥૧૪૧॥
કૃપા, પ્રભુની પામવી હોય તો, વિશ્વજીવો પર કરુણા લાવ !!;
કૃપા કર્યા વણ કૃપા ન મળશે, સમજી કૃપામાં ચિત્ત લગાવ. ॥૧૪૨॥
કૂડું કરતાં ભૂંડું થાશે, કૂડો જન છે ભૂંડથી નીચ;
કલ્પિત વાતોથી નહીં ઉન્નતિ, કૂડું દેખી આંખને મીંચ. ॥૧૪૩॥
કુદરત ખેલને જ્ઞાની સમજે, કુદરતી જીવન છે સુખકાર;
કુદરતનાં સહુ રહસ્ય જાણો, ટાળો સહુ ભ્રાન્તિ દુઃખકાર. ॥૧૪૪॥
કુદરત્ કર્મના ગેબી અવાજો, આકસ્મિક જ્યાં ત્યાં પ્રગટાય;
કુદરત્ કર્મ સ્વરૂપી પ્રભુની, અકલકલાઓ નહીં કળાય. ॥૧૪૫॥
કર્મો કર તું સ્વાધિકારે, સાક્ષીભાવે ધરી ઉપયોગ;
કર્મો કર તું અકર્મભાવે, કર્તા ભોક્તા સાક્ષીપ્રયોગ. ॥૧૪૬
કંટાળાં વૃક્ષો ઉપયોગી, વાડ આદિ રક્ષણ ગુણકાર;
કો નહીં નિરૂપયોગી જગમાં, સમજો એવું નર ને નાર. ॥૧૪૭
કુમાર કુમારી બ્રહ્મચારી તે, જેના મુખપર ઝળકે તેજ;
કાયા જેની ઝળકે વીર્યે, ઉત્સાહ સ્ફૂર્તિ નિરોગી સહેજ. ॥૧૪
કાયા મન વાણી [illegible], કાયા [illegible] અમૂલ્ય [illegible];
કાયા [illegible] વીર્યથી રહી, [illegible] ઉત્તમ [illegible]. ॥૧૪

કાયા માનવજન્મની પામ્યો, અનંતપુણ્યે આતમ ! જોશ;
કાયા વાપર !! મોક્ષાર્થે તું, તેથી સઘળા નાસે ક્લેશ. ॥૧૫૦॥
કાયાથી કર કાર્યો સારાં, કાયાથી કરવાં નહિ પાપ;
કાયા ઉપર મોહ ન કરવો. કાયાને કરશો શુભછાપ. ॥૧૫૧॥
કાયાને જે આતમ માને, તેને વર્તે દેહાધ્યાસ;
કાયાથી ન્યારો નિજ આતમ, માની ગુણનો કરો પ્રકાશ. ॥૧૫૨॥
કાયાની હિંસા નહીં કરવી, વ્યભિચારાદિ દોષથી જાણ;
કાયા, પરમાતમ પ્રાપ્ત્યર્થે, પરંપરા હેતુ છે મહાન. ॥૧૫૩॥
કાયા ચિંતામણિથી અધિકી, અનંતગુણી કર શુભ ઉપયોગ;
કાયા, નરભવની મહા દુર્લભ, સાચવ તેનું પૂર્ણારોગ્ય. ॥૧૫૪॥
કુટેવ મન તનવાણીની કઈ ? પોતાની તું પોતે જાણ;
કુટેવ કુટિલતા ટાળી ટળતી, નિશ્ચય કરીને વર્ત પ્રમાણ. ॥૧૫૫॥
કરોડ વાતની વાત જ એકજ, દિલમાં રાખી પ્રભુ કર કાજ;
કરોડ ઇચ્છાઓને ત્યાગી, ઇચ્છ તું પરમાતમ સામ્રાજ્ય. ॥૧૫૬॥
કમ ખાવાથી ગમ ખાવાથી, તનના મનના રોગો જાય;
કમ ખાતાં રોગો નહીં ઉપજે, ગમ ખાતાં બહુ ક્લેશ ન થાય. ॥૧૫૭॥
કોટિ શિક્ષા પહેલાં શિક્ષા, કમ ખાવું ગમ ખાવી શીખ;
કુદરતનો એવો છે કાયદો, પાળ્યાથી નહિ દુઃખ ને ભીખ. ॥૧૫૮॥
કુમાર કન્યાઓની ઉપર, સર્વોન્નતિ પ્રગતિ આધાર;
કેળવણી તેઓને જેવી, દેશોન્નતિ તેવી અવધાર !!! ॥ ૧૫૯ ॥
કુમાર કરતાં કન્યાઓને, માને જેઓ મનમાં હીન;
કુમતિધારક એવાઓ જગ, પરતંત્ર દુઃખિયા છે દીન. ॥ ૧૬૦ ॥
કસાઈખાનાં પાપનાં સ્થાનક, દેશ કોમ પડતી કરનાર;
કતલ કર્યાથી પશુઓની જગ, અનેક દુઃખો પ્રગટ થનાર. ॥૧૬૧॥
કસાઈખાનાઓ નરકોનાં,-સ્થાનક જેવાં છે પ્રત્યક્ષ;
કતલ થતી ગાયો બળદોને, ભેંસો આદિ રક્ષો દક્ષ. ॥ ૧૬૨ ॥
કસાઈખાનામાં જોઆદિ, પશુઓનો દુઃખી પોકાર;
કાને સાંભળો આંખે દેખો, દયા ઉપજશે તેથી અપાર. ॥ ૧૬૩ ॥

કૃપાળુ લોકો કૃપા કરીને, કસાઇને વેચો નહીં ઢોર;
કૃષિ આદિ ઉપયોગી ઢોરો, કસાઇને આપે તે ચોર. ॥ ૧૬૪ ॥

કસાઇખાનાં માંસના ભક્ષક,–લોકોના સ્વાર્થે પ્રગટાય;
કૃપા કરૂણા હીનજનોથી, પશુઓના માંસે જીવાય. ॥ ૧૬૫ ॥

કર્મો કસાઇખાનાં આદિ, કરનારા નરકે જાનાર,
કર્મ ન છોડે પરભવમાંહી, લોકો દુઃખી થૈ રોનાર. ॥ ૧૬૬ ॥

ક્રૂર હૃદયી મહાપાપી લોકો, સ્વાર્થે કત્લ કરે છે ઢોર;
ક્રૂર દુષ્ટ હિંસક લોકોથી, જગમાં દુઃખ અશાન્તિ શોર. ॥ ૧૬૭ ॥

કમાણી કર ! ! તું મન વચ કાયે, દયાદિ સત્કર્મોની બેશ;
કરી કમાણી સત્કર્મોની,–પરભવમાં ટાળે સહુ ક્લેશ. ॥ ૧૬૮ ॥

કુકર્મી ક્રોધે કાળો થા ના, ક્રોધે આતમ છે ચંડાલ;
ક્રોધે કુમતિએ ચંડાલ જ, જો નિજમાં કર સાચો ખ્યાલ. ॥ ૧૬૯ ॥

ક્રોધ છે કાળા નાગથી ભૂંડો, ક્રોધ એજ જગમાં શયતાન;
ક્રોધે તપ જપ સંયમ પાળ્યું, નિષ્ફળ જાતું નિશ્ચય માન. ॥૧૭૦॥

ક્રોધે હિંસા જૂઠને ચોરી, અનેક પાપો વેગે થાય;
ક્રોધે ભાન રહે નહીં નિજનું, ક્રોધે અન્યાયી દુઃખ પાય. ॥૧૭૧॥

ક્રોધ હલાહલ વિષથી મોટો, અનંત ભવ દુઃખદાયી જાણ;
ક્રોધે બોધ ટળે છે ક્ષણમાં, ક્રોધ તજ્યાથી કેવળજ્ઞાન. ॥ ૧૭૨ ॥

ક્રોધીથી સહુ થાતાં પાપો, ક્રોધી પોતે છે શયતાન;
ક્રોધ તજીને ક્ષમા ભજંતાં, ધર્મી પામે છે નિર્વાણ. ॥ ૧૭૩ ॥

ક્રોધની પેઠે કપટ ભયંકર, અનંતભવનું મૂલ છે જાણ;
કપટે ચપટ થવાનું નક્કી, કપટ નહીં ત્યાં નિર્મલ જ્ઞાન. ॥ ૧૭૪ ॥

કપટ વિષે રહેતી નિર્લજ્જતા, દંભે જીવે છે નામર્દ;
કપટી મહાપાપી જગમાંહી, અંતે સહેતો દુઃખનાં દર્દ. ॥ ૧૭૫ ॥

ક્રીડાઓ કરવી નિર્દોષી, આનંદ શક્તિ બુદ્ધિદાઈ;
કેલિ કરવી વિવેક ધારી, થાય ન જેથી નિજ હલકાઈ. ॥ ૧૭૬ ॥

કમાઈ નિજ જાતે જે કરવી, તેનું ભોજન ઉત્તમ ગણાય;
કમાઈ પરની હરી જે ખાવી, કુભોજન તેહ કથાય. ॥ ૧૭૭ ॥

કાળા અંગે નાખુશ થા નહીં, ગોરા અંગે ધર નહીં રાગ;
કાળી ગોરી ચામડીમાં શું ? અંતર્ ગુણ દેખો મહાભાગ ! ॥૧૭૮॥

કંચન સરખા તે લોકો છે, સદ્ગુણી સત્કર્મી નરનાર;
કાયા, પરમાર્થે વાપરતા, દયા સત્ય નીતિ વ્યવહાર. ॥ ૧૭૯ ॥

કાળી ગોરી પીળી ધોળી, જાતભેદથી લડો ન લોક ! ;
કાળો ગોરો નહીં છે આતમ, રંગભેદની કુમતિ રોક ! ॥ ૧૮૦ ॥

કડું કરિયાતું કાળીજીરીથી, જ્વરાદિ રોગો જલ્દી જાય;
કડવો લીંબડો હવા દવામાં, ઉપયોગી આરોગ્ય સહાય. ॥ ૧૮૧ ॥

કડવી તુંબડી, શતનદી જલમાં, સ્નાન કરે પણ થાય ન મિષ્ટ;
કડવા દુર્ગુણ વ્યસન તજ્યા વણ, તીર્થ સ્નાનથી થાય ન ઈષ્ટ. ॥૧૮૨॥

કોંઢ્યા કાનનું કૂતરૂં જ્યાં ત્યાં, જાતાં હડધૂત થાવે દેખ ! ;
કુશિષ્ય કુંભાંડી કુવ્યસની, હડધૂત થાવે નજરે પેખ. ॥ ૧૮૩ ॥

કડવું પણ ગુણ સુખ કરનારૂં, વ્હાલું લાગે જેને એહ;
કડવામાંથી ગુણ લેનારા, લાખે એક બે સમજો તેહ. ॥ ૧૮૪ ॥

કુજાતને દુર્ગુણી દુર્વ્યસની, કૃતોપકાર વિનાશક જેહ;
કુકર્મીને વિશ્વાસનો ઘાતક, હિંસાદિ કરનારો તેહ. ॥ ૧૮૫ ॥

કોણ છે તું ને છે તું કોનો ?, કોના માટે કરતો કર્મ
ક્યાંથી આવ્યો જાઈશ ક્યાં તું, વિચારતાં પ્રગટે છે શર્મ. ॥૧૮૬॥

કોણ સહાયક સંગ છે કોનો, કઈ દશામાં જીવન જાય;
કેવી કરણી હાલ તું કરતો, વિચારી જો સદ્ગુણ પ્રગટાય. ॥ ૧૮૭ ॥

કોણ છે તારૂં કઈ દશા તુજ, કયું કર્તવ્ય જ તારૂં સત્ય;
કરી રહ્યો શું સારૂં નઠારૂં, કર તું તેહ વિચારી કૃત્ય. ॥ ૧૮૮ ॥

કયાં કૃત્ય ઉપયોગી તુજને, કૃત્યો કરતાં શો છે ભાવ;
કપટ તજી અંતરમાં જો તું , કર્મયોગી થાવાના દાવ. ॥ ૧૮૯ ॥

કદેવનો સારી ગોખી રાખી, સારી સહુ આચારે ધાર ! ;
કહેવતો અવસરે તે ઉપયોગી, ગોખી રાખો નરને નાર. ॥ ૧૯૦ ॥

કડવી વાણી ગમે ન કોને, સૌને મીઠી વાણી પ્રસન્ન;
કડવામાંથી સારૂં વદે જે, તેને જગમાંહે ધન્ય ધન્ય. ॥ ૧૯૧ ॥

કડવું ઔષધ માતા પાવે, ગુરૂજન પાવે હિતધરનાર;
કડવું તે પણ મીઠું નક્કી, મીઠું પણ અરિનું દુઃખકાર. ॥ ૧૯૨ ॥
કલ્પના કોટિ કરવી છંડી, એક નિજાતમ શુદ્ધિ ધાર ! !;
કલ્પિત પુસ્તક દૃષ્ટાંતોથી, સત્ય શીખ ગ્રહવી સુખકાર. ॥ ૧૯૩ ॥
કલ્પિત દૃષ્ટાંતો આપીને, વિદ્વાનો સમજાવે શીખ;
કલ્પિત રાગને દ્વેષની કરણી, એવી સંતો આપે દીખ. ॥ ૧૯૪ ॥
કાળું દેખતાં પાર ન આવે, જ્યાં ત્યાં ધોળું સૌનું દેખ !;
કાળું જો પોતામાં શું છે, પરની કાળી બાજુ ઉવેખ. ॥ ૧૯૫ ॥
કર્મવશે સહુ જીવમાં કાળું, કાળાંને દે નહીં ધિક્કાર;
કાળું ત્હારૂં બીજાઓને, લાગે કેવું તેહ વિચાર. ॥ ૧૯૬ ॥
કુરૂઢિયો જે દેશ કોમને, સંઘધર્મહાનિ કરનાર;
કુરીતિયો એવી ખોટી, તેનો જલ્દી કર પરિહાર. ॥ ૧૯૭ ॥
કર્મગ્રન્થમાં કર્મ પ્રકૃતિ,- માંહી કર્મનું ઘણું સ્વરૂપ;
કર્મજ્ઞો કર્મોને ટાળે, પડે નહીં તે ભવભયકૂપ. ॥ ૧૯૮ ॥
કંજુસ થા નહિ આતમ જગમાં, યથાશક્તિ સત્પાત્રે આપ ! !;
કંજુસ સાથે જાય ન કોડી, કંજુસની છોડી દે છાપ. ॥૧૯૯॥
કંજુસાઇ કરે ક્યાં મોહે, જડ ધન આદિ આવે ન હાથ;
કોડી પણ સાથે નહીં આવે, અંતે મૂકી જાવું આથ. ॥૨૦૦॥
કંજુસનું જો નામ, પ્રભાતે, દે તેને કંઇ વીતી જાય;
કંજુસ માખી પેઠે હાથો, ઘસતો પરભવ શાંતિ ન પાય. ॥૨૦૧॥
કંજુસની કિંમત છે કોડી, કંજુસનું છે નહીં કલ્યાણ;
કંજુસતા કર નહીં કો રીતે, ઉદાર થા આતમ ! ગુણવાન. ॥૨૦૨॥
કથની સરખી રહેણી ન જેની, એવા જગમાં જનો કરોડ;
કથની રહેણી બે જ્યાં સરખી, એવાની જગમાં નહીં જોડ. ॥૨૦૩॥
કહેણીથી કશું વળે ન કિંચિત્, રહેણી વણ કહેણી છે ધૂળ;
કહેણી મજુરી રહેણી હજૂરી, રહેણીનું જગમાંહી મૂલ્ય. ॥૨૦૪॥
કહેણી ભવાઇ સરખી જગમાં, કથા કર્યાથી થાય ન કાજ;
કહેણી સરખી રહેણી રાખો, તેથી પ્રગટે સુખ સામ્રાજ્ય. ॥૨૦૫॥

કાચા કુંભ સમી છે કાયા, પાણીપરપોટા સમ જાણ;
કાચી કાયાનો શો ગારવ, કાયા, નદીના પૂર સમાન. ॥૨૦૬॥
કજીયા કંકાસો કલેશોમાં, પામર જીવનું જીવન જાય;
કરૂણા સત્ય ક્ષમા સેવામાં, ધર્મીજનનું આયુ સુહાય. ॥ ૨૦૭ ॥
કરોડપતિ વા સુરપતિ થાતાં, જડભોગોથી થાય ન સુખ;
કેવળ આત્મામાંહી સુખ છે, ભોગમાં રોગને સંકટ દુઃખ. ॥ ૨૦૮ ॥
કેળ ફળે છે એકવાર જગ, તેથી તે ચોરીમાં સુહાય;
કેળની પેઠે એકવાર જે, કરી પ્રતિજ્ઞા પાળો ન્યાય. ॥ ૨૦૯ ॥
કષ્ટોસંકટ પણ શિક્ષક સમ, રોગો પણ શિક્ષકસમ સર્વ;
કર્મ તે દુઃખઆપી સમજાવે, આતમ! કર નહીં મિથ્યા ગર્વ. ॥૨૧૦॥
કૌતુક દેખી અચરિજ પામે, જગમાં સઘળાં નરનેનાર;
કૌતુક દેખ!! મનનું અંતરમાં, ઘોડા ઉપર નીચે સ્વાર. ॥૨૧૧॥
કૌતુક નાટક, આતમ કર્મનું, બન્નેનું જો !! નિજનીમાંહ્ય;
કર્તા હર્તા પરનો માને, મોહે આતમ એ દુઃખછાંય. ॥૨૧૨॥
કહેતો બીજાને તું કૂડો, પણ જો !! તું નિજ મનનું કૂડ;
કાળ છે ક્રોધ સ્વરૂપી મનમાં, મનમાં વર્તે કામનું ભૂંડ. ॥૨૧૩॥
કોડીની કિંમત છે તારી, જ્યાંસુધી તું મોહગુલામ;
કોટિ ઈન્દ્રોથી પણ મોટો, ટાળે જ્યારે મોહદમામ. ॥ ૨૧૪ ॥
કિસ્મત્ માની ત્યજ નહીં યત્નો, ઉદ્યોગી થૈ કર !! ઝટ કાજ;
કાર્ય કરંતાં કિસ્મત્ સ્હાયે, થા તું ઉદ્યોગે સામ્રાજ્ય. ॥૨૧૫॥
કવિ ખરા જે આતમશુદ્ધિ, કરતા આપે સદુપદેશ;
કાવ્ય તે સાચાં જેથી મન તન,-શુદ્ધિ ટળતા દુર્ગુણ કલેશ. ॥૨૧૬॥
કવિતા તે સાચી છે જેથી, આત્મગુણોનો થાય વિકાસ;
કાયા મન વચ શક્તિ પ્રગટે, પ્રભુધર્મ પ્રગટે વિશ્વાસ. ॥ ૨૧૭ ॥
કાર્યો શુભ, એ પ્રભુની કૃપા છે, સત્કાર્યોથી કૃપા ન ભિન્ન;
કૃપાદિ સત્કરણી કીધા વણ, પ્રભુકૃપાકાંક્ષી જનદીન. ॥ ૨૧૮ ॥
કૃપા, પ્રભુની સત્ય વિચારો, સદ્દગુણ સદ્વર્તન છે માન;
કૃપા,-પ્રભુની તે શુભ કર્મો, ઉદયે આવ્યાં નિશ્ચય જાણ !!!. ॥૨૧૯॥

કૃપા કૃપા વદી પ્રભુ કરગરતાં, પાપ તજ્યા વણ થશો ન શુદ્ધ;
કૃપા દયા જો અન્યજીવો પર, આત્મપ્રભુની કૃપા પ્રસિદ્ધ. ॥૨૨૦॥

કૂર્મની પેઠે ઇન્દ્રિય મનને, ગોપવ ! મોહમાં જાતાં ભવ્ય;
કૂર્મની પેઠે ગુપ્તિ ધારો, અકર્મભાવે કર ! કર્તવ્ય. ॥ ૨૨૧ ॥

કર્તા હર્તા કર્માદિકનો,-આતમ વ્યવહારે કહેવાય;
કર્તા હર્તા આત્મપ્રભુ છે, કર્મનો મનપ્રયોગે ન્યાય. ॥ ૨૨૨ ॥

કર્તા ન હર્તા નિશ્ચયનયથી, કર્મનો, આતમ નિશ્ચય સત્ય;
કર્તા હર્તા નિશ્ચયથી નિજ, ગુણપર્યાયનો, કર નિજ કૃત્ય. ॥ ૨૨૩ ॥

કર્તા આતમ, હર્તા આતમ, ષટ્કારક રૂપ આતમ જાણ;
કર્તાદિ ષટ્સ્થાનક જ્ઞાને, સમકિતયોગે મુક્તિ સ્થાન. ॥ ૨૨૪ ॥

કારી ઘા લાગ્યા ભૂલાતા, વખત વીતતાં એવો ન્યાય;
કાળજું ઠેકાણે રાખીને, ચાલે તે નહીં ખત્તા ખાય. ॥ ૨૨૫ ॥

કલ્પસૂત્ર છે જૈનોનું, મહા,-પવિત્ર ધાર્મિક શાસ્ત્ર પ્રમાણ;
કલ્પસૂત્રમાં જૈન ધર્મનું, સામાન્યે સઘળું છે જ્ઞાન. ॥ ૨૨૬ ॥

કૂર્માપુત્રને કરકંડુજી, કપિલ મુનિનું ધર્મચરિત્ર;
કોઇપણ શ્રદ્ધાથી વાંચે તો, તેનો આતમ થાય પવિત્ર. ॥ ૨૨૭ ॥

કાલ ન ખાતો જ્ઞાનાત્માને, અકાલસંતો જ્ઞાની બેશ;
કાલનો ભય છે મોહીઓને, જ્ઞાની ટાળે કાલનો ક્લેશ. ॥ ૨૨૮ ॥

કાચ સમી છે કામીપ્રીતિ, સ્વાર્થની પ્રીતિ જેવો કાચ;
કામનો પ્રેમ તે પ્રેમ ન સાચો, નિષ્કામી પ્રેમ જ છે સાચ ॥૨૨૯॥

કાટ, તે કામને સ્વાર્થ દોષ છે, મનપર ચડવા દ્યો નહીં તેહ;
કટાઇ જાતા પ્રમાદી લોકો, અકાટરૂપે જ્ઞાની જેહ. ॥ ૨૩૦ ॥

કાચા કાનના થવું ન ક્યારે, કાચા કાનનો માનવ મૂઢ;
કાચા કાને મળે ન સાચું, સમજો એ અન્તરનું ગૂઢ. ॥ ૨૩૧ ॥

કાપો નહીં જે સારૂં જગમાં, મૂકો નહીં સાચાપર કાપ;
કાજ કરો સહુ બાજુ તપાસી, કર્મયોગીની ગ્રહશો છાપ. ॥૨૩૨॥

કાદવ,-કામની વૃત્તિયોનો, ડગલે ડગલે સામો દેખ;
કામના કાદવને સંભાળી, ડગ ડગ મૂકો કરી વિવેક. ॥ ૨૩૩ ॥

કીરની પેઠે રૂડું બોલો, હળી મળી સંપી કરશો સંગ;
કુંજર કીટક ગુણને ગ્રહશો, તેથી વાધે આતમરંગ. ॥ ૨૩૪ ॥

કુખ ન લજવો નિજ જનનીની, નિજ જનની અજવાળો કુખ;
કૂર કપૂરનાં ભોજન એક દિન, એક દિન ભીખનું વર્તે દુઃખ. ॥૨૩૫॥

કેર ન કરશો ક્રોધ કરીને, જુલ્મ ગુજારો નહીં થૈ કાળ;
કોટની પેઠે રક્ષા આશ્રય, આપો દિલમાં બની દયાળ. ॥ ૨૩૬ ॥

કોલ કર્યા તે સારા પાળો, દોષદૃષ્ટિથી બનો નં કાક;
કપાલ જોઇ ટીલું થાતું,-ગદ્ધાને વહાલી છે રાખ. ॥ ૨૩૭॥

કપાસ, જગઢાંકણુ છે સાચું, કપાસથી સર્વે ઢંકાય;
કપાસ સરખા જગના ઢાંકણુ, ઉપકારી દાની કહેવાય. ॥૨૩૮॥

કલાલની દુકાને જતાં પણું, દારૂપાની માને લોક;
કુસંગીની સંગત નહીં કરવી, કોઇ દિવસ બગડે છે કોક. ॥૨૩૯॥

કુટેવરૂપી ચુડેલ પાપી, એકવાર પડી તો નહીં જાય;
કુચાલ પડી તે મહાપ્રયત્ને,-તીવ્રોત્સાહથકી વિણસાય. ॥૨૪૦॥

કુપુત્ર તે જનનીને જનકનું, કુલવંશનું બોળે નામ;
કુપુત્રમાં દુર્ગુણ દોષો બહુ, વ્યસનની પાપીવૃત્તિકુઠામ. ॥ ૨૪૧ ॥

કુશિષ્યો, ગુરૂદ્રોહી પાપી, વિનયાદિક સદ્ગુણથી દૂર;
કલંક લાગે એવાં કર્મો, કરતા દુર્ગુણી ભરપૂર. ॥૨૪૨॥

કુગુરૂ તે મિથ્યાત્વી દુર્ગુણી, દુરાચાર કર્મો કરનાર;
કપટે રાતો માતો ભૂંડયલ, સદ્ગુણમતને પરિહરનાર. ॥૨૪૩॥

કુમિત્ર તે સ્વાર્થીને ખુશામતી, ધૂર્ત પ્રપંચી દિલમાં પાપ;
કુમિત્ર ખોટી બુદ્ધિ આપે, કુમિત્ર તજતાં નહીં સંતાપ. ॥૨૪૪॥

કુધર્મ તે હિંસાને જુઠી, ચોરી રૂસ્વતને વ્યભિચાર;
કુટેવ તે કુવ્યસનોનું સેવન, દુર્ગુણ કર્મને દુરાચાર. ॥૨૪૫॥

કુપાત્ર તે જે નીચ હરામી, અવિનયીને કૃતગુણનાશ;
કરે જે ઉપકારીનું ભૂડું, દુર્ગુણ દુર્બુદ્ધિનો દાસ. ॥૨૪૬॥

કુદેવ તે અજ્ઞાની મોહી, રાગી દ્વેષી માયા ધાર;
કુદેવમાં સર્વજ્ઞપણું નહીં, કુદેવને તજશો નિર્ધાર. ॥૨૪૭॥

કુદરત્ ને કૃત્રિમ એ બેમાં, ગગન અને પાતાળનો ફેર;
કુદરતી સઘળું સત્ય છે સમજો, કૃત્રિમ જીવનમાં અંધેર. ॥૨૪૮॥

કુદરત્ નિયમને પશુ પક્ષીઓ, કર્તવ્યો ગણી પાળે બેશ;
કુદરત્ કાયદો ભંગ કરીને, કૃત્રિમ વર્તતાં પ્રગટે કલેશ. ॥૨૪૯॥

કૃત્રિમ જીવનથી દુનિયાના,-લોકો જ્યાં ત્યાં દુઃખી જણાય;
કૃત્રિમ જૂઠું દુઃખકર જીવન, સમજે તે કુદરત સુખપાય. ॥૨૫૦॥

કંગાલોને કાંઈક આપો, યથાશક્તિ કરશો ઉપકાર;
કાંટા જ્યાં ત્યાં પડ્યા બહુ છે, જોડા પહેરીને તું ચાલ !!. ॥૨૫૧॥

કસ્તુરી, મૃગની નાભિમાં, પણ ભ્રાંતિથી દોડે બહાર;
કુમતિયો બાહિર જડમાંહી, સુખમાની વર્તે નિર્ધાર. ॥૨૫૨॥

કિંમત જેની પાસે રહેતાં, પોતાની કંઇ થાય ન લેશ;
કોટિ ગાઉ તેથી દૂર વસવું, કિંમતીવેષે ન કિંમત બેશ. ॥૨૫૩॥

કૂરની પાસે કદિ ન વસવું, કૂરની સંગે કૂર થવાય;
કૂરને સુધારતા સંતો જગ, દયાહીન તે કૂર ગણાય. ॥૨૫૪॥

કુસંગ તે જેથી દુર્ગુણને, દુષ્ટાચારપ્રવૃત્તિ થાય;
કુસંગ સત્સંગ ડગલે ડગલે, ઇચ્છે તે મળશે એ ન્યાય. ॥૨૫૫॥

કાણાને કાણો નહીં કહેવો, જેથી તેનું દિલ દુઃખાય;
કથતાં પૂર્વે વિચાર કરજે, કથ્યું ન મુખમાં પાછું ઘલાય ॥૨૫૬॥

કસાઈ કર્મ કરીશ નહીં ક્યારે, પ્રાણ જાય તો ભલે તે જાય;
કુત્સિત કથની રહેણી ત્યાગી, પ્રભુ ભજ્યાથી શુદ્ધિ થાય. ॥૨૫૭॥

કરામતો ખપમાં નહીં આવે, જ્યારે આયુષ્ય ખૂટી જાય;
ક્યારે રંકને ક્યારે રાજા, સર્વ દિવસ સરખા નહીં જાય. ॥૨૫૮॥

કામણ ટુંમણ મંત્ર જંત્રને, તંત્રનું જોર ન કાલની સાથ;
કારમી જગની માયા છંડી, ભાવે ભજ! મન! ત્રિભુવનનાથ. ॥૨૫૯॥

કામિની ભોગ જો સ્વપ્નામાંહી, કામોદયયોગે પ્રગટાય;
કોટિ ગ્રન્થ કોટિ ભાવાનો,-ત્યાગીને ઉપયોગ શું ત્યાંય. ॥૨૬૦॥

કામિની ભોગનું જબતક સ્વપ્નું, તબ તક કામનું જોર ગણાય;
કામ ભોગ નહીં સ્વપ્ને પણ, નિષ્કામી ત્યારે કહેવાય. ॥૨૬૧॥

કરણી કર એવી કે જેથી, નરનો તું નારાયણ થાય;
કરણી તેવી પાર ઉતરણા, બોલીને તો પોપટ ગાય. ॥૨૬૨॥

કર્ત્તવ્યો-કાર્યો કરતો પણ, સમ્યગ્દૃષ્ટિ મુક્તિ પાય;
કાર્યોમાં નિ:સંગ જે સાક્ષી, નિષ્કામી તે યોગી ગણાય. ॥૨૬૩॥

કાલ ઉપર નહીં રાખ જે કરવું, આજનું આજ કરી લે ભવ્ય;
કાળી રાત વચ્ચે જ્યાં આવી, રાખ ન ભાવીપર કર્ત્તવ્ય. ॥૨૬૪॥

કુમળાં બાળક બાલિકાઓ, કેળવણી તેવાં તે થાય;
કુમળાં જેવાં વાળ્યાં તેવાં, થઇ જાતાં કુદ્રતનો ન્યાય. ॥૨૬૫॥

કેળવવાં લઘુ બાળક સઘળાં, વિદ્યાબળ કળ આપી બેશ;
કોમની ચઢતી સહુ બાલકપર, બાળક, ભાવી ભૂપ મહેશ. ॥૨૬૬॥

કોતરાં આંધાં, નદીઓ પાડે, સાગર બોળે દેશના દેશ;
કુદ્રતથી મોટાં તે સુખકર, વળી પ્રસંગે દુ:ખ દે ક્લેશ. ॥૨૬૭॥

કોતરાં આંધાં, નદી સ્ત્રી જાતિ, પાડીને જ જણાવે પોલ;
કમનીય લ્હોયે નદીઓ લાગે, આંધાં કોતર કુદ્રત રોલ. ॥૨૬૮॥

કોતરાં આંધાં ને બંધોથી, બંધાવે જો જન સરકાર;
કોતર ટળે ને નીકળે ખેતર, સુજ્ઞ સમજતાં નર ને નાર; ॥૨૬૯॥

કેશથી શોભા તારી ક્ષણની, કાળાના ધોળા થઇ જાય;
કેશ તે શ્વેત બનીને જણાવે, ઉજ્વલ કાર્યો કર !! સુખ થાય. ॥૨૭૦॥

કાલુ ઘેલું બાલક બોલે, વેદધ્વનિ ત્યાં સમાઇ જાય;
કાવ્ય કવિતા, લઘુ બાલકના,—હાસ્યવિધે સહેજે પ્રગટાય. ॥૨૭૧॥

કુમળા લઘુ બાલક સમ થાશો, નિર્દોષી જગમાં નરનાર;
કવિજ્ઞાની સંતો લઘુ બાળક, જેવા થાવા ધરતા પ્યાર. ॥૨૭૨॥

કર્મકાંડી જે છે અજ્ઞાની, અન્ધાના સમ તેનાં કર્મ;
ક્રિયાવાદી એકાંતે જે છે, તત્ત્વજ્ઞાન પણ લહે ન શર્મ. ॥૨૭૩॥

કુમિત્ર કુસ્ત્રી કુગુરૂ કુભાઇ, કુપુત્ર કુસંગતિ કુવાસ;
કુધર્મ ને કુકર્મપરિચયે, દુર્ગતિ, જીવતાં નરક જ ખાસ. ॥૨૭૪॥

કાશી મક્કા જરૂસેલમને, ગયાજી મથુરામાં પ્રભુનાંય;
કલ્મષ પાપકર્મને ટાળે; સઘળે પ્રભુ પ્રત્યક્ષ સુહાય. ॥૨૭૫॥

કરથી દે કંઈ સારૂં માનવ!! કર જીવોનાં સુખકર કાજ;
કાચા કુંભ સમી છે કાયા, પડતાં રહેશે નહીં તુજ રાજ. ॥૨૭૬॥

કાચી ઉમર જ્ઞાન વિનાની, અનુભવ વણુ સ્વચ્છંદી બાલ;
કાચી ઉમરમાં ગુરૂઓથી, બાલક રક્ષાના કર ખ્યાલ. ॥૨૭૭॥

કેવલ જીવવામાટે ખાતા,-પીતા લોકો અધમ ગણાય;
કેવલ સ્વપરોન્નતિ કરવાને, ખાવું મધ્યમ રીત કથાય. ॥ ૨૭૮ ॥

કેવલ પારમાર્થિક જીવનને, નભાવવા જે ખાનને પાન;
કરવું તે ઉત્તમ જીવન છે, જેથી પ્રગટે કેવલજ્ઞાન. ॥ ૨૭૯ ॥

કેવલ હાથ કપાળે દેઇ, બેસી રહેતા તે નાદાન;
કાંડા પગને હસ્ત પ્રયત્ને, ધંધો કરતાં સુખ સન્માન. ॥ ૨૮૦ ॥

કીડી સંઘ મળીને મોટા, હાથીને જ જમાડે સાર;
કીડી સંઘના બળથી સર્પનો,-નાશ થતો જગમાં નિર્ધાર. ॥ ૨૮૧ ॥

કીડી સંઘની પેઠે માનવ,-સંઘ બળે કરે સઘળાં કાજ;
કીડીને કણ હાથીને મણ, કર્મપ્રભુ આપે સહુ સાજ. ॥ ૨૮૨ ॥

કામણ સૌથી સાચું એ છે, વિનય પ્રેમને પરગુણ ગાન;
કામણ દૂમણ બીજાં જૂઠાં, જ્ઞાન ભક્તિ સમ કો ન મહાન. ॥૨૮૩॥

કેળવણી તે સાચી જાણો, વધે ગુણો ને દુર્ગુણ નાશ;
કાયા મનની શક્તિ વધે બહુ, જ્ઞાને નાસે દુઃખના પાશ. ॥ ૨૮૪ ॥

કેળવણી તે લૌકિક સારી, દેશ કોમની ચડતી થાય;
કાલાવાલા પડે ન કરવા. આજીવિકા બને સદાય. ॥ ૨૮૫ ॥

કેળવણી લૌકિક છે વિદ્યા, બોંતેર ચોસઠ કલા પ્રમાણ;
કષ્ટ વિપત્તિ હરે તે વિદ્યા, કેળવણી સાચી તે જાણ!!!. ॥ ૨૮૬ ॥

કેળવણીથી શાંતિ તુષ્ટિ,-પુષ્ટિ શક્તિ ને સ્વાતંત્ર્ય;
કૃષિ આદિથી સ્વતંત્ર લોકો, પ્રજા ભૂપ નહીં છે પરતંત્ર. ॥ ૨૮૭ ॥

કેળવણી લોકોત્તર ધાર્મિક, પ્રગટાવે સંયમ ચારિત્ર;
કુમતિ ટાળે સુમતિ આપે, નિર્મોહિ નિજ આત્મ સ્વતંત્ર. ॥૨૮૮॥

કેળવણીથી તન મન વાણી, આતમ ચારિત્રે કેળવાય;
કેળવણી કંઇ ભાષા લિપિ,-જ્ઞાન માત્રથી નહીં કહેવાય. ॥ ૨૮૯ ॥

કેળવણી લેવાની રીતિ, ભિન્ન અનેકધા જાણુ કરોડ;
કેળવણી વ્યાવહારિક ધાર્મિક, લેવામાં પ્રેમે મન જોડ. ॥ ૨૯૦ ॥
કેળવાયેલા લોકો તે છે, સર્વપ્રકારે શક્તિમાન્;
જબરા થઇને જગમાં જીવે, નબળાના નહીં લેતા પ્રાણ.॥ ૨૯૧ ॥
કેળવાયેલા લાખે શત જન, ગુણુ પ્રગટાવે ટાળે દોષ;
કરતા પરમાર્થી નિજ જીવન, જ્ઞાન સત્યથી પામે પોષ. ॥ ૨૯૨ ॥
કળાઓ સર્વે ખપ નહીં આવે, જ્યારે મૃત્યુ આવે પાસ;
કર ! તું દેવગુરૂની ભક્તિ, જેથી ફરીથી મૃત્યુ ન ત્રાસ. ॥ ૨૯૩ ॥
કેદ તે આઠ કર્મની અંતર, સમજી આતમ કેદ !! નિવાર !!
કેદ તે રાગને રોષની કામની, અજ્ઞાનેર્ષ્યા કેદ વિચાર. ॥ ૨૯૪ ॥
કેદ તે આશા તૃષ્ણા માયા, વિષયોમાં થાવું પરતંત્ર;
કેદ તે મોહના તાબે રહેવું, સમજી થા !! આતમ સ્વતંત્ર. ॥૨૯૫॥
કેદ તે મનવચ કાયા વેચી, શત્રુના થાવું આધીન;
કેદ તે દુર્ગુણ વ્યસનના તાબે, રહેવું પર આશાએ દીન. ॥ ૨૯૬ ॥
કેદ તે અસત્ય તાબે રહેવું, અનિચ્છાએ થવું અન્ય ગુલામ;
કેદ તે દુઃખ સંયોગમાં રહેવું, કેદી રહો નહીં આતમરામ.॥૨૯૭॥
કમળની પેઠે નિર્લેપી થા, સર્વ વિષયનો મોહ નિવાર !!
કાદવથી છે કમળોત્પત્તિ, તદ્વત્ નિર્લેપી નિજ ધાર. ॥ ૨૯૮ ॥
કમલને ભાનુ સાથે પ્રીતિ, રવિ ઉદયે કમળોનો પ્રકાશ;
કમળની પેઠે નિજની પ્રીતિ, આતમ પ્રભુપર ધારો ખાસ. ॥૨૯૯॥
કમળને જલની સાથે પ્રીતિ, જળવણુ પંકજ છોડે પ્રાણ;
કમલની પેઠે આતમ પ્રીતિ, પ્રગટાવો તો છે નિર્વાણ. ॥ ૩૦૦ ॥
કુમુદિનીની ચંદ્રથી પ્રીતિ, ચંદ્રપ્રકાશે ખીલે તેહ;
કુમુદિનીવત્ પ્રભુથી પ્રીતિ, ધારે તે જન થાય વિદેહ. ॥ ૩૦૧ ॥
કમળ ને કુમુદિની કરતાં માનવ, અનંતગુણો છે શ્રેષ્ઠ મહાન્;
કરી લે પ્રભુની સાથે પ્રીતિ, નિર્લેપી થાતાં ભગવાન્. ॥ ૩૦૨ ॥
કાસ્યપાત્ર સમ નિર્લેપી થા ! રાગ ને રોષનો લેપ નિવાર;
કાર્યોમાં નિષ્કામી થઇને, પ્રવૃત્તિ કર !! નિર્લેપતા ધાર. ॥૩૦૩॥

કાંસામાં રણુકાર છે મોટો, સુવર્ણમાં નહીં છે રણુકાર;
કથની કાંસા પાત્રના જેવી, રહેણી સુવર્ણ જેવી ધાર !!!. ॥ ૩૭૪ ॥

કૃષ્ણસર્પ જેમ કાંચળી કાઢે, પાછી તે પહેરે નહીં જેમ;
કૃતકર્મોનો મોહ તજ્યા પછી, પાછો મોહ ધરે નહીં એમ. ॥ ૩૭૫ ॥

કાણો ચોટો કરકશો પણ, નગુણાં એવાં માણસ જોય,
કાણું એક જે નાવમાં હોતું, બૂડે નૌકા જલધિ તોય. ॥ ૩૭૬ ॥

કાણું ન [illegible], કાણુમાંથી [illegible];
[illegible], [illegible] નહીં [illegible]. ॥ ૩૭૭ ॥

[illegible], [illegible] નહીં [illegible];
[illegible], [illegible]. ॥ ૩૭૮ ॥

[illegible], [illegible] નહીં [illegible].
[illegible]. ॥ ૩૭૯ ॥

[illegible]

[illegible]

કર્મે મિત્રો વૈરી થાવે, કર્મે સુખદુઃખ અન્ય નિમિત્ત;
કર્મ છે કારણ અંતર્ જાણો, માટે મનડું રાખો ! પવિત્ર. ॥૩૧૮॥

કર્મ ન કર એવાં કે જેથી, બીજાં કર્મો બહુ બંધાય;
કર્મો કરો ! નિજ પર સુખકારક, તજીદે કાયરતા અન્યાય. ॥૩૧૯॥

કમાન ચિત્તા ચોર નમીને, કરતા અન્યજીવોની ઘાત;
કરજે નમ્યાનમ્યાની પરીક્ષા, કર નહીં રાત્રે છાની વાત. ॥૩૨૦॥

કરજે વાતો છાની યોગ્ય જે, યોગ્ય સ્થાન સુપાત્રની સાથ;
કર નહીં છાનું પાપ કદાપિ, છાનું રહે નહીં પાપ કદાચ. ॥૩૨૧॥

કૃત્રિમ પહોંચે નહીં અસલને, કૃત્રિમની કિંમતનો નાશ;
કૃત્રિમતા નહીં છાની રહે જગ; કૃત્રિમ માયા સ્વપ્ન વિલાસ ॥૩૨૨॥

કૂતરૂ રીઝે તો મુખ ચાટે, ખીજે તો તે કાટે પાદ;
કૂતરા સરખા જન તે કૂત્તર, રીજ ને કોપ થકી ઉન્માદ. ॥૩૨૩॥

કૂતર પુંછડી વાંકી રહેતી, સિદ્ધી કરે પણ વાંકી થાય;
કુટેવ, કૂતર પુચ્છડી જેવી, પડી તો અતિ પુરૂષાર્થે જાય. ॥૩૨૪॥

કટોકટીનો પ્રસંગ પડતાં, કોલાહલ નહીં કરવો લેશ;
કળ બળબુદ્ધિ ધૈર્ય ને ખંતે, પ્રયત્ન કરતાં નાસે કલેશ. ॥૩૨૫॥

કોમલ હૈયું. દયા પ્રેમથી, કરીને આતમ ! ! જગમાં ચાલ;
કાઠું હૈયું ધૈર્ય પરાક્રમે, કરોને સ્વાધિકારે હાલ. ॥૩૨૬॥

કુમારી કન્યાઓ શીલપાલન,-અર્થે કટારી રાખે પાસ;
ક્રૂરકર્મીને શીલરક્ષાર્થે, મારી સાચવે શીયલ ખાસ. ॥૩૨૭॥

કાઠું હૈયું અનીતિ જૂલ્મને, હિંસાથી કરશો નહીં ભવ્ય;
કોમલ હૈયું, અતિ દયાથી, કરતાં ભૂલાતું કર્તવ્ય. ॥૩૨૮॥

કોમલ હૈયું કાઠું હૈયું, ગુણ સત્કાર્યોમાં છે બેશ;
કોમલ હૈયું કાઠું હૈયું, દુર્ગુણ પાપમાં આપે કલેશ. ॥૩૨૯॥

કડછી બરછી કલમ કૃષિથી, ગૃહસ્થ સંઘનું જીવવું થાય;
કસાય જે એ ચારને પામી, સ્વતંત્રતા ત્યાં ચોસે ન્યાય. ॥૩૩૦॥

ક્રિયાકલા કલ બળબુદ્ધિમંત, સ્વતંત્ર થઇ જીવે એમ જાણ;
કાલ ક્ષેત્રનો અજ્ઞ પ્રમાદી, પરતંત્ર થઇ ધારે આણ. ॥૩૩૧॥
કર્મમાં લખ્યું હશે તે થાશે, કર્મોદય વડે થતું ન કાજ;
કર્મ કર્મ કરી કરે ન ઉદ્યમ, તે મૂર્ખાઓનો શિરતાજ. ॥૩૩૨॥
કર્મોદય કરી બેસી ન રહેવું; પુરૂષાર્થથી કર્મવિનાશ;
કર્મનું પરિવર્તન પુરૂષાર્થે, પુરૂષાર્થે ધારો વિશ્વાસ. ॥૩૩૩॥
કોઇક સ્થાને કર્મ છે બળિયું, ઉત્કૃષ્ટું નિકાચિત જ્યાંય;
કોઇક સ્થાને આતમ બળિયો, કર્મોદયમાં જાણો ક્યાંય. ॥૩૩૪॥
કોટિ ઉપાયો યત્નો કરતાં, કર્મથકી જ્યાં પાછું પડાય;
કર્મોદય પ્રારબ્ધદશા ત્યાં, ઉદ્યમ ધર્મક્રિયાઓ જણાય. ॥૩૩૫॥
કરી કેશરિયાં કાર્ય કરો શુભ, પડો ન પાછા મરતાં ભવ્ય;
કેશરીયાં કરી મરીને સ્વર્ગે, જાણો કે કર જય કર્તવ્ય. ॥૩૩૬॥
કેશર ચંદન ઘસીને ચાંલ્લો, કરી કપાલે ભાવ એ લાવ;
કુણ કેરડા સમ ધર ગુણને, આતમ અનંત શક્તિ જગાવ!!!. ॥૩૩૭॥
કંકુ કેશરવર્ણી કાયા, મશાણે અંતે ભસ્મ થનાર;
કંકુ કેશર સરખાં ધર્મનાં, કાર્યો કરવા થા!! તૈયાર. ॥૩૩૮॥
કપાલે હસ્ત દે ઝોળી લિધી, રહેતાં સરે ન એકે કામ;
કર પુરૂષાર્થને ઉત્સાહે ખૂબ, હામ દામ ને મળશે ઠામ. ॥૩૩૯॥
કાંઇ ન [illegible] નહીં કરવાનાં, સત્યથી વર્ત! ને સત્યને બોલ;
કર!! પ્રમાણિક જીવન તારૂં, નહીં તો [illegible] ઢોલ. ॥૩૪૦॥
[illegible] ધર્મધરીઆ, [illegible] આવી ત્યાંય;
[illegible] ॥૩૪૧॥
[illegible]
[illegible] ॥૩૪૨॥
[illegible]
[illegible] ॥૩૪૩॥
[illegible]
[illegible] ॥૩૪૪॥
[illegible]

કલ્મષ કીધાં રહે ન કિંચિત્, પ્રભુપર લાગે પ્રેમે તાન;
કાઠિયા તેરે નષ્ટ થતા ઝટ, થાતાં આતમ મહામસ્તાન. ॥૩૪૫॥

કેડો ના લે મસ્ત ફકીરનો, તેમની ઈચ્છાએ તું ચાલ;
કામના વણુ સંતોની સેવા,-કરતાં થાતો ભક્ત ન્યહાલ. ॥૩૪૬॥

કંચન કામિની કામ ભોગની, ઈચ્છા માત્ર થકી મહાદુ:ખ;
કામિની ભોગે દુ:ખ વિપત્તિ, કદિ ન મળતું સર્વત્ર સુખ. ॥૩૪૭॥

કામ ભોગ તે ઝેર હલાહલ, કામ તે શલ્ય અને તે પાપ;
કામ તે રાક્ષસ મહાશયતાન છે, કામથી સઘળા છે સંતાપ. ॥૩૪૮॥

કામની સુખની આશા ધારી, ભૂલે જગમાં નરને નાર;
કામભોગથી ક્ષણિક સુખને; અનંત દુ:ખ થાતું નિર્ધાર. ॥૩૪૯॥

કામભોગ ઈચ્છાથી તપસી, લપસી ગયા દૃષ્ટાંત અનેક;
કામ ભોગથી થાય ન શાન્તિ, સમજે જેને થાય વિવેક. ॥૩૫૦॥

કાષ્ઠથી અગ્નિ વૃદ્ધિ થાય પણ, કાષ્ઠથી અગ્નિ થાય ન શાન્તિ;
કામ ભોગથી કામના વધતી, માટે છંડી દે સુખભ્રાંતિ. ॥૩૫૧॥

કામ છે કાળા નાગથી બૂરો, આપે મૃત્યુ અનંતીવાર;
કામાગ્નિજ્વાલામાં પડતાં, દુ:ખ નરનારીને છે અપાર. ॥૩૫૨॥

કામની ઈચ્છા-વાસના ટળતાં, સાચો છે ભોગોનો ત્યાંગ;
કામવાસના હોળી જબતક, તબતક અંતર સુખ નહિ લાગ. ॥૩૫૩॥

કામને બાળે આતમ મહાદેવ, થાતો એવો છે નિર્ધાર;
કામ ત્યજતાં સઘળું ત્યાગ્યું, કામનો ઠર જ્ઞાને પરિહાર. ॥૩૫૪॥

કામે ભમાવ્યા ભમો ન જ્યાં ત્યાં, થશો ન કામના વશમાં ભવ્ય;
કામે ક્રોધાદિક પ્રગટે છે, કામ હણ્યાનું કરો કર્તવ્ય. ॥૩૫૫॥

કષ્ટ વિપત્તિ દુ:ખ છે કામે, કામે મનડું ઠરે ન ઠામ;
કામ ભોગની તજી ઈચ્છાઓ, ભજ તું ભાવે આતમરામ. ॥૩૫૬॥

કામના આધીન કર્મો સઘળાં, કામ છે સહુ દોષોનું મૂળ;
કામ ભોગથી સુખની આશા, રાખે અંતે ધૂળની ધૂળ. ॥૩૫૭॥

કામ ભોગને સુખને માટે જગમાં ઈચ્છે નરનેનાર;
કામે સુખ તો થતું નકિંચિત્, ઉલટાં દુ:ખો અપરંપાર. ॥૩૫૮॥

કામ ત્યાં રામ ન રામ ત્યાં કામ ન, કામે મળે નહીં આતમરામ;
કામ ભોગની તજીપ્રવૃત્તિ, આત્મિકસુખનું પામો ઠામ. ॥૩૫૯॥

કમલને કાંટા નિજ રક્ષાર્થે, કુદ્રતથી પ્રગટે છે જાણ;
કમલની પેઠે સંતજનોને, પુણ્યપ્રભુ રક્ષા છે માન. ॥૩૬૦॥

કાર્મણ તૈજસને આહારક, ઔદારિક વૈક્રિય છે દેહ;
કામ ક્રોધ માયાને લોભને, તજતાં આતમ થાય વિદેહ. ॥૩૬૧॥

કુશળ કસાઈ ઘેર જે માને, આતમ કર્મનો તેહ અજાણ;
કુશળ પ્રવર્તે પૂર્વપુણ્યથી, જાણે તેનું સાચું જ્ઞાન. ॥૩૬૨॥

કેમેરાસમ મન પ્રતિબિંબો, સારાં ખોટાં ગ્રહે અપાર;
કરો વિચારો સારા ખોટા, તમે થાશો તેવા નિર્ધાર. ॥૩૬૩॥

કુત્સિત દુષ્ટ વિચારો ટાળો, કુવાસનાનાં બીજો બાળ ! !,
કાયા મનવાણીની શુદ્ધિ, કરીને મુક્તિ પંથે ચાલ !!. ॥૩૬૪॥

કલંક આળ જે દે તુજ ઉપરે, તે પર દે નહીં સામું આળ;
કાળું ધોળું કર્યું ન છાનું, રહેતું ઘાલતાં પાતાળ. ॥૩૬૫॥

કલંક જૂઠાં અન્યો દે પણ, દુનિયામાં તરી આવે સાચ;
કરૂણા કર આળો દે તેપર, જૂઠાં કલંક દે તે કાચ. ॥૩૬૬॥

કીર્તિસુણીને હર્ષ ન ધર દિલ, અપકીર્તિ સુણી થા ન ઉદાસ;
કીર્તિ નિંદા કર્મની માયા, પુણ્યે પાપોદયે તે ખાસ. ॥૩૬૭॥

કલશ ચઢાવ્યો શિખરે તેણે, જેણે કીધા પરોપકાર;
કરૂણાથી બહુ જીવ બચાવ્યા, કીધો દુઃખી દીનોદ્ધાર. ॥૩૬૮॥

કલશ ચઢાવ્યો તેણે સાચો, કીધો જેણે ધર્મોદ્ધાર;
કુટુંબ કોમ ને દેશને તાર્યો, તનમનધન અર્પીને સાર. ॥૩૬૯॥

કરી કમાણી તેણે સાચી, જેણે દીધાં બહુલાં દાન;
કીર્તિની ઇચ્છા વણ સારાં, કાર્યો કીધાં આપ્યા પ્રાણ. ॥૩૭૦॥

કાળાં ધોળાં ગોરાં દેહો, દેખી ધરો ન અરૂચિપ્યાર;
કાળાં ગોરાં દેહમાં વસતા,–લોકનાં દેખો કૃત્ય વિચાર. ॥૩૭૧॥

કાળાં ધોળાં કૃત્ય વિચારો, કરનારા તે કાળા શ્વેત;
ચામડી રંગી નહિ મુંઝાવું, સમજી આતમ !! જ્ઞાને ચેત !! ॥૩૭૨॥

ફૂટેલ સાટૂટ સટેલ થઈ જન, સુધરે જ્ઞાની સંતની સંગ;
કૌવતથી કર સારાં કાર્યો, રાખજે ઉત્તમ આતમરંગ. ॥૩૭૩॥
કુસંગી સંગે સન્મતિવિણસે, દારૂપાને ટળે સુબુદ્ધિ;
કેળા સંગે વાસ કણીકનો, ટળતો કુસંગથી દુર્બુદ્ધિ. ॥૩૭૪॥
કોલસો પણ ઉપયોગી જાણો, મનુષ્ય ! પરોપયોગી થાવ ! !;
કાંગ ચણો બંટી ઉપયોગી, નિજ સઘળું ઉપયોગે લગાવો!. ॥૩૭૫॥
કોઈ ન જગમાં નિરૂપયોગી, ઉપયોગી સહુ વિશ્વપદાર્થ;
કોનો ગર્વ ન છાજે જગમાં, રાવણે ગર્વ ગયો સહુ વ્યર્થ. ॥૩૭૬॥
કેશરીસિંહ પરાક્રમ સરખાં, કરો પરાક્રમ નર ને નાર;
કયામતનો દિન કર્મ શુભાશુભ,-ઉદયકાલ જાણો નિર્ધાર. ॥ ૩૭૭ ॥
કદાગ્રહો ત્યાગી દે સત્યને, સમજી આતમ સત્યને ધાર;
કદાગ્રહીથી વાદ વિવાદો; કથતાં માથાકૂટ ન સાર. ॥ ૩૭૮ ॥
કરોડપતિ થાતાં નહીં શાન્ત, સદ્‌ગુણ વણ નહીં સત્યાનંદ;
કોડીની કિંમત છે કોટિ-ધનપતિની જ્યાં પાપના ફન્દ. ॥ ૩૭૯ ॥
કીર્તિ સ્તંભો બહુ ઉપયોગી, ભક્તવીર દાતારના બેશ;
કૃત્યો સારાં કરવા માટે, ભાવીમાં ઉપકારી હમેશ. ॥ ૩૮૦ ॥
કબૂતર પંખી સડેલ જીવડાં-વાળો દાણો કદિ ન ખાય;
કબૂતર પેઠે જૈન સાધુઓ, અહિંસા ભોજનથીજ ધરાય. ॥ ૩૮૧ ॥
કબૂતર જાતિ દયાવંત ને, મૈથુનકામી તેમ જણાય;
કણિયા માટીના ખાઈ જીવે, દયાળુ જાતિ નાશ ન પાય. ॥ ૩૮૨ ॥
કબૂતર દાણા માટી કણિયા, ખાવે તોપણ કામી થાય;
કામી સિંહ થતો વર્ષે દિન, વૈરાગી નિષ્કામી સુહાય. ॥ ૩૮૩ ॥
કાયા બાળે તજે ન દુર્ગુણ, મનનો મોહ તજે નહીં લેશ;
કાયા તપાવે વળે શું તેથી, એવો તપ છે કાયાકલેશ. ॥ ૩૮૪ ॥
કંપ નહીં ભય કારણ દેખી, મૃત્યુથકી જગ બચે ન કોય;
કાયા-માટીની માયા છે, માટીમાંહી મળશે સોય. ॥ ૩૮૫ ॥
કુમારપાલ ગુર્જર દેશાધીશ, દયા પળાવી જેણે દેશ;
કર્માશાહે શત્રુંજયનો, તીર્થોદ્ધાર કર્યો તજી કલેશ. ॥ ૩૮૬ ॥

કૂર્મ ઋષિની ક્ષાત્રય વંશી, કૂર્મીવંશી કણબી જાત;
કણબીઓ ખેતી કરવામાં, ગુર્જરાદિ દેશે પ્રખ્યાત. ॥ ૩૮૭ ॥

કેશો કાટે વધે ફરી બહુ, સત્ય મિત્ર તે કેશ સમાન;
કમલ સરીખા સત્ય મિત્ર તે, મિત્ર વિના રાખે નહીં પ્રાણ. ॥૩૮૮॥

કોળું ચીભડું મોટું તેના, વેલાઓ નાના છે જાણ;
કોળા સરખા દાતારો છે, આવક થોડી મોટું દાન. ॥ ૩૮૯ ॥

કંજુસ આંબલી પત્રના જેવા, કરને ધારે નજરે દેખ;
કેળ પત્ર સમ દાતારોના,-હસ્તો આપે ત્યારે પેખ. ॥ ૩૯૦ ॥

કાળો કૂતર, ઘરમાં પેસી, ઘૃત ભોજનને ચપાટી જાય;
કાઢો તેને ઘરની બાહિર, કૂતરસમ કુસંપ ગણાય. ॥ ૩૯૧ ॥

કાપ ન કપાઈ જા ના ક્રોધે, અહંકારે મિથ્યા જગમાંહ્ય;
કરી કરારો ફરી ન જા તું, કસાઇ ઘરમાં કુશળ ન ક્યાંય. ॥ ૩૯૨ ॥

કિંપાકો ફળો મિષ્ટ રૂપાળાં, પણ ખાવાથી જાતા પ્રાણ;
કટુક કર્મ વિપાકો એવા, સમજી કામ તજે દુઃખ ખાણ. ॥ ૩૯૩ ॥

કુહાડીના ઘા સમ વચનો, વૈરીને પણ બોલ ન જીવ !!!;
કટુક વચન ઘા નહીં રૂઝતા, ભૂલ્યા પછી શું પાટે રીવ. ॥ ૩૯૪ ॥

કોઈક નિંદે કોઇક વંદે, બન્ને પર ધર સમતાભાવ;
કોઈનું બૂરૂં લેશ ન કરજે, સર્વ જીવોનું હિત મન લાવ !!. ॥૩૯૫॥

ક્રિયાવાદી છે શુક્લ પક્ષિયો, ભવી અંતે મુક્તિમાં જાય;
ક્રિયાવાદી માર્ગાનુસારી, સમકિતી થઈ મુક્ત સુહાય. ॥૩૯૬॥

ક્રિયાવાદી તે આતમ સાથે, કર્મબંધ માને નિર્ધાર;
ક્રિયાથકી કર્મો બંધાતાં, માને કર્મથી નિશ્ચય સાર. ॥૩૯૭॥

ક્રિયાવાદી તે કર્મવાદી છે, [illegible] ધર્મનાં કૃત્ય;
કર્મે જગમાં જન્મ મરણને, માને આતમ કર્મને સત્ય. ॥૩૯૮॥

ક્રિયાવાદી છે [illegible], ક્રિયાવાદ સાપેક્ષ સત્ય;
ક્રિયાવાદ એકાંતે મિથ્યા, સ્યાદ્વાદે છે ધર્માનાં કૃત્ય. ॥૩૯૯॥

[illegible]
[illegible] ॥૪૦૦॥

કક્કાવલિ બે ભજન સંગ્રહના, પહેલા ભાગ છપાઇ જાણ;
કર્મ હણીને આતમશુદ્ધિ, કરવામાં ઉપયોગી પ્રમાણ. ॥૪૦૧॥

કુવેણ, કૌવચ સ્પર્શના જેવું, શસ્ત્ર સરીખું ઘાતક જાણું;
કુવેણના ઘા નહીં રૂઝાતા, કુવેણ તજ વદ સારી વાણ. ॥૪૦૨॥

કસાઇ તે પાપની વૃત્તિયો, હિંસક જીવો છેજ કસાઇ;
કસાઇખાનું પાપ જે અંતરૂં, ટાળે જૈન છે તે દેવતાઇ. ॥૪૦૩॥

કંકાવટી કંકણુ કુંકુમ તે, સદ્‌બુદ્ધિ હિંમત ને શુદ્ધિ;
કંકોતરી ઉમંગની વૃત્તિ, કંગાલ જ તે જે નિર્બુદ્ધિ. ॥૪૦૪॥

કાજી જો તું તો નિજ ન્યાયને, કરજે પ્રભુને રાખી ચિત્ત;
કાજી થયો નહીં જે નિજ મનનો, ખુદાનો તે નહીં ભક્ત પવિત્ર.॥૪૦૫॥

કાટલાં ન્યાયની બુદ્ધિ તે છે, મનમાં કાવી પાપ તે જાણ;
કાથિયા વસ્ત્રે મન નહીં સાધુ, સત્યને સારૂં સુણે ગુણવાન્. ॥૪૦૬॥

કાઠિયાવાડમાં અતિથિ સેવા, ભક્તિ સતી ઘોડી ને સંત;
કાઠિયાવાડમાં તીર્થ સિદ્ધાચલ, દયા સત્ય ને યોગી મહંત. ॥૪૦૭॥

કાઠિયાવાડમાં ધૂર્તાઇ બહુ, મધુરૂં ભાષણ આદરમાન;
કાઠિયાવાડમાં રત્નો પાકે, પુરૂષોમાં સ્ત્રી વર્ગમાં જાણ; ॥૪૦૮॥

કાફર તે જે દેવગુરૂને, ધર્મને માને નહીં તલભાર;
કાફર તે જે હિંસક જૂઠો, ચોરજારપાપી શિરદાર. ॥૪૦૯॥

કાર્મણ દેહને કારણ દેહ તે, રાગ રોષ મિથ્યા અજ્ઞાન;
કાયાનું મૂળ બીજ તનુ જે, સૂક્ષ્મ છે દ્રવ્યકર્મ તે જાણ. ॥૪૧૦॥

કારસ્તાન કરો નહીં કપટે, કરો પ્રમાણિક કારોબાર;
કાવ્ય તે જેથી લોકો શાંતિ,–સુખ બુદ્ધિ પામે તે ધાર, ॥૪૧૧॥

કાળક્ષેપ કરો ન નકામો, કાળચક્ર જીતી જય પાવ ! !;
કાળો કેર ન કરજે ક્રોધે, કાંચળિયો મત દૂર હઠાવ ! !. ॥૪૧૨॥

કેફ તે કામના સમ નહીં બીજી, કેફી અનેક પ્રકારે લોક;
કેમ રે !! જાણી ગણી તું ભૂલે, ભૂલ કરી શું પાડે પોક. ॥૪૧૩॥

કોયલા સરખો કુકૃત્ય કર્મી, ક્રોધી જૂઠ્ઠી ગણી નરનાર;
ક્રોધાવેશે ખાવ ન લખ નહીં, દોષ છતાં કર નહીં આહાર.॥૪૧૪॥

કર્યું મેં સ્વાર્પણ હે પ્રભુ !! તુજમાં, તુજ માટે જગ જીવ્યું જાય;
ક્રોધ માન માયાને લોભનો, કામનો નાશ કરે સુખ થાય. ॥૪૧૫॥

કરૂં હું ત્હારી ભક્તિ ભગવન્ !! સર્વ જીવોને ગણી તુજ રૂપ;
કરૂં હું સર્વજીવોના હિતને, બોધાદિકથી જાણો ભૂપ !!. ॥૪૧૬॥

કરી પ્રતિજ્ઞા આ ભવમાંહી, પંચમહાવ્રત ધરવાં શુદ્ધ;
કરી પ્રતિજ્ઞા કર્મ ટાળવા, બનું નહીં શત્રુપર ક્રુદ્ધ. ॥૪૧૭॥

કરીશ જબતક જીવીશ તબતક, સ્વપરોન્નતિ શુદ્ધિનું કાજ;
કરૂં કરાવવું ને અનુમોદવું, જેથી પ્રગટે શિવપુર રાજ્ય. ॥૪૧૮॥

કરૂં ન કોઇ જીવની હિંસા, કરાવવું નહીં કોઇની પાસ;
કરૂં નિષ્કામે પ્રભુપદ વરવા, સઘળું સારૂં ધરી વિશ્વાસ. ॥૪૧૯॥

કરૂં લખુંને ઉપદેશું શુભ, પરમાર્થે ધર્યું જીવન સર્વ;
કાંઇ નહીં રહી જડસુખબુદ્ધિ, રહ્યો ન નામને દેહમાં ગર્વ. ॥૪૨૦॥

કોઈ ધર્મને કોઇ ધર્મીપર, દ્વેષભાવ નહીં રહ્યો લગાર;
કોઇનું ક્યારે ન બૂરૂં ઇચ્છું, પ્રાણ પડે તોપણ નિર્ધાર. ॥૪૨૧॥

ક્યારે પણ સ્વપ્ને નહીં ઇચ્છું; કામવાસના મૈથુન ભોગ.
કામવાસના બૂરી જાણી, ત્યાગ્યા સહુ મૈથુનસંયોગ. ॥૪૨૨॥

કોઈ ધર્મ દર્શનને પન્થમાં, સત્ય હોય તે બોલું સત્ય;
કોઇમાં કંઇ કંઈ સત્ય ગુણો જે, તેને અનુમોદું મુજ કૃત્ય. ॥૪૨૩॥

કરૂં નહીં જગ જીવો ઉપર; રાગ રોષનો જરા વિચાર;
કરૂં હું જગજીવોની સાથે,–શુદ્ધપ્રેમ મૈત્રી હિતકાર. ॥૪૨૪॥

કરી પ્રતિજ્ઞા પૂર્ણ ટેકથી, પ્રભુમય જીવન કરવા કાજ;
કરી પ્રતિજ્ઞા મુક્તિ વરવા, પામીશ અંતે પ્રભુ સામ્રાજ્ય. ॥૪૨૫॥

કરૂં મન વચન તનુથી જગમાં, સ્વપરજીવોના હિતનું કાજ;
કર્યાં કર્મ ભોગવું સમભાવે, રાખું ન શત્રુ ઉપર દાઝ. ॥૪૨૬॥

કરૂં મારૂં મારા અધિકારે, અન્યોને દઉં શુભ ઉપદેશ.
કર્તવ્યો અન્યોનાં જે તે, જણાવું તેઓને નિઃક્લેશ. ॥૪૨૭॥

કરૂં કરીશ પ્રભુમાં જીવીને, આત્મપ્રભુ કરવાને પ્રકાશ;
કર્યો ઉપદેશો લખ્યા તે સઘળા, અન્યોના અધિકારે પાસ. ॥૪૨૮॥

કર્યું કરાવ્યું અનુમોદ્યું શુભ, નિષ્કામે જગ લોકોહિત;
કૃત્યોમાં ભૂલ દોષ થયાની, માફી માગું ચિવસ કેત. ॥૪૨૯॥
કરૂં લખું ઉપદેશું વિચારૂં, તેમાં ભૂલની માગું માફ;
કરૂણાસાગર મહાવીર દેવા, કરશો મારૂં મનડું સાફ. ॥૪૩૦॥
કાયા મન વચથી અપરાધો, અન્ય જીવોના કીધા જેહ;
કરૂં છું પશ્ચાત્તાપ જ તેનો, કરૂં ન અપરાધો હવે તેહ. ॥૪૩૧॥
કરણી કથની કરી મેં જે જે, તે જાણો સહુ વ્હાલા દેવ!!;
કર મારો ઉદ્ધાર પ્રભુજી, મારૂં જીવન એ તુજ સેવ. ॥૪૩૨॥
કરૂણાસિંધુ!! પ્રભુ તુજ શરણે, આવ્યો પ્રભુ તુજ બાલ ઉગાર!!!;
કરૂણા કર!! જેવો તેવો પણ, તારો ગણી મુજને ઉદ્ધાર. ॥૪૩૩॥
કર્યું કરૂં ને કરીશ એમાં, કર્તાપણનો નહીં અહંકાર;
કરૂં કર્યું વ્યવહારે કરવું, બોલવું નિશ્ચયે નહીં લગાર. ॥ ૪૩૪ ॥
કાલ ઉપર નહીં રાખજે આજનું,-કાર્ય અરે મુજ આતમરાજ!!;
કાલની ખબર ન આજે પડતી, આજનું કાર્ય તે કરજે આજ. ॥૪૩૫॥
કરેલ કાર્યો તપાસી દેખો, ભૂલ દોષની માફી માગ!!;
કાચા કાનનો કાચા દિલનો,-થા નહીં સાવધ થઇને જાગ!!!. ॥૪૩૬॥
કલિયુગમાં કલિના અનુસારે, વર્તે ધર્માચારવિચાર;
કલિયુગમાં કલિના અનુસારે, સાધુ ઘરબારી વ્યવહાર. ॥૪૩૭॥
કટાય છે મન વચ તન શક્તિ, નહીં વાપરતાં જગમાં દેખ;
કટાયે છે અણુ વાપરવાથી, એવું જાણી સત્યને પેખ. ॥૪૩૮॥
કટાય જેનો ખપ નહીં તે સહુ, ખપમાં આવે તે ન કટાય;
કાયા મન વચ ખપમાં લેવાં, કસરત આદિથી સુખ થાય. ॥૪૩૯॥
કોનું બૂરૂં ચિંતવ નહિ મન, કારણે પણ નહી કોનું બગાડ;
કારણે કાર્યની સિદ્ધિ થાતી, કારણે શોભે કરવાં લાડ. ॥૪૪૦॥
કરી લે નિષ્કામે શુભ કાર્યો, કરી લે તારૂં સાચું કાજ;
કરણીથી છે પાર ઉતરણી, જેવા લોકો તેવું રાજ્ય. ॥૪૪૧॥
કાયર થા!! નહી ધર્મ કરંતાં, ધર્મ કરંતાં ધર વિશ્વાસ;
કરવા પૂર્વે કોટિ વિચારો, કરી પછી કર!! કાર્યપ્રકાશ. ॥૪૪૨॥

કસ્તી સુન્નત જનોઇ તેમજ, બાપટીઝમનો ઉંડો અર્થ;
કુસ્તી કર્યા વણુ મોહશયતાનથી, કસ્તી સુન્નત આદિ વ્યર્થ. ॥૪૪૩॥
કમબખ્તી તેની છે પૂરી, જેને કીધો દુર્ગુણ સંગ;
કમબખ્તી છે વ્યસનો સેવે, જેથી બગડે સર્વે રંગ. ॥૪૪૪॥
કમબખ્તી છે રાગને રોષે, મિથ્યાત્વે વ્યભિચારે જાણ;
કમબખ્તી છે દુષ્ટપણાથી, હિંસાદિકપાપોથી માન. ॥૪૪૫॥
કુટ્ટણખાનાં નરકનાં સ્થાનો, તેનો નાશ કરે જગશાન્તિ;
કુટ્ટણીઓને નીતિપંથે, વાળ્યાથી છે ધર્મોત્ક્રાન્તિ. ॥૪૪૬॥
ક્રિયા અજીરણ નિન્દા છે ને, તપનું અજીરણ જાણો ક્રોધ;
કોને જ્ઞાનનું અજીર્ણ ગર્વ છે, તર્ક અજીરણ અવળો બોધ. ॥૪૪૭॥
કીડીને કણ હાથીને મણ, પુણ્યરૂપપ્રભુ આપે દાન;
કર્માનુસારે સૌ ને મળતું, જન્મની સાથે છે સ્તનપાન. ॥૪૪૮॥
ક્યાંથી આવ્યો ને ક્યાં જાઈશ, કોણ તું તારૂં કેવું સ્વરૂપ;
કોનો તું ને કોણ છે તારૂં, સમજે તો નાસે સહુ ધૂપ. ॥૪૪૯॥
કોણ છે તનમાં કોણ વદે છે, કોણ વિચારે તેને જાણ;
કો જાણે છે સુખને દુઃખને, કરી લે તારૂં પોતે ધ્યાન. ॥૪૫૦॥
કર્યાં તેં કર્મો ક્યાં ક્યાં ? જગ, કરે શું આજે તેહ વિચાર;
કર્તા કર્મ કરણ એ શું છે, સમજી લે જ્ઞાને નિર્ધાર. ॥૪૫૧॥
કોને એકાન્તે સુખ જગમાં, એકાંતે દુઃખ કોને ન હોય;
કર્મથી ચક્રની ધારા પેઠે, સુખ દુઃખ વારા ફરતી જોય. ॥ ૪૫૨ ॥
કાર્યપ્રવૃત્તિમાંહી મહાજન,-અનુસરીને ચાલે અન્ય;
કરો વિવેક મહાજન થઇને, સત્કાર્યે થાવો કૃતપુણ્ય. ॥ ૪૫૩ ॥
કુપિત મલો છે સર્વ જ્વરોનું,-કારણ નિશ્ચય કરો નિદાન;
કુપિત દશામાં કશું ન વિચારો, કુપિત દશામાં વદો ન વાણ. ॥૪૫૪॥
કુદ્ધ દશામાં લખો ન લેખો, કોપ છતાં ખાવું નહી અન્ન;
કર્મ શુભાશુભ સુખ દુઃખ તેમાં, આત્માનંદે રહો પ્રસન્ન. ॥૪૫૫॥
કફ જ્વરમાં અરડુશી આળશી, અબરખ ઉપયોગી હિતકાર;
કફ નિવારણ ભોંયરીંગણી, ઉકાળો રોગો હરનાર. ॥ ૪૫૬ ॥

કફ જ્વરીને મિષ્ટાન્નથી હાનિ, કટુ કરિયાતું હિતકર જાણુ!!!;
કફ તે જાલંધર દૈત્ય જ છે, અગ્નિ તે વિષ્ણુ ત્યાં માન. ॥ ૪૫૭ ॥
કેન્દ્રલક્ષ્ય મુજ નિશ્ચય એ છે, પરમાતમપદ વરવું ધ્યેય;
કેન્દ્ર મુખ્ય એ છે આતમને, પરમાતમ કરવો આદેય. ॥ ૪૫૮ ॥
કમલ પત્રવત્ નિર્લેપી રહી, કર્યાં કરૂં છું જગકર્તવ્ય;
કમલ પત્રવત્ કર્મયોગી થઇ, વર્તું પ્રભુપદ છે પ્રાસવ્ય. ॥૪૫૯॥
કર્મયોગી સાધન પદ આદર્યું, સાધ્ય છે મુજ પરમેશ્વરદેવ;
કુસુમની પેઠે કોમલ વજ્રની,-પેઠે વર્તી કરૂં છું સેવ. ॥ ૪૬૦ ॥
કર્મ કાર્યમાં ગ્રાહ્યત્યાજ્યનો,-વિધિ પ્રતિષેધની પેલી પાર;
કર્મથી ન્યારો કર્મ કરૂં ને, કર્મયોગ મોટો વ્યવહાર. ॥ ૪૬૧ ॥
કર્મયોગે વ્યવહારે વર્તું, ત્યાગરાગ સાધનથી ભિન્ન;
કર્મ કરૂં પણ અકર્મ થઇને, શુદ્ધોપયોગમાં થઇને લીન. ॥ ૪૬૨ ॥
કર્મ કર્યા વણ કોઇ ન જીવે, કર્મથકી ચાલે વ્યવહાર;
કાર્ય તે પરમાતમ પદ વરવું, અન્ય છે કારણ નિમિત્ત ધાર. ॥૪૬૩॥
કાળા કામનું વિષયેચ્છા સુખ,-છેદીને આતમ સુખ પાવ!!;
કાળાકામના દુષ્ટ વિચારો, સઘળાને તું જ્ઞાને હઠાવ!!. ॥ ૪૬૪ ॥
કૃષ્ણ સર્પથી કામ છે બૂરો, ડસ્યાં અનંતાં મરણો થાય;
કાળા કામનો સંગ કરે તે, પલ પલ અશાંતિ દુ:ખને પાય. ॥૪૬૫॥
કાળા કુગુરૂ કામી પ્રપંચી, તેનો સંગ કદાપિ ન ધાર;
કુગુરૂ સંગથી મોહ ટળે નહીં, કુગુરૂ રાગમાં ઝેર અપાર. ॥ ૪૬૬ ॥
કુગુરૂ પાખંડી અજ્ઞાની, નિર્દય જૂઠો ને શયતાન,
કુગુરૂના ભરમાવ્યા ભમો નહીં, કુગુરૂ જગમાં છે નાદાન ॥ ૪૬૭ ॥
કુગુરૂ, કંચન કામિની રાગી, દેવગુરૂને ધર્મથી હીન;
કુગુરૂ, મિથ્યાત્વીને મોહી, જડસુખના વર્તે આધીન. ॥૪૬૮॥
કાયા છે પાણી પરપોટો, સંધ્યાના છે રાગ સમાન;
કાયા કાચના જેવી જાણો, થતી ન કોઇની જગમાં માન. ॥ ૪૬૯ ॥
કાયા, કોની સાથ ન આવે, કાયાને મૂકે નહીં કાળ;
કાયાની માયા બાજીગર,-બાજી જેવી નક્કી ભાળ. ॥ ૪૭૦ ॥

કરૂં પ્રભુ પ્રાપ્ત્યર્થે પરમાર્થે, જડ સુખ વણુ કૃત્યો નિષ્કામ;
કરૂં લખું અધિકારે પ્રભુમાં, ઉપયોગી થૈ આતમરામ. ॥ ૪૯૯ ॥

કરૂં ન નામના મોહે હે પ્રભુ ! !, પ્રભુ તુજ નામ તે મારૂં નામ;
કરૂં ન રૂપના મોહે કંઈ પ્રભો, કર્યું મારૂં સહુ તારૂં તમામ. ॥ ૫૦૦ ॥

કરૂં હું સેવા સર્વ જીવોની-પ્રભુરૂપ જાણી પ્રભુપદ હેત.
કરૂં લખું ઉપદેશું વિચારૂં, આત્મપ્રભુસેવાસંકેત. ॥ ૫૦૧ ॥

કરૂં ન અન્યજીવોપર ઇર્ષ્યા, અન્યધર્મનો કરૂં ન દ્વેષ;
કરૂણાથી સહુ જીવોનું હિત,-ઇચ્છયા કરૂં એ ભાવ વિશેષ. ॥ ૫૦૨ ॥

કર્યાં જે પાપો પૂર્વભવોમાં, આ ભવમાંહી રાગ ને રોષ;
કૃતકર્મોને નિંદુ ગર્હું, કો'પર ધરૂં ન રોષ ને તોષ. ॥ ૫૦૩ ॥

કરૂં લખું ઉપદેશું સઘળું, જેવું મુજને ઘટ સમજાય;
કરૂં ભૂલ તો માફી માગું, પરમેશ્વરની સંઘની ન્યાય. ॥ ૫૦૪ ॥

કાર્યો કરતાં ભૂલો થાવે, કરૂં હું દોષનો પશ્ચાત્તાપ;
કૃપા કરીને અર્હન્ મહાવીર ! !, તારા જેવા ગુણને આપ. ॥ ૫૦૫ ॥

કરૂં ન કીર્તિ માટે લખું નહીં, લખું છું નિજ પર શુદ્ધિહેત;
કરૂં લખું ઉપદેશું ફર્જે, સેવા ભક્તિનો સંકેત. ॥ ૫૦૬ ॥

કરે લખાવે ઉપદેશાવે, અંતરૂ આત્મપ્રભુ ભગવાન ;
કરૂં લખું કહે આત્મપ્રભુજી, નયવ્યવહારની શૈલી પ્રમાણ. ॥ ૫૦૭ ॥

કર્માચ્છાદિત સર્વજનોના,-અભિપ્રાયો છે ભિન્ન અનેક;
કરૂં ન અભિપ્રાયે અન્યોના, કરૂં લખું સ્વતંત્ર વિવેક. ॥ ૫૦૮ ॥

કરૂં છું સ્વાધિકારે જે કંઇ, તે પ્રભુપ્રાપ્તિ માટે સત્ય;
કરીશ પ્રભુઉપયોગમાં રહીને, આત્મશુદ્ધિનાં સાચાં કૃત્ય. ॥ ૫૦૯ ॥

કરૂં ન મારૂં ન ત્હારૂં જગમાં, કર !! પ્રભુ મારો ઝટ ઉદ્ધાર;
કરતાં આથડું દોષ જો થાવે, પશ્ચાતાપ કરૂં છું અપાર. ॥ ૫૧૦ ॥

કરૂં છું સંવર નિર્જર કરણી, ટાળું પ્રગટ્યા રાગને રોષ;
કર્તા અકર્તા, નયથી જાણી, પ્રભુ તુજમાં ધાર્યો સંતોષ. ॥ ૫૧૧ ॥

કર્મની સાથે અનાદિ સંબંધ, કર્મ પ્રકૃતિ કરવા નાશ;
કરૂં ઉદ્યમ શુદ્ધાત્મોપયોગે, અંતરૂમાં ધાર્યો વિશ્વાસ. ॥ ૫૧૨ ॥

ક્રિયા કરૂં હું અક્રિય થાવા, ચિદાનંદ પ્રભુનોજ પ્રકાશ;
કરવા ધ્યેયાદર્શને સાધ્યજ, એવું અર્હત્ પદનું ખાસ. ॥ ૫૧૩ ॥
ક્યાંથી આવ્યો ને ક્યાં જાઈશ, એનું સમ્યગ્જ્ઞાન જો થાય;
કર્મને આત્મનું જ્ઞાન થવાથી, પ્રત્યક્ષ આતમજ્ઞાને સુહાય. ॥૫૧૪॥
કોણ હું આતમ ક્યાંથી આવ્યો, ધ્યાવે જાતિસ્મરણ છે જ્ઞાન;
કર્મને આતમ પૂરણ શ્રદ્ધા, પ્રગટે નાસે નાસ્તિક ભાન. ॥૫૧૫॥
કોણ હતો હું પૂર્વકાલમાં, ભવિષ્યમાં ક્યાં કેવો બનીશ;
કરતાં એનો સમ્યગ્ અનુભવ, નિર્ણય ધર્મી ત્યારે થાઈશ. ॥૫૧૬॥
કરીલે ધ્યાન સમાધિયોગે, આત્મદેવનો પૂર્ણ પ્રકાશ;
કરીલે ત્રિકાલમાં નિત્ય બ્રહ્મની,-હયાતીનો પૂરણ વિશ્વાસ. ॥ ૫૧૭ ॥
કાયામાં રહી તટસ્થ બનીને, સાક્ષીભાવે ન્યારો ખેલ!!
કાયા છતાં વા ન છતાં આતમ, તું કર જ્ઞાનાનન્દની કેલિ. ॥૫૧૮॥
કરૂં ન હિંસા કરૂં ન જૂઠું, કરૂં નહીં ચોરી વ્યભિચાર;
કરૂં ન મમતા માયા કો પર-સાક્ષીભાવે રહું નિર્ધાર. ॥ ૫૧૯ ॥
કરૂં ન ભૂરૂં મન વચ કાયથી, પ્રમાદયોગથી કરૂં ન લેશ;
કર્તવ્યો ને કરૂં નિર્લેપે; સ્વાધિકારે દઉં ઉપદેશ. ॥ ૫૨૦ ॥
કરૂં ન આશ્રવ કર્મપ્રવૃત્તિ, ધારૂં આત્મિક શુદ્ધ ઉપયોગ;
કરૂં તેમાં અહંકાર ધરૂં નહીં, સમભાવે દેખું સંયોગ. ॥ ૫૨૧ ॥
કરૂં જેમાં જે દોષો ભૂલો, થાવો તેનો પશ્ચાતાપ;
કરૂં છું નિંદા ગર્હા, પાપની, મનમાં કરૂં છું પ્રભુનો જાપ. ॥૫૨૨॥
કરૂં કરીશ બુદ્ધિઅનુસારે, સર્વ કર્મનાશાર્થ પ્રવૃત્તિ;
કરૂં હું સાધનાઓ જે સઘળી, જેથી પ્રગટે શુદ્ધનિવૃત્તિ. ॥૫૨૩॥
કરૂં છું ઉપદેશ આદિથી સહુ,-જીવોની સેવાને ભક્તિ;
કારક ષટ્મય નિજને સમજી, પ્રગટાવું પરમાતમ વ્યક્તિ. ॥૫૨૪॥
કરૂં વિચારૂં તેમાંહી જે, ભૂલભૂલામણી આવી જાય;
કરૂં છું તેનો પશ્ચાતાપજ, અજ્ઞાને કે ભૂલ ન થાય ?. ॥ ૫૨૫ ॥
કરૂં લખું ઉપદેશું તે સહુ, થાઓ તેથી નિજપર શુદ્ધિ;
કર્તા ભોક્તામાં રહું સાક્ષી, વ્યક્તાતમ ઉપયોગની બુદ્ધિ. ॥૫૨૬॥

કપૂરવિજયજી વૃદ્ધિચંદ્રજી,-શિષ્ય મુનિ ગણુમાં શિરદાર;
કરી મુજને ભણુવામાં સહાય જ, વંદુ તેઓને નિર્ધાર. ॥ ૫૨૭ ॥
કીધી વિજયનીતિસૂરિવર શુભ, અમદાવાદમાં પઠતાં સહાય;
કૃત ઉપકારીઓને વંદુ, ઉપકારી સ્તવું છું નિર્માય. ॥ ૫૨૮ ॥
કુંથુનાથ તીર્થંકર વંદુ, સત્તરમા જિનવર જયકાર;
કષ્ટનિવારી સુખડાં આપો, જગમાં છો પ્રભુ તારણુહાર. ॥ ૫૨૯ ॥

(ख)

ખખ્ખા ક્ષમા ધરો ઘટમાંહી, સઘળી ખામી કરશો દૂર;
ખાર ન રાખો વૈરી ઉપર, આત્મખુમારી રહો મશગુલ. ॥ ૧ ॥
ખરી વાત સમજીને વર્ત્તો, તો ખખ્ખો શીખ્યા કહેવાય;
ખોટું સમજી ત્યાં નહીં રાચો, ચિદાનંદ આતમ પ્રગટાય. ॥ ૨ ॥
ખખ્ખા ખેતી, ધર્મની કરશો, વાવો તેવું લણુશો સત્ય;
આતમપ્રેમ ખુમારી ધારો, ખરાધર્મનાં કરશો કૃત્ય. ॥ ૩ ॥
ખભાએ આંખો જોવનવયમાં, ધન સત્તાએ આવી જાય;
ખરી વાત સમજીને વર્તે, તો નહીં માનવ ખત્તા ખાય. ॥ ૪ ॥
ખાવું પીવું હરવું ફરવું, લોકો લાખો કરે સલામ;
ખરા ખરા સહુ લોકો બોલે, પુણ્યોદયનાં એ છે કામ. ॥ ૫ ॥
ખાટું ખારૂં તીખું તમતમું,-ખાવાથી પ્રગટે બહુ રોગ;
ખાવું પણ કંઈ ભૂખ્યા રહેવું, એથી સબળે કાયનો યોગ. ॥ ૬ ॥
ખાણું ખાતાં ક્રોધ ન કરવો, ચિંતા શોક કરો ન લગાર;
ખાતાં પહેલાં દાન કરો કંઇ, સાત્ત્વિક ખાણું છે સુખકાર. ॥ ૭ ॥
ખૂન કરો નહીં વગર વિચારે, ખારીલા થાશો નહીં લેશ;
ખૂણે ખાંચરે રહ્યા દોષને, દૂર નિવારો રહે ન કલેશ. ॥ ૮ ॥
ખેતી ધંધો સૌથી ઉત્તમ, ખેતીથી સહુ લોકો ખાય;
ખેડૂત પાછળ પળે કરોડો, ખરી દેશની ઉન્નતિ થાય. ॥ ૯ ॥
ખોશો નહીં નિજ તનુના વીર્યને, ખોટાં કર્મે અરે ! લગાર;
ખોટી રીતે થાય ખરાબી, એવાં ખોટાં કર્મ નિવાર !!!. ॥ ૧૦ ॥

ખર્ચો આવક જોઇને કરજો, ખુનીથી રહો સાવધ નિત્ય;
ખીરસામાંથી દુઃખીને કંઇ, દે કર !! આતમ ચિત્ત પવિત્ર. ॥ ૧૧ ॥
ખત્રીયોનો ધર્મ એજ છે, રક્ષણ કરવું જગનું બેશ;
ખુની ચોરાદિક લોકોના,-ટાળી દેવા પ્રચંડ ક્લેશ. ॥ ૧૨ ॥
ખંડન મંડન જઘડા ટંટા, કરતાં પહેલાં સત્ય વિચાર ! !;
ખરાબ કરવું કોનું ન ઇચ્છો, ખાતાં અતિરોગો બહુ ધાર. ॥ ૧૩ ॥
ખ્રીસ્તિયોની સંખ્યા ઝાઝી, દુનિયામાં તે કરતા રાજ્ય;
ખટપટ બળ કળ બુદ્ધિ યત્ને, રાજ્યાદિકનાં કરતા કાજ. ॥ ૧૪ ॥
ખરાખરીના ખેલો આવે, ભીરૂઓ ઝટ ભાગી જાય;
ખોડ ને ખાંપણ આવે તોંયે, ખરૂં કરો અંતે ગુણ થાય. ॥ ૧૫ ॥
ખાલી હાથે દેવ ગુરૂને,-જોષી પાસે જવું ન બેશ;
ખાનદાની છૂપાતી ન ક્યારે, ખડ્ગે શમે ન રાગ ને દ્વેષ. ॥ ૧૬ ॥
ખસને ખણતાં ચેંળવધે બહુ, તેથી ન ખસની શાન્તિ થાય;
ખસ સરખા છે મૈથુન ભોગો, તેથી ખંસતાં શાન્તિ સુહાય. ॥ ૧૭ ॥
ખુશામતીથી ખુશ નહીં થા તું, ખુશામતિયો તો કથે ન સત્ય;
ખરા કરે નહીં જૂઠ ખુશામત, સમજાવે તે સાચું કૃત્ય. ॥ ૧૮ ॥
ખારીલો યે ખોદ ન ખાડો, ખાડો ખોદે પડે તેમાંહ્ય;
ખરી વાત કડવી લાગે પણ, માની વર્તજે હૃદયે ભાય. ॥ ૧૯ ॥
ખટપટિયા ખારીલા લોકો, ખુશામતીલા લોકો જેહ;
ખરી વાત નહિ તેઓની સહુ, સાવધ થઇ રહો ગુણ દેહ ॥ ૨૦ ॥
ખરૂં ખોટું શું પૂર્ણ તપાસી, કરી પરીક્ષા લેજે સત્ય;
ખામી રાખ ન સત્ય સમજતાં, બૂરાં લાગે તજ તે કૃત્ય. ॥ ૨૧ ॥
ખેતર ખાતર ખેડને પાણી, ખાંતે સારો ખેતીપાક;
ખરી કમાણી કરીને ખા તું, ખોટી કમાણી અંતે ખાક ॥ ૨૨ ॥
ખેલાડી થઇ આતમજ્ઞાને, જગમાં કર નિર્લેપે ખેલ !;
ખેલો ખેલ તું નટ નાગરવત્, નિઃસંગે નહીં લાગે મેલ. ॥ ૨૩ ॥
ખુદા નૂરમાં ખેલે સંતો, માની દુનિયા માયા ખાખ;
ખુદાઇ, સંતોના દિલમાંહી, જે સમજ્યા જડ માયા રાખ. ॥ ૨૪ ॥

ખુદા વિષે નહીં રાગ રોષ છે, અનંત નૂરનો દરિયો જાણુ;
ખુદામાં રમતા સત્ય ફકીરો, ખુદાઈ ખેલે જે મસ્તાન. ॥ ૨૫ ॥

ખુદા બ્રહ્મ હરિ રામ અરિહંત, પ્રભુ જિનેશ્વર હરિ શિવ બુદ્ધ;
ખુદા શુદ્ધ આતમ અંતરૂમાં, સમજી આતમ કરશો શુદ્ધ. ॥ ૨૬ ॥

ખેરાત કર નિષ્કામે આતમ !!, કીર્તિ ખાતર દે નહીં દાન;
ખરાબ લાગે તેને છંડો, દિલથી દૂર કરો શયતાન. ॥ ૨૭ ॥

ખાંપડ કલંક જેથી આવે, તેથી સમજીને થા !! દૂર;
ખરાબીનાં કારણુને છંડે, આતમ પામે આનંદપૂર. ॥ ૨૮ ॥

ખુલ્લી જગામાં ખુલ્લાકાશે-હરવું ફરવું કરવું ધ્યાન;
ખુલ્લાકાશે તન મન વિકસે, નવ નવ પ્રગટે ઉત્તમ જ્ઞાન. ॥ ૨૯ ॥

ખુલ્લી હવા ખાવાથી સ્ફૂર્તિ, આનંદ પ્રગટે તન મનમાંહ્ય;
ખુલ્લાં મૂકો જ્ઞાનનાં દ્વારો, રહે ન દુ:ખની છાયા ક્યાંય. ॥ ૩૦ ॥

ખુશ થાવું કંઈ અન્યને આપી, ગુરૂ પાસેથી લેઈ જ્ઞાન;
ખુશ થાવું દુશ્મન ગુણુ ગાઈ, સંત જનોનું કરી સન્માન. ॥ ૩૧ ॥

ખુશ થાવું નિજ નિન્દા સુણીને, નિજ દોષોને કાઢી દૂર;
ખુશ થાવું અપરાધી શત્રુ,-ઉપર ઉપકારો કરી ભૂરિ. ॥ ૩૨ ॥

ક્ષુધા પિપાસા આદિ પરીસહ, આવે તે સહવા ધરી ધીર;
ક્ષુધાદિ પરિષહ સહન કરે જે, જ્ઞાને સમભાવે તે વીર. ॥ ૩૩ ॥

ખીજડા ખીજડી બન્ને સાથે, રહેતાં તેથી લગ્ન મઝાર;
ખીજડાનો લગ્નોત્સવ વેળા-માણેકસ્તંભ થતો નિર્ધાર. ॥ ૩૪ ॥

ખરી ધર્મના કરી પ્રતિજ્ઞા, એકવાર મુખથી જે સત્ય;
ખરી પાળે ખીજડાથી પણુ જે, તેનાં જગ વખણાતાં કૃત્ય. ॥ ૩૫ ॥

ખાલી હાથે જવું ન ક્યારે, ગુરૂદેવ રાજાની પાસ;
ખાલી હાથ ન શોભે ક્યારે, દાન પ્રસંગે સમજો ખાસ. ॥ ૩૬ ॥

ખત્તા પડતા શિક્ષાર્થે સહુ, ખત્તા શિક્ષક સરખા ન્યાય;
ખત્તા ખાતાં જે સમજાતું, તે ઉપદેશથી નહીં સમજાય. ॥ ૩૭ ॥

ખાલી હાથે જન્મ્યો મરતો, કર્યાં ન જેણે દયાને દાન;
ખરી વાત સમજીને એવી, કર !! પ્રભુભક્તિ ધ્યાન ને જ્ઞાન. ॥ ૩૮ ॥

ખજૂરી વૃક્ષ છે ઉંચુ ઉપર, પાકી મીઠી લુંબ ખજૂર;
ખસી પડે તો મૃત્યુ પામે, પડે ન તે પામે રસપૂર. ॥ ૬૭ ॥
ખજૂર જેવી ભક્તિ જાણો, ચઢીને પ્રભુ પામે સુખ લ્હેર;
ખસી પડ્યા જે મોહના દોષે, દુઃખરૂપ મૃત્યુ કાળો કેર. ॥ ૬૮ ॥
ખાવાની પીવાની કંઇ ખામી, રાખો નહીં પ્રભુ પામી ધર્મ;
ખાવું જ્ઞાન ને પીવી સમતા, કોઇ ન લાગે તેથી કર્મ. ॥ ૬૯ ॥
ખ્યાતિ માટે કરો ન કાર્યો, સ્વફર્જથી કરવાં શુભ કાજ;
ખરો ખ્યાલ એ હૃદયે ધારો, પ્રગટે શુદ્ધાતમ સામ્રાજ્ય. ॥ ૭૦ ॥
ખાનપાનમાં બનો વ્યવસ્થિત, ઉપયોગી ખાવાં શુભખાદ્ય;
ખાઈ પીને નવરા બેસે, એવાઓ છે મૂહમાં આદ્ય. ॥ ૭૧ ॥
ખળ ધૂર્તોથી સાવધ થૈને, ચેતી ચાલો નર ને નાર;
ખલ જન નિજનું ખાઈને ખોદે, ખલ મિત્રોથી ચેતી ચાલ. ॥ ૭૨ ॥
ખોટું લાંબો કાલ ન નભશે, ખોટું બોલે અંતે ખોટ;
ખોટું કર નહીં વિશ્વાસીનું, ખોટાથી ખોટી છે ચોટ. ॥ ૭૩ ॥
ખીલ્યાં તેટલાં કરમાતાં સૌ, મોહે ખીલ્યાં સહુ કરમાય;
ખીલો શું તન ધન સત્તાથી, ક્ષણમાં ખીલવું મરવું થાય. ॥ ૭૪ ॥
ખીલે બહુ તે ખેદને પામે, આતમ ! સમજી ધર સમભાવ;
ખીલો નહીં તેમ ખેદ કરો નહીં, ગર્વ શોક ભયને નહીં લાવ. ॥ ૭૫ ॥
ખાનદાન તે સત્ય જગતમાં, અન્યોને દે ઇચ્છિત દાન;
ખરી કમાણી ખરા માર્ગમાં, વાપરે દે પરમાર્થે પ્રાણ. ॥ ૭૬ ॥
ખાનદાની તેની છે સાચી, પ્રસંગ આવ્યે નહીં છૂપાય;
ખરા વિષે અર્પાઇ જાતો, સદ્ગુણ સત્કર્મ જ ધરે ન્યાય. ॥ ૭૭ ॥
ખીસ્સામાંથી કંઈક કાઢી, વાપર ધર્માર્થે હે ભવ્ય;
ખાલી ખીસ્સે પછી પસ્તાઈશ, ભરેલ ખીસ્સે કર!! કર્તવ્ય. ॥૭૮॥
ખૂનસ રાખી ખૂન ન કરવું, ખૂનસનું ફલ ખૂનસ જાણ;
ખરા બૂરાનો બદલો સાચો, યથાયોગ્ય મળતો મન માન. ॥૭૯॥
ખોટાં આળ ન દે કો ઉપર, કોની ખોટી ન વાત ઉડાડ;
ખોટાનો બદલો છે ખોટો, શબ્દના પ્રતિધ્વનિ સમભાળ !. ॥૮૦॥

ખાટું ખારૂં મીઠું તમતમું, ઘણું ખાતાં થાતું નુકશાન;
ખાવા પીવામાં નિયમસર, રહેવાથી આરોગ્ય જ જાણ. ॥૮૧॥
ખાધું પીવું તેનું લેખે, જેણે કીધા પરોપકાર;
ખાધું પીધું તેનું અલેખે, દુર્વ્યસનોનો જે ભંડાર. ॥૮૨॥
ખમીર તે સદ્ગુણ સન્નીતિ, શૂરવીરતા પરોપકાર;
ખમીર એવા વણ શું અમીરી, સત્કર્મોથી ખમીર ધાર. ॥૮૩
ખટપટીયું મન ત્હારૂં જો છે, તો પછી બાહિર ખટપટ થાય;
ખટપટ જો નહીં મનમાં પ્રગટે, મનમાં શાંતિ ગુણ પ્રગટાય. ॥૮૪॥
ખરાબ આ છે ખરાબ તે છે, ખરાબી અન્યોની નહીં દેખ !!!;
ખરાબી જો દુર્ગુણથી ત્હારી, ખરાબી જાણી તેને ઉવેખ !!. ॥૮૫॥
ખરાબ તે ઇર્ષ્યાને ક્રોધ છે, માયા લોભ અને અહંકાર;
ખરાબ તે વ્યભિચાર અનીતિ, ખરાબી અંતરની ઝટવાર. ॥૮૬
ખીજમત કરવી દેવ ગુરૂની, સંતોની ખીજમત સુખકાર;
ખીજમત કરતાં ભેદને ભીતિ, લજ્જા સ્વાર્થનો કર! પરિહાર. ॥૮
ખાતર પાડી જીવવું પાપ છે, ખાતર પાડે થાય ખુવાર;
ખોટ પડે તે ધંધો કર નહીં, અન્યોપર કર નહીં તું ખાર. ॥
ખાખી બાવા તેહ ગણાતા, કરે માયા મમતાની રાખ;
ખાય ન જેહ અનીતિ કરાને, કંચનકામિનીત્યાગ સુભાખ. ॥
ખુમારી આતમ ગુણની પ્રગટે, પ્રભુધ્યાને પ્રગટે ઘટ ઘેન;
ખુમારી તે આતમ આનંદરસ, અંતરમાં પ્રગટે સુખ ચેન. ॥૯૦॥
ખીસ્સાં કાતરૂં લોક ઠગારા, તેનાથી ચેતીને ચાલ;
ખીસ્સાં કાતરૂં ખોટા સારા, પ્રસંગ પડતાં આવે ખ્યાલ. ॥૯૧॥
ખાય અને પાછું જે ખોદે, ખળ એવા લોકો છે જેહ;
ખાતરપાડુ નિમકહરામી, અવિશ્વાસી જગમાં તેહ. ॥૯૨॥
ખલે આંખો જોવનમાં આવે, જોવન ગદ્ધાપચ્ચીશી જાણ;
ખળભળાટ થાતો તન મનનો, યૌવનમાં મન વશમાં આણ. ॥૯૩॥
ખડ્ગની ધારની ઉપર ચાલવું, આકાશે ઉંચે ઉડાય;
ખાળવો જોવનમાં જે કામને, કઠીન તે સૌથી કહેવાય. ॥૯૪॥

ખાડા તેટલા ટેકરા જગમાં, ઉત્સર્ગ તેટલા છે અપવાદ;
ખાત્રી વણુ કંઇ લેવું ન દેવું, ખાવું તજીને રાગોન્માદ. ॥૯૫॥
ખોપરી ખોપરી મત છે જૂદા, સઘળાનો મત એક ન થાય;
ખોપરી ખોપરી મત ભેદોથી, દુનિયા સદાય ચાલી જાય. ॥૯૬॥
ખોપરી ખોપરી મત ભેદોથી, અજ્ઞાનીઓ કરતા યુદ્ધ;
ખરા સંત નયસાપેક્ષાથી, સત્યને સમજી થાતા શુદ્ધ. ॥૯૭॥
ખાનદાન તે દુઃખી થતાં પણ, તજે નહીં મનની સબળાઇ;
ખાલી ફૂલે નહીં ખોટામાં, ખાન્દાની રહે નહીં ઢંકાઇ. ॥૯૮॥
ખુશામતિયાઓ સત્ય ન બોલે, પ્રસંગ દેખી બોલે બોલ;
ખુશામતીમાં રહી ગુલામી, ખુશામતી મીઠી જેમ ગોળ. ॥૯૯॥
ખુશામતીમાં રહી અશક્તિ, રહે નહીં સ્વતંત્ર વિચાર;
ખુશામતીમાં સત્ય છુપાતું, ખુશામતિયાથી મળે ન સાર. ॥૧૦૦॥
ખુશામતી સૌને છે પ્યારી, ખુશામતીને વિનય છે ભિન્ન;
ખુશામત ખારી સંતને લાગે, ખુશામતમાં જીવો છે લીન. ॥૧૦૧॥
ખુશામત સ્વાર્થે ભયથી લોભે, કપટે કામે જ્યાં ત્યાં થાય;
ખુશામતિયા કહે નીચને મોટો, ખુશામતથી સાચું ન કથાય. ॥૧૦૨॥
ખુવાર થા નહીં વ્યસનો સેવી, ખૂન કરીશ નહીં ક્રોધે ભાઇ;
ખુનરેજીથી સાચી ન શાંતિ, ખૂની મનમાં અશાંતિ ખાઇ. ॥૧૦૩॥
ખુબસુરત સ્ત્રીઓના ચહેરા, દેખી કામી થા નહીં ભવ્ય;
ખુબસુરતીમાં ખૂનામરકી, ખુવાર થાવાનું કર્તવ્ય. ॥૧૦૪॥
ખુલ્લા કરીને હૃદય વિચારો, અન્યોને હિતકારી જણાવ !!;
ખુલ્લું કર નહીં ખુવારી કારક, ગુણુની ખુશબોને મન લાવ. ॥૧૦૫॥
ખેતર સમ મન આતમ છે શુભ, જ્ઞાનાદિક ગુણથી તે એક;
ખેતર અસંખ્યપ્રદેશી આતમ, તેમાં આનન્દ રસને રેડ. ॥૧૦૬॥
ખેતી કર તું સત્યધર્મની, પરભવમાં તે આવશે સાથ;
ખેપ કરી લે પરમાર્થોમાં, તેથી આતમ થશે સનાથ. ॥૧૦૭॥
ખોખું તનુનું થાતાં પહેલાં, ધર્મપ્રભુને જ્ઞાને ખોજ;
ખોટ કરીશ નહીં મિથ્યા મોહે, બનીશ નહિં રણમાંનું રોઝ. ॥૧૦૮॥

ખટખટ થાતી બેના મેળે, એક વિષે નહીં ખટખટ થાય;
ખટપટી જો મન, તો ખટપટ છે, ખટમલે નિદ્રા શાંતિ ન ન્યાય. ॥૧૦૯॥

ખટરસ ખટ રાગે નહીં શાંતિ, મોહ છે મનમાં તાવત્ જાણ;
ખડખડ ભડભડ છે મન મોહે, ખડખડ હસતાં છે નિજ હાન. ॥૧૧૦॥

ખદબદતું મન દુર્ગુણ દોષે, અનેક પાપોથી ગંધાય;
ખાખાવીખી તેથી જગમાં, જીવોની થાતી એ ન્યાય. ॥૧૧૧॥

ખમી ખાવું કરી ખામણાં સારાં, સર્વજીવોને પ્રેમે ખમાવ !!;
ખમત ખામણાં ગંગાનદી સમ,–પવિત્ર કરતાં શુદ્ધિ લ્હાવ. ॥૧૧૨॥

ખર્ચો સારામાં તન મન ધન, ખોટામાં ખર્ચાઉ ન થાવ !;
ખરાજાત ને ખર્ચની ઉપર, વધે તે કર વ્યાપારનો દાવ. ॥૧૧૩॥

ખલીફ થા તું મન તન ઉપર, રાખજે સદ્ગુણ ઉચ્ચ ખવાસ;
ખવીસ થા નહીં અધર્મ કરવા, સત્યને જાણી ધર !! વિશ્વાસ. ॥૧૧૪॥

ખસતું મૂકે આવે હસતું, ખસવું સૌને સ્વભાવે થાય;
ખંજર ઘા સમ ગાલી (ળી) વાક્યો, રૂઝાતાં ફરીને ઉભરાય. ॥૧૧૫॥

ખામોશ રાખી કર કર્તવ્યો, ખામીઓ કર સમજી દૂર;
ખુદાને રાગ ને રોષ નહીં છે, અનંત જ્ઞાનાનન્દી નૂર. ॥ ૧૧૬ ॥

ખારી ભોંયમાં થાય ન આંબો, ખારીલામાં થાય ન પ્રેમ;
ખાવિંદ સાથે કર ન ખરાબી, ખીદમત કરતાં યોગને ક્ષેમ. ॥૧૧૭॥

ખૂનનો બદલો ખૂનથી લેતાં, પરંપરાએ ખૂન ને ખૂન;
ખુન્નસનો બદલો છે ખુન્નસ, પુણ્યનો બદલો છે પ્રતિપુણ્ય. ॥ ૧૧૮ ॥

ખુદાવંત કે સન્ત ફકીરો, અવધૂત યોગીઓ મસ્તાન;
ખુદા પરસ્ત છે આત્મજ્ઞાનીઓ, પામે છે અંતે નિર્વાણ. ॥ ૧૧૯ ॥

ખુજલી ખણવાથી નહીં મટતી, ખણતાં ખુજલી વધતી જાય;
ખુજલી સમ છે મૈથુનભોગો, ખસની ચેંળસમા દુઃખદાય. ॥ ૧૨૦ ॥

ખીલવટ કરજે સત્કાર્યોની, સત્યગુણોની જ્ઞાનની સાર;
ખીજીશ નહીં નિન્દાકારકપર, ભૂલ હોય તો પ્રથમ સુધાર!!!. ॥૧૨૧॥

ખાસડું મારજે નિજભૂલોને, જેથી તું થાતો જ ખરાબ;
ખાસ દોસ્ત કર સદ્ગુણીઓને, માંદાને જેમ પાચક રાબ. ॥૧૨૨॥

ખાલેશ દિલ રાખી સંતોની, સેવાભક્તિ પ્રેમે બજાવ !!!;
ખાલડી રૂપમાં મોહ ન કરજે, ચામડી ગુણે મળે ન લ્હાવ. ॥૧૨૩॥
ખાપરા જવેરી જેવા લોકો, બોલેચાલે સારા હોય;
ખાતર પાડે વિશ્વાસી બની, ખરા પ્રસંગે ન્યારા જોય. ॥ ૧૨૪ ॥
ખાતાવહી જો ! ! તારી તપાસી, આજ લગી શાં ? કીધાં કૃત્ય;
ખ્વાજા થવું પ્રભુધ્યાનમાં એકચે, સમજે તો પાસે છે સત્ય.॥૧૨૫॥
ખોલા સરખો મૂર્ખ રહીશ નહિ, ખોરાક સાત્વિક ખાવો ઠીક;
ખ્યાલ કરી લે ઉચ્ચ થવાનો, ખોટાની નહીં રાખો બીક.॥ ૧૨૬ ॥
ખેવના જેને લાગી સારી, રહે નહીં તે જગમાં ખરાબ;
ખેરખારી પ્રગટાવો દિલમાં, રાખો ઇન્દ્રિયોપર દાબ. ॥ ૧૨૭ ॥
ખેચરી મુદ્રા, હઠયોગીઓ, પામે છે અભ્યાસે તેહ;
ખેચરી શક્તિ, પામે વળે શું ? બન્યો ન આતમ જો ગુણગેહ.॥૧૨૮॥
ખુલાસો કરીને પહેલાંથી, કરવા સહુ સાર વ્યાપાર;
ખાત્રી પડે તેને તો ધીરો, તેથી હોય ન ખોટ લગાર. ॥ ૧૨૯ ॥
ખાણું ખાતાં અતિથિ માગણ, આવે તેને ભાવે આપ !!!;
ખાવા પીવામાં ઉપયોગી, થાતાં રહે ન કો સંતાપ. ॥ ૧૩૦ ॥
ખુરશીમાં બેઠાથી કોની, મોટાઇ ગુણવણુ નહીં જોય;
ખુરશીમાં તો શ્વાનો બેસે, બેસ વિચારી નડે ન કોય. ॥ ૧૩૧ ॥
ખીખી કર નહીં વિના વિચારે, ખાખાવીખી કર્મે થાય;
ખાલી ફૂલી ફાળકો થા !! નહીં, ખુમચો ઠરે પણ પેટ ભરાય.॥૧૩૨॥
ખરાબખસ્ત થયા જગ તેઓ, વ્યસનોમાંહી થયા ગુલતાન;
ખરાબખસ્ત થયા છે તેઓ, જેણે કીધાં મિથ્યા માન. ॥ ૧૩૩ ॥
ખરાબખસ્ત થયા છે તેઓ, દુર્ગુણોમાં થયા જે રક્ત;
ખાનાખરાબી તેઓની થૈ, શયતાનીમસ્તીઆસક્ત. ॥ ૧૩૪ ॥
ખરાબ સારૂં કુમતિ સુમતિ,-સંગે જાણો નરને નાર;
ખરાબ કહેતાં ખોટું લાગે, પણ ન તજે નિજ દોષ અપાર. ॥૧૩૫॥
ખચિત તેની થાય ખરાબી, વ્યસનોમાં છે જેનો પ્યાર;
ખચિત તેની થાય છે ચડતી, સદ્‌ગુણસુકૃત્યસંગી ધાર. ॥૧૩૬॥

ખામીઓ પોતાની દેખી, ખામી દોષો કરજે દૂર;
ખ્વાજા બહાદૂર ધર્મી બને જે, દેખે છે તે પ્રભુનું નૂર. ॥૧૩૭॥
ખચ્ચર સરખી વૃત્તિ પ્રવૃત્તિ, રાખે તે નપુંસક કહેવાય;
ખચ્ચર સરખી પ્રવૃત્તિ ટાળે, પુરૂષ, મોહને જીતી થાય. ॥૧૩૮॥
ખચ્ચર સરખા લોકોથી શું ?, જગમાં સારાં કાર્યો થાય;
ખોલ ખજાનો અન્તરૂનો તુજ, ખાતાં પીતાં શાંતિ સુહાય. ॥૧૩૯॥
ખાતાં પીતાં રાખ ન ખામી, જ્ઞાનધ્યાનભોજનને નીર;
ખાતાં પીતાં પ્રભુ મળે છે, પ્રગટે જો અંતરૂમાં હીર. ॥૧૪૦॥
ખગોળવિદ્યા આદિ સઘળી, વિદ્યાઓના જે ભંડાર;
ખોળ્યા વણુ પ્રભુને અન્તરૂમાં, પામ્યા નહીં સુખ શાંતિ સાર. ॥૧૪૧॥
ખત્તા ખાતાં સાન ન લાવે, તે મૂર્ખાઓનો શિરદાર;
ખરાબી તેની પૂરી થાતી, દુઃખ પરંપર લહે અપાર. ॥૧૪૨॥
ખટકો–ચાનક જેને લાગે, તે ચેતી લે તો નિર્ધાર;
ખટકો લાગે તે નહીં અટકે, જાય તે નક્કી પ્રભુના દ્વાર. ॥૧૪૩॥
ખટલો વ્યવહારે છે સહુને, ખટલામાં ધર !! સાક્ષીભાવ;
ખાટલો, ગૃહસ્થ લોકોને છે, ધર્માર્થ કામ મુક્તિનો દાવ. ॥૧૪૪॥
ખટાશ, શુદ્ધ સ્વભાવ નહીં ત્યાં, સ્વાર્થે જ્યાં ત્યાં થાય ખટાશ;
ખટાશ નહીં જ્યાં સાક્ષીભાવે, કર્તવ્યો થાતાં ગુણુવાસ. ॥૧૪૫॥
ખટાપટીથી આઘો ખસજે, ખટખટ જ્યાં ત્યાં હોય ન શાંતિ;
ખટપટ ટાળો મોહની ખોટી, મોહની ખટપટમાં છે ભ્રાંતિ. ॥૧૪૬॥
ખડાઇ સ્વાર્થના ભેદે જગમાં, શુદ્ધપ્રેમવણુ જ્યાં ત્યાં જાણુ; !!!;
ખીસકોલી સમ ધર ! ચપલાઇ, જેથી થાય ન ખરાબ હાન. ॥૧૪૭॥
ખડ્ગની ધારાપર જે ચાલે,–એવાં જે જગ નરને નાર;
ખરાં વ્રતોને પાળવાં તેથી, દુષ્કરકરણી છે નિર્ધાર. ॥૧૪૮॥
ખરૂં કરતાં કદિ દોષો થાવે, તો પણુ ખરાનો કર નહીં ત્યાગ;
ખરૂં કહે તેનાપર પ્રીતિ, કરજે ધર સાચાનો રાગ. ॥ ૧૪૯ ॥
ખપી જવું પરમાર્થે સારૂં, ખપી જવું ભક્તિમાં શ્રેષ્ઠ;
ખપી જવું સ્વાર્પણુથી પ્રભુમાં, બીજાં સ્વાર્પણુ એના હેઠ. ॥૧૫૦॥

ખપી જવું નિષ્કામે સૌની,-સેવામાં રાખી ઉપયોગ;
ખપી જવું સન્માર્ગમાં સારૂં, ખોટા છંડી વિષયના ભોગ.॥૧૫૧॥
ખપી જવું ગુરૂ માતપિતાની,-સેવામાં તે સારૂં જાણ !!!;
ખપી જવું જગજીવોના હિત,-માટે આપી નિજના પ્રાણ. ॥૧૫૨॥
ખામી દોષો નબળાઇને,-દેખી ખામી કરૂં હું દૂર;
ખામી પોતાની દેખાતી, તેથી બનતો આતમ શૂર. ॥ ૧૫૩ ॥
ખરૂં હિતકર સુખકર જે લાગે, જેથી થાવે આત્મપ્રકાશ;
ખરૂં કર્તવ્ય કરૂં જ વિવેકે, પૂર્ણપ્રભુપદની એક આશ. ॥ ૧૫૪ ॥
ખોટું લાગે તે હું ત્યાગું, ખોટાનો કદિ કરૂં ન પક્ષ;
ખોટું લાગે કોને એવું, બોલું નહીં તજી પક્ષાપક્ષ. ॥ ૧૫૫ ॥
ખરો એક આધાર, પ્રભુનો, ધાર્યો હે પ્રભો ! ! તારો સત્ય;
ખરી વખતનો પ્રભુ તું બેલી, તત્પ્રાપ્ત્યર્થે કરૂં હું કૃત્ય.॥ ૧૫૬ ॥
ખરૂં જે લાગે મતિ અનુસારે, તેમાં જૂઠો ધરૂં ન ખાર;
ખરૂં જે લાગે અનુભવગમ્ય જ, ધારૂં તે પર સાચો પ્યાર.॥૧૫૭॥
ખંતને ચીવટ યત્નોત્સાહે, પ્રભુ તુજ માટે કરૂં છું યાત્ર;
ખરી લગની એક તુજપર લાગી, કર !!! મુજને તું લાયક પાત્ર ॥૧૫૮॥
ખોટું ખરૂં સહુ સાપેક્ષાએ, સમજી ધારૂં સત્ય વિવેક;
ખરાબ લાગે તેને છંડું, આતમપ્રભુ ! ! તુજ ધારી ટેક. ॥ ૧૫૯ ॥
ખપાવું આતમની શુદ્ધિમાં, મનડું વાચા અને મુજ કાય;
ખપ જેનો સાધનની રીતે, વાપરૂં તેને થઇ નિર્માય. ॥ ૧૬૦ ॥
ખાવું પીવું હરવું ફરવું, ઇત્યાદિ કાયા વ્યાપાર;
ખરો તે આત્મોન્નતિ શુદ્ધયર્થે, ધારૂં પરંપરા ગુણકાર. ॥ ૧૬૧ ॥
ખુણે ખાંચરે મનમાં તનમાં, દોષ રહ્યા તે કરવા દૂર;
ખરી પ્રવૃત્તિ આદરી, ભાવે, જેથી વાધે આતમ નૂર. ॥ ૧૬૨ ॥
ખટપટ કરૂં ન દુઃખકર પાપી, ખટપટમાં નહીં ધારૂં મોહ;
ખરૂં કરતાં ભૂલ્યાની માફી, વર્તું કરૂં ન કોપર દ્રોહ. ॥ ૧૬૩ ॥
ખંડન મંડનમાંહી મોહની,-વૃત્તિયોનો કરૂં નિરોધ;
ખંડન મંડન મોદે કરૂં નહીં, એવો ધારૂં આતમબોધ. ॥ ૧૬૪ ॥

અપહાતું પ્રભો ! તારાં દ્વારો, કૃપા કરીને દ્વાર ઉઘાડ !!!;
આપી બાધો બન્યો ત્વદર્થે, હવે જરા નહીં વાર લગાડ. ॥ ૧૬૫ ॥

આપ કરૂં હું મોહને બાળી, તો સાચો પ્રાણી કહેવાઉં,
આપી સેવા થવા હું ઉદ્યમ,—કરવાને જ અહોળ જગાઉં !!. ॥૧૬૬॥

આપી અનંત જ્ઞાનાગ્નિને, પ્રગટાવવાને કરૂં પુરૂષાર્થ;
આપી [illegible] કર્મ આપને. ઉડાવવા કરૂં છું પરમાર્થ. ॥ ૧૬૭ ॥

[illegible] મુજ, તુજ વણ બીજું રહું ન સ્વાર્થ;
[illegible] પંચમી ગતિ આપવાર્થ. ॥૧૬૮॥

[illegible] બીજું સાચું માનું વ્યર્થ;
[illegible] નહીં તજું આનર્થ. ॥૧૬૯॥

[illegible] મોહરાજાનું સુભટ[illegible];
[illegible] પ્રભુ તું [illegible] મુજ આધાર. ॥૧૭૦॥

[illegible]
[illegible] ॥ ૧૭૧ ॥

[illegible]
[illegible] ॥૧૭૨॥

[illegible]

ખરૂં પ્રકાશું છું જગ આગળ, હજી છું સાધક થયો ન સિદ્ધ;
ખરૂં પ્રકાશું છું જગ આગળ, પ્રગટી ન કેવળજ્ઞાનની ઋદ્ધિ. ॥૧૭૯॥
ખરો પ્રકાશ અવાજ જણાવે, હજી પ્રગટી નહીં પૂરી મુક્તિ;
ખરો પ્રકાશ જણાવે સંપ્રતિ, જડમાં સુખની નહીં પ્રતીતિ. ॥૧૮૦॥
ખરૂં જણાવું અનુભવીને, ઇશ્વર મુક્તિ અનુભવ સાથ;
ખરૂં જણાવું જગલોકોને, મોહને જીતતાં જીતાય. ॥ ૧૮૧ ॥
બોલ્યાં મેં જે અવોલવમાંદી, અન્યનાં પાપી મર્મો હોય;
ખુલ્લા દિલથી માફી માગું, તજ્યો અપરાધી ઉપર રોષ. ॥૧૮૨॥
ખુલ્લા દિલથી વિશ્વજીવોને, ખમાવું કીધા સહુ અપરાધ;
ખોટાને ખોટું માનું છું, સાધું આતમ અવ્યાબાધ. ॥ ૧૮૩ ॥
ખરા જીગરથી હે પ્રભુ ! તુજને, વિનવું છું મુજને કર ! શુદ્ધ;
ખરી વખતનો બેલી ઓ પ્રભુ !!, અર્હન્ વિષ્ણુ પરબ્રહ્મને બુદ્ધ.॥૧૮૪॥
ખાનાખરાબી, મોહે કીધી, મારી સ્હાયે પ્રભુ તું આવ ! ! !;
ખૂની મોહને દૂર હઠાવી, મુજને પૂર્ણ પ્રકાશ જણાવ !!!. ॥ ૧૮૫ ॥
ખરી ખંત તુજરૂપે થાવા, ધારી પ્રગટી તાલાવેલી;
ખેરવવા મોહાદિક કર્મો, ઉદ્યમમાં પ્રભુ થાજે બેલી. ॥ ૧૮૬ ॥
ખરૂં તાન તુજ સાથે પ્રગટે, તો પ્રભુ તું છે મારી પાસ;
ખરા તાનને તન્મનાટે, જ્યાં ત્યાં પૂરો પ્રભુ વિશ્વાસ. ॥ ૧૮૭ ॥
ખરૂં તાન તુજ સાથે લાગ્યું, જ્યાં ત્યાં આત્મપ્રભુ ત્યાં પ્રેમ;
ખરો પ્રકાશ કરો પ્રભુ દિલમાં, રાખો મુજપર પૂરણ રહેમ. ॥૧૮૮॥
ખરાખરીનો ખેલ આ પ્રગટ્યો, મોહની સાથે કરાય યુદ્ધ;
ખરાબને દૂર કરીને જ્ઞાને, ઉદ્યમ કરૂં છું થાવા શુદ્ધ. ॥ ૧૮૯ ॥
ખરાબી કીધી જેઓની મેં, જેઓને આપ્યા સંતાપ;
ખમાવું નિંદુ ગર્હું પાપો, કરૂં છું મનમાં પશ્ચાત્તાપ. ॥ ૧૯૦ ॥
ખોટા ખ્યાલ કરીને આડા,–પાપ પન્થમાં ચાલ્યો જેહ;
ખરા હૃદયથી પસ્તાઉં છું, પાપ ટળોને સઘળાં એહ. ॥ ૧૯૧ ॥
ખોટું સમજાવ્યું તે નિંદુ, ખોટી આપી જેહ સલાહ;
ખોટાનો સંગી નહીં થાઉં, શમાવું સઘળા કામના દાહ. ॥૧૯૨॥

ખસ્યો હું આસ્રવકર્મોથી બહુ, આસ્રવથી ખસવા પુરૂષાર્થ;
ખરી રીતે કરવા ઉત્સાહી, થયો છું એ સાચો પરમાર્થ. ॥ ૧૯૩ ॥

ખરા માર્ગમાં ચાલતાં સ્ખલના, પડવું આથડવું બહુ થાય;
ખરા માર્ગમાં ભૂલ સુધારી, ચાલુ આગળ તજી અન્યાય. ॥૧૯૪॥

ખોજ કરૂં છું કરીશ સત્યની,-અનેક દૃષ્ટિયોગે સત્ય;
ખટપટ લટપટ ઝટપટ ત્યાગી, પ્રભુ મળવાનાં કરૂં છું કૃત્ય. ॥૧૯૫॥

ખ્યાતિ, નામને રૂપથી જૂદી, તેમાં ધરૂં નિર્મોહ સ્વભાવ;
ખરૂં એ સમજી આત્મોપયોગે, હણવા ઉઠ્યો મોહવિભાવ. ॥૧૯૬॥

ખલેલ ન પાડું ધર્મમાં કોને, કરૂં ન ઇચ્છું કોનું ખરાબ;
ખમું છું ખામો મોદથી જ્ઞાને, વર્તું મનપર મૂકી દાબ. ॥ ૧૯૭ ॥

ખિન્ન ન બનવું અલાભ અપયશ,-રોગાદિ થાતાં નિર્ધાર;
ખિન્ન ન બનવું કર્મોદયમાં, ઉપયોગ એ વર્તો સુખકાર. ॥ ૧૯૮ ॥

ખેદ ન કરવો સંકટ પડતાં, મૃત્યુ થતાં નહીં ધરવો ખેદ;
ખેલ છે કુદરતનો સહુ ન્યારો, અંતરમાં ધારો !!! નિર્વેદ. ॥ ૧૯૯ ॥

ખાલું ખાલું પડતું રહેવું, કોઈ ન આવે પરભવ સાથ;
ખ્યાલ કરીને એવો જ્ઞાને, ભજ !! અંતરમાં ત્રિભુવનનાથ ॥૨૦૦॥

ખરૂં સમજીને ખરૂં કરી લે, જૂઠું સમજીને તે ત્યાગ !!!;
ખરા રહો પ્રભુધ્યાનમાં પલપલ, પ્રભુભક્તિમાં જ્ઞાને જાગ !!!. ॥૨૦૧॥

॥ ग ॥

[illegible]
[illegible] ॥ ૧ ॥

[illegible]
[illegible] ॥ ૨ ॥

[illegible]
[illegible] ॥ ૩ ॥

[illegible]
[illegible] ॥ ૪ ॥

ગંગાનદીથી આતમજ્ઞાની, ગુરૂજી અનંતગણા છે મહાન;
ગુરૂમાં અર્પાઇ જાવાથી, આતમ થાતો પ્રભુ ભગવાન. ॥ ૫ ॥
ગુણને લેશો ગુણને દેશો, ગુણાનુરાગ ધરો નરનાર;
ગુણવંતોના ગુણને ગાશો,—ગાશો ઉપકારી ઉપકાર. ॥ ૬ ॥
ગુરૂવંદન આવશ્યક કર્મ છે, ધર્મગુરૂને નમો ત્રિકાલ;
ગુરૂથી જ્ઞાન ને જ્ઞાનથી મુક્તિ, ગુરૂમાં ધારો પ્રભુ સમ વ્હાલ. ॥ ૭ ॥
ગુરૂવર નેમિસાગર તેમજ, રવિસાગર ગુરૂ રચ્યું ચરિત્ર;
ગુરૂ સુખસાગર ચરિત્ર તેમજ, સુખસાગર ગીતાજ પવિત્ર. ॥ ૮ ॥
ગુરૂગીતા સંસ્કૃત ભાષામાં, રચીને ગુરૂની કીધી ભક્તિ;
ગુરૂની સેવા ભકિતનું ફલ, ગ્રન્થ કર્યાની પ્રગટી શકિત. ॥ ૯ ॥
ગચ્છમત પ્રબંધ ગ્રન્થની રચના,—કરીને ગચ્છાદિક ઇતિહાસ;
ગચ્છ ગુરૂની ઉન્નતિ માટે, દીધી તેમાં શીખ સુવાસ. ॥ ૧૦ ॥
ગુંહલી સંગ્રહ ભાગ રચ્યા બે, ગુરૂગીત ગુંહલી સંગ્રહ તેમ;
ગુરૂની સેવા ભક્તિ કીધી, ગુરૂથી જ્ઞાન ને યોગ ને ક્ષેમ. ॥ ૧૧ ॥
ગોના પાપે બળે પેંપળો, ગદ્ધા સંગે ગાયને માર;
ગુણી અવગુણીની સંગત એવી, સુખ દુઃખ પામે છે નરનાર. ॥૧૨॥
ગાડરીયા પ્રવાહે પ્રવર્તે, અજ્ઞાની શ્રદ્ધાળુ જન;
ગાડરીયાની રીત ન રાખે, જ્ઞાની શ્રદ્ધાગુણસંપન્ન. ॥ ૧૩ ॥
ગજ સુકુમાલ મુનીશ્વર વંદુ, અંગારાથી દઝાતાં શીશ;
ધણી ધરી ઘટમાંહી સમતા, સોમિલ ઉપર કરી ન રીસ. ॥ ૧૪ ॥
ગુરૂ તે એ છે જ્ઞાની ત્યાગી, વૈરાગી નિર્ભયને શાન્ત;
ગુણો જણાવે દોષ હઠાવે, ટાળે શિષ્યના મનની ભ્રાન્ત. ॥ ૧૫ ॥
ગુરૂ તે આતમજ્ઞાનને ભક્તિ, ક્રિયા યોગ ને શિખવે સેવ;
ગુરૂ તે એ છે કર્મ કરે પણ, નિઃસંગ જ્ઞાનાનન્દી દેવ. ॥ ૧૬ ॥
ગદ્ધાપચ્ચીશીને જાળવ!, ગદ્ધા સમ તે મારે લાત;
ગદ્ધો થા ના કામને સ્વાર્થે, ગુરૂબોધની ભૂલ ન વાત. ॥ ૧૭ ॥
ગાંડા તેઓ ચતુર છતાં પણ, મોહ કહ્યું મોહે કરનાર;
ગુલામ તેઓ પરજડસુખની,—આશામાંહી જીવનહાર. ॥ ૧૮ ॥

ગરીબ તેઓ લક્ષ્મી છતાં પણ, કંજુસ થઇ ખર્ચે નહીં દામ;
ગમાર તેઓ જ્ઞાન વિનાના, કંચન ભોગને મોહ્યા ચામ. ॥ ૧૯ ॥

ગાંજો ભાંગ ને અફીણુ કોકમ, ધત્તુર કેફી વસ્તુ ત્યાગ !!;
ગૃદ્ધિ ન ધરજે જડવસ્તુ પર, દેવગુરૂ પર ધરજે રાગ. ॥ ૨૦ ॥

ગાડા નીચે કૂતરૂં ચાલે, ગાડું ચલાવું માને ચિત્ત;
ગાંડાઈ એવી ન કરીશ તું, ગર્વ તજી દે બની પવિત્ર. ॥ ૨૧ ॥

ગરીબ અવસ્થા આવે ત્હોયે, નીતિ ધર્મ ને ભક્તિ ધાર !!!;
ગરીબાઈ, સંતોને વ્હાલી, પ્રભુની સાથે લાગે પ્યાર. ॥ ૨૨ ॥

ગુણો વિનાનું મનુષ્યત્વ જ શું ?, ગુણો વિના નહીં મુક્તિ થાય;
ગુણો વિના જીવતર છે ખોટું, ગુણો વિના દુર્ગતિમાં જાય. ॥ ૨૩ ॥

ગુણો ગ્રહણ કર !! નિજ ઘટમાં જો ! દોષને ભૂલને દૂર નિવાર;
ગુણી થયા વણ વેષ ક્રિયાને, માલા તિલક ફોગટ ધાર. ॥ ૨૪ ॥

ગર્વ કરે શું તન ધન સત્તા,—રાજ્ય લક્ષ્મી વિદ્યાનો ફોક;
ગુમાન ત્હારૂં મોતની આગળ, રહે નહીં મન ગર્વને રોક !!!. ॥૨૫॥

ગાયો ભેંસો બકરાં બળદો, જગ ઉપયોગી પશુઓ જેહ;
ગાયોની રક્ષા સેવાથી,—દેશ કોમ પામે સુખગેહ. ॥ ૨૬ ॥

ગોબ્રાહ્મણ ઋષિ ગર્ભની હત્યા,—કરવાથી લાગે મહાપાપ;
ગોમાતા તે જગની માતા, બળદ દૂધથી હરે સંતાપ. ॥ ૨૭ ॥

ગાયોની રક્ષા કરવાથી, દેશ કોમની રક્ષા થાય;
ગાય વગેરે પશુઓ રક્ષે, પાળે દેશોન્નતિ સુહાય. ॥ ૨૮ ॥

ગાયોની સેવા કરવાથી, રોગ દુઃખ જગ ઓછાં થાય;
ગોચરો, રાખે હિંદુઓ સહુ, નહીં રાખે તે પાપને પાય. ॥ ૨૯ ॥

ગાયો ઘેર ઘેર હિંદુઓ રાખે, તો હિંદુઓ સુખિયા થાય;
ગાયો ભેંસો બકરાં આદિ, ગાયોના ભેગાં જ ગણાય. ॥ ૩૦ ॥

ગરીબને કંઇ ખાવા પીવા, આપી તેની લ્યો આશીષ;
ગરીબની આંતરડી ઠારો !!!, મનમાં ધારીને જગદીશ. ॥ ૩૧ ॥

ગરીબનાં દુઃખ ગરીબ જાણે, સુખિયાને નહીં તેનું ભાન;
ગરીબ દુઃખી જન પશુઓને, સહાય કરો આપો !!! કંઈ દાન. ॥૩૨॥

ગરીબ કહે છે મેં નહીં આપ્યું, ગરીબોને અન્નાદિક દાન;
ગરીબ અવસ્થા તેથી આવી, આપો કંઈ સુજને ધનવાન્. ॥ ૩૩ ॥
ગરીબની ગરીબાઈ ટાળે, ગરીબ અવસ્થા કો નહીં પાય;
ગરીબને આપંતાં વચ્ચે, ના પાડે તે દુઃખી થાય. ॥ ૩૪ ॥
ગભ્ભર ધનવંતો પણ પલમાં, ગરીબ બને કર્મે બેહાલ;
ગરીબ લોકો ધનવંત થાવે, ધનવંતો થાવે કંગાલ. ॥ ૩૫ ॥
ગાળો ન દે અન્યોને ક્રોધે, ગાળી દેતાં થાય ન જીત;
ગાળોને અન્યો જો દેવે, ગાળ ન દે તો એ છે પવિત્ર. ॥ ૩૬ ॥
ગાંડાઓની સાથે રહેવું, કદાપિ કર્મોદયથી થાય;
ગંભીર થઈને અંતર્ રહેચો, સમય વિચારી વર્તો ન્યાય. ॥ ૩૭ ॥
ગંભીરતાને ધારણ કર ! ! મન, ગંભીરતાથી ફાયદો થાય;
ગુણો વધે ને નવીન કષ્ટો, આવે નહીં મન શાંતિ પાય. ॥ ૩૮ ॥
ગુણસ્થાનક, મિથ્યાત્વાદિક છે, ચઉદશ ઉત્તરોત્તર ગુણકાર;
ગુણી જ્ઞાની ઉત્તરોત્તર ચઢી, પ્રભુ બની પામે ભવપાર. ॥ ૩૯ ॥
ગુણસ્થાનકનું સ્વરૂપ સમ્યગ્, સમજી વર્તે શુદ્ધ તે થાય;
ગુણસ્થાનક સમજ્યા વણ દોષને, ગુણનો નિર્ણય સત્ય ન ક્યાંય. ॥૪૦॥
ગચ્છ સભા સમિતિ સંઘ મંડલ, અનેક ગણ ગચ્છ નામ સુહાય;
ગચ્છાદિક વ્યવહારોપયોગી, નિશ્ચય ગુણ સાધન સુખદાય. ॥૪૧॥
ગચ્છ છે સાધનદશોપયોગી, પડતાને આલંબન સત્ય;
ગચ્છ સભાદિક નામ ભિન્ન પણ, એકાર્થે ઉપયોગી કૃત્ય. ॥ ૪૨ ॥
ગચ્છમાં ગુણ પ્રગટાવવામાટે, સાધુ સાધ્વીનો છે વાસ;
ગચ્છ જે ગુણકારક તે સાચો, દોષવૃંદનો કરે વિનાશ. ॥ ૪૩ ॥
ગચ્છાચારપયન્નામાંહી, ગચ્છ વાસ ગુણ ભાખ્યા બેશ;
ગુરૂતાબે ગચ્છમાં જે રહેતા, સાધુ ટાળે રાગને દ્વેષ. ॥ ૪૪ ॥
ગૌતમસ્વામી સરખા ગણધર, ગણ-ગચ્છ સ્થાપે મુનિ હિતકાર;
ગુરૂપરંપરા જ્ઞાન મળે છે, ગચ્છવિષે રહેતાં નિર્ધાર. ॥ ૪૫ ॥
ગર્ભિણી નારી જાતિનો, વધ કરશો નહીં સમજો સાર;
ગર્ભિણીને દુઃખ ન આપો !!, ક્રોધ કરો નહીં દો નહીં માર. ॥૪૬॥

ગર્ભિણીને કદિ ન મારો, ગર્ભિણીપર કરો ન ક્રોધ;
ગર્ભિણીને અતિપરિશ્રમ, આપો નહીં દ્યો ભક્તિ બોધ. ॥ ૪૭ ॥
ગર્ભિણીને ખુશમાં રાખો !!, ગૃહસ્થલોકનો એ છે ધર્મ;
ગર્ભ રહ્યા પછી સ્ત્રીની સાથે, મૈથુન તે છે પાપનું કર્મ. ॥ ૪૮ ॥
ગુણાનુરાગી થઇ ગુણ લેવા, કોના પણ અવગુણ નહીં ભાખ !!!;
ગુણાનુરાગે ગુણ વૃદ્ધિ છે, ગુણાનુરાગે સાચી સાખ. ॥ ૪૯ ॥
ગુણાનુરાગી સજ્જન થોડા, અવગુણલેનારાઓ ક્રોડ;
ગુણાનુરાગી સમકિતી છે, જેની જડે ન જગમાં જોડ. ॥ ૫૦ ॥
ગુણાનુરાગે જ્ઞાનને સેવા, ભકિત ધર્મ શુભ કાર્ય પમાય;
ગુણાનુરાગી થાય છે મુકત જ, ગુણાનુરાગે ધર્મ લહાય. ॥ ૫૧ ॥
ગાફલ થા ! ! ના પ્રમાદયોગે, ગાફલ થા ના શત્રુમઝાર;
ગાફલ થા !! નહીં સર્વપ્રસંગે, ઉપયોગે રહેજે હુશિયાર. ॥ ૫૨ ॥
ગુણવંતા ગુરૂજનની લાતો, ખાવાથી છે સાચું સુખ;
ગાંડાઓના સત્કારે જગ, અંતે પડતું મોટું દુઃખ. ॥ ૫૩ ॥
ગાંડા સાથે ગમ્મત કરવી, સર્પની સાથે જેવા ખેલ;
ગુણવંતાની લાતો ખાતાં, અંતે પ્રગટે સુખની સહેલ. ॥ ૫૪ ॥
ગુણો વિનાનો ઘટાટોપ શ્યો ? ગુણો વિના મન થાતો ગર્વ;
ગાજંતા મેઘો નહીં વર્ષે, ગર્વ કરો નહીં સમજો સર્વ. ॥ ૫૫ ॥
ગમાર જગમાં તેહ ગણાતો, શત્રુમિત્રનું હોય ન જ્ઞાન;
ગર્વ કરીને લક્ષ્મી ખર્ચે, સત્ય શીખામણ સુણે ન કાન. ॥ ૫૬ ॥
ગમાર તે સાચો જગમાંહી, માતપિતા ગુરૂને દે ગાળ;
ગાફલ થઇને ગાંઠ ગુમાવે, કરે ન નિજશક્તિનો ખ્યાલ. ॥ ૫૭ ॥
ગમાર તે જે સત્ય ન સમજે, સંકટ દુઃખના માર્ગે જાય;
ગજા ઉપરાંત કરે જે કામો, ધૂર્તોથી જે જગ ધૂતાય. ॥ ૫૮ ॥
ગમાર તે અવસર નહીં જાણે, સત્યાસત્યનો કરે ન તોલ;
ગમાર, જ્ઞાન વિના સહુ જીવો, ગુણો વિનાના જેના બોલ. ॥ ૫૯ ॥
ગમવણ જીવો સર્વે ગમારો, અલ્પ બહુ તરતમ બહુ ભેદ;
ગમ લેઇ ગુરૂજ્ઞાનથી સાચી, આતમ ટાળો !! દુઃખના ખેદ. ॥ ૬૦ ॥

ગુર્જર દેશ છે બહુ દયાળુ, દયાવંત દેખો ! ! ગુજરાત;
ગૃહસ્થ લોકો બહુ ગુણવંતા, અતિથિ સેવામાં પ્રખ્યાત. ॥ ૬૧ ॥
ગરીબ ગાયને આશ્રય આપે, અતિરમણિક દેખો ! ! ગુજરાત;
ગુજરાતી નરનારી દયાળુ, સેવાભક્તિમાં પ્રખ્યાત. ॥ ૬૨ ॥
ગુર્જર દેશે વૃક્ષો ઝાઝાં, સર્વધાન્યની ખેતી થાય;
ગુણવંત પ્રકટે ભક્તો જ્ઞાની, કાચું સોનું બહુ પ્રગટાય. ॥ ૬૩ ॥
ગુજરાતીમાં દયા સત્યને, ક્ષમા વિનય સેવાને ભક્તિ;
ગુણો ઘણાને દુર્ગુણ પણ છે, ગુણરાગે ગુણ લેવા રીતિ. ॥ ૬૪ ॥
ગુર્જર દેશમાં ઘરમાં ગોખલે, કબુતર બેસી ગેલ કરંત;
ગુર્જર દેશમાં હરણાં રમતાં, પશુ પંખીની દયા અનંત. ॥ ૬૫ ॥
ગુર્જર દેશમાં તીર્થને ભક્તો, નદી સરોવર વૃક્ષ રસાળ;
ગુર્જર દેશને ગુણદૃષ્ટિએ, દેખે તેને આવે ખ્યાલ. ॥ ૬૬ ॥
ગણિત આદિ વિદ્યાઓનું, સારી રીતે મેળવો જ્ઞાન;
ગુણજ્ઞ થાવું કૃતજ્ઞ થાવું, ગુણોનું જ્યાં ત્યાં કરવું ગાન. ॥ ૬૭ ॥
ગૃહાવાસમાં સ્ત્રીને પુરૂષે, અતિથિઓની કરવી સેવ;
ગુણી ગૃહિણી દેવી સરખી, ગૃહસ્થ સદ્ગુણી જાણો ! ! દેવ. ॥ ૬૮ ॥
ગૃહની ગૃહીણીદેવી પત્ની, એજ શ્રેષ્ઠ ઘર જગ કહેવાય;
ગૃહસ્થદશાનું ભૂષણ દાન છે, દાને ગૃહસ્થી ધર્મી થાય. ॥ ૬૯ ॥
ગૃહસ્થને છે સ્વાધિકારે, દેવ ગુરૂને ધર્મની ભક્તિ;
ગૃહસ્થ શોભે પરોપકારે, રાખે જે નીતિ સદ્રીતિ. ॥ ૭૦ ॥
ગૃહસ્થનું ગૃહ સ્વર્ગસમું જ્યાં, દયા દાનને સ્વાર્પણ ત્યાગ;
ગુણદૃષ્ટિને ઐક્ય પ્રેમતા, ઉત્સાહ ઉદ્યોગ ને વૈરાગ્ય. ॥ ૭૧ ॥
ગુરૂકુળવાસે જ્ઞાનને ભક્તિ, આતમની શક્તિ પ્રગટાય;
ગુરૂકુળવાસે ગુણો ઘણા છે, નગુરાથી તે નહીં સમજાય. ॥ ૭૨ ॥
ગુરૂના અંતેવાસી શિષ્યો, ગુરૂહૃદયનું પામે જ્ઞાન;
ગુરૂકુળમાં વસવું મહાદુર્લભ, ગીતાર્થગુરૂ તે સત્ય પ્રમાણ. ॥૭૩॥
ગીતાર્થ અનુભવી ગુરૂની પાસે, વસે રહી સહી સંકટ સર્વ;
ગુરૂ ગીતાર્થની ભક્તિ એ છે, પામે પ્રભુને રહે ન ગર્વ. ॥ ૭૪ ॥

ગોળ ગળ્યો પણ બહુ ખાવાથી, દુઃખના હેતુભૂત તે થાય;
ગળ્યું કડવું ઉપયોગે સારૂં, સમજી ખાવે તો સુખ થાય. ॥ ૭૫ ॥

ગળ્યું કડવું ઉપયોગી સુખકર, જ્ઞાનવડે ઉપયોગ જો થાય;
ગળ્યું કડવું બન્ને સુખ દુઃખકર, સાપેક્ષાએ સમજો ન્યાય. ॥ ૭૬ ॥

ગળીને જોઇ જલને પીવું, બહુ ચાવીને ખાવું અન્ન;
ગળીને બોલજે બહુ વિચારી, ઉદાર નિર્મલ રાખો !! મન. ॥૭૭॥

ગુપ્તવાતને ખોલી ના દે, જેથી નિજપરને નુકશાન;
ગોપવવા યોગ્ય ગુપ્ત રાખજે, દ્વેષે ન કર કોનું અપમાન. ॥ ૭૮ ॥

ગળથુથીમાં જન્મની સાથે, ધર્મને પામશો નરને નાર;
ગેરસમજ જે થૈ તેની તું, માફી માગી જન્મ સુધાર !!!. ॥ ૭૯ ॥

ગર્જવંત ગ્રાહક જો આવે, તેની આગળ પેટી ઉઘાડ;
ગ્રાહકવણ નહીં માલની કિંમત, ગ્રાહકવણ નહીં લાભ થનાર. ॥ ૮૦ ॥

ગર્જ પડે ગદ્ધાને બાપા, જગમાં કહેતાં સ્વાર્થી લોક;
ગર્જ સમું મીઠું નહીં કોઇ, ગર્જે પાડે લોકો પોક. ॥ ૮૧ ॥

ગુરૂ, સત્ય જે જ્ઞાનને આપે, અસત્ય પાપને કાઢે દૂર;
ગુરૂ ખરો જે સમ્યગ્ જ્ઞાનને, ચારિત્રે શોભે ભરપૂર. ॥ ૮૨ ॥

ગુણોવડે પૂજાતા સર્વે, ગુણવણ નહીં પૂજાને માન;
ગુણવણ કિંમત નહીં છે કોની, ગુણ પ્રગટાવો સમજો સાન. ॥ ૮૩ ॥

ગુલામ સરખા રાજાઓ જ્યાં, તે રાજાઓ દુઃખી દીન;
ગુલામડી સરખી જ્યાં રાણી, તેની સંતતિ પ્રગટે હીન. ॥ ૮૪ ॥

ગુલામ થઇને રાજ્ય કરંતાં, ખાતાં પીતાં સુખ ન લેશ;
ગુલામી સ્વર્ગવિષે નહીં સારી, સારૂં નરકના થવું મહેશ. ॥ ૮૫ ॥

ગુલામ પાસે રહે ન શક્તિ, બળ બુદ્ધિ વિદ્યા ક્ષય થાય;
ગુલામ કરતાં ગરીબ સારો, સ્વતંત્રતાએ જીવ્યો જાય. ॥ ૮૬ ॥

ગુલાબપુષ્પ મઝાનું લાગે, સૌ લોકોનો તે પર પ્રેમ;
ગુલાબને પણ કાંટાઓ છે, ગુલાબ રક્ષણમાટે એમ. ॥ ૮૭ ॥

ગુલાબ સરખા સારા લોકો, કાંટા સમ ધરે રક્ષણશસ્ત્ર;
ગુપ્ત રહસ્યો એવાં કૈ.માં, ગુરૂગમથી જાણો !! એ મંત્ર. ॥ ૮૮ ॥

ગારવ રસ ઋદ્ધિ શાતા ત્રણ્ય, ગારવ કરતાં ગુણ સહુ જાય;
ગુમાન કરતાં ગુલામી પ્રગટે, સમજે તેને ગર્વ ન થાય. ॥ ૮૯ ॥
ગરીબી-જ્ઞાની યોગી ફકીરીની, તેમાં અનંત સુખની લ્હેર;
ગરીબી એવી ત્યાં પ્રભુતાઈ, અમીરીમાંહી દુઃખ ને ઝેર. ॥ ૯૦ ॥
ગોચરી કરીને સાધુ મુનિયો, દેહનું પોષણ કરતા દેખ !!;
ગોચરી કરતાં ગુણો ઘણા છે, નિજપરને હિતકારક પેખ !!. ॥૯૧॥
ગોચર ભૂમિયો-ગાયો ઢોરો,-માટે કાઢેલી તે જાણ !!;
ગોચરભૂમિને નહીં ખેડે, આર્ય હિંદુ તે સત્ય પ્રમાણ. ॥ ૯૨ ॥
ગામ ગપાટા વિકથા નિંદા, વાતોથી કંઈ વળે ન ભવ્ય ?;
ગણ !! અંતરમાં ગુણ શા પ્રગટ્યા, ગણ !! શું આજ કર્યું કર્તવ્ય. ॥૯૩॥
ગણ !! શું આજ લગી શું કીધું, પાપ કર્યાં વા પુણ્યનાં કર્મ;
ગણ !! સદ્‌ગુણ દુર્ગુણ શા પામ્યો, ખાનગીમાં ગણ !! પ્રગટે શર્મ. ॥૯૪॥
ગજાવો આતમ સદુપદેશે, સર્વજીવોપર કર !!! ઉપકાર;
ગુણો પ્રસારો જગમાં જ્યાં ત્યાં, આતમ ? તારો ધર્મ અપાર. ॥૯૫॥
ગજ ઘોડાના ગુણને ગ્રહશો, ગ્રાહની પેઠે કર ગુણગ્રાહ;
ગ્રાહક થા !! સદ્‌ગુણનો જ્યાં ત્યાં, ગુણો ઉપર જ્યાં ત્યાં ધર !!! ચાહ. ॥૯૬॥
ગભરાઈ અકળાઈ ન જાવું, દુઃખ પડે તો રાખો ભાન;
ગભરાયાથી દુઃખ ન ટળતું, હિંમત રાખી કર !! પ્રભુગાન. ॥૯૭॥
ગૌ બ્રાહ્મણ લઘુ બાળને ગર્ભની,-હત્યાથી થાતું મહાપાપ;
ગરીબ સાધુ ફકીર સંતની,-હત્યાનો છે નરકે જવાબ. ॥૯૮॥
ગુણવણ ગુણઠાણું નહીં આવે, ગુણવણ કર્મકાંડ છે ફોક;
ગુણઠાણાપર ચડવા માટે, રાગ રોષ ને કામને રોક !!!. ॥૯૯॥
ગુરૂએ ગોળી જ્ઞાનની મારી, ભક્તોનું હણતા અજ્ઞાન;
ગુરૂના આશયો જેઓ જાણે, ગુરૂરૂપ થૈ બનતા ભગવાન. ॥૧૦૦॥
ઘાટ, ઘડાયા દેહાદિકના, તે સહુ પુદ્‌ગલના પર્યાય;
ઘાટ, સકળ પુદ્‌ગલના વિણસે, અઘાટ આતમ નહીં વિણસાય. ॥૧૦૧॥
ગૃહિણી તે ઘર અન્ય ન ઘર છે, ઘરમાં ગૃહીણીઓનું રાજ્ય;
ગૃહિણીઓ ઘરમાં પૂજાતી, લક્ષ્મીનું ત્યાં છે સામ્રાજ્ય. ॥૧૦૨॥

ગોખણપટ્ટી કરી કરોડો, *શ્લોકો મુખપાઠે કરે કોય;
ગોખ્ખણપટ્ટી વેદિયા ઢોરની,–પેઠે ત્યાં નહીં જ્ઞાન જ હોય. ॥૧૦૩॥

ગુન્હાઓ કર ! નહીં બીજાના, ગુન્હાનાં સહુ કારણ ત્યાગ ! ! !;
ગુન્હેગારો શિક્ષાઓથી, પામે છે ગુણ ને વૈરાગ્ય. ॥૧૦૪॥

ગુન્હેગારોને દે માફી, ગુન્હાનો કર ! ! પશ્ચાત્તાપ;
ગુન્હો થાતાં માફી માગી, પછીથી કર નહીં જૂઠ્ઠો પાપ. ॥૧૦૫॥

ગોટાળા કર !! નહીં અતિલોભે, ગોટાળાથી રહે ન નીતિ;
ગરબડ જે અન્યાય દોષની, તેને ત્યાગો ધરી સુરીતિ. ॥૧૦૬॥

ગાંડા જેવા જગમાં ફરતા, અલમસ્તો કે મસ્ત ફકીર;
ગાંડાઓમાં કેક છે સંતો, પ્રસંગે પરખાતા ગંભીર. ॥૧૦૭॥

ગાંડા જેવા અવધૂતો કે, પ્રભુથી ઐક્યપણે મસ્તાન;
ગાંડાઓમાં ગોત્યાથી તે, પરખાતા કે જે ગુણવાન. ॥૧૦૮॥

ગંભીર સાગર સરખા મસ્તો, બાહ્ય લક્ષણે નહીં પરખાય;
ગાંડો થઇ તે પાછળ લાગે, તે પણ ગાંડા જેવો થાય. ॥૧૦૯॥

ગાવે તેના શીર પર પ્રભુ છે, ધ્યાવે તેના દિલની પાસ;
ગાંડો થાય જે પ્રભુપર પૂરો, પ્રભુમય પોતે થાતો ખાસ. ॥૧૧૦॥

ગળું રેંસીને અન્યજીવોનું, અન્યજીવોનું પીને રક્ત;
ગન્દુ કરીને પાપે મનડું, બનીશ નહીં તું પ્રભુનો ભક્ત. ॥૧૧૧॥

ગંદકી, દુર્ગુણ વ્યસનની ભારી, ગંદકી, હિંસાદિક છે દોષ;
ગંદકી, અંતરની સહુ ત્યાગો, ધારો આતમ !! ગુણનો પોષ. ॥૧૧૨॥

ગંદો તે છે દુર્ગુણી દોષી, વ્યસની હિંસાનો કરનાર;
ગંદકી, મનની તજ્યા વિના તો, પવિત્ર કો નહીં નરને નાર. ॥૧૧૩॥

ગંધ, સુગંધ ને દુર્ગંધ બે છે, બેમાં જેને રાગ ન રોષ;
ગંદી. કાયા છતાં પવિત્ર જ, લોભ તજી ધાર્યો સંતોષ. ॥૧૧૪॥

ગ્રહણ ને ત્યાગ જે આહારાદિક, સર્વે જે વર્તે વ્યવહાર;
ગ્રહણ ત્યાગમાં નિઃસંગીને, નિષ્કામી ને પ્રભુ અવતાર. ॥૧૧૫॥

ગૂઢ રહસ્યે, ગુરૂગમ જાણે, સમજો પામી ગુરૂ પસાય;
ગુહ્ય સંતનાં રહસ્ય સમજો. ગુરૂગમે આશયે સમજ્યા જાય ॥૧૧૬॥

ગુપ્ત શક્તિયો રહી આતમમાં, ગુરૂગમે તેનો કરો વિકાસ;
ગુપ્ત રહે નહીં જ્ઞાનમાં કોઇ, યોગ્યનો કરતા જ્ઞાની પ્રકાશ. ॥૧૧૭॥
ગંગાજલ સમ નિર્મલ ત્યાગી, સંતો પ્રભુના મસ્ત ફકીર;
ગંગાને પણ પવિત્ર કરતા, સંત પ્રકટ આતમ મહાવીર. ॥૧૧૮॥
ગયો તો શું ને રહ્યો તો શું તે, કર્યું ન જેણે દાનને ધર્મ;
ગયો વખત પાછો નહીં આવે, કરી લે આતમ !! સારાં કર્મ. ॥૧૧૯॥
ગુરૂ કર્યા વણ પ્રભુપદ નહીં છે, ગુરૂ કર્યા વણ સ્વર્ગ ન મોક્ષ;
ગુરૂતા, ગુરૂની સગુરા જાણે, નગુરાથી ગુરૂ રહે પરોક્ષ. ॥૧૨૦॥
ગુરૂગીતા સંસ્કૃત ભાષામાં, રચી સદ્‌ગુરૂનો લહી પસાય;
ગુરૂ રવિસાગર ગુરૂ સુખસાગર, ઉપકારી મહાસંત સુહાય. ॥૧૨૧॥
ગુજારે કર્મપ્રભુ તુજ, શિરપર, સુખ દુઃખ તે સહી લે સમભાવ;
ગુમાન કર નહીં સુખ સાંપડતાં, દુઃખ પડે મન શોક ન લાવ !!. ॥૧૨૨॥
ગોથાળા સરખા જે શિષ્યો, ગુરૂદ્રોહી ગુણલોપી જેહ;
ગુણ સામો અવગુણ જે કરતા, દુર્ગતિમાં બહુ ભમતા તેહ. ॥૧૨૩॥
ગુંહલી તે ગુરૂના ગુણ ગાવા, ગુરૂભક્તિનું કરવું ગાન;
ગુંહલી કરતાં ગાતાં ગુણ બહુ, અંતે પ્રગટે કેવલજ્ઞાન. ॥૧૨૪॥
ગા !! ગુણરાગે, વૈરીગુણને, જ્યાં ત્યાં ગુણને દેખો !! ભવ્ય ?;
ગુણીના ગુણ ગાતાં ગુણ પ્રગટે, ગુણીપણાનાં કર !!! કર્તવ્ય. ॥૧૨૫॥
ગુણ બોલો શત્રુમાં રહેલા, દુર્ગુણ, શત્રુનો નહીં બોલ !!;
ગંદુમાંથી છતાં ગુણો લે !!, ગુણોથી પ્રભુના દ્વારને ખોલ. ॥૧૨૬॥
ગમખાઇ ગુણ લેતાં અન્યના, આતમગુણો સઘળા પ્રગટાય;
ગણો !!! ગુણો દુર્ગુણ શ્યા નિજમાં, ગહન વાત, ગુરૂથી સમજાય. ॥૧૨૭॥
ગુજાર ! જીવન પાપ રહિત નિજ, નિર્દોષે કર !! નિજ ગુજરાન;
ગબોળો કર ! નહીં અસત્ય બોલી, ગરીબનો બેલી ભગવાન. ॥૧૨૮॥
ગુણી થવાને અપરાધીને, વખત આપ કે સુધરે તેહ;
ગુનેગારો સુધારવાને, જ્ઞાનબોધ આપો !! ગુણગેહ. ॥ ૧૨૯ ॥
ગૌતમ ગણધર લબ્ધિધારક, વીરપ્રભુના શિષ્ય મહાન ;
ગૌતમ નામે કાર્યારંભે, મંગલ થાવે બહુકલ્યાણ. ॥ ૧૩૦ ॥

ગાદી તે ગુણ સત્કર્મોને, કરવાં ઠરવું સારા ઠામ;
ગાદી તે નિજ ફર્જથી સેવા, કરવી ભજવા આતમરામ. ॥ ૧૩૧ ॥

ગાયકવાડ સયાજીરાવ છે, ગાયકવાડી રાજ્ય નરેશ;
ગુણના માટે તેમને આપ્યો, વડોદરામાં સદુપદેશ. ॥ ૧૩૨ ॥

ગ્રહો નડે ત્યાં પુણ્ય પાપના,-ફલમાં નિમિત્ત કારણ તેહ;
ગ્રહજે આતમગુણોને ભાવે, ગ્રહો નડે નહીં તેને એહ. ॥ ૧૩૩ ॥

ગુર્જરત્રા-ગુજરાત છે જાણો !!, ગુર્જર લોકોનું જ્યાં રાષ્ટ્ર;
ગુર્જર લોકનું રાજ્ય ગયા પછી, ગુર્જર નામે છે ગુજરાત. ॥ ૧૩૪ ॥

ગુર્જરત્રા ભૂમિનું પૂર્વે, બ્રહ્માવર્ત અને સૌરાષ્ટ્ર;
ગુણવંતુ હતું નામ રૂપાળું, ગુજરોથી થયું ગુર્જરરાષ્ટ્ર. ॥ ૧૩૫ ॥

ગુજરાતી ગંભીર દયાળુ, અતિથિ સેવામાં હુશિયાર;
ગુણો અને સત્કૃત્યોવાળા, ભક્ત વીરોથી છે રળિયાત. ॥ ૧૩૬ ॥

ગાંજ્યો જા નહિ ધૂર્તોથી જગ, ધૂર્ત ઠગો છે જગમાં અનેક;
ગાંજ્યો જા !! નહિ છલી કપટીથી, ગુણી થવાની ધારજે ટેક. ॥ ૧૩૭ ॥

ગુરખા શીખ સમ સ્વામીભક્ત થા !!, ગુણી થવા કર સંતનો સંગ;
ગુણી થવાને સંતની સાધુની,-સંગતિથી સુધરે નિજરંગ. ॥ ૧૩૮ ॥

ગાંધી, હિંદમાં સંતદષ્ટિએ, સ્વરાજ્ય,-ચળવળ ચલવે હાલ;
ગાંધી, ગુણાનુરાગને ધારે, કરી ભૂલ છંડે લહી ખ્યાલ. ॥ ૧૩૯ ॥

ગોપવ !! ગોપવાયોગ્ય તે સમજી, ગુપ્તિધારો ધરી ઉપયોગ;
ગો-હત્યારો છે મહાપાપી, ગોપવ !! કાયને થાય ન રોગ. ॥ ૧૪૦ ॥

ગોપાલ તે ઇન્દ્રિયોરૂપી,-ગાયો રાખે વશમાં જેહ;
ગોપાલ તે શ્રી કૃષ્ણ સરીખો, ગોવાલપદ જગ મોટું એહ. ॥ ૧૪૧ ॥

ગોવાળોની સેવાભક્તિ, કરવી દેશના ખરા તે ભક્ત;
ગોવાળોને રબારીઓ ને, ગાયો પાળે છે ગુણવંત. ॥ ૧૪૨ ॥

ગોપાલક ઘર ઘર હિંદુઓ, થાય તો તેથી સુખ ને શાંતિ;
ગો[illegible] કર !!! તું ગાયની [illegible], [illegible] વધે ધર્મની હાનિ. ॥ ૧૪૩ ॥

[illegible] હિંદમાં આવે, [illegible] જાણ !!.
[illegible] ॥ ૧૪૪ ॥

ગજનો દંત જે બાહિર નીકળ્યો, તે પાછો નહીં કરે પ્રવેશ;
ગજના દંત સમા વીરોનાં,–વચનો પાછાં થાય ન લેશ. ॥ ૧૪૫ ॥
ગજબ કરીશ નહીં ગર્વે માનવ!; ગાળીશ નહી કૂદીને ફોક;
ગજું જોઈને લેવું દેવું, ગંજેરી થઇ મૂક !!! ન પોક. ॥ ૧૪૬ ॥
ગટપટ જૂઠી કરવી તજીદે, ગટર સરીખું કર !!! નહીં ચિત્ત;
ગઠિયો થા નહીં પ્રાણાંતે પણ, ગ્રન્થિ ત્યાગી બનો પવિત્ર. ॥૧૪૭॥
ગડબડ ગોટો કર !!! નહીં કાર્યે, ગૃદ્ધિથી નહીં મન નિર્લેપ;
ગજા ઉપરનું કાર્ય ન કરવું, મોહરોગ છે મનનો ચેપ. ॥૧૪૮॥
ગણ ગચ્છ સમાજ સંઘ એ શબ્દો, એકવાચ્યના વાચક જાણ !!!;
ગણીને બહુ વિચારી આગળ, પગલું ભર!!! થા નહીં નાદાન. ॥૧૪૯॥
ગદ્ધાઈ, યૌવનના વિકારો, ગદ્ધામસ્તી છોકરવાદ;
ગંડાઈ અતિકામે સ્વાર્થે, તેનું ફળ છે દુઃખાસ્વાદ. ॥૧૫૦॥
ગરણું દુનિયાના મુખપર નહિ, દુનિયાનો અભિપ્રાય ન એક;
ગાયક વિદ્યા મન પ્રમોદી, ગાનથી રોગ ટળે છે અનેક. ॥૧૫૧॥
ગગપણુલોભે ફસાઈ જા !!! નહીં, ગગપણુમોહે સાધ્ય ન ચૂક !!!;
ગગપણુલોભે દેહારોગ્યમાં, જાણીને પૂળો નહીં મૂક !!!. ॥૧૫૨॥
ગમ લે ગીતાર્થગુરૂને સેવી, જ્ઞાનીગમા સહુ સમા સુહાય;
ગભોળો કર !!! નહીં નિજ ફર્જેમાં, કર્તવ્યોમાં સમજે ન્યાય. ॥૧૫૩॥
ગમગીની પ્રગટે પ્રભુમાં ધર !!! ચિત્ત, તેથી માર્ગનો થાય પ્રકાશ;
ગમત બાલથી કરવી બૂરો, ગમારને થા ? જ્ઞાન વિલાસ. ॥૧૫૪॥
ગમતું જ્ઞાનથી નક્કી કરવું, ગમન કરો દુઃખમાં પરદેશ;
ગમા રહે નહીં ઘડપણમાંહી, ગમે ન ઘડપણમાં બહુ ક્લેશ. ॥૧૫૫॥
ગમાર આગળ ગર્જ ન કહેવી, ગમાવવું નહી ફોગટ વીર્ય;
ગમેતેમ કરી સંકટમાંહી, રાખો !!! આતમનું શુભ ધૈર્ય. ॥૧૫૬॥
ગમ્ય જે જ્ઞાનમાં ત્યાં શું ? શ્રદ્ધા, અગમ્યમાં શ્રદ્ધા ઉપયોગ;
ગમ્ય જે બુદ્ધિએ ત્યાં કરી ન, પ્રમાણમાથાકૂટી લોગ. ॥૧૫૭॥
ગજાવો આલમ સદુપદેશે, સર્વવિશ્વમા જેથી શાન્તિ;
ગદ્દલુ, ઝપેટો બન્ને સરખા, અજ્ઞાન સ્વાર્થે હોય અશાન્તિ. ॥૧૫૮॥

ગરમાઇ તન ધન સત્તા ને, વિદ્યાની જ્યાં ત્યાં દેખાય;
ગરમાઇ જેને નહીં એવી,-દશા છતાં તે ભકત સુહાય. ॥૧૫૯॥
ગરમાવો જે આત્મજ્ઞાનનો, ભકિતનો ત્યાં હોય છે પ્રાણ;
ગરમી જ્યાં નિજઆત્મગુણોની, આત્મ જીવનનાં ત્યાં છે લ્હાણ.॥૧૬૦॥
ગરાસ નબતો ગરમાઇ તક, માથું આપે રહે ગરાસ;
ગરાસીઆમાં હોય ન ગરમી, તો તે થાવે ગરીબ દાસ. ॥૧૬૧॥
ગરીબ જોરૂ સૌની ભાભી, ગરીબપરવર આશ્રય શ્રેષ્ઠ;
ગરમાવો તે શકિતયો છે, તેવણ માણસ ગરીબ હેઠ. ॥૧૬૨॥
ગરીબાઇમાં ગુણો જો આવે, પ્રભુની સેવા ભકિત થાય;
ગરીબ એવાના ઘરમાંહી, પ્રભુસંત જ્યોતિ ઉભરાય. ॥૧૬૩॥
ગરૂડ સરખા નિજજાતિની, સલાહે જગ મોટા કહેવાય;
ગિરૂવા નહીં જે નિજકોમોમાં, ઘરમાં મોટા બને શું થાય. ॥૧૬૪॥
ગર્જે પણ વરસે નહીં તેની, કિંમત જગમાં લેશ ન થાય;
ગાજે ને વરસે તે ગિરૂવો, પરાક્રમીમાં તેહ ગણાય. ॥૧૬૫॥
ગર્તમાં પડિયા ભ્રાંત મનુષ્યો, અજ્ઞાની દુષ્ટો જગમાંહ્ય;
ગર્વવિના સંસાર ન ચાલે, ગર્જે સારૂં ન્યાય ગણાય. ॥૧૬૬॥
ગર્વિલ તે જગ નરને નારી, સત્ય અસત્ય ન સમજે જેહ;
ગાંડા ઘણા જગમાં લોકો, પ્રસંગ પડે સમજાતા એહ. ॥૧૬૭॥
ગર્ભિણીઓ જે નારીઓ, તેઓને કષ્ટો નહીં આપ!!!;
ગર્ભિણીની સેવા કરતાં, દેશોદય ચડતીની છાપ. ॥૧૬૮॥
ગર્ભપાતનું પાપ છે મોટું, ગર્ભપાતથી જાય ન દુઃખ;
ગર્ભપાત કરનારીઓને, સ્વપ્નામાં પણ મળે ન સુખ. ॥૧૬૯॥
ગર્ભવાસ છે ભાગ રોગથી, જ્ઞાને ટળતો ગર્ભનો વાસ;
ગર્ભની હત્યા કરનારાનું, અંતે જાતું સત્યાનાશ. ॥૧૭૦॥
ગર્ભ શ્રીમંતને ગરીબ કોમના,-દુઃખનો અનુભવ લેશ ન થાય;
ગર્ભ શ્રીમંતને ગરીબદશામાં, જીવનાં બહુ દુઃખ જણાય. ॥૧૭૧॥
ગર્ભ શ્રીમંત થતું મહાદુઃખે, ધની બનીને કરતાં દાન.
ગર્ભ [illegible] [illegible] ॥૧૭[illegible]॥

ગર્વી રહો નહીં જગ નરનારી, ગર્વ ગળ્યા જગ સહુના દેખા!!;
ગર્હિત કાર્ય ન કરજે ક્યારે, ગર્ભપણાની દશા ઉવેખા!!. ॥૧૭૩॥

ગલત વિચારો માન ! ન મોહે, ગલબો જોઇ બિચારી જાણ્યું!!;
ગલીચીવાળી જગ્યાને છંડો, ગલીચીથી દુ:ખોની ખાણ. ॥૧૭૪॥

ગહન બાબતો ગુરૂગમયોગે, હળવે હળવે સો સમજાય;
ગળકો–ઉમળકો સારો પ્રગટે, તે આચારે મૂકોં થાય. ॥૧૭૫॥

ગળથુથીમાં જ્ઞાન ને સેવા, ભક્તિ યોગને જ્યાં પીવાય;
ગાજે ત્યાં મહાપુરૂષો પ્રગટ્યા, સર્વશક્તિયો ત્યાં ઉભરાય. ॥૧૭૬॥

ગળાનું રક્ષણ સત્યે કરજે, ગળું કપાતાં રહે ન આંશું;
ગળે ટુંપો ખાઇ નહીં મરજે, જીવંતાં ફરી ઇચ્છિત લ્હાણું. ॥૧૭૭॥

ગળેપડુનો સંગ ન કરજે, ગળેપડું તું થા!!! નહીં ભવ્ય!;
ગળી ગળીને પાણી પીવું, વિચારીને કરજે કર્તવ્ય. ॥૧૭૮॥

ગાણું જ્ઞાનીની આગળ કે, જેથી ગાનની કિંમત થાય;
ગાંડા આગળ વાતો જેવી, અંધને આરશી સમજો ન્યાય. ॥૧૭૯॥

ગાત્ર ન શિથિલ થાય તે પૂર્વે, ધર્મ કરી લ્યો નરને નાર;
ગાત્રની મજબૂતાઇ કરજે, કસરત આદિથી નિર્ધાર. ॥૧૮૦॥

ગાથાઓ શુભ શિક્ષામથી જે, ગોખીને બહુ સુખકર પાઠ;
ગાથાની કિંમત નહીં થાતી, દેખાતી શિવપુરની વાટ. ॥૧૮૧॥

ગાફેલ ખત્તા ખાતો જ્યાં ત્યાં, ગાફેલ ગર્થ ગુમાવે ફોક;
ગાબડું લેશ પડ્યું નહીં સારૂં, ગભરામણથી મૂકા!! ન પોક.॥૧૮૨॥

ગાજરની કરી જેહ પપુડી, વાગે ત્યાં સુધી તે વગાડ!!!;
ગર્જ સરે નહીં ત્યારે ખાતાં, લાગે નહીં જગ જોયો વાર. ॥૧૮૩॥

ગાઢપ્રેમ, સ્વાર્થે ને ભેદ,–રહેતો નહીં મિત્રોમાં જાણ!!!;
ગાયન આદિ સર્વકળાઓ, જાણો!!! થાઓ!!! પ્રગતિમાન્. ॥૧૮૪॥

ગાયત્રી, વૈદિક પૌરાણિક,–હિંદુઓનો મોટો મંત્ર;
ગાનારાનું રક્ષણ કરતી, સેવાભક્તિ એ મહાતંત્ર. ॥ ૧૮૫ ॥

ગાયકવાડી રાજ્યમાં પૂર્વે, ગણાતું અન્યાયી અંધેર;
ગાયકવાડી રીતિ જ્યાં ત્યાં, પ્રસિદ્ધ નોકરશાહી લ્હેર. ॥ ૧૮૬ ॥

ગાર્ગી પેઠે સ્ત્રીઓ વિદુષી, પૂર્વે ઘણી હતી જગ જાણ;
ગર્વિણી જ્યાં સ્ત્રીઓ ઘણી ત્યાં, નારી રાજ્ય વિલાસને માન. ॥૧૮૭॥

ગાર્ડની પેઠે ગૃહાવાસની,–ગાડીની કરજે સંભાળ;
ગૃહસ્થતા છે અર્થને કામે, ભોગે દાને જાતે નિહાળ!!!. ॥ ૧૮૮ ॥

ગાવું બજાવવું તસ્કરવિદ્યા, એ છે સઘળા બુદ્ધિ ઉકેલ;
ગાયકને ગાંડાઓ ડાંમે, જ્ઞાનવિના દુનિયા બગડેલ. ॥ ૧૮૯ ॥

ગાંગો ઘાંચી રાજાભોજની,–કથાનો સુણશો સહુ ઇતિહાસ;
ગિરિવર સમ દુઃખોમાં ધીરા,–બનશો રાખી પ્રભુ વિશ્વાસ. ॥ ૧૯૦ ॥

ગીતા–ભગવદ્ગીતા નામે, વૈદિક હિંદુઓમાં પ્રસિદ્ધ;
ગીતા મહાવીરગીતા નામે, જૈનોમાં છે જાણો સિદ્ધ. ॥ ૧૯૧ ॥

ગીની દેખી કન્યા વેચે, તેના સરખો કોઇ ન નીચ;
ગમગીનીને દૂર નિવારો!!!, સમજો નિજ આતમ શું ચીજ.॥૧૯૨॥

ગુજરાતી ભાષાની પ્રગતિ, ગુજરાતી સાહિત્યે થાય;
ગુજરાતી ભાષા બહુ મીઠી, કોમળ સંસ્કૃત પુત્રી સોહાય. ॥ ૧૯૩॥

ગુજાર! જીવન કરી ગુજરાનને, ન્યાય નીતિથી કર !!! ગુજરાન;
ગુજરી જવાની પહેલાં આતમ!!, કરી લે સેવા ભક્તિ જ્ઞાન. ॥૧૯૪॥

ગુજારો કર ! તું ગમે તે રીતે, ચોરી જારીવણ કરીને કર્મ;
ગુજારો સ્વાશ્રયી થઇને કરો તું, ગુજર!!! સારૂં જીવન ધર્મ. ॥૧૯૫॥

ગુડાકેશની પેઠે નિદ્રા,–જીતી રહેશો જગ હુશિયાર;
ગુણકે ગુણદે કર!!! ગુણવૃદ્ધિ, ગુણીપણાનું જીવન ધાર !!!. ॥૧૯૬॥

ગુણકારકના ગુણને ગાજે, ગુણકારકપર કર !!! ઉપકાર;
ગુણાનુરાગી જીવો થોડા, ગુણગ્રાહક નરને નાર. ॥ ૧૯૭ ॥

ગુણનો બદલો વાળી જીવો !!!, ગુણ કરશો થઇને નિષ્કામ;
ગુણકારી ન ભૂલવું સઘળું, ગુણની આગળ ધૂળ છે દામ. ॥ ૧૯૮ ॥

ગુણ[illegible] [illegible] ને [illegible], [illegible] !!! તેને નર ને નાર;
ગુણ[illegible] [illegible] ગુણ છે સુખ શાંતિ આધાર. ॥૧૯૯॥

ગુણને [illegible] [illegible] [illegible], ગુણીજન સારાં નરને નાર;
ગુ[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] !!! ॥ ૨૦૦ ॥

ગુનેગારને મળે જો શિક્ષા, તો તેથી સૌ પાળે નીતિ;
ગુનેગાર ચોરો અપરાધી, દંડ્ય છે એવી નીતિ રીતિ. ॥ ૨૦૧ ॥
ગુરૂમંત્ર લેઇ ગુરૂ કરીને, ચાલે તે સગુરા નરનાર;
ગેબી અવાજ જે પરામાં પ્રગટ્યા, પ્રભુ આતમ પયગામ તે સાર.॥૨૦૨॥
ગોખલિયા ખરૂં તત્ત્વ ન જાણે, ગોખણપટ્ટીમાં કંઈ સાર;
ગોખાવવું સ્વોલતિકર સાચું, ગોચરીથી જીવે અનગાર. ॥ ૨૦૩ ॥
ગોઠડી, જ્ઞાનીઓની સુખકર, અજ્ઞાનીની દુઃખ કરનાર;
ગોશું ખા !!! નહીં દુર્ગંધી થઈને, ગોધનને ધારો નરનાર. ॥૨૦૪॥
ગોબરૂ મન તન વચન ન ધોલે, ગોબરૂં ધોલે નહીં ઘરબાર;
ગોમૂત્રે ગોબરથી ઘરને, લીંપ્યાથી તે પવિત્ર ધાર !. ॥ ૨૦૫ ॥
ગ્રામને કાંટા સમ નરનારી, ગ્રામ નગર કંટક તે જાણ!!!;
ગ્રામણી સારા જ્ઞાની જ્યાં છે, ત્યાં સુખ સંપતનાં છે લ્હાણ. ॥૨૦૬॥
ગ્રેટબ્રીટનના ગુણ કર્મો જે, સારા તે ગ્રહશો નરનાર;
ગતિમય સક્રિય જીવનવાળા, થાતાં સુખ શાંતિ નિર્ધાર. ॥ ૨૦૭ ॥
ગરીબ ભેરૂ સૌની ભાભી, ગરીબ છે સઘળાનો દાસ;
ગરીબોએ બાહ્યાંતર શક્તિ,-મેળવવી યુક્તિથી ખાસ. ॥ ૨૦૮ ॥
ગરીબોની સેવા કરવામાં, પ્રગટે છે આતમ પ્રભુતાઇ;
ગરીબી વ્હાલી, પ્રભુભક્તિની, મારા મનમાં એહ સુહાઈ. ॥૨૦૯॥
ગર્વ કરૂં નહીં દેહાદિકનો, શોક કરૂં નહીં પુદ્‌ગલમાંહ્ય;
ગરીબને પ્રભુ હું નહીં એવો, આતમ હું છું સ્વભાવમાંહ્ય. ॥૨૧૦॥
ગુણપર્યાયમયી હું આતમ, અલખ અગોચર બ્રહ્મસ્વરૂપ;
ગુણ પ્રગટાવવા યત્ન કરૂં છું, ભજું છું ત્રયભુવનનો ભૂપ. ॥૨૧૧॥
ગુણો ન સઘળા મુજમાં પ્રગટ્યા, ગુણ પ્રગટાવવા ધારૂં ધર્મ;
ગુણપર્યાયની શુદ્ધિ કરવા, યત્ન કરૂં તેમ હણવા કર્મ. ॥ ૨૧૨ ॥
ગુણાનુરાગે જે જે અંશે, જ્યાં જ્યાં ગુણ ત્યાં ધરૂં પ્રમોદ;
ગુણીના ગુણ ગાઉં ગુણરાગે, સર્વજીવોપર ધારૂં મોદ ॥ ૨૧૩ ॥
ગુણ ઉપકારો મુજપર કીધા, જેઓએ તેઓને પ્રણામ;
ગુણકારકનું ભલું ચહું છું, અનેક ઉપકારીનાં નામ. ॥ ૨૧૪ ॥

ગુણજ્ઞ થઈને ગુણ ગ્રહું છું, અવગુણ કોનો ગ્રહું ન લેશ;
ગુણોને દોષો બે છે સાથે, ગુણગ્રાહક ગુણ ધરૂં હમેશ. ॥ ૨૧૫ ॥
ગબ્બર જબ્બર કોઈ ન જગમાં, સદાકાલ રહેતા નિર્ધાર;
ગણુ !!! નિજમાંના ગુણ દોષોને, કષાયનો કર !!! ઝટ સંહાર. ॥૨૧૬॥
ગણ્યો ભણ્યો નહીં હજી હું પૂરૂં, પ્રગટ કર્યું નહીં કેવલજ્ઞાન;
ગરીબાઈ રહી ગુણવણ મુજમાં, પણ મુજ દિલમાં છે ભગવાન્. ॥૨૧૭॥
ગુણીઓની જે નિંદા કીધી, નિંદુ કરૂં છું પશ્ચાત્તાપ;
ગુરૂઓના સહુ ગુણ સંભારૂં, નિંદું ગર્હું સઘળાં પાપ. ॥ ૨૧૮ ॥
ગંભીરતા આદિ સહુ સદ્‌ગુણ, પ્રગટાવવાને કરૂં પુરૂષાર્થ;
ગુણોની પ્રાપ્તિ માટે ધર્મના,-સાધનનો સઘળો પરમાર્થ. ॥૨૧૯॥
ગ્રહવા ગુણોને દુર્ગુણ તજવા,-પ્રયત્ન કરૂં છું ને જ કરીશ;
ગુરૂપ્રતાપે પ્રભુ કૃપાએ, ટાળીશ દ્વેષો રાગને રીસ. ॥ ૨૨૦ ॥

ઘ

ઘઘ્ઘા ઘોર કર્મને વારો, રૂષિ, બાલક સ્ત્રી કરો ન ઘાત;
ગર્ભની હત્યા કરો ન ક્યારે, ઘારીસમ કરો મીઠી વાત. ॥ ૧ ॥
રાગને રોષથી સર્વજીવોનો,-ઘાત કર્યે નહી મળશે દેવ;
ઘઘ્ઘા ભણ્યો ત્યારે કહેવાશે, ઘટાટોપ તજો મિથ્યા ટેવ. ॥ ૨ ॥
ઘટઘટ વ્યાપક આતમ ઈશ્વર, અનંતજીવો બ્રહ્મ કથાય;
ઘૂણાક્ષર ન્યાયે માનવભવ, મળ્યો હવે ધર !!! મુક્તિ ઉપાય. ॥૩॥
ઘોડા ગાડી ઘર આદિ સહુ, તારાં અંતે તે ન થનાર;
ઘાણી વૃષભની પેઠે ચાલી, જરા નહી દૂરે જાનાર. ॥ ૪ ॥
ઘોરોમાંહી અસંખ્ય ઘલાણા, ધૂળની કાયા ધૂળજ થાય;
ઘડપણમાં પણ ગુણી થઈ આતમા!, પ્રભુને ભજ ક્યાં ગોથાં ખાય. ॥૫॥
ઘોરને પૂજે મર્યા પછી જે, જીવંતાં તો દે નહીં માન;
ઘોરપૂજકો ગુણગ્રહણવણ, જગમાં જીવંતાં નાદાન. ॥ ૬ ॥
ઘોરકર્મ કરનારા જેઓ, જીવંતા તે નરક સમાન;
ઘોરકર્મીનો સંગ ન કરવો, વિરાગકારક ઘોર મશાણ. ॥ ૭ ॥

ઘેબર ધારી દુગ્ધને પૂરી, મળતી સત્કર્મે તે જાણ!!!;
ગાડી વાડી લાડી શાતા, પૂર્વે કરેલાં પુણ્યપ્રમાણ. ॥ ૮ ॥
ઘટાટોપથી વળે ન કિંચિત્, ઘટાટોપ આડંબર ત્યાગ!!!;
ધનવત્ ગાજે શું તું મિથ્યા, ગાફલ!! જ્ઞાને ઘટમાં જાગ!!!. ॥૯॥
ઘડી ઘડી આતમ ઉપયોગે, પ્રભુનો ધરજે દિલમાં રાગ;
ઘોરપરિષહ પ્રગટે લ્હોયે, પ્રભુસ્મરીને ઘટમાં જાગ!!!. ॥ ૧૦ ॥
ઘહેલા તેઓ વિશ્વમાં સાચા, જ્ઞાનભક્તિ ને ભૂલ્યા ધર્મ;
ઘડપણમાં પણ પ્રભુ ભજે નહીં, ત્યજે ન મરતાં પાપનાં કર્મ.॥૧૧॥
ઘહેલો થા!!! ના આતમ! મારા, ગુરૂજ્ઞાનથી પ્રભુ પ્રગટાવ!!!;
ઘેંની થા!!! તું બ્રહ્મરસે ઘટ, જ્ઞાનને ધર્મે લોક જગાવ!!!. ॥૧૨॥
ઘરેણાં, આતમ ગુણો ગણીને, બાહ્યઘરેણાં મોહ નિવાર!!!;
ઘેરો ઘાલી મોહને ઘેરો, દુનિયાને નહીં કરો ખુવાર. ॥ ૧૩ ॥
ઘરબારી થઇ ત્યાગી સંતને, ગુરૂ અતિથિ સેવા ધાર!!!;
ઘરબારી પરમાર્થે સ્વાર્પણ,-કરવામાં રહેતો તૈયાર. ॥ ૧૪ ॥
ઘટને ઘટરૂપે થાવામાં, મુશ્કેલીઓ નડે અનેક;
ઘડાઓ ઘટની પેઠે આતમ!!, તેથી સ્વતંત્રતા સુખ ટેક. ॥ ૧૫ ॥
ઘોડા જેવું મનને કરીને, મનઘોડાપર થાશો સ્વાર;
ઘોડો પાડી ના દે માટે, ક્ષણે ક્ષણે રહેશો હુશિયાર. ॥ ૧૬ ॥
ઘુરકા ઘુરકી શ્વાનની પેઠે, કરશો નહીં ઇર્ષ્યાએ કોય;
ઘસાય મરતા અનંતજીવો, ઇર્ષ્યાથી નક્કી એ જોય. ॥ ૧૭ ॥
ઘાયલને તો ઘાયલ જાણે, દુઃખીનો છે દુઃખી જાણ;
ઘાયલની સેવા કરવાથી, પુણ્યબંધ છે સત્ય પ્રમાણ. ॥ ૧૮ ॥
ઘાત કરો નહીં ક્રોધે સ્વાર્થે, ઘાતકની અંતે છે ઘાત;
ઘવાયા જે સદ્ગુરૂના જ્ઞાને, કરે પ્રભુનો તે સાક્ષાત્. ॥ ૧૯ ॥
ઘાંચીની ઘાણીના વૃષભો, મન જાણે ચાલ્યો ગાઉ વીશ;
ઘાંચી ઘાણી વૃષભની પેઠે, ભ્રાંતિમાં ક્યારે ન રહીશ. ॥ ૨૦ ॥
ઘેર ઘેર રોટી આશાએ, શ્વાન ભમે છે એવો ધાર!!!;
ઘેર ઘેર વ્યભિચારી કામુક, કૂતરપેઠે ખાતો માર. ॥ ૨૧ ॥

ઘેટા જેવા ગરીબ થાવું, ક્ષેત્ર કાલ અનુસારે ભવ્ય!
ઘેટામાંથી પણ ગુણ લેવા, ઉપયોગે સર્વે કર્તવ્ય. ॥ ૨૨ ॥
ઘર ઘર ગામો ગામને શહેરે, ઓળખાણો કર!!! ધરી ઉપયોગ;
ઘસાઇ જાતાં પરમાર્થે તું, પામીશ પરભવ ઉત્તમભોગ. ॥ ૨૩ ॥
ઘંટીમાં દાણા પીલાતા, જાણીને વૈરાગ્યે ચાલ !!!;
ઘંટી કાળની ચાલે વસમી, શીલુડા સરખા ધર્મને ઝાલ. ॥ ૨૪ ॥
ઘોરપરિષહ ઉપજે તોપણ, સત્યમુક્તિના પન્થે ચાલ!!!;
ઘણાઓ પાછળથી અનુસરશે, દુઃખ પડે હિંમત નહિં હાર!!!. ॥૨૫॥
ઘૃત છે ગાયને ભેંસનું બળપ્રદ, ગૌ આદિની જગને જરૂર;
ઘૃત છે વિષ્ણુદૈવત સાચું, ઘી વણ ભોજનમાં નહીં નૂર. ॥ ૨૬ ॥
ઘેંશ છે છાશની શરીર સુખકર, ગરીબને ઘેર ઘેંસને છાશ;
ઘેંસથી શરીરનું આરોગ્ય જ, ઘેંશથી જીવન શાંતિ વિલાસ. ॥૨૭॥
ઘોંચ પરૂણો કોને ન ક્યારે, વિના પ્રયોજન ઘોંચ ન ભવ્ય !!;
ઘોષ કરો સાચાનો જ્યાં ત્યાં, ઉત્સાહે કરશો કર્તવ્ય. ॥ ૨૮ ॥
ઘમંડ રાખો !!! નહીં શકિતનો, તુજથી અન્યો ઘણા મહાન;
ઘમંડ શો ? ગાગરનો જાણો!!!, સાગર આગળ દિલમાં આણ. ॥૨૯॥
ઘડીઘડી ઘડિયાલો વાગી, સમજાવે છે આતમ ચેત !;
ઘડી કરતાં પણ પાઘડી તુજને, સમજાવે છે કરી સંકેત. ॥ ૩૦ ॥
ઘોર ન કર!!! તું પેટની અંદર, નર પશુ પંખીનું પી રક્ત;
ઘાલઘુસણિયો સ્વાર્થે થા નહીં, થા!!! નહીં વ્યભિચાર આસક્ત. ॥૩૧॥
ઘંટાકર્ણ મહાવીર મોટા, બાવનવીરોમાંહી ગણાય;
ઘંટાકર્ણની અસ... ...ીરમંત્રે, સર્પવિષ જ્વર ભૂત પલાય. ॥ ૩૨ ॥
... મોહવૃત્તિનું,–તેને જ્ઞાને કાપી નાખ !!!;
ઘોર છે જંગલ ... ...ણ સન્તની,–સંગે થાતા દિલમાં પાક. ॥ ૩૩ ॥
ઘોરકર્મી લોકો ... ...શીઓ છે, અનુભવી બહુ ઘરની માંહ્ય;
ઘરડા ઘરડી ... ઘરડાં, વસતાં અનુભવી સુખ છાંય. ॥ ૩૪ ॥
ઘર તે સારૂં જ્ઞાની ... તે ઘર દુઃખી થાય;
ઘરડાંને ગાંડાં કહે ... ...હે, તે ઘર લક્ષ્મી ભરાય. ॥ ૩૫ ॥
ઘરડાંના અ...

ઘરડાં ઘાડાં વાળતાં, માત પિતા ગુરૂ વૃદ્ધ;
ઘરડાંની સેવા કરો, થાશો તેથી સમૃદ્ધ. ॥ ૩૬ ॥
ઘરાક, સાચવ ધરી પ્રામાણ્યને, ઘરાકનું કર!!! સારૂં શવ્ય!;
ઘરાકી વૃત્તિમાં જો નીતિ, પ્રગટે થાશે સત્કર્તવ્ય. ॥ ૩૭ ॥
ઘેટાં જેવા નમ્ર બનો દિલ, બનો શૌર્યથી સિંહસમાન;
ઘાંટા પાડ્યે વળે ન કાંઈ, કાર્ય કરંતાં થશો મહાન. ॥ ૩૮ ॥
ઘોડાપર તો વાનર બેસે, ઘોડેસ્વારો થતાં શું થાય;
ઘોડા જેવા પ્રભુના બંદા, થાતાં સઘળાં દુઃખો જાય. ॥ ૩૯ ॥
ઘડાઓ ગુરૂની સેવાથી શુભ, ગુરૂસેવા વણુ સત્ય ન જ્ઞાન;
ઘડાઓ દુઃખ ને શિક્ષાઓથી, ઘડાઓ ત્યારે થશો મહાન્. ॥૪૦॥
ઘડાયલા જે ઘણા અનુભવે, તેની લેજે સત્ય સલાહ;
ઘડાયલાની સંગે રહેતાં, ટળે સ્વચ્છંદી દુર્ગુણ દાહ. ॥ ૪૧ ॥
ઘાટ ઘડાયા દેહાદિકના, સે સહુ પુદ્ગલના પર્યાય;
ઘાટ સહુ પુદ્ગલના વિણસે, અઘાટ આતમ નિત્ય સુહાય. ॥ ૪૨ ॥
ઘાંચી ઘાણી વૃષભની પેઠે, અન્ધા થઈ શું ફરતા ફેર;
ઘાટ ઘડો શું મોહે નવનવ, આતમ ! સમજો તો સુખ લ્હેર. ॥૪૩॥
ઘંટ વગાડી આતમ !! કહું છું, ધર !! સદ્ગુણ કર !! સારાં કૃત્ય;
ઘંટ વાગીને સત્ય જણાવે, પાપો કર!!! નહીં છંડ અસત્ય. ॥૪૪॥
ઘોર વિપત્તિ આવી પડે પણ, સત્યથકી પલભાર ન ચૂક !!;
ઘણાઓ તુજને પછી અનુસરશે, મરતાં મૃત્યુ મોહને મૂક !!. ॥૪૫॥
ઘા કરજે નહીં વિના વિચારે, નિજરક્ષાર્થે યોગ્ય છે ઘાવ;
ઘા કરતાં પહેલાં ગમ ખાજે, ઘાથી ઘાનો વળે ન દાવ. ॥ ૪૬ ॥
ઘાને ખાવો ઘાને દેવો, ગૃહસ્થલોકોની છે નીતિ;
ઘા ખાઈને ગુણ કરવો શુભ, ત્યાગી સંતોની છે રીતિ. ॥ ૪૭ ॥
ઘરેણાં પહેરે ગુણ નહીં આવે, વધે નહીં કિંમત મોટાઈ;
ઘરેણાં સ્થાવર મિલ્કત અર્થે, પ્રસંગે વ્યાપારે હિતદાઇ. ॥ ૪૮ ॥
ઘેંશને છાશે આરોગ્ય જ છે, છાશની ઘેંસથી જીવે લોક;
ઘેંશ સરીખો નમ્ર તું બનજે, જ્ઞાન ધ્યાનમાં મનને રોક !!. ॥૪૯॥

ઘેરો ઘાલી મોહ શત્રુપર, ચાર બાજુથી મોહને ઘેર !!!;
ઘેંન ન મોહનું આવવા દેજે, આત્મપ્રભુની પ્રગટે મ્હેર. ॥ ૫૦ ॥
ઘાલઘુસણિયો થા !! નહિ જ્યાં ત્યાં, જ્યાં ત્યાં મુખ મનડું નહીં ઘાલ !!
ઘારી જેવો મીઠો થઇને, મુક્તિપન્થમાં વેગે ચાલ !!. ॥ ૫૧ ॥

ઘડપણમાં એક પુત્રનું મૃત્યુ, બાલકની માતાનો નાશ;
ઘાતથી પતિનું મરણ જુવાન જે, પત્ની દુઃખ પામે બહુ ખાસ. ॥ ૫૨ ॥
ઘ્રાણેન્દ્રિય, ઘોડાની તીક્ષ્ણ, ગૃધ્રતણી ચક્ષુ બળવાન;
ઘાતકની હિંસાવૃત્તિને, જૈનમુનિમાં દયા પ્રધાન. ॥ ૫૩ ॥
ઘર તે સ્વર્ગ સમું જ્યાં નીતિ, રમતાં આગણે હર્ષે બાળ;
ઘરડાં ગુરુની સેવા ભકિત, દયા દાન જ્યાં ધર્મે ખ્યાલ. ॥ ૫૪ ॥
ઘર તે સ્વર્ગસમું જ્યાં ઘરમાં, સર્વે હળીમળી સંપી ખાય;
ઘૃણા નહીં જ્યાં લેશ પરસ્પર, એક બીજામાટે અર્પાય. ॥ ૫૫ ॥
ઘર તે નરક સમું જ્યાં કલેશને, નિંદા કુસંપને અન્યાય;
ઘરડાંઓની થાય ન સેવા, સ્વાર્થે છાની ગાંઠ કરાય. ॥ ૫૬ ॥

ઘર તે નરકસમું જ્યાં ઘરણી, બાલક હાથથી પાડે બૂમ;
ઘરમાં દુર્ગુણ વ્યસને કજીયા, અજ્ઞાન, સાચો બોધ જ્યાં ગુમ. ॥ ૫૭ ॥
ઘર તે સ્મશાન સરખું જાણો !, અતિથિસેવા દયા ન દાન;
[illegible] સ્વાર્થે પાપ અનીતિ, ગુરુ વૃદ્ધનું નહીં સન્માન. ॥ ૫૮ ॥
ઘરનું કરવું ઘરનું વરવું, નિત્ય જે આતમઘર સંભાળ !!;
[illegible] કજીયાને [illegible], [illegible] નિર્મલ નિર્ધાર. ॥ ૫૯ ॥
[illegible], [illegible] ચિંતા જ્યાંથી, દેહાદિકનું થાતું [illegible] !!!;
[illegible] સ્વાર્થે [illegible] ॥ ૬૦ ॥
[illegible] નહીં [illegible] !!;
[illegible] ॥ ૬૧ ॥
[illegible] !!!;
[illegible] ॥ ૬૨ ॥
[illegible]
[illegible] ॥ ૬૩ ॥

ઘેલાની સંગે નહિં રહેવું, ઘેલાને નહીં જ્ઞાન લગાર;
ઘેલા, જ્ઞાન વિનાના લોકો, દેશ કોમ પડતી કરનાર. ॥ ૬૪ ॥

ઘોડાની કિંમત છે આગી, ઘોડા ગુણકારી પશુ જાણ !!!;
ઘોડા, પુરૂષ જે સાઠા ત્રણ છે, તેમાંહી તે ગણાય માન. ॥ ૬૫ ॥

ઘોંઘાટો કર !!! નહીં નકામા, ઘોંઘાટોથી વિણસે કાજ;
ઘોંઘાટો જ્યાં કરવા ઘટે ત્યાં,–કરવા સમજી રહે જ લાજ. ॥ ૬૬ ॥

ઘાંટા અસભ્યરીતે પાડે, અસભ્યરીતે બોલે બોલ;
ઘાટ ન તેનો સારો શોભે, અઘાટ આતમ દ્વારને ખોલ !!!. ॥૬૭॥

ઘાટ ઘટે શું નવનવ ઘટમાં, ઘડી પછી અણધાર્યું થાય;
ઘડી પછીની ખબર પડે નહી, સમજી પ્રભુને સંતો ધ્યાય. ॥ ૬૮ ॥

ઘડીઘડીનાં ઘડિયાલાં વાગે, ચેતાવે વાગીને તેહ;
ઘટ ઘરબારો મૂકી જાવું, ચેતો લોકો રહે ન દેહ. ॥ ૬૯ ॥

ઘોરોપસર્ગો આવે પૂર્વના,–કર્મોદયથી ભોગવ !! એહ;
ઘોર બનીને, કર્મની સામો, લડ !! સમભાવે બની વિદેહ. ॥ ૭૦ ॥

ઘોર તપસ્વી બ્રહ્મચારી થા !! ઘોરની સામો થા !!! તું ઘોર;
ઘેન તું આત્મસમાધિયોગે, પામી થાજે ચિન અઘોર. ॥ ૭૧ ॥

ઘનવત્ ગાજી વરસો આતમ !, જીવોના સહુ તાપ શમાવ!!!;
ઘોર છે આતમ અતિદયાળુ, સાપેક્ષાએ મનમાં લાવ. ॥ ૭૨ ॥

ઘરડું બાળક બન્ને સરખા, બેને પતાવી કરજી સેવ;
ઘડપણ બાલપણ પ્રથમ અંતની, સામ્યદશામાં સેવો દેવ. ॥ ૭૩ ॥

ઘરના આંગણે આવેલાનો, યથાયોગ્ય કરવો સત્કાર;
ઘરમાં રહેવું નિરાસક્તિથી, ગૃહસ્થધર્મનો ધરો અધિકાર. ॥૭૪॥

ઘરને કરવાં ગામોગામે, શહેરો શહેરે સ્નેહી ધાર !!;
ઘરનાં છિદ્ર રહસ્યને પરની,–આગળ કહેવાં નહીં લગાર. ॥ ૭૫ ॥

ઘરની વાતો યોગ્યની આગળ, કહેવી આત્મસમો જે હોય;
ઘોર ન ખોદો વિના વિચારે, પોતપોતાની મેળે કોય. ॥ ૭૬ ॥

મારી લાગી મોહને વેર!!!
હેરા થાકી મેઠ ગ્રહુપર, ગ્યાર લાગુ ગયી મોહને જોર. ॥ [illegible]
સંત ન મોકવું ઝાલવા કેને, આત્મપ્રભુની પ્રગટે જોર. [illegible]
[illegible] ક્યાં ત્યાં, ક્યાં ત્યાં પ્રભુ ગમતું [illegible] ॥ [illegible]
[illegible] સુજિત-ગામાં નેગે લાલ !!
[illegible] માતાનો [illegible]
[illegible]

[illegible]

ચતુરાઈ ચૂલે તુજ પડશે, ચેત ! નહીં તો જાણજે જીવ;
ચાર ઘડીનું ચાંદરણું છે, થા ! નહિ મોહવશે તું કલીબ. ॥ ૧૨ ॥

ચાર સંજીવિની ઔષધી સરખી, ધર્મ ક્રિયાને ચેતન ! ! ધાર;
ચેતન ચેતો ખટપટ મૂકી, માનવ ભવ ફોગટ નહિં હાર. ॥ ૧૩ ॥

ચાકરી કરતાં ભાખરી મળતી, ચાકરના ગુણ સાચા જાણ ! ! !;
ચાકરી કીધી સાધુ સંતની, નિષ્ફળ જાય ના નિશ્ચય માન. ॥ ૧૪ ॥

ચાકર થાતો તે પ્રભુ થાતો; સાચી ચાકરી કરતો જેહ;
ચાકરી કર ! ! ગુરૂદેવની ભાવે, તેથી થાઈશ ગુણગણગેહ. ॥ ૧૫ ॥

ચોઠું રાજ્યસભા પંડિતગણ, સંગે ચતુરાંઈની વૃદ્ધિ;
ચાર ચતુર જન સલાહ પૂછી, કાર્ય કરે તે પામે સિદ્ધિ. ॥ ૧૬ ॥

ચાહ જો તુજને સદ્‌ગુણ વરવા, ચા, પીવાની ઈચ્છા ત્યાગ ! ! !;
ચાહ જો સાત્ત્વિક ગુણ કર્મોની, 'ચાહ' વ્યસનથી દૂરે ભાગ. ॥૧૭॥

ચોરની મા કોઠીમાં મુખડું,-ઘાલી રૂવે જાણ ન થાય;
ચોરી જારી છાનાં પાપો, કરનારા છાનાં દુઃખ પાય. ॥ ૧૮ ॥

ચારે બાજુ ધર્મ વિચારો, મત સદ્‌ગુણથી મનને ઘેર;
ચિત્તને વશમાં કરીને આતમ !!, વર્તો પ્રગટે મુક્તિ લ્હેર. ॥ ૧૯ ॥

ચોપટ ખેલી કર્મને જીતી, કરી વિજય ઝટ પામો મુક્તિ;
ચોકીદારો મ્હારા સદ્‌ગુણ, પ્રગટાવો એ ધર્મની યુક્તિ. ॥ ૨૦ ॥

ચણોઠી કનકથકી તોલાતી, હલકી પડી કર્યું કાળુ મુખ;
ચતુર જનની અનંત કિંમત, મૂઢને તેથી છે મન દુઃખ. ॥ ૨૧ ॥

ચાલો આતમ !! પ્રભુને મળવા, ધારી ચોલ મજીઠસમ રંગ;
ચોપડા ચોપડીમાંથી ગુણ લે, પ્રભુના પ્રેમે આત્મ અભંગ. ॥૨૨॥

ચોકાશી કરી તજી પ્રમાદો, ચિત્તમાં પરમેશ્વરને ધાર !!!;
ચઢ !! ઝટ મુક્તિ નિઃસરણીપર, ચૂક ન કરજે ચિત્ત લગાર. ॥૨૩॥

ચોટામાં મિસરી વેરાણી, લઘુ કીડીઓ ખાંતે ખાય;
ચતુર મોટો હાથી ન ખાવે, લઘુતા વિનયે સર્વ પમાય. ॥ ૨૪ ॥

ચાવડા વનરાજે ગુજરાતમાં, શીલગુણી સહાયથી થાપ્યું રાજ્ય;
ચાવડા વંશ તેનાથી જાહેર, ચાંપે થાપ્યું નિજ સામ્રાજ્ય. ॥ ૨૫ ॥

(ङ)

ઙકુઃ! ઉંઘને દુર્વ્યસનોથી, રહેશો દૂર શિવસુખ કાજ;
દોષ ભૂલ પોતાની દેખો !!!, ટાળો !!! તેથી શિવસુખ રા
ઙકુઃ! ભણ્યા ત્યારે કહેવાશો, ધારો સત્યાચાર વિચાર;
અનંત આતમશક્તિયોને, પ્રગટાવો પ્રેમે નિર્ધાર.

(च)

ચચ્ચા ચતુરાઇથી વર્તો !!, ચારે વિકથા દૂર નિવાર;
દાન શીયલ તપ ભાવનાં, ચારે ધર્મને ધારણ કર !! ઝટવાર. ॥
ચચ્ચો ભણ્યો ત્યારે કહેવાશે, ચારિત્રી થાશો નિર્ધાર;
ચર્ચા ખોટી તજી વિવાદો, ચોરી તજી પાળો !!! આચાર. ॥
ચિંતા ચીતા સરીખી બાળે, મન તન શક્તિ ટાલણહાર;
ચાડી ચુગલી કરતાં દોષી, બનતાં સમજો નરને નાર. ।
ચોવીશ તીર્થંકર જિનવરની,–સ્તુતિ કરવી આવશ્યકકર્મ;
ચોવીશ તીર્થંકર ભક્તિથી, આતમમાં પ્રગટે છે શર્મ. ।
ચંડાલો પણ સાત્ત્વિકગુણને, સાત્ત્વિક કર્મે બ્રાહ્મણ જોય;
ચંડાળોના ગુણકર્મોથી, બ્રાહ્મણ પણ ચંડાળ જ હોય. ।
ચક્રવર્તી ઇન્દ્રો સરખા પણ, દુર્ગુણ દુષ્કર્મે દુઃખપાત્ર;
ચતુર વિવેકી સદ્ગુણી સુખિયા, નગ્ન યદિ કર માટી પાત્ર.
ચીનની ચડતી જ્ઞાનોદ્યમથી, સદ્ગુણ સંપે થાવે બેશ;
ચતુરાઇ ચારિત્રથી ચડતી, દુર્ગુણથી પડતી જ્યાં ક્લેશ.
ચંડરૂદ્ર આચાર્યના શિષ્યે, ક્ષમા અને ધાર્યો સમભાવ;
ચિત્તને જોડયું આતમમાંહી, કેવળજ્ઞાની થયા સ્વભાવ.
ચારિત્રી જે નરને નારી, તેના ચરણે નામું શીર્ષ;
ચક્રી ઇન્દ્રથકી પણ મોટો, ચારિત્રી જ્યાં રાગ ન રીસ.
ચોરી કરે તે ચોર છે જગમાં, ચોરો સર્વે કરતા પાપ;
ચોરીથી મહાદુઃખો પ્રગટે, વધે ચિત્ત ચંચળતા તાપ.
ચેત !! તું મૃત્યુ પૂર્વે આતમ, પછીથી થાય ન પશ્ચાત્તા
ચેતીને મન ધર્મને ધારો, ચિત્તમાં રાખો ત્રિભુવનબાપ.

ચતુરાઈ ચૂકે તુજ પડશે, ચેત ! નહીં તો જાણુજે જીવ;
ચાર ઘડીનું ચાંદરણું છે, થા ! નહિ મોહવશે તું કલીબ. ॥ ૧૨ ॥

ચાર સંજીવિની ઓષધી સરખી, ધર્મ ક્રિયાને ચેતન !! ધાર;
ચેતન ચેતો ઇટપટ મૂકી, માનવ ભવ ફોગટ નહિં હાર. ॥ ૧૩ ॥

ચાકરી કરતાં ભાખરી મળતી, ચાકરના ગુણુ સાચા જાણુ !!!;
ચાકરી કીધી સાધુ સંતની, નિષ્ફળ જાય ના નિશ્ચય માન. ॥ ૧૪ ॥

ચાકર થાતો તે પ્રભુ થાતો; સાચી ચાકરી કરતો જેહ;
ચાકરી કર !! ગુરૂદેવની ભાવે, તેથી થાઇશ ગુણુગણુગેહ. ॥ ૧૫ ॥

ચોઠું રાજ્યસભા પંડિતગણુ, સંગે ચતુરાંઇની વૃદ્ધિ;
ચાર ચતુર જન સલાહ પૂછી, કાર્ય કરે તે પામે સિદ્ધિ. ॥ ૧૬ ॥

ચાહ જો તુજને સદ્‌ગુણુ વરવા, ચા, પીવાની ઇચ્છા ત્યાગ !!!;
ચાહ જો સાત્વિક ગુણુ કર્મોની, 'ચાહ' વ્યસનથી દૂરે ભાગ. ॥૧૭॥

ચોરની મા કોઠીમાં મુખડું,-ઘાલી રૂવે જાણુ ન થાય;
ચોરી જારી છાનાં પાપો, કરનારા છાનાં દુઃખ પાય. ॥ ૧૮ ॥

ચારે બાજુ ધર્મ વિચારો, વ્રત સદ્‌ગુણુથી મનને ઘેર;
ચિત્તને વશમાં કરીને આતમ !!, વર્તો પ્રગટે મુક્તિ લ્હેર. ॥ ૧૯ ॥

ચોપટ ખેલી કર્મને જીતી, કરી વિજય ઝટ પામો મુક્તિ;
ચોકીદારો ત્હારા સદ્‌ગુણુ, પ્રગટાવો એ ધર્મની યુક્તિ. ॥ ૨૦ ॥

ચણોઠી કનકથકી તોલાતી, હલકી પડી કર્યું કાળુ મુખ;
ચતુર જનની અનંત કિંમત, મૂઢને તેથી છે મન દુઃખ. ॥ ૨૧ ॥

ચાલો આતમ !! પ્રભુને મળવા, ધારી ચોલ મજીઠસમ રંગ;
ચોપડા ચોપડીમાથી ગુણુ લે, પ્રભુના પ્રેમે આતમ અભંગ. ॥૨૨॥

ચોકાશી કરી તજી પ્રમાદો, ચિત્તમાં પરમેશ્વરને ધાર !!!;
ચઢ !! ઝટ મુક્તિ નિઃસરણીપર, ચૂક ન કરજે ચિત્ત લગાર. ॥૨૩॥

ચોટામાં મિસરી વેરાણી, લઘુ કીડીએ ખાંતે ખાય;
ચતુર મોટો હાથી ન ખાવે, લઘુતા વિનયે સર્વ પમાય. ॥ ૨૪ ॥

ચાવડા વનરાજે ગુજરાતમાં, શીલગુણુસૂરિ સહાયથી થાપ્યું રાજ્ય.
ચાવડા વંશ તેનાથી જાહેર, ચાંપે થાપ્યું નિજ સામ્રાજ્ય. ॥ ૨૫ ॥

ચૂપ રહીને કર !! શુભ કાર્યો, સારાં થાતાં જગ જાહેર;
ચણ્યા મહેલ પડતાં તે અંતે, મનમોહે વર્તે અંધેર. ॥ ૨૬ ॥

ચડતી લક્ષણ, પુણ્યનાં કાર્યો, ન્યાય સંપ ઉદ્યોગ ઉમંગ;
ચઢતા ભાવને જ્ઞાનપ્રવૃત્તિ, ન્યાયીજીવન પ્રેમ અભંગ. ॥ ૨૭ ॥

ચડતી લક્ષણ, તે ગુણીસંગતિ, ભૂલ દોષનો પશ્ચાત્તાપ;
ચડતી લક્ષણ, સત્ય પ્રમાણિક,–પણું અને તજવાં સહુ પાપ. ॥૨૮॥

ચડતીમાં નિજ ભૂલ ટળાતી, પડતીમાં નહીં ભૂલ જણાય;
ચડતી થવાની હોય તો ભૂલને, દેખી તેને દૂર કરાય. ॥ ૨૯ ॥

ચક્ષુવડે દેખીને ચાલો !!!, ચક્ષુનો કર સદુપયોગ;
ચક્ષુમાં અગ્નિ નહીં ધારો, અતિદેખે ચક્ષુમાં રોગ. ॥ ૩૦ ॥

ચક્ષુ શકિત બળવાન્ છે તેની, જેની વીર્યની રક્ષા બેશ;
ચક્ષુનો ઉપયોગ નિયમસર, કરે તેને નહીં ચક્ષુકલેશ. ॥ ૩૧ ॥

ચક્ષુથી જે રાત્રે ન વાંચે, દેહવીર્યનો કરે ન નાશ;
ચક્ષુનો કુદ્રત્ રીતિએ, કરે ઉપયોગ તે અંધ ન ખાસ. ॥ ૩૨ ॥

ચોમાસાના ચાર માસમાં, જૈન ત્યાગી રહેતા એક ઠામ;
ચાતુર્માસી તપ સંયમમાં, ગાળે ભજે પ્રભુનું નામ. ॥ ૩૩ ॥

ચોરી થાતી કામને ક્રોધે, હાસ્ય ભયે સ્વાર્થે જગમાંહ્ય;
ચોરી તજતાં અનેક પાપો, તજાય છે ચોરી દુઃખછાંય. ॥ ૩૪ ॥

ચોરી કરતાં હિંસા જૂઠું,–આદિ અનેક પાપો થાય;
ચોર બને છે નિર્દય હિંસક, દુર્વ્યસની કરતો અન્યાય. ॥ ૩૫ ॥

ચોરનું ધન ચંડાલો ખાતા, ચોરનો નહીં જગમાં વિશ્વાસ;
ચોરનું મનડું ક્ષણક્ષણ પલટે, શાંતિનો નહીં તેને શ્વાસ. ॥ ૩૬ ॥

ચિંતામણિ સમ નરભવ પામ્યો, નરભવ મળે ન વારંવાર;
ચિંતામણિ કરતાં તે અનંતો,–મોટો મોહે ફોક ન હાર !!. ॥ ૩૭ ॥

ચીલેચીલે ચાલ્યા જાતા, સાધારણ અબ્જો નરનાર;
ચાલો મૂકી ગમે ત્યાં ચાલે, અસાધારણ કોઈક ધાર !!!. ॥ ૩૮ ॥

ચારે બાજુએથી મુજમાં, પ્રભુનો પ્રગટો !! સત્ય પ્રકાશ;
ચાહું એવું પલપલ પ્રેમે, પ્રભુમયજીવન તે સુખ ખાસ. ॥ ૩૯ ॥

ચંદ્રને સૂરજ બે ઉપયોગી, સૌના સ્થાને સર્વે મહાન;
ચોકીદારને રાજા બંસે, નિજકર્તવ્યે શ્રેષ્ઠ પ્રમાણ. ॥ ૪૦ ॥

ચોરી કરવી ચેતન વારો, ચોરીથી થાતાં બહુપાપ;
ચોરનો કોઈ ધણી નહીં જગમાં, ક્ષણક્ષણ ચોરના મન સંતાપ. ॥૪૧॥

ચોરી ત્યજતાં અનંતપાપો,-ત્યાગ્યાં એવો નિશ્ચય ધાર !!;
ચોરીથી હામીજ જન થાતો, પરભવમાં દુર્ગતિમેમાન. ॥ ૪૨ ॥

ચૂક ! ન ચેતન !!! અવસર પામી, ચતુરાઈથી કર જે કાજ,
ચૂક ન પડવા દે જે કિંચિત, માનવભવનું ખો નહીં રાજ્ય. ॥ ૪૩ ॥

ચિત્ત ચપલતા ત્યાગી ચેતન !! સર્વકાર્યમાં ધર ચતુરાઈ;
ચાહે તેને ચાહી લે તું, ગુણપ્રગટ્યાની દેખ નવાઇ. ॥ ૪૪ ॥

ચંડાલો જે ક્રૂરને નિર્દય,-જન, મારી નહીં ધોવે હાથ;
ચેતીને ચાલો તેઓથી, નહીં ચેતો તો થશો અનાથ. ॥ ૪૫ ॥

ચાણાકયનીતિ કલિયુગમાંહી, જાણી વર્તે જે નરનાર;
ચંડાલોથી બચે છે તેઓ, યુગપ્રમાણે નીતિ સાર. ॥ ૪૬ ॥

ચાર પ્રકારે નીતિ સમજો, ચારપ્રકારે સમજો ધર્મ;
ચારપ્રકારે વર્ણો સમજો, ચારપ્રકારે સમજો કર્મ. ॥ ૪૭ ॥

ચારપ્રકારે કષાય સમજો, ચારપ્રકારે કર્મનો બંધ;
ચારપ્રકારે ધ્યાનને સમજો, ચેતન! પ્રગટાવો નિર્બન્ધ. ॥ ૪૮ ॥

ચઉદ પ્રકારે વિદ્યા જાણો, ભજો તીર્થંકર ચોવીશ દેવ;
ચારપ્રકારે સંઘને જાણી, દ્રવ્યભાવથી કરશો સેવ. ॥૪૯॥

ચંડકૌશિયો નાગ ભયંકર, પ્રતિબોધ્યો મહાવીરે જાણ;
ચંડરૂદ્રના શિષ્યે સમતા,-ધારી પામ્યો કેવલજ્ઞાન. ॥ ૫૦ ॥

ચકોર ચાહે યથા ચંદ્રને, તથા પ્રભુને ચાહો ભવ્ય !!;
ચરિત્ર વાંચો સત્પુરૂષોનાં, બહાદૂરીનાં કર !! કર્તવ્ય. ॥ ૫૧ ॥

ચરિત્ર વાંચો તીર્થંકરનાં, સતા સતીનાં ગુણ કરનાર;
ચરિત્ર વાંચી નિજચારિત્રને, પ્રગટાવો આતમ ! નિર્ધાર. ॥ ૫૨ ॥

ચાલાકી કર ! નહીં ગુરૂ સાથે, માત પિતા વિશ્વાસી સાથ;
ચાલાકી જ્યાં ઘટે ત્યાં સારી, બાકી બાવળીયાથી બાથ. ॥ ૫૩ ॥

ચોલ મજીઠ સમ ધર્મ રંગ જો, લાગ્યો અંતરૂમાં શુભ સત્ય;
ચોરાશીલખ જીવયોનિનું,—ભ્રમણ કર્યાનું નાસે કૃત્ય. ॥ ૫૪ ॥

ચાળા અન્યના પાડ ન મૂરખ !!, ચાળા પાડે થાય અનર્થ;
ચણાવલાની ટેવ તજી દે, જેથી સરે નહીં સાચો અર્થ. ॥ ૫૫ ॥

ચાબૂકથી ઘોડાઓ વશમાં, અંકુશથી હસ્તિ વશ થાય;
ચતુરાઇથી મનુષ્ય વશમાં, વિનયે ગુરૂજન વશ થઇ જાય. ॥ ૫૬ ॥

ચાંદાં ખોળ ન કાગડો થઇને, ખોળે તો તું નિજનાં ખોળ !!!;
ચાંદાં નિજનાં સઘળાં ટાળી, બીજાને હિતશિક્ષા બોલ !. ॥ ૫૭ ॥

ચાવીચાવીને ધીમેધીમે, અન્ન ને ભોજન ખાવું જાણ !!!;
ચાવી ધીમેધીમે ખાતાં, ભોજન પચતું નિશ્ચય માન !. ॥ ૫૮ ॥

ચંચળ કર નહીં મન વચ કાયા, દુષ્ટકામ લોભે લલચાઇ;
ચળ નહીં ધર્મપ્રમાણિકતાથી, વિપત્તિ પડતાં મન ગભરાઇ. ॥૫૯॥

ચળ નહીં પરીષહો પ્રગટ્યાથી, ચળ નહીં ઉપસર્ગોથી લેશ;
ચળ નહીં વ્રત ગુણ નીતિ નિયમથી, અંતે તેથી ટળશે કલેશ. ॥૬૦॥

ચાલ !!! તું જોઈ જોઈ તપાસી, લાભ હાનિનો કરી વિચાર;
ચાલ તું જ્ઞાની સલાહ લેઇ, સત્યાસત્યનો કરી નિર્ધાર. ॥૬૧॥

ચાલ સુધારો !! આતમ ! નિજની, સર્વ કષાયો કરશો દૂર;
ચપલ ન બન ગંભીરતા ધર ! મને, ગંભીરતાથી સુખ ભરપૂર. ॥૬૨॥

ચોખ્ખાસમ નિજમનને ચોખું,—રાખ !!! કષાયો કાઢી દૂર;
ચાંદની સમ નિજ આતમ ઉજવલ,—કર !! ઝટ મોહથી લડીને શૂર. ॥૬૩॥

ચમાર તું છે ચામડી રૂપના,—મોહે ભોગે અન્તરૂ જાણ !!!;
ચમાર એવો જ્યાં સુધી તું, ત્યાં સુધી તું દુઃખી મહાન્. ॥૬૪॥

ચાતકને જેમ ચંદ્રથી પ્રીતિ, પ્રભુથી પ્રીતિ તેવી ધાર !!!;
ચાર અનુયોગજ્ઞાનને કરજે, રાગ દોષનો કર !!! પરિહાર. ॥૬૫॥

ચુંબન કરજે સંતચરણને, જેથી પ્રગટે સેવા ભક્તિ;
ચિત્ર હૃદયમાં ધરજે સંતનું, પ્રગટે આત્માનુભવ શકિત. ॥૬૬॥

ચીડ ધતી ઝટ તજી દે આતમ !!, ચીડાવવાનો સ્વભાવ ત્યાગ !!!;
ચીડથી ક્રોધાદિક પ્રગટે છે, રાગીઓનો નાસે રાગ. ॥૬૭॥

ચીન અફીણથી બન્યું પરાધીન, અફીણાદિક વ્યસનોને ત્યાગ !!;
ચીને દુર્ગુણથી કરી પડતી, ચીવટ રાખી અંતર જાગ !!!. ॥૬૮॥
ચીવટથી સહુ કાર્યો કરવાં, ચીવટથી પ્રગટે ચતુરાઈ;
ચીવટથી ભૂલો સહુ ટળતી, ચીવટથી ટળતી નબળાઇ. ॥૬૯॥
ચિહ્ન ઉદય ને અસ્તનાં જુદાં, અંતરમાં ઉત્સાહને શોક;
ચિહ્ન ઉદયનાં ઉમંગ સ્ફૂર્તિ, પડતીમાં અંતરમાં પોક. ॥૭૦॥
ચૂંટી ખણીને શિક્ષા આપે, માતપિતા ગુરૂ શિક્ષક જાણ !!;
ચીડાઈ જા ! ! ના તેના ઉપર, ચપટી પણ દે શિક્ષા દાન. ॥૭૧॥
ચેન પડે છે જ્ઞાની સંતને, પ્રભુના ગુણ ગાવામાં બેશ;
ચેન પડે છે મોહીઓને, વિષયોમાં પ્રગટાવે ક્લેશ. ॥૭૨॥
ચેન પડે જો આતમધ્યાનને, સમાધિમાં તો મુક્તિ થાય;
ચેન ત્યાં મનડું ઠરતું નક્કી, સદ્‌ગુણ ચેન ધરો ! ! હિત લાય.॥૭૩॥
ચેટકરાજા વ્રત ગુણધારી, મહાવીર પ્રભુના મામા બેશ;
ચેટકે યુદ્ધમાં નીતિ ધારી, ક્ષત્રિયટેકને ધરી હમેશ. ॥૭૪॥
ચોટે ચોટે કર ! ! નહીં દેવું, ફરી ન જાજે બોલી બોલ;
ચોટામાં ચતુરાઈ ન શીખ્યો,-તો માનવ છે ફૂટયો ઢોલ. ॥૭૫॥
ચઉદશીયો પંચાતી થાતાં, ન્યાયનીતિ પ્રામાણ્યને ધાર !!;
ચારગતિમાં ભ્રમવું ત્યાગો !!, તો પંચાતી છો સુખકાર. ॥૭૬॥
ચિંતા ચિતાથકી પણ મોટી, પળપળ લોહી વીર્યને ખાય;
ચિંતા મન તન શક્તિ હરતી, યુવાન પણ ઘરડો થઈ જાય. ॥૭૭॥
ચિંતા શોકથી નબળાઈ બહુ, રોગગ્રથિલતામૃત્યુ થાય;
ચિંતાથી ચતુરાઈ ટળતી, ચિંતાથી મનડું મુંઝાય. ॥ ૭૮ ॥
ચિંતાથકી બે ઘડીમાં બળવું, ચિંતાથી નિત્ય બળવું થાય;
ચિંતા ટળતી જ્ઞાને ધ્યાને, વૈરાગ્યે ચિંતા વિણસાય. ॥ ૭૯ ॥
ચિંતામણિથી અનંતગુણ જે, અધિક નરભવ પામ્યો બેશ;
ચિંતા શોકમાં ગાળ !! ન આતમ ! ટાળી દે સહુ કર્મના ક્લેશ. ॥૮૦॥
ચોરી જારીવણ બીજાં શુભ,-કાર્યો કરતાં લજ્જા ત્યાગ !!;
ચતુર વિવેકી આતમ !! ચેતો !!, ધરી લે ગુણીજનોપર રાગ. ॥૮૧॥

ચારિત્રે રહેવું નિજધર્મ છે, ચારિત્રીને કરૂં પ્રણામ;
ચારિત્રી સમ કોઈ ન મોટો, તદગ્રે તુચ્છ છે પદવી દામ. ॥ ૮૨ ।

ચારિત્ર જ તે મન વચ કાયથી, રાગ રોષને પાપનો ત્યાગ;
ચારિત્ર જ તે આત્મગુણોમાં, રમવું ચારિત્રે ધર !! રાગ. ॥ ૮૩ ।

ચારિત્ર જ તે સદાચારને, સદ્‌ગુણ ધરવા દુર્ગુણ ત્યાગ !!;
ચારિત્ર જ તે આત્મસ્વભાવમાં, સ્થિરતા ત્યાગ અને વૈરાગ્ય. ॥૮૪।

ચાર શરણ તે અરિહંત સિદ્ધને, સાધુ કેવલીભાષિતધર્મ;
ચાર શરણ કરી જૈનધર્મને,—પાળે નાસે આઠે કર્મ. ॥ ૮૫ ।

ચોરની પલ્લિસમ તે ગચ્છ છે, ગીતાર્થસૂરિવાચક નહિં જ્યાંય;
ચારપ્રકારે શિક્ષા નહીં જ્યાં, પંચાચારને વ્રત નહીં ત્યાંય. ॥૮૬।

ચૂંક તે અંતરૂશલ્યની દુઃખકર, માયાત્યાગે નાસે ચૂંક;
ચૂંકવ !! કર્મોદયને જ્ઞાને, સમભાવે ગુરૂમંત્રને ફૂંક !!. ॥ ૮૭

ચોરાશી લખ જીવયોનિમાં, અનંત સંબંધે અનંતવાર;
ચતુરજીવ ભૂલી અથડાયો, ચેતી લે !! આતમ ! આ વાર. ॥ ૮૮ ॥

ચુડેલ તે છે કામની વૃત્તિ, ચુડેલ સહુ જીવોને ખાય;
ચુડેલ તેની સામું ન દેખે, જે આતમ ગુણ ધ્યાનને પાય. ॥ ૮૯ ॥

ચેતન લક્ષણ દર્શન જ્ઞાનને, ચારિત્ર જ છે અનંતવીર્ય;
ચેતન આપ સ્વભાવે રમશો, અંતરૂ ઉપયોગે ધરી ધૈર્ય. ॥ ૯૦ ॥

ચેતન ચેતો નરભવ પામી, આઠ કર્મને વેગે ટાળ ! !;
ચંદ્ર સરીખો શીતલ થા !! દિલ, ચિત્તને આત્મપ્રભુમાં વાળ !!. ॥૯૧॥

ચાનક સરખી કોઈ ન શકિત, ચાનક સમ નહીં મંત્ર ને તંત્ર;
ચાનક લાગે તે નર ચેતે, ચાનક સઘળા કાર્યનું યંત્ર. ॥ ૯૨ ॥

ચાનક લાગી તે જન ચેત્યા, ચાનક લાગે ત્યાં છે શકિત;
ચાનક લાગે ગુરૂશિક્ષાથી, તો પ્રગટે છે સેવા ભકિત. ॥ ૯૩ ॥

ચંદ્રપ્રભુના અનંતગુણનું,—સ્મરણ કરીને થાશો ચંદ્ર;
ચાનક અંતરૂગુણની લગાવો !!!, તેથી પ્રગટે સઘળાં ભદ્ર.॥ ૯૪ ॥

ચિદાનંદ કૃત ગ્રન્થ સ્વરોદય,—વાંચી ગુરૂગમે કરશો જ્ઞાન;
ચિદાનન્દમય આત્મપ્રભુ છે, સર્વધર્મમય તે છે જાણ !!. ॥ ૯૫ ॥

ચઢ !! ગુણસ્થાનકનિસ્સરણિપર, મોક્ષગહેલમાં શીઘ્ર પ્રવેશ !!;
ચઢતાં પ્રમાદથી નહીં પડજે, ચૂક ત્યાં જાણો !! રાગ ને દ્વેષ. ॥૯૬॥
ચેં ચેં પેચ ચપચપ તારી,-મૂકી પ્રભુમાં પ્રેમ લગાવ !!;
ચોકીદાર-ઉપયોગ કરીને, આતમપ્રભુને પ્રેમે જગાવ !!. ॥૯૭॥

ચકલા સરખી પ્રવૃત્તિમાંહી, ચંચલતા ધારીને ચાલ !!;
ચામડીલોગે ચામડીયાની, વૃત્તિકર્મને વેગે ટાળ !!. ॥૯૮॥

ચક્ર અનંતાં જન્મ મરણનાં, કીધાં કર્મે અનંતવાર;
ચતુરાઇ જો હોય તો સાચી, કર્મને જીતી કર !! ઉદ્ધાર !!. ॥૯૯॥
ચડતાં પણ પડવાનું થાતાં, પડીને પાછો ચડતો જેહ;
ચતુરાઇ તેની છે સાચી, ચૂકી પાછો સુધરે તેહ. ॥૧૦૦॥
ચામાચીડિયા જેવા થઈને, ઘરમાં ભરાઈ રહો ન ભવ્ય !!;
ચરતો ફરતો તેહ ધરાતો, ચાતુર્યે કરચો કર્તવ્ય. ॥૧૦૧॥
ચાંપલાવેલા ચબાવલાની,—વૃત્તિને નિજ વશમાં રાખ !!;
ચારે બાજુ પૂર્ણ તપાસી, ઉપયોગે કથવું તે ભાખ !!. ॥૧૦૨॥
ચારે બાજુ ઘોર વિપત્તિ, સંકટ પડતાં પ્રભુ દિલ ધાર !!;
ચતુર વિવેકી જનની સલાહે, વર્તશો અંતર્ધ્વનિ આધાર. ॥૧૦૩॥
ચપ્પણિયું લેઈ માગી ખાવું, ચાટમાં ખાવું સારૂં જાણ !!;
ચોરીનું ધન કન્યાવિક્રય,-ધન ખાવું તે વિષ્ઠા માન !!. ॥૧૦૪॥
ચાંદલો કરવા લક્ષ્મી આવે, કપાલ ધોવા ત્યારે જાય;
ચાહીને મળવા આવે આપે,-ત્યારે ભૂલે એવો ગણાય. ॥૧૦૫॥
ચંદનસમ શીતલતા જેની, પરાક્રમી જે સૂર્ય સમાન;
ચતુર સુજન સદ્‌ગુરૂને સેવો !!, જ્ઞાનને આપે ગુરૂ તે જાણ !!.॥૧૦૬॥
ચેતો ચેતો વ્હાલા મારા આતમા, પલપલ પ્રભુનું સ્મરણ કરો
દિલમાંહ્ય જો;
ચેતો આતમ વૈરાગ્યે અંતર્વિષે, ચેત્યા તે પ્રભુ પામ્યા શીતલ છાંયજો.
ચેતો ચેતો વૈરાગ્યે નિજ આતમા. ॥૧૦૭॥
ચેતો ચેતન !! પ્રભુ ભજીલો !!, રાગ રોષને છંડો કામ;
ચાલો !! પ્રભુના પંથમાં આતમ !!, છંડો સહુ માયાનાં ધામ.॥૧૦૮॥

ચાલો !! આતમ !! આગળ પ્રભુની,-વાટે બીજું મૂકી સર્વ;
ચાલ પકડ !! તું જિનોની ભાવે, દુનિયાનો છંડી દે !! ગર્વ.॥૧૦૯॥

ચોરી-દર્શન જ્ઞાન ચરણતપ, આતમ !! કરીને પરણો મુક્તિ;
ચાહીને કરી ચોરી એવી, મુક્તિવધૂ પરણી લે સૂક્તિ. ॥૧૧૦॥

ચાહના કર !! તું પ્રભુની સાચી, બીજી ચાહના દૂર નિવાર !!;
ચાહ ખરો પ્રભુનો મન ધારી, વિષયવાસનાચાહને વાર !!. ॥૧૧૧॥

ચાહી લે !! તું પરમેશ્વરને, ચાહી લે !! તું સેવા ભક્તિ;
ચાહી લે !! તું સર્વનું સારૂં, ચાહી લે !! તું સાચી નીતિ.॥૧૧૨॥

ચાહના અનેક સુખને માટે, કીધી ભોગવ્યા સઘળા ભોગ;
ચાહના પુદ્‌ગલની સહુ જૂઠી, ચાહો અંતરૂ આનંદ યોગ. ॥૧૧૩॥

ચાકર થા !! તું પ્રભુનો ભાવે, સર્વજીવરૂપ પ્રભુની સેવ;
ચોખ્ખા ચિત્તે કર !! મુજ આતમ, આપોઆપ થશે તું દેવ. ॥૧૧૪॥

ચારદિવસનું ચાંદરણું છે, ચેતી શકે તો જલ્દી ચેત !!;
ચંડાલો તુજ મનમાં રહેતા, દૂર કર્યાથી શિવસંકેત. ॥૧૧૫॥

ચક્રવર્તી ને ઇન્દ્ર છે તે જન, જેમાં પ્રગટ્યો જ્ઞાનાનન્દ;
ચકમક જ્ઞાનસમો નહીં કોઇ, મનચકડોળના વિચિત્ર ફન્દ. ॥૧૧૬॥

ચકલેચકલે ચરિત્ર સારૂં, ખોટું લોકોથી પરખાય;
ચરિત્ર સારૂં તે છે સારો, ધન સત્તાનું મહત્વ નાંહ્ય. ॥૧૧૭॥

ચકોર થઇ તું આત્મપ્રભુરૂપ,-ચંદ્રથી સાચો કરજે પ્યાર;
ચક્રવ્યૂહ તે સંયમ શક્તિ, અંતરૂમાં સમજે સુખસાર. ॥૧૧૮॥

ચટકમટકથી વળે ન કાંઇ, ચટકી લાગે ચેતે તેહ;
ચટકો લાગે ત્યારે શક્તિ, પ્રગટે જાણો !! નિશ્ચય એહ. ॥૧૧૯॥

ચટપટી જેને આત્મપ્રભુની,-પ્રાપ્તિ માટે લાગી જાણ !!;
ચટપટ તે કરતો યુક્તિએ, પામે અંતે શિવ નિર્વાણ. ॥૧૨૦॥

ચાનકવણ નહીં મનુષ્ય કોઇ, જ્યાં ચાનક ત્યાં પ્રગટે શક્તિ;
ચડસાચડસી ધાર્મિક સારી,-જેથી પ્રગટે આત્મોત્ક્રાંતિ. ॥૧૨૧॥

ચડતાને ચડતાં દૃષ્ટાંતો,-લેવાનું મનમાં થઇ જાય;
ચડતીવિના જગ પડતી થાવે, પડતાં દૃષ્ટાંતો બહુથાય. ॥૧૨૨॥

ચકચકચે જે સારૂં દષે તે, કૃત્રિમ કર્યો ટળશે ચળકાટ;
ચકચકાટ ન છાનો રહેતો, ભલે હોય દિવસ કે રાત. ॥૧૨૩॥

ચકચુર થઈને આત્મગુણોમાં, સત્કાર્યો કર !! ભૂલી અન્ય;
ચકચૂર્થ કર !! નહીં નકામી, પ્રગટાવો !! આતમ !! ચૈતન્ય.॥૧૨૪॥

ચક્ર તેજ ગુણ હાનિ વૃદ્ધિ, અંતરૂગુણનું સમજો સાર;
ચક્રવ્યૂહ જે મોહનું તેને,-ભેદો પામો !! શાંતિ અપાર. ॥૧૨૫॥

ચક્ષુ અમૂલ્ય છે તેનું રક્ષણ, કરવો પ્રેમે નરને નાર;
ચક્ષુ છતાં અંધા કામાન્ધો, અંતે દુઃખો લહે અપાર. ॥૧૨૬॥

ચઢાઇ કરીને મોહસૈન્યપર, આતમ જિતનિશાન ચઢાવ !!!;
ચઢ !! ઉત્તરગુણસ્થાનક પર તું, ચઢતા પરિણામે મન લાવ. ॥૧૨૭॥

ચઢાઉના કળજામાં મન નહિ, ચઢાચઢી સારી કર !! ભવ્ય ?;
ચઢાવ !! આતમ !! ગુણસ્થાનકપર, તારૂં મુક્તિ છે કર્તવ્ય. ॥૧૨૮॥

ચઢાવવા લોકોને જ્યાં ત્યાં, સન્માર્ગો પર કર !! એ કાજ;
ચઢાવવા નહિં ઉન્માર્ગોપર, સંભાળી લે !! તારો ચાર્જ. ॥૧૨૯॥

ચઢાવો કરજે બહુ વિચારી, અન્યથી ચઢિયાતો થા !! ભવ્ય ?;
ચઢિયાતો થયો ગુરૂભક્તિથી, અર્જુનથી પણ જગ એકલવ્ય. ॥૧૩૦॥

ચણતર પાયાથી શુભ ચણજે, મહેલચણ્યો પડી જાય ન જાણ !!;
ચણાવડ છીએ જગલોકો, ચતુરાઇ ત્યાં સાચું જ્ઞાન. ॥૧૩૧॥

ચતુર્વર્ગનું ચારે વર્ણો,-સાધન કરીને સાધે ધ્યેય;
ચાર વેદ ભણ્યે ચતુરાઇવણ, જગલોકોમાં નહીં આદેય. ॥૧૩૨॥

ચતુરશિરોમણિ તે છે જગમાં, મોહથકી પામે : નહીં હાર;
ચતુરશિરોમણિ તે છે જગમાં, દુર્ગુણોને કાઢે બહાર. ॥ ૧૩૩ ॥

ચપળાઇ, સારા માર્ગે શુભ, આત્મોન્નતિ પરહિત કરનાર;
ચપેટા સદ્ગુણ શિક્ષાઓના,-ખાવે તે પામે નહિ હાર. ॥ ૧૩૪ ॥

ચમત્કાર જ્યાં ત્યાં સહુ નમતા, ચમત્કાર ઘર આતમ ! જાણ !!;
ચમત્કૃતિ ગુણ પ્રગટે તે છે, અચરિજ દોષોમાં નહીં માન. ॥ ૧૩૫ ॥

ચરક સુશ્રુત વૈદકગ્રન્થો, ભણવાથી રોગો સમજાય;
ચરખો ફેરવે પેટ ભરે તે,-ચર્ચાથી શાન્તિ નહીં થાય. ॥ ૧૩૬ ॥

ચરણકમલ સેવો ગુરૂદેવનાં, સંતોના ચરણોને સેવ !!;
ચરિત તારૂં શુદ્ધ કરે તો, આપોઆપ બને તું દેવ. ॥ ૧૩૭ ॥

ચર્ચ કે મસ્જીદ મંદિરમાંહી, જ્યાં ત્યાં આતમશુદ્ધયા મોક્ષ;
ચર્ચાદિમાં દુર્ગુણ દોષે, લોકોને છે મોક્ષ પરોક્ષ. ॥ ૧૩૮ ॥

ચરાચર જગમાં જીવ અનંતા, સત્તાએ પ્રભુરૂપ ભરેલ;
ચાહો તેને આત્મપ્રભુસમ,–તેથી પ્રગટે પ્રભુ ઉકેલ. ॥ ૧૩૯ ॥

ચર્ચાપત્રમાં સારૂં ખોટું, સત્યાસત્યને કૃત્યાકૃત્ય;
ચર્ચાપત્રીઓમાં એવું, સમજી સારાં કરવાં કૃત્ય. ॥ ૧૪૦ ॥

ચલણ ન સારૂં નિજપરનું ત્યાં, પ્રગટે દુઃખ દાવાનલ જોર;
ચળવળ વણ નહીં પ્રગતિ કોની, ઠરે નહીં ગુરૂવિદ્યાચોર. ॥૧૪૧॥

ચલાયમાન થાવું નહિ ક્યારે, સદ્ગુણ પરમાર્થોથી ભવ્ય !!;
ચાલાકોની કપટકલાથી, બચવું કર !! અવસર કર્ત્તવ્ય. ॥ ૧૪૨ ॥

ચલાવ તારી સહુ ફર્જોને, જીવન તારૂં ધર્મ ચલાવ !!;
ચલાવી લેજે અવસર આવ્યું, ચલિત થવાના કર !!! નહિં ભાવ. ॥૧૪૩॥

ચાલો સદ્ગુણ સત્કાર્યોમાં, ચાલો !! પ્રભુના દેશમાં જીવ ?;
ચાલો !! આતમ આત્મોપયોગે, જેથી જીવ બને છે શિવ. ॥૧૪૪॥

ચશ્માં આંખની આગળ જેવાં–તેવું દૃશ્ય આંખે દેખાય;
ચશ્માં રાગને રોષનાં છંડી, જોતાં જગમાં સત્ય જણાય. ॥ ૧૪૫ ॥

ચસકી જા !! નહિં ભમાવ્યો ભોળા, ચસકવું જૂઠાથી શ્રેષ્ઠ;
ચસકો લાગ્યો જેને જેનો, તેમાં તે વર્તે છે ઠેઠ. ॥ ૧૪૬ ॥

ચહેરો નહિં જે લખ્યું તે સારૂં, ચહેરો દેખી પાડો કામ;
ચહેરાથી ઓળખાતા લોકો, ચામમાં મુંઝો !! નહિ સુખકામ.॥૧૪૭॥

ચળકસળક ચળકાવો નિજગુણ, સાચાનો સ્થિર છે ચળકાટ;
ચળકે સદ્ગુણી સંતો જગમાં, ચળવળથી છે ઉન્નતિ વાટ. ॥૧૪૮॥

ચળી જશો નહીં દુર્ગુણ વ્યસને, ચળેલની સંગતને ત્યાગ !!;
ચંગ જો મન તો પ્રભુ છે પાસે, ચંગીનો વ્યસનોમાં રાગ. ॥૧૪૯॥

ચંચળ મનમાં ધૈર્ય ન પ્રગટે, ચંડાળો નર્કોમાં જાય;
ચંડાળો મહાપાપી હિંસક, દુર્ગુણી દુષ્ટો તે કહેવાય. ॥ ૧૫૦ ॥

ચંદનસમ શીતલતા જેની !!, ક્ષમા દયાથી તે છે ચંદ;
ચંદ્ર ને ભાનુ સમ થા !! આતમ, પૃથ્વીસમ થા !! પ્રગટે ભદ્ર.॥૧૫૧॥

ચંદ્રની ચાંદની સરખા સંતો, જ્યાં ત્યાં કરે અંધારે પ્રકાશ;
ચંદ્ર રવિને ગ્રહણ છે તેવું, જગમાં મોટાઓને ખાસ. ॥ ૧૫૨ ॥

ચંપાતા ગફલત કરનારા, અસાવધ જગમાં નરનાર;
ચૂકે તે ચંપાતા લોકો, જગમાં રહે ન જે હુશિયાર. ॥ ૧૫૩ ॥

ચાટજે બહુ વિચારીને તું, બોલ્યું પાછું ચાટે મૂઢ;
ચાટુ તથ્યને પથ્ય તે વદવું, અંતરનું એ સમજે ગૂઢ. ॥ ૧૫૪ ॥

ચાઠું નાકે પડશું ન શોભે, મુખડું જાણો !! નરને નાર;
ચાઠું નાક ઉપર જારીને, ચોરી કર્મ છેજ, નિર્ધાર. ॥ ૧૫૫ ॥

ચાડિયો થા !! નહીં ચાહન થઈને, કરો જગત્‌માં સહુ ઉપકાર;
ચાડી, ઇર્ષ્યાળુ પાપીના,—પાપકર્મનો છે જ પ્રકાર. ॥ ૧૫૬ ॥

ચાડી, નિર્બળજનનું લક્ષણ, ચાડિયો બહુનો દુશ્મન થાય;
ચાડિયાવૃત્તિ કદિ ન સારી,--સમજે ત્યાગે તે સુખ પાય ॥ ૧૫૭ ॥

ચાતકની જેમ મેઘથી પ્રીતિ,—તેવી તું પ્રભુ ઉપર ધાર !!;
ચાતુરી ત્યારે તારી સાચી, અન્યથા ચાતુર્યે ધિક્કાર. ॥ ૧૫૮ ॥

ચાપસી પણ છે હદમાં સારી, હદની બાહિર કરો ન કોઈ;
ચાપસીયું મન પ્રસંગે સારૂં, નહીં તો દુઃખકર જાણો !! જોઈ. ॥૧૫૯॥

ચાબૂક, સાનની સમજુઓને, ચાબૂક ઘટે તે સૌને હોય;
ચામભોગી જે અતિ તે મૂઢા, ચામ ચોરીજન દુઃખી જોય.॥૧૬૦॥

ચામડીરંગને રૂપમાં મોહી, તેને, મળે ન આતમસ્વાદ;
ચામરસે પ્રભુ રસ નહીં મળતો, ચામનો રસ તે પશુ ઉન્માદ.॥૧૬૧॥

ચારિત્ર જો સારૂં તો ઝુંપડી, ધૃજમાં વસવાથી સુખ થાય;
ચારેગમથી કરી વિચારો, કાર્ય કરે તે દુઃખ ન પાય. ॥ ૧૬૨ ॥

ચાર્વાકો નાસ્તિક પાખંડી, પુણ્ય પાપ માને નહીં તેહ;
ચાર્વાક જડવાદીઓ જગમાં, પાપકર્મભય લહે ન એહ. ॥ ૧૬૩ ॥

ચાલવું સારી રીતે ફરવું,—જેથી આતમશુદ્ધિ થાય;
ચાલાકી ધરી ચાલે તેઓ, ચાલાકોથી ફસી ન જાય. ॥ ૧૬૪ ॥

ચાવીથી જેમ તાળું ઉઘડે, તેવી સહુ ચાવીઓ જાણુ !!;
ચાવીઓ, ગુરૂગમથી મેળવો, સર્વકાર્યની ચડતી માન !!.॥ ૧૬૫ ॥

ચાહકને નિષ્કામે ચાજો, શુદ્ધપ્રેમ તે ચાહ છે સત્ય;
ચાહના, પ્રભુની ધર નિજ દિલમાં, ચાલણી સરખું ચિત્ત અસત્ય.॥૧૬૬॥

ચાળવવાથી સર્વપ્રવૃત્તિ, આપે શાંતિ ચઢતી બેશ;
ચાળા પાડ ના કોના ક્યારે, ચાળા પાડે પ્રગટે ક્લેશ. ॥ ૧૬૭ ॥

ચિટ્ઠી સારી સૌને પ્યારી, ચિટ્ઠી ચાકરપર શો ? રોષ;
ચિત્રકળાદિ સર્વકળાઓ, જીવનહેતે છે સંતોષ. ॥ ૧૬૮ ॥

ચિદાનંદમાં મસ્તીલા જે,—તેને જગની નહીં પરવાહ;
ચિદાનંદસમ, દુનિયામાંહી, કોઈ નહીં છે મોટો ચાહ. ॥ ૧૬૯ ॥

ચિરંજીવી, ફલ દુગ્ધાહારી, તક્રાહારી નર ને નાર;
ચિરંજીવતા યોગી લોકો, રોગશોકવણ વિશ્વમઝાર. ॥ ૧૭૦ ॥

ચિન્હ જે સુખને દુઃખનાં તે તો,—આગળથી જ્ઞાને સમજાય;
ચિત્તમાં અન્તર્ધ્વનિ જણાવે, અંતર્જ્ઞાન થકી તે જણાય. ॥૧૭૧॥

ચિંતન કરાને અનુભવજ્ઞાનને, મેળવતા તે જ્ઞાની થાય;
ચિંતન માટે ચિત્તમહત્તા, મોક્ષાર્થે છે ચિત્ત સહાય. ॥ ૧૭૨ ॥

ચિચીયારી જ્યાં દુઃખીઓની,—પડે ત્યાં સન્તો દોડી જાય;
ચીસ જ્યાં દુઃખની ત્યાં છે પડતી, સર્વ દેશમાં સમજો ન્યાય. ॥૧૭૩॥

ચીઢ તે તનમનની નબળાઈ, ચીઢ તે આતમની નબળાઈ;
ચીઢ છે સારી ખોટી જગમાં, પ્રશસ્ય ચીઢથી છે સબળાઈ. ॥૧૭૪॥

ચીત્કારો જ્યાં જીવને થાતા, ખૂન થતાં થાતા ધિક્કાર;
ચતુર હોયતો ચેતી લેજો, ત્યાં પ્રગટે છે હાહાકાર. ॥ ૧૭૫ ॥

ચીનગારી નાની તેમાંથી, પ્રજ્વળે મોટા ભડકા થાય;
ચીલો જે સદ્ગુરુ સત્કર્મનો, ચાલજો તેમાં દુઃખો જાય. ॥ ૧૭૬ ॥

ચીસ પડે ત્યાં વારે જાવું, આત્માર્થે કરી કરવી સહાય;
ચુકાદો પૂરો સમજી કરવો, અન્યથા ભૂલે પાપી થાય. ॥ ૧૭૭ ॥

ચુડેલ છે વ્યભિચારી નારી, ચુડેલથી પ્રગટે છે દુઃખ;
ચુડેલ છે વ્યભિચારી નારી,—[illegible] નહીં સાચું સુખ. ॥૧૭૮॥

ચુસ્તમસ્ત જે જૈનો તેઓ, આતમશુદ્ધિ કરે અપાર;
ચુસ્ત બનો !! તો સદ્ગુણમાંહી, ગનશો સારામાં નિર્ધાર. ॥ ૧૭૯ ॥
ચુંક જે છાની આવે તેની, ચૂકો ટાળી દૂર નિવાર ! !;
ચૂક ભૂલ દોષો તે ચૂક છે, સમજીને ઝટપટ તે ટાળ ! !. ॥ ૧૮૦ ॥
ચુંથાચુંથ ન કરશો કોની, ચુંથાવાની ટેવ નિવાર ! !;
ચૂકવ ! ! કર્મોદયરૂપ દેવું, સમભાવી થૈને નિર્ધાર. ॥ ૧૮૧ ॥
ચૂપ રહે જ્યાં ઘટે ત્યાં આતમ !!, ચુપકીથી કર !! સારાં કામ;
ચૂપચાપથી સત્કાર્યો પણ,—જાહેર થાતાં કર્યાં તમામ. ॥ ૧૮૨ ॥
ચૂર્ણ જે સુખકર દુઃખહર સારૂં, તન મનમાટે લેજે તેહ;
ચૂરો ! ! ચેતન અન્યજીવોનાં, દુઃખો એ છે ધર્મ સુરેહ. ॥ ૧૮૩ ॥
ચેટક, સંતોનો થાવામાં, કોટિ દુઃખ સહીને ચાલ ! !;
ચેતવણી સારી સહુ કરજે, દુર્ગુણ ચેપમાં ધર !! નહીં પ્યાર.॥૧૮૪॥
ચેલો તે જે આતમતાબે, મનને કરીને ચાલે તેહ;
ચેલી તે મનોવૃત્તિ સારી, ધર્મમાર્ગમાં વર્તે એહ. ॥ ૧૮૫ ॥
ચેષ્ટાઓ છંડી દે ખોટી, ચેષ્ટાખોરપણાને ત્યાગ !!;
ચેંચિં કર !! નહીં ખોટી રીતે, ચૈત્યમાં પ્રભુથી કરજે રાગ.॥૧૮૬॥
ચોકમાં જાહેર સારૂં સભ્યને, ઉપયોગી સૌથી વખણાય;
ચોકસાઇથી કાર્ય જે કરતા, પાછળથી નહીં ખત્તા ખાય. ॥૧૮૭॥
ચોકીદારી, ચતુરાઇની, મૂઢોથી નહીં ચોકી થાય;
ચોખ્ખાઇ ધરો!! ચોકખું કરો!! સહુ,ચોખવટથી નહીં છે અન્યાય.॥૧૮૮॥
ચોખા ભાતથી લોકો જીવે, ચોખો કરતો પરોપકાર;
ચોટલી હિંદુઓની નિશાની, ચોટલો નારીનો શણગાર. ॥૧૮૯॥
ચોતરે ચોતરે ચતુરજનો નહીં, ચોપટસમ સંસારને ખેલ ! !;
ચોપડા ચોપડી ભણી ગણીને, મોહની બાજી પડતી મેલ!!.॥૧૯૦॥
ચોપાનિયાં સારાં ને ખોટાં, વિવેકથી વાંચો !! નરનાર;
ચોરો શાહુકારો જગમાં,—સમજી વર્તો ! ! લહો ન હાર. ॥૧૯૧॥
ચોરાશીલખ જીવયોનિમા, ભટકયો જીવ !! અનંતીવાર;
ચોલ મજીઠસમ પ્રભુની ભક્તિ, વૈરાગ્યે ભમવાનું વાર ! !. ॥૧૯૨॥

ચોવટિયાઓ સારા ખોટા, સમજયાવણુ વિશ્વાસ ન રાખ !!;
ચોવટમાં તું સભ્ય રીતિથી, યુકિતથી વાણીને ભાખ !!. ॥૧૯૩॥

ચોવીશ તીર્થંકરો અનાદિ, કાલથી પ્રગટ્યા થશે અનંત;
ચોવીશ તીર્થંકર મુકિતને,-ઉપદેશે છે સન્ત મહન્ત. ॥૧૯૪॥

ચોળાચોળ ઘણી નહીં સારી,-જેમાં અંતે કાંઇ ન સાર;
ચોળી માર્ગ છે દુર્ગુણીઓનો, ચોંકવું તે નબળાઇ ધાર !!. ॥૧૯૫॥

ચૌદપૂર્વની વિદ્યા જાણે, જ્ઞાની સાચો તે કહેવાય;
ચૌદભુવનમાં માનવ મોટો, પ્રભુનો પ્રતિનિધિ તે થાય. ॥૧૯૬॥

ચૌદમું રત્ન છે અજ્ઞાનીને, દુષ્ટોને હિતનું કરનાર;
ચ્યુત થશો નહીં સત્કર્મોથી, ચ્યુત થાતાં પડતી નિર્ધાર. ॥૧૯૭॥

ચાહે તે કર !! જગમાં સારૂં, ચાહે તે કર !! ધર્મનું કાજ;
ચાહીને કર !! સંતની સેવા, ચાહે તેવું પ્રગટે રાજ્ય. ॥૧૯૮॥

ચારભેદ છે નીતિયોના, નૈતિકશાસ્ત્રે ભાખ્યા ભેદ;
ચાણકયે કલિયુગ અનુસારે, નીતિશાસ્ત્ર રચ્યું છે વેદ !!. ॥૧૯૯॥

ચારપ્રકારે નીતિ જાણી, વર્તે છે જગ નર ને નાર;
ચતુરાઇથી વ્યવહારે તે, ઉન્નતિ પામેછે જયકાર. ॥૨૦૦॥

ચારપ્રકારે ધર્મ કહ્યો છે, ચારપ્રકારે જાણો !! વેદ;
ચારપ્રકારે ધર્મને ધારી, ટાળું સઘળા ભવના ખેદ. ॥૨૦૧॥

ચા, પીવાથી શરીરહાનિ, ચા, પીવાથી લાભ ન થાય;
ચા, પીવાની ટેવ નિવારો !!, દેહારોગ્ય જ તેથી સુહાય. ॥૨૦૨॥

ચંદ્રપ્રભુ તીર્થંકર દેવા, આઠમા જિનવર છે સુખકાર;
ચંદ્રની પેઠે શીતલતાપ્રદ,-ગાવું ધ્યાવું દુઃખ હરનાર. ॥ ૨૦૩ ॥

ચંદ્રસમો ઉજ્વલ થા !! આતમ !!, શાંતિ શીતલતા પ્રગટાવ !!;
ચંદ્રસરીખો શાંતસ્વભાવી, થૈને તું પ્રભુપદ પ્રગટાવ !!. ॥ ૨૦૪ ॥

ચારે ભાવના ભાવો !! આતમ !, અનંતભવનાં નાસે કર્મ;
ચારે ભાવના ભાવો !! ભાવે, અનંત આનંદ પ્રગટે ધર્મ. ॥ ૨૦૫ ॥

ચારે ભાવના ભાવો આતમ !!, ચાર પ્રકારે ધ્યાવો ધ્યાન;
ચતુર્ગતિને છેદો આતમ !!, ચારકષાયો છે દુઃખખાણુ. ॥ ૨૦૬ ॥

ચારપ્રકારે આર્તધ્યાન છે, ચારપ્રકારે રૌદ્ર વિચાર !!;
ચારે પાયા, ધર્મધ્યાનના, શુક્લધ્યાનના ચાર છે સાર. ॥ ૨૦૭ ॥

ચારગતિમાં કર્મે ફરવું, ધર્મે ચતુર્ગતિનો અંત;
ચતુરાઈ ધર!! પ્રભુ મળવાને, ગાવો!! પૂજો!! સાચા સંત. ॥૨૦૮॥

ચુસ્ત બની જા!! પ્રભુવિશ્વાસી, કોઇનું કાંઇ લેઇ ન ચોર!!;
ચતુરાઇ પ્રભુ મળવા માટે, જાણી સમજી થા!! નહિ ઢોર. ॥૨૦૯॥

ચતુર્ગતિનાં દુ:ખો હરવા, ચાર શરણને ભાવે ધાર!!;
ચારશરણને અંગીકરતાં, ચતુર્ગતિ નહીં છે સંસાર. ॥ ૨૧૦ ॥

ચતુર બનીને ચૂક!! ન ચેતન!!, કરીશ નહિ તું લેશ પ્રમાદ;
ચતુરાઇમાં મોહ પ્રવેશે,–તો પ્રગટે છે બૂરા વાદ. ॥ ૨૧૧ ॥

ચૂક!! ન આતમ!! પ્રભુસ્મરણને, પલપલ દિલમાં પ્રભુ સંભાર!!;
ચતુરાઇ તારી તબ જાણું, યદા કરે તું દુ:ખસંહાર!!!. ॥ ૨૧૨ ॥

ચપળાઇ સૌ મોહની માયા, ચંચળતા છે મનના ખેલ;
ચતુરબનીને મોહને મારો!!, કર!! તું પરમાતમથી ગેલ. ॥૨૧૩॥

ચોર બનીશ નહિ સ્વાર્થે ક્યારે, ઉપકારીનો થા!! નહિં ચોર;
ચાડી ચુગલી નિંદા ત્યાગો!!, મિથ્યા કર!! નહિં શોરબકોર.॥૨૧૪॥

ચોટામાં મિસરી વેરાણી, કીડીઓ પ્રેમે તે ખાય;
ચંચળતાને માન નહિં ત્યાં, આતમરામ પ્રભુ પ્રગટાય. ॥૨૧૫॥

છ.

છછછા છંડો!! છોકરવાદી, છેતરશો નહીં અન્યને લેશ;
છળ કપટ કરશો નહીં ક્યારે, છાનાં પાપ ન કરશો દ્વેષ. ॥ ૧ ॥

છાના દુર્ગુણ પાપો કીધાં, પ્રગટ થતાં જગમાં નિર્ધાર;
છછછા ભણ્યા ગણ્યા કહેવાશો, છળ ત્યાગે જગમાં જયકાર. ॥ ૨ ॥

છોકરવાદી કરવી છંડો!!, છાશવડે જગ બહુ જીવાય;
છાશથી આરોગ્ય સુખની આશા,–સમજીને વર્તો જગમાંય. ॥ ૩ ॥

છોકરવાદે ન છાશ પીવાતી, છેતરપીંડીથી નહીં સુખ;
છીનાળું છાનું રહેતાં પણ, અંતર્ પ્રગટે રોગ ને દુ:ખ. ॥ ૪ ॥

છાનું રાખો !! સત્યને ત્હોયે, પ્રગટે કોટિ ઉપાય કરંત;
છાનાને દેખે સર્વજ્ઞો, સત્ય ન છાનું સમજો !! સંત. ॥ ૫ ॥

છાતી કાઢી છેલછબીલા,-બનીને છાકો !! નહીં લવલેશ;
છાણાના કીડાસમ ક્ષણમાં,-મરશો અણધાર્યા લહી કલેશ. ॥ ૬ ॥

છાયામિષે દેહની સાથે, કાળ ભમે છે ચેતન ચેત !!;
છોગાળા રઢીયાળા ચાલ્યા, મૃત્યુના છૂપા સંકેત. ॥ ૭ ॥

છાશને વનસ્પતિ ફલ ખાતાં, શીયલવ્રતથી શતાયુ થાય;
છાશ ખરી અહો શક્રને દુર્લભ, છાશથી લાંબુ આયુ સુહાય. ॥ ૮ ॥

છંડો !! દુર્ગુણ દુરાચારને, છંડો !! છાના નિજના દોષ;
છાના રહે ન દુર્ગુણ સદ્‌ગુણ, આતમ! સદ્‌ગુણથી નિજ પોષ!!. ॥૯॥

છેતર !! નહીં તું અન્યને સ્વાર્થે, ધૂર્તોથી વંચાવું ન લેશ;
છેતરનારા મીઠા બોલા, તર્કી કળાથી કરતા પેશ. ॥ ૧૦ ॥

છાક ધરે શું સત્તાધનનો, વિદ્યા યૌવનનો શો ? છાક;
છાક કરે શું ? રૂપ કુટુંબનો, અંતે સઘળું થાશે ખાક. ॥ ૧૧ ॥

છાક કરે શું જો ઈતિહાસને, ત્હારા જેવા ગયા અસંખ્ય;
છાક ન છાજ્યો કૈસર ઝારનો, સમજે તો તુજ સમ નહીં રંક. ॥ ૧૨ ॥

છાપ પાડજે સારી ત્હારી, પહેલાંથી ધારી ચારિત્ર;
છાપ પડી જે સારી તેથી, સહાય કરનારાઓ મળંત. ॥ ૧૩ ॥

છૂપું રાખજે મનમાં સારૂં, યોગ્યની આગળ અંતર્ ખોલ !!;
છૂપી વાતો કર !! નહીં જાહેર, લાભ જાણીને છૂપું બોલ !!. ॥૧૪॥

છેક તે સાચો ટેક ન છંડે, સાચું જૂઠું સમજે સર્વ;
છોશ નહીં નીચાથી સારી,-વિદ્યા લેતાં ત્યાગે ગર્વ. ॥ ૧૫ ॥

છાયામિષથી દેહની સાથે, કાળ ફરે છે નજરે દેખ !!;
છાયા તારા દેહના જેવી, અનુકરણ કરનારી પેખ !!. ॥ ૧૬ ॥

છાર ઉપર લીંપણ નહીં થાતું, અયોગ્યને નહીં પ્રભુ પરખાય;
છારના સરખી મિથ્યાબુદ્ધિ,-છંડે પ્રભુપ્રતીતિ થાય. ॥ ૧૭ ॥

છંછેડાતા સર્પની પેઠે,-ક્રોધે એવા નર ને નાર;
છાણાના કીડાની પેઠે,-જન્મ ગ્રહે છે વારંવાર. ॥ ૧૮ ॥

છાપે નામને છબી આત્માની, વાંચે ન વાંચે આતમ !! જેહ;
છપાઓ સદ્ગુણથી મનમાંહે, પ્રભુરૂપે છપો ક્યાં તેહ. ॥૧૯॥
છુમંતર ધાગા દોરા બહુ, આશા નાટકના છે ખેલ;
છોડીસમ જડનિયમો છંડી, આત્માનંદે આંતર રેલ. ॥ ૨૦ ॥
છાના સંતો ઘણા રહ્યા જગ,-જિનાજ્ઞાથી કરતાં ઢોંગ;
છુપાયલા સંતો છે મોટા, જાહેર સંતથી માનો શ્રેષ્ઠ. ॥ ૨૧ ॥
છેડાછેડી મેર્યોથી, વેખમાં કરવું સારૂં ન જાણ !!;
છબરડો વાળ ન તપાજમાંહી, સમજી લેવું સત્યજ્ઞાન. ॥ ૨૨ ॥
છછેડા નહીં !! સતી યતિને, આપને કોપીને કો કાજ;
છછેડાયો ન કોપે કોપર, દુશ્મનપર પણ ધારજે વ્હાલ. ॥ ૨૩ ॥
છતી શક્તિયો, તન મન ધનની,-વિદ્યાની વાપર !! પરહેત;
છતી શક્તિને ગોપવ !! નહિ મન !!, પ્રભુમાટે શક્તિ સહેત.॥૨૪॥
છોરૂ કછોરૂં થાય કદાપિ, તથાપિ, માત ન થાય કુમાત;
છોરૂં થઈ દુનિયામાં રહેજે, છોરૂં સમ ગણ !! બહુ જીવજાત. ॥૨૫॥
છત્રપતિયો મરી ગયા બહુ, છત્રપતિ થાતાં નહીં સુખ;
છત્ર ધરાવે એવાઓને, આશા તૃષ્ણાથી બહુ દુઃખ. ॥ ૨૬ ॥
છત્રપલંગમાં સુખે રહેતા જે, મીઠાં ભોજન ખાતા જેહ;
છાનામાના ઘોરમાં સૂતા, ગયા મશાણમાં જાણો !! તેહ. ॥ ૨૭ ॥
છાનામાના સંતસભામાં, રહીને સાંભળ !! સંતનો બોધ;
છતા યતા જ્યાં ત્યાં સંતોને, દાતારો વીરો મહાયોધ. ॥ ૨૮ ॥
છળાઇ જા !! નહિ ધૂર્તજનોથી, છળીને અન્યોને નહીં માર !!;
છળબળ કળ વળ પ્રસંગે ધર્મના,-રક્ષણમાટે પ્રશસ્ય ધાર !!.॥૨૯॥
છળ નહીં શોભે શૂરાસંતને, છળ છે આતમની નબળાઈ;
છીનાળું ઢાકયું નહીં રહેતું, ટળે છીનાળે કીર્તિકમાઈ. ॥ ૩૦ ॥
છાણનું ઘેબર કદિ ન બનતું, પશુઓ જ્યાં ત્યાં થાતું છાણ;
છાણું પણ ઉપયોગી જગમાં, છાણે ધાન્યાદિક બળ જાણ !!. ॥૩૧॥
છક છકાટ છે અધુરામાંહી, પૂરાઓ કદિ નહિ છલકાય;
છકેલને ખત્તા બહુ વાગે,-ત્યારે સમજી ગુણને પાય. ॥ ૩૨ ॥

છક્કડ સાન સમી નહિં કોઇ, જેથી સુધરે આતમરાજ;
છક્કડ સમજપણાની જેને,-લાગે તે પામે સુખરાજ્ય. ॥ ૩૩ ॥

છચોક સજ્જનતાનાં કાર્યો,-છુપાવ્યા જેવું નહીં છે કાંય;
છછરૂ માણુસ છલકાતું ઝટ, છોકરવાદીથી સુખ નાંહ્ય. ॥ ૩૪ ॥

છટકી જાય ન મનડું એવું,-કર !! નિશ્ચયથી ચેતનરાય;
છટાદાર ભાષણ કરવાથી, શ્રોતાઓ અંજાઇ જાય. ॥ ૩૫ ॥

છણજે જ્ઞાને સત્યવિચારો, સત્યાસત્યનો કરી વિવેક;
છત ગુણની તો જ્યાં ત્યાં પૂજા,-સતાપણાની ધારો !! ટેક. ॥ ૩૬ ॥

છૂપાવ્યા દોષો ન છુપાતા,-ઘાલો !! જો તેને પાતાળ;
છૂપાતા રહેતા નહીં શૂરા,-બૂમ પડે ઉઠે તત્કાલ. ॥ ૩૭ ॥

છમાસી તપ પંચમ આરામાં, હજી પણ જૈનો કરતા દેખ !!;
છર કરવાથી શકિત ઘટતી, છરમાં અજ્ઞપણું છે પેખ !!. ॥ ૩૮ ॥

છાતી કાઢી નિર્મળ રાખી, જગમાં ફર્જ અદા કર !! ભવ્ય !!;
છાનાં જાહેર સઘળાં કાર્યો,-કરજે મોક્ષાર્થે કર્તવ્ય. ॥ ૩૯ ॥

છાનું કોઇ ન પ્રભુથી જગમાં, છપાવ !! સત્ય વિચારાચાર;
છાપવું દિલમાં પ્રભુમય જીવન, એજ છે તુજ સારૂં અવધાર. ॥૪૦॥

છાયા પુરૂષની ત્રાટકયોગે, સિદ્ધિ થાતાં કાલે જ્ઞાન;
છાયા યંત્ર અસલની ઘટિકા, છાંડો !! મિથ્યા માયા માન. ॥૪૧॥

છિન્નભિન્ન શકિતયો થાતી, કુસંપ ઇર્ષ્યા વૈરે જાણ !!;
છિંડીરાજ એ બે ભેદે છે,-માર્ગ તે સમજી મનમાં માન. ॥ ૪૨ ॥

છાંયડી વખત વખતની જૂદી, છિંક તે સારી ખોટી જાણ !!;
છીપમાં અવસરે મોતી પાકે, અવસરે શોભે લગ્ન ને કાંણ ॥૪૩॥

છૂટે છે જ્ઞાનીઓને સારી, અજ્ઞાનીને દુઃખકર થાય;
છુટા બાંધ્યા બન્ને સારા, ખોટા સાપેક્ષિક કહેવાય. ॥ ૪૪ ॥

છૂટો થા !! દુર્ગુણ વ્યસનોથી, છટકારો છે મોહથી શ્રેષ્ઠ;
છીંકણી સારી ને બૂરી છે, પ્રભુથી છેટા તે સહુથી હેઠ. ॥ ૪૫ ॥

છેટે રહેજે દુર્જન શઠથી, છેડવું નહીં સારૂં કો કાલ;
છેતરનારા જગમાં ઝાઝા, કંચનકામિની છેતરનાર. ॥ ૪૬ ॥

છેદાવું મોહે જગ થાતું, શુદ્ધાતમ નિજ નહીં છેદાય;
છેલબટાઉ બનો !! ન આતમ ! છેલાણીને શાંતિ ન ક્યાંય. ॥ ૪૭ ॥

છોકરવાદ છે મોહે સોને, મોહ તજે નહીં છોકરવાદ;
છોકરા છોકરી પ્રભુ બાળક છે, પ્રભુભાવે સેવે આહ્લાદ. ॥ ૪૮ ॥

છોછ તે સાચી દુર્ગુણની છે, છોશ તે વ્યસનોની કર !! દૂર;
છોટું મોટું કોઇ ન જગમાં, દેખાતાં ઘટ પ્રભુનું નૂર. ॥ ૪૯ ॥

છોગાળા કે થયા થાશતા, કે કે ચાલે નજરે દેખ !!;
છોગાળો ઈશ્વર અવિનાશી. અંતરમાં વર્તે છે પેખ !!. ॥ ૫૦ ॥

છોરૂ કછોરૂં થાય કદાપિ, માતા કદિ ન થાય અમાત;
છોરૂંની માતા છે દેવી, માતા સ્નેહનો થાય ન પાત. ॥ ૫૧ ॥

છેવટનું પરિણામ શું થાશે, પહેલાંથી તસ કરો !! વિચાર;
છેલબટાઉ બનતાં પૂર્વે, જો !! તારી શક્તિ આધાર. ॥ ૫૨ ॥

છેલાઈથી વળે કશું નહીં, મોક્ષ જવામાં કર !! સહેલાઈ;
છોટા !! નહીં સાચું તેને જગ, જૂઠાંથી નહીં સત્ય વડાઈ. ॥૫૩॥

છેડો કોનો ઠેઠ સુધીનો, લે !! નહીં ખોટી રીતે ભવ્ય !!;
છેડો જેનો પકડો તેનું, ઠેઠ સુધીનું કર !! કર્તવ્ય. ॥ ૫૪ ॥

છૂટી જા તું સર્વપાપથી, સર્વ દોષ કરવાથી છૂટ !!;
છુટા છેટી કર પ્રભુમાં રહી, કર !! નહીં જૂઠી માથાકૂટ. ॥ ૫૫ ॥

છાપાછાપી ચર્ચા કર્ચા, મર્ચાથી કૈં વળે ન ચેન;
છાપ ખરી પ્રભુ ભક્તિની ઘટ, પ્રગટે તો સુખની છે ઘેન. ॥ ૫૬ ॥

છછુંદરને જો સાપ ખાય તો, મરે ને છંડે તો તે અન્ધ;
છછુંદર સમ છે મોહની વૃત્તિ, ગ્રહણ ત્યાગમાં તસ એ ધંધ. ॥૫૭॥

જ.

જનજન જૂઠને જારી છંડો !!, જાણો !! સત્ય ધર્મની વાત;
જપો અરિહંત આદિ નવપદ, જૂલ્મ તજી થાશો રળિયાત. ॥ ૧ ॥

જનનો ભણ્યો ગણ્યો કહેવાશે, રાગ દોષ છુટ્યાથી બેશ;
જૈન બની જિન થાશો ભાવે, સર્વ દુઃખના ટળશે કલેશ. ॥ ૨ ॥

જગમાં જીવંતા તે જાણો !!, મર્યા છતાં પણ જશ ધરનાર;
જીત્યા જેણે દુર્ગુણ દોષો, દુઃખીઓની કીધી વ્હાર. ॥ ૩ ॥
જીવંતા તે મરેલ જાણો !!, દુર્ગુણ પાપીનો અવતાર;
જનો ન ઇચ્છે જેનું જીવતર, દુનિયાને દુઃખી કરનાર. ॥ ૪ ॥
જગમાં જીવ્યો તેહ કથાતો, જેણે જીત્યા રાગ ને રોષ;
જડમાં સુખની બુદ્ધિ ત્યાગી, આત્મમાં સુખ ધાર્યું સંતોષ. ॥ ૫ ॥
જડસમ કોટિવર્ષનું જીવતર, હિંસાદિકથી જીવન જાય;
જગમાં પત્થરથી પણ હલકું, એવું જીવન નિષ્ફલ થાય. ॥ ૬ ॥
જગમાં જે પરમાર્થે જીવ્યો, અન્યજીવોનાં ટાળ્યાં દુઃખ;
જગમાં જીવી જિનપદ પામ્યો, દેહવિના તેને છે સુખ. ॥ ૭ ॥
મન ઇન્દ્રિય વિષયોને જીતે, ટાળે સર્વથા રાગને રીસ;
જિન જિનવર આતમ તે થાતો, કેવલ જ્ઞાનવડે જગદીશ. ॥ ૮ ॥
જગ જીત્યાથી ટળે ન દુઃખો, મન જીત્યાથી ટળતું દુઃખ;
જીતે મોહને તે પ્રભુ પામે, પ્રગટાવે આતમમાં સુખ. ॥ ૯ ॥
જગડુશાહે દુકાળમાંહી, જીવાડ્યા પશુ જનો કરોડ;
જીવંતા તે મર્યા છતાં પણ, જગમાં જેની મળે ન જોડ. ॥ ૧૦ ॥
જગત્ ભગતનો મેળ મળે નહીં, જગમાં કર્મથકી અવતાર;
જગની માયા સુખ પડછાયા, દુઃખ ભરેલો છે સંસાર. ॥ ૧૧ ॥
જૈનોમાટે જૈનોપનિષદ્, જૈનગીતા સંસ્કૃત રચી સાર;
જિન ધાતુ પ્રતિમા લેખોને, બે ભાગોમાં યોજ્યા સ્ફાર. ॥ ૧૨ ॥
જૈનોની પ્રાચીન અર્વાચીન, ઐતિહાસિક રચના બેશ;
જૈનોની પ્રગતિ માટે તે, કરી બતાવ્યા શુભ સન્દેશ. ॥ ૧૩ ॥
જૈનસૂત્રમાં મૂર્તિપૂજા,—નિબંધ સંક્ષેપે લખ્યો બેશ;
જેનામાં મધ્યસ્થપણું છે,—તે સમજીને ટાળે કલેશ. ॥ ૧૪ ॥
જૈનધર્મ ને ખ્રીસ્તિધર્મનો,—મુકાલબો નામે શુભ ગ્રન્થ;
જૈન ને ખ્રીસ્તિના સંવાદે, રચ્યો ગ્રન્થ સમજાવ્યો પન્થ. ॥ ૧૫ ॥
જીવન્મુક્તો નિર્લેપે કાર્યો કરે, જીવન્મુક્તિ નિર્મોહી સમભાવજો;
જીવંતાં મુક્તિસુખ અનુભવ મેળવો, મોહ મરંતાં વૈકુંઠ જીવતાં દાવજો.
જીવન્મુક્ત દશા મેળવશો જ્ઞાનથી. ॥ ૧૬ ॥

જૈનધર્મ જગમાં છે અનાદિ, જૈનધર્મની આદિ ન અંત;
જીતે જેઓ દ્રવ્યભાવથી, પ્રભુઓને જૈન મહંત. ॥ ૧૭ ॥
" જીતે તે " જૈનો કહેવાતા, દુર્ગુણ દુર્ગુણતાજ કુટેવ;
જીતે કર્મ શયતાનને જેઓ, જૈનો જે તે કરે શુભસેવ. ॥ ૧૮ ॥
જન્મની સાથે જરા મરણ છે, જોબનમાંહી ધર્મ સધાય;
જરા પ્રગટતાં શકિત વિણસે, ધર્મકર્મમાં અશકિત થાય. ॥ ૧૯ ॥
જોબનવયમાં ધર્મ ન સાધ્યો, જરામાં કયાંથી સાધી શકાય;
જોબનવયમાં ધર્મ કરી લ્યો !!, પાછળથી પસ્તાવો થાય. ॥ ૨૦ ॥
જરા અવસ્થા આવ્યા પૂર્વે, આતમ !! તારૂં કરી લે !! કાજ;
જરામાં જરી ન શકિત ચાલે, પામી લે !! પ્રભુનું સામ્રાજ્ય. ॥૨૧॥
જરા અવસ્થા આવ્યા પૂર્વે, આતમ!! જ્ઞાનથી જલ્દી ચેત !!;
જરા અવસ્થા મિષથી ત્હારા,-ઉપર કાલ ઝપાટા દેત. ॥ ૨૨ ॥
જંજાળો જે જૂઠી તેમાં,-જકડાઇ કયાં હારે ધર્મ;
જાગ !! જાગ !! આતમ વૈરાગ્યે, કરી લે !! સાચાં ધર્મનાં કર્મ.॥૨૩॥
જાણી જોઈ ભૂલ !! ન આતમ !!, જરા મૃત્યુને ધર્મે જીત !!;
જાણી જોઇ ધર્મ કરી લે !!, પલ પણ કર !! નહીં મોહે વ્યતીત.॥૨૪॥
જે જીતે છે સહસયોધને,-તે પણ જીત્યો નહીં કહેવાય;
જીત્યો તે જે મોહને જીત્યો, બીજાઓ હાર્યા કહેવાય. ॥ ૨૫ ॥
જીત્યો નહીં જે કામ ક્રોધને, માયા લોભને તે છે કલીબ;
જીત્યો જગને પણ તે હાર્યો, જેણે પાડી મોહની રીવ. ॥ ૨૬ ॥
જીત્યો સાચો તે કહેવાતો, મોહને જીતી બન્યો જે શાન્ત;
જીત્યા પાપીઓ પણ હાર્યા, ચક્રી તોપણ તે છે ભ્રાન્ત. ॥ ૨૭ ॥
જીતો !! મોહને આતમ દેવા, મોહથી પામો !! લેશ ન હાર !!;
જીતો !! મનને જ્ઞાને ધ્યાને, સમભાવે સ્વાતંત્ર્યને ધાર !!. ॥ ૨૮ ॥
જીત જે સાત્ત્વિક તે છે સુખકર, રાજસ તામસ જીતછે જૂઠ;
જીતી જીનત્વ પામો !! આતમ !!, જગમાં તુષ્ટ ન બનશો રૂષ્ટ. ॥૨૯॥
જેવું આકળ આંગવા પાણી, તેવું તન ધન જૂઠું જાણ !!;
જેવું જળોનું ફૂલવું તેવું, જડ લક્ષ્મી પ્રભુતાને માન. ॥ ૩૦ ॥

જેઓ પ્રમાદી તેઓ મૂવા, પ્રમાદ વણ જીવંતા સંત;
જોઇ વિચારી આગળ ચાલો !!, ભૂલો નહીં તે છે મતિમંત. ॥૩૧॥

જેવું સંધ્યા વાદળ વિજલી,-ચમકારો તેવું છે દેહ;
જોહુકમી કોનાપર કરવી, ચેતે તે તો બને વિદેહ. ॥ ૩૨ ॥

જેઓ ક્રોધી કામી કપટી, લોભી માની તેઓ બાલ;
જટા વધારે રાખને ધારે, જ્ઞાન વિના બાળકની ચાલ. ॥ ૩૩ ॥

જેનું છે પરિણામ ન સારૂં, જેનાથી દુઃખો પ્રગટાય;
જેથી રહે ન શાંતિ સુખ તે,-પાપકર્મ જગમાં કહેવાય. ॥ ૩૪ ॥

જેના રાગ ને રોષ ટળ્યા છે, જેનામાં નહિ વૈર કષાય;
જિન અર્હન્ પ્રભુ દેવ બને તે, મારને જીતી મુકિત પાય. ॥ ૩૫ ॥

જેઓ પાપે જીવે ઝાઝું, તેઓનું જીવન નહીં શ્રેષ્ઠ;
જેઓ ધર્મે જીવે બે દિન, તેઓ આગળ અન્યો હેઠ. ॥ ૩૬ ॥

જેમ પોતાને સુખદુઃખ થાતું,-તેવું અન્યોને જગ થાય;
જાણી એવું અન્યોને દુઃખ,-દેવાનું તજ !! કાર્ય સદાય. ॥ ૩૭ ॥

જેમ ઘટે તેમ સૌની સાથે, હળીમળીને આગળ ચાલ !!;
જગમાં ક્યાંયે બંધાવું નહીં, જોર જૂલ્મને દૂરે ટાળ !!. ॥ ૩૮ ॥

જેણે જન્મી પ્રભુને જોયા,-તેનો જન્મ સફલ છે જાણ !!;
જેણે રાગ ને રોષને ટાળ્યો,-તે જીવંતો છે ભગવાન્. ॥ ૩૯ ॥

જેનામાં ઉત્સાહ ને શ્રદ્ધા, શુદ્ધપ્રેમ ને પરોપકાર;
જીવદયા ને સત્ય ને સેવા,-તે પામ્યો જગ પ્રભુનું દ્વાર. ॥ ૪૦ ॥

જીવ્યો તે જગમાંહી જેણે, નામરૂપનો ત્યાગ્યો રાગ;
જીવંતો તે આત્મસ્વરૂપે, જેણે કીધું સઘળું ત્યાગ. ॥ ૪૧ ॥

જીવંતી બાહ્યાંતર સઘળી,-શક્તિયોને ઝટ પ્રગટાવ !!;
જિન થાવાને જન્મ છે ત્હારો, ધ્યેયાદર્શ એ તારૂં ધ્યાવ!!. ॥ ૪૨ ॥

જીભમાં અમૃત જીભમાં ઝેર છે, જીભમાં માન અને અપમાન;
જીભમાં સ્વર્ગ ને નરક છે જાણો !!, જીભમાં દુર્ગતિ સદ્ગતિ જાણ!!. ૪૩

જીભમાં મિત્રો જીભમાં દુશ્મન, જીભમાં વસતું સુખ ને દુઃખ;
જીભથી કરને આંખે ફળને, દેખો !! જીભમાં શાંતિ ભૂખ. ॥ ૪૪ ॥

જીભથી મરવું જીભથી તરવું, જીભથી રોગ અને આરોગ્ય;
જીભમાં ચડતી પડતી જાણો!!, જીભથી યોગ અને છે ભોગ. ॥૪૫॥
જન્મ્યો તે જાણો!! જગમાંહી, જેથી થાતો ધર્મોદ્ધાર;
જેથી વંશને દેશકોમની, ચડતી વિશ્વોન્નતિ પ્રચાર. ॥ ૪૬ ॥
જન્મ્યો તે જાણો!! જગમાંહી,-જેથી લોકો પામે શાન્તિ;
જન્મ જરાનાં દુઃખો ટાળે,-જેથી થાતી વિશ્વોત્ક્રાન્તિ. ॥ ૪૭ ॥
જાુલ્મી ઘાતક કોમો સ્હામે, બળ કળ બુદ્ધિ વાપરનાર;
જીવે છે કોમો જગ એવી, સાત્ત્વિક શક્તિને ધરનાર. ॥ ૪૮ ॥
જનનીસમ વાત્સલ્ય ન કોનું, જનનીનો મોટો ઉપકાર;
જનની તે જગમાતા દેવી, સહેલી સંતતિના અપકાર. ॥ ૪૯ ॥
જનની જગમાં સ્વર્ગથી મોટી, જગમાં જનની સ્નેહ અપાર;
જનનીના ખોળામાં સ્વર્ગો, જનની હાથો, પ્રભુ અવતાર. ॥ ૫૦ ॥
જનનીનો પ્રતિબદલો વળે નહીં, જનની દેવી માતા સત્ય;
જનનીની સેવા ભક્તિથી,-પ્રભુ ભક્તિનાં સફળાં કૃત્ય. ॥ ૫૧ ॥
જનનીને નિત્ય પાયે પડવું, જનનીમાં સહુ તીર્થ સમાય;
જનનીની નિષ્કામે સેવા,-ભક્તિથી પ્રભુ ઘટ પ્રગટાય. ॥ ૫૨ ॥
જનનીપ્રેમને કોઈ ન પહોંચે, જનનીસ્નેહનો થાય ન અંત;
જનનીસ્નેહને જનની જાણે, જનક ગુરૂને સેવો!! સંત. ॥ ૫૩ ॥
જનની જનક સદ્ગુરૂને દેવનો,-પ્રત્યુપકાર ન વાળે કોઈ;
જનનીને દુઃખ ઠપકો ગાળો,-દેતાં અંતે રહેશો રોઈ. ॥ ૫૪ ॥
જનનીનો ઉપકાર વળે નહીં, જીવંતી દેવી છે માત;
જનનીની સેવાભક્તિથી,-પુણ્યબંધ ફળ શાંતિ સાત. ॥ ૫૫ ॥
જૈનો જે સમકિતને પામે, જ્ઞાનને ધારે જે ચારિત્ર;
જૈનધર્મ તે જગત્ ધર્મ છે, સર્વજીવોને કરે પવિત્ર. ॥ ૫૬ ॥
જૈનો તે સહુ સદ્ગુણ ધારે, જ્ઞાનને શક્ત્યા કરે સુકૃત્ય;
જગજીવોના હિતને માટે, અહિંસાને પાળે સત્ય. ॥ ૫૭ ॥
જૈનો જેઓ ગૃહસ્થ ત્યાગી, જીવનનું ધારે આદર્શ;
જૈનો જેઓ સંઘ ચતુર્વિધ, સેવામાં ધારે બહુ હર્ષ. ॥ ૫૮ ॥

જૈનો જેઓ પરમાતમપદ, વરવાનું ધરતા મન ધ્યેય;
જયણા, કરતા સર્વજીવોની,-ધારે જ્ઞાનાદિ આદેય. ॥૫૯॥
જૈનો જેઓ તન મનવાણી, આતમ શકિત કરે પ્રકાશ;
જીતે દુર્ગુણ પામે સદ્‌ગુણ, જૈનો તે જગજીવે ખાસ. ॥૬૦॥
જૈનધર્મ તે વિશ્વધર્મ છે, દયા અહિંસા જ્યાં છે મુખ્ય;
જગમાટે જે જીવ્યું જાણે, અંતરમાં પ્રગટાવે સૌખ્ય. ॥૬૧॥
જૈનો તે સમકિતી જ્ઞાની, ભકત યોગી સેવા કરનાર;
જગને આત્મસમું માનીને, પ્રભુમયજીવને જે જીવનાર. ॥૬૨॥
જૈનધર્મનાં શાસ્ત્રો સુણવાં, ગુરૂગમે વાંચી પામો !! જ્ઞાન;
જડ જેવા રહે તે નહીં જૈનો, શૂરા જૈનો જીવે જાણ. ॥૬૩॥
જૈનો જે મિથ્યામતત્યાગે, આતમને કરતા ભગવાન્;
જગમાં જાહેર જોરે જીવે, બળબુદ્ધિ કલ બહુ ગુણવાન્. ॥૬૪॥
જૈનધર્મમાં જ્ઞાન ને ભકિત, ઉપાસના વૈરાગ્ય ને ત્યાગ;
જૈનધર્મ તે રાગ દોષને,-તજવા ગુણ ગ્રહવા ઘટ જાગ!!. ॥૬૫॥
જૈનધર્મ તે અનંત ગુણને, શકિતયોનો કરે પ્રકાશ;
જૈનધર્મ સમજ્યા નહીં જેઓ,-તે જૈનો નિર્બળ દીન દાસ. ॥૬૬॥
જૈનધર્મમાં સાપેક્ષાએ, સઘળાં દર્શન ધર્મ સમાય;
જૈનતત્ત્વનું જ્ઞાન કરે જે, તેને એવું દિલ સમજાય. ॥૬૭॥
જૈનધર્મ પ્રગટાવ્યો જેણે,-એવા તીર્થંકર ચોવીશ;
જૈનધર્મના સ્થાપક અરિહંત, તીર્થંકર પ્રણમું જગદીશ. ॥૬૮॥
જૈનધર્મ છે સર્વજીવોમાં, આતમને જાણે ભગવાન્;
જૈન તે સાચો જગમાં પ્રભુમાં,-જીવ્યું જાણે થઈ ગુણવાન્. ॥૬૯॥
જૈન તે બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યને, શૂદ્રના ગુણ કર્મે જીવંત;
જીવે બાહિર્ અંતર્ શકત્યા, આત્મગુણો પ્રગટાવે મહંત. ॥૭૦॥
જૈનો ઘરબારી ને ત્યાગી, જીતે દુર્ગુણ રાગ ને રોષ;
જગજીવોને સત્તાએ જૈન,-જાણી કરતો ગુણનો પોષ. ॥૭૧॥
જગજીવોને આત્મસમા ગણી, જગજીવોની સેવા ભકિત;
જૈન નિજશકિત અનુસારે, કરતા પ્રગટાવે સહુ શક્તિ. ॥૭૨॥

જૈન શાસ્ત્ર ગુરૂ દેવને માને, જૈનો તે જગમાં કહેવાય;
જૈનધર્મશાસ્ત્રોને ગુરૂવણ, જૈનો જીવે નહીં કદાપ. ॥ ૭૩ ॥

જૈનો સાધો !! જ્ઞાન ને દર્શન,—ચારિત્ર સદ્ગુણ સત્કૃત્ય;
જૈનો જીવો !! દ્રવ્ય ભાવથી, સર્વજીવોને કરો !! પવિત્ર ॥૭૪॥

જૈનસંઘનું જીવન પ્રગતિ, શક્તિ ધર્મનું સાચું મૂલ;
જૈનશાસ્ત્રની સત્ય દયાતી,—તેને આગળ કર !! નહીં ભૂલ. ॥૭૫॥

જૈનશાસ્ત્રને જૈનસંઘથી, જૈનધર્મ જગમાં જીવંત;
એની હયાતીથી છે જાણો !!, જૈનધર્મ રક્ષા ગુણવંત. ॥૭૬॥

જુઓ સાંભળો સુંઘો ચાખો !!, સ્પર્શો જ્ઞાન કરો નિર્લેપ;
જગમાં પ્રભુપદ પામવા જીવો !!, મનમાં ધરો !! નહીં મોહનો લેપ.૭૭

જ્યોતમાં જ્યોતિ મળે તે ભક્તિ, નૂરમાં નૂર મળે તે યોગ;
જ્યોતિમાં જ્યોતિ મળે તે સમાધિ, શબ્દભિન્ન અર્થૈક્યે પ્રયોગ. ૭૮

જે જે અંશે દયાદિ સદ્ગુણ, પ્રગટે તે અંશે છે ધર્મ;
જે જે અંશે વિરાગવૃદ્ધિ, તે અંશે નાસે છે કર્મ. ॥૭૯॥

જે જે અંશે વ્રત ગુણ પ્રગટે, થાય તે અંશે આતમશુદ્ધિ;
જે જે અંશે મોહ ટળે છે, તે અંશે પ્રગટે ગુણબુદ્ધિ. ॥૮૦॥

જાહેરમાં કરશો સહુ જોઇ, જાહેર યોગ્ય તે કર !! જાહેર;
જાહેરમાં કરવા જેવું નહીં, શુભ કરંતાં સુખની લ્હેર. ॥૮૧॥

જામીન આપી !! બનો ન જૂઠા, સાચાના થાશો જામીન;
જૂઠાના જામીન નહિ થાશો, નહીં તો અંતે થાશો દીન. ॥૮૨॥

જીવે જગમાં શક્તિમંતા, થાતો નિર્બલલોકનો નાશ;
જીવવામાટે સર્વપ્રકારે, શક્તિયોની જરૂર ખાસ. ॥૮૩॥

જાણી જોઇ પડે જે કૂપમાં, તે સમ જગમાં મૂર્ખ ન કોઇ;
જાણી દેખી ભૂલ સુધારે, કદિ ન તે રહેનો જગરોઇ. ॥૮૪॥

જર્મન હાર્યું બ્રિટીશ જીત્યું, બ્રિટીશ બળ કળ બુદ્ધિમંત;
જગમાં બળ કળ સંપને શક્તિ, જ્ઞાને જીવે છે મતિમંત. ॥૮૫॥

જગમાં જીતને હાર છે કર્મે, કર્મ પ્રમાણે સુખ દુઃખ થાય;
જીતો દુર્ગુણરૂપી શત્રુ,—તો પછી કોઇ ન જીતી જાય. ॥૮૬॥

જન્મભૂમિ ને જનની એ બે, સ્વર્ગ થકી બે છે જ મહાન;
જન્મભૂમિ ને જનની સેવા,–ભકિત કરતાં પ્રભુપદ જ્ઞાન. ॥૮૭॥

જગ સહુ ફરીને જન્મભૂમિમાં, આવે ત્યારે આનંદ થાય;
જગનો છેડો જન્મભૂમિ–ઘર, લૌકિક દષ્ટિએ એ ન્યાય. ॥૮૮॥

જીવનમાટે અન્ન ને પાણી, અગ્નિ વાયુ ને આકાશ;
જીવનમાટે વસ્ત્ર ને ઔષધ, વિદ્યા જ્ઞાન ને શકિત સુવાસ. ॥૮૯॥

જીવનના ઉપયોગી પૃથ્વી, સૂર્ય ચંદ્રને તમઃ પ્રકાશ;
જીવન ઉપયોગી વસ્તુનું, જ્ઞાન કરો !! નહીં રહો ઉદાસ. ॥૯૦॥

જૈનસૂત્રમાં મૂર્તિપૂજા,–નામે ગ્રન્થ રચ્યો હિતકાર;
જગમાં ઉપયોગી તે જીવે, મૂર્તિ મંદિર આદિ ધાર !!. ॥૯૧॥

જાત મહેનત કરી કાયા પોષે, સ્વાશ્રયે જીવે જે નરનાર;
જાત મહેનતથી સ્વતંત્ર તેઓ, જગમાં એવો છે વ્યવહાર. ॥૯૨॥

જંબુસ્વામી ચરિત્ર વાંચો !!, પ્રગટે છે વૈરાગ્ય ને ત્યાગ;
જગમાં વિષને અમૃત બે છે, અમૃત પી વિષને દૂર વાર !!. ॥૯૩॥

જગમાં ખાડા ટેકરા સરખા, જગમાંથી ખેંચો !! શુભ સાર;
જગમાં જન્મ્યો પ્રભુપદ લેવા, ધ્યેયાદર્શને દિલમાં ધાર !!. ॥૯૪॥

જ્યાં સુધી જગમાં જીવન છે, ત્યાં સુધી જીવોમાં કલેશ;
જીવવામાટે આહારાદિક,–અર્થે થાતા જાણુ !! હમેશ. ॥૯૫॥

જીવોને છે જીવન કલહો, જીવે છે જીવોથી જીવ;
જીવવામાટે જીવન કલહે, પરસ્પરે વર્તે છે સદીવ. ॥૯૬॥

જીવવામાટે દેહજીવનથી, ભોજન જલ ઉપયોગનાં કૃત્ય;
જીવો કરતા રાગ રોષને, કામે ધર્મી સમજો સત્ય. ॥૯૭॥

જૂલ્મ કરો !! નહીં જોરને પામી, તન ધન સત્તાનું શું જોર;
ઝડપે આવી કાલ અચાનક, તારૂં ત્યાં નહીં ટકશે તોર. ॥ ૯૮ ॥

જનક જનની સ્નેહ વાત્સલ્યનો,–મહિમા જગમાં અપરંપાર;
જન્મથકી જનની ઉપકારી, જીવંતી દેવી નિર્ધાર. ॥ ૯૯ ॥

જૂઠથકી જગજીવો ભરિયા,સૌ માને પોતાનું સત્ય;
ઝઘડા ટંટા પક્ષાપક્ષી, કરતા જીવો પાખંડકૃત્ય. ॥ ૧૦૦ ॥

જનની જનક ઉપકારી બહુ છે, જનની જગની અંબા માત;
જનની જનકની સેવાભક્તિ, કરતા સંતાનો ગુણ ખ્યાત. ॥ ૧૦૧ ॥
જીવો જીવે છે જીવોથી,-જડથી ભાખ્યું શાસ્ત્ર મઝાર;
જીવો જે સબળા તે જીવે, નબળા પામે જગમાં હાર. ॥ ૧૦૨ ॥
જીવોને ઉપગ્રહ સદા છે, જીવોનો અજીવોનો જાણુ !!;
જીવો જીવે ઉપગ્રહોથી, ઉપગ્રહો તે યજ્ઞ પ્રમાણુ. ॥ ૧૦૩ ॥
જીવો નિષ્કામે પરમાર્થે, જીવે તે પ્રભુભક્ત છે સંન્ત;
જગને આતમ માની જીવે, વર્તે તે પ્રભુરૂપ મહન્ત. ॥ ૧૦૪ ॥
જૈનધર્મ છે સર્વજીવોની,-ઉન્નતિકારક સુખ કરનાર;
જૈનધર્મી જગમાટે જીવે, સ્વપરોન્નતિ કાર્યો કરનાર. ॥ ૧૦૫ ॥
જૈનધર્મમાં સર્વધર્મનું, સાપેક્ષે સહુ સત્ય સમાય;
જૈનધર્મ એવો જે જ્ઞાને,-સમજે તે પ્રભુરૂપે થાય. ॥ ૧૦૬ ॥
જગમાં સૌને દેખો !! જાણો !!, જગમાંથી ગ્રહો સાચું કૃત્ય;
જગમાં સત્ય ગ્રહો !! સૌમાંથી, જગમાં વર્તે સત્ય અસત્ય ॥૧૦૭॥
જીવંતાં પણ તેહ મરેલા, મૃત્યુભયે જે બને ગુલામ;
જૂલ્મ સહે જે બકરી પેઠે, બોળે જે નિજકુળનું નામ. ॥ ૧૦૮ ॥
જીવંતાં પણ તેહ મરેલા, સુણે ન દુઃખીનો પોકાર;
જોરજૂલ્મથી અન્ય સતાવે, જમ જેવા બનતા નિર્ધાર. ॥ ૧૦૯ ॥
જીવંતાં પણ તેહ મરેલા, પરતંત્ર બની જીવે જેહ;
જીવવા માટે જૂલ્મ કરે બહુ, પાપે પોષે નિજની દેહ. ॥ ૧૧૦ ॥
જીવંતાં પણ તેહ મરેલા, બળ કળ બુદ્ધિ શક્તિહીન;
જીવંતાં જય જે નહીં પામ્યા, જે જીવે પાપી આધીન. ॥ ૧૧૧ ॥
જીવવામાટે મોહ ધરીને, શત્રુતાએ થઇ દુષ્કૃત્ય;
કરતો દેશ સ્વજન ને ધર્મનો,-દ્રોહ કરે નહીં પાળે સત્ય.॥ ૧૧૨ ॥
જીવંતા તે મર્યા છતા પણ, ગરીબ દુઃખીને દીધાં દાન;
જીવોનાહિતમાટે તન ધન, અર્પ્યા જેણે પ્યારા પ્રાણ. ॥ ૧૧૩ ॥
જીવંતો પણ તેહ મરેલો, ધર્મસંઘ દ્રોહી મહાપાપ;
જન્મભૂમિ ને દેશનો દ્રોહી, સતી સાધુના લીધા શાપ. ॥ ૧૧૪ ॥

જીવ્યો પણ તેહ મરેલો. ધર્મથી જીવ્યો નહીં નર જેહ;
જીવન્ત તે મર્યો છતાં પણ, જેણે કીધો ધર્મનો દેહ. ॥ ૧૧૫ ॥

આનંદના તે ધર્મી સજ્જન. જ્ઞાનભક્તિ સેવા કરનાર;
આનંદ પણ તેહ ઉપના. અજ્ઞાની દુર્ગુણી નરનાર. ॥ ૧૧૬ ॥

[illegible] ધર્મીજન ભલા, ધર્મનું કરતા ઉપકાર;
[illegible] ભૂંડા. હિંસક ચોરાદિક અવતાર. ॥ ૧૧૭ ॥

[illegible] મિથ્યાજ્ઞાની ઉંધા જાણ;
[illegible] પ્રભુપ્રેમી, [illegible] જાણ. ॥૧૧૮॥

[illegible] ત્રીજી વાળી દૃષ્ટિ;
[illegible] ॥૧૧૯॥

[illegible] જાણ;
[illegible] પ્રમાણ. ॥૧૨૦॥

[illegible]

જંગમ તીર્થ તે સંઘ ચતુર્વિધ, પ્રભુ તે વૈરાટ સ્વરૂપ;
જંગમ તીર્થની સેવા ભક્તિ, કરતાં આતમ થાવે ભૂપ. ॥૧૨૯॥
જડીબુટ્ટીનું જ્ઞાનકર્યાથી, નિજ પરનું કલ્યાણ કરાય;
જાણી બૂઝી ભૂલ કરે તે, પછીથી ભારે ખત્તા ખાય. ॥૧૩૦॥
જાણ્યું જગમાં તેનું સાચું, વારે જે મન રાગને રોષ;
જમના ફંદામાં ન ફસાતો, અંતરમાં ધારે સંતોષ. ॥૧૩૧॥
જેલ તે સાચી દુર્ગુણની છે, દુરાચારની સાચી જેલ;
જેલ તે દુશ્મનના થવું નોકર, મોહે જેલ છે મોટા મહેલ. ॥૧૩૨॥
જેલ તે વ્યસનાધીન થવું છે, પરનારી વેશ્યાનો સંગ;
જૂઠને હિંસા ચોરી જારી, જૂલ્મ અનીતિ દુષ્ટની સંગ. ॥૧૩૩॥
જેલ તે જૂલ્મી તાબે રહેવું, રાગ રોષના થવું ગુલામ;
જાણી જોઈ કુસંપ કરવો, પરાધીન જીવનનું ઠામ. ॥૧૩૪॥
જયણાએ સહુ કર !! શુભકાર્યો, ધર્મની માતા જયણા જાણ !!;
જયણા ઉપયોગે કરવાથી,—અબંધ આતમ થાય પ્રમાણ. ॥૧૩૫॥
જીવના જોખમે સાહસ કરતા, જગમાં રાખે તેઓ નામ;
જોખમ ખેડ્યાવણ નહીં સિદ્ધિ, જોખમ ખેડે તે લહે ઠામ. ॥૧૩૬॥
જારકર્મથી વિષ્ણુ સરખા,—થયા જગતમાં શાલિગ્રામ;
જારકર્મથી તન ધન દેશને, રાજ્યનો નાશ છે રહે ન હામ. ॥૧૩૭॥
જન્મ વખતે જન્મોત્સવ થાતા, એતો પૂર્વના પુણ્યપ્રતાપ.
જન્મ વખતે ઘરમાં રોકકળો, પૂર્વપાપથી એ સંતાપ. ॥૧૩૮॥
જન્મ જયંતી મહોત્સવ થાતા, એતો પૂર્વભવોની કમાઈ;
જયંતી જેની મૃત્યુકાલે, આ ભવની છે ધર્મકમાઈ. ॥૧૩૯॥
જન્મે મરેછે અસંખ્યજીવો, નજરે અનુભવ કરીને દેખ !!;
જન્મ પછી મરીને નહીં જન્મે, સત્ય જન્મ એનો જગ પેખ !!. ॥૧૪૦॥
જાહેરમાં હિંમત નહીં જેની, જાહેર સારૂં કરે ન કાજ;
જન્મ્યા પણ જગલોકે ન જાણ્યા,—એવાથી નહીં સુખ સામ્રાજ્ય. ॥૧૪૧॥
જાણી જોઇને મરતા જેઓ,—વાર્યા છતાં ન માને શીખ;
જન્મ્યા એવા મરેલ જાણો !!, શક્તિ ખોઈ જે માગે ભીખ. ॥૧૪૨॥

જોરાવર તે આતમ જાણું, તોડે જે મન મોહનું જોર;
જોરાવર તે છે જગ સાચો, ચલવે નહીં અનીતિ તોર. ॥૧૭૧॥

જોર કરે નહીં પાપકૃત્યમાં, વ્યસનોમાં નહીં વાપરે જોર;
જારી ચોરીમાં નહીં જોરને,-વાપરે તેનું સાચું તોર. ॥૧૭૨॥

જુવાની વિદ્યા ધન સત્તા,-યોગે જોરથી જૂલ્મો થાય;
જોરથી જૂલ્મો પાપો કરે નહીં, જોરાવર તે સત્ય ગણાય. ॥૧૭૩॥

જીવું છું હું પ્રભુના માટે, પ્રભુમાં રહી પ્રભુથાવા કાજ;
જીવું છું મન વચ કાયાથી,-પવિત્ર લેવા શિવસામ્રાજ્ય. ॥૧૭૪॥

જીવું છું આત્મિકસુખ લેવા, પરોપકારી કાર્યો હેત;
જીવું છું જગજીવોના હિત, માટે સ્વાર્પણ કરી સંકેત. ॥૧૭૫॥

જીવું છું હું નિજાત્મશુદ્ધિ,-કરવા અન્યના હિતને કાજ;
જીવીશ જબતકતબતક ધર્મનું, પ્રગટાવીશ સાચું સામ્રાજ્ય. ॥૧૭૬॥

જંબૂસ્વામી ચરિત્ર વાંચો !!,-જેમાં સાચો છે વૈરાગ્ય;
જેણે જંબૂચરિત્ર વાંચ્યું,-તેને પ્રગટે જ્ઞાન ને ત્યાગ. ॥૧૭૭॥

જેનાથી તુજ જીવ્યું જાતું,-તેના માટે આપો !! જાન;
જેનું લીધું તેને દેવું, તેમાં શું કરવો અભિમાન. ॥૧૭૮॥

જે આપે છે તે તો લે છે, લેવું દેવું રહસ્ય ઓર;
જયો પરાજયમાં થઈ સાક્ષી, વર્તે તો તું બને ન ઢોર. ॥૧૭૯॥

જૂઠું અંતે ગમે તે રીતે, ગમે તે કાલે જૂઠ ગણાય;
જૂઠાનું બલ-સદા રહે નહીં, જૂઠાવ્યવહારે દુઃખ થાય. ॥૧૮૦॥

જેમાં તેમાં સમજ્યા વણ તું, માર !! ન માથું સત્યને ધાર !!;
જાહેર ખાનગીમાં પ્રભુમાં રહી, કર !! કર્તવ્યાચારવિચાર. ॥૧૮૧॥

જક પકડીને જૂઠી રીતે, જક્કી થાતાં થાય ન કાજ;
જકડો નહીં ગરીબોને જ્યાં ત્યાં, કર્મે છે અપકીર્તિ લાજ. ॥૧૮૨॥

જગતભવાડો જેથી થાવે, તેવા કામોથી થા !! દૂર;
જગત ભગતને બને ન ક્યારે, સમજે જ્ઞાની જગ મશહૂર. ॥૧૮૩॥

જડતા તે અજ્ઞાન દુરાગ્રહ, જડતા તે આલસને જાણ !!;
જડતા તે છે નવરા રહેવું, જડતા તે છે સ્વાર્થને માન. ॥૧૮૪॥

જડતાથી મન તનની અશક્તિ, જડતાથી નહિં બુદ્ધિ વિકાસ;
જડતાથી પ્રગતિ નહીં સારી, જડતાથી સહુશક્તિ વિનાશ. ॥૧૮૫॥
જગન્નાથ તે આત્મપ્રભુ છે, ઘટ ઘટ તનુદેવલ વસનાર;
જગન્નાથપુરી-તનુ મન છે,-જાગ્રતદશા હૃદયમાં ધાર !!. ॥૧૮૬॥
જગબંધુ છે જગન્મિત્ર છે, જગત્પિતા છે આતમદેવ;
જગત્ વ્યષ્ટિથી તનુ છે નિજનું, જગપતિની જ્ઞાને છે સેવ. ॥૧૮૭॥
જગત્ માન્ય છે પ્રકાશી આતમ, જ્યાં ત્યાં જાગ્રત્ આતમ જાણ !!;
જગ્યા ન નામ ઠામ ઠેકાણું,-એવો આતમપ્રભુ પિછાણ !!. ॥૧૮૮॥
જાગી પહેલાં સત્યજ્ઞાનથી, પછીથી જગજીવોને જગાડ !!;
જગાડે શું જે ઉંઘેલાઓ, જાગ્રત્‌ને લાગે ન બગાડ !!. ॥૧૮૯॥
જાગ્રત્ કરજે સર્વલોકને, નામરૂપનો તજી અહંકાર;
જ્યાં ત્યાં પ્રભુરૂપે થઇ જીવો, અહંપણાવણ ફર્જને ધાર !!. ॥૧૯૦॥
જઘન્ય મધ્યમ ઉત્કૃષ્ટા છે, સેવાભક્તિ જ્ઞાનપ્રકાર;
જજીયા વેરા અન્યધર્મીપર, જૂલ્મ અનીતિના આચાર. ॥૧૯૧॥
જટા વધારે તે નહીં જોગી, ગુણોને ધારે જોગી જાણ !!;
જટા વડઆદિ વૃક્ષોની,-તેથી તે નહીં જોગી પ્રમાણ. ॥૧૯૨॥
જટાજૂટ ધરવાથી તેમજ, કાન ફડાવે મળે ન દેવ;
જન્મ મરણ ટાળે તે જોગી, મોહની સઘળી તજે કુટેવ. ॥૧૯૩॥
જઠરાગ્નિ જો તીવ્ર બને તો, પત્થર સરખું પણ પચી જાય;
જઠરાગ્નિથી આરોગી તન, યોગશક્તિયો વધતી જાય. ॥૧૯૪॥
જડભરતોથી કલિયુગમાંહી, ધર્માદિક રક્ષણ નહીં થાય;
જડભરતો તો નિજને તારે, પરને તારી શકે નહીં ન્યાય. ॥૧૯૫॥
જડમૂળમાંથી નાશ થયો તો,-તે પાછું નહીં કદિ પ્રગટાય;
જડકર્મોને આતમચેતન !!,-કર્મનાશથી જન્મ ન થાય. ॥૧૯૬॥
જણાવવું અન્યોને સારૂં, જેથી તેઓ લહે સુખ શાન્તિ;
જતન કરો મન વાણી તનનું, વીર્ય જતનથી વધતી કાન્તિ. ॥૧૯૭॥
જનતાની સહુ સારી પ્રગતિ,-કરવામાં નિજ જીવન હોમ !!,
જનતામાં પ્રભુને પ્રગટાવો !!, શ્રદ્ધા રાખો !! રોમે રોમ. ॥૧૯૮॥

જનપદ ધર્મો જનપ્રવાદો, સઘળાનું કર !! સમ્યગ્જ્ઞાન.
જન્મ મરીને જાણો !! સઘળું, જ્ઞાનીમાં જાણો !! ભગવાન. ॥૧૯૯॥

જનરલ થા !! તું મન ઇન્દ્રિને,-તનનો વૃત્તિનો જગ બેશ;
જાતનો જનરલ તે જગ જનરલ, થાતાં નાસે સઘળા ક્લેશ. ॥૨૦૦॥

જગજનરંજન કરવામાટે,-થતી મનોવૃત્તિને વાર !!;
જનસમુદાયનું નામરૂપના,-મોહ વિના કર !! સહુ સુખકાર. ॥૨૦૧॥

જગહિતેચ્છુ જે નિષ્કામે, પ્રભુમાં અર્પાઇ તે થાય;
જગમાં તે છે પ્રભુપ્રતિનિધિ સમ, પ્રભુસ્વરૂપે તેહ સુહાય. ॥૨૦૨॥

જનાનખાનું અંતરૂમાંહી, સદ્વૃત્તિયોનું કરા બેશ;
જનાનખાનું ઘટમાં સમજે, તે વ્યભિચારી થાય ન ક્લેશ. ॥૨૦૩॥

જનાબ થાવું સ્વાત્માર્પણથી, સદ્ગુણી પરમાર્થી છે જનાબ;
જનાબ સંતો યોગી શૂરા, જેનો પડતો સારો દાબ. ॥૨૦૪॥

જનાવરો સરખા તે લોકો, વ્યભિચારી જૂલ્મી મહાપાપ;
જનાવરો સરખા જે ભોગી, આપે અન્યોને દુઃખ તાપ. ॥૨૦૫॥

જનુની થાતાં વિચાર કરજે, સન્માર્ગોમાં સારૂ જનુન;
જનુની દોષો પાપો કરતો,-હારે તે કીધું સહુ પુણ્ય. ॥ ૨૦૬ ॥

જનોઇથી વૈદિક પૌરાણિક, હિંદુકોમનું છે ઓળખાણ;
જનોઇ તે સદ્ગુણ નીતિની, મનુષ્યમાત્રનું લક્ષણ જાણ!!. ॥ ૨૦૭ ॥

જનોઇ ઘાલે ગુણ નહીં ધારે, ધરે ન નીતિ ધર્માચાર;
જનોઇ ઘાલે કરે ન ભકિત, બને ન તે સદ્ગુણી નિર્ધાર. ॥ ૨૦૮ ॥

જન્મચરિત્રો સત્પુરૂષોનાં, સતીઓનાં વાંચો !! નરનાર;
જન્મની શાથે સૌને સુખ દુઃખ, કર્મે પ્રગટે છે નિર્ધાર. ॥ ૨૦૯ ॥

જન્માંતરૂમાં સુખદુઃખકારણ, આજ જન્મનાં પુણ્ય ને પાપ,
જન્માંતરૂમાં આજે જેવું,-કરશો તેવું લેશો છાપ ॥ ૨૧૦ ॥

જન્માંધો પણ ભકતયોગીઓ, જ્ઞાનીઓ બનતા નિર્ધાર;
જન્માંધો કરત મહાઅન્ધા, અજ્ઞાની જે નરને નાર. ॥ ૨૧૧ ॥

જન્મોતરી લખ્યું તે સહુ જાણી, બનો !! ન વિશ્વાસી નરનાર;
જન્મની સાથે સારો ઉદ્યમ, સદ્ગુણમાં સુખનો આધાર. ॥ ૨૧૨ ॥

જપ છે બાહિર્ અંતર્ ભેદે, જપ સરખો નહીં યજ્ઞ મહાન્;
જપ જે જય ૐ અર્હં મહાવીર, પ્રગટે અંતર્ સાચું જ્ઞાન. ॥૨૧૩॥

જપ છે તમ રજ સાત્વિકભેદે, નિષ્કામે છે સારો જાપ;
જપતપ, જ્ઞાનીઓને મુક્તિ,-અર્થે થા !! તો ટાળે પાપ. ॥ ૨૧૪ ॥

જપ જે સાત્વિકભાવે કરવો, તે છે સહુયજ્ઞોથી શ્રેષ્ઠ;
જપ જે પરાનો પ્રભુ પ્રગટાવે,-તેની આગળ બીજા હેઠ. ॥ ૨૧૫ ॥

જપમાળાથી જાપ જપેને, મનડું ભટકે ચારે કોર;
જપ જે પોપટ(?)ના જેવા, ટળે ન તેથી પાપ કઠોર. ॥ ૨૧૬ ॥

જફા કરો નહીં ધર્મીઓને, દુઃખ દેવાનું ફળ છે દુઃખ;
જબરજસ્તીથી અનીતિપાપો,-પ્રગટે નાસે સ્વર્ગનું સુખ. ॥૨૧૭॥

જબાન સાચી તો સહુ સારૂં, જબાની સાચી સુખદાતાર;
જવાબ આપો !! સત્ય ભરેલા,-તેથી પ્રભુ મળતા નિર્ધાર. ॥૨૧૮॥

જબેહકર જે શયતાનવૃત્તિ,-ને કે જેથી પાપ ન થાય;
જબેહકર કુબુદ્ધિને તું, જેથી ઘટમાં પ્રભુ પ્રગટાય. ॥ ૨૧૯ ॥

જબ્બર થાવું શુભશક્તિથી, જબરાઓથી જગ જીવાય;
જર જમીનને જોરૂં રક્ષણ, નિજરક્ષણ, જબરાથી થાય. ॥ ૨૨૦ ॥

જભ્ભો પહેરે એટલા સર્વે,-સારા ન્યાયી નહીં ગણાય;
જભ્ભો જે સદ્ગુણ સત્કર્મી,-તે જયાં ત્યાં શાંતિ ઉભરાય. ॥૨૨૧॥

જમડાથી બીવે શું આતમ ?, દુષ્ટવૃત્તિયો તે જમ જાણ ! !;
જમ તે મનનો મોહને પાપો,-વારો !! તો નહીં નરકનું સ્થાન. ૨૨૨

જમડા તે નિજદુષ્ટવિચારો, પાપકૃત્યને સમજી ટાળ ! !;
જેનું મન છે આત્મપ્રભુમાં,-તેને જમભીતિ ન લગાર. ॥ ૨૨૩ ॥

જેઓ ખર્ચ કરીને જમણો, નાતો કરતા તેહ ગમાર;
જમણુ જે આવકના અનુસારે, કરતા તે સમજુ નિર્ધાર. ॥ ૨૨૪ ॥

જમણું ડાબુ અંગ જે નિજનું, તેનો કરવો સદુપયોગ;
જમદૂતો છે દુષ્ટવિચારો, ટાળી થાઓ ! ! મુક્તિયોગ્ય. ॥ ૨૨૫ ॥

જમાત સારી સદ્ગુણી જ્ઞાની,-તો તેથી વર્તે સુખશાન્તિ;
જાનમાલ રક્ષક તે રાજા, જેથી પ્રજાની વધતી કાન્તિ. ॥ ૨૨૬ ॥

જમાને આવક પ્રતિદિન થઈ શી ?, દ્રવ્યભાવથી તેને જાણ !!;
જમવું આનંદી થઈ સ્વચ્છને,-તેથી સાત્ત્વિક પ્રગટે જ્ઞાન. ॥૨૨૭॥

જમાવ આવે સૌને મેળે, પ્રતિષ્ઠા લોકોમાંહી જમાવ !!;
જમાવવું સારૂં શુભ માર્ગે, કર !! એવો બુદ્ધિવર્તાવ. ॥ ૨૨૮ ॥

જરા જરામાં તપી જવું નહીં, સારૂં પરહિત કરવું જરીક;
જરૂરી કાર્યો સારાં કરતાં,-પરની ધરવી લેશ ન બીક. ॥ ૨૨૯ ॥

જલાશયો ગંદા નહીં કરવાં, રક્ષો !! જલાશયોના ઘાટ;
જલોદર આદિ રોગનાં કારણ,-સમજી તજતાં શાંતિ સાત. ॥૨૩૦॥

જવાબદાર જીવો સઘળા છે, નિજકર્મોના જગમાં જાણ !!;
જવાબદારી નિજશિરપર છે, કૃત્યાકૃત્યની મનમાં માન!!. ॥૨૩૧॥

જવુંને આવવું કર્મપ્રમાણે, સર્વજીવોનું જ્યાં ત્યાં થાય;
જે જે ઉપાયે આત્મશુદ્ધિકર,-તે તે કરજે ધરીને ન્યાય. ॥૨૩૨॥

જહાલ થા !! ના શાંતકાર્યમાં, જહાલ ઉપર ભમતો કાલ;
જહાલ થાવું વિના વિચારે,-અધર્મમાર્ગે તે દુઃખકાર. ॥૨૩૩॥

જંખના પાપી તે સહુ તજજે, ધાર્મિકજંખના કરવી બેશ;
જંખવાણા પડતા જૂઠાઓ, જગમાં વૈર કુસંપ ને ક્લેશ. ॥૨૩૪॥

જંગમ બાવાઓનું ટોળું,-દક્ષિણદેશમાં હિંદમાં જોય;
જંગમ સ્થાવર જીવો સઘળા, આત્મસમા દેખો!! સુખ હોય. ॥૨૩૫॥

જંગલમાં પણ મંગલ પ્રગટે, પૂર્વપુણ્યથી જ્યાં ત્યાં દેખ !!;
જંગલીજટ અજ્ઞાનીઓની,-પડતી પાપદશા છે પેખ !!. ॥ ૨૩૬ ॥

જંતુ વિદ્યા અભ્યાસી થા !!, સર્વજીવોનું કરજે જ્ઞાન;
જંદ અવસ્તા જરથોસ્થીનું, ધર્મનું પુસ્તક છે મન માન. ॥૨૩૭॥

જંપ છે આત્મિક સુખવાદીને, માને જે આતમમાં સુખ;
જંપ નહીં જડસુખવાદીને, જડભોગોમાં કેવલ દુઃખ. ॥ ૨૩૮ ॥

જંપાપાત ન કરજે ક્યારે, જીવંતાં કદિ મળશે શાન્તિ;
જાગતાને ભય દુઃખ ન પ્રગટે, ઉંઘમાં પ્રગટે છે બહુ ભ્રાંતિ. ॥૨૩૯॥

જાગરણ કરજે ધર્મ કાર્યમાં, આત્મજ્ઞાન તે જાગ્રત્ભાવ;
જાગતી જ્યોત છે વ્યક્તશક્તિયો, આતમની જલ્દી પ્રગટાવ!!.॥૨૪૦॥

જાગૃતિથી વંચાય ન કોઈ, જાગરૂક સારાં ધર્મી લોક ;
જાગવા કરતાં ઉંઘતાં સારાં,–પાપી લોકો પાડે પોક. ॥ ૨૪૧ ॥
જાજરૂ જ્યાં માણસ ત્યાં થાતું, અંતે જાજરૂં શરીર થાય;
જાણે સાપેક્ષાએ તેને, સઘળું સમ્યક્પણે પ્રણમાય. ॥ ૨૪૨ ॥
જાણભેદુથી સાવધ રહેવું, જાણે અજાણે ભૂલો થાય;
જાણપણાનો ગર્વ ન કરવો, જાણે તે ભૂલે છે ન્યાય. ॥ ૨૪૩ ॥
જાતિ સ્વભાવ ટળે નહીં ક્યારે, જાતિ વૈર ત્યાં પ્રેમ ન હોય ;
જાતે તપાસી કાર્યો કરવાં,–જેથી ભૂલો થાય ન કોય. ॥ ૨૪૪ ॥
જાત્યંધનો અપરાધ ન ભારે, જે નહીં દેખી શકે પદાર્થ;
જાણ્યાં છતાં જે કરે કદાગ્રહ, લહે નહીં તે સુખ પરમાર્થ. ॥૨૪૫॥
જાણ્યું તેનું સત્ય છે જેનું,–મનડું મોહે નહીં લેપાય ;
જાણ્યું તેનું સત્ય છે જેનું, સદ્વર્તન સાચું વર્તાય ॥ ૨૪૬ ॥
જાયુકનું જે ધર્મનું ભાતું, તે ધારી લે તારી સાથ ;
જુવાનીમાં સત્કર્મો કર !!, ભજ !! તું દિલમાં ત્રિભુવનનાથ. ॥૨૪૭॥
જાદુ, પ્રભુની સેવા ભક્તિ, સર્વ જાતના પરોપકાર;
જાદુ મંત્રોનું ઘર આતમ, જાદુગર આતમ નિર્ધાર. ॥ ૨૪૮ ॥
જાનની રક્ષા કરવી વિવેકે, સૌને વ્હાલો છે નિજ જાન;
જાન સ્વપરને વ્હાલા લાગે, જાણી હર !! નહીં અન્યના પ્રાણ.॥૨૪૯॥
જીવજાન જે દોસ્તો સારા,–તે પણ અંતે ચાલ્યા જાય;
જગત્ મુસાફરખાનું મોટું, જીવો આવે જાય સદાય. ॥ ૨૫૦ ॥
જાણ પિછાણ ન જેની તે પર, મૂકી દો નહીં ઝટ વિશ્વાસ;
જાણી પરિચય કરી વિશ્વાસી,–થાતાં ખત્તા લહો ન ખાસ. ॥ ૨૫૧ ॥
જાની માશુક પ્રિયા હૃદયમાં,–શુદ્ધ બુદ્ધિ સાચી છે ધાર !!;
જાનિ સ્ત્રી સાથે નહીં આવે, પરભવમાં જાતાં નિર્ધાર. ॥ ૨૫૨ ॥
જાપક થા !! તું પરાપશ્યંતી, ભાષામાં પ્રભુ નામનો બેશ;
જાપતો રાખી મન ઇન્દ્રીપર,–ચાલો !! શિવપુર પ્રતિ હમેશ ॥૨૫૩॥
જાફ્ત તે શુદ્ધપ્રેમથી દેવું,–એવી જાફ્તથી શિવ થાય;
જાફ્ત સાચુણ લેવડ દેવડ આત્મરૂપે જ્યાં સુખ પ્રગટાય. ॥ ૨૫૪ ॥

જીવદયા સમ ધર્મ ન કોઇ, જીવંતો છે દયાનો ધર્મ;
જીવનનાં સાધન સહુ રક્ષો !!, જીવન ગાળો !! કરી સત્કર્મ. ।।૨૮

જીવનદોરી ધર્મ છે સારો, જીવનદોરીને સંભાળ !!;
જીવતો નર જગમાં સુખ પામે, નિજ જીવનને કદિ ન રાસ !!. ।।૨૮

જીંહાને શુભ કાર્યમાં વાપર !!, કર !! નહીં તેનો દુરૂપયોગ;
જીમૂતથી જીવે છે જીવો, અજીર્ણ મૂલ જ અનેક રોગ. ।। ૨૮

જીવેજાન ગણ સર્વજીવોને, સર્વજીવોનું હિતકર બેશ;
જુગારખાનું દુર્ગુણ સ્થાનક, જુગારથી પ્રગટે છે કલેશ. ।। ૨૮૬

જૂત્તાં ખાતાં સાન ન પાવે, તે છે મૂર્ખોનો શિરદાર;
જુદાઈ જ્યાં છે કુદરતથી ત્યાં, એકતા થાવે નહીં લગાર. ।। ૨૮૭

જુહારો જિનવરનાં ચૈત્યોને, આતમને જિન કરવા હેત;
જેઠમાસ છે સર્વમાં મોટો, વૃષ્ટિ ઉપયોગે સંકેત. ।। ૨૮૮

જોખમ કો'ને કર !! નહીં ક્યારે, જોખમહેતુ વિચારી ચાલ !!;
જોખમકારકથી રહે સાવધ, સરખી જોડ આનંદ ખ્યાલ ।। ૨૮૯

જોડાઓ શુભ કાર્યમાં આતમ !!, નિષ્કામે કર !! આત્મપ્રકાશ
જોડા પહેરી ચાલો !! આગળ, જગમાં કાંટા બહુ ચોપાસ. ।।૨૯

જ્વરનુ મુખ્ય છે કારણ મોટું, કુમલ છે કુપિત તે જાણો ખાસ
જ્વરાદિમાં ઉપવાસ છે સારો, જ્વરાંકુશે છે જ્વરનો નાશ. ।। ૨૯૧

જ્વાળા શીત છે જગમાં જ્યાં ત્યાં, હેતુ અહેતુ સુખ દુઃખમાંહ્ય
જ્વાલામુખી તે મનમાં ઈર્ષ્યા,-ટળે રહે નહીં દુઃખો ક્યાંય. ।।૨૯

જ્યાં ત્યાં સજ્જન દુર્જન લોકો, જ્યાં ત્યાં ભૂતોને છે જીવ;
જ્યાં ત્યાં પિંડમાં જેવું તેવું, બ્રહ્માંડે જાણો !! જ સદીવ. ।। ૨૯

જૂલ્મી હિંસક ધર્માન્ધક જગ, ધર્મીકોમો વર્તે જ્યાંય;
જોરાવર ને બળ કળવાળા,-ધર્મીઓથી ત્યાં જીવાય. ।। ૨૯

જૂલ્મ અનીતિમાં નહીં ધર્મજ, હિંસા જૂલ્મે ધર્મ ન સત્ય;
જૂલ્મ કરે જે ધર્મના નામે, હિંસા કરે ત્યાં અધર્મકૃત્ય. ।। ૨૯

જૂઠો ધર્મ જગતમાં એ છે,-જેમાં હિંસા જૂલ્મની વાત;
જૂઠો ધર્મ તે જેમાં મિથ્યા,-મોહે વિધર્મીઓની ઘાત. ।। ૨૯

જૂઠો ધર્મ તે વિધર્મીઓનો, ધર્માંધે જ્યાં ઘાતો ઘાત;
જૂઠને પાખંડ ધર્મમોહથી,–કરવાની વૃત્તિ જ્યાં ખ્યાત. ॥ ૨૯૭ ॥
જૂઠા ધર્મી નાસ્તિકોનો,–ધર્માંધક થઇ કરો ! ! ન નાશ;
જગમાં જૂઠા સાચા ધર્મો,–સૌને જીવનની છે આશ. ॥ ૨૯૮ ॥
જબરાઈથી જૂલ્મ અનીતિ, કરી વિધર્મી ઉપર ત્રાસ;
જગમાં અન્યને સ્વધર્મી કરતાં, પાપ અનીતિ જાણો ! ! ખાસ. ॥૨૯૯॥
જોર જૂલ્મ હિંસાદિક દોષે,–સ્વધર્મીઓની કરે જે વૃદ્ધિ;
જગમાં સાચો ધર્મી ન તે છે, કરે ન તે નિજ આતમશુદ્ધિ. ॥૩૦૦॥
જ્યાં ત્યાં સર્વજીવોના હિતમાં, મન કાયાને વાપર ! ! બેશ;
જ્યાં ત્યાં દયા ને સત્યથી ધર્મ છે, ચોરી જારી તજે ન કલેશ.॥ ૩૦૧ ॥
જ્યાં ત્યાં પરહિત પરોપકારે, જીવવું તે છે ધર્મનું સ્વર્ગ;
જ્યાં ત્યાં હિંસા જૂઠ ને ચોરી, જારીનું જીવન છે નર્ક. ॥ ૩૦૨ ॥
જ્યાં ત્યાં થાતા જૂલ્મ નિવારો ! !, અત્યાચારો થતા નિવાર ! !;
જ્યાં ત્યાં જગમાં દયા સત્ય ને, શુદ્ધપ્રેમનો કરો પ્રચાર ! ! ॥૩૦૩॥
જ્યાં ત્યાં જગમાં નીતિ પ્રચારો ! !, પ્રપંચવાળી નીતિ ત્યાગ ! !;
જ્યાં ત્યાં સૌના કલ્યાણોની,–પ્રવૃત્તિયોમાં લેવો ભાગ. ॥ ૩૦૪ ॥
જ્યાં ત્યાં દેશ વર્ણ ને ધર્મના,–નામે દ્વેષ ને ભેદ નિવાર ! !;
જ્યાં ત્યાં પ્રભુને મનમાં ધારો ! !, દેશ કાલ અનુસારે ચાલ ! !.॥૩૦૫॥
જ્યાં ત્યાં જગમાં દુર્ગુણ વ્યસનો, પ્રગટેલાને બોધે વાર ! !;
જ્યાં ત્યાં જીવોને નિષ્કામે, રક્ષો ! ! ધરી સારા આચાર. ॥ ૩૦૬ ॥
જ્યાં ત્યાં જગને સ્વર્ગ સમું કર ! !, સ્વાર્થે અનીતિ જૂલ્મ ન ધાર ! !;
જેનું તેનું સારૂં કરવું, નબળાંને સબળાંથી ઉગાર ! !. ॥ ૩૦૭ ॥
જીવનનો હક્ક સર્વજીવોનો, સર્વખંડમાં એક સમાન;
જબરાઇથી અનીતિ જૂલ્મે,–લેશો નહીં અન્યોના પ્રાણ. ॥ ૩૦૮ ॥
જીવન નિર્દોષી પ્રભુમય શુભ, પાપીજીવને જીવવું નર્ક;
જીવન નર્ક સમું ટાળીને,–નિજ જીવનને કરજે સ્વર્ગ. ॥ ૩૦૯ ॥
જીવુ પ્રભુપદ વરવા માટે, જીવું જીવોના હિતકાજ;
જીવું જાગી જગજીવોને,–જગાડવા લેવા પ્રભુરાજ્ય. ॥ ૩૧૦ ॥

જીવું પ્રભુમાં રહીને જાગ્રત્,-ભાવે કરવા આતમશુદ્ધિ;
જીવું જીવોને મુજ આતમ,-સરખા ધારી આતમ બુદ્ધિ. ॥ ૩૧૧ ॥

જીવું મોહનો ક્ષય કરવાને,-પ્રગટાવવાને કેવલજ્ઞાન;
જીવું હું આતમને ધ્યાને, કરવાને પરમાતમ જાણ. ॥ ૩૧૨ ॥

જીવન મારૂં જગહિત કરવા,-શુદ્ધાતમ થાવા નિર્ધાર;
જીવું આયુષ્ય યોગે-તેમાં, સમભાવે રહેણી સુખકાર. ॥ ૩૧૩ ॥

જાણ્યું અનુભવ્યું લખ્યું ગ્રન્થમાં,-તેમાં ભૂલ ચૂક જે હોય;
જનતા તેહ સુધારી લેજો, ભણ્યા ગણ્યા પણ ભૂલે જોય. ॥ ૩૧૪ ॥

જાણ્યું તેહ પ્રકાશ્યું ભાવે,-એમાં જે કંઇ લાગે સત્ય;
જનતા તેને ગ્રહશો જ્ઞાને, પરમાર્થે કીધું છે કૃત્ય. ॥ ૩૧૫ ॥

જનતા આગળ માફી માગું, ગ્રન્થાદિકમાં કરી જે ભૂલ;
જગમાં જાહેર જીવન મારૂં,-સઘળું નહીં સૌને અનુકૂલ. ॥ ૩૧૬ ॥

જાગંતી જાતિ જગ જીવે, ઉંઘંતી પામે છે હાર;
જાગતી જાતિ તેને કહીએ, બાહ્યાંતર્ શક્તિ ભંડાર. ॥ ૩૧૭ ॥

જનતાને અનુકૂલ આવે તે,-ધર્મો જગમાંહી ફેલાય;
જનતાને અનુકૂલ જે ધર્મ ન,-સાચો પણ જગ સંકોચાય. ॥ ૩૧૮ ॥

જાહેરમાં જીવી ન શકે તે, ભીરૂ અજ્ઞાની નાદાન;
જગમાં તેનું નામ રહે નહીં,-જેઓમાં જડતા અજ્ઞાન. ॥ ૩૧૯ ॥

જીવન શક્તિયો જ્યાં ઉલ્લસે, તે જાતિયો જગ ફેલાય;
જીવન શકિતયો જ્યાં ઉલ્લસે, તે ધર્મો જીવંત સુહાય. ॥ ૩૨૦ ॥

જીવનપ્રદ બાહ્યાંતર્ સઘળી,-શક્તિને પ્રગટાવે જેહ;
જીવે તે લોકો જગમાંહી,-એવા જૈનો બનો !! સુદેહ. ॥ ૩૨૧ ॥

[illegible]વનશક્તિયો બાહ્યાંતર્, પ્રગટાવે તે જીવ્યા જાય,
[illegible]વનશક્તિવણ બહુ જાતિ, જગમાં હારી દુઃખી થાય. ॥ ૩૨૨ ॥

[illegible]!! જીવનશક્તિયોથી, મડદાં થઇને [illegible]ં જીવાય;
[illegible] સમું તે ગુલામી,-જીવન [illegible] ણાય. ॥ ૩૨૩ ॥

[illegible] મરણ પછીથી, આતમ[illegible]
[illegible] આંતર, બાહ્યજીવ [illegible] ॥ ૩૨૪ ॥

જીવનનાં સહુ સૂત્રો જાણો !!, જીવંતજાતિ લક્ષણ ધાર;
જીવીને જીવાડો સૌને, જાગી અન્યોને જ જગાડ !!. ॥ ૩૨૫ ॥

જીવવું પ્રભુમાં રહી પ્રભુભાવે, પ્રભુમાં રહીને જગમાં જીવ !!;
જીવો એવું કે જેથી તું, જીવંતો જગ બને જ શિવ. ॥ ૩૨૬ ॥

જીવન નિર્દોષી તુજ સારૂં. આત્મશુદ્ધિનું જે કરનાર;
જીનવરરૂપ થાવાને માટે, ત્હારો જન્મ છે જગનિર્ધાર. ॥ ૩૨૭ ॥

જન્મ છે તારો જીન થાવાનો, જન્મ છે તારો પ્રભુપદ હેત;
જીવનગાળો ધર્મે સઘળું, મોક્ષદશાના એ સંકેત. ॥ ૩૨૮ ॥

જીવો !! વિશ્વજીવોના માટે, સૌના જીવ્યામાંહી જીવ !!;
જગમાં જીવવું મોક્ષાર્થે શુભ,-જેથી આતમ થાવે શિવ. ॥ ૩૨૯ ॥

જીવોની રક્ષાર્થે જીવો !!, સકલજીવોની કરજે સેવ;
જીવોદિલમાં પ્રભુને રાખી,-તો તું આતમ થાવે દેવ. ॥ ૩૩૦ ॥

જગજીવોની જયણા પાળો !!, જીવદયા સમ કોઈ ન ધર્મ;
જીવદયામાં :જૈનધર્મ છે, સર્વધર્મનો એ છે મર્મ. ॥ ૩૩૧ ॥

જીવદયાવણ ધર્મ નહિં છે, જીવદયાથી થાવે મોક્ષ;
જગજીવોના દુઃખો ટાળો !!,-તેથી રહે ન પ્રભુ પરોક્ષ. ॥ ૩૩૨ ॥

જગજીવોનાં સંકટ હણુશો, સ્વાર્થભેદના તજીને ક્લેશ;
જગજીવોના રોગો ટાળો !!,-તેથી આનંદ હોય હમેશ. ॥ ૩૩૩ ॥

જેવું નિજનું જીવન વ્હાલું,-તેવું અન્યજીવોનું જાણ !!;
જાણી એવું પ્રભુને મળવા, દયા કરંતાં છંટો પ્રાણ. ॥ ૩૩૪ ॥

જીવવું સર્વજીવોને વ્હાલું, મરવામાં સૌને છે દુઃખ;
જીવાડો !! જગજીવોને સૌ, દયાધર્મમાં પ્રગટે સુખ. ॥ ૩૩૫ ॥

જીવોને મારો !! નહિં ક્યારે, પશુપંખીના રહો !! પ્રાણ;
જીવોને નિજજીવના જેવા, જાણી વર્તો !! દયો !! સુખદ્દાણ. ॥૩૩૬॥

જીવોની રક્ષા કરવામાં,-સમાઈ જાતા સઘળા ધર્મ;
જીવદયા ત્યાં સર્વધર્મ છે, સર્વધર્મનો એ છે મર્મ. ॥ ૩૩૭ ॥

જીવોની જયણા કરવામાં,-ઉપયોગે પ્રગટાતો ધર્મ;
જીવદયા કર !! દવ્યને ભાવે, નાસે જેથી સઘળાં કર્મ. ॥ ૩૩૮ ॥

જીવદયા કર !! વ્હાલ ધરીને, સર્વજીવોની હિંસા ત્યાગ!!;
જીવદયાથી પુણ્ય વધે છે, જ્ઞાનધ્યાન પ્રગટે વૈરાગ્ય. ॥ ૩૩૯ ॥

જીવદયાવણ ધર્મ નહિં છે, જીવદયાવણ છે નહિં ત્યાગ;
જીવદયામાં સેવા ભક્તિ, જીવદયામાં પ્રભુનો રાગ. ॥ ૩૪૦ ॥

જીવદયામાં ભક્તપણું છે, જીવદયામાં જ્ઞાન ને ધ્યાન;
જીવદયાને જેહ કરે નહિં, હિંસક તે જાણો !! શયતાન. ॥ ૩૪૧ ॥

જીવદયાવણ મુક્તિ મળે નહિં, પ્રભુકૃપા પણ મળે ન લેશ;
જીવદયાવણ સ્વર્ગ મળે નહિં, જીવદયાવણ દુઃખ હમેશ. ॥૩૪૨॥

જગજીવોનું યથાશક્તિથી,-ભલું કરવામાં દયા સમાય;
જગજીવો જ્યાં આત્મસમા છે,-ત્યાં પ્રભુની પ્રીતિ પ્રગટાય. ॥૩૪૩॥

જીવો આત્મસમા જ્યાં ભાસ્યા,-ત્યાં આતમ પ્રભુરૂપ સુહાય;
જીવદયા ત્યાં સત્યધર્મ છે, દયાવિના નહિ ધર્મ ગણાય ॥ ૩૪૪ ॥

જગજીવોનાં દુઃખો કાપો !!, દયાધર્મ એ દિલમાં લાવ !!;
જીવદયાના સર્વે ભેદો, જાણી તે દિલમાં પ્રગટાવ !!. ॥ ૩૪૫ ॥

જોતાં જોતાં ચાલી ગયા બહુ, જોડીલા તુજ નજરે પેખ !!;
જન્મ્યા તે તો મરતા નક્કી, જાણી મિથ્યાભાવ ઉવેખ !!. ॥૩૪૬॥

જેની છે ઉત્પત્તિ જગમાં,-તેનો અંતે થાય વિનાશ;
જગમાં ઉત્પત્તિ વ્યય ધ્રુવતા, સર્વતત્ત્વમાં જાણો !! ખાસ. ॥૩૪૭॥

જડવસ્તુથી આતમ ન્યારો; ચિદાનંદમય આતમદેવ;
જગમાં સૌનો જ્ઞાતા આતમ, સમ્યગ્જ્ઞાને સમજી સેવ !!. ॥૩૪૮॥

જગજીવોને હણો !! ન ક્યારે, હણાવશો નહિં દઈ સંતાપ;
જીવોને પીડો !! નહિં ક્યારે, જીવને દુઃખવવામાં પાપ. ॥ ૩૪૯ ॥

જીવો એકેન્દ્રિયાદિ સૌ, પંચેન્દ્રિ પર્યંત તે જાણ !!;
જીવો સાથે અનંત સગપણ, અનંત વેળા કીધાં માન !!. ॥૩૫૦॥

જાણ્યું દેખ્યું ન્યારૂં જે સૌ, પોતાનું તે કદી ન થાય;
જાણી એવું આતમ ચેતો, પુણ્ય ધર્મ સાથે સુખદાય. ॥ ૩૫૧ ॥

જાવું આવવું ભવમાં સૌને, દેહો વસ્ત્ર પરે બદલાય;
જાણી એવું આતમ ચેતો !!, જ્ઞાની દેહમાં મોહ ન પાય. ॥૩૫૨॥

જાવારે !!! મિથ્યા સૌ વાતો, એક પ્રભુનું ધરજે ધ્યાન;
જોઈલે !! અંતર્ સુખ ત્હારૂં, મૂકીદે !! મમતા ને માન. ॥૩૫૩॥
જૂઠાથી જીવો નહિ છેતર !!, જોડીલાને કરજે સહાય;
જોડીલાને જગાડ!! આતમ!!, જબરાથી જગમાં જીવાય. ॥ ૩૫૪ ॥
જબરો થા !! તું સ્વાર્પણ યોગે, મરવાની ભીતિને વાર ! !;
જૂલ્મીઓને નમ્ર બનાવો !!, દુર્ગુણ દોષો હરિ નિર્ધાર. ॥ ૩૫૫ ॥
જૂલ્મીઓથી ડરી ન જાવું, જૂલ્મીઓના જૂલ્મો વાર !!;
જૂલ્મો કરો!! નહિ પ્રાણાંતે પણ, જૂલ્મમાં હિંસા પાપ અપાર.॥૩૫૬॥
જૂઠાણું નભતું નહિં લાંબું, જૂઠાણાથી માન હણાય;
જૂઠાણાથી પ્રતીત ટળતી, જૂઠાણાથી શાન્તિ ન થાય. ॥ ૩૫૭ ॥
જૂઠાણાથી વિશ્વાસી નહી, જૂઠાણાથી પાપની વૃદ્ધિ;
જૂઠાણું તજવાથી નક્કી, વધતી આતમગુણની વૃદ્ધિ. ॥ ૩૫૮ ॥
જૂઠાણાથી લાભ મળે પણ, અંતે હાનિ બહુલી થાય;
જૂઠી મોહની બાજી સઘળી, જૂઠાણું જીતે સુખ થાય. ॥ ૩૫૯ ॥
જાહેરમાં જૂઠું ને સાચું, જાહેરમાં છે પુણ્ય ને પાપ;
જાહેરમાં છે ઝેર ને અમૃત, જાહેરમાં શાંતિ સંતાપ. ॥ ૩૬૦ ॥
જાહેર છે જ્ઞાનીને સઘળું, છાનું નહિં જ્ઞાનીને કોઈ;
જાણી એવું પાપ કરો !! નહિં, પાપે અંતે રહેશો રોઈ. ॥ ૩૬૧ ॥
જાણી ને જૂઠું નહિ કરજે, જાણીને ચેતન !! નહિં ભૂલ !!;
જાણીને વિષને નહિ પીજે, જૂઠામાં ચેતન ! નહિં ફૂલ !!.॥ ૩૬૨ ॥
જાણીને જે પાપ કરે તે, જગમાંહી મોટો નાદાન;
જાણીને જે પાપ કરે નહિં, તેનું જાણો !! સાચું જ્ઞાન. ॥ ૩૬૩ ॥
જગજીવોના જાન બચાવો !!, અભયદાન મોટું કહેવાય;
જગજીવોના શુભમાં જીવો !!,–એ જીવ્યું ઉત્તમ કહેવાય. ॥૩૬૪॥
જગમાં દુઃખીજીવોને તું, આપ !! દિલાસો લાવી પ્રેમ;
જગમા દુઃખીજીવો ઉપર,–સદા ધાર!! તું સાચી રહેમ. ॥૩૬૫॥
જૂઠી જગના જે જંજાળો, તેમા લેશ ન આતમ ! ! રાચ ! !;
જૂઠી સ્વપ્ના જેવી બાજી, એક પ્રભુનો ધર્મ છે સાચ. ॥ ૩૬૬ ॥

જબરા સાથે નબળાઈથી, રહેવાથી મરવાનું થાય;
જબરા સાથે જબરાઈથી, રહેવાથી જગમાં જીવાય. ॥ ૩૬૭ ॥
જે કાલે જે ક્ષેત્રે કરવું, ચોગ્ય તે કર !! સમજીને સત્ય;
જે આવશ્યક કરવું ઘટે તે, કરજે સાચું ધાર્મિક કૃત્ય. ॥ ૩૬૮ ॥
જેની સાથે મેળ મળે નહિ, જેની સંગે પ્રગટે દુઃખ;
જેની સંગે રહે ન શાંતિ,-તેથી દૂર રહંતાં સુખ. ॥ ૩૬૯ ॥
જોર કરીને જૂલ્મ કરો !! નહિ, જોરાવર થઇ તજ !! અન્યાય;
જોરાવરથી નબળાઓને,-માર્યાથી નિજ જોર હણાય. ॥ ૩૭૦ ॥
જોરને વાપર !! સારા માર્ગે, ધર્મકર્મમાં વાપર !! જોર;
જોર કરીશ નહિં પાપ ક્રિયામાં, જેથી પ્રગટે શોર બકોર. ॥૩૭૧॥
જોરને વાપરજે નહિં પાપે, જોર બળે નહિં બાંધો !! પાપ;
જોરથી જૂલ્મ અનીતિ કરતાં, જોરથી વધતા બહુ સંતાપ. ॥૩૭૨॥
જોડીલાથી ઝેર ન કરજે, જોડીલાપર કર !! નહિં ખેદ;
જોડીલાને સહાય આપો !!, જોડીલાથી કરો !! ન ભેદ. ॥ ૩૭૩ ॥
જંગમ સ્થાવર તીર્થને પૂજો, જનની જનક તે તીરથ જાણુ !!;
જંગમતીરથ સદ્ગુરૂવર છે, સદ્ગુરૂ માન કરો !! ગુણખાણુ. ॥૩૭૪॥
જંગમતીરથ જનની મોટી, દુઃખવ !! નહિં જનનીદિલ લેશ;
જનની માટે અર્પાઇ જા !!, જનનીના હરવા સૌ કલેશ. ॥ ૩૭૫ ॥
જેણીએ નવમાસ લગી બહુ,-દુઃખો વેઠ્યાં આણી ભાવ;
જગમાં જનનીસમ નહિં મોટું, જનની સેવાના લે લ્હાવ!!. ॥૩૭૬॥
જનની જનકને સેવો !! ભાવે, જગમાં મોટો તસ ઉપકાર;
જંગમતીરથ પ્રથમ એ બે છે, ઉપકારીમાં બે શિરદાર. ॥ ૩૭૭ ॥
જનની જણજે ભક્તને દાતા, ધર્મમાર્ગનો જણજે શૂર;
જનની જણજે ધર્મી બાલક,-જેથી વધતું જગનું નૂર. ॥ ૩૭૮ ॥
જનનીના દુર્ગુણ નહિં જોવા, જનનીના દોષો નહિં બોલ !!;
જનનીના સ્હામું નહિં બોલો !!, જનનીનાં છિદ્રો નહિં ખોલ!!. ૩૭૯
જનનીના ઉપકારને દેખો !!, જનનીને દેશો નહિ ગાળ;
જનની પ્રભુના જેવીમોટી, તેની આગળ રહેજે બાળ. ॥૩૮૦॥

જોઇને નિશ્ચય કર !! તારો, દેહથકી ન્યારો તું નિત્ય;
જોઇ લે !! તું સ્વરૂપ તારૂં, ધ્યાને આત્મ કરો !! પવિત્ર. ॥ ૩૮૧ ॥
જાગીલે !! તું સમકિત જ્ઞાને, પલપલમાં અંતરમાં જાગ !!;
જુદો છે પુદ્ગલથી આતમ !!,—કર !! પોતાનો પોતે રાગ. ॥ ૩૮૨ ॥
જાગંતો આતમ છે સુખિયો, જાગંતાને કાળ ન ખાય;
જાગે આત્મસ્વભાવે સંતો, જન્મ મરણને તે નહિં પાય. ॥ ૩૮૩ ॥
જો !! તું તારા ગુણ ને દોષો, દોષોને દેખી કર !! દૂર;
જ્યોતિ જ્યોત જગાવો !! આતમ !!, અસંખ્યપ્રદેશી છો ભરપુર. ૩૮૪
જાગો !! આતમ !! પલપલ જ્ઞાને, થાઓ !! પરમાતમ જગબુદ્ધ;
જાણીને ઉંઘો !! નહિં આતમ !!, ગુણપર્યાયને કરશો શુદ્ધ. ॥ ૩૮૫ ॥
જીતો !! આતમ !! મોહમલ્લને, વાંચ્છિત સુખ પામો !! ભરપૂર;
જીતો !! આતમ !! કષાયને ઝટ, આતમનું પ્રગટાવો !! નૂર. ॥ ૩૮૬ ॥
જાણ્યું તારૂં સઘળું માનું, મોહવૃત્તિને કરતાં દૂર;
જીત કરી લ્યો !! મનની ઉપર, જગમાંહી થાસો મશહૂર. ॥ ૩૮૭ ॥
જીતો !! આતમ !! યોગાભ્યાસે, ધ્યાન સમાધિને પ્રગટાવ !!;
જાણ્યો આતમ !! તો સૌ જાણ્યું,—એવો નિશ્ચય મનમાં લાવ !!. ૩૮૮
જાણી ભૂલ કરો !! નહિં આતમ !!, જાણી માયામાં નહિં ડૂલ !!;
જોજે ન્યારૂં જડથી નિજને, તનધન સત્તાથી નહિં ભૂલ !!. ॥૩૮૯॥
જાણ્યું તારૂં લેખે આવે, રાગરોષમાં જો !! નહિં લેપ;
જાણી ધર્મ કરો !! ઝટ આતમ !!, લાગવા દે !! નહિં કર્મનો ચેપ. ૩૯૦
જુઓ !! સાંભળો !! કાર્ય કરો !! સૌ, પણ અંતરમાં થા !! નિઃસંગ;
જોનારો તું સાક્ષી ભાવે,—વર્તે તો નહિં કર્મનો રંગ. ॥ ૩૯૧ ॥
જાણો !! જાણવા યોગ્યજ સઘળું, દેખવા યોગ્યજ દેખો !! સર્વ;
જાણી છૂટી પડો !! ન પાછા, કર્તાપણાનો ધરો !! ન ગર્વ. ॥ ૩૯૨ ॥
જુગાર છંડો વિવેક ધારી, જુગારથી પ્રગટે બહુ પાપ;
જુગારથી સ્થિર મન નહિં રહેતું, જુગારથી બહુલા સંતાપ. ॥૩૯૩॥
જુગારીનું મનડું બહુ ચંચળ, જુગારીમાં પ્રગટે છે દોષ;
જુગારીમાંથી સદ્ગુણ ટળતા, જુગારીને છે નહિં સંતોષ. ॥ ૩૯૪ ॥

જુગારી છે પાખંડી મોટો, જુગારીનું જૂઠું છે જોર;
જુગારીઓને જેહ સુધારે, તે સંતોનું સાચું તોલ. ॥ ૩૯૫ ॥

જંજાળોમાં જકડાઈને, પ્રભુભજનને લેશ ન ભૂલ !!;
જોતાં જોતાં દુનિયા બાજી, અંતે દેખાશે સૌ ધૂળ. ॥ ૩૯૬ ॥

જોતાં જોતાં ચાલ્યા કેઈક, જોતાં જોતાં કેઈક જાય;
જોનારા પણ જોતાં જાશે, જન્મ્યા એ તો જરૂર જાય. ॥ ૩૯૭ ॥

જોને તારી આંખ ઉઘાડી, જોડીયા તુજ ચાલ્યા જાય;
જાવું પડશે સૌને અંતે, મોહ ધરીને શું મલકાય. ॥ ૩૯૮ ॥

જોયું સઘળું ચાલ્યું જાતું, સ્વપ્નાની બાજીસમ જાણ !!;
જોતાં કેઈક ઘલાણા ભૂલે, અનેક બાળ્યા દેખ !! મશાણ. ॥ ૩૯૯ ॥

જોતાં ચસમાં પહેરી શું મહાલે, રોફ થશે તારો સૌ ફોક;
જાગી જોને પ્રભુ ભજી લે !!, મરતાં અંતે પડતી પોક. ॥ ૪૦૦ ॥

જગમાં જન્મીને તે હાર્યો, જે પામ્યો નહિં સમ્યગ્જ્ઞાન;
જગમાં જન્મીને તે હાર્યો, કર્યું ન જેણે પ્રભુનું ધ્યાન. ॥૪૦૧॥

જગમાં જન્મીને તે હાર્યો, જેણે કીધા રાગને રોષ;
જગમાં જન્મીને તે હાર્યો, જેણે કીધો પાપનો પોષ. ॥૪૦૨॥

જગમાં જન્મીને તે હાર્યો, વ્યભિચારનાં કીધાં કર્મ;
જગમાં જન્મીને તે હાર્યો, જેણે ન ધાર્યો પ્રભુનો ધર્મ. ॥૪૦૩॥

જગમાં જીત્યાં તે નરનારી, જેણે ટાળ્યાં રાગને રોષ;
જગમાં જીત્યા તેઓ સાચા, જેણે કીધાં સત્યનાં પોષ. ॥૪૦૪॥

જીતેલા પણ હાર્યા તેઓ, કામવૃત્તિના બન્યા ગુલામ;
જીતેલા પણ હારેલા તે,– જે પામ્યા નહી સદ્ગુણ ઠામ. ॥૪૦૫॥

જીતેલા પણ હારેલા તે, કષાયથી જીતાયા જેહ;
જગ જીપક પણ તેહ ગુલામો, મોહ ફંદમાં ફસીયા તેહ. ॥૪૦૬॥

જગને જીતે શસ્ત્રોથી જે,– તેઓની જીતોમાં હાર;
જગને જીતે વૈરાગ્યે જે, તેઓ જીનવર છે જયકાર. ॥૪૦૭॥

જીતકર્યાવણ મોહના ઉપર, દુનિયા જીત ન પામી જાય;
જીત્યાવણ મનની માયાને, કોઈ ન શાન્તિ સુખડાં પાય. ॥૪૦૮॥

જીત્યાવણ રાગાદિ દોષો, કોઇ કરે નહીં સાચી જીત;
જીતે જે પાપાદિક દોષો, સત્યજીતની પૂર્ણ પ્રતીત. ॥૪૦૯॥
જીતે મન ઇંદ્રિને જેઓ, નામવાસના જીતે જેહ;
જ્યાં ત્યાં તે શિવ શાંતિ પામે, પવિત્ર કરતો મન વચ દેહ. ॥૪૧૦॥
જેની જીતમાં હિંસા પાપો, જુલ્મ અને બહુલા અન્યાય;
જીત્યા તે જગમાં નહી જાણો !!, હાર્યા લોકોસુખિયા થાય. ॥૪૧૧॥
જેની જીતમાં દયાદિ ધર્મો, નિત્ય સત્ય અને છે ન્યાય;
જેની જીતમાં હિંસાદિક નહી, સત્ય જીત તે સુખકર થાય. ॥૪૧૨॥
જેની જીતમાં પરોપકારો, સર્વજીવનાં દુઃખ વિનાશ;
જગમાંહી જીત્યો તે સાચો, માનો !! ક્ષાયિક લહ્યો પ્રકાશ. ॥૪૧૩॥
જેની જીત છે સ્વાર્થના કામે, અન્યજીવોને થાવે દુઃખ;
જગમાં એવી જીત છે જૂઠી, નિજ પરને જેથી નહીં સુખ. ॥૪૧૪॥
જુસ્સો વાપર !! ધર્મમાર્ગમાં, અધર્મમાં વાપર !! નહીં લેશ;
જુસ્સો વાપર !! મોહને હણવા, જુસ્સો વાપર!! હણવા ક્લેશ.॥૪૧૫॥
જુસ્સો વાપર !! ભૂલને ત્યજવા, ગુણ વૃદ્ધયર્થે વાપર !! ભેર;
જુસ્સો સારો ચઢે ન જેને,-તે ગુસ્સાથી થાતો ઢોર. ॥૪૧૬॥
જુસ્સાવણ નહીં કાર્યો થાતાં, જુસ્સાથી મરદાઇ ગણાય;
જુસ્સાવણ માનવ છે નબળાં, બીકણ બનીને ખત્તા ખાય. ॥૪૧૭॥
જુસ્સો સેવાભક્તિમાંહી, ધર્મકર્મમાં વાપર !! ભવ્ય !!;
જુસ્સાથી વિવેકે આતમ !!,-કર !! સઘળાં સારાં કર્તવ્ય. ॥૪૧૮॥
જેના તેના બૂરામાંહી, જુસ્સો વાપરવો તે પાપ;
જેના તેના બૂરામાંહી, જુસ્સો વાપરતાં સંતાપ ॥૪૧૯॥
જેની તેની આત્મોન્નતિમાં,-જુસ્સો વાપરતાં છે ધર્મ;
જ્યારે ત્યારે આત્મોપયોગે,-જુસ્સો વાપરતાં છે શર્મ. ॥૪૨૦॥
જ્યાં ત્યા સદ્‌ગુરુ સાચા જોવા, જ્યાં ત્યા દુર્ગુણ જોવા ટાળ!!;
જ્યા ત્યા પરહિતકાર્યો કરવાં, પ્રભુમાર્ગમાં બુદ્ધિ વાળ!!. ॥૪૨૧॥
જ્યા ત્યા ઉપકારોને કરવા, દુર્બુદ્ધિને કરવા દૂર;
જ્યાંહી ત્યાંહી સાચું મહત્વ, આત્માનંદ વધે ભરપૂર. ॥૪૨૨॥

જ્યાં ત્યાં આત્મસ્વભાવે રહેવું, જ્યારે ત્યારે આતમભાવ;
જેવા ભાવે પ્રભુને ધ્યાઇશ,-તેવા આતમના મળશે દ્હાવ. ॥૪૨૩॥

જ્યારે ત્યારે આત્મસ્વભાવે,-રમવાથી મુક્તિ નિર્ધાર;
જ્યારે ત્યારે આત્મસ્વભાવે,-થાવું એવું નિશ્ચે ધાર !!. ॥૪૨૪॥

જ્યારે ત્યારે આત્મની શુદ્ધિ,-પૂર્ણ કરીને બનીશ સિદ્ધ;
જરૂર એવો પ્રભુપદ વરવા,-નિશ્ચય કીધો પામીશ રિદ્ધ. ॥૪૨૫॥

જે જે યોગ્ય ઘટે તે જાળવ !!, સ્વાધિકારે જાળવ !! સર્વ;
જગમાં સ્વાધિકારે કર!! સહુ, ધર્મ કરંતાં ધર!! નહિ ગર્વ. ॥૪૨૬॥

જ્યાં ત્યાં જીવાતું બળ કળથી, બુદ્ધિ શક્તિથી જીવાય;
જીવાતું શક્તિયો પામી, અશક્તથી જગ નહિ જીવાય. ॥૪૨૭॥

જીવન મંત્રો યંત્રો તંત્રો, સર્વથકી જગમાં જીવાય;
જીવન યોગ્ય જે આહારાદિક,-તેના ભોગ થકી જીવાય. ॥૪૨૮॥

જીવવું જગમાં સહેલું નહિ છે, નિર્બળ લોકો મરતા જાય;
જબરાઓ જીવે જીવાડે, એવો જગમાં કુદ્રત ન્યાય. ॥૪૨૯॥

જીવન શક્તિયો સહુ યોજવ !!, સહુના ઉપયોગે તે જોડ !!;
જીવન શક્તિયો જ્યાં નહિ છે,-ત્યાં અંતે છે માથાફોડ. ॥૪૩૦॥

જીવવું સૌના ઉપગ્રહોથી, સર્વ જીવોને જ્યાં ત્યાં જાણ !!;
જીવવું સર્વ જીવોના હિતકર,-એવું જીવવું દિલમાં આણ!!. ॥૪૩૧॥

જીવી જાણ્યા તે જગ જીવ્યા, જીવંતાં જે મર્યા પ્રમાણ;
જગમાં મર્યા પછી પણ જીવતા, સંતો ઉપકારી ગુણખાણ. ॥૪૩૨॥

જગજીવોની વ્હારે ચઢવું, જગજીવોની કરવી સેવ;
જગજીવોના માટે જીવવું, થાવા સર્વ જગતના દેવ. ॥૪૩૩॥

જગમાં અનંતજીવોના તેં, અનંતભવ લીધા ઉપકાર;
જાણી આતમ !! જગજીવોની,-સેવામાં નિજજીવન ધાર !!. ॥૪૩૪॥

[illegible]
[illegible] ॥૪૩૫॥

[illegible]
[illegible] ॥૪૩૬॥

જીવનનો એ નિશ્ચય કીધો, પરમાતમપદ વરવા ધ્યેય;
જીવીશ સાધ્ય એને વરવા,–મોહાદિના ટાળી કલેશ. ॥૪૩૭॥

જીવવું સર્વજીવોના શુભમાં, પારમાર્થિક જીવન કહેવાય;
જીવે જેઓ ખાવા માટે,–એવું પશુ જીવન કહેવાય. ॥૪૩૮॥

જીવવું તામસ્ ગુણકર્મોથી, તામસ્ જીવન એ કહેવાય;
જીવવું રાજસ્ ગુણકર્મોથી, રાજસ્ જીવન એહ ગણાય. ॥૪૩૯॥

જીવવું પરમાતમપદ માટે, સાત્વિક ગુણકર્મોથી જેહ;
જીવવું એવું સાત્વિક જાણો !!, જીવો એથી ગુણગણગેહ. ॥૪૪૦॥

જીવે જે સાત્વિક ગુણકર્મે, તેઓ સાત્વિકધર્મી ગણાય;
જીવવું સાત્વિક ગુણકર્મોથી, એ પણ સાધનતા સમજાય. ॥૪૪૧॥

જીવવું મોક્ષાર્થે એ સાચું, એવું ધ્યેય ધરી મ્હેં ચિત્ત;
જીવવું એવી સાધ્યદૃષ્ટિએ, કરીને મનવચ દેહ પવિત્ર. ॥૪૪૨॥

જુવાનીમાં ધર્મ કરીલે!!, જરામાં મનડું રહે ન સ્થિર;
જુવાનીમાંહી જાળવ !! જોબન, સંકટ–દુ:ખ સહી થા !! ધીર. ॥૪૪૩॥

જુવાનીછે નદીરેલસમી જગ, ચંચલ વાનર અશ્વ સમાન;
જુવાનીને જીત્યા જેઓ, નિર્દોષી જ્ઞાની ભગવાન્. ॥૪૪૪॥

જુવાનીના જોરને જાળવો!!, કાયાદિના વીર્યને રક્ષ !!;
જુવાનીમાં બ્રહ્મચર્યથી, આત્મવીર બને છે દક્ષ. ॥૪૪૫॥

જુવાનીમાં સત્કાર્યો કરો!!, જુવાનીમાં કામને વાર!!;
જુવાનીમાં યોગ્યધર્મ કરો!!, ભૂલોથી જુવાની ન હાર. ॥૪૪૬॥

જુવાનીમાં મનપરકાબૂ,–ધરીને સારા માર્ગે ચાલો!!;
જુવાની પ્રભુપ્રાપ્તિ માટે,–જાણી પ્રભુમાં મનડું વાળો!!. ॥૪૪૭॥

જુવાનીમાં જૂતાં ખા !! નહીં, દેવગુરૂને હાથ બે જોડ !!;
જુવાનીમાં પાપની ટેવો,–ત્યજીને જૂઠી કર !! નહીં હોડ. ॥૪૪૮॥

જુવાનીમાં છાકી જા!! નહીં, જુવાનીના મદને ત્યાગ!!;
જુવાની મહાપુણ્યે પામી,–દેવગુરૂપર ધરજે રાગ. ॥૪૪૯॥

જુવાનીની સ્ટીમર તારી, ભવોદધિમાં સીધિ ચલાવ!!;
જુવાનીમાં ભવોદધિને,–પેલીપાર ઉતારો !! નાવ. ॥ ૪૫૦ ॥

જરા અવસ્થા આવે જ્યારે, દિનક્ષિણુ માંદો થઇ જાય;
જોર ન જબરાઇ ત્યાં ચાલે, જ્યારે સામો કાલ જણાય. ॥ ૪૫૧ ॥

જેવી ભાવના તેવો તું છે, જેવી ભાવના તેવી સિદ્ધિ;
જેવો ધારીશ તેવો થાઈશ, પામીશ ધારીશ તેવી રિદ્ધિ. ॥૪૫૨॥

જેને જેવું રૂચે તેવું, મીઠું લાગે મનમાં જાણુ!!;
જેને જેવી દશા છે તેવું,–મીઠું લાગે રૂચે માન. ॥ ૪૫૩ ॥

જેને જેવું રૂચે તેવું, લાગે ઇષ્ટ કરે તે કાજ;
જેને જેવી યોગ્યતા તેવું, તેના મનમાં છે સામ્રાજ્ય. ॥ ૪૫૪ ॥

જેનું તેનું ભલું ઇચ્છવું જેનું તેનું કર!! હિતકાર;
જેના તેના સારામાંહી, પોતાનું પ્રભુનું સામ્રાજય. ॥ ૪૫૫ ॥

જૈનસૂત્રમાં મૂર્તિપૂજા, નામે ગ્રન્થ રચ્યો હિતકાર;
જગજીવોની પ્રીતિશુદ્ધિ, શ્રદ્ધા ભક્તિ વૃદ્ધિકાર. ॥ ૪૫૬ ॥

જાગતિજ્યોત છે જ્ઞાનની શક્તિ, જાગતિજ્યોત છે જીવતા સંત;
જાગતા જીવતા સંતો સેવો!!, ચિદાનંદ પ્રાકટ્ય કરંત. ॥ ૪૫૭ ॥

જડતા મોહ નિવારો !! દુઃખકર, જડતા તે અજ્ઞાન પ્રમાદ;
જડતા તે બહિરાત્મદશા છે, જડતા જૂઠા તર્ક વિવાદ. ॥ ૪૫૮ ॥

જડતાને અંધારૂ જાણો!!, ગુરૂગમજ્ઞાને જડતા ટાળ!!;
જડતા તે મિથ્યાત્વની બુદ્ધિ,–ટાળી આત્મજ્ઞાનને ધાર!!. ॥૪૫૯॥

જડતાથી પગ પગ દુઃખ–સંકટ, જડતાથી નહીં સુખ જણાય;
જડતા દુઃખનું કારણ જગમાં, જ્ઞાન થકી જડતા વિણસાય. ॥ ૪૬૦ ॥

જાળવો!! આતમ!! તન મન શક્તિ, જાળવ!! આતમ!! શક્તિ વૃન્દ;
જાળવ! કાયનું વીર્ય વિવેકે, વિષયવૃત્તિના ટાળો!! ફંદ. ॥૪૬૧॥

જાળવ! શરણાગત લોકોને, જાળવ!! વિશ્વાસીને ભવ્ય!!;
જાળવ!! ફરજો ત્હારી સઘળી, જીવતાં સુધી કર !!! કર્ત્તવ્ય. ॥૪૬૨॥

જાળવ!! સહાય માગે તેને, દુઃખીયોનો કર !! ઉદ્ધાર;
જાળવ!! ન્યાયે સૌને શક્ત્યા, ધર્મમારગની રક્ષા ધાર !!. ॥૪૬૩॥

જૂનામાં ને નવીનમાંથી, સાચું સારૂં હોય તો ધાર !!;
જૂના નવાના પંથ કદાગ્રહે, સાચું ને સારૂં નહી હાર!!. ॥ ૪૬૪ ॥

જીર્ણોદ્ધાર કરો !! સુક્ષેત્રનો, જીર્ણોદ્ધારે અનંત ધર્મ;
જીર્ણોદ્ધારે પુણ્ય અનંત, જીર્ણોદ્ધારનાં કર !! શુભ કર્મ. ॥૪૬૫॥
જરા અવસ્થા આવ્યા પૂર્વે, જુવાનીમાં તું કરી લે !! ધર્મ;
જરા અવસ્થા જીર્ણ દશામાં, કરાય નહીં શુભ ધર્મનાં કર્મ. ॥૪૬૬॥
જરા અવસ્થા દુઃખ ભરેલી, મન વચને કાય શિથિલ થાય;
જ્યાંત્યાં ધર્મમાં સ્થિર નહીં મનડું, આમ શિથિલને ક્ષીણતા પાય.॥૪૬૭॥
જીવન યાત્રા કરીલે !! માનવ, આતમશુદ્ધિ કરવા કાજ;
જીવન યાત્રા કરીલે !! માનવ, પામવા મુક્તિનું સામ્રાજ્ય. ॥૪૬૮॥
જીવન યાત્રા સમ્યગ્જ્ઞાનને, ચારિત્રે કરવી એ શ્રેષ્ઠ;
જીવો !! આતમ !! શુદ્ધસ્વભાવે, કદિ ન પડશો તેથી હેઠ. ॥૪૬૯॥
જીહ્વા મળતી અનંતપુણ્યે, જીભથી સાચું સારૂં બોલ !!;
જીહ્વાથી પાપો નહી કરવાં, જીહ્વાથી સાચું તે બોલ !!. ॥૪૭૦॥
જીભલડીને રાખજે વશમાં, જીભલડીથી મોક્ષ સધાય;
જીભલડીથી સ્વર્ગ નરક છે, જીહ્વાસંયમ અતિ સુખદાય. ॥૪૭૧॥
જીભલડીમાં ઝેરને અમૃત, જીભલડીમાં પ્રેમ ને દ્વેષ;
જીભલડીમાં મિત્ર ને શત્રુ, જીભલડીમાં શાન્તિ ને કલેશ. ॥૪૭૨॥
જીભલડીમાં સ્વર્ગ સિંહાસન, જીભલડીમાં ફાંસી જાણ !!;
જીભલડીમાં સુખને સંકટ, જીભલડીમાં મરવું જાણ !!. ॥૪૭૩॥
જીભલડી લવલવ કરતીને, લપલપ કરતી વશમાં આણ !!;
જીભલડીના વશમાં પડિયા, તે લોકો છે પશુ સમાન. ॥૪૭૪॥
જીભને હલાવ !! સારા માર્ગે, રસમાં ફરતી વશમાં આણ !!;
જીભલડીથી ગા !! જીનવરને, સંતોનું કરજે ગુણગાન. ॥૪૭૫॥
જીભલડીને ગોપવ !! જ્ઞાને, વચનસમિતિ ગુપ્તિ ધાર !!;
જીભલડીથી સ્વર્ગને સિદ્ધિ, અનંતપુણ્યે રસના ધાર !!. ॥૪૭૬॥
જીભલડીને ધર્મમાં જોડ !!, પાપમાર્ગથી કરજે દૂર;
જીભલડીથી દે !! ઉપદેશો,—તેથી આતમપ્રભુ છે હજૂર. ॥૪૭૭॥
જીભલડી કાળી નહીં કરજે, મેંલી કરજે કદિ ન ભવ્ય !!;
જીભલડી મળી મોક્ષને માટે, જીભલડીથી કર !! સત્કર્તવ્ય. ॥૪૭૮॥

જીભલડીનું મૂલ્ય ન થાતું, અનંતપુણ્યે મળતી તેહ;
જાણી એવું સાચું વદશો, જીભને કરશો ગુણગણગેહ. ॥૪૭૭॥

જીભને વાપરો !! સત્કાર્યોમાં, પાપમાં વાપરજે નહીં લેશ;
જીભથી ધર્મનાં વ્યાખ્યાનો દે !!, સર્વજીવોના ટાળો !! ક્લેશ. ॥૪૮૦॥

જીજી હાજી કર !! નહી પાપમાં, હાજી હા કર !! ધર્મમાં બેશ;
જરા જરામાં ક્રોધી બન !! નહીં, જરી તરીમાં કર !! નહીં ક્લેશ. ॥૪૮૧॥

જકડાતો નહી જૂઠના માર્ગે, જંગી ભંગીનો સંગ નિવાર !!;
જૂલ્મે થા !! નહી મોહે ક્રોધે, જૂલ્મીને જગમાં ધિક્કાર. ॥૪૮૨॥

જાવક આવક જોઇ વિચારી, વિવેકથી વાપરજે સર્વ;
જમાં ઉધારના ખાતાં સરખાં,-કરીને ટાળો !! મોહનો ગર્વ. ॥૪૮૩॥

જબરાઓથી નબળાઓને, બળ કળ શકિતથીજ જીવાડ !!;
જગમાં જૂલ્મીઓની સત્તા,-બૂરી તોડી સત્ય લગાડ !!. ॥૪૮૪॥

જગમાં સર્વજીવોનું કયારે, એકમતો થયો થાય ન જાણ !!;
જગમાં સર્વજીવોના જુદા,-મતો થયા નહિં એકજ માન !!. ॥૪૮૫॥

જગમાં સર્વજીવોની સાથે, મૈત્રીભાવના પ્રેમે લાવ !!;
જગને સુખીયું કરવા માટે,-તારી સઘળી ફરજ બજાવ !!. ॥૪૮૬॥

જગજીવો છે કર્મે જુદા, સર્વની ન્યારી ન્યારી બુદ્ધિ;
જગજીવોનું ભલું ઇચ્છશે, કરશે ભવ્યજીવોની શુદ્ધિ. ॥૪૮૭॥

જેઓમાંહી શુદ્ધપ્રેમને, જ્ઞાનાનંદની જયોતિ જગાવ !!;
જગજીવો સહુ સુખિયા થાવે,-એવા ઉપદેશો પ્રગટાવ !!. ॥૪૮૮॥

જગજીવો છે વિચિત્રકર્મે, કોના ઉપર દ્વેષ ન ધાર !!;
જગજીવોના ઉપકારાર્થે,-તારૂં સઘળું છે નિર્ધાર. ॥૪૮૯॥

જગજીવોની જયણા ધારો !!, આતમસમ માનો !! સૌ જીવ;
જગજીવોમાં પ્રભુને દેખો,-તેથી વરશો અંતે શીવ. ॥૪૯૦॥

જીવવું અનંતજીવન વરવા, માનવભવનો એ ઉદ્દેશ;
જન્મી જીવો પ્રભુમય થઇને, રાગ રોષના ટાળો !! ક્લેશ. ॥૪૯૧॥

જીવો !! પ્રતિદિન અભિનવજ્ઞાને, આત્માન દે જયોતિ જગાવ !!;
જગજીવોને ગણી નિજ સરખા,-ને પર કરૂણા ભાવને લાવ !! ॥૪૯૨॥

જીવો !! કેવળજ્ઞાની થાવા, જન્મ જરા મૃત્યુ દુઃખ ટાળ !!;
જગલોકો જે રાક્ષસ સરખા,-તેઓની ચિત્તવૃત્તિ સુધાર!!. ॥૪૯૩॥
જીવો જે પશુસરખા જગમાં, રાક્ષસ સરખા લોકો જેહ;
જીવન તેઓનાં સુધારો !!, શુદ્ધજ્ઞાન આપીને સ્નેહ. ॥ ૪૯૪ ॥
જીવ્યાનો ઉદ્દેશ ન જાણે, પશુસરખા તે જીવ્યા જાય;
જીવન એવું સુખકર નહિ છે, રાગ રોષ જ્યાં પ્રગટ જણાય. ॥૪૯૫॥
જીવવું પૂર્ણાનંદને માટે, આનન્દે છે જીવન ઉદ્દેશ;
જીવસ્વભાવ છે એહવો, સુખાર્થે કરતો સઘળું હમેશ. ॥૪૯૬॥
જીવવું અસંખ્યપ્રદેશે નિજમાં, શુદ્ધોપયોગે જીવવું સત્ય;
જીવવું એહવું પ્રગટ થયું તો, રહ્યું ન કરવાનું કંઈ કૃત્ય. ॥૪૯૭॥
જગજીવોને નિજસમ દેખે, શત્રુ મિત્રમાં જેહ સમાન;
જડ ચેતનમાં જે સમભાવી, જીવંતો તું છે ભગવાન. ॥૪૯૮॥
જીવવામાટે જડવસ્તુઓ, બાહ્યજીવન ઉપયોગી થાય;
જરજમીન અને જોરૂ એ સહુ, બાહ્યજીવનના હેતુ સુહાય. ॥૪૯૯॥
જગ છે ષડ્દ્રવ્યોનું બનેલું, જગત્ સત્ય છે તત્ત્વથી જાણ !!;
જગને જૂઠું કહેવું એતો, વૈરાગ્ય દૃષ્ટિએ પ્રમાણ. ॥૫૦૦॥
જ્યાં સુધી જડનું આલંબન,-લેવાથી જગમાં જીવાય;
જડની ઉપયોગિતા તાવત્, જડવસ્તુઓ નિમિત્ત થાય. ॥૫૦૧॥
જડ દેહાદિક સઘળાં સાધન, આતમને ઉપયોગી જાણ !!;
જડમાં આસક્તિત્વણ સઘળાં, મોક્ષાર્થે હેતુ છે માન !!. ॥૫૦૨॥
જગ છે જૂઠું એવું કહીને, પાપે નિજકાયા નહિં પોષ!!;
જગ છે જૂઠું એવું કહીને, રાગ રોષના ધરો !! ન દોષ. ॥૫૦૩॥
જગ છે જૂઠું એવું કહીને, વિશુદ્ધપ્રેમનો કર !! નહિં નાશ;
જગમાં સ્નેહ ને જ્ઞાનવિનાના,-લોકો જાણો!! દુઃખી દાસ. ॥૫૦૪॥
જગમાં જ્યાં સુધી છે શત્રુ,-મિત્રનો મનમાં છે ભાવ;
જગમાં તાવત્ મૂર્તિપૂજા, જડ આલંબન છે સુખદાવ. ॥૫૦૫॥
જગમાં જેને મિત્ર ન દુશ્મન, નહિં શુભાશુભ જડમાં ભાવ;
જડ ચેતનમાં સમતા જેને,-તેને નહિં છે નિમિત્ત દાવ. ॥૫૦૬॥

જ્યાં સુધી છે ખાવું પીવું, ત્યાં સુધી કર !! વપુથી કર્મ;
જ્યાં સુધી છે રાગને રોષની,-વૃત્તિ તાવત્ ધર !! મન ધર્મ. ॥૫૦૭॥

જ્યાં સુધી છે જીવવું જગમાં, તાવત્ તારી ફરજ બજાવ !!;
જીવન પવિત્ર નિર્દોષી તુજ, દયાદિ કાર્યોથી પ્રગટાવ !!. ॥૫૦૮॥

જ્યાં સુધી મનમાંહી શુભાશુભ,-વૃત્તિયોના પ્રગટે ભાવ;
જાણો તાવત્ નિમિત્ત કારણ, ઉપકારી છે ધર્મ પ્રભાવ. ॥૫૦૯॥

જીવવું પાપે કદિ ન સારૂં, ધર્મે જીવવું સુખકર એશ;
જગજીવો છે બ્રહ્મસ્વરૂપી, આત્મસ્વભાવે દેખ !! હમેશ. ॥૫૧૦॥

જ્યાં સુધી છે નાત જાતને, દેહાદિકનો રાગને રોષ;
જાણો !! તાવત્ જીવવું મોહે, સાત્વિકગુણથી જીવન પોષ !!. ॥૫૧૧॥

જેની તેની સાથે જગમાં, આત્મપ્રેમથી જીવન ગાળ !!;
જગજીવોના ઉપર પૂરૂં, આતમભાવે ધરવું વ્હાલ. ॥૫૧૨॥

જુત્તાં મારે દુર્જનલોકો, સદ્ગુણી લોકો પૂજે પાય;
જગમાં એવું જાણી આતમ !!, સાધો !! મોક્ષ તણોજ ઉપાય. ॥૫૧૩॥

જાહેરમાં કોઇ નિંદે પૂજે, કરો !! ન તેપર રાગને રોષ;
જાહેર જીવન ગાળો !! પ્રભુમય,-જેથી પ્રગટે શિવ સંતોષ. ॥૫૧૪॥

જ્વલંત શક્તિયો પ્રગટાવો !!, જ્વલંત શક્તિથી જીવાય;
જ્વલંત શક્તિ સ્વરાજ્ય ત્યાં છે, સમજુંને સાચું સમજાય. ॥૫૧૫॥

જગ છે ચેતન જડ બે તત્ત્વનું, જગ છે કાળ અનાદિ અનંત;
જગમાં જીવો !! જીવતા જડથી, ચેતનથી જાણો !! મતિમંત. ॥૫૧૬॥

જીવવું આંતર બાહ્યશક્તિથી, બાહ્યપદાર્થોથી જીવાય;
જીવન બાહ્ય છે આન્તર હેતુ, સમજે તે નહિં ખત્તા ખાય. ॥૫૧૭॥

જીવવું બાહ્યાભ્યંતર બળથી, એવો છે કુદ્રતનો ન્યાય;
જગની સહાયથી જીવે જીવો, જીવંત ધર્મ તે જૈન ગણાય. ॥૫૧૮॥

જીવો જીવે છે જીવોથી, અજીવ જડથી જીવે જાણ !!;
જડ અજીવ સહાયે જીવે, બાહ્યજીવનમાં એહ પ્રમાણ. ॥૫૧૯॥

જીવનસૂત્રો બાહ્યાભ્યંતર, જાણે તે જગ જીત્યો જાય;
જીવનસૂત્રો જે નહિં જાણે,-તેની હયાતી જગ ન રહાય. ॥૫૨૦॥

જીવન આહ્યાભ્યંતર સઘળું,–તેને વિશ્વ જીવાડે જેહ;
જગમાં તેને હેતુ જાણો !!, આદરે શક્તિ પામે તેહ. ॥૫૨૧॥

જીવવું રત્નત્રયી ગુણ વરવા, વિશ્વજીવોની શુદ્ધિહેત;
જીવન એવું પારમાર્થિક છે, સર્વજીવોનો શુભસંકેત. ॥૫૨૨॥

જગવ્યવહારમાં બળીયા રહેવું, ધૂર્તોથી ધૂતાવું ન લેશ;
જગમાં આજીવિકા જીવન,–અનેક ઉપાયે ધરવું બેશ. ॥૫૨૩॥

જ્યોતિષવિદ્યાના ફળમાંહે, એકાંતે ધર !! નહિં વિશ્વાસ;
જ્યોતિષ જ્ઞાન છે બહુ ઉપયોગી, સાપેક્ષાએ જાણો !! ખાસ. ॥૫૨૪॥

જંગલમાં રણમાં ઘરમાંહી, સાગરમાં જે રક્ષે ખાસ;
જગરક્ષક મહાપુણ્યપ્રભુની,–કૃપાવિશે ધરજે વિશ્વાસ. ॥૫૨૫॥

જેવું સ્પર્શવું સુંઘવું સુણવું, ખાવું નિરાશક્તિએ જાણ !!;
જેને એવી યોગ્યતા આવી, નિર્લેપી યોગી તે મહાન. ॥૫૨૬॥

જગમાંહી નભની પેઠે તું, અરૂપ સાક્ષી થૈ કર !! કર્મ;
જગજીવોમાં જ્યોતિ જગાવો!!, આત્મસ્વભાવ તે સત્યધર્મ ॥૫૨૭॥

જીવો જીવે, જીવો આશ્રયે, જીવોનું જીવોથી રાજ;
જીવો શેઠ ગુલામો પરસ્પર, અજીવો જીવ બે જીવ સામ્રાજ્ય. ॥૫૨૮॥

જયસિદ્ધિ છે પુણ્યોદયથી, પાપે અપમંગલ પ્રગટાય;
જરૂર વાંચો !! ધર્મનાં શાસ્ત્રો,–જેથી આત્મવિશુદ્ધિ થાય. ॥૫૨૯॥

જરૂર સંતની સંગત કરશો, દેવગુરૂને જરૂર સેવ !!;
જરૂર ધ્યાનસમાધિ કરશો, નિજઆતમમાં પ્રગટે દેવ. ॥૫૩૦॥

જરૂર જે આવશ્યકધર્મની,–કરણી તેને પ્રતિદિન ધાર !!;
જરૂર પાપથી દૂરે રહેજે, જરૂર ધર્મને ધર !! નિર્ધાર. ॥૫૩૧॥

(ઝ)

ઝઝઝા ઝાઝસમા ઝટ થાશો, તજીદો !! મિથ્યા ઝઘડાઝેર;
વેર વિરોધો સઘળાટાળો !!, પ્રગટે આતમ !! સુખની લહેર. ॥ ૧ ॥

ઝઝો બહુયોગવશો દેવાશે, ઝાઝાથી કરશો નહીં ઝેર;
દર્શનજ્ઞાન ચરણ પ્રગટાવો !!, વર્તો સદા !! નિર્મલતમ પેર. ॥ ૨ ॥

ઝાઝાલોકથી ઝેર કરો !! નહીં, જાડાથી નહીં ડરો !! લગાર;
ઝાકળ બિંદુસમ જીવતર છે, ચેતીલો !! મન !! નરનેનાર. ॥ ૩ ॥
ઝુંડ સરીખા જડ નહિં બનવું, ઝાડોનું કર !! રક્ષણ ભવ્ય !!;
ઝાઝો ઈન્દ્રિયોને પરિશ્રમ,-આપ !! નહીં કર !! સત્કર્તવ્ય. ॥ ૪ ॥
ઝાડુવાળે સેવાભક્તિ,-પ્રેમે તે નહીં નીચ ગણાય;
ઝાડુવાળે તે છે નીચો, જૂલ્મી દ્રોહી કરે અન્યાય. ॥ ૫ ॥
ઝાઝ સરીખા સાધુસંતો, લોકોને તારે ભવપાર;
ઝાઝું બોલી કરે ન કાંઈ, જડ ઝાંખરસમ એ નરનાર. ॥ ૬ ॥
ઝાઝા સાથે વૈરને ઝઘડા, કરનારો અંતે મરનાર;
ઝાઝી કીડીયો સાપને તાણે, એ દૃષ્ટાંત ખરો મન ધાર !!. ॥ ૭ ॥
ઝેર તે રાગને રોષને ઈર્ષ્યા, કામવૈર છે જાણો !! સત્ય;
ઝેર તે મિથ્યાબુદ્ધિ ભારી, અન્યાયે કરવાં કુકૃત્ય. ॥ ૮ ॥
ઝઘડાખોરની સામા રહેવું, બીવું નહીં તેથી તલભાર;
ઝઘડો કરવો નહીં અન્યાયે, જૂલ્મીથી નહીં ખાવી હાર. ॥ ૯ ॥
ઝઝણી પ્રગટે તેહ નિવારો !!, ઝુઝો દુષ્ટથી પામી શક્તિ;
ઝટકી નાખો !! શત્રુને દૂર, શત્રુપર નહીં કરો !! અનીતિ. ॥ ૧૦
ઝટઝટ જીવન મુસાફરીમાં, આગળ ચાલો !! નરને નાર;
ઝટાપટી અંતરૂશત્રુથી,-કરતાં ઉપયોગે નહીં હાર !!. ॥ ૧૧
ઝડપ વધારો આત્મોન્નતિની,-મુસાફરીમાં નરને નાર;
ઝડપાઝડપીમાં સાવધ થૈ, આત્મિક શૌર્યથી આગળ ચાલ!!. ॥૧૨
ઝડાકો માર !! ન વિના વિચારે, સદ્‌વૃત્તિની ઝડીને ધાર !!;
ઝેરસમા જે દુષ્ટવિચારો,-તેઓનો કર !! ઝટ પરિહાર. ॥ ૧૩
ઝનૂન ખોટું છે પાપીનું, પરોપકારે ઝનૂન બેશ;
ઝનૂન સદ્‌ગુણવૃદ્ધિ અર્થે,-ધારો !! આતમ !! પ્રેમે હમેશ. ॥ ૧૪ ।
ઝનૂની દુર્ગુણ પાપોમાં જે, ખોટી રીતે તેહ ખરાબ;
ઝપટ સારી છે ધર્મના માટે, દુષ્ટવિચારોપર દે !! દાબ. ॥ ૧૫ ।
ઝપાટો આત્મની શક્તિયોનો, પરોપકારે થાતો બેશ;
ઝબકારો કર !! આત્મપ્રભુનો,-જેથી નાસે સઘળા કલેશ. ॥ ૧૬ ॥

ઝબોઝબ વ્રતતપ કર્મો કરવાં, પરોપકારો કરવા તેમ;
ઝબોઝબ આતમગુણને ધ્યાવો !!, પામો !! તેથી યોગને ક્ષેમ. ॥૧૭॥

ઝાડુવાળી સાફ કરો !! દિલ, ઝાડુવાળી સ્વચ્છતા ધાર !!;
ઝાડુવાળો સેવાધર્મી, હૃદયશુદ્ધિ કરતો નિર્ધાર. ॥ ૧૮ ॥

ઝાડા મૂત્રનો વેગ રોકતાં, ચક્ષુની ઘણીહાનિ થાય;
ઝાડા મૂત્રાદિ વેગોને,-રોકે રોગો અનેક થાય. ॥ ૧૯ ॥

ઝાડો સાફ જો ઉતરે તો તનુ,-આરોગી સુખકારી ગણાય;
ઝાડો ન ઉતરે મળ જો રહે તો,-જ્વરાદિ રોગો સહુ પ્રગટાય. ॥૨૦॥

ઝુંપડી જ્ઞાની સંતની સારી,-તેમાં વૈકુંઠ સુખડાં હોય;
ઝુપડીમાં તે મહેલે ન શાંતિ, સાપેક્ષાએ સમજો જોય. ॥ ૨૧ ॥

ઝાર તે ભરતી આવી વિણસે, ઝારની શક્તિનો છે ઓટ;
ઝારસમા પણ ઝાડના ઠુંઠે, બેઠા મર્યા ન રહિયા કોટ. ॥ ૨૨ ॥

ઝાલાવાડમાં જોર ખુશામત, ધૂર્તતા જલને હવા છે બેશ;
ઝાલાવાડમાં અતિથિસેવા, વિદ્યા પ્રેમને કુસુંપ ક્લેશ. ॥ ૨૩ ॥

ઝાંખ છે નીચાં કાર્યકર્યાથી, ઝાંખ છે ચોરી જારી કર્મ;
ઝાંખ છે અનીતિ જૂલ્મકર્યાથી, ઝાંખ છે આચરવાથી અધર્મ. ॥૨૪॥

ઝાંખ છે આંખે નબળાઈથી, આંખનો કરતાં અતિ ઉપયોગ;
ઝાંખ છે પાપીજીવન ધરતાં, ઝાંખ છે શક્તિ દુરૂપયોગ. ॥ ૨૫ ॥

ઝાંખ છે સેવાભક્તિ ન કીધે, ગુરૂજનનું કરતાં અપમાન;
ઝાંખ છે ગુરૂને દેશના દ્રોહે, સ્વાર્થે લેતાં અન્યનો પ્રાણ. ॥ ૨૬ ॥

ઝાંખ છે કુલમાં ડાઘ લગાડે, વ્રત તપ સંયમ નાશથી જાણ !!;
ઝાંખ છે મોહના તાબે રહેતાં, યાવત્ વર્તે ઘટ અજ્ઞાન. ॥ ૨૭ ॥

ઝાંખું મન દુર્ગુણ વ્યસનોથી, ઝાંખુ મન અપકૃત્યે થાય;
ઝાંખો પડતો પાપી અધર્મી, પરાયો માલ જે જૂલ્મે ખાય. ॥ ૨૮ ॥

ઝાઝ ચઢે તો જલ્દી વારો !!, ઝાંઝો અંધો જીવડો થાય;
ઝાંઝે સત્યને આંચજ લાગે, ઝાંઝે સાચું નહીં જણાય. ॥ ૨૯ ॥

ઝાંઝ ચઢે તે કાલે ઝટપટ, મનમાં આવ્યું કર !! નહીં કાજ;
ઝાઝ શમ્યા પછી લખવું વદવું,-કરવું તે થાતું સુખ સાજ. ॥૩૦॥

ઝાંઝવાં સરખું જડવિષયોમાં, સુખની બુદ્ધિ થાતી ફોક;
ઝાંઝવા જલસમ જડભોગોથી, છેવટ પડતી મોટી પોક. ॥ ૩૧ ॥

ઝાંપડી ઝાંપડા દૂરે રહેતાં, પ્રભુભક્તોથી જ્યાં ત્યાં દેખ !!;
ઝાંઝી ને છે સઘળે આંધી, અનુભવ કરીને જ્યાં ત્યાં પેખ !!. ॥૩૨॥

ઝીકો દુર્ગુણોને નીચા, મોહવૃત્તિને ઝીકી માર !!;
ઝીકી દુષ્ટવિચારને મારો !!, તુચ્છ છે દુષ્ટો દુર્જન ધાર!!. ॥ ૩૩ ॥

ઝીલો આનંદ જ્ઞાનને પ્રેમે, પ્રભુભક્તિમાં ઝીલવું શ્રેષ્ઠ;
ઝીલવું સારામાર્ગે સારૂં, શીખ ઝીલે તે પડે ન હેઠ. ॥ ૩૪ ॥

ઝુકાવો !! સદ્‌ગુણુ સત્કાર્યોમાં, ઝુકાવવું ઉપકારમાં બેશ;
ઝુઝાવજો નહીં લોકોને જગ, કલેશવૃત્તિનું ફળ છે કલેશ. ॥ ૩૫ ॥

ઝુરાપો કરતાં શક્તિ ઘટતી, થાય ન તેથી સારૂં કાજ;
ઝૂરીઝૂરી જીવવું ખોટું, ઝૂર્યાથી નહીં રહેતું રાજ્ય. ॥ ૩૬ ॥

ઝુલાવો!! આતમને પ્રભુ પ્રેમે, ઝુલાવો!! આનંદમાં નરનાર;
ઝુલો તે જ્ઞાનને નીતિનો શુભ, ઝુલો સદ્‌ગુણગણુનો સાર. ॥ ૩૭ ॥

ઝુંટ ઝપટ મારીને અન્યનું,-લેશો નહીં જે દામને ચામ;
ઝુંટી ન લેશો અન્યનું જીવન, ઝુંટથી મળતો નહીં આરામ. ॥૩૮॥

ઝુંટી લેતાં અન્યની ભૂમિ, સ્ત્રી ધન સત્તાને ધરનાર;
ઝુંટી લેનારા છે દુષ્ટો, પાપી જુલ્મી નરને નાર. ॥ ૩૯ ॥

ઝુંટ કરે નહીં તે છે ધર્મી, ભક્ત સંત આસ્તિક શિરદાર;
ઝુંટ વિના ઝુંપડીમાં વસતા, મુક્તિનું સુખ છે નિર્ધાર. ॥ ૪૦ ॥

ઝુંટાઝુંટ છે જગમાં જ્યાં ત્યાં, સ્વાર્થથી દુર્મતિએ જગમાંહ્ય;
જબરો મત્સ્યગલ ન્યાય જગતમાં, નબળાનું બળિયાઓ ખાય. ॥૪૧॥

ઝુંટાઝુંટ થતી અન્યાયે, જેનાથી જુલ્મે સ્વાર્થે થાય;
ઝુંટાઝુંટ કરે નહીં સંતો, પ્રભુમયજીવને પ્રભુને ધ્યાય. ॥ ૪૨ ॥

ઝુંડ છે દુર્ગુણનાં ને સદ્‌ગુણનાં, ખોટું છે દુષ્ટોનું ઝુંડ;
ઝુંડ વધારે [illegible] [illegible], પાપીઝુંડ તે ગંદું ભૂંડ. ॥ ૪૩ ॥

ઝુંડો દયાને સત્યનાં પ્રેમે, વધારો !! પ્રેમે નર ને નાર;
ઝુંડો [illegible] [illegible] [illegible] ! દુર્ગુણ પાપનાં [illegible] !! સંહાર. ॥૪૪॥

ઝુંડો જે જૈનધર્મનો તેને,–જગમાં ફરકાવો !! જ્યાં ત્યાંય;
ઝુંડો અધર્મ દુર્ગુણ દોષનો,–તેની ત્યાગો !! દુઃખની છાંય. ॥૪૫॥
ઝુકવું માતપિતા ગુરૂપાદે, રાજા સંતને કરો !! પ્રણામ;
ઝુંડ સરીખા કદાગ્રહીઓ, કરે ન જગમાં સારાં કામ. ॥ ૪૬ ॥
ઝૂલો !! ઝુલાવો !!! શુદ્ધપ્રેમના,–હિંચોળે સૌને ધરી પ્રેમ;
ઝૂમને વારી શાંતિ ધારી, પ્રગટાવો !! ઘટ યોગને ક્ષેમ. ॥ ૪૭ ॥
ઝેર તે હિંસા જૂઠું ચોરી, વ્યભિચાર દુર્ગુણ આચાર,
ઝેર તે દુષ્ટ વિચારો વ્યસનો, ક્રોધમાન ઈર્ષ્યા અવિચાર. ॥ ૪૮ ॥
ઝેર તે માયા લોભ અનીતિ, કામ મોહના દુષ્ટવિચાર;
ઝેર તે રાગને રોષ અહંતા, મિથ્યાબુદ્ધિના આચાર. ॥ ૪૯ ॥
ઝેર તે દુષ્ટકષાયપ્રવૃત્તિ, ઝેર તે કુસંગ ટાળો કેર;
ઝેર તે મોહનું મનમાં વસવું, અજ્ઞાને વર્તે અન્ધેર. ॥ ૫૦ ॥
ઝેર અનીતિ નાસ્તિકબુદ્ધિ, ધર્માંધતાએ જૂદમો થાય;
ઝેર તે શયતાનીયતવૃત્તિ, જોર થકી કરવો અન્યાય. ॥૫૧॥
ઝેર તે મન તન પાપપ્રવૃત્તિ, દુષ્ટકામની પાપપ્રવૃત્તિ;
ઝેર તે ખોટી શિક્ષા દેવી, ઝેર તે બૂરા સ્વાર્થને ભીતિ. ॥ ૫૨ ॥
ઝેર તે બાહ્યાંતર બહુભેદે, ઝેરને મારી ખાય તે પુષ્ટ;
ઝેર છે હવાને જલ બૂરાં તે, વિષસમ માનવ જાણો !! દુષ્ટ. ॥૫૩॥
ઝાડો સાફ ન જેને આવે, તેને નળ મળ બંધનો કોષ;
ઝાડો સાફ તો અજીર્ણ મલ નહીં, મન આરોગ્ય છે તજતાં રોષ. ॥૫૪॥
ઝાડુ કાઢે નીચ ન કોઈ, ચોરી જારી કરે તે નીચ;
ઝાડુ કાઢવું સેવા ધર્મે, સાપેક્ષે સારી સહુ ચીજ. ॥૫૫॥
ઝોખો આવે તેની પૂર્વે, ધર્મભક્તિ ને કરી લે !! સેવ;
ઝોખો આવે તે પહેલાં તું, ભજી લે !! ભાવે જિનવર દેવ. ॥૫૬॥
ઝાકળ બિંદુસમ આયુ છે, ટળતાં લાગે નહીં કંઇ વાર;
ઝેરી જીવન ગાળ !! ન આતમ !!, અમૃતરૂપી જીવન ધાર !!. ॥૫૭॥
ઝેરીલાથી સાવધ થૈને, પ્રસંગ પડે વર્તો !! નરનાર;
ઝેરીલું માણસ છે અગ્નિ, ઝેરીનો વિશ્વાસ ન ધાર !!. ॥૫૮॥

ઝેરીલા સર્પોસમ જેઓ,-તેઓથી ચેતીને ચાલ !!;
ઝેરીલાના પ્રેમમાં ઝેરી,-વૃત્તિનો પ્રગટે સંચાર.

ઝોકાં ખા !! નહીં ધર્મ સુણંતાં, સત્કાર્યોને કરતાં તેમ;
ઝોકાં ખા !! નહીં જરૂરી કામમાં, ઝોકાં ખાતાં ન યોગને ક્ષેમ

ઝરો અનુભવ જ્ઞાનનો પ્રગટે, તો તે કદિય ન થાય વિનાશ
ઝરણું સમતારસનાં પ્રગટયાં, આનંદ આપે કરે પ્રકાશ.

ઝલક જે અંતરૂમાંહી પ્રગટી, જ્યાં ત્યાં પ્રસંગે થાય પ્રકાશ
ઝવેરી તે જે આત્મપ્રભુરૂપ, હીરો પરખે સત્ય તે ખાસ.

ઝળકારો પ્રભુધ્યાને પ્રગટે, તે પ્રભુ ઝાંખીનો ઝળકાટ;
ઝળકી ઉઠે આત્મપ્રભુજી, ટળતાં મોહતણો વળગાટ.

ઝળહળો આતમ આપ પ્રકાશે, જડ ચેતન જગ કરો !! પ્ર
ઝળહળ અનંત જ્યોતિર્મય તું, તારામાં સત્યાનંદ ખાસ.

ઝંખના પ્રગટી આત્મપ્રભુની, તો તેથી પ્રભુનો જ પ્રકાશ
ઝાંખી પ્રભુની ઘટમાં થાતાં, આનંદ ઘટમાં પ્રગટે ખાસ.

ઝાઝા સાથે બાથ ન ભીડો !!, ઝાઝા સાથે કરો !! ન વેર;
ઝાઝાથી ડરી જવું ન કયારે, ઝાઝામાં સાચું અન્ધેર.

ઝાડોની વૃદ્ધિ રક્ષણથી, વૃષ્ટિ થાતી અનેક લાભ;
ઝાડો સંત સમા ઉપકારી, વૃક્ષો નહિ ત્યાં વૃષ્ટિ અલાભ.

ઝાડી છે ઉપયોગી જગમાં, ઝાડીનો કરવો નહીં નાશ;
ઝાડી જે દુર્ગુણ વ્યસનોની,-તેની ટાળો !! જ્ઞાને ખાસ.

ઝોકાં ખા !! નહીં નવરો બેશી, ઝોકાં જ્યાં રસ પડે ન ત્
ઝોકાં ખાઇ જીવન ગાળે,-તે સમજે નહીં જીવનમાંહ્ય.

ઝાઝા મનુષ્યો સંપી એક્કો, કરીને કરતા અનેક કાજ;
ઝાઝા મનુષ્યો સત્કાર્યોમાં,-મળે તો તેથી શુભ સામ્રાજ્ય.

ઝોળી સત્કાર્યોમાં સારી, ધર્માર્થે ઝોળી છે બેશ;
ઝોળી ન સારી અધર્મમાર્ગે,-જેથી વાધે પાપને કલેશ.

ઝાઝા જ્ઞાની સંતની સેવા, ભક્તિ કરશો મન વચ કાય;
ક્ષણ પણ સાધુ સંગતિ થાતાં,-અનંતપાપો વિણસી જાય.

આખું ભણ્યો ગણ્યો તે નક્કી, આતમજ્ઞાનને પામે જેહ;
આતમસમ સહુ જીવો જાણે, દયા દાન દમ ધારે જેહ. ॥૭૩॥

ટ

ટટ્ટા જડપુદ્‌ગલના સુખમાં, ટળવળવું તે દુઃખની ખાણ;
ટાળો !! દુઃખકર કામવિકારો, આતમમાં સુખ નક્કી જાણ !!. ॥૧॥
ટાઢું ખાવું ટાઢી કમાણી, પરાધીન ખાવું જે ધન;
ટટ્ટા ભણ્યા ગણ્યા કહેવાશો, ન્યાયે વાપરતાં મન તન. ॥ ૨ ॥
ટટ્ટુ તારૂં શરીર સમજને, શરીર ટટ્ટુને સંભાળ !!;
ટાળી દે !! નબળાઇ સઘળી, કર !! ઝટ સત્યતણો ટંકાર. ॥ ૩ ॥
ટેંટેં કરે શું પુદ્‌ગલ મોહે, સહન કરીને તડકો તાઢ;
ટટ્ટુ ચલાવો !! મુક્તિ વાટે, રાગ રોષ વૈરીને વાઢ !!. ॥ ૪ ॥
ટોળું બકરાં હાથીઓનું, સિંહનું ટોળું હોય ન દેખ !!;
ટોળું નહીં પ્રભુ સંતોનું છે, અશક્ત શક્ત સ્વભાવે પેખ. !! ॥૫॥
ટળવળતો જે પ્રભુને મળવા, ટાળે મનના રાગને રોષ;
ટળવળતો નહીં જગસુખમાટે, સ્વતંત્ર તે પામ્યો સંતોષ. ॥ ૬ ॥
ટાઇમસર જે કરતો કાર્યો,—તે જગમાંહી થાય મહાન્;
ટાઇમસર જે કાર્ય કરે નહીં, શકિતમંત પણ પામે હાણ. ॥ ૭ ॥
ટાઢ તાપને શરદી વેઠે, સહન કરે સંકટ તે શૂર;
ટાઢું ખાય જે પરનું કમાયું, શકિતપણાથી તે છે દૂર. ॥ ૮ ॥
ટીંટોળીએ ઉદધિ ઉલેચવા, સાહસ જો તે કર્યું દૃષ્ટાન્ત;
ટીંટોળી સરખા સાહસથી, કાર્ય કરો !! નહીં બનશો શ્રાન્ત. ॥૯॥
ટકટક વદ !! નહીં વિના વિચારે, ટકટકવું નહીં જ્યાં ત્યાં રાખ !!;
ટકવું સ્વાધિકારે સઘળાં,—કર્તવ્યોમાં જૂઠ ન ભાખ !!. ॥ ૧૦ ॥
ટકાવ કરવો મર્દાઇથી, અનેક સંકટ સહીને ભવ્ય !!;
ટકાવ કરીને યત્નોત્સાહે, કરજે તારાં શુભ કર્તવ્ય; ॥ ૧૧ ॥
ટકોર થાતાં સાવધ રહેજો, ટકોરથી ચેતીને ચાલ !!;
ટકોર સહીને ચેતે નહીં તો, તેના થાતા બૂરા હાલ. ॥ ૧૨ ॥

ટકોરવું સમજુને સારૂં, ગમારને લાગે ન ટકોર;
ટક્કર ઝીલો સાવધ થૈને, ઉભો રહીને ફેરવ જોર. ॥ ૧૩ ॥

ટગુમગુ ચાલે એવાં બાળક, વય અભ્યાસે મારે દોટ;
ટગુમગુ ચાલકની હાંસીને,–કરવી નહીં કરતાં છે ખોટ. ॥ ૧૪ ॥

ટચકો લાગે થા !! નહીં ક્રોધી, ટચકાનું પ્રતિકૂલ કર !! બેશ;
ટચકા સારી રીતે સારા, ભૂંડા ટચકે મૃત્યુ ક્લેશ. ॥ ૧૫ ॥

ટટળાવો !! નહીં કોને કયારે, સ્વાશ્રયી થૈને રહો !! ટટાર;
ટડપડ છંડી દેવી ખોટી, ટણુક ન લાગે તેહ ગમાર. ॥ ૧૬ ॥

ટણુકો લાગે તો મન જાગે, સારી બાબતમાં તે બેશ;
ટણુકો ન લાગે સન્ત વા મૂઢને, ટણુકો એ પણ છે ઉપદેશ. ॥ ૧૭ ॥

ટપકિયું ટચકિયું છે પાપે, આયુષ્યનો આવે છે અંત;
ટપકું સમજે તેજ ન મુક્તિ, પામે સમજે જ્ઞાની સંત. ॥ ૧૮ ॥

ટપલી સારી શિક્ષા માટે, સમજે તેની ભાગે ભૂલ;
ટપલી મારવી ટપલી સહવી, ગુણ માટે મનમાં નહીં ફૂલ !!. ॥૧૯॥

ટમટમવું શુભ માટે સારૂં, આશાએ ટમટમવું થાય;
ટહેલ છે આશાથી જ્યાંત્યાં જગ, ટહેલ છે ઉપકારે સુખદાય. ॥૨૦॥

ટહેલવું નિર્દોષી તે સારૂં, વિશ્રામ શાંતિ અર્થે બેશ;
ટળવળવું પ્રભુપ્રાપ્તિ માટે, સદ્‌ગુણ માટે નાસે ક્લેશ. ॥ ૨૧ ॥

ટળી જતાં દુઃખો સહુ જગમાં, પુણ્યોદયથી ધર !! વિશ્વાસ;
ટંકારા તે શુભહિતકર છે,–કરવા આણીને ઉલ્લાસ. ॥ ૨૨ ॥

ટંકોટંક જે નિયમિત ખાતા, ખરી ભૂખ લાગે તે વાર;
ટકી રહે આરોગ્યે જગમાં, અતિખાવાથી રોગ અપાર. ॥ ૨૩ ॥

ટંટાખોરની સોબત બૂરી, ટંટાખોર સ્વભાવને ત્યાગ !!;
ટંટાકજીયા ક્લેશમાં રહેતાં,–દુઃખ છે જાણી મનમાં જાગ !!. ॥૨૪॥

ટાઢક કરવા મનને તનને, ઉપાય લેજો થૈ હુશિયાર;
ટાઢા ગુણ સુખ માટે થતા, રોગકણુ તે પણ નિર્ધાર. ॥ ૨૫ ॥

ટાઢું મનડું સારૂં ખોટું, સાપેક્ષાએ એમ કથાય;
ટાઢું મળે ઝટ વાપર !! નાહું, સમજે તે નહીં ખતા ખાય. ॥૨૬॥

ટાપટીપ ઉપરથી દીપી,-પણમાંહી જો વર્તે પોલ;
ટાપટીપ એવી છે જૂઠી, જેવું પોલું જગમાં ઢોલ. ॥ ૨૭ ॥
ટાયલું જે લખવુંને વદવું, ટાયલું કર !! નહીં સત્યને ધાર !!;
ટકુકો કરજે સારા માટે, પરગજુના શિરપર છે ટાલ. ॥ ૨૮ ॥
ટાળો મળતો આવે કર્મે, ભાવીભાવથી જાણો !! ચિત્ત;
ટાળો !! દુર્ગુણને ભૂલોને, કરવું મનડું ગુણે પવિત્ર. ॥ ૨૯ ॥
ટાંપુ ખાવું અન્યજનોના,-હિતનેખાતર તેહ છે બેશ;
ટાંપુટૈયું કર્યું જે ભાવે, ફળ આપે છે ટાળી ક્લેશ. ॥ ૩૦ ॥
ટિપ્પણ કરીને નોંધી રાખો !!, સારા માટે કરીને યાદ;
ટિખળ ટાળો !! જૂઠાં સઘળાં, ટીખળનો છે બૂરો સ્વાદ. ॥ ૩૧ ॥
ટીખળી થાવું કદિ ન સારૂં, ટિંખળીની કિંમત છે ધૂળ;
ટીકાસારી ખોટી જગમાં, સારી ટીકાથી નહી ફૂલ!!. ॥ ૩૨ ॥
ટીકા સત્યને હિતકર કરવી, હેય કોમ હિતકારી જેહ;
ટીકા સદ્ગ્રન્થોપર કરવી, જીવ બને જેથી ગુણગેહ. ॥ ૩૩ ॥
ટીકા કોની જૂઠી દુ:ખકર,-કરવી તેનો કરજે ત્યાગ !!;
ટીકા સર્વજીવોની ઉન્નતિ,-માટે કરવી ધરી શુભ રાગ. ॥ ૩૪ ॥
ટીકા મૈત્રી પ્રમોદ ભાવે, કર !! તું સત્યની દૃષ્ટિ ધાર !!;
ટીકા સાપેક્ષાએ સારી, ખોટી ચિત્ત વિષે વિચાર !!. ॥ ૩૫ ॥
ટીકાકર પોતાની પહેલી,-વિચાર !! કાર્યોપર સુખકાર;
ટીકા અભિપ્રાયો જે શુભાશુભ,-તેમાં સમ રહી કાર્યને ધાર !!. ॥૩૬॥
ટીકાકાર તું બનવા પૂર્વે, સર્વપ્રકારનું લેજે જ્ઞાન;
ટીકાકાર થવું છે દુર્લભ, અભિપ્રાયે મુંઝે નાદાન. ॥ ૩૭ ॥
ટીટિયારો કરવો નહીં સારો, ટીપણી કરવી સારી ભવ્ય !!;
ટીપ તું કરજે સત્યને હિતકર, ટીપનાં છે પરમાર્થે કર્તવ્ય. ॥ ૩૮ ॥
ટીલું મંગલકારક કરવું, ટીલું ધર્મનું ચિન્હ વિચાર !!;
ટીલા ટપકા બાહ્ય નિશાની, સદ્ગુણને અંતરમા ધાર !!. ॥ ૩૯ ॥
ટુંપો દે !! નહીં અન્યને સ્વાર્થે, ટુંપો દે !! ને લે !! નહીં પ્રાણ;
ટુંપો ખા !! નહીં મોહે ક્યારે, ખોટી રીતે કાઢ !! ન જાન. ॥૪૦॥

ટૂટ પડે જ્યાં મન નહીં મળતાં, ભિન્ન સ્વાર્થથી થાતી ટૂટ;
ટુટ પડે છે મોહથી જ્યાં ત્યાં, ટૂટ ત્યાં કૂટને લુંટાલુંટ. ॥ ૪૧ ॥

ટેકથી આત્મોન્નતિ છે નક્કી, સત્યધર્મની મૂક !! ન ટેક;
ટેકને જાળવ !! દુઃખો સહીને, અંતરમાં પ્રગટાવી વિવેક. ॥ ૪૨ ॥

ટેક ન છંડીશ સંકટ પડતાં, પ્રતાપરાણાએ ધરી ટેક;
ટેકીલો કહેવાયો જગમાં, જગમાં ટેકથી રહેતી નેક. ॥ ૪૩ ॥

ટેકો ગમે તે રીતનો લેઈ, જીવો જીવે છે નિર્ધાર;
ટેકાવણ કો રહે ન ઉભું, ટેકો આશ્રય છે સુખકાર. ॥ ૪૪ ॥

ટેકો દેવો લેવો પરસ્પર, સર્વજીવોની ફર્જ છે એહ;
ટેકાથી વેલડીઓ ઉંચી, ચઢતી ઉભી રાખી દેહ. ॥ ૪૫ ॥

ટેકો સત્કાર્યોમાં દેવો, સર્વજીવોને હિત કરનાર;
ટેકા ટેકીથી જગ ચાલે, સર્વજીવોમાં એ વ્યવહાર. ॥ ૪૬ ॥

ટેંટાપણું નહીં સારૂં જ્યાં ત્યાં, અહિ પણ દરમાં સિદ્ધો થાય;
ટેવો ખોટી નિજમાં જે જે, કાઢો !! તેઓને હિતલાય. ॥ ૪૭ ॥

ટેંટાં થયા જે લોકો તેઓ, જીવવામાટે સ્વાર્થે ખાય;
ટેંટેં કરતાં વળે ન કાંઇ, પરાક્રમે સંપત ને ન્યાય. ॥ ૪૮ ॥

ટોક વિના નહીં કોઇ સુધરે, સૌને માથે સારી ટોક;
ટોકીને આતમ !! તું જ્ઞાને, મનને મોહમાં જાતું રોક !!. ॥ ૪૯ ॥

ટોકવું સન્માર્ગે છે સારૂં, ટોકયાવણ નહીં ટળતી ભૂલ;
ટોકવું સારૂં ખોટું જ્યાં ત્યાં, સારી ટોકનું છે નહીં મૂલ્ય. ॥ ૫૦ ॥

ટોટો આવે એવાં કાર્યો,-કરવાં નહીં કરીને જ વિવેક;
ટોણો મહેણાં સહીને ચેતન !!, કર્તવ્યોથી ધરજે ટેક. ॥ ૫૧ ॥

ટોળ કરતાં બહુ વધી છે, નફ્ફો તેમાં નહીં લગાર;
ટોળ ન કરવી હાસ્યાદિની, ટોળિયો થાવામાં દુઃખ ભાર. ॥ ૫૨ ॥

[illegible] સાથે, [illegible] તો પામે [illegible];
[illegible] આત્મજ્ઞાનથી એવું [illegible] !!. ॥ ૫૩ ॥

[illegible] આત્મસ્વભાવે, અંતરમાં નહીં [illegible];
[illegible] નહીં [illegible] ન [illegible]. ॥ ૫૪ ॥

ટુંક વખતમાં જ્ઞાની થાવું, એમાં પૂર્વજન્મ સંસ્કાર;
ટુંકી સારી વાર્તાઓથી, સહેજે સમજે નરને નાર. ॥૫૫॥

ટાળી દેવા દુર્ગુણ દોષો, ટાળી દેવાં વ્યસનો સર્વ;
ટાળો !! જૂલમ અનીતિ રીતિ, ટાળો !! મિથ્યા પ્રગટ્યો ગર્વ. ॥૫૬॥

ઠ.

ઠઠ્ઠા ઠાલી મોઢે ન કૂલો !!, આત્મજ્ઞાનવણુ પંડિત ઠોઠ;
ઠારો !! આંતરડી જીવોની, કલ્યાણે વાપરશો હોઠ. ॥ ૧ ॥

ઠઠ્ઠો ભણ્યા ગણ્યા કહેવાશો, પરિહરતાં સહુ જૂઠા ઠાઠ;
ઠાઠડી બંધાતા પહેલાં જીવ !!, પ્રભુને ભજીલે !! પહોરેજ આઠ. ॥૨॥

ઠઠ્ઠા મશ્કરી કુટેવ ત્યાગો !!, ઠોઠ રહો !! નહીં મેળવો જ્ઞાન,
ઠગાઇ કરશો નહીં દુર્લોભે, ગુરૂનો ઠપકો માનો !! સાન. ॥ ૩ ॥

ઠાઠ કરી ફૂલો !! નહીં ઠાલી, દુ:ખીઓની આંતરડી ઠાર !!;
ઠંડી ગરમીમાં સાધનથી, દુ:ખીઓની લે !! સંભાળ. ॥ ૪ ॥

ઠાર્યાં જેવાં માત પિતા ગુરૂ,-તેવા ઠરશો પોતે ઠામ;
ઠરીને બેસે નહીં ગુરૂદ્રોહી, ઠીક નહીં જેનાં સહુ કામ. ॥ ૫ ॥

ઠરેલ જનની સંગતિ કરવી, ઠુંઠાસમ માની ના થાવ !!;
ઠાઠડીમાં બંધાતાં પહેલાં, આત્મપ્રભુને પૂર્ણ જગાવ !!. ॥ ૬ ॥

ઠાઠમાઠ લોકોના દેખી, ચેતન !! તેમાં લેશ ન મુંઝ !!;
ઠાઠમાઠથી થા !! નહી ઠોઠું,-તેથી પડશે સાચી સૂઝ. ॥ ૭ ॥

ઠોકર મારે અન્યોને જે,-તેઓ અંતે ઠોકર ખાય;
ઠોકું યે અહંકાર ન કરજે, ગર્વે ઠાઠાં ભાગી જાય. ॥ ૮ ॥

ઠંડુ ખાવું તે બીજાની,-કમાણી ઉપર જીવવું જેહ;
ઠંડુ ખાય ન સ્વાશ્રયી લોકો, આપકમાઇથી ધારે દેહ. ॥ ૯ ॥

ઠાઠમાં રહો !! નહીં મિથ્યા માને, પોતાની છે કેટલી શક્તિ;
ઠામ ઠામને ઠામ વિના જગ, નહીં પોતાની વડાઇ વ્યક્તિ. ॥૧૦॥

ઠઠારો ઠાલો સદા નભે નહી, સમજી લે !! સાચું જે ઠીક;
ઠરડે જણુ નિર્દોષ જમાનામાં, ધાર !! ન જરી કોની બીક. ॥ ૧૧ ॥

ઠગે ઠગારા લોક પ્રપંચી, ઠગાઓ !! નહી ધૂર્તોથી ભવ્ય !!;
ઠગશો નહીં સ્વાર્થે અન્યોનું, ઠગાઇમાં નહીં સત્કર્તવ્ય. ॥ ૧૨ ॥

ઠગારા અંતરૂમાંહી વસે છે, કામ ક્રોધ માયા અહંકાર;
ઠગારા દુર્ગુણ દુર્વ્યસનો છે, ચોરી જૂઠું ને વ્યભિચાર. ॥ ૧૩ ॥

ઠગાઇ અન્યોને છેતરવું, વિશ્વાસી થઇને નિર્ધાર;
ઠગાઈ પરની કરવી તજતાં, ઠગાય નહીં પોતે નરનાર. ॥ ૧૪ ॥

ઠકુરાઇ કાયાની તે છે, કાયાનું આરોગ્ય સુહાય;
ઠકુરાઈ તે મનની સાચી, સાચું મીઠું વચન વદાય. ॥ ૧૫ ॥

ઠકુરાઈ મનની તે જાણો !!, દયા દાન દમ સત્યને જ્ઞાન;
ઠકુરાઇ આતમની સાચી, કેવલદર્શન કેવલજ્ઞાન. ॥ ૧૬ ॥

ઠાકોર જે તે સ્વતંત્ર વર્તે, કરે નહીં જૂલ્મો અન્યાય;
ઠાવકા રહી દુર્ગુણ દુર્વ્યસનો,-ત્યાગી નીતિનું ધન થાય. ॥ ૧૭ ॥

ઠાકોર તે મન વાણી કાયા,-ઉપર કાબૂ રાખે જેહ;
ઠાઠમાઠ જૂઠા પરિહરતો, પવિત્ર રાખે મન વચ દેહ. ॥ ૧૮ ॥

ઠાકોર તે સાચું બોલે ને, ચોરી જારી કરતો ત્યાગ;
ઠાકોર તે વિનયીને વિવેકી, ગુણીજનોપર સાચો રાગ. ॥ ૧૯ ॥

ઠાકોર તે ઠકુરાઇ ધારે, ધરે ધર્મી આચાર વિચાર;
ઠપકો આપી મનને સુધારે, ખાનદાન જે છે દાતાર. ॥ ૨૦ ॥

ઠપકો મળે તેવું નહી કરવું, ઠોઠુજી થઇ કર !! નહીં ગર્વ;
ઠેર ઠેર જગમાં ઘર કરજે, આત્મસમું જગ દેખો !! સર્વ. ॥૨૧॥

ઠગબાજી શયતાનની જ્યાં ત્યાં, લોકોને ઠગતો શયતાન;
ઠગબાજી કરી પેટ ન ભરવું, જીવંતા તે નરકનું સ્થાન. ॥ ૨૨ ॥

ઠગના વિશ્વાસી નહીં થાવું, ઠગની વૃત્તિ લેશ ન ધાર !!;
ઠગ્યા વિના નિજ આતમને કહિ, ઠગ થાતો નહીં સ્વયં વિચાર !!.॥૨૩॥

ઠગવિદ્યાથી લખવું વદવું, કરવું તેથી મળે ન સુખ;
ઠગવિદ્યામાં સુખની ભ્રાંતિ, અંતે તો છે દુઃખનું દુઃખ. ॥ ૨૪ ॥

ઠગ નહીં સ્વાર્થે ક્રોધે કપટે, માને લોકોને જ લગાર;
ઠગ્યાવિના નીતિથી જીવન, ગાળજે પ્રભુમાં ધારી પ્યાર. ॥ ૨૫ ॥

ઠઠ્ઠાબાજીમાં નહીં સુખ છે, અનેક તેથી પ્રગટે કલેશ;
ઠઠ્ઠો કરતાં ઠોકર ખત્તા,–ખાવા પડતા શાંતિ ન લેશ. ॥ ૨૬ ॥
ઠઠ્ઠાખોરની સંગે રહેતાં, ઠોકર વાગેને હલકાઇ;
ઠઠ્ઠા મશ્કરી કરવી ત્યાગો !!, પ્રગટાવો !! નિજમાં પ્રભુતાઈ. ॥૨૭॥
ઠાઠવેઠ નહીં જાય નકામી, નિષ્કામે કર અન્યની સેવ;
ઠાઠા ઠીઠી કરી શું ? જીવે, પ્રગટાવો !! આતમને દેવ. ॥ ૨૮ ॥
ઠઠારો જૂઠો લાભ ન આપે, શાંતિ સુખ આપે નહીં લેશ;
ઠાઠમાઠ જૂઠાં સહુ છંડો !!,–જેથી પ્રગટે લેશ ન કલેશ. ॥ ૨૯ ॥
ઠલુઠલુ અંતર પોલંપોલા, બાહિરનો જૂઠો ત્યાં ઠાઠ;
ઠલુકો દુઃખનો ઘટમાં પ્રગટે, તો માનવ છે જગમાં કાષ્ઠ. ॥ ૩૦ ॥
ઠપકો સહીને ભૂલ સુધારો, !! ઠપકો મળતાં કરો !! ન ક્રોધ;
ઠપકો સમજુને છે સારો, મનમાં પ્રગટાવે છે બોધ. ॥ ૩૧ ॥
ઠમક ઠમક કરી ચાલે જેઓ, દુનિયામાં શોખે મસ્તાન;
ઠમકારામાં મુંઝ !! ન મૂરખ,–કર !! અંતરૂમાં આતમજ્ઞાન. ॥ ૩૨ ॥
ઠરડાવાથી નિજ અન્યોને,–લાભ થતો નહીં જગમાં લેશ;
ઠરવું સદ્‌ગુણુ સત્કર્મોથી, જેથી સઘળા નાશે કલેશ. ॥ ૩૩ ॥
ઠરાવ સાચો મનમાં ધારી, સાધો !! સહુ સારા વ્યવહાર;
ઠરીને તેથી બેસશો ઠામે, ઠરેલપણામાં શાંતિ સાર. ॥ ૩૪ ॥
ઠસકાદાર બન્યાથી નહિં સુખ, ઠસકો ખોટો જલ્દી ત્યાગ !!;
ઠસાવી દે !! પ્રભુ પ્રીતિ સારી, આતમમાંહી જ્ઞાને જાગ !!. ॥ ૩૫ ॥
ઠંડક જ્ઞાનને સમતાભાવે, થાતી તેથી પ્રગટે મુક્તિ;
ઠંડક અન્તરૂની પ્રગટ્યાવણુ, સુધરે નહીં આતમની રીતિ. ॥ ૩૬ ॥
ઠંડીમાં તનુ રક્ષણુ કરવું, હવા વસ્ત્ર અગ્નિથી બેશ;
ઠંડીમાં ગરમીમાં જ્ઞાને, ઉપયોગે નહિ તનુના કલેશ. ॥ ૩૭ ॥
ઠંડા પાડો !! વૈર વિરોધો, ઝઘડા યુદ્ધોને કંકાસ;
ઠંડા થાઓ !! ક્રોધ તજીને, ધરી મનમાં પ્રભુનો વિશ્વાસ. ॥ ૩૮ ॥
ઠંડા સાત્વિક શુભકર્મોથી, તે છે ઠંડા સાચા બેશ;
ઠંડા જેઓ મોક્ષમાર્ગમાં, તેઓના અંતરૂમાં કલેશ. ॥ ૩૯ ॥

ઠા છે પ્રભુ વિશ્વાસે પ્રેમે, સદ્વર્તનથી સૌને જાણુ !!;
ઠા નહીં ચંચલ મનથી કોનો,—જેમાં નાચે છે શયતાન. ॥ ૪૦ ॥

ઠાગો શુભ કાર્યોમાં સારો, પાપવૃદ્ધિમાં ભૂરો જાણુ !!;
ઠાગો કરજે સત્કાર્યાર્થે, ઠગીને લે !! નહીં અન્યના પ્રાણ. ॥ ૪૧ ॥

ઠાઠડી માંહી કેક ઠરાણા, મૈયતમાં કૈ ચાલ્યા જાય;
ઠાઠમાઠ પડી રહેતો અહિંયાં, કર્યું હાથે તે સાથે જાય. ॥ ૪૨ ॥

ઠામ ઠરે નહીં જૂઠા ચોરો, વ્યભિચારી જે નર ને નાર;
ઠામ ઠરે નહીં ઘણાનો દુશ્મન, લોકવિરુદ્ધ ધરે આચાર. ॥ ૪૩ ॥

ઠામ ઠરે નહીં નિર્દય દુષ્ટો, ક્રૂરકામના જે કરનાર;
ઠામ ઠરે નહીં અજ્ઞાનીઓ, કામી લોભી નરને નાર. ॥ ૪૪ ॥

ઠામ ઠરે નહીં નગુરા નાસ્તિક, નિઃસ્નેહી નગુણા જે લોક;
ઠામ ઠરે પ્રભુ ભકતો સંતો, ઠરવા માટે મોહને રોક !!. ॥ ૪૫ ॥

ઠામો ઠામ કરો !! શુભ કાર્યો, ઉપકારો કરો !! ઠામો ઠામ;
ઠારો !! દુઃખીની આંતરડી, જગમાં નશ્વર ઠાઠ તમામ. ॥ ૪૬ ॥

ઠાકર જે અન્યોના થાતા, હામ દામ આપીને સ્હાય;
ઠાકર જે દુઃખીઓને પ્રેમે, જ્ઞાને દુઃખ ટાળી અન્યાય. ॥ ૪૭ ॥

ઠાર્યા તેવા ઠરશો નક્કી, દુઃખીની આંતરડી ઠાર !!;
ઠારક થાજે ગરીબ જનનો, મારીશ નહીં કોઈને ઠાર. ॥ ૪૮ ॥

ઠાલું બોલ !! ન ઠાલું લખ !! નહીં, ઠાલી કરજે નહીં કો વાત;
ઠાલાની કિંમત નહીં જગમાં, ઠાલી વાતે ન કો રળિયાત. ॥ ૪૯ ॥

ઠાવકાઈથી મનુષ્ય શોભે, નાત કોમમાં થાતું માન;
ઠાવકાઈ ત્યાં દુઃખ ટળે છે, ઠાવકાઇમાં છે સન્માન. ॥ ૫૦

ઠાવકો થા !! તું સઘળી વાતે, ઠાવકો થઇને કર !! ઉપકાર;
ઠાવકો ટપકાં મ્હેણાં સહતો, આત્મબળે જીતે સંસાર. ॥ ૫૧

ઠાવો મનુષ્ય જ્યાં ત્યાં સારો, ઠાગુ જયાં ત્યાં હડધૂત થાય;
ઠાંસ ખોટી તે તજવી સારી, નિજ ભૂલ ટાળે સુખને પાય. ॥ ૫૨

ઠીંગણાને ઉંચામાં સત્ત્વજ, ઠિંગા ઠોળી કલેશની માત;
ઠીકઠાક આચાર વિચારો,—શોભે તેથી થાય ન ઘાત. ॥ ૫૩

હું'શથી સત્ય છે દૂરે જાણો, હું'શથી જૂઠી થાય બડાઇ;
હું'શથી નિજનું સત્ય ન શોભે, પ્રગટે છે તેથી હલકાઇ. ॥ ૫૪ ॥
ઠેકડી જો ધૂળીની કરીએ, પગથી હણાતાં શિરપર જાય;
ઠેકડી કોને ન વ્હાલી કયારે, ઠેકડી કરતાં ઠીક ન થાય. ॥ ૫૫ ॥
ઠેકાણું સારૂં તે ઠરવું, ઠેકાણું સારૂં સુખકાર;
ઠેકાણાજ વિનાનો માણસ, જ્યાં ત્યાં જગમાં પામે હાર. ॥ ૫૬ ॥
ઠેઠનું સાધો !! પેટની સાથે, જાવો !! આતમ !! મુક્તિ ઠેઠ;
ઠેઠનો માણસ તેથી ચેતો !!, જેથી પડો !! ન તેની હેઠ. ॥ ૫૭ ॥
ઠેકુ તારી પાછળ લાગ્યા, કામ ક્રોધ માયાને માન;
ઠેકુ મનનો મોહ છે જાલીમ,–તેથી ચેતો !! ચતુર સુજાણ. ॥ ૫૮ ॥
ઠેરઠેર નહીં સંતો જગમાં, ઠેરઠેર નહીં સારૂં હોય;
ઠેરઠેર નહીં મિત્ર બંધુઓ, ઠેરઠેર નહીં શાંતિ જોય. ॥ ૫૯ ॥
ઠેલી દે !! અન્તરૂશત્રુને, ઠેલી દે !! જે દુષ્ટ વિચાર;
ઠેલી દે !! દુઃખકરને આઘો, ઠાલો શોભે નહીં આચાર. ॥૬૦॥
ઠેસ ન મારો !! શુભ કાર્યોમાં, પરોપકારી કાર્યો મંધ;
ઠેસ જયાં વાગે ત્યાં સાવધ થૈ, વર્તે રહે ન દુઃખની છાંય. ॥૬૧॥
ઠોકર બાવન જ્યારે વાગે,–ત્યારે વીરસમો જન થાય;
ઠોકર કોને દેવી ન સારી, ઠોકર તે છે શિક્ષા ન્યાય. ॥૬૨॥
ઠોકર શિક્ષક ગુરૂ શીખ જેવી, ચેતાવે છે ભૂલ નિવારી!;
ઠોઠને ઠોકર વાગે ઝાઝી, ઠોકર તે ભૂલ દોષ વિચાર. ॥૬૩॥
ઠોકો !! પ્રભુનાં દ્વારો પ્રેમે, ઉઘડે તેથી પ્રભુનાં દ્વાર;
ઠોકો !! નહીં અન્યાયે કોને, ઠોકાવું નહીં સારૂં લગાર. ॥૬૪॥
ઠોઠ તે ભણ્યા છતાં નહીં ગણિયો, ઢોઢ તે અજ્ઞાની કહેવાય;
ઠોઠ તે સાચું સમજી ભૂલે, દુઃખ પડે પણ વ્યસની થાય. ॥ ૬૫ ॥
ઢોઢ તે દુઃખના હેતુ સેવે, દુર્ગુણ વાટે દોડયો જાય;
ઢોઢ તે સત્ય અસત્ય ન જાણે, સમજે તે નહીં ન્યાયાન્યાય. ॥૬૬॥
ઢોઢ તે સેવા ભક્તિ ભૂલે, ઢોઢ તે પ્રભુને ભૂલે જેહ;
ઢોઢ તે વારંવાર જે ભૂલે, રાખે નહીં ગુરૂ પ્રભુનો સ્નેહ ॥ ૬૭

ઢોબારી તે ધર્મ ન સમજે, સદાચાર નીતિથી દૂર;
ઢોબારી તે પેટના માટે,–જીવે પાપ કરીને ક્રૂર. ॥૬૮॥
ઢોબલો માનવ તે કહેવાતો, જગમાં રણુના રોઝ સમાન;
ઢોબારી તે ધર્માધર્મને,–જાણે નહીં પશુ સરખો જાણ!!. ॥૬૯॥
ઢાંસાબાજી તોફાનીનો, બદમાસોનો ધંધો જાણ!!;
ઢાંસાબાજી માંહી અનીતિ, ગુંડાઓનું કાર્ય પિછાન!!. ॥૭૦॥

(ડ.)

ડફા ડાળ કરે શું મોહે, મોહે વળિયો દુઃખનો દાટ;
ડહાપણ દુનિયાનું છે મિથ્યા, ડહાપણ ધરજે ધર્મની વાટ. ॥ ૧ ॥
પાપકર્મમાં ડાહ્યો થાવા, ડાંડપણું ત્યાગો !! ઝટવાર;
ડફા ભણ્યો ત્યારે કહેવાશે, ડુબો !! નહીં ભવકૂપ મઝાર. ॥ ૨ ॥
ડફા કરશો નહીં જગ ક્યારે, ધર્મકર્મ કરતાં જગમાંહ્ય;
પાપકર્મથી ડરતા રહેશો,–તેથી મુક્ત થશો દુઃખ નાહિ. ॥ ૩ ॥
ડાટો !! જૂઠી નિન્દા વાતો, ડાળાં છંડી પકડો !! મૂળ;
ડાંડપણું કરશો નહીં ક્યારે, ડાહ્યા થઇ વર્તો !! તજ !! ભૂલ. ॥ ૪ ॥
ડાકડમાલે થતી ન ચડતી, ડંડાબાજી દૂર નિવાર!!;
ડુંટીના વિચારો પ્રગટે, તેહ પ્રમાણે વર્તન ધાર!!. ॥ ૫ ॥
ડાડી વનસ્પતિસમ શીતલ, થઇને તાપમાં જીવો !! ભવ્ય !!;
ડાળ સમા થઇ પરને ન ફોલો, ડાળ વિના કરશો કર્ત્તવ્ય. ॥ ૬ ॥
ડાકુ ઘાલો !! નહીં ચોરીમાં, ડહોળો !! નહિ નાહક પરમન;
ડાકુ જનની સંગ ન કરશો, ડાકુનું લેશો નહિ ધન. ॥ ૭ ॥
ડાઘ લગાડો !! નહીં કીર્તિમાં, ડાઘ લગાડો !! નહિ કુલ અંગ;
ડામાડોળ કરો !! નહીં નિજ મન, ડાકલું વાગે રહે ન રંગ. ॥ ૮ ॥
ડામ કપાલે ચોરી જારીથી, ડાઘાડુઘી લખો !! ન લેખ;
ડાંગ ન મારો!! વિના વિચારે, ડીંગ ન મારો સાચું પેખ!!. ॥ ૯ ॥
ડાળીયું દુર્લભ દુષ્કાળે છે,ડફ ડબગરનો જગ ઉપયોગ;
ડાળા કાઢી ક્રોધ કરો!! નહીં, ડાબા જેવા રહો !! ન લોક. ॥ ૧૦ ॥

ડુંગર દૂર થકી રળિયાળા, પાસે જાતાં છે પાષાણ;
દૂર થકી સહુ સારાં લાગે, પરિચયથી ગુણદોષની જાણ. ॥ ૧૧ ॥
ડરવું તો નહીં કાર્યને કરવું, કરવું તો નહીં ડરો ! લગાર;
ડરવું પાપનાં કર્મો કરતાં, ડરવું નહીં ધર્મે નિર્ધાર. ॥ ૧૨ ॥
ડોબા જેવા રહો ન મૂર્ખો, ડાકુઓની સોબત વાર !;
ડોળો ! નહિ ધર્મીનાં દીલડાં, કુતર્ક બુદ્ધિથી નર નાર. ॥ ૧૩ ॥
ડોડી વેલડી દુષ્કાલે તે, મનુષ્યને બહુ મોંઘી થાય;
ડોડી ખાઈને કોળી લોકો, ગરીબ જીવે છે સુખમાંહ્ય. ॥ ૧૪ ॥
ડોઠી ખાતાં રોગો કેટલા,-ટળે છે વૈદ્યો બોલેબોલ;
ડાયર સરખા થયો ન નિર્દય, સત્યાસત્યનો કરશો તોલ. ॥ ૧૫ ॥
ડામીસ તે અન્યાયી જૂલ્મી, હિંસક જૂઠો ધૂર્ત ગણાય;
ડામીસ ચોર ને વિશ્વાસઘાતી, ખૂની વ્યભિચારી કહેવાય. ॥ ૧૬ ॥
ડામ કપાળે જેને પડિયો, વ્યવહારે ડામિસ કહેવાય;
ડામીસ ગુપ્ત ઘણા લોકો છે, અન્યોનું ચોરીને ખાય. ॥ ૧૭ ॥
ડાકણ જેને આત્મસ્વરૂપ થૈ,-તેને ડાકણથી નહીં ભીતિ;
ડામાડોળ રહે મન જેવું, ડાકણ તેના મનની વૃત્તિ. ॥૧૮॥
ડખો ન ઘાલો ! સત્કાર્યોમાં, ડગમગતું મનડું કર ! સ્થિર;
ડખલ થતી દૂરે કર ! જ્ઞાને, સત્યોપાયે થા ! તું વીર. ॥૧૯॥
ડગમગવું શુભમાં નહીં સારૂં, ડગમગવાની વૃત્તિ ત્યાગ !;
ડગોમગો ત્યાં નિર્બલતા છે, સમજી નિશ્ચય બલથી જાગ !. ॥૨૦॥
ડગલું ભરજે પલપલ શુભમાં, પાપે ડગલું ભર ! ન લગાર;
ડગલું ભરવું પહેલાં સમજી, ડગલું ભરી પછી હિંમત ધાર !.॥૨૧॥
ડગલું સારૂં ભર્યા પછીથી, શુભકાર્યે ડરવું ન લગાર;
ડગલું ભરજે જોઈ વિચારી, મોહનો કાદવ જગમાં અપાર. ॥૨૨॥
ડગવું નહીં રણયુદ્ધ ચઢંતાં, મોહને મારી જીતો ! યુદ્ધ;
ડગવું નહીં શત્રુઓથી કદિ, શિક્ષકપર થાવું નહીં ક્રુદ્ધ. ॥૨૩॥
ડગવું નહીં મરતાં પણ કયારે, સત્યધર્મથી નર ને નાર;
ઠગવું નહીં ધૂર્તોના ઠગાવે. ઠગી જાતા તે ખાવે હાર. ॥૨૪॥

ડગળી ખસી જાવા નહીં દેજે, કોટિ કોટિ કરી ઉપાય;
ડગળી ઠેકાણે રાખીને, કરજે તું નિજ પરનો ન્યાય. ॥૨૫॥

ડફાંસ મારે થાય ન કીર્તિ, ઉલટી સત્ય પ્રતિષ્ઠા જાય;
ડફાંસ મારે કાજ ન સિદ્ધે, આતમની શકિત વિઘટાય. ॥૨૬॥

ડમાક, મૂરખા આગળ શોભે, ડમાક મારે તે હેવાન;
ડમાકમાં અજ્ઞાનમાં જૂઠું; અધુરાપણું વર્તે ભાન. ॥૨૭॥

ડર !! નહીં કોથી સત્યપંથમાં, પ્રાણ જાય તો ભીતિ ન ધાર !!;
ડર !! નહીં કોનો ડરાવ્યો જગમાં, ડરકુને જ્યાં ત્યાં છે હાર. ॥૨૮॥

ડર !! નહીં ધર્મના માર્ગમાં વહેતાં, ડર !! નહીં જૂઠી વાતે લેશ;
ડર !! નહીં ફર્જ બજાવતાં કયારે, ડરતાં પડતા અનેક કલેશ. ॥૨૯॥

ડર !! નહીં દુનિયાના બોલોથી, ડર !! નહીં પરાભિપ્રાયે લેશ;
ડર તો ડર !! નહીં ડર તો ડર !! નહીં, સારામાટે શીખ છે બેશ. ॥૩૦॥

ડરકુમિયાં સમ ડર ખાવાથી, દુષ્ટોથી નિજ થાતી હાર;
ડરવાથી મરવાનું થાતું, મૃત્યુ અવશ્ય છે ડરને વાર !!. ॥૩૧॥

ડર !! નહીં ડરાવ !! નહીં અન્યોને, ડરામણાથી ડરી ન જાવ;
ડર !! ધરજે પાપોને કરતાં, કે જેથી છે દુઃખના દાવ. ॥૩૨॥

ડરાવો તો પાપોથી ડરાવો !!, દુર્ગુણ દુર્વ્યસનોથી ડરાવ !!;
ડર ખાવો નહીં સત્ય દયામાં, ઇશ્વરનો પણ મનમાં લાવ !!. ॥૩૩॥

ડર નહીં માન પ્રતિષ્ઠાનો જગ, સંતોને ડર નહીં લગાર;
ડરે ન દુનિયાના અભિપ્રાયે, સર્વવાસના ત્યાગી વિચાર !!. ॥૩૪॥

ડર !! નહીં દયા ને સત્ય વદંતાં, ડરીને જૂઠું બોલ !! ન તોલ;
ડર !! નહીં મૃત્યુ આવે ત્હોયે, ડર્યા વિના સાચું જગ બોલ !!. ॥૩૫॥

ડર !! નહીં કીર્તિ પ્રતિષ્ઠા જવાથી, ડર !! નહીં યુદ્ધમાં કરી પ્રયાસ;
ડર્યાથી આવેલું આવી જતાં, કોનાં જગમાં બચે ન પ્રાણ. ॥૩૬॥

ડરીને હિંસા જૂઠ ન કેવા !!, ડરીને આવે હીનતા ખાસ.
ડરવાથી [illegible] ॥૩૭॥

ડર !! નહીં [illegible] વિના નિજ ફર્જ [illegible]
[illegible] ॥૩૮॥

ડરવું દુર્ગુણ દુર્વ્યસનોથી, પાપોથી ડરીને જગ ચાલ !!;
ડરવું ન પુણ્યનાં કાર્યો કરતાં, ડરકુ કેમના છે બેહાલ. ॥૩૯॥
ડર રાખો !! નહીં જમનો પણ કંઇ, સત્યમાં નિર્ભયતા સુખકાર;
ડરથી ડરની પરંપરા છે, સાચાથી ડરતો ન લગાર. ॥૪૦॥
ડરાવો !! નહીં અન્યોને મિથ્યા, દુશ્મનથી નહીં ડરો !! લગાર;
ડર !! નહીં પ્રભુની સેવા ભક્તિ, ધ્યાનમાં રાખો !! પ્રભુઆધાર.॥૪૧॥
ડહાપણથી કર !! સારાં કાર્યો, ડહાપણ ધારી જગમાં ચાલ !!;
ડહાપણવણ જીવન પશુ સરખું, ડહાપણથી છે સાચો પ્યાર. ॥૪૨॥
ડહાપણ એજ છે કે જેથી નિજ, પરનું હિત ઉપયોગી સધાય;
ડહાપણ એજ કે જેથી દુર્ગુણ, દુર્મતિ ઝટ દૂરે થઇ જાય. ॥૪૩॥
ડંખ ન રાખો !! વૈરનો કો'પર, ડંખે ઝેરની વૃદ્ધિ થાય;
ડંખ ધર્યાવણ શત્રુનું પણ, કર !! સારૂં થઇને નિર્માય. ॥૪૪॥
ડંડાઈ ડાંડાની સાથે, દુનિયામાં કરતાં નરનાર;
ડંડાઈ નહીં ડાંડા સાથે, ત્યાગી સંતની દયા છે સાર. ॥૪૫॥
ડંડાઈ દુર્બલની રહેણી, અન્યાયીની રહેણી જાણ !!;
ડંડાઇમાં સત્યનો ઘાત છે, ડંડાઇમાં છે બહુ હાણ. ॥૪૬॥
ડાકડમાક ન જૂઠો નભતો, સાચાને નહીં ડાકડમાક;
ડાકડમાકને છંડી આતમ !!, સાદાઇ ધરી થાવો !! પાક. ॥૪૭॥
ડાહિયું આશા તૃષ્ણાકામી, મન પોતાનું છે નિર્ધાર;
ડાહિયું મનડું ગમે તે કરતું, જ્યાં ત્યાં ભમતું લહે ન સાર. ॥૪૮॥
ડાખલું તે શંકાવાળું મન, શંકાવાળું વિચારભેદ;
ડાખલું વાયરીઓજ વગાડે, ડાખલું ઘાલે પ્રગટે ખેદ. ॥૪૯॥
ડાગળી ઠેકાણે રાખીને, કરવું તે કર !! આળસ ત્યાગ !!;
ડાગળી જેની ચસકી તેના, ઓર જાતના પ્રગટે રાગ. ॥૫૦॥
ડાઘ લગાડો !! નહીં ચારિત્રે, કીર્તિમાં નહીં ડાઘ લગાડ !!;
ડાઘ લગાડો !! નહીં સારામાં, ડાઘ પડ્યો તે દૂરે કાઢ !!. ॥૫૧॥
ડાઘ ન પડવા દેજે ક્યારે, ન્યાય નીતિથી નાસે ડાઘ !!;
ડાઘ ન લખવામાં-વદવામાં,-કરવામાં એવો ધર !! રાગ. ॥ ૫૨ ॥

ડાચાબળિયો માનવ જીતે, સાચું બોલે ધરીને જ્ઞાન;
ડાચાબળિયા રહેણી વિનાના,–તે તો જગમાં છે હેવાન. ॥ ૫૩ ॥

ડાટ વળે છે વ્યસનો સેવ્યે, દાટ છે અનીતિ એ જગમાંય;
ડાટ છે મોહના કહ્યા પ્રમાણે, ચાલ્યાથી બહુ દુઃખની છાંય. ॥ ૫૪ ॥

ડાટ છે દુર્બુદ્ધિ પ્રગટ્યાથી, અતિ ભોગે છે દુઃખનો ડાટ;
ડાટ વળે છે અશકિતયોથી, પાપોદયથી રહે ન ખાટ. ॥ ૫૫ ॥

ડાટ વળે છે નહિ સમજ્યાથી, રોગ રોષથી વળતો ડાટ;
ડાટ વળે નહિ સદ્ગુણ પ્રગટે, સદ્વર્તનથી સુધરે ઘાટ. ॥ ૫૬ ॥

ડામીસ મન તે દુર્ગુણ ભરિયું, ડામીસ તન તે કરતું પાપ;
ડામીસ તે નિર્લજ્જ નફ્ફટને, ચોરની જેને પડી જગ છાપ. ॥ ૫૭ ॥

ડામીસને નહીં ન્યાય ને નીતિ, સર્વપ્રકારે જેહ હરામ;
ડરાવે જે સજ્જનને કપટે, ઝુંટવી ખાતો અન્યના દામ. ॥ ૫૮ ॥

ડામીસને નહીં પ્રભુનો ભય છે, લુચ્ચાઈથી વર્તે જેહ;
ડામીસની શોબત કરવાથી, બગડે છે નિજનું મન દેહ. ॥ ૫૯ ॥

ડાંગથી તનનું રક્ષણ કરવું, અન્યાયે મારો !! નહીં ડાંગ;
ડાંગને ડહાપણથી વાપરવી, કે જેથી થાવું નહીં રાંક. ॥ ૬૦ ॥

ડાંડની દોસ્તી કદિ ન સારી, ડાંડાઈથી સારૂં ન થાય;
ડાંડાઈથી પ્રભુ છે દૂરે, ડાંડાઈમાં હોય ન ન્યાય. ॥ ૬૧ ॥

ડાંડના વિશ્વાસી થાવાથી, મન વાણી કાયા દંડાય;
ડાંડનો સંગી ડાંડ ગણાતો, ડાંડને પાપ ઘણા બંધાય. ॥ ૬૨ ॥

ડાંડમાં સદ્વર્તન નહીં રહેતું, ઘટે પ્રતિષ્ઠા આબરૂ જાય;
ડાંડપણું જો નિજમાં શું છે, શોધી કાઢો !! સુખ પ્રગટાય. ॥ ૬૩ ॥

ડાંડિયા ટોળીમાં ન ફરવું, ડાંડિયા ટોળીને દો !! દંડ;
ડાંડની સામા ઉભા રહીને, તાડો !! તેનું બહુ ઘમંડ. ॥ ૬૪ ॥

ડાહ્યા ન [illegible] તુ, કાઢે રોગ [illegible];
ડાહ્યા ન [illegible] ડાંડને [illegible] દૂરે [illegible] !! ॥ ૬૫ ॥

ડાહ્યો તે [illegible] નિસ્પૃહિ [illegible] છે [illegible];
ડાહ્યો તે [illegible] ॥ ૬૬ ॥

ડિંગળમાં જૂઠાણું ભારે, સત્ય વાતનો કંઇ કલેશ;
ડિંગળથી ડિંગળીયા રીઝે, ડીંગલમાં વર્તે છે ક્લેશ.　　॥ ૬૭ ॥

ડિંગ જે મારે ગપ્પી લોકો, ડિંગળીયા જગમાં કહેવાય;
ડિંગો મારે તેઓ જૂઠા, ડિંગ ન મારો!! તજો અન્યાય. ॥ ૬૮ ॥

ડિંડવાણું તજ મન કાયા ને, વાણીથી જેથી સુખ થાય;
ડિંડવાણું ત્યાં રહો!! ન ઉભા, સગજ્જનને શિક્ષા સુખદાય. ॥ ૬૯ ॥

ડુક્કર આધ્યાત્મિકદૃષ્ટિએ, અતિવિષયની કામના ટેવ;
ડુક્કર તે વ્યભિચારી મનડું, દુર્ગુણની થાતી જે સેવ.　　॥૭૦॥

ડુક્કર તે અતિકામી મનડું, ડુક્કર તે અતિકામનું કાજ;
ડુક્કરપણું વ્યસનોનું જાણી, છંડો!! પામો!! સ્વર્ગનું રાજ્ય. ॥૭૧॥

ડુલવું થાતું પાપોદયથી, દુષ્ટબુદ્ધિથી ડુલવું થાય;
ડુલવું થાતું જ્ઞાનવિના જગ, ડુલવું થાતું જ્યાં અન્યાય.　　॥૭૨॥

ડુંગળી પણ કોલેરા વખતે, કોલેરાનો કરે વિનાશ;
ડુંગળી ફૂદીનો ને કપૂરના,-અર્કથી રોગ ટળે છે ખાસ. ॥૭૩॥

ડુંટીનો જે અવાજ ઉઠ્યો,-તેમાં સત્ય ઘણું પ્રગટાય;
ડુંટીના આશીર્વાદોથી, બીજાનું ભલું વેગે થાય.　　॥૭૪॥

ડુંટીથી જે નીકળે શાપો,-તેથી અન્યનું ભૂંડું થાય;
ડુંટીનાદ તે અંતર્ધ્વનિ છે, આત્મપ્રભુ પયગામ ગણાય.　　॥૭૫॥

ડુંટીના જે સત્યવિચારો, પશપશ્યંતી ભાષા જાણ!!;
ડુંટીના જે સત્યવિચારની!!,-સ્ફુરણા તે વેદો સુપ્રમાણ.　　॥૭૬॥

ડૂથ ન પરની નિજની કાઢો!!,-જેથી તનમન શક્તિ રખાય;
ડૂથથી હાનિ બળ ક્ષય પડતી, સમજી વર્તે તે સુખ પાય. ॥૭૭॥

ડેરો હરાયા ઢોરને માટે, નફ્ફટ દુષ્ટને થાતી હેડ;
ડેરો તેજ ગુલામીપણું છે, ડેરો દેઇ અરિ છંછેડ!!!.　　॥૭૮॥

ડોટ દેઇને ધર્મકર્મમાં, આગળ ધસતા તેજ મહાન;
ડોટ ન મારો!! પાપના પંથે, ડોટને મારો!! જ્યાં કલ્યાણ. ॥૭૯॥

ડોડી વેલડી, ગરીબ ખાવે, આંખના કેટલા રોગો જાય;
ડોડીથી ગુજરાન કરે છે, ગરીબ લોકો શાંતિ પાય. ॥૯૦॥

ડોબા જેવા લોકો જગમાં, જ્યાં ત્યાં અશક્ત થઈ કૂટાય;
ડોબા જેવા મૂર્ખથી જગમાં,-શકતો આગળ નહીં જીવાય. ॥૯૧॥

ડોલું ખા !! નહીં પ્રમાદ ધારી, ડોલું તે ભૂલોને જાણ !!;
ડોલી જા !! નહિ ભરમાવ્યાથી, ડોળ કર્યાથી મળે ન માન. ॥૯૨॥

ડોળ કરીને સત્ય ન હારો !!, જ્યાં ત્યાં જૂઠા કરો ન !! ડોળ;
ડોળ કર્યાથી પ્રતીતિ જાવે, ડોળ ત્યાં અંતરૂમાંહી પોલ. ॥૯૩॥

ડોળ કર્યાવણ સાદાઇથી, વર્તતાં છે નહીં હલકાઈ;
ડોળઘાલુનો વિશ્વાસ જ શ્યો ?, ડોળથી ટળતી નિજ પ્રભુતાઇ. ॥૯૪॥

ડોસા ડોસી ઘરડાંઓની,-સેવા કરવામાં છે ધર્મ;
ડોસા ડોસી સેવા કરતાં, ઘરમાં પ્રગટે સાચું શર્મ. ॥૯૫॥

ડોળ સરીખો જન દુઃખ પાતો, ડોળ મૂર્ખ રહેતાં દુઃખ થાય;
ડોળી માંદાની કે પ્રભુની, ડંડાબાજીમાં અન્યાય. ॥૯૬॥

ડોળિયું ઘીના જેવું જગમાં, ગરીબ લોકોને છે જાણ !!;
ડોળિયું જીવનમાં ઉપયોગી,-જેથી જીવો ધારે પ્રાણ. ॥૯૭॥

ડોસા ડોસી માંદાઓની. અશક્તની સેવામાં ધર્મ;
ડોળ કરીશ નહીં જૂઠો સ્વાર્થે,-તેથી પ્રગટે પાપનું કર્મ. ॥૯૮॥

ડરાવવું તે હિંસા ભારી, ડરાવવા માંહી છે પાપ;
ડરાવ !! નહિં અન્યોને શસ્ત્રે, ડરાવવામાં છે સંતાપ. ॥૯૯॥

ડરાવ !! નહિ મૃત્યુ ભય દેઈ, ડરાવ !! નહિં દેઈને દુઃખ;
ડરાવવાથી કર્મબંધ છે, ડરાવ !! નહિં આપો !! જીવસુખ. ॥૧૦૦॥

ડર !! નહિ મૃત્યુ દેખી આતમ !!, ડરતાં મૃત્યુ થાય ન દૂર;
ડરવાથી [illegible] ન કોઈ, ડરવાથી દુઃખ છે ભરપૂર. ॥૧૦૧॥

ડરતે. તે [illegible] નહીં [illegible], પાપથી ડરી ડરીને ચાલ !!;
ડર !! નહિ મૃત્યુ [illegible] કિંચિત્, [illegible] સ્વરૂપ નિહાળ !! ॥૧૦૨॥

ડરીને [illegible] [illegible], ડરાવ !! નહિ [illegible]
[illegible] નહિ [illegible] ॥[illegible]॥

॥ ઢ ॥

ઢઠ્ઠો ભણી ગણીને આતમ !!, ઢઠ્ઠા જેવા રહો !! ન ભવ્ય !!;
ઢાલના જેવી પોલ ધરો !! નહીં, સદ્દગુણનાં કરશો કર્તવ્ય. ॥ ૧ ॥

ઢુંઢો સાચું જૂઠું ત્યાગો !!, કામી થશો ના જેવું ઢોર;
ખાવું ઉંઘવું ચારે સંજ્ઞા, મોહ તજી પામો !! પ્રભુ તોર. ॥ ૨ ॥

ઢેડને ભંગીથી તે નીચા, હિંસાદિક પાપો કરનાર;
ઢળી પડ્યા દુર્ગુણ વ્યસનોમાં, ઢાંકયા રહેતા નહીં નરનાર. ॥ ૩ ॥

ઢાલ સરીખા અન્યની સ્હાયે, થાતા તે માનવ છે ઢાલ;
ઢોર થકી પણ માનવ હલકો, કરે નહીં જે પર ઉપકાર. ॥ ૪ ॥

ઢંઢાયા રહેતા નહિ દુર્ગુણ, દુરાચારથી ઢેડથી નીચ;
ઢાંઢો !! પરદોષોને માનવ !!, ઢળો !! સજ્જનની સંગે ઉચ્ચ. ॥ ૫ ॥

ઢોલ સરીખી પોળ ધરો !! નહીં, દુર્ગુણી દોષી ફૂટા ઢોલ;
ઢમઢમ વાગી ઢોલ કહે છે, રહે ન છાની ક્યારે પોલ. ॥ ૬ ॥

ઢીલ કરો !! નહીં ધર્મકાર્યમાં, ઢીલા થાઓ !! ન દુઃખ પડંત;
ઢઠ્ઠા રહો !! ન આતમ !! જગમાં, ઢઠ્ઠો એવો ભણ્યો સંત. ॥ ૭ ॥

ઢુઢાંની કદિ પાન ન બનશે, ઢોંગ ધતીંગનો કરશો ત્યાગ !!;
ઢાઢી સરખી ખુશામતીથી, નિર્બલતાનો લાગે ડાઘ. ॥ ૮ ॥

ઢાંકણી માંહી પાણી ઘાલી, બૂડે બૂડથલ દુષ્ટ હરામ;
ઢાંક્યા રહેતા નહિ દાતારો, શૂરા રહેતાં તેનાં નામ. ॥ ૯ ॥

ઢોળો !! નહીં પરનું ઈર્ષ્યાથી, ઢંગ ધરો !! નહીં ફૂટા ઢોલ;
ઢોલા આતમ !! નિજ ઘર આવો !!, સમતા આનંદે રસરોળ. ॥૧૦॥

ઢચુંપચું મન ધરવું ન ધર્મે, ઢચુંપચું મન મૃત્યુ સમાન;
ઢઠ્ઠો ઢોઠ ન રહેવું સારૂં, ઢઠ્ઠાઓ જગમાં નાદાન. ॥૧૧॥

ઢળી જતા જે સત્યથી તેઓ, જલ્દી કરતા સર્વ વિનાશ;
ઢળવું નહીં કાંઈ વિના વિચારે, ઢળવું સત્યમાં ધરી ઉલ્લાસ. ॥૧૨॥

ઢગ ધડ વણ જન શું શોભે, ઢગ ધડાવણ મોટી હાનિ;
ઢંઢેરાથી દબી જવું નહીં, સર્વજ્ઞનું રાખો !! જ્ઞાન. ॥૧૩॥

ઢંઢેરો પ્રભુનો છે એવો, ન્યાય નીતિ ને ધર્મથી ચાલ!!;
ઢંઢેરો પ્રભુનો છે સાચો, દયા સત્ય આચારો પાળ!!. ॥૧૪॥

ઢાલ સમા સંતો ભકતો છે, ઢાલ સમા મિત્રો જગ જાણુ!!;
ઢાલ સમા છે પરોપકારી, ઢાલ સમા બનશો રખવાળ. ॥૧૫॥

ઢાલ સમા શૂરાઓ સાચા, ઢાલ સમા રક્ષક કહેવાય;
ઢાલ છે સત્ય અહિંસા નીતિ, દાન ને ભકિત સાચો ન્યાય. ॥૧૬॥

ઢાલ સમી છે પ્રભુની ભક્તિ, ઢાલ સમું સાચું ચારિત્ર;
ઢાલ સમા છે ગુરૂ ઉપકારી,–જેથી આતમ થતો પવિત્ર. ॥૧૭॥

ઢાંકણુ સૌના શિરપર સારૂં, ઢાંકણુ તે જાણો!! રખવાળ;
ઢાંકણુ તે ગુરૂજ્ઞાની સંત છે, ઢાંકણુ જગનું ગુણુ છે ધાર!!. ॥૧૮॥

ઢાંકણુ જેને છે તેને જગ, આશ્રય ને મળતો આનંદ;
ઢાંકણુથી દોષો ઢંકાતા, ટળતા આપત્તિના ફંદ. ॥ ૧૯ ॥

ઢાંકો !! અન્યની કાળી બાજુ, ધોળી બાજુ જગમાં ઉઘાડ!!;
ઢાંક પીછોડો ગમે તે રીતે,–કીધો પણુ આવે છે બહાર. ॥ ૨૦ ॥

ઢાંકયું પાપ તે નહીં ઢંકાતું, જયાં ત્યાં તેનો થાય પ્રકાશ,
ઢાંકયું સાચું રહે ન છાનું, જગમાં કુદ્રત્ એવી ખાસ. ॥ ૨૧ ॥

ઢીંચવું, વિવેકવણુ નહીં સારૂં, ઢીંચી ખાય તે થાય ખરાબ;
ઢીક ન મારો !! હાંસી કરીને, તેમાં છેવટ છે નહીં લાભ. ॥ ૨૨ ॥

ઢીલુ મન તન કરી નહીં ચાલો!!, ઢીલાથી નહીં કાર્યો થાય;
ઢીલ ન કરવી સત્કાર્યોમાં, ઢીલો જગમાં માર્યો જાય. ॥ ૨૩ ॥

ઢીલા રહેતાં અશક્તિ પ્રગટે, ઢીલાનો નહીં કોઇ સખાઈ;
ઢીલાને બહુ પાટુઆં વાગે, રહે નહીં સાચી મર્દાઇ. ॥ ૨૪ ॥

ઢીલો થા !! નહીં ભીતિધારી, દુઃખ પડેલાં સહેવાં સર્વ;
ઢીલા સ્વાર્થે અન્યાયે જે, બનતા તેનો મિથ્યા ગર્વ. ॥ ૨૫ ॥

ઢીલા મનતનથી જે લોકો, દુઃખ પડતાં ભાગી જાય;
ઢીલા તેઓ બને ગુલામો, અન્યાયથી જીવી ખાય. ॥ ૨૬ ॥

ઢીલા તે જે સત્ય ન બોલે, બોલીને ફરી પાછા જાય;
ઢીલા તે જૂઠનાથી દબતા. ભીતિના સામા નહીં થાય. ॥ ૨૭ ॥

ઢીલા નામર્દો જગમાંહી, જગમાં જીવંતા મડદાલ;
ઢીલાં પોચાં નસે ન જગમાં, નામર્દો થાતા બેહાલ. ॥ ૨૮ ॥

ઢીલાઓ મક્કમ નહીં રહેતા, ભાગી જૈને પામે હાર;
ઢીલાઓ છે ઢોરથી નીચા, સત્ય શક્તિવણ ખાવે માર. ॥ ૨૯ ॥

ઢીલા જે દુર્ગુણ વ્યસનોથી,–જીવંતા તે મૃતક સમાન;
ઢીલા જે અજ્ઞાને મોહે,–તેઓ પશુ સરખા છે જાણુ !!. ॥ ૩૦ ॥

ઢીલા તેઓ ક્રોધે માને, માયાએ લોભે જગ થાય;
ઢીલાનું નહીં રાજ્ય જગત્માં, નબળાઓથી નહીં જીવાય. ॥ ૩૧ ॥

ઢીલો થા !! નહીં સત્પથ જાતાં, પાપથી ઢીલા લોકો થાય;
ઢીલાઓના સંગી ઢીલા, ઢીલા અજ્ઞાની કહેવાય. ॥ ૩૨ ॥

ઢીલાઓ તન મન વચ ધનનું, રક્ષણ કરે ન ભાગી જાય;
ઢીલા ઘરબારી નહીં શોભે, તજ ઢીલાશને શક્તિ લાવ્ય !!. ॥ ૩૩ ॥

ઢળી પડીશ નહિ પક્ષપાતથી, ઢળીશ !! નહીં જૂઠામાં ભવ્ય !!;
ઢળી પડીશ નહિ નીચદશામાં, ઉચ્ચ દશાનાં કર !! કર્તવ્ય. ॥૩૪॥

ઢુંઢો !! સત્યને જ્યાં ત્યાં લોકો, ઢુંઢી શોધો કરો !! અનેક;
ઢુંઢો !! સત્યને નવનવ શોધે, પ્રગટાવો !! સાચોજ વિવેક. ॥ ૩૫ ॥

ઢુંઢો !! જગને સુખ હિતકર સહુ, ઢુંઢો !! આત્મોન્નતિકર નેહ;
ઢુંઢો !! પરમેશ્વરને તનુમાં, દેહ છતાં પણ જેહ વિદેહ. ॥ ૩૬ ॥

ઢેખાળાથી પણ તે હલકા, પરનું ચોરીને જે ખાય;
ઢેખાળા સરખો તું જૂઠો, હિંસક ચોર કરે અન્યાય. ॥ ૩૭ ॥

ઢેડ છે દુર્ગુણી વ્યસની માણસ, ચામડી મોહે કરે કુકર્મ;
ઢેડ તે અન્તરૂમાં જે નિર્દય, દુષ્ટ પ્રપંચી કરે ન ધર્મ. ॥ ૩૮ ॥

ઢેડ ભંગી જે હલકી જાતિ, તેઓ જાતે નીચ ગણાય;
ઢેડપણું ત્યાં કર્મથકી છે, ધર્મ કરે દિલ ઉચ્ચ સુહાય. ॥ ૩૯ ॥

ઢેડ છે અંતરૂમાં વ્યભિચાર તે, અન્યજીવોનું ચુંસે રક્ત;
ઢેડ ક્રૂર જેતો દુર્ગુણનો છે, અંતરૂ ઢેડપણે નહીં ભક્ત. ॥ ૪૦ ॥

ઢેડપણું છે હિંસા પાપે, પવિત્રતા ત્યાં કોઈ ન ઢેડ;
ઢેડપણું છે પાપોથી જગ, અંતરૂમાં ગુણગણને રેડ !!. ॥ ૪૧ ॥

કુંડો છે પ્રભુ નિર્મોહીને, મોહીને પ્રભુ છે બહુ દૂર;
કુંડો પ્રભુ છે પ્રભુપ્રેમીને, જ્ઞાનીપ્રભુ છો આપ જરૂર. ॥ ૪૧ ॥

કેડ [illegible] જાણું નિજને. આતમ !! આપોઆપ ઉદ્ધાર !!;
કેડ [illegible] જાણું નિજને. આત્મબળે મુક્તિ નિર્ધાર. ॥ ૪૨ ॥

કેવલ [illegible] જાણ્યું, મુક્તિ છે જગમાં જાહેર;
કેવલ જાણે સમજે મનમાં, પોલ તજે !! તો પ્રગટે લ્હેર. ॥ ૪૩ ॥

કે [illegible] !! નહીં જાણી, ડોલથી [illegible] વાત;
કે [illegible] નેત્રી, જ્ઞાની નેત્રી નિજગુણ ઘાત. ॥ ૪૪ ॥

કે [illegible] !! નહીં આતમ !!, મોહ સંગથી દુઃખી થાય;
કે [illegible] ગાળે, પાર ઉ !! તારી બુદ્ધિ [illegible]. ॥ ૪૫ ॥

કે [illegible] નહીં પ્રગટાવો !! જ્ઞાન;
કે [illegible], સુખનિધિ આત્મા ભગવાન. ॥ ૪૬ ॥

[illegible] નહીં [illegible] !!
[illegible] સાથ !! [illegible]

[illegible]

[illegible] અંતરમાં આનંદ [illegible]

[illegible]

ઢોંગથી આતમપ્રભુ છે દૂરે, મોહ કરાવે ઢોંગ અનેક;
ઢોંગ તજે તે આપ પ્રભુ છે, ઢોંગ ત્યાં હોય ન સત્ય વિવેક. ॥૫૬॥
ઢોંગીઓથી વિશ્વ ઠગાતું, ધર્મ કર્મ આદિમાં જોય;
ઢોંગીઓને મોહી દુનિયા, સ્વાર્થે પૂજંતી અવલોય. ॥૫૭॥
ઢોંગ પ્રથમ પોતાના છંડો !!, રાખો !! જ્યાં ત્યાં સાચા ઢંગ,
ઢોંગ જે અંશે ટળે તે અંશે, આતમ ! ત્હારા સુધરે રંગ ॥ ૫૮ ॥
ઢોંગીઓને શું ? ધિક્કારે !!, તું નિજમાંથી ઢોંગ નિવાર !! ;
ઢોંગ નિવારી સત્યની સન્મુખ,-થાતાં પ્રગટે નહીં ધિક્કાર. ॥ ૫૯ ॥
ઢોંગી જીવન અનેક ભવમાં, ભૂતકાલના ઢોંગ વિચાર !!;
ઢોંગીઓને સુધારવાને, તું પોતાને પૂર્ણ સુધાર !!. ॥ ૬૦ ॥
દુઠો !! દેખો !! ખુણે ખાંચરે, સૂક્ષ્મ ઢોંગ પણ દૂરે કાઢ !!;
ઢોંગી કપટી થા !! નહીં મોહે, જ્ઞાને ઢોંગના મૂળને વાઢ !!. ॥૬૧॥
ઢોંગનો પિતા સ્વાર્થ છે પાપી, ઢોંગની માતા છે અજ્ઞાન;
ઢોંગનો પ્રાણ તે સુખની જૂઠી,-લાલચ એવું કરજે જ્ઞાન. ॥ ૬૨ ॥
ઢોંગનો આશ્રય મન તન વચ છે, ઢોંગ તે અસંખ્ય પ્રકારે જાણ !!;
ઢોંગથી લખ!! નહીં-વદ!! નહીં-કર!! નહીં, ઢોંગથી નિર્બલતા બહુ માન!!.
ઢોંગથી સઘળા મોહી જીવો, પ્રભુને પણ છેતરવા જાય;
ઢોંગથી અન્યાયો બહુ જૂલ્મો, ઢોંગ તજ્યાથી શાંતિ થાય. ॥ ૬૪॥
ઢોંગી પાંખડીઓ એ જે, ધર્મશાસ્ત્ર નામે પાખંડ;
ઢોંગ કર્યા તેમાં અજ્ઞાનને, રાગરોષનું મોટું બંડ. ॥ ૬૫ ॥
ઢોંગી શાસ્ત્રમાં હિંસા જૂઠું, ચોરી જૂલ્મ અને અન્યાય;
ઢોંગીઓએ ધર્મના નામે, મોહને પૂજાવ્યો નિરખાય. ॥ ૬૬ ॥
ઢોંગ ધતૂરા પાખંડ ચાળા, ધર્મી નામે જ્યાં ત્યાં થાય;
ઢોંગીઓથી અજ્ઞાનીઓ, દુઃસાઈને બહુ દુઃખને પાય. ॥ ૬૭ ॥
ઢોંગી જીવન વિષ જાણીને,-છંડી પવિત્ર આતમ !! થાવ !! ;
ઢોંગી વિચારો પ્રવૃત્તિ સઘળી,-ત્યાગી પ્રભુમાં લગની લગાવ!!. ॥૬૮॥
ઢોંગ ન કિંચિત્ મનમાં પ્રગટે,-એવો આતમ !! ઉપયોગ ધાર !!;
ઢોંગ ન કર !! તું પૂજાવવાને, નિર્દોષી જીવન સુખકાર. ॥ ૬૯ ॥

ણ

મૃત્યુ નાના અણુથી થાશો, તજશો મિથ્યા સહુ અહંકાર;
જગમાં કોઈ સાથ ન આવે, સ્વપ્ન સરીખો સહુ સંસાર. ॥ ૧ ॥
નાના મોટા સહુને મરવું,–જાણી સઘળાં તજશો પાપ;
મૃત્યુ [illegible] કહેવાશો, સમજી વર્તો !! આપોઆપ. ॥ ૨ ॥

ત.

[illegible] !! આતમ !! જડ ને જાણ્યું !! [illegible]
[illegible] !! આત્મગુણોનું પાંગો !! [illegible]
[illegible], [illegible] પાપ;
[illegible] !! [illegible] !! કર્મના [illegible]. ॥ ૧ ॥
[illegible] !! [illegible];
[illegible]. ॥ ૨ ॥
[illegible] !! ,
[illegible] !! ॥ ૩ ॥
[illegible] !! ,
[illegible] !! [illegible]

[illegible]

તાજે તે જેને નહીં દુર્ગુણ, દુઃખોની પીડા ન લગાર;
ત્યાગી તે જેને મન મોહ ન, રાગ રોષ ત્યાગે સુખ સાર.　॥૧૨॥
તપ ઉપવાસથી મન તન ઉપર, આતમનો પડતો શુભ દાબ;
તપથી આયુષ્ય લાંબુ મનની,-ઈચ્છાઓ પર રહેતો કાબુ.　॥૧૩॥
ત્યાગ તે દુર્ગુણ દુષ્ટ કર્મનો, રાગ રોષનો ત્યાગ તે ત્યાગ;
ત્યાગ તે ધર્માર્થે સહુ સ્વાર્પણ, ત્યાગ તે સત્યને દિલ વૈરાગ્ય. ॥૧૪॥
ત્યાગ તે પંચમહાવ્રત ધરવાં, તજવાં ધન કામિની ઘરબાર;
ત્યાગ તે નિષ્કામે સહુ કરણી, મોક્ષાર્થે આચાર વિચાર.　॥૧૫॥
ત્યાગ તે કામાદિક વૃત્તિનો, અંતરથી કરવો પરિહાર;
ત્યાગ્યા વણુ વિષયાદિક વાસના, વેષ ક્રિયાએ ન ત્યાગ વિચાર. ॥૧૬॥
ત્યાગ તે અશુભ વિચારાચારનો, અશુભ કષાયોનો છે ત્યાગ;
ત્યાગી અંતરમાં જરી દેખો !!, મનમાં છે વૈરાગ્ય કે રાગ.　॥૧૭॥
ત્યજ !! મનની ચિંતાઓ સઘળી, ત્યજ !! મનમાં પ્રકટયો જે શોક;
ત્યજ !! દુષ્ટોનો સંગત બૂરી, દુઃખ ટળે નહીં પાડે પોક.　॥૧૮॥
ત્યજ !! તૃષ્ણાના દુષ્ટ વિચારો, ત્યજ !! જૂઠી મમતાની વૃત્તિ;
ત્યજ !! કુમિત્રની સંગ નઠારી, ત્યાગો !! અધર્મની પ્રવૃત્તિ. ॥૧૯॥
ત્યજ !! તું ગૃહસ્થ ત્યાગદશામાં, ગૃહસ્થ ત્યાગદશા અહંકાર;
ત્યજ !! તું પરની આશાઓથી,-ગુલામી ઈચ્છાનો ભંડાર. ॥૨૦॥
ત્યજ !! તું જૂઠી સાક્ષી દેવી, સ્વાર્થલાભને મારી લાત;
ત્યજ !! તું અધર્મ પાપનાં કાર્યો, ત્યજ !! તું પરની જૂઠી વાત. ॥૨૧॥
ત્યજ !! તું વૈરીઓના વૈરને, તજ !! તું પ્રભુવણુ જડ જગ સર્વ;
ત્યજવું બૂરૂં જે જે અંશે, તે અંશે કર !! નહીં મન ગર્વ. ॥ ૨૨ ॥
તૃષ્ણાના ત્યાગે તું ત્યાગી, ત્યાજ્યનો અંતર વર્તે ત્યાગ;
તૃષ્ણાથી ઉભરાતા જીવો, કરતા જગમાં દ્વેષ ને રાગ.　॥ ૨૩ ॥
તૃષ્ણાઓને અશુભ માર્ગથી,-કાઢી પરમાર્થોમાં વાળ !! ;
તૃષ્ણાઓને સારા માર્ગે,-વાળી પછીથી તૃષ્ણા ટાળ !!.　॥ ૨૪ ॥
તૃષ્ણાઓને સ્વપરધર્મના, માર્ગોમાં વિવેકે વાળ !!;
તૃષ્ણા, સેવા ભક્તિ માર્ગે, સારી સન્માર્ગોમાં ભાળ !!.　॥ ૨૫ ॥

તૃષ્ણાસાગર તરે તે ત્યાગી, સંતો ભકતો ને મસ્તાન;
તૃષ્ણાસાગરમાં જે ડૂબે, તેઓ મોહી છે અજ્ઞાન. ॥ ૨૬ ॥

તૃષ્ણાનો કદી પાર ન આવે, નભ થકી તૃષ્ણા અનંત;
તૃષ્ણાવણુ સહુ સંગી છતાં પણુ, ત્યાગી યોગી આતમ સંત. ॥૨૭॥

તૃષ્ણા ઈચ્છા આશા વાસના, મોહ પરિણુતિ રૂપ અનેક;
તૃષ્ણાથી કદિ શાંતિ ન સુખ છે, જડ સુખ તૃષ્ણા બૂરી ટેક. ॥૨૮॥

તૃષ્ણા જેવો તાપ ન જગમાં, તૃષ્ણા જેવું દુઃખ ન કોય;
તૃષ્ણા સર્વ પ્રકારની ત્યાગો !!, આતમ અનંત શાંતિ હોય. ॥૨૯॥

તૃષ્ણા વણુ આજીવિકા માટે, ગ્રહણુ ત્યાગ જે બાહ્યમાં થાય;
તેમાં નિર્લેપી થઈ આતમ, સત્ય ત્યાગને પામી સુહાય. ॥ ૩૦ ॥

તક ન જવાદે !! આવી સારી, તક ચૂકે માનવ પસ્તાય;
તક ચૂકે તે ચૂકે સઘળું, તક સાધે તે જયને પાય. ॥૩૧॥

તકતકતું જયાં તેજ ત્યાં સઘળું, તકતકવું જગ પુણ્યે થાય;
તકતામાં શું જોવે મુખને, ન્યારો તું પ્રતિબિંબથી ન્યાય. ॥૩૨॥

તકરારોથી થાય ન શાંતિ, જૂઠી વાતે શી ? તકરાર;
તકરારોથી દૂરે રહેતાં, ન્યાયે શાંતિ મળે નિર્ધાર. ॥૩૩॥

તકરારો જે યોગ્ય તે કરવી, જેથી ખોટી ટળે તકરાર;
તકરારીથી કામ પડે તો, બળબુદ્ધિથી છે જયકાર. ॥૩૪॥

તકલાદીની કિંમત જૂઠી, તકલાદી અંતે વિણુસાય;
તકલીફ વેઠી અન્યાયીના, જૂલ્મો ટાળો !! ધારી ન્યાય. ॥૩૫॥

તકસીર ભૂલો જે જે થાતી, તેનું કારણુ સમજી વાર !!;
તકસીર પડતાં શુદ્ધ બનીને, આગળની પ્રગતિ નિર્ધાર. ॥૩૬

તકાદો કર !! ઉપયોગી ન્યાયી, નિજ પરને જેથી હિત થાય;
તકાદો કર!! નિજ સ્વાધિકારે, તેમાં કર !! નહીં કંઇ અન્યાય. ॥૩૭

તકાસવું નહીં પરનું બૂરૂં, અન્યોનું નહીં વિત્ત તકાસ !!;
તકાસતો જે પરનું બૂરૂં, તેઓ અંતે પામે નાશ. ॥૩૮

તક્ર છે શક્રને મહા દુર્લભ જગ, તક્રથી અનેક રોગો જાય,
તક્રથી આરોગી નરનારી, તક્રથી અનેક લાભ જણાય. ॥૩૯

તખ્ત તે ન્યાય પરાક્રમ નીતિ, દયા સત્યને પરોપકાર;
તખ્ત તે શાંતિ શુદ્ધ પ્રેમને, સદ્‌ગુણને રૂડા આચાર. ॥૪૦॥
તખ્ત તે સત્ય પ્રકાશની શક્તિ, ક્ષમા સરલતા હિતનાં કૃત્ય;
તખ્ત તે સાત્ત્વિક શુભ કર્મોથી, એવું તખ્ત તે જીવતું સત્ય.॥ ॥૪૧॥
તજવીજ કર તું આનંદાર્થે, સારી બાબતની ધરી વ્હાલ;
તજી દેજે જૂઠું લાગે તે, તજ !! કુટેવને દેવી ગાળ. ॥૪૨॥
તજવું ગ્રહવું સાપેક્ષાએ, સારૂં ખોટું જ્યાં ત્યાં થાય;
તટસ્થ થઈને સત્ય વિચારો !!, તટસ્થ થઈને આપો !! ન્યાય. ॥૪૩॥
તટસ્થ સાક્ષી થઈને જગમાં, ચલાવ !! ઉત્તમ શુભવ્યવહાર;
તટસ્થ થઈને સ્વાધિકારે, કર્તવ્યો કર !! થઈ હુંશિયાર. ॥૪૪॥
તટસ્થ થઈને નિજ મન તનનાં,–કર્તવ્યોમાં સત્ય તપાસ !!;
તટસ્થ થઈને નિરહંભાવે, કાર્યો કર !! ધારી શિવ આશ. ॥૪૫॥
તટસ્થ થઈ નિજ સારૂં ખોટું, તપાસી આગળનું કર કાજ;
તટસ્થ થા !! નિર્લેપ સુજ્ઞાની, પામો !! શુદ્ધાતમ સામ્રાજ્ય. ॥૪૬॥
તટસ્થ ને શુભ ને જે ભૂલો, નિજમાં તે સહેજે દેખાય;
તટસ્થ કર્તા છતાં ન કર્તા, તટસ્થ થા !! આતમ !! પ્રભુરાય. ॥૪૭॥
તડપક્ષોમાં તટસ્થ રહીને, તડફડ ખોટી જે તે ત્યાગ !!;
તડોની એકતા કરવી સંપે,–એવા કર્તવ્યે જગ જાગ !!. ॥ ૪૮ ॥
તડકાવો નહીં અન્ય જનોને, નિજ શક્તિના જોરે લેશ;
તડકાવવાનું કાર્ય છે બૂરૂં, તેથી પ્રગટે બૂરા ક્લેશ. ॥ ૪૯ ॥
તડકો છાંયલો વારાફરતી, આવે ને તે પાછો જાય;
તડકા છાંયલા જેણે વેઠયા, તેને ઘણા અનુભવ થાય. ॥ ૫૦ ॥
તડકો છાંયલો બે ઉપયોગી, સૌના સ્થાને સહુ છે બેશ;
તડકો છાંયલો બે શિક્ષક છે, શિક્ષા દે ટાળો !! સહુ ક્લેશ. ॥ ૫૧ ॥
તડતડાટ ન કરવો ક્રોધે, તડતડાટે કાર્ય ન થાય;
તડપડ ખોટી વ્હોરી છંડો !!, તડપડ કરતાં કાર્ય હણાય. ॥ ૫૨ ॥
તડફડવુ પાપોદયથી છે, તેથી દુઃખ અશાંતિ અપાર;
તડફડાટ ન કરો !! નકામો, સમતાએ દુઃખ સહો એ સાર. ॥ ૫૩ ॥

તડભડ બોલે બીજાઓ પર, સારી ખોટી લાગણી થાય;
તડભડ બોલ !! ન ગમ ખાઇને,–બોલે કાર્યની સિદ્ધિ સુહાય

તડાકિયો થા ! ! નહીં જગમાંહી, તડાકા જૂઠા બોલ ન બો
તડાકા માર્યે વળે ન કાંઈ, ઉલટો ઘટતો નિજનો તોલ. ।

તડાકો મારો ! ! નહીં કો કાળે, વિચારીને સાચું તે બોલ
તથ્ય પથ્ય હિતકર વાણીને, વિચારીને બોલે છે તોલ. ।

તણાવું હદની બહાર ન સારૂં, તણાઇને કર ! ! નહીં કાજ
તણાવું નહીં શક્તિની બાહિર, તણાઇ જાતાં રહે ન લાજ.

તત્ક્ષણ ધર્મનાં કાર્યો કરવાં, તાબડતોબ કરો ! ! પરમાર્થ
તગાદો કર ! ! નહીં વિના વિચારે, અન્યઘાત ત્યાં બૂરો સ્વાર્થ.

તત્ત્વને જાણો ! ! ગુરૂગમે જલ્દી, તત્ત્વજ્ઞાનમાં વસ તું સત્ય
તત્ત્વજ્ઞાની સાક્ષાત્ પ્રભુ છે, કેવલજ્ઞાની ભાખે સત્ય. ।

તત્ત્વજ્ઞાનમાં ફેર પડે નહીં, ત્રણ્યકાલમાં નહીં બદલાય;
તત્ત્વજ્ઞાન તે બે ને ચારની, ગણતરી સરખો સાચો ન્યાય.

તત્ત્વજ્ઞાનની કરો ! ! પરીક્ષા, બુદ્ધિ અનુભવ ગમ્ય તે સત્ય
તત્ત્વજ્ઞાનથી તત્ત્વો સાચાં, જણાતાં થાતાં સાચાં કૃત્ય.

તત્ત્વજ્ઞાનથી ધર્માચારો, મોક્ષાદિકની સિદ્ધિ થાય;
તત્ત્વ ફરે નહીં ફરે ક્રિયાઓ, આચારો પરિવર્તન પાય. ।

તત્ત્વ છે બે નવ સાત પ્રકારે, કેવલજ્ઞાની ભાખ્યાં સાર;
તત્ત્વજ્ઞાનપર જૈનધર્મનો, પાયો સાચો છે આધાર. ।

તત્ત્વજ્ઞાનીઓ શ્રુત કેવલિયો, ગીતાર્થ સૂરિવર જગ જયકાર
તત્ત્વજ્ઞાની છે સર્વ પ્રકારના, જ્ઞાનીઓમાંહી શિરદાર. ।

तत्त्वमसि મહા વાક્યને સમજે, અનેકાન્ત દૃષ્ટિએ જેહ;
तत्त्वज्ञानी તે સમ્યગ્ દૃષ્ટિ, સર્વ કદાગ્રહ રહિત છે તેહ. ।

તત્પર રહો !! નિજ કાર્યમાં આતમ !!, તત્ત્વજ્ઞાનથી કર !!
તડાકા માર્યે વળે ન કાંઇ, કરવામાં સાર જ છે સત્ય !!
તપના અસંખ્ય ભેદો જાણો !!, બાહ્યાભ્યંતર તપ બહુ ભેદ
તપ કરવું જે શક્તિ પ્રમાણે,–તે કર !! જેથી નાસે ખેદ.

તપ તે જેથી ચિત્તની શુદ્ધિ, મોહાદિક વૃત્તિનો નાશ;
તપ તે દુષ્ટેચ્છાઓ તજવી, તપ તો દુઃખે ધર્માભ્યાસ. ॥ ૬૮ ॥

તપ તે વૃત્તિયોને દમવી, તપ તે દુષ્ટ ધ્યાનનો નાશ;
તપ તે મોક્ષાર્થે શુભ કરણી,–કરવી કરવા જે ઉપવાસ. ॥ ૬૯ ॥

તપ તે જેથી કર્મો તપતાં, રાગ રોષનો થાય વિનાશ;
તપ તે સર્વેચ્છાઓ ઉપર, કાબુ મૂકવો યોગ્ય તે ખાસ. ॥ ૭૦ ॥

તપ તે ક્રોધને માનને હણવો, માયા લોભનો હણવો જેહ;
તપ તે વિષયની વૃત્તિ હણવી, દુષ્ટપ્રવૃત્તિ હણવી તેહ. ॥ ૭૧ ॥

તપ તે દુર્ગુણ વ્યસનો તજવાં, તપ તે લેવું પ્રાયશ્ચિત્ત;
તપ તે વિનય ને સેવા ભક્તિ, ધ્યાન કે જેથી ચિત્ત પવિત્ર. ॥ ૭૨ ॥

તપ તે મન વચ કાયની બૂરી, પ્રવૃત્તિયોને તજવી તેહ;
તપ તે ધર્મનાં શાસ્ત્રો ભણવાં, ધર્મક્રિયાઓ પ્રશસ્ય જેહ. ॥ ૭૩ ॥

તપ તે મનને વશ કરી વર્તવું, તપ તે પાપી વાંછા ત્યાગ;
તપ તે જડમાં સુખબુદ્ધિથી,–રાગને તજવો શુભ વૈરાગ્ય. ॥ ૭૪ ॥

તપ તે ધાર્મિક પારમાર્થિક સહુ, કાર્યો કરવાં સહીને દુઃખ;
તપ તે સેવા ભક્તિ ધ્યાનમાં,–રહેતાં સહેવી તૃષાને ભૂખ. ॥ ૭૫ ॥

તપ તે દયા ને સત્ય અહિંસા, દમ સંયમ સાચું ચારિત્ર;
તપ તે દેહની મૂર્છા ત્યજીને, નિર્લેપી ને થવું પાવત્ર. ॥ ૭૬ ॥

તપસ્વીઓ એવા ત્યાગીઓ, તેઓની કર !! પ્રેમે સેવ;
તપ ને પરહિત માટે સ્વાર્પણ, કરતાં આતમ પ્રગટે દેવ. ॥ ૭૭ ॥

તપસ્વીઓની સેવાભક્તિ, કરવામાં અર્પાઈ જાવ !!;
તપસ્વીઓને પ્રસન્ન રાખો !!, લ્યો !! સેવાનો ભાવે લ્હાવ. ॥ ૭૮ ॥

તપસ્વીઓ જે જ્ઞાની ધ્યાની, પરોપકારી ત્યાગી શ્રેષ્ઠ;
તપસ્વીઓની આગળ બીજા, પામર જીવો છે સહુ હેઠ. ॥ ૭૯ ॥

તપસ્વીઓ જે જે અંશે જો, તે તે અંશે તે સુખકાર;
તપસ્વીઓને નિષ્કામે જે, સેવે તે પામે ભવપાર. ॥ ૮૦ ॥

તપસ્વી થા !! આતમ !! નિષ્કામે, યથાયોગ્ય તપ સાધન સાધ્ય;
તપ સાધન છે, મોક્ષ ધ્યેય છે, એ દૃષ્ટિએ તપ આરાધ્ય. ॥ ૮૧ ॥

તપાસીને કર્તવ્ય કરો ! ! સહુ, શત્રુ મિત્રની કરો ! ! તપાસ;
તપાસીને કર્તવ્ય કરો ! ! સહુ, શત્રુ મિત્રની કરો !! તપાસ;
તપાસ રાખી આગળ ચાલો !!, તપાસીને રાખો !! વિશ્વાસ. ॥૮૨॥
તપાસવું સહુ સૂક્ષ્મદૃષ્ટિથી, તપાસ ત્યાં નહીં નાશીપાસ;
તપાસ જાતે જેહ કરે તે, પામે છે જય સુખ શિવ ખાસ. ॥ ૮૩ ॥
તપગચ્છ ખરતરગચ્છ આદિ સહુ, ચોરાશી ગચ્છો કહેવાય;
ત્યાગી જૈન શ્વતાંબર એ સહુ, તત્ત્વજ્ઞાનમાં ભેદ ન થાય. ॥ ૮૪ ॥
ત્યાગી તે જેણે મનમાંથી, કામેચ્છાનો કીધો ત્યાગ;
ત્યાગી તે જેણે શિવ હેતે, ધાર્યો અંતરમાં વૈરાગ્ય. ॥ ૮૫ ॥
ત્યાગી તે જે મોહને ત્યાગ્યો, વાર્યા સઘળા વિષય કષાય;
ત્યાગી તે જે પંચ મહાવ્રત,–ધારી નિષ્કામી થઈ જાય. ॥ ૮૬ ॥
ત્યાગી તે જે જગહિત કરવા, તન ધન મનને અર્પે પ્રાણ;
ત્યાગી તે જે આત્મસ્વભાવમાં,–ધ્યાનવડે થાવે મસ્તાન ॥ ૮૭ ॥
ત્યાગી તે જે સર્વ શુભાશુભ,–પરિણામોની પેલી પાર;
ત્યાગી તે જે અધર્મ ત્યાગે, પ્રશસ્ય ધર્મને આચરનાર. ॥ ૮૮ ॥
ત્યાગી તે જે જડ વિષયોમાં, સુખ બુદ્ધિનો કરતો ત્યાગ;
ત્યાગી તે જે સર્વ શુભાશુભ,–વાસના ત્યજી પામે વૈરાગ્ય. ॥ ૮૯ ॥
તબીબી ધંધો જનહિતકારી, તબીબ જગ ઉપયોગી થાય;
તબીબી ધંધો જનહિતકારી, તબીબી જ્ઞાન થકી હિત લાય. ॥ ૯૦ ॥
તનુ રક્ષણ કરવા ઉપયોગી, તબીબી જ્ઞાન થકો હિત લાય. ॥ ૯૦ ॥
તબિયત સારી તો સહુ સારૂં, તબિયત પર સૌનો આધાર;
તબિયત રાખો !! સારી સમજી, તનમન શક્તિ વૃદ્ધિસાર. ॥ ૯૧ ॥
તમ અજવાળું કુદ્રતી બે છે, ઉપયોગી જગને હિતકાર;
તમ પ્રકાશ બે નિયમિત રૂપે, જગની સેવા કરે સુખકાર. ॥ ૯૨ ॥
તમા ન જેને તે છે ત્યાગી, તમા વિના જગજીવન હોય;
તમા મોટી મહાત્માને જગમાં, મહાત્માથી ન્યારા તે હોય. ॥ ૯૩ ॥
તમા ગમે તે પ્રકારની છે, કોને કોઈને કોને હોય;
તમાથી જીવો સઘળા પરસ્પર, સહાયથી જીવે છે જોય. ॥ ૯૪ ॥
તમા વિનાના જીવો જગમાં, નિઃસ્પૃહ ત્યાગીઓ કહેવાય;
[illegible] પ્રભુની ગરજે, તમા ધરે તેમ તનુની રક્ષાય ॥ ૯૫ ॥

તમા વિનાનું કોઈ ન જગમાં, તમાથી જીવાતું જગ જાણુ !!;
તમાઓ સારી ધર્માર્થે તે,-પરોપકારી મનમાં આણુ !!. ॥ ૯૬ ॥
તમા દેહ મન આત્મપ્રભુની, દેહાદિક જીવનની ધાર !!;
તમા ધરીને આગળ જાતાં, તમા ટળે જીવ મુક્ત થનાર. ॥ ૯૭ ॥
તમામ વિદ્યા ને કલાને જાણો !!, તપાસો અંતરમાં છે મહાન,
તમાચો માર !! ન ગુસ્સો લાવી, તર્કટ નહીં ત્યાં સાચું જ્ઞાન. ॥૯૮॥
તર્કબુદ્ધિથી સત્ય તપાસો !!, તર્કથી અવળી બુદ્ધિ ન ધાર !!;
તર્કનો દુરૂપયોગ ન કરવો, શુષ્ક તર્કનો કર !! પરિહાર.॥ ૯૯ ॥
તરકટી થઈને તરકટ કર !! નહીં, તરકટ કરતાં લાગે પાપ;
તરકટ ષડ્યંત્રો રચનારા, પરભવમાં પામે સંતાપ. ॥ ૧૦૦ ॥
તૃણ મણિમાં સમભાવી જેઓ, સમાન જેને રત્નને ધૂળ;
તૃષ્ણા નહીં જડની જેઓને, એવા સંતોનું નહીં મૂલ. ॥ ૧૦૧ ॥
તરછોડી દે !! દુષ્ટ વિચારો, બૂરાઓની સોબત તેમ;
તરછોડી દે !! જેથી હાનિ,-દુઃખ પડે તેને સ્વયમેવ. ॥ ૧૦૨ ॥
તરતો થાઇશ શુદ્ધ વિચારે, સન્માર્ગે મન ધર !! વિશ્વાસ;
તરવું વા મરવું નિજથી છે,સમજી તરવા,ધર !! ઉલ્લાસ. ॥ ૧૦૩ ॥
તરફદતો થા !! પ્રભુને માટે, સઘળાં પાપો દૂર નિવાર !!;
તરફડ એવી પ્રભુની પ્રગટે,-તો પ્રભુ મળશે નિશ્ચય ધાર!!.॥૧૦૪॥
તરફડીઆં ક્યાં જડ સુખ આશા,-ધારીને મારે છે ભવ્ય !!;
તરફડ !! તાલાવેલી લગાવી, કર !! પ્રભુ પ્રાપ્તિનું કર્તવ્ય. ॥૧૦૫॥
તરફદારી પક્ષપાતથી,-જૂઠી કર !! નહીં સત્ય વિચાર;
તરફદારી સાચી કરવી, સારામાં તરફેણને ધાર !!. ॥ ૧૦૬ ॥
તરબોળ થઈજા !! પ્રભુભક્તિમાં, રહે ન જેથી જગનું ભાન;
તરલપણું છંડીને આતમ !!, કર !! પ્રભુભક્તિરસનું પાન. ॥૧૦૭॥
તરવારે છે રાજ્ય જગતમાં, બાહ્ય રાજ્યમાં શસ્ત્રો હોય;
તરવારે છે સાચું ખોટું, પુણ્ય પાપ બે સાથે જોય. ॥ ૧૦૮ ॥
તરસને ટાળો !! સારી સઘળી, પાપી તરસને પ્રગટી વાર !!;
તરસ શુભાશુભ જાણી જ્ઞાને,તરસ છીપાવો !! થઈ હુશિયાર.॥૧૦૯॥

તરસ્યાને ઝટ પાણી પાજે, ભૂખ્યાને દે !! અન્નનું દાન;
તરસ્યાંઓને જલ આદિથી, સહાય કરે પામે !! ભગવાન. ॥ ૧૧૦ ॥

તરંગ સારા જૂઠા જગમાં, પુણ્ય પાપના જાણુ !! તરંગ;
તરંગ કરે તો સારા કરજે, જેથી વાધે આતમરંગ. ॥ ૧૧૧ ॥

તરંગી સારા માર્ગે સારો, તરંગી પાપના પન્થે ખરાબ;
તરંગીઓ મનમાં આવે તે,–કરતા જુવે ન લાભાલાભ. ॥ ૧૧૨ ॥

તરાપ માર!! ન પરધન સ્ત્રીપર, તરાપ પાપી ! સઘળી ત્યાગ!!;
તરાપો ધર્મના માર્ગનો કરીને, ભવયાત્રામાં જ્ઞાને જાગ !!. ॥૧૧૩॥

તર્કનાં સઘળાં શાસ્ત્રો જાણો !!, તર્કબાજ પામે નહીં હાર;
તર્ક વિતર્કે જ્ઞાનની વૃદ્ધિ, તર્ક શકિત છે મન આહાર. ॥ ૧૧૪ ॥

તર્જન કર !! નહીં અન્યને જૂઠું, તર્જનથી નહીં થવાય શ્રેષ્ઠ;
તર્જન તાડન બૂરી રીતે, કરવાથી દુ:ખો છે ઠેઠ. ॥ ૧૧૫ ॥

તલપ તે લાગી જેને જેની,–તેને તેવણ ગમે ન લેશ;
તલપ તે ધર્માર્થે છે સારી, બૂરી તલપે પ્રગટે કલેશ. ॥ ૧૧૬ ॥

તલપ જે વ્યસનોની દુર્ગુણની, દુષ્ટેચ્છાઓની તે ટાળ !!;
તલપ જે કુટેવોની તેને,–ટાળી શુભ ગુણને અજવાળ !!. ॥ ૧૧૭ ॥

તલપ જે સર્વના સારા માટે, તલપ જે આત્મોન્નતિને હેત ;
તલપ જે પરોપકારો કરવા, તલપ જે પામી શુભ સંકેત. ॥૧૧૮॥

તલપાપડ થઇજા !! પ્રભુ મળવા, તાલાવેલી તલબ લગાવ !!;
તલસ !! પ્રતિપલ પ્રભુગુણ વરવા, નિજભૂલોને શોધી હઠાવ !!.॥૧૧૯॥

તલસ !! નિજાતમ ! પ્રભુભકિતમાં, આત્મસુખાર્થે તલસો !! ભવ્ય !!
તલસ તું સેવા ભકિત કરવા, આત્મશુદ્ધિ એ છે પ્રાસવ્ય. ॥૧૨૦॥

તલ્લીન થા !! શુભ કર્તવ્યોમાં, દુષ્ટેચ્છાઓ વારી દૂર;
તલ્લીન થા !! તું પ્રભુના ધ્યાને, અનુભવો પ્રભુ હજરાહજુર. ॥૧૨૧॥

તવાઇ જા !! નહીં દુષ્ટેચ્છાએ, તવાઇ જા !! નહીં કરીને શોક.
તસ્કરનો વિશ્વાસ ન કરવો, રણમધ્યે શું પાડવી પોક. ॥ ૧૨૨ ॥

તહ સહુ શુભ બાબતના કરવા, તહનામા કર !! સારાં એશ;
તહનામા એવા નહીં કરવા, પાછળથી પ્રગટે જ્યાં કલેશ. ॥૧૨૩॥

તહોમત મૂક ! ! ન દ્વેષે લોભે, સ્વાર્થે અન્યાયે જ લગાર;
તહોમત મૂક !! ન શત્રુ ઉપર, તહોમતનું ફળ કડવું ધાર !!. ॥૧૨૪॥
તહોમતનું પ્રતિફળ છે તહોમત, તહોમત દીધે થાય ન શાન્તિ;
તહોમત નિજ પર આવ્યાં સહેવાં, તહોમત વૈરનું કાર્ય છે ભ્રાન્તિ. ॥૧૨૫॥
તહોમતદાર ન કોને કહેવો, વિના વિચારે કહેતાં પાપ;
તહોમત જૂઠાં દેવાથી અરે, અન્યભવે પ્રગટે સંતાપ. ॥ ૧૨૬ ॥
તંત પકડ !! નહીં જૂઠો હઠથી, સાચા તંતમાં હઠ !! નહીં લેશ;
તંતીલાઓ સારા ખોટા, પ્રગટાવે છે સુખ ને કલેશ. ॥ ૧૨૭ ॥
તંત્રોના છે અનેક ગ્રન્થો, અનેક જાતનાં તંત્રો જાણ ! !;
તસ્કર વિદ્યા પણ તંત્રજ છે, તંત્રો સુખ દુઃખકારક માન !!. ॥૧૨૮॥
તંત્રો મંત્રને યંત્ર થકી પણ, કલિયુગમાં ચઢિયાતા જાણ !!;
તંત્રોનો પાપે ઉપયોગ જે,–કરે તે પામે નહિ શિવઠાણ. ॥૧૨૯॥
તંત્રી થાજે સત્કાર્યોમાં, પરમાર્થોમાં થૈ હુંશિયાર;
તંત્રી પ્રથમ તું તનમનનો થૈ, પોતાની બાજી નહીં હાર !!. ॥૧૩૦॥
તંબુનો તનુરૂપે જો નિજ, સાત ધાતુનો બન્યો છે બેશ;
તાર છે તેના વિચારવાળા, વગાડ !! પ્રભુ ભક્તિમાં હંમેશ. ॥૧૩૧॥
તાક !! ન કોનું બૂરૂં કયારે, તાકીદે કર ! ! સારાં કાજ;
તાકત અનુસારે કર !! કાર્યો, તાકતથી છે નિજ સામ્રાજ્ય. ॥૧૩૨॥
તાણું તે સન્માર્ગે સારૂં, પાપ માર્ગમાં ખોટું જાણ ! !;
તાણું જ્યાં સમજે ત્યાં સારૂં, તાગામાં નબળાઈ પ્રધાન. ॥ ૧૩૩ ॥
તાગડધિન્ના કર !! નહીં મૂર્ખા, જૂઠી સલાહે લેશ ન ચાલ ! !;
ત્યાગી દે ! ! તું જૂઠ પ્રપંચો, તોફાનીનો જૂઠો પ્યાર. ॥ ૧૩૪ ॥
તાજી શકિત તાજી વિદ્યા, તાજું છે સૌને સુખકાર;
તાજાપાસે અન્યો આવે, તાજાથી કરતા સહુ પ્યાર. ॥ ૧૩૫ ॥
તાજુબ થા ! ! નહીં દ્રશ્યો દેખી, તાજુબી જો નિજની આંહ્ય;
તાડ સમો માને નિજ ઉચો, પણ ગુણ વણ ઉંચો ન સુહાય. ॥૧૩૬॥
તાડુકો કરી મોહ હઠાવો ! !, દુઃખકારક છે રોગની તાણ;
તાણ તાણા ખોટી તજવી, તૂટી જાવે એવું ન તાણ ! !. ॥ ૧૩૭ ॥

તાન લગાવો ! ! સત્કાર્યોમાં, પરમાર્થોમાં તાન લગાવ ! !;
તાન લગાવો !! પ્રભુ ભજનમાં, અંતર્ આત્મ પ્રભુને જગાવ !!. ॥૧૩૮॥

તાન માનને જ્ઞાનને દાને, સાને ગાને શક્તિ જગાવ ! !;
તાનથકી સન્માન જગતમાં પ્રભુતાને મળે આનંદ લ્હાવ. ॥૧૩૯॥

તાપને ઠંડક બે ઉપયોગી, નર નારીની પેઠે જાણ ! !;
તરણિ શશી બે જગ ઉપયોગી, નિજ નિજ સ્થાને સહુનું માન. ॥૧૪૦॥

ત્રિવિધ તાપથી મુક્ત થવાને, ગુરૂ સંતોના પગલે ચાલ ! !;
તાપ ત્રયના નાશથી મુક્તિ, તાપ હરે તે તાપસ ધાર !!. ॥ ૧૪૧ ॥

તાપીનદી પર સુરત નગરી, જૈનોનું તે પવિત્ર ધામ;
તાપી નર્મદા સાબરમતીનદી, ગુર્જર ભૂમિમાં સુખઠામ. ॥ ૧૪૨ ॥

તાબુત કરતા મુસ્લીમો જગ, હસન હુસેનની યાદી હેત;
તાબુત સરખા જડ જે રહેતા, તેના હાનિકર સંકેત. ॥ ૧૪૩ ॥

તાબે માત પિતાના રહેવું, ગુરૂ તાબે રહી લેવું જ્ઞાન;
તાબે રહેવું ઉચ્ચ વડીલના,–જેથી પ્રગટે સારી સાન. ॥૧૪૪॥

તાબેદારી સુખ હિતકારક, પ્રગતિકારક કરવી બેશ;
તાબેદાર ન બનશો ક્યારે, મોહાદિકના પ્રગટે ક્લેશ. ॥ ૧૪૫ ॥

તાબેદારી ખોટી તજવી, સારી તાબેદારી ઉઠાવ !!;
તાબેદારી ન કહિયે વ્હાલી,–કોઇને લાગે સમજો ! ! દાવ. ॥ ૧૪૬ ॥

તાબો યોગ્યને સ્વોન્નતિ સુખકર, તેને ત્યાગી બનો ! ! ન દીન;
તાબો ખોટો દુઃખકર તજવો,–જેથી આતમ બનતો હીન. ॥૧૪૭॥

તામસી પ્રકૃતિ ગુણ કર્મો,–કરતાં માનવ નીચ ગણાય;
તાર પ્રેમનો પ્રભુની સાથે,–લગાવ !! જેથી સુખ પ્રગટાય. ॥૧૪૮॥

તારક તીર્થંકર સૂરિવર જે, ભવોદધિના તેને પૂજ ! !;
તારકની શ્રદ્ધા ભક્તિથી, તરવાની ઝટ પડતી સૂજ. ॥ ૧૪૯ ॥

તારણ દેવ ગુરૂ સંતોની, ધર્મની સેવા ભક્તિ બેશ;
તારતમ્ય સહુ વાતનું સમજો,–જેથી નાસે મિથ્યા ક્લેશ. ॥૧૫૦॥

તરો ! ! આપ ને અન્યને તારો ! !, મોહે થશો નહીં તારાજ;
તારા મૈત્રક શુદ્ધ પ્રેમ જ્યાં,–ત્યાં નહીં વિષય ભોગ સામ્રાજ્ય. ॥૧૫૧॥

તારીફ નિજની સુણી ન હર્ષો !!, સુણી નિન્દા નહીં કરશો ક્રોધ;
મ્હારૂં મારૂં જગ સહુ મિથ્યા, કરજે પ્રભુનો સાચો બોધ. ॥૧૫૨॥
તાર્કિક શાબ્દિક વિદ્યાઓના, ઝઘડે કશ્યો ન આવે સાર;
તારી ઉન્નતિ તારા હાથે, સ્વાશ્રય ગુણોવડે છે ધાર !!. ॥૧૫૩॥
તાલાવેલીના ઉત્સાહે, ધારેલાં કાર્યો સહુ થાય;
તાલાવેલી પ્રભુમાં લાગે, આત્મ પ્રભુ પ્રગટી પરખાય. ॥૧૫૪॥
તાલીમ દે !! મનતનુ શક્તિકર, તાલીમ લૈને થા !! હુંશિયાર;
તાલીમ બાજ બની શુભ કરશો, દુરૂપયોગ ન કરો !! લગાર. ॥૧૫૫॥
તાલેવંત બની જે પરને, આપે દાન કરે ઉપકાર;
તાલેવંત ખરો તે જગમાં, પરમાર્થે ધન વાપરનાર. ॥૧૫૬॥
તાવ પ્રગટતાં લંઘન કરવું, તાવી કરજે સત્યનો ખ્યાલ;
તાવીજ સાચું વિનય પ્રેમને, કર્તવ્યો કરવાનું સાર. ॥૧૫૭॥
તિતિક્ષા ધરીને સર્વ લોકની,-સાથે મળીને કર !! શુભકાજ;
તિતિક્ષા જેણે સાચી ધારી, તે પામ્યો આતમ સામ્રાજ્ય. ॥૧૫૮॥
તિરસ્કાર કરવો નહીં કોનો, દુર્ગુણ દોષો છે જ ખરાબ;
તિરસ્કાર કરવા પૂર્વે તું, નિજ દોષોનો ઉત્તર આપ !!. ॥૧૫૯॥
તિલકાદિક છે ધર્મનાં ચિન્હો, તીર્થ છે સદ્ગુણ વૃન્દનું ઠામ;
તીડોથી ખેતીને હાનિ, તીર્થની યાત્રા છે ગુણ ધામ. ॥૧૬૦॥
તીર્થ તે દુઃખોદધિથી તારે, તરીએ જેથી તીર્થ છે એહ;
તીર્થ તે સાધુ સાધ્વી શ્રાવક, શ્રાવિકા સંઘ ચતુર્વિધ જેહ. ॥૧૬૧॥
તીર્થ સમ્યગ્ શ્રુત શાસ્ત્રો છે, જૈનાગમ અન્યો સુખકાર;
તીર્થ તે સમ્યગ્ મતિ શ્રુતજ્ઞાની, સંઘ સદા જગમાં હિતકાર. ॥૧૬૨॥
તીર્થ તે વિદ્યાજ્ઞાનને શક્તિ, સમ્યગ્ દર્શનને ચારિત્ર;
તીર્થ તે સંયમ ધ્યાન સમાધિ, તરીએ જેથી તીર્થ પવિત્ર. ॥૧૬૩॥
તીર્થ તે સત્યાચાર વિચારો, ગૃહસ્થ ત્યાગી ધર્મ સહાય;
તીર્થ તે વ્રત તપ જપ નિયમાદિક,-જેથી આતમ શુદ્ધિ થાય. ॥૧૬૪॥
તીર્થ તે સદ્ગુણ શુભ કાર્યો સહુ, જ્ઞાનાનન્દ છે તીર્થ મહાન્;
તીર્થને સ્થાપે તે તીર્થંકર, વીતરાગ કેવલી ભગવાન્. ॥૧૬૫॥

તીર્થની યાત્રા સેવા ભક્તિ, રક્ષાર્થે કરો !! સહુ કુર્બાન;
તીર્થને સેવી તીર્થંકર રૂપ, ભવ્યજનો થાતા કુર્બાન. ॥૧૬૬॥

તીર્થને તીર્થંકર નિજ આતમ, સત્તાએ છે કરશો વ્યક્ત;
તીર્થ સ્વરૂપી આતમ કરવો, તીર્થંકરના બનીને ભક્ત. ॥૧૬૭॥

તુચ્છ ન મન તન વાણી રાખો!!, તુચ્છ બનો!! નહીં ક્યારે ક્યાંય;
તીવ્ર સ્વભાવ તે શુભમાં સારો, તીવ્રતા ખોટી તજો!! દુઃખદાય.॥૧૬૮॥

તુચ્છકારો !! નહીં જેને તેને, મન મળ્યા વણ પડતી તૂટ;
તૂટ પડે ત્યાં સ્નેહ રહે નહીં, સ્વાર્થે વ્યાપે જ્યાં ત્યાં ફૂટ. ॥૧૬૯॥

તુતંગ નકો નહીં લાંબું ક્યારે, તુતંગથી નહીં કોઈ મહાન;
તુર્ત તજો!! નિજ ભૂલો દોષો, તુર્ત કરો!! શુભ કાર્યો ધ્યાન.॥૧૭૦॥

તુર્યાવસ્થામાંહી આવી, તુર્યાતીત થવું ભગવાન;
તુર્યાતીત દશામાં આતમ!!, પ્રભુ ચિદાનંદ સ્વયં પિછાન!!.॥૧૭૧॥

તુષ્ટ રહો!! સુખદુઃખ સંયોગે, તુષ્ટ રહો!! મળ્યું તેમાં ભવ્ય!!;
તુષ્ટ રહો!! જે બને છે તેમાં, તુષ્ટ બની કરવાં કર્તવ્ય. ॥૧૭૨॥

તુષ્ટિ શાંતિ પુષ્ટિ એ ત્રણ, જેને હોય તે પ્રભુ સમ જાણ;
તુલ્ય તે ઇન્દ્રાદિથી જાણો!!, પ્રગટાવો!! ત્રણને સુખખાણ.॥૧૭૩॥

તુલસી રોગને હરતી હિતકર, તુલસી ચાહ તનુ હિતકર થાય;
તુ[illegible] કરી આતમ, ભવોદધિ તર!! સુખ પ્રગટાય ॥૧૭૪॥

[illegible] તું આતમ છે પરમાતમ, तत्त्वमसि सोऽहं કર!! ધ્યાન;
[illegible], આતમ ને પ્રગટે ભગવાન. ॥૧૭૫॥

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]
[illegible]

તૈયારી કરી આગળ ચાલો !!, સર્વ વાતમાં રહો !! તૈયાર;
તોછડાઇ કરવી નહીં કયારે, તોટો પડે તે કાર્ય નિવાર !!. ॥૧૮૦॥
તોડને કાઢી આગળ ચાલો !!, તોડ જોડથી શાંતિ થાય;
તોપ ને કુસુમ સમા શુભ કાર્યે, ધર્મે થાવું પાપ પલાય, ॥ ૧૮૧ ॥
તોફાનો તજ !! તોર તજી દે !!, તોબા થાય રહો !! નહીં ત્યાંય;
તોબા જાુલ્મો સામે ઉભા,-રહીને મેળવો !! શકતે ન્યાય. ॥૧૮૨॥
ત્યાજ્યને છંડો !! ગ્રાહ્યને પકડો !!, ત્રસ્ત બનો !! નહીં પડે વિપત્તિ;
ત્રાસ જાુલ્મને હિંસા ટાળો !!, પ્રગટાવીને સઘળી શક્તિ. ॥૧૮૩॥
ત્રિશંકુ જેવી દશા ધરો !! નહીં, ત્રેવડ રાખી ઘર !! વ્યવહાર;
ત્રિવિધ તાપને ટાળો !! તુર્તજ, ત્રાગાની રૂઢિને વાર !!. ॥ ૧૮૪ ॥
તંદુરસ્તી ઇચ્છું સર્વની, સુકૃત્યર્થે વાધો !! આરોગ્ય;
તંદુરસ્તી ધર્મીઓને, સુકૃતર્થે થાતી શુભ યોગ. ॥ ૧૮૫ ॥
તપાસ કરીને શુભ દોષોને, દિલથી દોષો કરવા દૂર;
તાલાવેલી દિલમાં લાગી, પ્રગટાવું અંતરમાં નૂર. ॥ ૧૮૬ ॥

થ

થથ્થા થાકી જશો ન ધર્મે, ધર્મ કરો !! ઝટ છંડો !! પાપ;
થિરતા રાખો !! આતમ ધર્મે, ધર્મે મનડું વેગે થાપ!!. ॥ ૧ ॥
થથ્થા એવું ભણે ગણે તે, થાતો સ્વયં પ્રભુ ભગવાન્ ;
શુદ્ધને પામે નહીં એવું, આચરતાં થાતો બળવાન્. ॥ ૨ ॥
થાકી જા !! નહીં દાનને દેતાં, થાકી જા !! નહિ કરતાં ધર્મ;
થાકી જા !! નહીં વિદ્યા ભણતાં, થાક ખાઇ પાછું કર!! કર્મ. ॥૩॥
થોડામાંથી થોડું દેવું, લેવું થોડામાંથી અલ્પ;
થુંકી ગળી ન જઇએ કયારે, થુંકો !! નહીં શુભસ્થાને સ્વલ્પ. ॥૪॥
થડને પકડો !! ડાળાં છંડી, સર્વાચારના મૂળને જાણ !!;
થરથરવું નહીં ભયના માર્યા, થાકને લેઇ સુધારો !! પ્રાણ. ॥ ૫ ॥
થાગ ન આવે શાસ્ત્રોનો કદિ, કદિ ન આવે મનનો થાગ;
થાગ ન આવે દરયોનો કદિ, પરમેશ્વરમાં ધર !! ઝટ રાગ. ॥ ૬ ॥

થાગ ન આવે દુનિયાનો કદિ, પ્રભુમાંહી ઝટ મનડું વાળ!!;
થાકલો ખાઈ પુનઃ પુનઃ નિજ,-કર્તવ્યોમાં ધરજે વ્હાલ. ॥ ૭ ॥

થાથા થાબડી દુનિયામાંહી, જ્યાં ત્યાં ઘટે ત્યાં તેવી થાય;
થાથા થાબડી જૂઠ ખુશામત, તજે તે ચોખ્ખો પાળે ન્યાય. ॥ ૮ ॥

થાથા થાબડી ધર્મમાં સારી, સારા કાર્યોમાં હિતકાર;
થાથા થાબડી પાપકાર્યમાં, નઠારી પાપની વૃદ્ધિકાર. ॥ ૯ ॥

થાક્યા પાક્યાને વિશ્રાંતિ, આશ્વાસનને આપો !! સ્હાય;
થાક્યા પાક્યાનો પ્રભુ બેલી, પુણ્ય પ્રભુ મદદ કરે સુન્યાય. ॥ ૧૦ ॥

થવાનું હોય તે થતું જે ભાવી, ફારફેર તેમાં નહીં થાય;
થવાનું હોય તે થયા કરંતુ, સમભાવે જો !! સહજે ન્યાય ॥ ૧૧ ॥

થવાનું હોય તે થાતું નક્કી, નિમિત્ત તેવાં મળતાં જાય;
થાય તે થાવા દે !! સાક્ષીએ, જો એવો છે પ્રભુનો ન્યાય ॥ ૧૨ ॥

થયું તેની યાદીને છંડી, થાય છે તેમાં ધર !! સમભાવ;
થશે જે તેની ચિંતા કર !! નહીં, કર !! નિષ્કામે કરણી દાવ. ॥૧૩॥

થાય છે જે તેમાં તું સાક્ષીએ, સમભાવે રહી કર !! કર્તવ્ય;
થાય છે તેમાં હર્ષ શોકવણ, વર્તજે વ્હાલા આતમ ભવ્ય!!. ॥૧૪॥

થવાનું તે કદિ થતું ન મિથ્યા, પુરૂષાર્થ કર !! ઘટે તે ગ્યોગ્ય;
થનાર આશે તેમાં આતમ!!, ઉપયોગે રહી કર્મો ભોગ!!. ॥ ૧૫ ॥

થાપણ મૂકી કોની ન ઓળવ !!, બની પ્રમાણિક જીવન ગાળ !!;
થાપણ ઓળવતાં દુનિયામાં,-મર્યા સમો જગમાં નિજ ભાળ !!. ॥૧૬॥

થાપણ લ્હારી તારી પાસે, ધર્મકૃત્યની રહે સદાય;
થાપણ એવી ઓળવ !! નહીંકો, પરભવ માંહી કરે સહાય. ॥૧૭॥

થોડા ભોજનમાંથી થોડું ગરીબને તું ભાવે આપ !!;
થોડું દાન કર્યાથી પ્રેમે, મુક્તિ પામીશ મનમાં છાપ!!. ॥ ૧૮ ॥

થાતું હોય જો સારૂં કોનું, તો તેમાં તું આપ !! સહાય;
થાતાં સારાં કાર્યો તેમાં,-સહાય કરતાં પુણ્ય જ થાય. ॥ ૧૯ ॥

થરમામિટર અંતરૂ મન છે, અંતરૂ દૃષ્ટિથી તે દેખ !!;
થંડક આંતર શાંતિ સુખ છે, દુઃખો ટળતાં મુક્તિ પેખ !!. ॥ ૨૦ ॥

થાપ મારોને ભોળાઓને, છેતરવાથી લાગે પાપ;
થાનક પામી બળ સત્તા છે, ખરાબ થાનકમાં સંતાપ. ॥ ૨૧ ॥
થિયેસોફ્રી આદિ મંડલ જે, સાપેક્ષે તેમાં જે સત્ય;
ઠીક સત્ય તે ગ્રહવું જ્ઞાને, કરવું આતમ શુદ્ધિ કૃત્ય. ॥ ૨૨ ॥
થુંક છે પ્રાણીઓ જીવે છે, થુંક છે જીવન રસ હિતકાર;
થુંક ટળતાં મૃત્યુ થાતું, થુંક છે જીવન પુષ્ટિ કાર. ॥ ૨૩ ॥
થુંકો !! નહીં કોનાપર દ્વેષે, નકામું લેશ ન થુંક ઉડાડ !!;
થુંક ઉડાડે કાર્ય સરે નહીં, થુથુ અર્થ છે તિરસ્કાર. ॥ ૨૪ ॥
થેકડો માર !! ન વિના વિચારે, થેકડા મારવો ઘટે ત્યાં માર !!;
થેલી રાખ !! તું સંભાળીને, નહીં બાહ્યાંતર ચોરનો પાર. ॥૨૫॥
થોડું બોલો !! ને ગમ ખાવો !!, થોડી શિક્ષાને બહુ માન !!;
થોથાં પોથાં ખપ નહીં આવે, ખપમાં આવે દિલનું જ્ઞાન. ॥ ૨૬ ॥
થોભાવો !! નહીં સારાં કાર્યો, શુભ કાર્યોમાં વિઘ્ન ન નાખ ! !;
થોભાવો !! દુષ્ટોનાં પાપી,–કાર્યોને સમજીને ભાખ !! ॥ ૨૭ ॥
થોભો !! નહીં સત્કાર્યો કરતાં, બૂરૂં કરતાં થોભી જાવ ! !;
થોભાવી દો !! દુષ્ટ વિચારો, કરી શુભ થોડું લેજે લ્હાવ. ॥ ૨૮ ॥
થોભાતું નહીં પૂર નદીનું, થોભે નહીં ભક્તિનું પૂર;
થોભાતું નહીં આયુષ્ય ખૂટયું, થોભે નહીં સતીયોનાં શૂર. ॥ ૨૯ ॥
થંડા બને ન શૂરા ભકતો, સન્તો સતીઓ જગ હિતકાર;
થંડા જેઓ શાંત સ્વભાવે, તેઓનો ધન્ય છે અવતાર. ॥ ૩૦ ॥
થંડા જેઓ પ્રમાદ યોગે, તેઓ મડદા સરખા જાણ ! !;
થંડા સારા ખોટા જાણો !!, સાપેક્ષાએ કરશો જ્ઞાન. ॥ ૩૧ ॥
થાકી જા !! નહીં દાનને દેતાં, થાકી જા !! નહીં કરતાં સેવ;
થાકી જા !! નહીં ગુરૂભકિતમાં, થાક તે ખેદની બૂરી ટેવ. ॥ ૩૨ ॥
થોડું પણ જે ધર્મ કર્મ છે, થોડી સેવા ભક્તિ જ્ઞાન;
થોડી એ સહુ મુકિત માટે, થાતું અંતે અવશ્ય જાણ !!. ॥ ૩૩ ॥
થોડું થોડું પુણ્ય કરંતા, વધીને મોટું થૈ જાય;
થોડું થોડું પાપ કરંતાં, વધીને દુઃખને દેતું ન્યાય. ॥ ૩૪ ॥

દ.

દદ્દા દયા સમો નહીં ધર્મ છે, દયા વિષે સહુ ધર્મ સમાય;
દયા વિષે છે દેવનો વાસો, દયાધર્મનું મૂળ કથાય. ॥ ૧ ॥
દયાદાનદમથી દુ:ખ ટળતું, આતમ પોતે થાવે દેવ;
દાને વૈર સમે છે સઘળાં, દમથી નાસે દુર્ગુણ ટેવ. ॥ ૨ ॥
દુ:ખથી દીનપણું નહીં ધરીએ, દુર્વ્યસનોના બનો !! ન દાસ;
દુર્ગતિ ટાળો !! દયા કરીને, દુર્બુદ્ધિને છંડો !! ખાસ. ॥ ૩ ॥
દદ્દા ભણ્યા ગણ્યા કહેવાશો, મનદુર્બલતા કરશો દૂર;
દુ:ખી દીનની દયા કરો !! શુભ, પામો !! મનવંછિત ભરપૂર ॥૪॥
દારૂપાન ન કરશો ક્યારે, દુર્મતિને ઝટ દેશો દંડ;
દોડી દોડી સંતને સેવો !!, દુર્ધ્યાનોને વેગે છંડ !!. ॥ ૫ ॥
દેશદ્રોહ અને ગુરૂદ્રોહથી, સર્વ પ્રકારે રહેશો દૂર;
દુનિયામાં નિ:સંગે રહેવું, પ્રગટાવો !! આતમ સુખપૂર. ॥ ૬ ॥
દૂર થશો નહીં દેવગુરૂથી, દયાળુ થાશો નરને નાર;
દ્વેષ કરો !! નહીં દગો કરો !! નહીં, દુ:ખી સ્હાય કરો !! ને દયાળ. ॥૭॥
દેહ છતાં શુદ્ધાતમ જ્ઞાને, વિદેહભાવે જીવે જેહ;
મરણ જીવનની પેલી પારે, થયો પ્રભુ સુખ સત્યનો ગેહ. ॥ ૮ ॥
દુ:ખીનું જે દર્દ ન જાણે, દુ:ખીઓની કરે ન સ્હાય;
દયા વિનાના એવા લોકો, જીવંતા મુવેલા જણાય. ॥ ૯ ॥
દાતારોનાં અમર નામ છે, કંજુસ જનનાં રહે ન નામ;
દાનીનું દિલ દરિયા જેવું, દાન કરો !! જીવ !! થૈ નિષ્કામ. ॥ ૧૦ ॥
દુનિયાદારી દુ:ખની ક્યારી, દુનિયા દોરંગી રહેનાર;
દુનિયા રંજે ટળે ન દુ:ખો, પ્રભુ રીઝવ !! સુખ શાંતિ થનાર. ॥૧૧॥
દરિદ્રતા દુ:ખ શીખવે એવું, દુ:ખીઓને આપો !! દાન;
દેશો તેવું સામું લેશો, પ્રભુનો સાચો બોધ એ માન !!. ॥૧૨॥
દુ:ખો પડતાં સુખ શિક્ષાર્થે, શિક્ષક સરખા દુ:ખ સંયોગ;
દીન ન બનવું દુ:ખ પડંતાં, દુ:ખનું કારણ કર્મને રોક !!. ॥૧૩॥
દુર્વ્યસનોથી દૂર રહેવું, એવો આતમ નિશ્ચય લાવ !!;
દુર્વ્યસનોનો દાસ ન આતમ !!, એવી આતમ શક્તિ જગાવ !!. ॥૧૪॥

દુઃખના દહાડા સદા ન રહેતા, દુઃખ સમયમાં ધીરજ ધાર !!;
દગા પ્રપંચો પાખંડ પાપથી, દૂરે રહેતાં સુખ નિર્ધાર. ॥ ૧૫ ॥
દગાખોરનો કદિ ન કરવો,-સ્વપ્નામાંહી પણ વિશ્વાસ;
દેશમાં દુઃખ પડતાં પરદેશે,-જાવાથી સુખની છે આશ. ॥૧૬॥
દોડો !! ક્યાં મક્કા ને કાશી, દિલમાં આતંમ પ્રભુ છે દેવ;
દુર્ગુણ દુરાચારના ત્યાગે,-પ્રગટે દિલમાં પ્રભુની સેવ. ॥ ૧૭ ॥
દુઃસ્વપ્નો છે પાપોદયથી, પુણ્યોદયથી શુભ પ્રગટાય;
દૂતપણું કર !! ન્યાયે સારૂં, આજીવિકા ધર્મે ન્યાય. ॥ ૧૮ ॥
દુગ્ધથી બળબુદ્ધિ તન વિકસે, દુગ્ધથી આયુષ્ય વૃદ્ધિ થાય;
દૂધ પીતું કરવાની પાપી,-રૂઢિથી દુઃખો પ્રગટાય. ॥ ૧૯ ॥
દૂર થકી નહિ જનની પરીક્ષા, દૂરથી ડુંગર લાગે બેશ;
દૂરનું દૂર ને પાસનું પાસે,-સમજે તેને રહે ન કલેશ. ॥ ૨૦ ॥
દૂષક, કાકની પેઠે જ્યાં ત્યાં, દોષને દેખી બહુ હરખાય;
દૂષિત લોકોપર કરૂણાની,-દષ્ટિ રાખો !! શુદ્ધજ થાય. ॥ ૨૧ ॥
દઢ રહો !! શુભ કર્તવ્યોમાં, દઢતા મેરૂ સરખી ધાર !!;
દઢીભૂત કર !! મનને ધૈર્યે,-તેથી પ્રાયઃ થવી ન હાર. ॥ ૨૨ ॥
દશ્યમાન જડ પુદ્ગલ બાજી, ક્ષણિક આવે નહિ નિજ સાથ;
દષ્ટા થા !! તું સાક્ષી ભાવે, સર્વનો બન !! શ્રી ત્રિભુવનનાથ. ॥૨૩॥
દષ્ટાંતો ઉંચા સારાં લે !!, લે !! નહી પડતાનું દષ્ટાંત;
દષ્ટાંતિક થા !! આતમ !! જાને, આદર્શી જીવન રજિયાત. ॥ ૨૪ ॥
દષ્ટિ સારી ગુણકર ધારો !!, દષ્ટિદોષથી ભૂલો થાય;
દષ્ટિદોષની ભૂલ સુધારે, તે જગમા જ્ઞાની કહેવાય. ॥ ૨૫ ॥
દેખરેખ રાખો !! નિજ મનપર, દેખરેખથી ફાયદો થાય;
દેખો !! જ્યાં ત્યાં ગુણને પ્રેમે, ગુણદષ્ટિથી ગુણો ગ્રહાય. ॥ ૨૬ ॥
દેખાડો !! દુનિયાને સારૂં,-સુખકર જેથી દુઃખો જાય;
દેખો !! નહીં ને દેખાડો !! નહીં, દુર્ગુણ દોષો ને અન્યાય. ॥ ૨૭ ॥
દેખાદેખી કદી !! ન કાર્યો, સમજી વિવેકે કરશો કાર્ય;
દેખાદેખી આદર્શોની,-રીતિથી નહીં શિવ સામ્રાજ્ય ॥ ૨૮ ॥

દેખાદેખી સમજ્યા વણુ પણુ, ગુણીજનોની છે હિતકાર;
દેખાદેખી પાપમાર્ગમાં, ભૂરી છે દુઃખની દાતાર. ॥ ૨૯ ॥

દેહ દેરાસરમાં નિજ આતમ, અન્ય જીવો છે દેવ સમાન;
દેરાસર જીવંતાં દેહો,-તેમાં જીવો છે ભગવાન્. ॥ ૩૦ ॥

દેવતાઈ જે સંતોભકતો, ઢાંકયા જગમાં નહીં ઢંકાય;
દેવતા પેઠે બને પ્રકાશી, જાહેર જગમાં જ્યાં ત્યાં થાય. ॥ ૩૧ ॥

દેવનું દર્શન જાય ન નિષ્ફલ, દેવ ઉપર ધારો !! વિશ્વાસ;
દેવદૂત છે સંતો ભકતો, પરાપાર પામ્યા પ્રભુ ખાસ. ॥ ૩૨ ॥

દેવલોકમાં ધર્મી સંતો,-ભકતો જાતા નિશ્ચય ધાર !!;
દેવને દેવી રૂપ નિજાતમ, આત્મપ્રભુમાં શક્તિ અપાર. ॥ ૩૩ ॥

દેવું લેવું સહુ વ્યવહારે, ધર્મ્ય નીતિથી દેવું ધર્મ;
દેશ છે ત્હારો અસંખ્યપ્રદેશી, ચિદાનંદ શક્તિ આધાર. ॥ ૩૪ ॥

દેશ પ્રેમ અભિમાન જે શસ્પજ, ધર્મ્ય તે નીતિએ દિલધાર;
દેશભૂમિ આદિની પ્રીતિ, ધર્માર્થે શક્તિ દાતાર. ॥ ૩૫ ॥

દેશ જે નિત્ય ચિદાનંદ રૂપી, પોતાનાથી અભિન્ન જેહ;
દેશ જે એવો તેમાં આતમ,-ચાલો !! રહેશો ગુણનો ગેહ. ॥ ૩૬ ॥

દુઃખીઓનાં દુઃખો દેખી, બૂમો સાંભળી જે હરખાય;
દૈત્ય ક્રૂર રાક્ષસ છે તેઓ, નિર્દયી મુક્તિને નહીં પાય ॥ ૩૭ ॥

દેવું ચૂકવ !! કર્મનું આતમ !!, હવેથી બન !! નહીં દેવાદાર;
દેહ દેરાસરમાંહી આતમ,-પ્રભુને ધ્યાને ભવ્ય !! નિહાળ !!. ॥૩૮॥

દેવું નકામું કર !! નહીં આતમ, દેવું ચૂકવે મુક્તિ થાય;
દેવાં મહાવીર દેવે ચૂકવ્યાં, જ્ઞાનવૈરાગ્યે દેવું જાય. ॥ ૩૯ ॥

દેવું પૈનું પણુ નહીં સારૂં; દેવાદાર સમો નહીં દીન;
દેવું લેવું વ્યવહારે છે, અપ્રમાણિક માનવ હીન. ॥ ૪૦ ॥

દેશકાલ અનુસરીને ચાલો !!, જ્ઞાની જાણે દેશને કાલ;
દેશ સમાજ ને સંઘ કુટુંબની,-સેવામાં ધરજે બહુ વ્હાલ. ॥ ૪૧ ॥

દેશના દે !! લોકોને સુખકર, તારી એ છે સેવા ભકિત;
દેશના દેવી ફર્જ એ ત્હારી, ફોરવ !! તેમાં તારી શકિત. ॥ ૪૨ ॥

દેહીપણુ તું દેહ નહીં છે, દેહથી મુક્તિને ઝટ સાધ્ય !!;
દેહનો કર!! નહીં દુરૂપયોગજ, ચિદાનંદ નિજપદ આરાધ્ય !!. ॥૪૩॥
દેહ અમર નહીં રહે જગત્માં, દેહો વસ્ત્રપરે બદલાય;
દેહ ટળંતાં નિ:સંગી રહી, નિર્ભય થા !! જિનરૂપ સુહાય. ॥ ૪૪ ॥
દેશ અસંખ્યપ્રદેશી ત્હારો, જ્ઞાનાનંદમયી ગુણ ખાણ;
દેશમાં ચાલી સ્થિર ત્યાં થાઓ !!, સ્વદેશ રાજ્યનો તું ભગવાન્. ॥૪૫॥
દેહ દંડ ભોગવ !! સમભાવે, કર્મોદયથી આવ્યા જેહ;
દેહના ઉપર સંયમ ધારી, કાયિક પાપ તજો !! ગુણગેહ. ॥ ૪૬ ॥
દેહાત્મવાદી નાસ્તિક લોકો, દેહાર્થે જગજીવે જેહ;
દેહાત્મવાદી જડવાદીઓ, પરભવને માને નહીં તેહ. ॥ ૪૭ ॥
દેહાત્મવાદી ખાવું પીવું,-તેમાંહી માને આનંદ;
દેહ વિના બીજો નહીં આતમ, ધર્મને તેહ ગણે છે ફંદ. ॥ ૪૮ ॥
દેહાંત દંડથી જન નહીં સુધરે, ધર્મબોધથી સુધરે લોક;
દેહાંતર થાતાં દુ:ખ થાતાં, પાડ !! ન આતમ !! દુ:ખે પોક. ॥૪૯॥
દેહાંતર કર્મે જીવોનાં, થયાં અને થાશે જગજાણ !!;
દેહાંતરથી ધર્મીઓનું, મુક્તિમાં આગળ ચઢવું માન !!. ॥ ૫૦ ॥
દેહાંતરથી ગભરાતો નહીં, દેહાંતરથી આગળ જાવ !!;
દેહમાં નિ:સંગી ધર્મી તે,-મર્યા પછી પામે સુખ લ્હાવ. ॥ ૫૧ ॥
દૈહિક વ્યાર !! ન કોની ક્યારે, ભજી લે પરમેશ્વર ભગવાન્;
દેહથી ધાર્મિક કાર્ય કરી લે !!, દૈત્ય સમો બન !! નહીં હેવાન. ॥૫૨॥
દૈત્ય તે નિર્દય પાપી હિંસક, હિંસાદિક પાપોમાં રક્ત;
દૈવની અકલકલા છે ન્યારી, દૈવને જાણે જ્ઞાની ભક્ત. ॥ ૫૩ ॥
દુર્બલતા જે મન તનની તે, પાપ અધર્મને દોષો તેહ;
દુર્બલતા તે ભય લજ્જાને, અનીતિ અતિશય કામ છે એહ. ॥૫૪॥
દુર્બલતા તે અધર્મ્ય યુદ્ધને, અધર્મ્ય ભોગને અધર્મ્ય સ્વાર્થ,
દુર્બલતા તે ખેદ અપ્રીતિ,-જેથી સધાય નહીં પરમાર્થ. ॥૫૫॥
દુર્બલતા તે દ્વેષને ઈર્ષ્યા, કામ ક્રોધ માયા અહંકાર;
દુર્બલતા તે હિંસા જૂઠું, ચોરીના ધરવા આચાર ॥૫૬॥

દુર્બલતા તે વ્યભિચારીપણું, મિથ્યા બુદ્ધિને અજ્ઞાન;
દુર્બલતા તે આલસ નિંદા, અયોગ્ય ભોજનને છે પાન. ॥૫૭॥

દુર્બલતાને છંડો !! આતમ !!, શક્તિમંતની પાસે ધર્મ;
દુર્બલતા તે અધર્મ પાપજ, સબલપણાનાં કરશો કર્મ. ॥૫૮॥

દુર્બુદ્ધિ જો પ્રસંગ પામી, મનમાં પ્રગટે તો ઝટ ટાળ !!;
દુર્બુદ્ધિની સલાહ મીઠી, ત્હોયે તેમાં વિષ છે ભાળ !!. ॥ ૫૯ ॥

દુર્બુદ્ધિ એ અધર્મ ભારી, સર્વપાપનું મૂલ છે જાણ !!;
દુર્ભાગ્યે દુઃખ પ્રગટે જાણી, ધર્મ કરી લે !! બની સુજાણ. ॥૬૦॥

દુર્લભ માનવ ભવને પામી, આતમ !! ફોગટ નહીં ગુમાવ !!,
દુર્લભ ધર્મની સામગ્રી લહી, ધર્મક્રિયાના લેશો લ્હાવ. ॥ ૬૧ ॥

દાન શીયલ તપ ભાવના ચારે, ધર્મના એ છે મુખ્ય પ્રકાર;
દાન શીયલ તપ ભાવ ધરીને, ઉતરો !! ભવસાગરની પાર. ॥૬૨॥

દુર્વ્યસનો દુર્ગુણો ન જેમાં,–તે નરનારી છે આદર્શ;
દયા દાન દમ ધારે તેઓ, મહાયોગીઓ છે દુર્ધર્ષ. ॥૬૩॥

દુવા ભલી લેજો સહુ કોની, કોના પણ લેશો નહીં શાપ;
દેશો નહીં કોઇને શાપો, ટાળો !! થાતા ત્રિવિધ તાપ. ॥ ૬૪ ॥

દુવાઇ પ્રભુને ગુરૂની મોટી, કદિ ન લોપો !! પ્રભુ દુહાઇ;
દયા ન માગો !! આળસુ થૈને, દિલમાંથી ટાળો !! નબળાઇ. ॥૬૫॥

દુશ્મન કોના થવું ન ક્યારે, દુશ્મનનો ધર !! નહીં વિશ્વાસ;
દિલમાં જો દુશ્મનનો વાસતો, સત્ય શાંતિનો ચલે ન શ્વાસ. ॥૬૬॥

દુશ્મન અંતરમાં તો બાહિર,–પ્રગટે એવો કુદરત ન્યાય;
દુશ્મન રાગને રોષ ટળતાં, અન્ય દુશ્મનો આઘા જાય. ॥૬૭॥

દુશ્મનાવટને દૂર કરીને, શુદ્ધ પ્રેમથી જગમાં વર્ત !!;
દુશ્મનને છતાં !! શુભ પ્રેમ. દયાએ દાને સત્યની શર્ત. ॥૬૮॥

દુષ્ટોથી સ્વર્ગ મળે તો,–એવા સ્વર્ગને ઝટ તરછોડ !!;
દુષ્ટોથી સુખ નહીં આવે, દુષ્ટોમાં પ્રેમ ન જોડ !!. ॥૬૯॥

દુષ્કર કાર્યો પણ [illegible], [illegible] જાણ !!;
દુષ્કર કાર્યો [illegible] ॥૭૦॥

દુસ્તર ભવોદધિને તરવો, સમ્યગ્જ્ઞાન શ્રદ્ધી ચારિત્ર;
દુસ્તર ભવોદધિને તર !! ઝટ, મન વચ કાયા કરી પવિત્ર. ॥૭૧॥

દુઃખદાયક પોતાની ભૂલો, નિજને નિજથી થાતું દુઃખ;
દુઃખદાયકથી દૂરે રહેવું, સુખદાયક સંગે વરસુખ. ॥ ૭૨ ॥

દેવચંદ્ર વાચકની ભક્તિ, કીધી તદ્ગ્રન્થ કરી પ્રકાશ;
દેવચંદ્ર ગ્રન્થો ઉપકારક, કરતા આતમ સ્વભાવ વિકાસ. ॥ ૭૩ ॥

દોષીઓના દોષો દેખી,-તેઓને કર ! ! નહિં ધિક્કાર;
દોષીઓના દોષો ધોવા, પ્રવૃત્તિ કર !! દે !! શિક્ષણ સાર. ॥૭૪॥

દોષો નિજમાં જેહ રહ્યા છે,-તેની કર !! ઝટ આતમ !! યાદ;
દોષ દૃષ્ટિને દૂર કરીને, પરગુણ ગ્રહવાનો લે !! સ્વાદ. ॥ ૭૫ ॥

દ્વેષી ઉપર દ્વેષ ન કર !! મન, જીવોમાંહી રાગને રોષ;
દ્વેષ તજી દે !! દ્વેષીઓપર, પરગુણ રાગે નિજને પોષ !!. ॥ ૭૬ ॥

દુનિયાદારી દોરંગીલી, દુનિયાનો મત એક ન થાય;
દુનિયા રીઝવી નહીં રીઝાતી, પ્રભુ રીઝવતાં મોક્ષ સુહાય. ॥ ૭૭ ॥

દુનિયાના અભિપ્રાયો ઝાઝા, તેમાં મુંઝ !! ન ચેતન !! ચેત !!;
દવા કરો !! ડાહ્યા વૈદ્યોની, સમજો !! જ્ઞાનીનો સંકેત. ॥ ૭૮ ॥

દુઃખો છે નિજ ભૂલથી નક્કી, દુઃખ હેતુ અજ્ઞાનને દોષ;
દોષો મોહાદિ છે જાણો !!, ટાળો !! પામો !! સુખ સંતોષ. ॥૭૯॥

દ્રવ્ય ક્ષેત્રને કાલને ભાવે, પરિવર્તન પામે સહુ ધર્મ;
દ્રવ્યક્ષેત્રને કાલને ભાવે, ન્યાયને આહારાદિ સહુ કર્મ. ॥ ૮૦ ॥

દેહદેવળમાં આતમદેવ છે, ઘટઘટ વ્યાપક આતમરામ;
દેહસંગી પણ દેહી નહીં તું, અસંખ્યપ્રદેશી તું ગુણધામ. ॥૮૧॥

દુઃખની લાગણી જેને થાતી,-તેને દુઃખ ન આપો !! ભવ્ય !!;
દુઃખની દેવાની બુદ્ધિને, પ્રવૃત્તિ છંડી કર!! કર્તવ્ય. ॥ ૮૨ ॥

દિલમાં પલપલ પ્રભુ સ્મરીને, કર !! કર્તવ્યો રહે ન પાપ;
દિદ્દાર વિનાદિલ મશાણજેવું, જ્યાં ત્યાં પ્રગટે બહુ સંતાપ. ॥૮૩॥

દયાલુ લોકની સર્વ કાલમાં, થોડી સંખ્યા જગમાં હોય;
દયા વિનાના નિર્દય લોકની, કોટિ અબ્જની સંખ્યા જોય. ॥૮૪॥

દષ્ટિ રાગ તે જાણે તોપણ, એકાંતે જે જૂઠો રાગ;
દષ્ટિરાગનો ત્યાગ છે દુષ્કર, દૃષ્ટિ રાગને ત્યાગી જાગ !!. ॥ ૮૫ ॥

દાન કરી લે !! શકિત છતાં તું, નિષ્કામે પ્રતિદિન કર !! દાન;
દાન કરીલે !! મોક્ષાર્થે ઝટ, મોક્ષાર્થે નિષ્કામ તે માન !!. ॥ ૮૬ ॥

દાન અનેક પ્રકારે જગમાં, અભયદાન છે સૌમાં શ્રેષ્ઠ;
દાન અભયને કોઈ ન પહોંચે,-તેની આગળ બીજાં હેઠ. ॥ ૮૭ ॥

દાન કર્યાથી ત્યાગ પ્રકટતો, દાને વૈરી રહે ન કોય;
દાન તે પ્રભુની સેવાભકિત, સાત્ત્વિક દાને મુકિત હોય. ॥ ૮૮ ॥

દાન તમોગુણી રજોગુણી છે, સાત્ત્વિક દાનમાં સ્વર્ગને મુકિત;
દાનને ભાવે દેવું યોગ્યને, દાન ત્યાં સેવા અને છે ભકિત. ॥ ૮૯ ॥

દમથી આતમશકિત પ્રગટે, દમથી પાપો બહુ રોકાય;
દમથી બૂરી ઇચ્છા ટળતી, દમથી અનેક રોગ હણાય. ॥ ૮૯ ॥

દમ તે ઇચ્છાઓને દમવી, દમ તે મનને દમવું તેહ;
દમ તે દુર્ગુણ વ્યસનો દમવાં, દુષ્ટ વિચારનો નિરોધ જેહ. ॥ ૯૦ ॥

દમ તે સંયમ શકિત જાણો !!, દમથી કર્મ ઘણાં રોકાય;
દમથી નવાં કર્મો નહીં આવે, દમથી મુકિત સહેજે થાય. ॥ ૯૧ ॥

દયા દાન દમ એ ત્રણગુણથી, ક્ષણમાં મુકિત જ્ઞાની પાય;
દક્ષ તે દાન દયા દમ ધારે, તનમન આરોગ્યેજ સુહાય. ॥ ૯૨ ॥

દક્ષ તે સમય વિચારી ચાલે, બોલે જેથી પામે શકિત;
દક્ષ તે લાભ ને હાનિ જાણી,-કરે વિવેકે સેવા ભકિત. ॥ ૯૩ ॥

દક્ષ બનીને આતમ વર્તો !!, લાભાલાભનો કરો !! વિવેક;
દક્ષ બનીને સ્વાધિકારે, કર !! કર્તવ્યને ધારી ટેક. ॥ ૯૪ ॥

દફનું એક દિન મરણ પછી છે, સ્મશાન વા તે કબ્રસ્તાન;
દફનું આવે તેની પૂર્વે, ચેતી ધર્મ કરો !! ગુણવાન. ॥ ૯૫ ॥

દગો ન વિશ્વાસીનો કરજે, સ્વધર્મી સાથે દગો ન ધાર !!;
દગો ન કરજે મિત્રાદિકનો, દગો ન કર !! ગુરૂથી દુઃખકાર. ॥ ૯૬ ॥

દગો ન દેવો ક્યારે કોને, દગાવિષે શયતાનનો વાસ;
દગો ન દે !! તું કરી પ્રતિજ્ઞા, દગાથી અંતે થતો વિનાશ. ॥ ૯૭ ॥

દગો સગો નહીં કોનો જગમાં,-કરીને જો ! ! તું અંતે દુઃખ;
દગા પ્રપંચીઓના સામા,-રહેવું જેથી શાંતિ સુખ ॥ ૯૮ ॥

દગલબાજ લોકોથી ચેતી,-ચાલો !! જગમાં નરને નાર;
દગલબાજ નમે સૌથી ઝાઝો, અતિવિનય ત્યાં દગા વિચાર. ॥ ૯૯ ॥

દગાબાજની તજો !! પ્રતીતિ, સોગનથી વિશ્વાસ ન સત્ય;
દગાબાજથી દબી જશો નહીં, દગાબાજથી ચેતી કર !! કૃત્ય.॥૧૦૦॥

દબી જાવું નહીં શરમાઈને, દબાયા વણ કર્તવ્યને પાલ !!;
દબી જાવું નહી ખોટી રીતે, સત્યને દાબો !! નહીં કો કાલ. ॥૧૦૧॥

દાટી દો !! દુર્ગુણ દોષોને, દયા સત્યથી મુક્તિ ધાર !!;
દાટી દો !! પાપોના કાર્યો, દમામ જૂઠો લેશ ન ધાર !!. ॥ ૧૦૨ ॥

દમામ કૃત્રિમ નહો ન લાંબો, દમામથી મળતા નહીં રામ;
દમામ રાખો !! નહી કદિ જૂઠો, દયામાં ખર્ચો !! વિત્ત તમામ. ॥૧૦૩॥

દયાળુને દરકાર છે સારી, ત્યાગે પાપી સહુ દરકાર;
દરગુજર કરે દયાળુ ગુન્હો, ત્યાગીને કોની દરકાર. ॥ ૧૦૪ ॥

દરબાર સત્ય પ્રભુનો મોટો, અંતરમાં સાચો દરબાર;
દરબારી મન તન હિતસાધક,-બને તો જાય નહી ઘરબાર. ॥૧૦૫॥

દરવાજો છે સત્યનો મોટો, પ્રભુનો દરબાર જ્યાં ત્યાં જાણુ !!;
દરવાણી આતમપ્રભુ સાચો, જ્ઞાન તખ્તપર છે ભગવાન. ॥ ૧૦૬ ॥

દરિદ્ર દીન ન માનો !! નિજને, તનુદેવળમાં તું ભગવાન ;
દરિદ્ર શાને માની નિજને, ભ્રાંતિથી થાતો હેરાન. ॥૧૦૭॥

દરિદ્ર નહીં આતમ !! મ્હારા, તુજમાં અનંત જ્ઞાનાનન્દ;
દરિદ્ર નહીં તું તુજમાં આનંદ, બાહ્યમાં પ્રભુતાઈના ફંદ. ॥૧૦૮॥

દરિદ્રતાનું કારણ પૂર્વનો,-પાપોદય છે નક્કી જાણ ! !;
દરિદ્રતા વિણસે છે પુણ્યે, દરિદ્રતા અજ્ઞાનથી માન ! !. ॥ ૧૦૯ ॥

દરિદ્રી થા ! ! નહીં ઉત્સાહી બન ! !, ઉદ્યમથી દારિદ્ર હણાય;
દરિદ્ર પણ જો ધર્મ કરે તો, ઈન્દ્રોથી મોટો કહેવાય. ॥૧૧૦॥

દરિદ્ર ભીખારીના ઘરમાં, પ્રભુ જ્યોતિનો થાય પ્રકાશ;
દીનની પાસે પ્રભુ ઝટ આવે, ભકત દશાનો થતાં વિકાસ. ॥૧૧૧॥

દરિદ્ર દીન છે ઇન્દ્રો ભૂપો, જડ પુદ્ગલની ધારે આશ;
દરિદ્ર તેઓ જેઓ જડમાં, સુખનો બહુ ધાર્યો વિશ્વાસ. ॥૧૧૨॥

દરિદ્ર દીન તેઓ જગ જાણો !!, જડ ધન લોભી મહા કંજુસ;
દીન તે જગમાં પર જડ ભોગમાં, સુખમાનીને બન્યા જે તુચ્છ. ॥૧૧૩॥

દીન જે પ્રભુની આગળ સેવક, દાસ બનીને કરતો ધર્મ;
દીન જે પ્રભુનો દાસ બનીને, કરે ન પાપોનું કંઇ કર્મ. ॥૧૧૪॥

દીન તે સારો નિર્ધન ત્હોયે, પ્રભુપર ખૂબ ધર્યો વિશ્વાસ;
દીન તે સારો સર્વજીવોની,-સેવા કરતો ધરે ન આશ. ॥૧૧૫॥

દીન તે જાણો !! ચક્રી છતાં પણ, આશા તૃષ્ણાનો થઇ દાસ;
દીનપણું ધરી મોહ ગુલામી,-કરતો ધરે ન પ્રભુ વિશ્વાસ. ॥૧૧૬॥

દીન તે બૂરો ગરીબ છતાં પણ, અનેક પાપો કરતો ખાસ;
દીન તે સારો ને બૂરો છે, દીન તે જેને જડસુખઘ્યાસ. ॥૧૧૭॥

દરિયો તો તેણે જગ તરિયો, કામને જીતી થયો અકામ;
દરિયા જેવા જ્ઞાની સંતો, અનંત ગુણ રત્નોના ધામ. ॥૧૧૮॥

દર્દ સહે તે મર્દ જગતમાં, મોહનું મોટું જગમાં દર્દ;
દર્પ કરે જે મોહ તજ્યા વણ, મોહ જીતતો તે છે મર્દ. ॥૧૧૯॥

દર્પણમાં દૃશ્યો હોય જેવાં,-તેવાં પ્રતિબિંબો દેખાય;
દર્પણ સમ સમ્યગ્ જે જ્ઞાન છે, તેમાં સમ્યક્ સહુ પેખાય. ॥૧૨૦॥

દર્પણ સમ નિજ આત્મજ્ઞાન છે, મોહ ટળે તસ શુદ્ધિ થાય;
દર્પણ સમ થા !! આતમ !! જ્ઞાને, સાક્ષી ભાવે સુખ વર્તાય. ॥૧૨૧॥

દર્શક થા !! તું મોક્ષ માર્ગનો, દર્શકની આજ્ઞાએ ચાલ !!;
દર્શન, સદ્ગુરૂ સંતનાં કરતાં, પ્રભુનો પ્રગટે સાચું વ્હાલ. ॥૧૨૨॥

દેખો !! સારૂં દેખાડો !! શુભ,-જેથી આવે દુઃખનો અંત.
દેખો !! સુખ હિતકરને લાગે, દૃશ્ય છે આતમ !! સાચા સંત ॥૧૨૩॥

દમન કરે જે દમ્ય છે તેને, અદમ્યને દમતાં ન દમાય;
દમન અને [illegible] ॥૧૨૪॥

દમન કરો !! [illegible]
દમન કરો !! [illegible] ॥૧૨૫॥

દમન કરે નહીં દમવણુ માનવ, અધર્મ પાપનું દમન છે બેશ;
દમનમાં અભ્યાસે જયસિદ્ધિ, પછીથી ટળતા બૂરા ક્લેશ. ॥૧૨૬॥

દંડ વિના નહીં શાસન ચાલે, દંડ વિના નહીં રાજ્ય કરાય;
દંડથી ધર્મનું રક્ષણ થાતું, દંડ તે નીતિ ન્યાયે સુહાય. ॥૧૨૭॥

દંડો ! ! મનને દુર્પંથ જાતાં, ઇન્દ્રિયોને દો ! ! શુભ દંડ;
દંડો ! ! દુષ્ટ વિચારને જ્ઞાને, દંડ્યાનું રાખો ! ! ન ઘમંડ. ॥૧૨૮॥

દંડ તે સાત્ત્વિક, સંતને સારો, જેને ઘટે તેને તે દંડ;
દેતાં સર્વે નિયમમાં રહીને, વર્તે કરે ન પાપ પ્રચંડ. ॥ ૧૨૯ ॥

દલાલ, શુભ કાર્યોમાં થાવું, ધર્મક્રિયામાં થાવ ! ! દલાલ;
દલાલ, થા ! : તું પરોપકારે,–જેથી પામે સુખકર માલ. ॥ ૧૩૦ ॥

દલાલી કર ! ! તું ધર્મની વાટે, લોકો જેથી સદ્ગુણી થાય;
દયા દાન દમવૃદ્ધિ થાવે, વર્તે જગમાં નીતિ ન્યાય. ॥ ૧૩૧ ॥

દલિતજનોને ઉંચા ચઢવા, તન મન ધનથી દેવી સ્હાય;
દલિતકોમને સ્વતંત્ર કરવા,–આપો ! ! વિદ્યા શક્તિ ન્યાય. ॥૧૩૨॥

દલીલ જે હિત સુખ કરનારી તે, સર્વજીવોને ગ્રહવા યોગ્ય;
દલીલ સત્કાર્યોમાં સારી, પાપમાર્ગમાં તેહ અયોગ્ય. ॥ ૧૩૩ ॥

દલીલથી સમજે સમજુ લોકો, અજ્ઞાની જડને શું દલીલ;
દલીલથી સમજે નહી તેને, દંડથી શિક્ષાની છે અપીલ. ॥૧૩૪॥

દવા અજાજગ વાયુ પકાશે, દેહાયુષ્યથી છઁન્યું જાય;
દવા થકી પણ હવા ચઢે છે, દવાએ રોગો દૂરે થાય. ॥ ૧૩૫ ॥

દવા ન કરવી પડે કદાપિ, એવું તન મન ધર ! ! આરોગ્ય;
દવા વૈદ્ય રોગી બહુ ભેદે, દવા ખરી જે ટાળે રોગ. ॥ ૧૩૬ ॥

દવા કરીને મનની જ્ઞાને, ચિત્તકષાયો દૂરે ટાળ ! !;
દવા ચાકરી કરતાં ભક્તિ, આવે પ્રભુ પ્રાપ્તિનો ખ્યાલ. ॥ ૧૩૭ ॥

દશા જે કાલે જેવી આવે,–તેને પામી બનો ! ! પ્રસન્ન;
દશા જે સારી નઠારી તેમાં,–સમભાવે રાખો ! ! નિજ મન. ॥૧૩૮॥

દશીવીશી સહુ ઉપર આવે, સૌપર સુખદુઃખ વાયુ વાય;
દશા ન એકસરીખી સૌની, સદા ન રહેતી સમજો ન્યાય. ॥ ૧૩૯ ॥

દસ્ત સાફ નિર્મળ તો તન મન, આરોગી રહે સમજો ! ! સત્ય;
દસ્ત ઉપર આધાર રહે છે, તન મનનાં કરવાનાં કૃત્ય. ॥ ૧૪૦ ॥

દસ્તાવેજ કરો ! ! બહુ સમજી, ન્યાય નીતિને તજો ! ! ન લેશ;
દસ્તાવેજ પ્રમાણિક પાળે, અનેક સંકટ સહીને કલેશ. ॥ ૧૪૧ ॥

દસ્તાવેજ છે તારો એવો, જન્મ થતાંની સાથે જાણ ! !;
દયા દાન દમ નીતિ સાચું,-ધારો !! પ્રગટાવો !! ભગવાન. ॥૧૪૨॥

દહન કરો ! ! જે દગ્ધ છે તેને, પાપી રૂઢીયોને બાળ !!;
દહો !! જે કામની વાસના તેને, દીનો ઉપર થાવ !! દયાળ. ॥૧૪૩॥

દહાડા આવે સુખ દુઃખના જગ, વખત વખતની જુદી છાંય;
દયા પ્રેમ નીતિ પ્રભુભક્તિ, સેવાથી દીન સફલા જાય. ॥ ૧૪૪ ॥

દધિ પાચક ઉપયોગી છે બહુ, દહીથી ફાયદા અનેક થાય;
દહી ઉપકારક રોગીઓને, અમુક રોગમાં શાંતિ દાય. ॥ ૧૪૫ ॥

દંગો, મોહની વૃત્તિયોનો,-થતો પ્રથમથી શમાવી નાખ !!;
દગા ફિસાદો મોહે જ્યાં ત્યાં, દંગો થાતાં હિંમત રાખ !!. ॥૧૪૬॥

દંડેલોના દગાથી સાવધ,-રહીને પ્રભુમય જીવન ગાળ !!;
દંડેલોને દબાવી શિક્ષા,-દેઈ તેઓને જ સુધાર ! !. ॥ ૧૪૭ ॥

દંતકથાઓ સારી ખોટી, સુખ દુઃખકારક અનેક જાણ ! !;
દંતકથામાંથી ગ્રહી સાચું, પરમેશ્વરની માનો આણ !!. ॥૧૪૮॥

દંતકથાઓ કલ્પિત સાચી, ગુણહિત કરનારી સાંભળ ! !;
દંતકથાઓ વાંચી આતમ,-શુદ્ધિ સુખ શાંતિમાં વળ ! !. ॥૧૪૯॥

દંપતી તે જે વિશુદ્ધ પ્રેમી, સામાસામી જે અર્પાય;
દંપતી જે એકાત્મા થઈને,-વર્તે એક પ્રભુને ચ્હાય. ॥ ૧૫૦ ॥

દંપતી તે જે જ્ઞાની પ્રેમી, એક બીજામાં દેખે ઐક્ય;
દંપતી તે જે અતિથિ સેવા, ભક્તિમાં અર્પાતાં નેક. ॥ ૧૫૧ ॥

દંપતી તે જે ચામડી મોહે, ભોગના મોહે નહીં મુંઝાય;
દેખે એક બીજામાં આતમ, જીવે મુક્તિ માટે ન્યાય. ॥ ૧૫૨ ॥

દંપતી તે જે ગૃહાવાસમાં, સ્વાર્થ ભેદથી ધરે ન ભેદ;
દ્વૈતપણાનો પ્રેમ ન ધારે, ટાળે અન્યો અન્યના ખેદ. ॥ ૧૫૩ ॥

દંપતીમાંહી દયા દાન દમ, સત્ય પ્રેમ નીતિ જો હોય;
દેવલોકસમ દંપતી જીવન, આત્મ વિશુદ્ધિ માટે જોય. ॥ ૧૫૪ ॥

દંભને ત્યાગો ! ! નિર્દંભ થાઓ ! !, દંભથી દુઃખનો પ્રગટે પંથ;
દંભથી તપ જપ સંયમ નિષ્ફલ, દંભ ત્યાં કોઇ નહીં નિર્ગ્રન્થ. ॥૧૫૫॥

દંભ તજી દે ! ! મોક્ષાર્થે તું, દંભથી ઈચ્છયું મળે ન સત્ય;
દંભીઓથી ફસાઈ જા ! ! નહીં, દંભ વિના કર ! ! ધર્મનાં કૃત્ય. ॥૧૫૬॥

દંભથી જીત ને લક્ષ્મી પામે,–તો પણ તેથી શાંતિ ન થાય;
દંભથી પ્રગટે સઘળાં પાપો, દંભને ત્યાગે શાંતિ સુહાય. ॥૧૫૭॥

દંભ પ્રપંચ ષડ્યંત્ર પ્રપંચો,–કરીને જીતી નરકમાં જાય;
દંભથી મોહનું જોર વધે છે, દંભ તજી દે ! ! મુક્તિ થાય. ॥૧૫૮॥

દંશ તજી દે ! ! વૈરના ઝેરી, દંશ તજી દે ! ! શાંતિ થાય;
દંશ ત્યાં દયા ન દેવ ન ધર્મ છે, દંશ તજ્યાથી મોક્ષ સુહાય. ॥૧૫૯॥

દાવ જે સારો સુખકર આવ્યો,–તેને પ્રમાદથી ન ગુમાવ ! ! ;
દાવને લેઇ સત્કર્મો કર ! !, દુષ્ટના પાપી દાવ હઠાવ ! !. ॥ ૧૬૦ ॥

દાવને જાણે તે છે વિચક્ષણ, દાવને ભૂલે ભૂલ્યું સર્વ;
દાવ મળ્યો છે મુક્તિ માટે, જૂઠા દાવના ત્યાગો ! ! ગર્વ. ॥ ૧૬૧ ॥

દાની થા ! ! કાર્પણ્ય તજીને, દીધું તેનું ફલ તો થાય;
દાન કર્યાં ભાવી પ્રતિકૂલને, પ્રગટાવે એ સાચો ન્યાય. ॥ ૧૬૨ ॥

દાની આપે તેથી અધિકું, પરભવમાં પામે નિર્ધાર;
દાન સુપાત્રે દેતાં મુક્તિ, જ્ઞાનાનન્દ પ્રગટતા સાર. ॥ ૧૬૩ ॥

દેવું જેવું લેવું તેવું, તરતમ ભાવઅપેક્ષા એજ;
દેવું લેવું સર્વજીવોને, સ્વભાવે થાતું જાણો ! ! તેજ. ॥ ૧૬૪ ॥

દેવું લેવું તેમાં જેને, દેવાલેવાની નહીં વૃત્તિ;
દેવ સમો તે આત્મપ્રકાશે, પરાપાર પામે નિવૃત્તિ. ॥ ૧૬૫ ॥

દીધા લોકોને ઉપદેશો,–જેથી લોકોનું હિત થાય;
દીધા લોકોને ઉપદેશો, લોકો જેથી મુક્તિ પાય. ॥ ૧૬૬ ॥

દીધા સુકૃત્યર્થે ઉપદેશો, મુક્તિવણ નહીં કામના અન્ય;
દઉં છું નિષ્કામે ઉપદેશો, લોકોમાં પ્રગટે સૌજન્ય. ॥ ૧૬૭ ॥

દઉં છું ઉપદેશો લોકોને, નામ રૂપાદિક વાસના ત્યાગ;
દઉં છું દેઈશ વ્યાખ્યાનો સહુ, લોકોમાં પ્રગટે પ્રભુ રાગ. ॥૧૬૮॥

દઉંછું ને લઉંછું જગમાંથી,-એવી નહીં અહંકારની વૃત્તિ;
દેવું લેવું કુદરત્ રીતે, થાતી સ્વભાવિક એ રીતિ. ॥ ૧૬૯ ॥

દાનત સારી રાખો ! ! આતમ ! !, સ્વાર્થે દાનત નહીં બગાડ ! !;
દાનત સારી તો તું સારો, અંતરમાંહી પ્રભુ જગાડ ! !. ॥ ૧૭૦ ॥

દાનસ્તો દાનો શુભ શત્રુ, મૂર્ખ મિત્ર પણ નહીં હિતકાર;
દક્ષબ્રાહ્મણે ભૂપ બચાવ્યો, મૂઢકપિથી હણાતો ધાર ! !. ॥૧૭૧॥

દાનાઈ દીનતા આવે પણ, દાનસ્તાની કદિ ન જાય;
દાની દોસ્તોજગમાં દુર્લભ, મિત્ર જીવાડતાં જે અર્પાય. ॥ ૧૭૨ ॥

દાનો માનવ બહુ હિતકારી, જગમાં બનીશ નહીં નાદાન;
દાબ રાખજે દુષ્ટોપર શુભ, દાન નહીં કોઈ જ્ઞાનસમાન. ॥ ૧૭૩ ॥

દામને રામને પૂર્વને પશ્ચિમ, જેટલું છેટું જગમાં જાણ ! !;
દામકામથી રામ છે ન્યારા, આત્મ પ્રભુ તે રામ છે માન ! !. ॥૧૭૪॥

દામને માટે રામ ન વેચો ! !, કામને માટે તજો ! ! ન રામ;
દાટી દો ! ! જે હરામવૃત્તિ, સમજો ! ! આત્મદશા નિષ્કામ. ॥૧૭૫॥

દાયક છે તું દે ! ! તારૂં સહુ, અન્યોને નિજશક્ત્યનુસાર;
દાતારી નહીં છાની રહેતી, દાથી આતમ સ્વભાવ સાર. ॥ ૧૭૬ ॥

દારૂ પીતાં બુદ્ધિ બગડે, તનમન ધનનો થાય વિનાશ;
દારૂમાં સહુ દુઃખનો વાસ છે, દારૂપાની દુઃખનો દાસ. ॥ ૧૭૭ ॥

દારૂપાની મહાઅજ્ઞાની, નાદાનોનો છે શિરદાર;
દારૂથી કદી થાય ન સારૂં, દારૂથી નહીં શાંતિ લગાર. ॥ ૧૭૮ ॥

દારૂથી સહુ જ [illegible], [illegible] દારૂ ને અહંકાર;
દારૂ વ્યસનથી દૂરે રહેતાં શાંતિ તુષ્ટિ પુષ્ટિ અપાર. ॥ ૧૭૯ ॥

દારૂ [illegible] [illegible] દારૂપાનનું [illegible] સ્થાન;
દારૂ[illegible] [illegible] [illegible] છે [illegible]. ॥ [illegible] ॥

દારૂ[illegible] [illegible] [illegible] [illegible]થી તે [illegible].
દારૂ[illegible] [illegible] [illegible] [illegible]. ॥ [illegible] ॥

દારૂગોળાથી નહિં શાંતિ, હિંસાથી હિંસા ઉભરથાય;
દુષ્ટજનુ હિંસકની સામે, સ્વરક્ષાર્થે છે હિતદાય. ॥ ૧૮૨ ॥

દાવપેચ સત્યાર્થે સારા, દયાદિ માટે તે હિતકાર;
દાવપેચ, પાપાર્થે બૂરા, હિંસાદિની વૃદ્ધિકાર. ॥ ૧૮૩ ॥

દાવો દુનિયામાં શ્યો ત્હારો, દેહનો દાવો પણ નહીં સાચ;
દાવો ત્હારો નિજ આતમપર,-જેમાં જ્ઞાનાનન્દ ત્યાં રાચ!!.॥૧૮૪॥

દાસપણું ગુરૂદેવનું સારૂં,-જેથી આતમ દેવ સુહાય;
દાસપણું જનનીને જનકનું, જ્ઞાનીનું કરતાં સુખ થાય. ॥ ૧૮૫ ॥

દાસપણું નહીં કોને વ્હાલું, પ્રભુપણા પર સૌને વ્હાલ;
દાસ તે બુદ્ધિ શક્તિ વિનાના, મોહે જડપર ધારે પ્યાર. ॥ ૧૮૬ ॥

દાસ તે જડ ભોગોના તાબે,-રહીને ઇચ્છે સાચું સુખ;
દાસ તે અંતરમાં સુખ તેને,-ભૂલી પામે મોહથી દુઃખ. ॥ ૧૮૭ ॥

દાસ તે તનુમન વચનની ઉપર, કાબુ શુભ ધારે નહીં તેહ;
દાસ તે દુર્ગુણી વ્યસનીઓ છે, અજ્ઞાનીઓ જાણો!! એહ. ॥૧૮૮॥

દાસ તે કામના તાબે રહેતા, પુદ્ગલમાં સુખનો વિશ્વાસ;
દાસ તે જડમાં મૂર્ચ્છા ધારે, ધરે પુદ્ગલમાં સુખની આશ. ॥૧૮૯॥

દાસ તે મોહાદિક પરવશમાં, ગુલામોના પણ તેહ ગુલામ;
દાસ તે ઇન્દ્રો સમ્રાટો સહુ, કંચન કામિની ગુલામ શ્યામ. ॥૧૯૦॥

દાસ તે રાજાઓ મોહી જે, સુખાર્થે દુર્ગુણ વ્યસનના દાસ;
દાસપણું મોહે સહુ જીવો,-કરતાં ધરતા જડ સુખ આશ. ॥ ૧૯૧॥

દાસપણું, સદ્ગુણ માટે શુભ, દાસપણું ઇન્દ્રોને હોય;
દાસપણું છે કર્મ છે યાવત, તાવત્ સાપેક્ષાએ જોય. ॥ ૧૯૨ ॥

દાસ બને જે પ્રશસ્ય તે જગ,-પ્રભુ બને અંતે નિર્ધાર;
દાસપણામાંથી પ્રભુ બનવા, ઉમંગ ધર!! પ્રભુપર કર!! પ્યાર.॥૧૯૩॥

દાસપણું કર!! સદ્ગુરુ દેવનું, જ્ઞાની સંતોનો થા!! દાસ;
દાસપણું કર!! ધર્મીઓનું, ધરી સેવા ભક્તિ વિશ્વાસ. ॥૧૯૪॥

દાસપણું તે સેવાભક્તિ,-એવા દાસના દિલમાં દેવ;
દાસને રાજાની વૃત્તિથી, ભિન્ન તું જીવોની કર!! સેવ. ॥ ૧૯૫ ॥

દિવ્ય જ્ઞાન ને દિવ્ય ચક્ષુ છે, દિવ્ય ચક્ષુથી સહુ દેખાય;
દિવ્ય ચક્ષુથી તીર્થંકરોએ, ઉપદેશ્યો છે ધર્મ સુહાય. ॥૨૧૦॥

દિવ્ય દેખાડી રહે સહુ શાસ્ત્રો, અનુભવ કરવો છે નિજ હાથ;
દિવ્ય અનુભવ દશા પ્રગટતાં, અનુભવાગે આતમનાથ. ॥૨૧૧॥

દીકરા દીકરીને કેળવણી,-આપો !! બનાવો !! સચ્ચારિત્ર;
દીક્ષા અનુભવી ગુરૂ લો !! આપે,-ત્યારે આતમ થાય પવિત્ર. ॥૨૧૨॥

દીક્ષા, ત્યાગની દાતા સદ્ગુરૂ, સુખસાગર મહારાજ મહંત;
દીક્ષાગુરૂએ ત્યાગી બનાવી, બનાવ્યો મુજને જગમાં સંત. ॥૨૧૩॥

દીક્ષાગુરૂ સુખસાગર પ્રભુ સમ, અન્યો નહીં છે સમા મહેશ;
દીક્ષાગુરૂ સુખસાગર વંદુ, પ્રભુ, મારા ટાળ્યા ક્લેશ. ॥૨૧૪॥

દીર્ઘદર્શી થા !! દીર્ઘદૃષ્ટિથી, લાભાલાભનો કરી !! વિચાર;
દીર્ઘદર્શીને જય ને સિદ્ધિ, થાવે દુઃખ ટળે નિર્ધાર. ॥૨૧૫॥

દીર્ઘદૃષ્ટિથી કર !! કર્તવ્યો, દીર્ઘદૃષ્ટિથી અનુભવ ધાર !!;
દીર્ઘદર્શીના અનુભવો લેઈ, કર્તવ્યોનો ધર !! આચાર. ॥૨૧૬॥

દીર્ઘસૂત્રી થા !! નહીં કર્તવ્યો,-કરવામાં નિશ્ચયથી ચાલ !!;
દીર્ઘાયુના ઉપાય સેવો !!, અંતર્ દીપ કરીને ભાળ !!. ॥૨૧૭॥

દુઆ ગ્રહો !! સંતોની સારી, દુઆથી દુઃખો દૂરે જાય;
દુકાન માંડો !! ધર્મ ગુણોની, આત્મિક ગુણ ધન વૃદ્ધિ થાય. ॥૨૧૮॥

દુકાળીઆંને મદદ કરો !! સહુ, પાપોદયે પ્રગટે દુષ્કાલ;
દયા કરો !! દુષ્કાલે ભાવે, દુઃખીનાં દુઃખોને ટાળ !! ॥૨૧૯॥

દુઃખ ન કોને વ્હાલું લાગે, દુશ્મનને પણ પડો !! ન દુઃખ;
દુઃખી કરતાં અન્યજનોને, દુઃખ મળે નહીં મળતું સુખ. ॥૨૨૦॥

દુઃખો ટાળો !! સર્વ જનોનાં, તિર્યંચનાં દુઃખોને ટાલ !! ;
દુઃખ ન આપો !! કોને ક્યારે, દુઃખ હેતુને તજો !! દયાલ. ॥૨૨૧॥

દુઃખ છે પાપોદયથી સ્વપરને, દુઃખનું કારણ કીધાં પાપ;
દુઃખકર પાપનું કારણ હિંસા, જૂઠું ચોરી દોષ અમાપ. ॥૨૨૨॥

દુઃખીઓને દેખી જેને, દયા કે લાગણી અન્ય ન થાય;
દૈત્ય તે અથવા ત્રિગુણાતીત તે, નિર્દય વા નિર્ગુણ સુહાય. ॥૨૨૩॥

દુ:ખીનાં દુ:ખ ટાળવા સેવા,–કરવાથી છે પુણ્યનો બંધ;
દુ:ખીને દેશો તો દુ:ખ લેશો, કુદ્રત્ પ્રભુનો ન્યાય અબંધ્ય. ॥૨૨૪॥
દુ:ખીઓનાં દુ:ખનાં કારણ,–જાણી તેઓને કર !! દૂર;
દુ:ખીઓની સેવા માંહી, આત્મપ્રભુ પ્રાકટ્ય હજૂર. ॥૨૨૫॥
દુ:ખનું કારણ અધર્મ હિંસા, અસત્ય ચોરીને વ્યભિચાર;
દુ:ખનું કારણ કામ ક્રોધને, લોભને દ્વેષ તથા અહંકાર. ॥૨૨૬॥
દુ:ખનું કારણ મિથ્યા બુદ્ધિ, મોહ કપટ ઈર્ષ્યા અજ્ઞાન;
દુ:ખનું કારણ કામોપભોગો, પાપ કર્મને પાપ વિચાર. ॥૨૨૭॥
દુ:ખ પ્રગટે આ ભવ પરભવ, કૃતકર્મોના ઉદયે જાણ ! !;
દુ:ખને ભોગવ !! સમ ભાવે તું, દુ:ખ ટળ્યા પછી સુખ છે માન !!. ॥૨૨૮॥
દુ:ખ ન દેવું મન વચ તનુથી, કોઈને ક્યારે નિશ્ચય ધાર !!;
દુ:ખીઓને આપ !! દિલાસો, દુ:ખના હેતુ વેગે વાર ! !. ॥૨૨૯॥
દુ:ખનો સર્વથા નાશ તે મુક્તિ, દુ:ખ હરે તે ધર્મ કથાય;
દુ:ખ નાશમાં સર્વપ્રકારના, સત્ય ધર્મ સાધન સુખદાય. ॥૨૩૦॥
દુ:ખ સ્વપરને દેવું એ છે, હિંસા અધર્મ પાપ તે જાણ !!;
દુ:ખવવા જે અન્યજીવોને, હિંસા તે છે દિલમાં આણ !!. ॥૨૩૧॥
દુ:ખ થાય જેથી જીવોને,–તે હિંસા મહાપાપ નિવાર !!;
દુ:ખ દેવાથી દૂર રહે તે,–ધર્મી સંત છે નર ને નાર. ॥૨૩૨॥
દુ:ખને ટાળો !! કોટિ ઉપાયે, સુખનું કારણ સુખ તે ધર્મ;
દુ:ખી થતા સહુ જાતિજીવો, કર્મે જાણી કર !! શુભ કર્મ. ॥૨૩૩॥
દુ:ખ પડે તે સમ્પ્રતિ ભોગવ !!,–નવાંકર્મનો કર !! નહીં બન્ધ;
દુ:ખ છે પાપોદયથી જાણી, પાપકર્મમાં થા !! નહીં અન્ધ. ॥૨૩૪॥
દુ:ખને ટાળી સુખને આપે, દ્રવ્ય ભાવથી ધર્મ તે જાણ !!;
દ્રવ્યક્ષેત્રને કાલને ભાવથી, દુ:ખ હેતુઓને જ પિછાણ !!. ॥૨૩૫॥
દ્રવ્ય ક્ષેત્ર ને કાલ ભાવથી, સુખ દુ:ખ કારણ સઘળાં જાણ !!;
દ્રવ્યાદિકની સાપેક્ષાએ, સુખ દુ:ખ જાણી ધર્મને માન !!. ॥૨૩૬॥
દુગ્ધા દુનિયાદારીમાંહી, દુ:ખ ટળે નહીં મળે ન દેવ;
દુનિયાદારી સ્વપ્ન જેવી, ક્ષણિક જાણી પ્રભુપદ સેવ !!. ॥ ૨૩૭ ॥

દુનિયામાં નિર્લેપી વર્તે, વ્યવહારે અંતર નિર્લેપ;
દુનિયામાં નહીં રાગ રોષ તો,-કાર્યો કરે લાગે નહીં ચેપ. ॥૨૩૮॥
દુનિયાદારી છે દોરંગી, એક મતો તેનો નહીં થાય;
દુનિયામાં ત્રિગુણી જીવો છે, એક સરીખા થૈ નહિં જાય. ॥ ૨૩૯ ॥
દુનિયાદારી માંહે રહીને ન્યારો વર્તે અંતરૂ જેહ;
દુનિયામાં તે દેવ પ્રભુ છે, પ્રભુમય જીવને જીવે તેહ. ॥ ૨૪૦ ॥
દુબળાને બહુ બગાઈ વળગે, માર ઉપર બહુ પડતો માર;
દુબળાનું કો સગુ ન થાવે, દુબળાને જ્યાં ત્યાં છે હાર. ॥ ૨૪૧ ॥
દુર્બલ લોકોની વ્હારે ચઢ !!, દુર્બલ અનાથ લોકને રક્ષ !!;
દુર્બલનો જ્યાં ત્યાંજ મરો છે, દુર્બલ તે જીવે જે દક્ષ. ॥ ૨૪૨ ॥
દુબળાઓને જોર જૂલ્મથી, ગુલામ કરવા તે છે પાપ;
દુબળાઓપર થતા જૂલ્મને, ટાળો !! તેઓના સંતાપ. ॥ ૨૪૩ ॥
દુભવશો નહીં અન્ય જનોને, સ્વાર્થે અનીતિ કરીને લેશ;
દુભવતાં જગ અન્ય જીવને, અંતે પામો !! પોતે કલેશ. ॥૨૪૪॥
દુભવવામાં હિંસા પાપ છે, એવો છે પરમેશ્વર બોધ;
દુભવો!! નહીં જીવોને ક્યારે, દુઃખનું કારણ કામને ક્રોધ. ॥૨૪૫॥
દુરસ્ત કર !! મન વાણી તનુને, દુરસ્ત કર !! જે ધાર્મિક કાજ;
દુરસ્તીમાં ડહાપણ હુંશિયારી, અંતે પામો !! સુખ સામ્રાજ્ય.॥૨૪૬॥
દુરાગ્રહોને દુરાચરણથી, દુર્ગુણથી જીવંતાં નર્ક;
દુરાગ્રહોને દોષો ટાળો !!, જીવંતાં અહો પ્રગટે સ્વર્ગ. ॥ ૨૪૭ ॥
દુરાચારને દુર્જનથી ઝટ, દૂર રહીને આગળ ચાલ !!;
દુર્ગતિ છે પાપોદય યોગે, સદ્‌ગુણથી સદ્‌ગતિમાં મ્હાલ !!. ॥૨૪૮॥
દુર્જન દુર્ગુણી દુષ્ટજનોને, દબાવી દે !! ગુણ શકતે ભવ્ય !!;
દુઃખદશા ટલે ધર્મગુણોએ, ધર્મ એજ છે તુજ કર્તવ્ય. ॥ ૨૪૯ ॥
દૈવ જોગ બનવાનું બનતું, ચાલે નહીં ત્યાં કશો ઉપાય;
દૈવ જોગથી દૈવજ્ઞો પણ,-ડગરે નહીં એવો છે ન્યાય. ॥ ૨૫૦ ॥
દૈવત જ્યાં ત્યાં દેવપણું છે, દૈવત જ્યાં ત્યાં જગ પૂજાય;
દૈવત જ્યાં ત્યાં જાગ્રત્ પ્રભુ છે, દૈવત અણધાર્યું પ્રગટાય.॥ ૨૫૧ ॥

દૈવત છાનું રહે ન ક્યાંયે, દૈવતનો આદર સત્કાર;
દૈવત તે પ્રભુ શકિતયો છે, જ્યાં ત્યાં તે પ્રગટેજ અપાર. ॥ ૨૫૨ ॥

દૈવી માનવ, દેવની પેઠે, પૂજાતો જગમાં નિર્ધાર;
દૈવી શકિતયોને ખીલવ !!, આત્મ પ્રભુ તું પોતે સાર. ॥ ૨૫૩ ॥

દૈહિક શત્રુઓને ટાળો ! !, આધ્યાત્મિક શત્રુને ટાળ ! !;
દોટ મારીને પ્રભુના પંથે, સાચી એક લગનથી ચાલ ! !. ॥૨૫૪॥

દોડ ! ! તું પ્રભુના પંથે પ્રેમે, પ્રભુ મળવાને પલપલ દોડ ! !;
દોડદોડા કર !! નહીં પાપે, પાપમાર્ગમાં કર !! નહીં હોડ. ॥૨૫૫॥

દોડધામ નહીં પાપમાં સારી, દોડધામ, ધર્માર્થે શ્રેય;
દોડા દોડ ન મોહે કરજે, નીતિથી પરનિજપર પેટ. ॥ ૨૫૬ ॥

દોર ચલાવ !! ન અનીતિ જૂલ્મે, પાપીઓને ધર્મમાં દોર !!;
દોરવ !! અન્યોને પ્રભુ માર્ગે, દોલત ગર્વે થા !! નહીં ઢોર. ॥૨૫૭॥

દોષીઓનાં દોષ ગ્રહો ! ! નહીં, દોષીઓને નહિ ધિક્કાર;
દોષીઓના ધુવો ! ! દોષને, દોષી લોકોને જ સુધાર ! !. ॥ ૨૫૮ ॥

દોષીઓના દોષોને ધો ! !, માતા સમ થૈને નિર્ધાર;
દોષીઓને નિંદતાં પહેલાં, નિજ દોષોનો કર !! પરિહાર. ॥૨૫૯॥

દોષીઓપર કરૂણા બુદ્ધિ, પ્રેમને ધારો ! ! નરને નાર;
દોષોમાંથી ઉદ્ધાર થાવા, સૌને શુભ ઇચ્છા નિર્ધાર. ॥ ૨૬૦ ॥

દોષો અનેક ભવમાં ત્હારા, આ ભવમાં જે હોય તે દેખ ! !;
દોષીઓના દોષને ધોવા, યથાશકિત કર !! નહીં ઉવેખ !!. ॥૨૬૧॥

દોષો પહેલાં કર્યો લોકો, પશ્ચાત્ નિર્દોષીઓ થાય,
દોષીઓને સુધારી [illegible]—[illegible] !! [illegible] ઉપાય. ॥ ૨૬૨ ॥

દોષ [illegible] ! !, [illegible] ! ! [illegible];
[illegible] !! [illegible] ૨૬૩

[illegible]
[illegible]

[illegible]
[illegible]

દોસ્ત તે જ્ઞાનને ચરિત્ર સદ્ગુણ,-માર્ગે મિત્રને દોરી જાય;
દોસ્ત તે આતમનો છે આતમ, આતમ બંધુ મિત્ર ગણાય. ॥૨૬૬॥

દોસ્તોને દોરવ !! સન્માર્ગે, દોસ્તનો દ્રોહ કરીશ નહિં લેશ;
દોસ્તી ગુણી જનોની કરવી, દોસ્તીમાં કરજે નહીં કલેશ. ॥૨૬૭॥

દોસ્તોના દુર્ગુણને હરવા, દોસ્તોને કર !! સારી સ્હાય;
દોસ્તોની નિંદા નહીં કરવી, દોસ્તી નભે નહીં જ્યાં અન્યાય. ॥૨૬૮॥

દોસ્તીમાં લેવડ દેવડથી, પ્રસંગે મનડું ખેદી થાય;
દોસ્તી પરમાર્થે છે સારી, ગુણોની વૃદ્ધિ માટે ન્યાય. ॥ ૨૬૯ ॥

દોહન કર !! સોમાંથી સારૂં, દોહન કર !! સોમાંથી સત્ય;
દોહન કર !! ગુણનું જ્યાં ત્યાંથી, દોહન કરીને કર !! સત્કૃત્ય. ॥૨૭૦॥

દોહિલું પણ ઉદ્યમ ઉત્સાહે, બળ કળથી સુલભ થૈ જાય;
દોંગાઈ ત્યજ !! નીતિને ભજ !!, દુર્બલતા ત્યાગો !! અન્યાય. ॥૨૭૧॥

દુર્બલતા છે મનના મોહે, દુર્બલતા અજ્ઞાનને દોષ;
દુર્બલતા બાહ્યાંતર ત્યાગી, ધર્મ્ય શક્તિયોને કર !! પોષ. ॥૨૭૨॥

દ્યૂત તે જૂગટું વ્યસન છે મોટું, દ્યૂતથી ચક્રી પણ દીન થાય;
દ્યૂતનો પન્થ તે દુઃખનો દરિયો,-તેમાં પડિયો ડૂબી જાય. ॥ ૨૭૩ ॥

દ્રવ્યથી આત્મગુણો નહીં વધતા, દ્રવ્ય વિત્તથી મળે ન મોક્ષ;
દ્રવ્ય તે તનુ આદિ હિત માટે, ધનની અતિ મમતાને રોક !!. ॥૨૭૪॥

દ્રોહ ન કર !! દુશ્મનનો પણ તું, ત્યાગીને કદિ ઘટે ન દ્રોહ;
દ્રોહ ન કર !! તું ધર્મભેદથી, દ્રોહ એજ છે મોટો મોહ. ॥૨૭૫॥

દ્રોહ ન કર !! વિશ્વાસીઓનો, દ્રોહથી દ્રોહ વધે છે ખૂબ;
દ્રોહનાં વિષવૃક્ષો વાવીને, કદિ ન પામો !! આંબા લુંબ. ॥ ૨૭૬ ॥

દ્રોહ ન કરજે દ્વેષ ધરીને, દ્રોહીનું શુભ કર !! નિર્ધાર;
દ્રોહીઓનું ભલું કરીને, પ્રભુપદને પ્રગટાવો !! સાર. ॥ ૨૭૭ ॥

દ્રોહી થા !! નહીં દેવગુરૂને, સંતોનો ને ધર્મનો લેશ;
દ્રોહી પામે નહીં સ્થિર શાંતિ, દ્રોહી મનમાં નિશદિન ક્લેશ. ૨૭૮

દ્વંદ્વ યુદ્ધ ધર્માર્થે સારૂં, પટકીને મારો !! શયતાન;
દ્વંદ્વ યુદ્ધ મુજ અંતર્ ચાલે, સહાયક મારા હો ભગવાન. ॥૨૭૯॥

દ્વેષ રહ્યો નહીં શત્રુઓ પર, નિંદક ઉપર રહ્યો ન દ્વેષ;
દ્વેષ કરૂં નહીં કોપર ક્યારે, કરૂં ન કોની સાથે ક્લેશ. ॥ ૨૮૦

દ્વેષ કરૂં નહીં દ્વેષીઓપર, ભલે જાય તન મનને પ્રાણ;
દ્વેષ કરૂં નહીં દ્વેષીની ઉપર, પ્રગટાવું આતમ ભગવાન. ॥ ૨૮૧

દ્વેષ કરૂં નહીં ધર્માન્ધક થૈ, પ્રતિપક્ષીપર કરૂં ન દ્વેષ ;
દ્વેષનાં કારણ રહ્યાં ન મનમાં, સામ્યભાવથી રહ્યા ન ક્લેશ. ॥૨૮૨॥

દ્વેષીઓના દ્વેષને હણવા, આત્મભાવથી દઉં ઉપદેશ;
દ્વેષ ન રાગ ન જગમાં કોપર, એવો પામું આતમ દેશ. ॥ ૨૮૩ ॥

દ્વેષ ન કોપર રહિયો મુજને, સર્વજીવો મુજ આત્મસમાન;
દશા એવી કંઈ ઝળકી અંતરૂ, પામીશ નક્કી પ્રભુ ભગવાન. ॥૨૮૪॥

દ્વેષ રાગનો ક્ષાયિક ભાવે, સર્વથા કરવા પૂરણ નાશ;
દિલમાં જાગી ઉઠયો ધ્યાને, અંતે થાશે પૂર્ણ પ્રકાશ. ॥ ૨૮૫ ॥

દ્વેષ તજીને સર્વજીવોને, ખમાવું કીધા સહુ અપરાધ;
દુગ્ધા ત્યાગી સર્વજીવોને, ખમાવું કો નહીં કરૂં અપરાધ. ॥૨૮૬॥

દેવ પ્રભુ પરમેશ્વર વ્હાલા, મારો કર !! પૂરો ઉદ્ધાર;
દિલમાં દેવને રાખી પલપલ, કરૂં કરીશ હું સહુ વ્યવહાર. ॥૨૮૭॥

દિલનાં દ્વારો ખુલ્લાં થાઓ !!, થાઓ !! જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ;
દરિયા સમ દિલ બનો !! જ માહરૂં, ધાર્યો એક પ્રભુ વિશ્વાસ. ॥૨૮૮॥

દરિદ્રતાનું કારણ આલસ, ભય સ્વાર્થને છે અજ્ઞાન;
દરિદ્રતા દુર્ગુણ દોષોમાં, દરિદ્રતા ટાળે સુખ ખાણ. ॥૨૮૯॥

દરિયા જેવું કરીને દીલડું, ગંભીરતા રાખીને ચાલ !!;
દર્દ સહી લે !! સહુ જનને, દુઃખના દહાડા પ્રભુમાં ગાળ !! ॥૨૯૦

દુઃખ ન દેજે કોને કિંચિત્, દીલ દુઃખવવું હિંસા જાણ !!;
દુઃખ ન દેવું કોને કો દિ. પરના દે !! નહિ કોને પ્રાણ ॥૨૯૧॥

દુઃખના દહાડા સદા ન રહેતા [illegible]
[illegible]

[illegible]
[illegible]

દુઃખ પડંતાં પાપોદયથી, રોગો પાપોદયથી થાય;
દુઃખીથી ન્યારો નિશ્ચય આતમ, સમજે તે શિવતાને પાય. ॥૨૯૪॥

દુઃખવવું તે છે દીલ હિંસા, દુઃખના હેતુ સર્વ નિવાર !!;
દુઃખીઓને દિલાસો દેજે, દુઃખીઓનો કર !! ઉદ્ધાર. ॥૨૯૫॥

દુઃખ ન રૂચે જેવું નિજને,-તેવું બીજાને પણ જાણ !! ;
દુઃખ ન ઉપજાવો !! બીજાને, દયા ધર્મ છે એજ પ્રમાણ. ॥૨૯૬॥

દુઃખીઓને દુઃખી જાણો, દુઃખીઓને કરતો ન્હાર;
દુઃખીઓને યથાશક્તિથી, કરજે આતમ !! સહુ ઉપકાર. ॥૨૯૭॥

દેવાં કર્મનાં ચૂકવવાનાં, પુણ્ય પાપનાં કીધાં જેહ;
દેવું ચૂકવવું તેમાં છે, સાહુકારી ને સમતા ગેહ. ॥૨૯૮॥

દેવુંલેવું ન્યાયથી કરજે, દેવામાં સમતાને ધાર !!;
દેતાં લેતાં હર્ષને ચિન્તા,-એવો આતમ ધર !! આચાર. ॥૨૯૯॥

દેવું લેવું વ્યવહારે સહુ, ધર્મ પ્રગટ જેથી બહુ થાય;
દાતા એવો થા !! નિશ્ચયથી, આતમ પરમાતમ પ્રગટાય. ॥૩૦૦॥

દાનપણાનો ગર્વ ન કરજે, દેવું લેવું કર્મે થાય;
દીલમાં એવો નિશ્ચય ધરીને, વર્તે તો તું શાંતિ પાય. ॥ ॥૩૦૧॥

દાવાગ્નિ સમ કામના વેગો, જ્યાં પ્રગટે ત્યાં સર્વ વિનાશ;
દાવાગ્નિ સમ કામને વારો !!,-તેથી પ્રગટે પ્રભુપદ ખાસ. ॥૩૦૨॥

દૈત્ય સમો છે હિંસક પાપી, અનીતિ જુલ્મોને કરનાર;
દૈત્યપણું ત્યજ !! દીલમાંથી સહુ, સદ્ગુણી કર !! આતમ દેદાર.॥૩૦૩॥

દુર્ગુણ દેખો !! અંતરમાં સો,-દેખીને કરશો સહુ દૂર;
દુર્ગુણ કષાય ટાળો!! આતમ !!, પામો !! વાંચ્છિત સુખ ભરપૂર. ॥૩૦૪॥

દ્રોહ ન કરશો કોનો ક્યારે, દ્રોહ કર્યાથી પડતી થાય;
દ્રોહ ને દ્વેષથી અળગા થાવો !!, સમજો !! એવું ચેતન રાય. ॥૩૦૫॥

દ્રવ્યમાં ગુણ પર્યાય અનંતા,-એવાં ષડ્ દ્રવ્યો જગ જાણ !!;
દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નય,-સમજી પ્રગટ કરો !! સો ખાણ. ॥૨૦૬॥

દૂર ન તારાથી પ્રભુ ઈશ્વર, નાસ્તિકતાથી છે પ્રભુ દૂર;
દૂર છે મોહીથી પ્રભુ ઘટમાં, જ્ઞાની ઘટમાં છે ભરપૂર. ॥૩૦૭॥

દૂર ન શ્રદ્ધા ભક્તિથી પ્રભુ, ભક્તિથી પ્રભુ પાસે જાણ !!;
દોડી દોડી જા !! ગુરૂ પાસે, અંતરૂમાં પ્રભુ છે ભગવાન. ॥૩૦૮॥

દયાળુમાં પ્રભુજી પરખાતા, રહીમ વસે ત્યાં છે રહેમાન;
દયા એ પ્રભુનું સાત્વિક અંગ છે, સાકારી સંતો ભગવાન. ॥૩૦૯॥

દયા ત્યાં પ્રગટ પ્રભુ છે, જાણો !!, પ્રગટ પ્રભુ જાણો !! દાતાર;
દયા સાચી પ્રગટે જો તુજમાં, મુક્તિ પ્રગટંતાં નહિં વાર. ॥૩૧૦॥

દયા જે ગાંડી જ્ઞાન વિનાની,-તેથી આત્મ વિશુદ્ધિ ન થાય;
દયાનું સમ્યગ્જ્ઞાન કર્યાથી, સમ્યગ્ જ્ઞાની દયાળુ થાય. ॥૩૧૧॥

દફનાઓ જૂઠું પાતાળે, પાતાળે પાપો દફનાવ !!;
દફનાવી જાણે તે ડાહ્યા, આત્મજ્ઞાનનો જ્યાં છે ભાવ. ॥૩૧૨॥

દાટી દો !! મિથ્થા સહુ વ્હેમો, દમ દાટીની ભીતિ ત્યાગ !!;
દાઢમાં ઘાલી પીલ !! ન કોને, દયાવંતને પાયે લાગ !!. ॥૩૧૩॥

દુનિયામાં દુનિયાની રીતે,-રહેવાથી બાહ્ય જીવાય;
દુનિયા જેવી તેવું થાતાં, દુનિયામાંહી મેળ સુહાય ॥૩૧૪॥

દુનિયામાંહી દુનિયા રીતે, સાધુ સાથે સાધુ રીત;
દો નય સાપેક્ષા જે જાણે,-તેની દુનિયા માંહી જીત. ॥૩૧૫॥

દુનિયામાંહી અંતરૂ જાગે, બાહ્યથી ખેલે કર્મના ખેલ;
દમામ રાખે નહિં અંતરૂથી, તેને ન લાગે કર્મનો મેલ. ॥૩૧૬॥

દુનિયા જીતી નહિં જીતાતી, દુનિયા મુખ ગૈણું ન ઘલાય;
દુનિયા સારૂંખોટું બોલે, દુનિયાના બહુલા અભિપ્રાય. ॥૩૧૭॥

દુનિયાના અભિપ્રાયો સામું,-જોતાં એકે કાર્ય ન થાય;
દીલમાં પ્રભુને રાખી વર્તે,-તે દુનિયાને જીતી જાય. ॥૩૧૮॥

દીર્ઘદૃષ્ટિથી કર !! સૌ કાર્યો, દીર્ઘદર્શી થઇ કર !! વ્યવહાર;
દીર્ઘદર્શી થઇ જગમાં વર્તો!!, પાપ ત્યજી ધર!! પુણ્યાચાર. ॥૩૧૯॥

દીર્ઘસૂત્રી થઇ દીર્ઘ વિચારો,-કરવાથી કંઇ સરે ન કાજ;
દીર્ઘસૂત્રિતા ત્યજીને આતમ !!,-કર!! કર્તવ્યો ધર !! સામ્રાજ્ય. ॥૩૨૦॥

દોડાદોડી કર !! નહિં પાપે, પાપ કર્મમાં દોડવું ત્યાગ !!;
દોડીને કર !! સત્કાર્યો સૌ, દોડી સંતને પાયે લાગ !!. ॥૩૨૧॥

દોરવ !! સન્માર્ગે લોકોને, ધર્મના માર્ગે મારો !! દોટ;
દોરવ !! પ્રગતિ પંથે સહુને, શઠ લોકોની ખા !! નહિં ચોટ ॥૩૨૨॥

દુષ્ટાશય ત્યાં ધર્મ નહિં છે, દુષ્ટાશયથી રહેવું દૂર;
દૂરે રહેવું દુષ્ટજનોથી, દુશ્મન સામે થાજે શૂર. ॥૩૨૩॥

દુશ્મન દુર્જન નિંદક લોકો, જ્યાં જાવો !! ત્યાં હોયને હોય;
દુર્જનતાને દૂર કરીને, બળથી નડે ન કોને કોય. ॥૩૨૪॥

દુર્જન વૈરી જાઓ !! જ્યાં ત્યાં, બાહ્યાંતરમાં પાસના પાસ;
દુનિયામાં શત્રુને મિત્રો, પાપે પુણ્યે હોયજ ખાસ. ॥૩૨૫॥

દુર્જન વૈરીથી નહિં બીવું, તેના વચમાં વસીને જીવ !!;
દૈવ પ્રમાણે થાતું સુખદુઃખ, મિથ્યા ખોટી પાડ !! ન રીવ. ॥૩૨૬॥

દુષ્ટો સાથે કામ પડે તો, બળ કળ બુદ્ધિ શક્તિ ઉપાય;
દિવ્ય યુક્તિથી જીતી જીવો !!, તરતમ યોગે જીવન ન્યાય. ॥૩૨૭॥

દ્વેષી ઈર્ષ્યાળુઓ સૌના,-શિરપર કોઇ હોયને હોય;
દ્વેષી નિંદક, ભંગી ધોબી,-જેવા દોષને ટાળે જોય. ॥૩૨૮॥

દુઃખ વિના નહિં સુખની કિંમત, દુઃખ વિના નહિં ધર્મ જણાય;
દુઃખજ શિક્ષક સર્વથી મોટો,-જેથી સુખનો માર્ગ જણાય. ॥૩૨૯॥

દુઃખ છે અંધારા સમ મોટું, સુખ છે જગમાં મહા પ્રકાશ;
દુઃખ વિના નહિં શર્મ મહત્તા, દુઃખથી સુખની રૂચિતા ખાસ. ॥૩૩૦॥

દુઃખથી શિક્ષા મળતી સાચી,-જેથી દુર્ગુણ નાશ કરાય;
દુઃખથી શિક્ષા મળતી સાચી,-પાપના પંથે નહિં જવાય. ॥૩૩૧॥

દુઃખ મળે છે પાપોદયથી, પાપ કર્યાથી દુઃખો થાય;
દુઃખનું કારણ પાપ છે જાણો !!, પાપ ત્યજવાથી દુઃખ નહિં થાય. ॥૩૩૨॥

દુઃખ પડે જે આ ભવમાંહી, પરભવ કૃત પાપોદય જાણ !!;
દુઃખનાં કારણ પાપ વિચારો, પાપ પ્રવૃત્તિ ત્યજ !! અભિમાન. ॥૩૩૩॥

દુઃખનું કારણ નિજ ભૂલો છે, દોષ કર્યાથી દુઃખો થાય;
દુઃખનું કારણ અનીતિ વર્તન, કુદરત્ વિરૂદ્ધ વર્તન થાય. ॥૩૩૪॥

દુઃખ છે પાપે પુણ્યથી સુખ છે, સુખ દુઃખ કારણ આપોઆપ;
દુઃખના કારણ સમજી છંડો !!,-જેથી થાશે નહિં સંતાપ. ॥૩૩૫॥

દુઃખનું કારણુ ક્રોધ, માન છે, માયા લોભ ને કામ વિકાર;
દુઃખનું કારણુ રાગ રોષ છે, સમજી સમતા ધર !! નિર્ધાર. ॥૩૩૬॥

દુઃખનું કારણુ મોહ પ્રવૃત્તિ, આળસ ઉંઘ અને અજ્ઞાન;
દુઃખનું કારણુ જાણી છંડો !!, પુણ્ય ધર્મને ધરજો ધ્યાન. ॥૩૩૭॥

દુઃખ હોત જો નહિં દુનિયામાં, તો ઇચ્છત નહિં કોઇ મુક્તિ;
દુઃખથી દુનિયાના લોકોમાં, પુણ્ય ધર્મની વર્તે રીતિ. ॥૩૩૮॥

દુઃખની વેળા આવી પડે પણુ, કૃત કર્મોદય મનમાં જાણુ ! !;
દુઃખનું કારણુ નિજની ભૂલો,-જાણી ધરજે સમતા ધ્યાન. ॥૩૩૯॥

દુઃખથી બીને ધર્મ કરે સહુ, પાપ કર્મનો થાતો ત્યાગ;
દુઃખ છે મહા ભૈરવ સમ શિક્ષક,-સમજાવે કર !! ધર્મનો રાગ.॥૩૪૦॥

દુઃખ વિના કદિ ભાન ન આવે, દુઃખ પડંતાં પ્રગટે સાન;
દુઃખને વેદો સમતા ભાવે, અંતરમાં ભજશો ભગવાન. ॥૩૪૧॥

દુઃખ પડે છે ભલા ભલાને, ધર્મીને પણ દુઃખ પડંત;
દુઃખ પડે છે અણુધાર્યાં સહુ, સમજી ધર્મ કરે છે સંત. ॥૩૪૨॥

દુઃખ પડે હિંમત નહિં હારો !!, દુઃખની પાછળ સુખ છે જાણુ !!
દુઃખ થકી સુખની છે પરીક્ષા, દુઃખથી ધર્મની બુદ્ધિ માન !!. ॥૩૪

દુઃખની ઠોકર વાગે ત્યારે, સુખની સત્ય પરીક્ષા થાય;
દુઃખથી સુખમાં જાવા માટે, દુઃખીઓ સહુ ધર્મને ચ્હાય. ॥૩૪૪॥

દુઃખ પડે છે દુર્ગુણુ દોષે, દુઃખનું કારણુ પોતે જાણુ ! !;
દુઃખ પડે ત્યારે મુજ આતમ !!, કરજે ભારે ધર્મનું ધ્યાન. ॥૩૪

દુઃખની વેળા સદા ન રહેતી, સુખદુઃખના ફરતા બહુ ફેર;
દુઃખની પાછળ સુખડાં આવે, શાતાની પાછળ અંધેર. ॥ ૩૪૬ ।

દુઃખને ઉત્સવ સમગણી વર્તો !!, જેથી કર્મની નિર્જરા થાય;
દુઃખોદયમાં નિજ ઉપયોગે, ચિદાનંદ મસ્તી ઉભરાય. ॥ ૩૪૭ ।

દુઃખને રડતાં દુઃખ ટળે નહિં, દુઃખ સ્હામા થાતાં દુઃખ જાય;
દુઃખનાં નાટક ભોગવે જેઓ, દુઃખની પારે જ્ઞાને જાય. ॥ ૩૪૮ ।

દુઃખીઓને આપ !! દિલાસો, દુઃખીઓને આપો !! દાન;
દુઃખીઓને ધર્મ કરંતાં, કરો !! સ્હાય મન તજી અભિમાન.॥૩૪

દુઃખ ન દેવું એ છે અહિંસા, બૂરું ઇચ્છવું હિંસા જાણુ !!;
દુઃખીઓને સુબોધ આપી, તેઓના રક્ષો !! શુભ પ્રાણુ. ॥૩૫૦॥
દુઃખીઓને ડરાવ !! નહિં કંઇ, દુઃખીઓને ભય નહિં આપ ! !;
દુઃખની કરનારી ભીતિનાં,-વચનોની છે હિંસા છાપ. ॥ ૩૫૧ ॥
દોષ ન દેજે કોની ઉપર, પોતાના દોષો જ વિચાર !!;
દોષીઓ સરખો તું પૂર્વે, હતોજ તેનું કર !! નિર્ધાર. ॥૩૫૨॥
દોષીની સ્થિતિ એકદા સહુને, તેમાંથી સહુ થતા પસાર;
દોષ પછી નિર્દોષતા આવે,-એવો ધર્મ અનુક્રમ ધાર !!. ॥૩૫૩॥
દિલાસો આપો !! સહુને સુખકર, સહુને નિર્ભય આપ !! વિચાર;
દિલાસો એ છે દાન મજાનો, દિલાસામાંહી ધર્મ અપાર. ॥ ૩૫૪ ॥
દિલાસો આપી દુઃખને ટાળો !!, દિલાસો આપે શાંતિ થાય;
દિલાસો આપે તે ઉપકારી, જગમાંહી તે ધર્મી સુહાય. ॥ ૩૫૫ ॥
દિલાસો આપી ભયને ટાળો !!, દિલાસો એ છે દયાને દાન;
દિલાસામાંહી દેવનો વાસો, સમજે તે નહિં છે શયતાન. ॥ ૩૫૬ ॥
દિલાસો આપજે સુખનો સહુને, એ સુજ્ઞ આતમ તુજ કર્તવ્ય;
દિલમાં નિશ્ચય કરીને વર્તો !!, ધર્મક્રિયામાં વર્તો !! ભવ્ય !!॥૩૫૭॥

ધ

ધદ્ધા ધર્મ કરો !! જગ સાચો, સત્ય ધર્મ માંહી છે સાર;
જીવવું ધર્મ વિનાનું નકામું, મન વચ કાય પવિત્રતા ધાર !!. ॥૧॥
ધર્મવિનાનું જીવવું ધૂળ છે, પ્રાણાંતે પણ તજો !! અધર્મ;
ધૂર્તપણું અને ઢોંગને છંડો !!, ધર્મ ધ્યાન ધ્યાવો !! શિવ મર્મ. ॥૨॥
આત્મસ્વભાવ છે ચિદાનંદ ગુણ, દર્શન જ્ઞાન અને ચારિત્ર;
જૈનધર્મને સ્વાધિકારે, સેવી કરવો આત્મ પવિત્ર. ॥૩॥
ધામધૂમને ધમાધમીથી, દૂર રહી સદ્ગુણ પ્રગટાવ !!;
ધદ્ધો ભણ્યો ત્યારે કહેવાયે, ધર્મ કર્મમાં પ્રગટે ભાવ. ॥૪॥
ધદ્ધા ધંધો કર !! નીતિયે, ધર્મ કર્મ કર !! ધારી ધીર;
ધન ધાન્યાદિક ધરણીનો કર !!, સદુપયોગ બનીને વીર. ॥૫॥

ધણીનું બૂરૂં લેશ ન ચિંતવ !!, ધીરજ ધારો !! સંકટ કાલ;
ધીમે ધીમે સત્ય વિવેકે, કાર્ય કર્યાથી મંગલ માલ. ॥૬॥

ધીંગા મસ્તી તજો !! ધમાધમ, ધાપ ન મારો !! ધારો !! ધર્મ;
ધીંગાણાથી દૂરે રહેતાં, બંધાતાં નહિ પાપનાં કર્મ. ॥૭॥

ધિક્કારે કયાં અન્ય લોકના, દોષોને દેખી અરે જીવ !!.
ધિક્કારીશ જો નિજ દોષોને, તો તું જીવનો થાઇશ શિવ. ॥૮॥

ધ્યાન છે બે ભેદે શાસ્ત્રોમાં, વિકલ્પને નિર્વિકલ્પ જાણુ !!;
ધ્યાન વિકલ્પક મન સંબંધે, નિર્વિકલ્પે નહીં મન !! માન !!. ॥૯॥

ધ્યાન છે રૂપી અરૂપી ભેદે, રૂપી સાકારીનું જાણુ !!;
ધ્યાન અરૂપી નિરાકાર નિજ,-આત્મસ્વરૂપનું સત્ય પ્રમાણુ. ॥૧૦॥

ધ્યાન છે સાલંબન સાકારી, નિરાલંબમાં ભેદ ન અન્ય;
ધ્યાન તે એકાગ્રવૃત્તિ સ્થિરતા, ચિત્તની વૃત્તિ નિરોધ અનન્ય. ॥૧૧॥

ધિક્કારીશ નહિ દોષીઓને, દોષી હતો એક કાલ વિચાર;
ધિક્કારે જગ કોઇ ન સુધરે, સમજાવે સુધરે નરનાર. ॥૧૨॥

ધાંધળીયો થા !! નહિં તું આતમ !!, સ્થિરતા ખંતથી કર !! નિજ કાજ;
ધમાલ છંડી કરી વ્યવસ્થા, કાર્ય કરંતાં સુધરે સાજ. ॥૧૩॥

ધોળું તેટલું દુગ્ધ ન જગમાં, પીળું તેટલું સોનું ન જાણ !!;
ધોળું કાળું પરિચય કરતાં, પરખાતું નિશ્ચય દિલ આણુ !!. ॥૧૪॥

ધૂણી ધખાવી ચૌટા વચ્ચે, બેસે તેમાં કોઇક સંત;
ધૂણી તાપે તપસી પણું નહીં, સદ્‌ગુણુ યોગે તપસી મહંત. ॥૧૫॥

ધન્ય ધન્ય તે પરોપકારી, સંતો દાતારો ને વીર;
ધન્ય તે જગમાં ઘોર વિપત્તિ,-પડતાં તજે ન આતમ ધીર. ॥૧૬॥

ધર્મ તે આત્મસ્વભાવે સાચો, દર્શન જ્ઞાન અને ચારિત્ર;
ધર્મ તે સહજ સ્વભાવે જાણો !!, શુદ્ધ ધર્મથી બનો !! પવિત્ર. ॥૧૭॥

ધર્મ તે સ્વાભાવિક આતમમાં, ઉપાદાનને નિમિત્ત ભેદ;
ધર્મ તે વસ્તુ સ્વભાવજ કહીએ, સત્યધર્મથી ટળતા ખેદ. ॥૧૮॥

ધર્મ તે ત્યાગી ગૃહસ્થ બે ભેદે, ધર્મ તે નિશ્ચયને વ્યવહાર;
ધર્મ તે દ્રવ્યને ભાવથી જાણો !!, સાત નયોથી ધર્મ વિચાર. ॥૧૯॥

ધર્મ તે અનંત જ્ઞાનાનન્દ છે, આત્માસંખ્યપ્રદેશમાં જોય;
ધર્મ તે આતમ ગુણ પર્યાયો, ધર્મ તે દુઃખાભાવજ હોય. ॥ ૨૦ ॥

ધર્મ તે સુખ છે પાપ તે દુઃખકર, પુણ્ય કર્મ પણ ધર્મ ગણાય;
ધર્મ તે મન ઇન્દ્રિય વશ કરવી, કરવો નહીં કોને અન્યાય. ॥૨૧॥

ધર્મ તે એ છે કે જેથી જગ,-લોકો કરતા દુઃખનો નાશ;
ધર્મ તે શ્રુત જ્ઞાનજ છે સાચું,-જેથી આતમ શુદ્ધિ ખાસ. ॥૨૨॥

ધર્મ તે સદ્ગુણ ધર્માચારો, શુદ્ધ વિચારો ધર્મ છે જાણ !!;
ધર્મ તે વ્રત તપ સંયમ યાત્રા, અનેક સુખકર જપને દાન. ॥૨૩॥

ધર્મ તે પાપથી પાછા હઠવું, પુણ્ય કર્મની જેહ પ્રવૃત્તિ;
ધર્મ છે અસંખ્ય પ્રકારે સાચો, સાપેક્ષાએ દુઃખ નિવૃત્તિ. ॥૨૪॥

ધર્મ તે કર્મથી ન્યારા થાવું, કરવી આતમ પૂરણ શુદ્ધ;
ધર્મ તે મન વચ તન શુદ્ધિને, સાત્વિક ધર્મની ધરવી બુદ્ધિ. ॥૨૫॥

ધર્મ તે દાન શીયલ તપ ભેદે, શ્રાવક સાધુ ધર્મ બે ભેદ;
ધર્મ તે સમકિત ચરણ બે ભેદે, નય સાપેક્ષે ધર્મને વેદ !!. ॥૨૬॥

ધર્મ તે દેવ ગુરૂને સંઘની,-સેવા ભકિત માંહી પ્રવૃત્તિ;
ધર્મ તે નીતિ સત્યાચારો, ત્યાગવી પાપી સઘળી અનીતિ. ॥૨૭॥

ધર્મ તે આ ભવ પરભવમાંહી, સુખ આપે ને ટાળે દુઃખ;
ધર્મ વિના જગ પલ નહીં રહેવે, ધર્મનું ફલ તે સાચું સુખ. ॥૨૮॥

ધર્મ તે સાચો જેથી સૌનો, સુખકારક થાવે ઉદ્ધાર;
ધારણ કરે જે સુખશાંતિમાં, દુઃખ ટાળે તે ધર્મ વિચાર. ॥ ૨૯ ॥

ધર્મ એજ કે જેથી લોકો, પામે સુખ શાંતિ ને શકિતઃ
ધર્મ એજ કે જેથી દુર્ગુણ, વ્યસનોની નાસે સહુ ભ્રાંતિ. ॥ ૩૦ ॥

ધર્મ તે સર્વજ્ઞે ઉપદેશ્યો, અહિંસાને સત્યમાં ધર્મ;
ધર્મ તે સંવર નિર્જર કરણી,-જેથી નાસે આસ્રવ કર્મ. ॥ ૩૧ ॥

ધર્મ તે સાચો દયા સત્યમય, ચોરીને વ્યભિચારનો ત્યાગ;
ધર્મ તે સાચો પરોપકારી, સત્કાર્યોને શુભ વૈરાગ્ય. ॥ ૩૨ ॥

ધર્મ તે મોહનો નાશ જ કરવો, ક્રોધ કામ માયાનો નાશ;
ધર્મ તે ગર્વને લોભને હણવા, સર્વ વાસના હણવી ખાસ. ॥૩૩॥

ધર્મ તે આતમને પરમાતમ,-કરવા અનેક સાધન જાણ !!;
ધર્મ તે સુખરૂપ સુખકારક છે, કેવલ દર્શન કેવલજ્ઞાન. ॥ ૩૪ ॥

ધર્મ તે રાગને રોષને હણવા, કરવો શક્તિયોનો પ્રકાશ;
ધર્મ તે આતમ ગુણપર્યાયની,-પ્રકાશતા જાણો !! તે ખાસ. ॥૩૫॥

ધર્મો અનેક જ્યાં ત્યાં જગમાં, સૌમાંથી સાપેક્ષે સત્ય;
ધારે સમ્યગ્દૃષ્ટિ જૈનો, જૈનધર્મનાં કરતા કૃત્ય. ॥ ૩૬ ॥

ધર્મના નામે જેઓ બીજા,-ધર્મીઓનો કરતા ઘાત;
ધર્મના નામે પ્રભુને પશુને, આપે તે નહીં સત્ય છે વાત. ॥ ૩૭ ॥

ધર્મના નામે સાચું જૂઠું, પુણ્ય પાપ ઘોટાળો જેહ;
ધર્મી સાચો સત્યધર્મનો, નિશ્ચય કરીને છંડે તેહ. ॥ ૩૮ ॥

ધર્મપ્રતાપે પૃથ્વી સ્થિર છે, શશી રવિ બે કરે પ્રકાશ;
ધર્મપ્રતાપે વાયુ વાતો, ધર્મથી વર્તે શાંતિ વિલાસ. ॥ ૩૯ ॥

ધર્મ પ્રરૂપ્યો મહાવીરદેવે, કેવલજ્ઞાને જગ સુખકાર;
ધર્મ તે વિશ્વજીવોને સુખકર, જૈનધર્મ નામે જયકાર. ॥ ૪૦ ॥

ધર્મ તે સર્વજીવોની અહિંસા, ધર્મ તે હિંસાદિકનો ત્યાગ;
ધર્મ તે ન્યાયથી પ્રભુપદ વરવા, વર્તવું ધારીને વૈરાગ્ય. ॥ ૪૧ ॥

ધર્મ પ્રતાપે જગમાં શાંતિ, અધર્મથી ઉત્પાતો થાય;
ધર્મથી સુખ ને અધર્મથી દુઃખ,-પરભવ કીધાં અહીંઆં ન્યાય. ॥૪૨॥

ધાર્મિક આચારો ને વિચારો,-તેથી કર !! આતમની શુદ્ધિ;
ધર્મ પ્રકટ કર !! જ્ઞાનક્રિયાથી, શ્રદ્ધાથી ધર !! ધર્મની બુદ્ધિ. ॥૪૩॥

ધર્મીઓ સદ્ગુણી લોકો છે, સદાચારને ધારે ન્યાય;
ધર્મીઓનું રક્ષણ કરવું,-તેથી સેવા ભક્તિ થાય. ॥ ૪૪ ॥

ધર્મીઓની રક્ષા માટે, ઈશ્વર સમ ઉત્તમ અવતાર;
ધર્મી મહાપુરુષો જાણો !!, અધર્મને હણતા નિર્ધાર. ॥ ૪૫ ॥

ધર્મી મહાપુરુષો ઈશ્વર,-અવતારી પ્રભુસમ પૂજાય;
ધર્મોદ્ધાર કરી લોકોને, મુક્તિમાર્ગમાં લેઈ જાય. ॥ ૪૬ ॥

ધર્મનું મૂલ છે સમ્યગ્જ્ઞાન જ, દયા દાનથી ધર્મની વૃદ્ધિ;
ધર્મની માતા દયા ને ક્ષમા અહિંસા ય, ધર્મની શુદ્ધિ ॥ ૪૭ ॥

ધર્મ છે દુઃખીનાં દુઃખ ટાળે, ધર્મ તે કષાય નાશે થાય;
ધર્મ છે પરનું ભલું કરવામાં, ધર્મ કે જેથી સુખ પ્રગટાય. ॥૪૮॥
ધર્મ છે જગની રક્ષાકારક, ધર્મ વડે સહુ દુઃખો જાય;
ધર્મી બન !! તું સમ્યગ્જ્ઞાને, પરમેશ્વર ભજતાં સુખ થાય. ॥૪૯॥
ધર્મ છે જીવન સાચું જગમાં, ધર્મથી સઘળાં દુઃખનો નાશ;
ધર્મીઓની સેવાભક્તિ,-તે પ્રભુ સેવા ભક્તિ ખાસ. ॥ ૫૦ ॥
ધર્મ માર્ગમાં ડગલું ભર્યું જે, નિષ્ફળ ક્યારે તે નહીં થાય;
ધર્મથી પરભવમાં સુખવેળા, ધર્મકર્મ નહીં નિષ્ફળ જાય. ॥૫૧॥
ધર્મી થા !! પણ વિધર્મીઓને, ધર્મ ભેદથી કર !! નહીં ઘાત;
ધર્મી થા !! પણ અન્યધર્મીનો, ઘાત ન કર !! એ સાચી વાત.॥૫૨॥
ધર્મી થા !! પણ શત્રુઓના,-હુમલાથી કર !! સ્વાત્મ બચાવ;
ધર્મી થા !! પણ સંઘ દેશને, કુટુંબ રક્ષણમાં ધર !! ભાવ. ॥૫૩॥
ધર્મી થા !! પણ અન્યોના બળ,-સામો રહી જીવિતને ધાર !!;
ધર્મી થા !! પણ ધર્મીઓની,-રક્ષાર્થે બળ ધર !! હથિયાર. ॥૫૪॥
ધર્મી બનીને સ્વાત્મની શુદ્ધિ,-કરવા ક્રોધાદિકને જીત !!;
ધર્મીઓએ અધર્મીઓનું,-ભલું કરવાની ધરવી રીત. ॥ ૫૫ ॥
ધર્મી બનીને સર્વજીવોના, શ્રેયમાં નિજનું જીવન ધાર !!;
ધર્મી થૈને અધર્મીઓને,-દોષીઓને નહીં ધિક્કાર. ॥૫૬॥
ધર્મ તે સમ્યગ્જ્ઞાનને નીતિ, શુદ્ધપ્રેમ ને ધર્માચાર;
ધર્મ તે મન વચ કાયની શુદ્ધિ, પાપકર્મનો જે પરિહાર. ॥૫૭॥
ધર્માન્ધક મોહે થૈને તું, ધર્મ ભેદથી કર !! નહીં યુદ્ધ;
ધર્માન્ધકતા સારી બૂરી,-સમજીને આગળ જા !! બુદ્ધ. ॥૫૮॥
ધર્મી તે જે આત્મપ્રભુને,-પ્રગટાવી કરતો શુભ કૃત્ય;
ધર્મી થા !! નિજાત્મપ્રભુને, દિલમાં પ્રગટાવીને સત્ય. ॥૫૯॥
ધર્મી તું થા !! આત્મ પ્રભુની,-શુદ્ધિ કર !! કરી દૂર કષાય;
ધર્મી થા !! નિજ અધિકારે તું, કર્તવ્યો કર !! ધરીને ન્યાય. ॥૬૦॥
ધર્મી થા !! નિજ આત્મોપયોગે, કર્મ હણીને ગુણ પ્રગટાવ !!;
ધર્મી થા!! તું સ્વાત્મ પ્રભુને,-પરમાતમ કરવા ધર !! ભાવ. ॥૬૧॥

ધર્મી તું થા !! મોહને મારી, હિંસાદિકની ત્યાગી બુદ્ધિ;
ધર્મી થા !! તું જૈનાગમનાં,—ધર્મશાસ્ત્ર શ્રદ્ધા ધરી શુદ્ધિ. ॥૬૨॥

ધર્મી થૈને નાસ્તિક પાપી, અન્યધર્મીની કરજે સેવ;
ધર્મ ત્યાં પ્રગટ્યો જ્યાં સહુ જીવો,—આત્મ સરીખા વર્તન હેવ. ॥૬૩॥

ધર્મ ત્યાં પ્રગટ્યો જ્યાં સહુ જીવો,—ભાસ્યા સાચા પ્રભુના બાલ;
ધર્મ ત્યાં પ્રગટ્યો જ્યાં દુશ્મનને, નાસ્તિક ઉપર પણ બહુ વ્હાલ.॥૬૪॥

ધર્મ ત્યાં પ્રગટ્યો જ્યાં પ્રભુ પ્રીતિ, દયા દાનને સત્ય પ્રકાશ;
ધર્મી આદિ સર્વલોકના,—શ્રેયમાં નિજ વર્તન છે ખાસ. ॥૬૫॥

ધર્મ ત્યાં પ્રગટ્યો પ્રભુ ત્યાં પ્રગટ્યા, દયા પ્રવૃત્તિ સત્ય પ્રકાશ;
ધર્મી તે પ્રગટ્યો નિશ્ચયથી, ગુણો ધરે ધરી પ્રભુ વિશ્વાસ. ॥૬૬॥

ધર્મી તેમાં આત્મ પ્રભુજી, તરતમ ગુણ યોગે પ્રગટાય;
ધર્મ સુવાસ ન છાની રહેતાં, પાગલ થાતાં પ્રગટ સુહાય. ॥૬૭॥

ધર્મી તે જે ધર્મના ભેદે, અન્યધર્મીથી કરે ન કલેશ;
ધર્મી તે જે ધર્મભેદથી, અન્યો ઉપર ધરે ન દ્વેષ. ॥૬૮॥

ધર્મીમાં સેવા ભક્તિને, જ્ઞાન ઉપાસના ખીલે ત્યાગ;
ધર્મીમાં ઉત્સાહને ઉદ્યમ, આત્મ પ્રભુનો પ્રગટે રાગ. ॥૬૯॥

ધર્મી તે જે દુર્ગુણ દોષો,—તજવાનો કરતો અભ્યાસ;
ધર્મી તે જે કર્મ સ્વરૂપને, જાણી ધારે પ્રભુ વિશ્વાસ. ॥૭૦॥

ધર્મી તે જે પ્રભુને પ્રાર્થે, મોહને હણવા કરે પ્રયાસ;
ધર્મ્ય કર્મ વ્યવહારને ધારે, દેવ ગુરૂને સેવે ખાસ. ॥૭૧॥

ધર્મીઓથી વિશ્વમાં શાન્તિ, ધર્મી દિલમાં પ્રભુ હજૂર;
ધર્મ જ્યાં સાચો પ્રગટ્યો તેમાં, મુખપર આનંદ વર્ષે નૂર. ॥૭૨॥

ધર્મી સત્ય અસત્યને જાણે, અધર્મને માને નહીં ધર્મ;
ધર્મી, શ્રદ્ધાએ પ્રભુ ધ્યાવે, ત્યાગે વેગે પાપનાં કર્મ. ॥૭૩॥

ધર્મગુરૂને દેવપરીક્ષા,—કરીને સાચા ધર્મને ધાર !!;
ધર્મ વિનાની જીંદગી મોહે, પ્રમાદે ચેતન !! લેશ ન હાર !!. ॥૭૪॥

ધર્મ વિના જીવીશ નહીં ક્ષણ પણ, દુનિયા આ તો સ્વપ્ન સમાન;
ધર્મનું જીવન સદાય ધર !! તું, દિલમાં પ્રગટાવો !! ભગવાન. ॥૭૫॥

ધર્મના ભેદો અનેક જાણી, નાસ્તિક જડતા લેશ ન ધાર !!;
ધર્મમાં ગુરૂમાં દેવમાં શ્રદ્ધા,-લાવી દુર્ગુણ દોષને ટાળ !!. ॥૭૬॥
ધર્મનું મૂળ છે શ્રદ્ધા જાણો !!, શ્રદ્ધા વણ મરવાનું થાય,
ધર્મમાં જડતા શુષ્કપણું તજ !!, બુદ્ધિ ગમ્ય ધર્મે શિવન્યાય. ॥૭૭॥
ધર્મનાં તત્ત્વો સઘળાં જાણો !!, બુદ્ધિ અનુભવગમ્ય તે સત્ય;
ધર્મપ્રભુમાં કુતર્ક ખોટા, સ્વાન્ય હિતાર્થનાં કર !! શુભ કૃત્ય. ॥૭૮॥
ધર્મી થવામાં પૂર્વભવોના,-સંસ્કારો બળવાન્ સુહાય;
ધર્મી થવામાં ગુરૂની સેવા,-ભક્તિ હેતુ જગ મુખ્ય ગણાય ॥૭૯॥
ધર્મી બન !! એવો કે જેથી, પરમેશ્વરની ઝાંખી થાય;
ધર્મી બન !! એવો કે જેથી, આત્મપ્રભુ પ્રગટ્યા સમજાય. ॥૮૦॥
ધર્મી બન !! એવો કે જેથી, મરતાં રહે ન મૃત્યુ ભીતિ;
ધર્મી બન !! એવો કે જેથી, સ્વપ્નામાં નહીં થાય અનીતિ ॥૮૧॥
ધર્મી બનવું છે તુજ હાથમાં, આપોઆપનો કર !! ઉદ્ધાર;
ધર્મી બનવું નક્કી ધારો !!, કર !! સંતોથી સાચો પ્યાર. ॥૮૨॥
ધર્મી બન !! સહુ અધર્મ છંડી, દુનિયા સમજી સ્વપ્ન સમાન;
ધર્મી બન !! તું બાહ્યોન્નતિમાં, સુખની આશા ત્યાગી સુજાણ. ॥૮૩॥
ધર્મી બન !! તું પ્રભુ મહાવીર,-વાટે ચાલીને ગુણખાણ;
ધર્મી બન !! તું સંતની સંગે, જ્યાં ત્યાંથી ગુણગ્રહી પ્રમાણ. ॥૮૪॥
ધર્મી બન !! તું ધર્મમાં સુખ છે, એવી પૂર્ણ કરીને પ્રતીત;
ધર્મી પણાની ત્યજી અહંતા, ધર્મને કર !! ત્યાગીને ભીતિ. ॥૮૫॥
ધક્કા માર !! ન અન્ય જીવને, દુઃખવ !! નહીં અન્યોનું ચિત્ત;
ધડક તજી દે !! મોહથી થાતી, પ્રભુ શરણથી બનો !! પવિત્ર. ॥ ૮૬ ॥
ધ્વજા ચઢાવો !! આત્મશુદ્ધિના, સ્વરાજ્યપર શાંતિ ખેશ;
ધરા લેવો ઉત્તમ ગુણીઓને,-જેથી નાસે સઘળા ક્લેશ. ॥ ૮૭ ॥
ધણી ન જડ જગ વસ્તુનો તું, જડની અહંતા મમતા ત્યાગ !!;
ધત્તિંગોથી આત્મિક સુખ નહીં, દેવ ગુરૂપર ધરજે રાગ. ॥ ૮૮ ॥
ધન સાચું છે દર્શન જ્ઞાનને, અનંતશક્તિ ને ચારિત્ર;
ધન એવું દિલમાં પ્રગટાવો !!, મનને કરશો પૂર્ણ પવિત્ર. ॥ ૮૯ ॥

ધનપતિ આતમ ધનનો થા !! તું, ધર્મધનુષ્યથી મોક્ષને સાધ્ય;
ધમકી કોને આપ !! ન ભૂરી, સત્ય ધર્મને ઝટ આરાધ્ય !!. ॥ ૯૦ ॥

ધર્મધુરાને ધર !! નિજ શિરપર, ધર્મક્ષેત્રમાં ધનને આપ !!;
ધર્મગુરૂ થઇ સત્ય પ્રબોધો !!, તજ !! ઝટ મિથ્યા બોધનું પાપ. ॥ ૯

ધર્મદાન સમ દાન નહીં કો, ધર્મપરાયણ પ્રતિક્ષણ થાવ !!;
ધર્મશાસ્ત્રને ગુરૂગમ યોગે, વાંચી સત્યનો લેજે લ્હાવ. ॥ ૯૨

ધર્મયુદ્ધના નામે યુદ્ધો, હિંસાદિક કરે પાપની વૃદ્ધિ;
ધર્મયુદ્ધ અંતરમાં મોહથી, કરતાં થાતી આતમ શુદ્ધિ. ॥ ૯૩

ધર્મોપદેશ તે દોષરહિત દે !!, સાંભળ !! પાપ રહિત ઉપદેશ;
ધંધો કર !! એવો કે જેથી, તનમનના સહુ નાસે કલેશ. ॥ ૯૪

ધાડ ન પાપની પાડો !! કો પર, આત્મિક ધર્મની સાચી ધાત,
ધાતુ ક્ષય નહી થાવે એવું,–વર્તન ધારો !! કથો !! સુવાત. ॥ ૯૫

ધામ તમારૂં આતમ !! દેખો !!, શિવપુર તેમાં લેશ ન દુઃખ;
ધામ પરમપદ અનંત ગુણમય, અનંત વર્તે છે જ્યાં સુખ. ॥ ૯૬

ધારણ કર !! તું આત્મગુણોને, મોહ પરિણતિ દૂર નિવાર !!;
ધારણા ધર !! તું આત્મ પ્રભુમાં, ધાર્યું કર !! પ્રભુ વરવા સાર. ॥ ૯૭

ધાર્મિક કર્તવ્યો કરવામાં,–ત્યાગો !! આલસ આદિ પ્રમાદ;
ધર્મ શોધતાં કુતર્ક બુદ્ધિ, છંડો !! મિથ્યા દુષ્ટ વિવાદ. ॥ ૯૮

ધાસ્તી તજી દે !! મરણ જીવનની, ભાવી હોય તે અવશ્ય થાય;
ધાંધલ કર !! નહીં ધર !! હિમ્મતને, સમતાને તું મનમાં ભાવ્ય. ॥ ૯૯

ધિક્કારો નહીં અન્યજનોને, ધિક્કાર્યાથી હિંસા થાય;
ધિંગાણું લાગે તે તજ !! ઝટ, ધીર બની નિર્ભયતા લાવ્ય. ॥ ૧૦૦ ॥

ધીરે ધીમે ધર્મકાર્યથી, પ્રભુ પન્થમાં આગળ ચાલ !!;
ધૂર્તપણાથી અન્ય જનોને, છેતર !! નહીં ધર !! ગુણનું વ્હાલ. ॥ ૧૦૧

ધૂન લગાવો !! પરમાત્મમાં, આત્મશુદ્ધિ કરવાને હેત;
ધૂન જો લાગે ધર્મમાં ત્યારે. નિશ્ચય મુક્તિ પદ સંકેત. ॥ ૧૦૨ ॥

ધૂન જો ભક્તિમાંહી લાગે, પ્રગટે દિલમાં પ્રભુ હજૂર;
ધૂપ ટળે મન દોષોના સહુ, પ્રગટે ઘરમાં આનંદ પૂર. ॥ ૧૦૩ ॥

ધૂળને સોનું સમ મન ભાસે,–ત્યારે આત્મગુણો પ્રગટાય;
ધૃષ્ટ થતો નહીં વિના વિચારે, વિવેકે ધૃષ્ટપણું સુખદાય. ॥૧૦૪॥
ધોબી થા !! તું નિજ દોષોને,–ધોઇને કરવા આત્મપવિત્ર;
ધોળી થેને આત્માની ઝટ, શુદ્ધિ કર !! ધર !! ચોખું ચિત્ત. ॥૧૦૫॥
ધ્યાન કરીલે !! પરમાતમનું, ધ્યાન તે યોગ સમાધિ વિચાર;
ધ્યાન આર્તને રૌદ્ર બે ત્યાગી, ધર્મધ્યાનમાં મનને ધાર !!. ॥૧૦૬॥
ધ્યાન જે શુકલ તે સૌથી મોટું,–તેથી પ્રગટે કેવલજ્ઞાન;
ધ્યાન, પદ સ્થાનાદિક ચઉ ભેદે,–ધરતાં મળતું મુક્તિ સ્થાન.॥૧૦૭॥
ધ્યાન ધરૂં પ્રભુ તારૂં પ્રેમે, તારૂં એક છે સાચું ધ્યાન;
ધારણા ધ્યાન સમાધિ યોગે, આત્મપ્રભુ પ્રગટે ભગવાન. ॥૧૦૮॥
ધારણા ધ્યાન સમાધિ એ ત્રણ, સંયમના નામે કહેવાય;
ધ્યાનનો ભેદ સમાધિ જાણે. ધ્યાનની ભાવના છે સુખદાય. ॥૧૦૯॥
ધ્યાતા ધ્યાનને ધ્યેયની એકતા, સમાધિ તે પ્રગટાવે મોક્ષ.
ધ્યાતા ધ્યેયને ધ્યાનદશાથી, પ્રભુ રહેતા નહીં લેશ પરોક્ષ. ॥૧૧૦॥
ધ્યાન બે ભેદે છે સાલંબન, નિરાલંબનનું સમજો !! સત્ય;
ધ્યાન જે રાગને રોષ રહિતતે, નિર્વિકલ્પ છે સાધો !! કૃત્ય. ॥૧૧૧॥
ધ્યાન દશામાં મુક્તિ સુખનો,–અનુભવ ઇન્દ્રિયાતીત થાય;
ધ્યાન દશાની આત્મ પ્રતીતિ, મુક્તિનો અનુભવ પ્રગટાય. ॥૧૧૨॥
ધ્યાનના અધિકારી ધર્મી છે, મુમુક્ષુ સંતો જે નરનાર;
ધ્યાનથી અનુભવ ગમ્ય બને છે, આત્માદિક તત્ત્વો નિર્ધાર. ॥૧૧૩॥
ધ્યાનના અધિકારી નરનારી, જ્ઞાન પ્રમાણે ધ્યાનતો થાય;
ધ્યાનથી સાચી ચરણદશાનો,–અનુભવપ્રગટે મુક્તિસુહાય. ॥૧૧૪॥
ધ્યાનીઓની સેવા ભક્તિ,–કરવી ધ્યાનીનો કર !! સંગ;
ધ્યાનીઓ જો !! સાચાઓ છે,–તેની સંગે વાધે રંગ. ॥૧૧૫॥
ધ્યાતા થા !! તું પરમેશ્વરનો, પાપનું ધ્યાન તે દૂર નિવાર !!;
ધ્યેયની રાખી સાધ્ય દૃષ્ટિને, ધ્યાન ધરીને આગળ ચાલ !!. ॥૧૧૬॥
ધ્યેય ન ભૂલો !! સાધન ભેદે, કરોડો સાધનને એક ધ્યેય;
ધ્યેયના સામી દૃષ્ટિ ધરીને, સાધન ગ્રહજો સહુ આદેય. ॥૧૧૭॥

ધ્યેય તે આતમ પૂરણ શુદ્ધિ,-કરવી તે ધાર્યું નિર્ધાર;
ધ્યેયને વરવા અસંખ્ય યોગો, જાણ્યા હવે ન પામું હાર. ॥૧૧૮

ધર્મનાથ તીર્થંકર વંદુ, ગાવું ધ્યાવું સુખ કરનાર;
ધર્મ પ્રરૂપ્યો જગમાં સાચો, ધર્મે લોકોનો ઉદ્ધાર. ॥ ૧૧૯।

ધર્મ પસાયે સુખને શાન્તિ, ધર્મ પસાયે ધાર્યું થાય;
ધર્મથી સુખીયા લોકો જગમાં, ધર્મથી ધનની વૃદ્ધિ થાય.॥૧૨૦

ધનની કમાણી કર ! ! નીતિયે, નીતિનું ધન સુખ કરનાર;
ધનથી મોટાઈ નહિં માનીશ, ધન છે બાહ્ય જીવન હિતકાર. ॥૧૨૧

ધનને વાપર ! ! સત્કાર્યોમાં, ધર્માર્થે ધન સુખ કરનાર;
ધર્મે વાપરતાં ધન વધતું, ધનનું દાન કરો !! નરનાર. ॥ ૧૨૨

ધનનો મદ-અભિમાન કરો !! નહિં, ધન આવે ને ચાલ્યું જાય;
ધન ખર્ચ્યું લેખે સૌ આવે, નહિં ખર્ચે તે બહુ પસ્તાય. ॥ ૧૨૩

ધન મેળવતાં પાપ કરો !! નહીં, અનીતિ જૂલ્મ કરો !! નહિ લેશ
ધન મેળવતાં જૂઠ વદો !! નહીં, ધનપતિ ઉપર ધરો !! ન દ્વેષ. ॥૧૨

ધન છે આજીવિકાદિકના,-સાધન માટે નિશ્ચય જાણ !!;
ધનમાં મુંઝાઇશ નહિં માનવ, ધનાર્થે લે !! નહિં અન્યના પ્રાણ. ॥૧૨

ધનાર્થે હિંસક યુદ્ધો કર !! નહિં, ધનાર્થે ચોરી કર્મને ત્યાગ !
ધનાર્થે કારસ્થાનો કર !! નહીં, નીતિથી ધન મેળવી જાગ !!. ॥૧૨૬॥

ધનના ઉપર મૂર્છા ધર !! નહીં, શુભક્ષેત્રમાં દેજે દાન;
ધનના લોભનો પાર ન આવે, ધન તૃષ્ણા છે નભ સમ જાણ !!.॥૧૨૭॥

ધનના માટે ક્રોધ કરીશ નહીં, ધનાર્થે ત્યજ !! કપટાદિક પાપ;
ધન આદિમાં નિઃસંગી થઈ,-વર્તો !! ટાળો !! મન સંતાપ. ॥૧૨૮॥

ધાડ પડે તો સ્હામો ધાજે, અશકત લોકોને ઉદ્ધાર !!;
ધાડુ પાડુને શીખ દેઈ, સર્વ લોકનો માલ ઉગાર !!. ॥ ૧૨૯ ॥

ધર્મ કરતાં ધાડ પડે તો, કૃત કર્મોદય જાણો !! ત્યાંય;
ધાડ પડતાં ધૈર્ય ધરીને,-ચાલો !! આગળ દુઃખ ન ક્યાંય. ॥૧૩૦॥

ધાકે જેની ધરણી ધ્રૂજે,-તેવાઓ પણ ચાલ્યા જાય;
ધાગા વણ નાગા જન ચાલે, અંતે પ્રાણ ત્યજી પસ્તાય. ॥ ૧૩૧ ॥

ધારકો ઢોર્મને પાડ ! ! ન આતમ !!, મરણ ધારકો મોટું પાપ;
ધારકામાંહી હિંસા ભારે, ધારકો પાડતાં સંતાપ. ॥ ૧૩૨ ॥

ધારકો ઢોર્મને પાડ !! ન સ્વથી, ધારકે બહુ કર્મો બંધાય;
ધમધમામાં ધર્મ ન ક્યારે, ધામધૂમમાં મોહ સદાય. ॥ ૧૩૩ ॥

ધામધૂમથી સત્ય મળે નહિં, ધામધૂમ આડંબર ત્યાગ ! !;
ધમાલ કર !! નહીં ધર્મમાં જૂઠી, સત્યનો જ્યાં ત્યાં કરજે રાગ. ॥૧૩૪॥

ધાડ પડંતાં ભાગી જા !! નહીં, દેહ ધાતુનું રક્ષણ બેશ,
ધનુર્વિદ્યા આદિ સઘળી,-વિદ્યાઓથી દૂરજે કલેશ. ॥ ૧૩૫ ॥

ધાતુનું રક્ષણ સુખકારી, યોગ્યાહારાદિકથી થાય;
ધર્મની વૃદ્ધિ દાન દયાને, દમથી શમથી પ્રેમથી ન્યાય. ॥ ૧૩૬ ॥

ધનપતિની ખુશામત કર !! નહિ, ધનપતિની અદેખાઈ ત્યાગ !!;
ધનપતિની લાલચ નહિ રાખીશ, નિઃસ્પૃહતાથી સત્યે જાગ !!. ॥૧૩૭॥

ધંધો કર !! તું ધનાર્થ ન્યાયે, ધંધો કર !! તું ધારી નીતિ;
ધંધો કર !! તું પ્રામાણિકથી, ધંધામાં ત્યજ !! લજ્જા ભીતિ. ॥૧૩૮॥

ધંધો કર !! નહિં પાપવૃદ્ધિકર, દોષિત ધંધાઓ સૌ ત્યાગ !!;
ધંધામાંહી અલ્પ દોષને,-મહાલાભ વિવેકે જાગ !!. ॥૧૩૯॥

ધંધો કરતાં ખાદ જો આવે,-તો તેમાં પાપોદય ધાર !!;
ધંધો કરતાં ખાદ પડયાથી, ડરકુ થઇ હિંમત નહિ હાર !!. ॥૧૪૦॥

ધંધો આભવ પરભવમાંહી, સુખકારી તે કરજે ભવ્ય !!;
ધંધો સર્વજીવોના હિતકર, ધર્મ કર્મનાં કર !! કર્તવ્ય. ॥૧૪૧॥

ધંધો કરતાં ઢોંગ ન કરવો, જૂઠું ચોરી હિંસા ત્યાગ !!;
ધંધો કર !! તું ધરી પ્રભુ દીલમાં, સદ્ગુણ વૃન્દમાં ધરીને રાગ. ॥૧૪૨॥

ધાપ ન મારો !! ચોરી કર્મથી, પાપી સર્વે છંડો !! ધમાલ;
ધમાલ ત્યાગી શાંતિ સમતા,-ધારી કર !! ધંધાનો ખ્યાલ. ॥૧૪૩॥

ધાન્ય પાણી છે દેહનું રક્ષણ, ધાન્ય પાણીથી જગ જીવાય;
ધાન્ય પાણી છે અમૃત સરખાં, ધાન્ય વિના નહિં લેશ જીવાય. ॥૧૪૪॥

ધાન્યનું દાન કરો !! નરનારી, ધાન્યે સૌ જીવો રક્ષાય;
ધાન્યના કીડી સરખા જીવો, ધાન્ય વિના તે મરતા ન્યાય. ॥૧૪૫॥

ધાન્યને આપો !! દુકાળ માંહી, ભૂખ્યાંઓને ભોજન આપ !!;
ધરણીમાંહી ધાન્ય દાન સમ,-કોઇ ન મોટું દિલમાં છાપ!!. ॥૧૪૬

ધામ પ્રભુનું પામો !! આતમ !!, વૈકુંઠ ધામમાં અનંત સુખ;
ધરણીમાંહી જયાં ત્યાં દુઃખ છે, ધાન્યથી ટાળો !! સૌની ભૂખ. ॥૧૪

ધામ છે તારૂં અનંત સુખમય, અસંખ્યપ્રદેશી ધામ તપાસ !!;
ધ્રુવતામય છે નિત્ય નિરંજન, પૂરો ધર !! તેનો વિશ્વાસ. ॥૧૪૮

ધામ છે તારૂં સિદ્ધ સનાતન, અરૂપ થઇને તેને પામ !!;
ધામ છે મુક્તિનું નિર્ભય તુજ, અનંત જયોતે તેમાં જામ !!. ॥૧૪

ધામ જગતનાં ક્ષણિક મ્હેલો,-તેમાં કર !! નહીં રાગને રોષ;
ધૂળના ઢગલા જેવા ધામો,-તેમાં માન !! નહીં સંતોષ. ॥ ૧૫૦

ધામ ન બાહ્યમાં કોઇ સાચું, અનંત અચ્યુત ધામ નિહાળ !!;
ધામ છે દર્શનજ્ઞાન ચરણમય, શુદ્ધાતમ નિજ માંહી ભાળ !!. ॥૧૫૧॥

ધારો !! સદ્‌વિદ્યાને દિલમાં, ધારો !! અંતરૂ સાચું જ્ઞાન;
ધારો !! આતમ શુદ્ધ ગુણોને,-તેથી પ્રભુ થાશો ભગવાન. ॥૧૫૨॥

ધારો !! સૌનું સારૂં જગમાં, ઇચ્છો !! તેવા થાશો ભવ્ય !!;
ધારણા ધ્યાન સમાધિ યોગે, પરમાતમ પદ છે કર્તવ્ય. ॥ ૧૫૩ ॥

ધારણા ધ્યાન સમાધિ યોગે, આધિ વ્યાધિ ઉપાધિ જાય;
ધ્યાન સમાધિ સાચી પ્રગટે,-તો કેવળ ઘટમાં પ્રગટાય. ॥ ૧૫૪ ॥

ધારી રાખો !! દિલમાંહી પ્રભુ,-તેથી શુદ્ધ હૃદય થઇ જાય;
ધાર્યું કરશો સારૂં જગમાં, પાપ નહિં તારૂં દિલમાંહ્ય. ॥૧૫૫॥

ધાવો !! સારા માટે જયાં ત્યાં, સદ્‌ગુણ પ્રાપ્તિ માટે ધાવ !!;
ધાવો !! પરોપકારે જલ્દી, પરનું હિત હૈયામાં લાવ !!. ॥ ૧૫૬ ॥

ધિઠાઈ ત્યજી સાદાઈ ધર !!, ધિઠપણું નહીં છે સુખકાર;
ધિઠાઈથી દુર્બળતા છે, ધૃષ્ટપણું ધર્માર્થે સાર. ॥ ૧૫૭ ॥

ધિક્ ધિક્ પાપી જીવોને છે, હિંસકનો ધિક્ ધિક્ અવતાર;
ધિક્ ધિક્ ચોરને વ્યભિચારીને, ધિક્ ધિક્ વેશ્યા જનનો પ્યાર. ॥૧૫૮॥

ધિક્ ધિક્ પ્રતિજ્ઞા ભાગે તેને, મિત્રદ્રોહીનો ધિક્ અવતાર;
ધિક્ ધિક્ ધર્મનો દ્રોહી તેને, ધિક્ ધિક્ જૂઠાં નર ને નાર. ॥ ૧૫૯॥

ધિક્ ધિક્ પાપમાં રચ્યાં પચ્યાં ને, રાક્ષસનો છે ધિક્ અવતાર;
ધિક્ જે પાપી પ્રભુ ગણે નહિં, ધિક્ માંસાદિકના અવતાર. ॥ ૧૬૦ ॥

ધન્ય ધન્ય જે પ્રભુને માને, ધન્ય ધન્ય જે બોલે સત્ય;
ધન્ય ધન્ય જે દયાને પાળે, ધન્ય ધન્ય જે કરે સત્કૃત્ય. ॥ ૧૬૧ ॥

ધન્ય ધન્ય બ્રહ્મચારી જગમાં, દમ દાનીનો ધન્ય અવતાર;
ધન્ય જે પ્રભુ વિશ્વાસથી જીવે, કરે ન પાપાચાર વિચાર. ॥ ૧૬૨ ॥

ધન્ય ધન્ય જે શૂરને નિર્ભય, સત્કાર્યોમાં અર્પે પ્રાણ;
ધન્ય ધન્ય પ્રભુ ભકતોને જગ, ધન્ય યોગી જે પામ્યા જ્ઞાન. ॥ ૧૬૩ ॥

ધન્ય ધન્ય ધણીનું હિત વાંચ્છે, ગુરૂનો દ્રોહ કરે ન લગાર;
ધન્ય ધન્ય જે કરે ન નિંદા, ધારે સૌ પર સાચો પ્યાર. ॥ ૧૬૪ ॥

ધન્ય ધન્ય જે સૌના સારા,-માંહી અર્પે નિજના પ્રાણ;
ધન્ય ધન્ય જે દુઃખીઓનાં, દુઃખો ટાળે થઇ ગુણખાણ. ॥ ૧૬૫ ॥

ધીમે ધીમે મન સધાતું, ધીમે ધીમે મન વશ થાય;
ધીમે ધીમે આગળ ચાલો !!, દુઃખે પાછા ભરો !! ન પાય. ॥૧૬૬॥

ધીમા વેગે વધશો આગળ, મનમાં હિંમત રાખો !! ખૂબ;
ધીમાશ કાઢી નાંખો !! મનથી, પામો !! તેથી સુખની લૂંબ. ॥૧૬૭॥

ધર્માચાર્યો તેહ ગણાતા, ત્યાગી વૈરાગી મહાશૂર;
ધર્માચાર્યો તેહ ગણાતા, જ્ઞાની યોગી ને નહિં ક્રૂર. ॥ ૧૬૮ ॥

ધર્માચાર્યો તેહ ગણાતા, ધર્મનું રક્ષણ કરતા બેશ;
ધનની કામિની ભોગ ન ઇચ્છે, ટાળે સર્વજીવોના કલેશ ॥ ૧૬૯ ॥

ધર્માચાર્યો તેહ ગણાતા. ધર્માર્થે જે આપે પ્રાણ;
ધનનો મોહ કરે નહિં મનમાં, સર્વવિશ્વને શિખવે જ્ઞાન. ॥ ૧૭૦ ॥

ધર્માચાર્યો જ્ઞાની ધ્યાની, ધારે સારા ધર્માચાર;
ધર્માચાર્યો ધર્મોદ્ધારક,-સર્વે સ્વાર્પણના કરનાર. ॥ ૧૭૧ ॥

ધર્માચાર્યો ગુણી વૃત્તિને, તપસી નિર્દોષી ગુણગેહ;
ધર્માચાર્યો સંત મહંતો, ફકત અન્નથી પોષે દેહ. ॥ ૧૭૨ ॥

ધર્મગુરૂઓ વ્રત તપ ધારી,-કરતા કંચન કામિની ત્યાગ;
ધર્મગુરૂઓ ઢોંગ ધરે નહિં, ધારે પરમેશ્વર પર રાગ. ॥ ૧૭૩ ॥

ધર્માર્થે જેઓ જગ જીવે, ધર્મપ્રવર્તક ગુણ દાતાર;
ધર્મગુરૂઓ જ્ઞાની યોગી, નિઃસ્વાર્થી જગ તારણહાર. ॥ ૧૭૪ ॥

ધર્માર્થે જે અર્પાયા ને, કરતા દેશને ધર્મોદ્ધાર;
ધ્યાન સમાધિ ધારક પૂરા, પાપકર્મના ટાળનહાર. ॥ ૧૭૫ ॥

ધર્મગુરૂઓ ધીરા વીરા, ધર્માર્થે મરવા તૈયાર;
ધર્મી બનાવે વિશ્વજનોને, શુદ્ધપ્રેમના ધારણહાર. ॥ ૧૭૬ ॥

ધર્મગુરૂઓ નીતિ રક્ષે, અનીતિ દોષો ટાળે જેહ;
ધર્મગુરૂઓ ધર્મી થઇને,-પહેલાં પોતે વર્તે તેહ. ॥ ૧૭૭ ॥

ધર્મગુરૂ પદ સૌંગી મોટું, વિષયભોગની જ્યાં નહિ આશ;
ધર્મગુરૂઓ આતમ માંહી, સત્ય સુખ માને વિશ્વાસ. ॥ ૧૭૮ ॥

ધર્મગુરૂઓ મોહને ત્યાગે, કામ ક્રોધને કાઢે દૂર;
ધર્મને ધારે પાપને ટાળે, ચિદાનંદ મસ્તી ચકચૂર. ॥ ૧૭૯ ॥

ધર્મગુરૂઓ માયા લોભને,-રાગ રોષનો કરતા ત્યાગ;
ધર્મ ગુરૂઓ ખરી. પ્રગટો ! !,-જેમાં જ્ઞાન અને વૈરાગ્ય. ॥ ૧૮૦ ॥

ધૈર્ય ધરીને કાર્ય કરો ! ! સૌ, ભયથી પાછા હઠો ! ! ન લેશ;
ધીરજ ધરીને ચાલો!! આગળ, પ્રગટાવો!! શુભ શક્તિ હમેશ. ॥ ૧૮૧ ॥

ધર્મી તે જે ધૈર્યને ધારે, ભય આવે નહિં ભાગી જાય;
ધર્મી તે જે દયા દાનને, દમ પાળંતાં બહુ હર્ષાય. ॥ ૧૮૨ ॥

ધર્મી તે જે જુલ્મ કરે નહિં, અધર્મીઓની ધરે ન ભીતિ;
ધર્મી તે જે શત્રુઓના,-સામે રહીને રાખે નીતિ. ॥ ૧૮૩ ॥

ધર્મી તે જે હિંસા ત્યાગે, જૂઠ અને ત્યાગે વ્યભિચાર;
ધર્મી તે જે ચોરી કરે નહિં, પામે નહિં દુર્જનથી હાર. ॥ ૧૮૪ ॥

ધર્મી તે જે હિંમત ધારે, ધર્માર્થે જે અર્પે પ્રાણ;
[illegible] ॥ ૧૮૫ ॥

[illegible]
[illegible]

[illegible]
[illegible]

ધર્મી તે જે મૃત્યુ થાય પણ, તજે ન ધર્મને ધીર મહાન;
ધર્મી તે જે સંકટ સમયે, ધર્મ તજે નહિં ગુણની ખાણ. ॥૧૮૮॥

ધર્મી ઘરબારી ને ત્યાગી, ગુણવંતાં જે નર ને નાર;
ધર્મ માર્ગમાં ચાલે સોના,-ઉપર કરતાં શુભ ઉપકાર. ॥ ૧૮૯ ॥

ધર્મી તે જે દેવ ગુરૂને, ધર્મની સાધના કરતો ભવ્ય !!;
ધર્મી તે જે આત્મપ્રભુને,-પ્રગટાવવાનું કરતો કૃત્ય. ॥ ૧૯૦ ॥

ધીર તે કોથી ડરે ન કયારે, સોના રક્ષણમાં તૈયાર;
ધીર તે ધર્માર્થે જગ જીવે, પરોપકારે જે તૈયાર. ॥ ૧૯૧ ॥

ધર્મી થા ! ! પણ ધર્માધકતા, ત્યાગીને કરવાં શુભ કર્મ;
ધર્માધક તે સત્ય લહે નહિં, ધર્મના નામે ધરતો ભર્મ.॥ ૧૯૨ ॥

ધર્માંધક થાવું નહિં સારૂં, ધર્માંધકથી પાપો થાય;
ધર્માંધકથી હિંસા થાતી. અધર્મી યુદ્ધો બહુ સેવાય. ॥ ૧૯૩ ॥

ધર્માંધકમાં ન્યાય ન નીતિ, ધર્માંધકમાં છે શયતાન;
ધર્માંધકમાં સદ્બુદ્ધિ નહિં, સમજે નહિં તે સાચું જ્ઞાન. ॥ ૧૯૪ ॥

ધર્માધક છે ધર્મ જનુની,-કરતો દયા ને બુદ્ધિ નાશ;
ધર્માંધકમાં સત્યપણું નહિં, અજ્ઞાની જે ધર્મનો દાસ. ॥ ૧૯૫ ॥

ધર્માંધકમાં ધર્મ ઘહેલછા, વિધર્મીઓનો કરતો ઘાત;
ધર્મમાં અંધો મોહે બનતો, સમજે નહિં તે પ્રભુ સાક્ષાત.॥ ૧૯૬ ॥

ધર્માંધકમાં પક્ષપાત છે, ધર્મજનુનથી કરતો પાપ;
ધર્મની જાણે નહિં ઉદારતા, અન્યોને દેતો સંતાપ. ॥ ૧૯૭ ॥

ધૂળ સમું તેનું જીવન છે, પાપકર્મથી જીવે જેહ;
ધૂળ સમું જગ તેનું તન છે, વ્યભિચારથી ધારે દેહ. ॥ ૧૯૮ ॥

ધૂળ સમું તેનું જીવતર છે, રાત દિવસ કાંઈ કરે ન ધર્મ;
ધૂળ થકી પણ હલકો તે છે, પાપ માર્ગનાં કરતો કર્મ. ॥ ૧૯૯ ॥

ધૂળ થકી પણ હલકો તે છે, હિંસક જૂઠો ચોર તે જાણ ! !;
ધૂળ સમો થઈ ધર્મને હારે, પાપાર્થે જે ધારે પ્રાણ. ॥ ૨૦૦ ॥

ધેનુઓનું રક્ષણ કરવું, ધેનુઓ ધન સાચું જાણ ! !;
ધેનુઓ પશુ રક્ષણ માટે, કરશો લોકો સૌ કુર્બાન. ॥ ૨૦૧ ॥

ધેનુઓનું ધન વિણસાતું, રક્ષણ માટે થા !! તૈયાર;
ધેનુઓ રક્ષે તે ક્ષત્રી, બીજા બાયલા બુડથલ ધાર !!. ॥ ૨૦૨ ॥

ધેનુઓ પાળે તે ધર્મી, ધેનુ રક્ષક દેવ ગણાય;
ધેનુ રક્ષક રાજા છે શુભ, ધેનુથી જગ જીવ્યું જાય. ॥ ૨૦૩ ॥

ધેનુ દુનિયાની માતા છે, નિજમાતાની માતા એહ;
ધેનુ દુનિયાની દેવીઓ,–તેહની રક્ષા ધર્મનું ગેહ. ॥ ૨૦૪ ॥

ધેનુઓનું રક્ષણ કરવું, પશુઓનું રક્ષણ કર !! ભવ્ય !!
ધેનુ પાળે આર્ય !! તે ધર્મી, ધર્મીનું એ શુભ કર્તવ્ય. ॥ ૨૦૫ ॥

ધેનુઓ મરતીજ બચાવો !!, ધેનુ રક્ષે તે દેશાઇ;
ધેનુ રક્ષે તે બ્રાહ્મણ છે, દેશ કોમની કરે ભલાઈ. ॥ ૨૦૬ ॥

ધણીનું ભલું ઇચ્છો !! સૌભાવે, ધણીનું ખાઇને નહિં ખોદ !!;
ધણીના સારામાં રહો !! રાજી, ધણીને દેખી ધાર !! પ્રમોદ. ॥૨૦૭॥

ધણીનું ખાઇ તેના માટે, તનમન ધનને કર !! કુર્બાન;
ધણીની સેવા ચાકરીમાંહી, અર્પાઇ જા !! દેઈ પ્રાણ. ॥ ૨૦૮ ॥

ધસ !! આગળ સૌ ધર્મના માર્ગે, આગળ ધસ !! અભ્યુદય હેત;
ધસ !! આગળ સૌ સંકટ વેઠી,–જેથી પામો !! સુખ સંકેત. ॥૨૦૯॥

ધસ !! આગળ ચાહોમ કરીને, અંતરમા ઉત્સાહ જગાવ !!;
ધસ !! આગળ શ્રદ્ધા પ્રીતિથી, સત્કાર્યોમાં લગન લગાવ !!. ॥૨૧૦॥

ધસ !! આગળ તું માર્ગ કરીને, સૌની પહેલા આગળ ચાલ !!;
ધીર વીર ને યોગી બનીને, પ્રભુના પંથે પ્રેમે હાલ !!. ॥ ૨૧૧ ॥

ધસ !! આગળ તું ધર્મની વાટે, અધર્મથી ઝટ હઠીજા !! દૂર;
ધસ !! આગળ તું ધૈર્યને ધારી,–પામો !! પ્રભુનું સાચું નૂર ॥૨૧૨॥

ધસ !! આગળ તું [illegible] જીવનમાં, સમભાવી થઈને જગ [illegible].
ધર્માત્માની પણ પરવા કર !! નહિં, શક્તિયોગી થા !! ભરપૂર ॥ ૨૧૩ ॥

ધસતાં આગળ દુઃખ પડે ને, કદાપિ કાલે મૃત્યુ થાય,
ધીર બનીને [illegible] આગળ,–ધસ !! [illegible] પ્રભુપદ [illegible]. ॥ ૨૧૪ ॥

ધસ !! આગળ [illegible]
ધસતાં આગળ [illegible]

ધસ !! આગળ ને ધસાવ !! સૌને, એવો નિશ્ચય ધરીને ચાલ !!;
ધર્મ કર્મથી ધસતાં આગળ,-અંતે શાન્તિ મંગળમાલ. ॥૨૧૬॥
ધમણી પેઠે ચળવળ કરવી, બેસી રહેવું નહિં લગાર;
ધમણી તનુમાં શિખવે એવું, ક્ષણ ક્ષણ પ્રગતિ મારગ ચાલ!!.॥૨૧૭॥
ધમણી શિખવે સ્ફૂર્તિ ધારો !!, સ્ફૂર્તિથી જગમાં જીવાય;
ધમણી પેઠે ધર્મ જીવાડે, એવો છે કુદ્રતનો ન્યાય. ॥૨૧૮॥
ધમણીનું શિક્ષણ ધર !! ઘટમાં, ધમણી પેઠે ધર્માભ્યાસ;
ધરતાં આત્મોન્નતિ મુક્તિ છે,-ધારજે એવો દિલ વિશ્વાસ. ॥૨૧૯॥
ધર !! ધર્માર્થે સહુ જીવનને, કર !! સૌ જાતનો ધર્મોદ્ધાર;
ધરવા સદ્‌ગુણ હરવા દુર્ગુણ,-એ તારૂં કર્તવ્ય વિચાર !!. ॥૨૨૦॥
ધરવું સહુ સારૂં તે દિલમાં, જૂઠું તે સહુ કરવું દૂર;
ધર્મની વાટે પલપલ વહેવું, જીવન એવું કરો !! જરૂર. ॥૨૨૧॥
ધાર્યા નહિં જો !! પ્રભુને દિલમાં, દેવગુરૂને ભજ્યા ન દીલ;
ધારણ કીધો માનવ ભવ પણ, તહોંયે તું વગડાનો ભીલ. ॥૨૨૨॥
ધારી વ્રત તપ ત્યાગદશાને, આતમ !! અંતરમાંહી ન ફૂલ !!;
ધાર્યાનો અભિમાન કરંતાં, ધર્મ કરંતાં થાતી ભૂલ. ॥૨૨૩॥
ધર્યું પ્રભુનું ધ્યાન હૃદયમાં, દિલમાં ધર્યો ન તારણહાર;
ધર્મને હાર્યો જન્મી માનવ, માટે ચેતી થા !! તૈયાર. ॥ ૨૨૪ ॥
ધાક ન પાડો !! ખોટી કો પર,-જેથી અન્યને દુખડાં થાય,
ધાક છે સારી ધર્મના માટે,-જેથી લોક તજે અન્યાય. ॥ ૨૨૫ ॥
ધ્રૂજી ઉઠો !! પાપને જાણી, ધ્રૂજો !! પાપ કરંતાં ભવ્ય !!;
ધ્રૂજી પાપ કરો !! નહિ ક્યારે, કરશો ધાર્મિક સૌ કર્તવ્ય. ॥૨૨૬॥
ધ્રૂજી ઉઠો " નહિં ભય પામી, ધીર બની કર !! રક્ષણ ભવ્ય !!;
ધ્રૂજાવ ''સઘળાપિ સહુ આતમ, નિર્ભયતાથી કર !! કર્તવ્ય. ॥૨૨૭॥
ધતિંગ કર ' ! નહિ ધર્મના માર્ગે, અજ્ઞાનનાં સૌ ધતિંગ ટાળ !!;
ધતિંગ ઢોંગથી પાપ વધીને, દુઃખી થાતાં નરને નાર. ॥ ૨૨૮ ॥
ધૂર્ત જનના પંથે નહિ ચાલો '', ધતિંગ લાગે તે સૌ ત્યાગ !!;
ધૂર્ત જનોનો સંગ નહિ સારો, ધૂર્તજનોથી ચેતી જાગ !!. ॥૨૨૯॥

ધૂર્તાઇમાં પાપ ઘણાં છે, ધૂર્તાઇમાં ઢોંગની વૃત્તિ;
ધૂર્તાઇથી થાય ન ધાર્યું, વાદે બહુલી પાપ અનીતિ. ॥ ૨૩૦ ॥

ધૂર્ત જનો વિશ્વાસ્ય ન થાવે, દુઃખકારક તે જગમાં જાણ !!;
ધૂર્તની વિદ્યા વ્હાલી લાગે,–તો પણ તે ત્યાગી સુખ મ્હાણ !!. ॥૨૩૧॥

ધૂર્તની વિદ્યા ધૂર્તપ્રવૃત્તિ, જૂઠાણું એ જગમાં જાણ !!;
ધર્મ કરંતાં જૂઠને ત્યાગી, સત્ય ધરીને શિવસુખ માણ !!. ॥૨૩૨॥

ધૂર્તોથી વંચાતા મૂર્ખો, લોભી વ્હેમીના અવતાર;
ધર્મ ઢોંગને ધૂર્તાઇથી, અંતે જાવું નર્કના દ્વાર. ॥ ૨૩૩ ॥

ધૂર્તપણું ત્યજી ધારો !! સરલતા, સત્ય માર્ગમાં જ્ઞાની ચાલ !!;
ધૂર્તાઘોરો ધર્મ કર્મમાં, જગમાં ધ્રૂવ છે ધર્મનો સાર. ॥ ૨૩૪ ॥

ધર્મધૂરાને વહેશો આતમ !!, ધર્મધુરંધર ધર્મી ગણાય;
ધર્મધૂરાને ધારે જેઓ,- તે મુક્તિમાં વ્હેલા જાય. ॥ ૨૩૫ ॥

ધર્મધૂરાને વહન કર્યાથી, માનવ ભવ સફળો જ ગણાય;
ધર્મધૂરાને ધારે ધોરી, નબળાઓ તો ભાગી જાય. ॥ ૨૩૬ ॥

ધીધન સરખું ધન નહિં કોઇ, જ્યાં જાવે ત્યાં આવે સાથ;
ધીધન સરખું કોઇ ન જગમાં, જગમાં તેની મોટી ઓથ. ॥૨૩૭॥

ધીધન વાપર્યું કદિ ન ખૂટે, આપ્યાં બહુલું વધતું જાય;
ધીધનની મોટાઇ જગમાં,–તેમાં સુખ શાન્તિને ન્યાય. ॥ ૨૩૮ ॥

ધીધનથી મુક્તિ જ પમાતી, પ્રભુનાં સમ્યગ્ દર્શન થાય;
ધીધન પરભવ સાથે આવે,–તેથી દુઃખ અનંતાં જાય. ॥ ૨૩૯ ॥

ધૂણી ધખાવી બાળ તપસ્યા,–કરવાથી નિર્જરા અકામ;
ધૂણી અગ્નિથી આતમ વિશુદ્ધિ,–થતી ન જ્ઞાને વિશુદ્ધ રામ. ॥૨૪૦॥

ધૂન લગાવો !! આતમ !! જ્ઞાને, પરમાતમમાં થાતી મુક્તિ;
ધૂન લગાવો !! અંતર્ માંહી, પ્રભુપદ વરવાની એ રીતિ. ॥૨૪૧॥

ધૂનથી તાલાવેલી લાગે, આતમ પ્રભુમાં પ્રગટે તાન;
ધૂન લગાવો !! પ્રભુભક્તિમાં,–તેથી પ્રગટાના ભગવાન. ॥૨૪૨॥

ધૂન જો !! લાગે પ્રેમથી પ્રભુમાં,–તો પ્રભુ જ્યાં ત્યાં છે સાક્ષાત;
ધૂનની વાતો અવધૂત જાણે, જ્ઞાનીઓ એ જાણે વાત. ॥ ૨૪૩ ॥

ધૂમકેતુ છે કામની વૃત્તિ, ધૂમકેતુ વ્યભિચાર જ જાણુ ! !;
ધૂમકેતુ છે લોભની વૃત્તિ, હિંસા જૂઠને ચોરી જાણુ ! !. ॥ ૨૪૪ ॥
ધ્વનિ અંતરૂમાં સત્ય જ્ઞાનની,-પ્રગટે તો ઇશ્વર પરખાય;
ધ્વનિયો અનેક જાતની જાણો ! !, જ્ઞાનીને સર્વે સમજાય. ॥૨૪૫॥
ધૂપ તે આધિ વ્યાધિ ઉપાધિ, ધૂપ તે જાણો !! ત્રિવિધ તાપ;
ધૂપમાં ધૈર્ય ધરે તે મોટો, પ્રગટ્યા હરતો સો સંતાપ. ॥ ૨૪૬ ॥
ધૂપ ભીતિથી ડરી ન જાવું, ધૂપના સામો રહીને જીવ ! !;
ધૂપ સહ્યાથી ધર્મ વધે છે, આતમ પામે છે પદ શિવ. ॥ ૨૪૭ ॥
ધ્વંસ થતો નહિં આતમનો કદિ, દેહાદિકનો થાય છે ધ્વંસ;
ધ્વંસ થતો નહિં ભક્તિનો કદિ, વૈયાવૃત્યે થતો ન ભ્રંશ. ॥ ૨૪૮ ॥
ધૂમ્ર સરીખું અજ્ઞાન જ છે, ધૂમ્ર ત્યાં પ્રગટે વહ્નિ પ્રકાશ;
ધૂમ્રાજ્ઞાન પછીથી ઘટમાં, સમ્યગ્જ્ઞાનનો થતો ઉજાશ. ॥ ૨૪૯ ॥
ધરતા અભિનવ જ્ઞાનને સંતો, પ્રભુ ધ્યાને તે નહિં ધરાય;
ધૃતિથી જ્ઞાની ચાલે આગળ, દુઃખ પડે પણ નહિં ગભરાય. ॥૨૫૦॥
ધીંગો આતમપભુ પ્રગટાવો !!,-જે છે ત્રણભુવનનો નાથ;
ધીંગધણી જેના શિર ગાજે,-તે ભક્તો છે સદા સનાથ. ॥ ૨૫૧ ॥
ધગશ હૃદયમાં ધર !! સત્કાર્યો,-કરવા માટે ભવ્ય !! હંમેશ;
ધગશથી ધગતો રહે પલપલ તું, ટાળો !! સર્વ જીવોના ક્લેશ ॥૨૫૨॥
ધમકીઓ બીજાઓ આપે,-તેથી બીવું નહિં લગાર;
ધમકીઓ જૂઠી નહિં આપો !!, અન્યોને દો !! નહિં ધિક્કાર. ॥૨૫૩॥
ધર્મ કરો !! આતમ બળ વૃદ્ધિ,-હેને જગમાં નરને નાર;
ધારકો પારો !! નહિં અન્યોને, ધૈર્યથી વર્તો !! નરને નાર. ॥૨૫૪॥
ધર્મભેદથી વિધર્મીઓનો,-નાશ કરો !! નહિં ધરીને દ્વેષ;
ધર્મભેદથી અન્યધર્મીની,-સાથે જૂઠો કરો ! ! ન ક્લેશ. ॥૨૫૫॥
ધન તન સત્તા દેહ થકી પણ,-ધર્મની ઉપર પૂરણ રાગ;
ધરીને જગમાં ચાલો !! આતમ !!, જૂઠો ધર !! નહિં મન વૈરાગ્ય. ॥૨૫૬॥
ધરા થકીને રાજ્ય થકી પણ,-ધર્મની ઉપર ધર ! ! બહુ રાગ;
ધર્મ કરંતાં દુનિયાં તજવી,-પડે તો તેનો કરજે ત્યાગ. ॥૨૫૭॥

ધર્મ મોહી થઈ અન્યધર્મીના,-ગળાં ન રે'સો નરને નાર;
ધર્મ કરો !! પણ નાસ્તિક ઉપર, કદાપિ ધરજો નહિં ધિક્કાર. ॥૨૫૭॥

ધર્મ કરો !! પણ ધર્મના નામે, અન્યજનોનાં કરો !! ન ખૂન;
ધર્મ કરો !! પણ ધર્મગર્વથી, જૂઠું ધર !! નહિં ધર્મ જનૂન. ॥૨૫૮॥

ધર્મ સત્ય એ સર્વવિશ્વપર, આત્મસમો ધરવો શુભ પ્રેમ;
ધર્મ ખરો છે વિશ્વજીવોના, કલ્યાણાર્થે ધરવી રહેમ. ॥૨૬૦॥

ધર્મ ખરો છે નિજના સરખું, સર્વજીવોનું હિતકર્તવ્ય;
ધર્મ ખરો છે ગુણાતીત એ, આત્મિકશુદ્ધિનું કર્તવ્ય. ॥૨૬૧॥

ધર્મ ખરો છે વિશ્વપ્રેમથી, વિશ્વની સાથે અભેદ ભાવ;
ધરવો ધર્મ એ જૈનધર્મ છે, આતમનો જ્યાં શુદ્ધ સ્વભાવ. ॥૨૬૨॥

ધર્મ કમાણી રોકડ નાણું, આતમ ગુણનો સત્ય પ્રકાશ;
ધર્મ રોકડો એ છે સાચો, નિજમાં બ્રહ્માનંદ વિલાસ. ॥૨૬૩॥

ધર્મ કરો !! પણ લેશ ન ફૂલો !!, કીર્તિ માટે કરો !! ન ધર્મ;
ધર્મ દાન છાનાં સૌ સારાં, ધર્મનાં નામે ધરો !! ન ભર્મ. ॥૨૬૪॥

ધર્મની વ્યાખ્યા અનંત લક્ષણે, અસંખ્ય નયથી પૂરી થાય;
ધર્મની વ્યાખ્યા નભના સરખી, વર્ણવતાં નહિં પૂરી થાય. ॥૨૬૫॥

ધર્મને પ્રભુનું વર્ણન કરતાં, નેતિ નેતિ મુખ ઉચરાય;
ધર્મ સ્વરૂપ છે અંતરૂ નભસમ, કોનાથી પૂરૂં ન કથાય. ॥૨૬૬॥

ધર્મને કેવલજ્ઞાનથી જાણે,-તો પણ પૂરણ કહે ન તેહ;
ધર્મના નામે યુદ્ધ ન સારૂં ધર્મીજન જીવંત વિદેહ. ॥૨૬૭॥

॥ न ॥

નન્ના ન્યાયથી વર્તો !! નિશદિન, અન્યાયે નહીં જીવન ગાળ !!;
નિર્ગુણ નગુરા રહો !! ન ક્યારે, નેક ટેકથી જીવન ગાળ !!. ॥૧॥

નિર્મલ મન વચ તનુને રાખો !!, નિયમ વ્રતોને પ્રેમે પાળ !!;
નાના થઈને ગુણીજન સેવો !!, નિર્દોષી થાઓ !! જેમ બાળ. ॥ ૨ ॥

નાણું મળે પણ મળે ન ટાણું, નિષ્કામે કરશો સહુ કાજ;
નન્ના ભણ્યા ગણ્યા સમજાશો !!, પામો !! આતમગુણનું રાજ્ય. ॥૩॥

નિશ્ચય નિર્વેદી નિજ આતમ ! !, વિષયવાસના દૂર નિવાર ! !;
નિર્ભય નિજ આતમને સમજી,—ભયાદિ વૃત્તિયોને ટાળ !!. ॥ ૪ ॥
નિત્ય નિરંજન આતમ આત્મા, દેહો વસ્ત્ર પરે બદલાય;
કર્મથી દેહો થાય ને વિણસે,—સમજી ધર્મ કરો !! સુખદાય. ॥૫॥
નમ્ર બનીને જગમાં વર્તો !!, નગુરા નિર્ગુણ બનો !! ન ભવ્ય !!;
નફફટ થાઓ નહીં રહો !! ન્યાયે, નિત્ય કરો !! યોગ્યજ કર્તવ્ય.॥૬॥
નિરાસક્ત રહી કરવાં કાર્યો, નિજભૂલો દેખો ! ! નરનાર;
નિજહિત શિક્ષા પ્રેમે ગ્રહશો, ન્યારૂં સમજો !! તનુ ઘરબાર. ॥૭॥
નીતિ રીતિ જીવન ગાળો ! !, નેહ નભાવો !! સજ્જન-સાથ;
નૌકા સમ ગુરૂ સેવો ! ! સ્નેહે, નેહે ભજશો ત્રિભુવનનાથ. ॥ ૮ ॥
નિંદા કર !! નહિ અન્યજીવોની, નિંદક ચોથો છે ચંડાલ;
નિંદો !! ગર્હો !! નિજદોષોને,—તેથી આતમશુદ્ધિ થનાર. ॥ ૯ ॥
નારી નદીને નગુરા નખીનો, નફફટનો ધર ! ! નહીં વિશ્વાસ;
નિર્ગુણી નાસ્તિક નિંદકજનના,—વિશ્વાસે નહીં જીવન આશ. ॥૧૦॥
નિર્ભય ઉંઘે શત્રુ છતાં જે, નરનારી રણરોજ સમાન;
નાગાનો વિશ્વાસ કરતાં, નહારથી જાવે કો દિન પ્રાણ. ॥ ૧૧ ॥
નિર્લજ્જને નાદાનની સોબત,—કરતા કો દિન જીવવિનાશ;
નિર્બલનું શરણું કરવાથી, જીવ્યાની નહીં કો દિન આશ. ॥ ૧૨ ॥
નવરા બેસી ખાતાં કોટિ,—સોનૈયા પણ ખૂટી જાય;
નવરાને આળસ ઉધેઇ, કોલી કોલી ને બહુ ખાય. ॥ ૧૩ ॥
નિજની ભૂલ દોષોને જાણો ! !, નિજદોષોને દૂર નિવાર ! !;
નિન્દા કર ! ! તું નિજદોષોની,—તેથી નિજ શુદ્ધિ થાનાર. ॥ ૧૪ ॥
નારીદેહના રૂપને દેખી, યાવત્ મનમાં પ્રગટે કામ;
નહીં પામ્યો તું તાવત્ નિજસુખ, કામ ન રામ ન એકજ ઠામ.॥૧૫॥
નારીભોગની સ્વપ્નામાં પણ, ઇચ્છાથી મન તનુ વિકાર;
નિર્મલ પ્રભુનો સંત ન તાવત્, સમજી નારીમોહ નિવાર !!. ॥૧૬॥
નારી દેહના ચામડી રૂપમાં, મોહ્યા તે પરતંત્ર ગુલામ;
નિરખે નહીં નિજ આતમ રૂપને,—સમજી આતમ થા !! નિષ્કામ.॥૧૭॥

નારી ચામડી ભોગવવાથી, ચામડિયા નર લહ્યા ન સુખ;
નાહક શું સુંઝે છે મૂરખ, આજલગી સૌ પામ્યા દુઃખ. ॥૧૮॥

નવરો બેઠો નખોદવાળે, નવરાં બેસો !! નહીં નરનાર;
નવરો નિજપરને છે નકામો, નવરો સૌ પહેલાં મરનાર. ॥૧૯॥

નાણું દેખી નહાલ ન થાશો, નાણાંને ઢોરો નહીં ખાય;
નર રળતો નાણાને દેખો !!, નાણાથી નર નહીં ઉપજાય. ॥૨૦॥

નિર્ભય થૈને કર !! સહુ કાર્યો, સત્કાર્યોમાં ભય નહીં ધાર !!;
નિર્ભય થા !! લોકોના બોલે, નિંદાદિક ભય દૂર નિવાર !!. ॥૨૧॥

નબળી ગાયને બગાઈઓ બહુ, સબળીને લાગે ન બગાઈ,
નબળાને ભય દુઃખો આવે, સબળાને સુખ કીર્તિ વડાઈ. ॥૨૨॥

નબળાથી જીવાય ન જગમાં, સબળાથી જગમાં જીવાય;
ન્યાય છે કુદ્રતનો એ સાચો, નિર્વીર્યોથી કશું ન થાય. ॥૨૩॥

નાત કરે મરનારની પાછળ, જીવંતાંની કરે ન સેવ;
નાહક એવી નાત ન કરવી, જીવંતાં સેવો !! ગુરૂદેવ. ॥૨૪॥

નવરો બેઠો નખોદવાળે, નવરો ધનથી ખાલી થાય;
નવરામાં નિર્બલતા દુર્ગુણ, દુર્બુદ્ધિ પ્રગટે દુઃખદાય. ॥૨૫॥

નિર્ધન તે કંજુસ લોકો છે, છતી શકિતએ નહીં દાતાર;
નિર્બલ તે છે સ્વાર્થ ને ભયથી, જૂઠું બોલે જે નરનાર. ॥૨૬॥

નફ્ફટ છે તે લાજને ત્યાગી, વારંતાં પણ કરતા દોષ;
ન્યાય નીતિ શિક્ષા નહીં માને, દુર્ગુણ દોષનો કરતા પોષ. ॥૨૭॥

નાક જવા દે !! નહીં જગ ત્હારૂં, નાક જતાં શોભા નહીં લેશ;
નાક જાય છે સત્‌ને છંડે, દેવાળું કાઢ્યાથી હમેશ. ॥૨૮॥

નાક જાય છે દેવું ન દેતાં, વ્યભિચાર ચોરીથી જાણ !!;
નાક જાય છે કરી પ્રતિજ્ઞા, નહીં પાળંતાં જગમાં માન !!. ॥૨૯॥

નાક જાય છે નામર્દીથી, અપકીર્તિનાં કરતાં કાજ;
નાક જાય છે અનીતિ દોષે, અન્યાયે જગ કરતાં રાજ. ॥૩૦॥

નાક જાય છે લાજ ગયાથી, અપ્રમાણિક વર્તન હેમ !!;
નાક ગયું તો કશું ન રહ્યું, ન્યાયે નાક જતું નહીં જેમ !!. ॥૩૧॥

નિર્જરાતત્ત્વ તે બાંધ્યાં કર્મને, ખેરવવાં જાણો ! ! નરનાર;
નિર્જરાતત્ત્વના બાર ભેદ છે, દ્રવ્યભાવથી નિર્જરા ધાર !!. ॥૩૨॥

નમ્ર બનીને સૌની સાથે,—વર્તો !! મારા આતમ !! ભવ્ય !!;
નામર્દાઈ દૂર કરીને, પ્રભુ મળવાનું કર !! કર્તવ્ય. ॥૩૩॥

ન્યાય નીતિ છે મુક્તિ માર્ગજ, ન્યાયથકી નિજ જીવન ગાળ ! !;
ન્યાયથી પ્રભુના પંથે ચાલો !!, ન્યાય કરો !! નિજને સુખકાર.॥૩૪॥

ન્યાયથી ધર્મના શાસ્ત્રવિચારો, નીતિથી જગમાંહી જીવ ! !;
નીતિ વિનાનું જીવન જૂઠું, નીતિથી પામો !! ઝટ શિવ. ॥૩૫॥

નગુરો રહે નહીં નગુરો થા !! નહીં, નગુરો ધૂળથકી પણ નીચ;
નગુરાને પ્રભુ મળે ન કયારે, સગુરો જ્ઞાની જગમાં ઉચ્ચ. ॥૩૬॥

નગુણો થા !! નહીં કૃતગુણ જાને, પરોપકારીપર ધર !! પ્રીત;
નગુરા નગુણા પતિત બને છે, એવી કુદરતની છે રીત. ॥૩૭॥

નમિનાથ તીર્થંકર વંદુ, નેમિનાથ તીર્થંકર દેવ;
નમું સ્તવું ધ્યાવું ગુણ ગાઉં, આત્મોપયોગે કરું હું સેવ. ॥૩૮॥

નકટું તે નિર્લજ્જ છે જગમાં,—જેને નહિં સદ્‌ગુણનો રાગ;
નકટો થા !! નહિં કદિ નમાનવ !!, નકટાઈમાં ધર !! નહિં રાગ.॥૩૯॥

નકલી તે અસલી સમ નહિં છે, નકલી તે કૃત્રિમ સૌ જાણ ! !;
નકલીની કિંમત છે થોડી, નકલીમાં ચેતન !! નહિં પ્રાણ. ॥૪૦॥

નકામું જગમાં કોઈ નહિં છે, નકામું પણ ઉપયોગી જાણ ! !;
નકામું જે પોતાના માટે, અન્યના માટે કિંમતવાન. ॥૪૧॥

નકામું જીવન ગાળ !! ન આતમ !!, નકામા બેસે તે દુઃખપાય;
નકામું જીવન ગાળે જેઓ,—તેઓની સદ્‌બુદ્ધિ કટાય. ॥૪૨॥

નકામી વાતો કર ! ! નહિ કયારે, જગમાં નકામું છે નહિં કોઇ;
નકામું બોલ !! ન આતમ !! કયારે, ઉપયોગી બોલો !! સૌ જોઇ.॥૪૩॥

નકામું અન્યનું દિલ નહિ દુઃખવ !!, નકામો જ્યા ત્યાં બેસ !! ન ઉઠ !!;
નકામો જ્યાં ત્યાં જવું ન કયારે, નકામું તે છે લુંટાલુંટ. ॥૪૪॥

નકામું પરઘર જવું ન કયારે. નકામું બાળ !! ન મન વચ દેહ;
નકામું છે જગ દોષી જીવન, સમજે તે થાવે ગુણગેહ. ॥૪૫॥

નક્કી કરવા લાયક કરવું, નક્કી બોલવા લાયક બોલ !!;
નકકી કરજે સત્ય તે જગમાં, સંતની આગળ પડદો ખોલ!!. ॥૪૬॥

નખોદવાળો નવરો બેઠો, નવરાની કિંમત નહિં લેશ;
નખોદીયું ખાવા જે ઇચ્છે,–તેના જીવનમાં છે કલેશ. ॥૪૭॥

નખોદ વાળ !! ન કોઈનું ચેતન !!, દુશ્મનનું પણ લેશ ન ખોદ !!;
નખોદીયાની સંગત ત્યાગો !!, ગુણી જન ઉપર ધાર!! પ્રમોદ. ॥૪૮॥

નગારૂં અંતરૂ નાદનું સારૂં, સાંભળ !! તેનો સત્ય અવાજ;
નગારૂં જયસિદ્ધિનું વાગે, અંતરૂમાં જો !! તું સામ્રાજ્ય. ॥ ૪૯ ॥

નગુણો જન તે ગુણુ નહિં માને, કરે ઉપકારો પર અપકાર;
નગુણા નગુરા લોકો ધિક્ ધિક્, જૂઠો તેઓનો અવતાર. ॥ ૫૦ ॥

નગુણાને નહિ ગુણની કિંમત, માને નહિ ગુણીનો ઉપકાર;
નગુણા સ્વાર્થિ મૂઢજનો છે, પશુથી હલકા તે નિર્ધાર. ॥ ૫૧ ॥

નગુણા ગુણુનો તેમ અવગુણુનો,–ભેદ ન જાણે મનમાં લેશ;
નગુણા મૂઢજનો છે જગમાં, નિશદિન તેના મનમાં કલેશ. ॥ ૫૨ ॥

નગુરાની કિંમત નહિં જગમાં, નગુરો પામે નહિં કદિ મુક્તિ;
નગુરો તે ગુરૂગુણ ઉત્થાપે, નગુરાની અવળી છે રીતિ. ॥ ૫૩ ॥

નગુરાની સિદ્ધિ નહિ થાતી, કૃતઉપકારનો લોપક જેહ;
નગુરા ગુરૂ કર્યાવણુ કયારે, પામે નહિં વૈકુંઠ વિદેહ. ॥ ૫૪ ॥

નગ્નપણું નિર્દોષાનંદે, લઘુ બાળકમાં સત્ય સુહાય;
નગ્નપણું જ્યાં નગ્ન સત્યથી, નગ્ન સાધુતા ત્યાં પ્રગટાય. ॥ ૫૫ ॥

નગ્નપણું સારૂં ને ખોટું, પુણ્ય પાપમાં જાણો !! ભવ્ય !!;
નગ્નપણું છે અસંખ્ય ભેદે, કર !! પોતાનું શુભ કર્તવ્ય.. ॥ ૫૬ ॥

નચાવ્યો મોહથી નાચ !! ન આતમ !!, મોહે નચાવ !! નહિ જગલોક;
નચાવ !! નહિં નિજમનને મોહે, મોહ નાચથી દુઃખની પોક.॥૫૭॥

નજરને રાખો !! ઉમદા પ્રતિદિન, સારી નજરથી સારૂં થાય;
નજરે દેખી કાર્ય તપાસો !!,–જેથી ભૂલ ચૂક દૂરે જાય. ॥ ૫૮ ॥

નજરચૂકથી ભૂલો થાતી, નજરચૂકથી હાનિ થાય;
નજરચૂકથી ઘાતો થાતી, ચેત્યાથી કદિ ચૂક ન થાય. ॥ ૫૯ ॥

નજરેનજર નિહાળો !! સઘળું, તપાસી જોશો સઘળાં કાજ;
નજરે દીઠું પણ કંઈ જૂઠું, નજરચૂકથી રહે ન લાજ. ॥ ૬૦ ॥
નઠારું તે દુઃખકારક જાણો !!, મનને અપ્રિય દુઃખકર થાય;
નઠારું તે દુર્ગુણનું ભાજન, નઠારું રહેવું નહિ સુખદાય. ॥ ૬૧ ॥
નઠારું તે પ્યારું નહિ લાગે, યથા બુદ્ધિશક્તિથી જાણ !!;
નઠારાં હિંસાદિક સહુ પાપો,–તેને દૂર કરી સુખ માણ !!. ॥૬૨॥
નઠારું પણ પ્યારું જો લાગે,–તો નિજ પાપી બુદ્ધિ જાણ !!;
નઠારી સંગત નઠારાં કૃત્યો,–કરતાં અંતે દુઃખને હાણ. ॥ ૬૩ ॥
નિષ્ઠુર થા !! નહિં લજ્જા ત્યાગી, નઠોર થા !! નહિં ત્યજીને પ્રેમ;
નિષ્ઠુરહિંસક થા !! નહિ માનવ !!, દિલમાં ધારો !! સાચી રહેમ.॥૬૪॥
નઠોરને સમજણ નહિં આવે, નઠોરને લાગે નહિં બોધ;
નઠોરને નહિં કીર્તિ વ્હાલી, નઠોર મનમાં હિંસા ક્રોધ. ॥૬૫॥
નઠોરને શિક્ષા નહિં લાગે, નઠોરને આવે નહિં સાન;
નઠોર નિજનું ભાન ખુવે ને,–દુર્ગુણથી થાતો હેવાન. ॥૬૬॥
નડતર જે આવે ગુણ લેતાં, આગળ ચઢતાં નડતર થાય;
નડતર સઘળી દૂર નિવારો !!, ઉત્સાહે નડતર દુઃખ જાય. ॥૬૭॥
નડતર ડગલે ડગલે આવે,–ર્હોયે આતમ !! ધિરજ ધાર !!;
નડતરના સ્હામા થાવાથી, નડતર વિઘ્નો દૂર જનાર. ॥૬૮॥
નડે જે આગળ ચઢતાં ગુણપર, ગુણસ્થાનકમાં નડે જે દોષ;
નડતર એ સહુ દૂર નિવારો !!, નિજ આતમને ગુણથી પોષ !!.॥૬૯॥
નડતર આવે સહુને ચઢતાં, નડતરવણ કોઈ લહે ન સુખ;
નડતર તે અંતરાય ને વિઘ્નો, નડતર તે અવગુણને દુઃખ. ॥૭૦॥
નડતર આવે સર્વ કાર્યને,–કરતાં એવું નક્કી જાણ !!;
નડતર આવી વીરપ્રભુને, પ્રગટ્યા ઉપસર્ગો દુઃખખાણ. ॥૭૧॥
નડતું તે સૌ દૂરે જાતું, ધર્મોદ્યમ ઉત્સાહે બેશ;
…ડનારાની સામાં પગલાં,–લેતાં ટળતા નડતર ક્લેશ. ॥૭૨॥
…થી પાપથી સુખને શાન્તિ, નથી પાપથી સ્વર્ગને મોક્ષ;
…ી જગતમાં સુખ ને સાચું, મતિ શ્રુતજ્ઞાને બુદ્ધિ પરોક્ષ. ॥૭૩॥

નક્કી કરવા લાયક કરવું, નક્કી બોલવા લાયક બોલ !!;
નકકી કરજે સત્ય તે જગમાં, સંતની આગળ પડદો ખોલ!!. ॥૪૬॥

નખોદવાળો નવરો બેઠો, નવરાની કિંમત નહિં લેશ;
નખોદીયું ખાવા જે ઇચ્છે,-તેના જીવનમાં છે કલેશ. ॥૪૭॥

નખોદ વાળ !! ન કોઇનું ચેતન !!, દુશ્મનનું પણ લેશ ન ખોદ !!;
નખોદીયાની સંગત ત્યાગો !!, ગુણી જન ઉપર ધાર!! પ્રમોદ. ॥૪૮॥

નગારૂં અંતરૂ નાદનું સારૂં, સાંભળ !! તેનો સત્ય અવાજ;
નગારૂં જયસિદ્ધિનું વાગે, અંતરૂમાં જો !! તું સામ્રાજય. ॥ ૪૯ ॥

નગુણો જન તે ગુણ નહિં માને, કરે ઉપકારો પર અપકાર;
નગુણા નગુરા લોકો ધિક્ ધિક્, જૂઠો તેઓનો અવતાર. ॥ ૫૦ ॥

નગુણાને નહિ ગુણની કિંમત, માને નહિ ગુણીનો ઉપકાર;
નગુણા સ્વાર્થિ મૂઢજનો છે, પશુથી હલકા તે નિર્ધાર. ॥ ૫૧ ॥

નગુણા ગુણનો તેમ અવગુણનો,-ભેદ ન જાણે મનમાં લેશ;
નગુણા મૂઢજનો છે જગમાં, નિશદિન તેના મનમાં કલેશ. ॥ ૫૨ ॥

નગુરાની કિંમત નહિં જગમાં, નગુરો પામે નહિં કદિ મુકિત;
નગુરો તે ગુરૂગુણ ઉત્થાપે, નગુરાની અવળી છે રીતિ. ॥ ૫૩ ॥

નગુરાની સિદ્ધિ નહિ થાતી, કૃતઉપકારનો લોપક જેહ;
નગુરા ગુરૂ કર્યાવણ કયારે, પામે નહિં વૈકુંઠ વિદેહ. ॥ ૫૪ ॥

નગ્નપણું નિર્દોષાનંદે, લઘુ બાળકમાં સત્ય સુહાય;
નગ્નપણું જ્યાં નગ્ન સત્યથી, નગ્ન સાધુતા ત્યાં પ્રગટાય. ॥ ૫૫ ॥

નગ્નપણું સારૂં ને ખોટું, પુણ્ય પાપમાં જાણો !! ભવ્ય !!;
નગ્નપણું છે અસંખ્ય ભેદે, કર !! પોતાનું શુભ કર્તવ્ય.. ॥ ૫૬ ॥

નચાવ્યો મોહથી નાચ !! ન આતમ !!, મોહે નચાવ!! નહિ જગલોક;
નચાવ !! નહિં નિજમનને મોહે, મોહ નાચથી દુઃખની પોક.॥૫૭॥

નજરને રાખો !! ઉમદા પ્રતિદિન, સારી નજરથી સારૂં થાય;
નજરે દેખી કાર્ય તપાસો !!,-જેથી ભૂલ ચૂક દૂરે જાય. ॥ ૫૮ ॥

નજરચૂકથી ભૂલો થાતી, નજરચૂકથી હાનિ થાય;
નજરચૂકથી ઘાતો થાતી, ચેત્યાથી કદિ ચૂક ન થાય. ॥ ૫૯ ॥

નબળાઇ તે મૃત્યુ ભીતિ, મરવાથી ડરવું તે જાણ ! !;
નબળાઇ તે દેહાધ્યાસજ, પાપવડે ધરવા નિજ પ્રાણ. ॥૮૮॥
નબળાઇ તે હિંસા ચોરી, વ્યભિચારને જૂઠો ગર્વ;
નબળાઇ તે બીવું ડરવું, જડમાંહી ગણવું નિજ સર્વ. ॥૮૯॥
નબળાઇ તે જૂઠી મમતા, સ્વાર્થમાંહી રહેવું ગુલતાન;
નબળાઇ તે પરોપકારે, વાપરવું નહિં તન ધન પ્રાણ. ॥૯૦॥
નબળાઇ તે પરાશ્રયી થઇ, ગુલામી જીવન ગાળવું એહ;
નબળાઇ તે પરતંત્રતા, ભોગાસક્તિ ગણી છે તેહ. ॥૯૧॥
નબળાઇ તે નીતિ તજવી, અધર્મ્ય ધારણ કરવો કામ;
નબળાઇ તે ધૂર્તપણું છે, અંતર્ રહેવું નહિં નિષ્કામ. ॥૯૨॥
નબળાઇને ટાળો ! ! આતમ ?, ધારો ! ! આતમની સબળાઇ;
નબળાઇ નામર્દપણું છે,-તેથી પડતી છે દુઃખદાઇ. ॥૯૩॥
નામર્દો કદિ સંત ન થાવે, નામર્દો પામે નહિં જ્ઞાન;
નામર્દો ભક્તો નહિં થાવે, નામર્દોમાં છે નહિં તાન. ॥૯૪॥
નામર્દો મરવાથી બીવે, ગૃહસ્થને ત્યાગી નહિં થાય;
નામર્દો જીવનના સ્વાર્થી, પડતીમાંહી ચાલ્યા જાય. ॥૯૫॥
નામર્દોમાં શક્તિ નહિં છે, નામર્દોમાં નહિં વૈરાગ્ય;
નામર્દોમાં દયા દાન નહિં, સાહસ શૂરપણું નહિં જ્ઞાન. ॥૯૬॥
નામર્દો છે ગાડરીયા સૌ, જ્યાં ત્યાં બીવે નાશી જાય;
નામર્દો ભાગે છે ભયથી, કર્ત્તવ્યોથી ભ્રષ્ટજ થાય. ॥૯૭॥
નામર્દો રક્ષે નહિં કોને, સબળાઓના બને ગુલામ;
નામર્દો જર જોરૂ ન રક્ષે, નામર્દો રક્ષે નહિં દામ. ॥ ૯૮ ॥
નામર્દો ઘરબાર ન રક્ષે, નામર્દો રક્ષે નહિં ધર્મ;
નામર્દો નહિં દેશને રક્ષે, નામર્દોમાં ભારે ભર્મ. ॥ ૯૯ ॥
નામર્દો અતિકામી બૂરા, દેશ કોમનો કરે વિનાશ;
નામર્દો ત્યાગી નહિં થાતા, ધારે નહિં પ્રભુમાં વિશ્વાસ. ॥ ૧૦૦ ॥
નામર્દોમાં દૈન્યપણું છે, મૃત્યુ બીકથી ભાગી જાય;
નામર્દો રણમાંથી ભાગે, જીવનના સ્વાર્થોને ચ્હાય. ॥ ૧૦૧ ॥

નામર્દો છે બાયલા જેવા, જડ આતમ સુખ એથી ભ્રષ્ટ;
નામર્દોથી દેશ ગુલામી, નામર્દો છે ધર્મથી ભ્રષ્ટ. ॥ ૧૦૨

નામર્દોમાં ન્યાય ન નીતિ, પરમાર્થે અર્પાઈ ન જાય;
નામર્દો જે નર ને નારી,–તે જીવંતાં દાસ ગણાય. ॥ ૧૦૩

નામર્દો નિજ ફરજ ન ધારે, કર્ત્તવ્યોથી ચૂકી જાય;
નામર્દોમાં જ્ઞાન ન સેવા, નહિં ઉત્સાહને શૌર્ય સહાય. ॥ ૧૦૪

નામર્દોને મર્દ બનાવો !!, મર્દ બનીને જગમાં જીવ !!;
નભીશ નહિં નામર્દાઈથી, જગમાં એવું જાણ !! સદીવ. ॥૧૦૫॥

નામર્દાઈને કર !! દૂરે, મર્દ બનીને સહીલે !! દર્દ;
મર્દ મરીને સ્વર્ગને પામે, આ ભવમાં સુખ પામે મર્દ. ॥ ૧૦૬ ।

નભવું જ્ઞાનક્રિયાથી જગમાં, નભતા નહિં નિર્મલ નાદાન;
નભવું શક્તિયોથી જગમાં, નભવામાટે ધર !! શુભજ્ઞાન. ॥૧૦૭

નભવું ગુણકર્મોથી થાતું, આત્મશક્તિથી નભવું થાય;
નભવાનાં સહુ કારણ જાણી, ઉદ્યોગી થા !! દુઃખો જાય. ॥ ૧૦૮ ।

નમું નમું શ્રી માત પિતાને, પાળી પોષ્યો જેણે દેહ;
નમું નમું શ્રી સદ્‌ગુરૂવરને, જેણે નિજને કર્યો વિદેહ. ॥ ૧૦૯ ॥

નમું નમું જગ ઉપકારીને, જેઓએ કીધા ઉપકાર;
નમું નમું દુર્જન લોકોને, નિંદી શિક્ષા આપે સાર. ॥ ૧૧૦ ॥

નમું નમું સ્વજનોને પ્રેમે,–જેણે મુજપર ધારી પ્રીત;
નમું નમું બાંધવ મિત્રોને,–જેણે દેખાડી શુભ રીત. ॥ ૧૧૧ ॥

નમું નમું સાધુ સંતોને,–જેણે આપ્યો સારો બોધ;
નમું નમું હું સંતજનોને,–જેથી પામ્યો ઉત્તમ શોધ ॥ ૧૧૨ ॥

નમું નમું હું સર્વ જીવોને, મુજપર સૌનો છે ઉપકાર;
નમું નમું ઉપગારી સહુને, ઉપગારીના ધન્ય અવતાર. ॥ ૧૧૩ ॥

નમું નમું હું સર્વ વિશ્વને, સકલ વિશ્વ મુજ ગુરૂસમ બેશ;
નમું નમું હું શિષ્યોને સહુ, ઉપગારી જે પુરા હમેશ. ॥ ૧૧૪ ॥

નમું નમું હું જ્ઞાનીઓને, યોગીઓને કરું પ્રણામ;
નમસ્કાર કરીને સહુને [illegible] ગુરુહિત દાસ. ॥ ૧૧૫ ॥

નમસ્કાર ગુણિયોને થાશો, નમે ગમે તે સૌને જાણુ !!;
નમવામાં અભિમાન કર્યું તો, માફી માગી લાવું ભાન. ॥ ૧૧૬ ॥
નમાલો થા !! નહિં આતમ કયારે, દુર્ગુણીઓમાં પણ છે માલ;
નમાલું જીવન ગાળ !! ન આતમ !!, સદ્‌ગુણથી લે !! નિજ સંભાળ.॥૧૧૭॥
નમાવે શત્રુને તે જૈનો, દ્રવ્યભાવ અરિ જીતે જેહ;
નમી નમાવી દે !! શત્રુને, અનંત શક્તિથી જીન દેહ. ॥ ૧૧૮ ॥
નમ્ર બનો !! ગુણીઓની આગળ, નમ્ર બન્યાથી ગુણ પ્રગટાય;
નમ્ર બન્યાથી ભૂલ જણાતી, વિનયથકી વેરી વશ થાય. ॥ ૧૧૯ ॥
નમ્ર બનીને જગમાં ચાલો !!, આતમ !! કરશો નહિ અહંકાર;
નમ્ર બનીને પ્રભુને ધ્યાવો!!, સર્વજીવોથી ધર!! સહકાર. ॥૧૨૦॥
નમ્ર બનીને ગર્વને ટાળો !!, વૃદ્ધગુણનો ધરવો નહિં ગર્વ;
નમ્રબન્યા પણ ભર્મ ન ભાગે, આતમ સમું દેખી હયો!! સર્વ. ॥૧૨૧॥
નમ્ર બની જા !! ગુણીની આગળ, ભક્ત સંતનો બની જા !! દાસ;
નમ્રપણામાં પ્રભુ ઘટ પ્રગટે,–એવો ધારી લે !! વિશ્વાસ. ॥૧૨૨॥
નમ્રપણાથી ગુણ સહુ પ્રગટે, અવગુણ પ્રગટયા વિણસી જાય;
નમ્ર બનો !! આતમ !! જગ મારા, નમ્રપણાથી સુખડાં થાય. ॥૧૨૩॥
નયને નિરખી હયો !! જગ સારૂં, નિરખીને સહુ શ્રહશો સત્ય;
નયન મળ્યાં છે સારા માટે, નયનવડે કરજે શુભ કૃત્ય. ॥ ૧૨૪ ॥
નયનવડે પુણ્યોને પાપો, થાતાં એવું જગમાં જાણ !!;
નયનને સારા માર્ગે વાપર !!,–તેથી તું થાશે ભગવાન. ॥ ૧૨૫ ॥
નયનમાં ઈર્ષ્યા દ્વેષ ન રાખો !!, નયનમાં રાખીશ નહિં દુષ્કામ;
નયનમાં રાખીશ નહિં દુર્ગુણને, પરના ધનને જાણ !! હરામ.॥૧૨૬॥
નર તે જાણો !! મર્દ ગુણોથી, નર તે જાણો !! હિંમતવાન;
નર તે જાણો !! સાહસી શૂરો, સ્વાર્થે પરાર્થે આપે પ્રાણ. ॥૧૨૭॥
નર તે દાની દયાવંતને, સચ્ચારિત્રી શિરઃ પ્રધાન;
નર તે જ્ઞાની યોગી ભક્તને, નારીરક્ષક ગુણી મહાન. ॥ ૧૨૮ ॥
નર તે નિર્ભય અવ્યભિચારી, સત્યનો પાલક ધારે ન્યાય;
નર થાવું દુર્લભ છે જગમાં, સદ્‌ગુણ કર્મે નરતા થાય. ॥ ૧૨૯ ॥

નારી તે જે શીયળવંતી ને, સત્ય પ્રેમનો જે ભંડાર;
નારી તે જે દયાની દેવી, સેવામાં અર્પાઈ જનાર. ॥ ૧૩૦ ॥

નારી તે જે ભક્તિમંતી, સર્વ કળાની જે છે ખાણ;
નમ્ર અતિને વિનયશીલ જે, સંતતિ અતિથિ પોષક જાણ!!. ॥૧૩૧॥

નારી તે મર્દાઈ ધરે ને, ઘરમાં જગમાં દેવી થાય;
નારીના ગુણ કર્મે રહેતી, નિરાસક્ત કર્ત્તવ્ય સુહાય. ॥ ૧૩૨ ॥

નરનારી જે સ્વાધિકારે,–કરતાં ધર્મ અને શુભ કર્મ;
નરનારી થાવું દુર્લભ છે, પ્રગટાવી નરનારી ધર્મ. ॥ ૧૩૩ ॥

નરનારીના ધર્મ પ્રકાશો!!, નરનારીની કરવી સેવ;
નરનારી તે પ્રભુપદ પામે, નરનારી તે થાવે દેવ. ॥ ૧૩૪ ॥

નરનારીમાં ગુણનીવૃદ્ધિ,–કરવા માટે ફરજ બજાવ!!;
નરનારીને જો!! પ્રભુ ભાવે, સહુમાં આત્મપ્રભુતા ભાવ!!. ॥૧૩૫॥

નર્ક તે પાપથી પુણ્યથી સ્વર્ગજ, પામે છે જગ નરને નાર;
નર્કનું કારણ પાપને રોકો!!, નિષ્કામે ધર!! પુણ્યાચાર ॥૧૩૬॥

નગ્નપણામાં શ્વેતપણામાં, કષાય મુક્ત થવાથી મુક્તિ;
નૈયાયિક આદિ દર્શનીયો, મુક્તિ લહે ધરી સમતા વૃત્તિ. ॥૧૩૭॥

નમ્રાશે છે ઉચ્ચદશા નિજ, કડકપણાથી છે અહંકાર;
નમ્ર બનીને નવનવ ગુણ લે!!, નમ્ર બની કર!! ભક્તિ પ્યાર. ॥૧૩૮॥

નવનવ શોધો થાય જગતમાં, નવા જુની કંઈ થઈને થાય;
નવનવ જ્ઞાન વધે છે સૌમાં, નવનવ સમજાતા પર્યાય. ॥ ૧૩૯ ॥

નવયૌવનમાં ખત્તા ખા!! નહિં, નવયૌવનમાં ખા!! નહિ ઠેસ;
નવયૌવન છે ગદ્ધા જેવું,–જેવી તોફાની થઈ ભેંસ. ॥ ૧૪૦ ॥

નવયૌવન છે રેલના જેવું, નવયૌવન વિદ્યુત્ ચમકાર;
નવયૌવનમાં તોફાનો બહુ, નવયૌવનમાં રસ પણ સાર. ॥ ૧૪૧ ॥

નવયૌવનમાં ખસી પડો!! નહિ, ક્ષણક્ષણ યૌવનને સંભાળ!!;
નવયૌવનમાં ધર્મ કરી લે!!, દેવગુરૂપર ધરજે પ્યાર. ॥૧૪૨॥

નવધા ભક્તિ કરવી સુખકર, નવધા ભક્તિ વિશ્વ પ્રચાર;
નવધા ભક્તિ સમ્યક્ સમજો!!, કરશો મોહાદિક સંહાર!!. ॥૧૪૩॥

નવધા ભક્તિની શુભ પૂજા,–રચી સમજાવ્યું ભક્તિસ્વરૂપ;
નવધા ભક્તિ જેઓ ધારે,–તેઓ પડતા નહિં ભવકૂપ ॥૧૪૪॥

નવરસ આધ્યાત્મિક છે જૂદા, જ્ઞાનધ્યાનથી નવરસ સ્વાદ;
નવરસ મૂળ પણ આતમરસ છે, પામંતાં નહિં વાદવિવાદ. ॥૧૪૫॥

નવરસ રૂપી આતમરસ જે,–પામ્યો તે જગધરે ન મોહ;
નવરસ ક્ષણુ ક્ષણુ આતમ જ્ઞાને,–પામે તેને હોય ન દ્રોહ. ॥૧૪૬॥

નવરસ આતમ જ્ઞાને પામે, વિષયરસો તસ છૂટી જાય;
નવરસ રાજસ તામસ સાત્વિક,–આત્મિક સમજે તે સુખપાય. ॥૧૪૭॥

નવરાસે કર ! ! ધર્મનાં કાર્યો, નવરાસે કર ! ! પ્રભુથી પ્રેમ;
નવરાસે કર ! ! સંતની સેવા, નવરાસે કર ! ! સાચી રહેમ ॥ ૧૪૮ ॥

નવરા બેસી રહેવું ન કયારે, નવરા બેઠયાં નખોદ જાય;
નવરા બેઠાં દુર્ગુણ આવે, વ્યસનો પણ દિલમાં પ્રગટાય. ॥ ૧૪૯ ॥

નવરામાં આળસ બહુ આવે, નિદ્રા વિકથા થાય પ્રવેશ;
નવરા રહેતાં ખાદ પડે બહુ, પ્રગટે બીજા મોહે કલેશ. ॥ ૧૫૦ ॥

નવાઈ પામ ! ! જ્યાં સદ્ગુણ દેખે, નવાઇ પામજે દેખી જ્ઞાન;
નવાઇ પામજે નવનવ શોધે, નવાઈ પામ ! ! મળે ભગવાન ॥૧૫૧॥

નવાઈ જેવું છે નહિં જગમાં, જેની અસ્તિ તે પ્રગટાય;
નવાઈ લાગે છે અજ્ઞાને, જ્ઞાનવડે અચરજ નહિં થાય. ॥ ૧૫૨ ॥

નવું જગ સહુ પર્યાયે થાતું, દ્રવ્યપણે જગ એહનું એહ;
નવુ ને જૂનું પર્યાયે સહુ,–સમજે એવું જ્ઞાની જેહ. ॥ ૧૫૩ ॥

નસીબ તારૂં જેવું તેવું, સંપ્રતિ તેવું સુખ દુઃખ થાય;
નસીબ માની બેસી ન રહેવું, ઉદ્યમથી નસીબજ બંધાય. ॥૧૫૪॥

નસીબ પ્રારબ્ધજ બે એક છે, ઉદયમાં આવ્યાં કર્મ તે જાણ ! !;
નસીબનો જે પડદો જાણે,–તેને પ્રગટે અનુભવ જ્ઞાન. ॥ ૧૫૫ ॥

નહાવું ધોવુ ખાવું પીવું, ચાલવું દોડવું કર્મથી થાય;
નાસવું ને સ્થિર રહેવું કર્મે, કર્મે દેહાદિક પર્યાય. ॥ ૧૫૬ ॥

નથી દુનિયામાં તારૂં કોઇ, મારૂં મારૂં કરે શું ? ચેત ! !;
નહીં છે તારૂં ત્યાં શું ? મુંઝે, શિરપર કાળ ઝપાટા દેત. ॥૧૫૭॥

નહીં જ્યાં સુખની આશા કિંચિત્, જડમાં ત્યાં શું સુખની આશ
નહીં જ્યાં સુખ ત્યાં દુનિયા લોકો,-ધરતા સુખબુદ્ધિ વિશ્વાસ. ॥૧૫
નહીં જ્યાં તન મન પ્રાણ ખરેખર, આતમ !! તારો ત્યાં છે વાસ,
નહીં ત્યાં જન્મ જરાને મરવું, ત્યાં તારૂં ઠેકાણું ખાસ. ॥ ૧૫૯
નહીં જ્યાં આધિ વ્યાધિ ઉપાધિ, ત્યાં પૂર્ણાનંદ તું છે ખાસ;
નહીં જ્યાં પુદ્ગલના પર્યાયો, ત્યાં તું અસંખ્ય પ્રદેશી વાસ. ॥૧૬૦
નહીં જન્મને નહીં જ્યાં મરવું, ત્યાં તારી મુક્તિ છે બેશ;
નક્કી એવું નિશ્ચય કરીને, પામો !!, મુક્તિ શર્મ હમેશ ॥૧૬૧
નાક ગયું તો ગયુંજ સમજું, સ્વાર્પણ કરીને નાકને રાખ !!;
નાકને માટે સારા લોકો, જીવે છે તું સાચું ભાખ !!. ॥૧૬૨॥
નાક સરલ તો સરલપણું છે, નાકની ઉપર ધર !! નહિં દાગ;
નાકની ઉપર માંખી ન બેસે,-એવો ધર !! તું રાગ વિરાગ ॥૧૬૩॥
ના કોવત જગમાં નહિં જીવે, ના કૈવતથી લોક ગુલામ;
ના કોવત ત્યાં ધર્મ નહિં છે, કૌવત ત્યાં છે ધર્મનું ધામ. ॥૧૬૪॥
નામી હે !! જે દુર્ગુણ સઘળા, ના કૌવતને કાઢો !! દૂર;
નામનું રાખનું વિવેક ધારી,-તેથી સુખ પ્રગટે ભરપૂર. ॥૧૬૫॥
નાગોના ગુણ લે !! જે તું સારા, વ્યવહારે ધર !! નહિં નાગાઈ,
નાગને છેડે ક્રોધ કરે !! નહિં, સાધુ છેડે ધર !! સાધાઈ. ॥૧૬૬॥

નાટકશાળા દુનિયા સઘળી, નાટકશાળા મનડું જાણુ ! !;
નાટકીયો તું પોતે આતમ !!, કર્મોદયથી વિશ્વ વખાણુ !!. ॥૧૭૨॥
નાટકીયો તું નવનવ નાટક,—કરતો ભવમાંહી ભટકાય;
નાટક તારૂં સૌ દુઃખકારક, નિજ કીધાં નિજને વેદાય. ॥૧૭૩॥
નાટક નાચો ! ! એવું આતમ ! !, કે જેથી ભવ દુઃખો જાય;
નાટક નાચો ! ! નાટકીયા થૈ, નાટકશાળા વિણુસી જાય. ॥૧૭૪॥
નાટક સાચું જ્ઞાન ચરણ છે, નાટક સાચું સેવા ભક્તિ;
નાટક સાચું ક્રિયા યોગ છે,—જેથી પ્રગટે પ્રભુપદ વ્યક્તિ. ॥૧૭૫॥
નટ નાગર થૈ નાટક નાચો ! !, અંતરમાં ધરી સાક્ષી ભાવ;
નાટકીયા પેઠે જગ વર્તો !!, જ્યાં ત્યાં ધરો !! ન મમતા ભાવ. ॥૧૭૬॥
ન્યારો રહી તું નાટક કરજે, કર્મોદયના ખેલો ખેલ ! !;
ન્યારૂં નાટક આતમ ગુણનું,—કરજે પ્રગટે રસની રેલ. ॥૧૭૭॥
નાટક કર્મને આત્મભાવનું,—બે જાણી નાટકપદ ધાર ! !;
નાચો!! રાચો!! આતમપદમાં, ગુણ પર્યાયનું નાટક સાર. ॥૧૭૮॥
નાડ તપાસી કરવાં કાર્યો, નાડ તપાસી ઔષધ આપ ! !;
નાડ ન જાણે હૃદય ન જાણે,—તે પામે છે દુ:ખની છાપ. ॥૧૭૯॥
નાડ ન જાણે તે દિલ જાણે, નાડ થકી સઘળું પરખાય;
નાડી જ્ઞાનનું રહસ્ય જાણે, ઉપકારી તે જગમાં થાય. ॥૧૮૦॥
નાદાની ત્યજ ! ! ધરી પરાક્રમ, નાદાની ત્યજ ! ! દેઈ દાન;
નાદાની ત્યજ!! કરીને સ્વાર્પણ, નાદાની ત્યજ !! પામી જ્ઞાન. ॥૧૮૧॥
નાદાની ત્યજ ! ! ઉદારતાથી, નાદાની ત્યજ ! ! આપી ભોગ;
નાદાની તે નબળાઇ છે, નાદાનીના ત્યજ !! સંયોગ. ॥૧૮૨॥
નાબુદ કર ! ! સૌ દુષ્ટ વિચારો, નાબુદ કરજે અશક્તિ દ્રોહ;
નાબુદ કરજે ઇર્ષ્યાગ્નિને, મોક્ષ પગથીએ કર ! ! આરોહ. ॥૧૮૩॥
નાબુદ કર ! ! બહિરાત્મપણાને, નાના દોષો કર ! ! સૌ દૂર;
નામના કરતા મુક્તિમાટે, કર્તવ્યોને કર ! ! થઇ શૂર. ॥૧૮૪॥
નાનુ પણ ઉપયોગી સારૂં, અનુપયોગી મોટું ત્યાગ ! !;
નાનુ મોટું જે ઉપયોગી,—તેના ઉપર ધરજે રાગ. ॥૧૮૫॥

નાનાની કદિ કરો !! ન હાંશી, નાનામાંથી મોટું થાય;
નાનામાંથી મોટા થાતા, સર્વે એ કુદરતનો ન્યાય. ॥૧૮૬॥

નાત જાતનું ભલું ચિંતવો !!, નાત જાતનું કરો !! હિત કાજ;
નાની કોમો સઘળી રક્ષો ! !, સ્વતંત્ર રક્ષણમાં સામ્રાજ્ય. ॥૧૮૭॥

નાતોના ભેદે નહિં લડવું, નાત ભેદથી કરો ! ! ન કલેશ;
નાત છે, સર્વ જીવોની એકજ, સચ્ચિદાનંદ રૂપ હમેશ. ॥૧૮૮॥

નાથ નિરંજન અરિહંત દીન, વીતરાગ જીનવર પ્રભુ દેવ;
નાથ પ્રભુ એવો જ્યાં શિરપર, ત્યાં પ્રગટે છે ભક્તિ સેવ. ॥૧૮૯॥

નામાંકિત થતા તે લોકો,-જેઓ કરતા પરોપકાર;
નામાંકિત થતા ભક્તો સૌ, વિશ્વ જીવોના પાલણહાર. ॥૧૯૦॥

નાણું ઠાણું સાચું રાખો ! !, સાચો રાખો ! ! સૌ વ્યવહાર;
નામા ઠામાના ગોટાળા, જ્યાં અંતે ત્યાં પડતી ધાર !!. ॥ ૧૯૧ ॥

નારાજી ધર ! ! નહિં દિલમાંહી, દુઃખમાંહી પણ સુખને ભાવ!!;
નારાજી ને રાજી એ સહુ, પાપ અને છે પુણ્યના લ્હાવ. ॥ ૧૯૨ ॥

નાલાયકની સંગ કરો !! નહીં, નાલાયકનો ત્યજ !! વિશ્વાસ;
નાલાયકને લાયક કરવા, ઉપદેશો આપો ! ! શુભ ખાસ. ॥ ૧૯૩ ॥

નાશ કરીશ નહિં ઉપયોગીનો, પ્રાણીઓનો કર ! ! નહિં નાશ;
નાશ કરંતાં લાભાલાભનો,-વિચાર કરજે દિલમાં ખાસ. ॥ ૧૯૪ ॥

નાશ ન થાતો આત્મ તત્ત્વનો,-એવો મનમાં નિશ્ચય ધાર ! !;
નાશ કરંતાં પહેલાં દિલમાં, દયા ધર્મનો કર ! ! સુવિચાર. ॥૧૯૫॥

નાસ્તિકની છે માન્યતા જૂઠી, માને નહિં ઇશ્વરને મુક્તિ;
નાસ્તિકને છે આસ્રવવૃદ્ધિ, નાસ્તિક કરતો મિથ્યા યુક્તિ. ॥૧૯૬॥

નાસ્તિકની છે અવળી બુદ્ધિ, સવળુ પણ અવળુ પ્રણમાય;
નાસ્તિક સાથે વાત કરંતાં, અંતે તેને લાભ ન થાય. ॥ ૧૯૭ ॥

નાસ્તિકને પ્રતિબોધે જ્ઞાની, અતિશયવંતા જેઓ સંત;
નાસ્તિક બુદ્ધિથી જગમાંહી, પાપાચાર વિચાર વહંત. ॥ ૧૯૮ ॥

નાહક કોઇને દુઃખ ન દેજે, નાહક કોને નહીં સતાવ ! !;
નાહક કોને પીડા કર !! નહિં, નાહક કોથી કર !! નહિં દાવ. ॥૧૯૯॥

નિકટ રહેલા લોક સુધારો !!, નિકટ રહ્યાની કર !! સંભાળ;
નિકટ રહ્યાની કરી પરીક્ષા, નિકટ રહ્યા પર ધરજે વ્હાલ. ॥૨૦૦॥
નિગ્રહ કરજે ઇન્દ્રિયોનો, મનનો નિગ્રહ કર !! થઇ શૂર ;
નિગ્રહ કરતાં શક્તિ પ્રગટે, દિલમાં પ્રગટે આનંદ પૂર. ॥ ૨૦૧ ॥
નિર્ભય થઇને કર !! સહુ કાર્યો, જીવન મરણમાં નિર્ભય થાવ !!;
નભની પેઠે આતમ જાણી, નિશ્ચય નિર્ભયતાને લાવ !!. ॥ ૨૦૨ ॥
નિર્ભયતા છે આતમ નિશાની, નિર્ભયતાનાં કારણ સેવ !!;
નિર્ભયતા જો !! સાચી પ્રગટી,–તો તું જાતે નિશ્ચય દેવ. ॥ ૨૦૩ ॥
નિર્ભયતા છે ત્યાં દુઃખ નહિં છે, નિર્ભયતા ત્યાં છે આનંદ ;
નિર્ભયતા ત્યાં શૂરવીરતા, ભીતિના સહુ નાસે ફંદ. ॥ ૨૦૪ ॥
નિડર બને છે જ્ઞાની યોગી, નિડર બને છે શૂરા લોક ;
નિડર બને છે સંતો ભક્તો, દુઃખ પડતાં પાડે નહિં પોક. ॥ ૨૦૫ ॥
નિડરપણું છે પ્રભુકૃપાથી, જ્ઞાનથકી નિર્ભયતા થાય ;
નિર્ભયરૂપે તેહ બને છે,–જેના દીલમાં પ્રભુ પ્રગટાય ॥ ૨૦૬ ॥
નિત્ય નિરંજન આતમ !! તું છે, દેહ વિનાશે આતમ નિત્ય ;
નિત્યાતમનો નાશ ન થાવે,–એવી શ્રદ્ધા રાખ !! પવિત્ર. ॥૨૦૭॥
નિદાન જાણો !! રોગાદિકનું, સર્વકાર્યનું જાણ !! નિદાન;
નિદાનજ્ઞાને કાર્યનીસિદ્ધિ,–એવું અંતરમાંહી માન !!. ॥ ૨૦૮ ॥
નિદિધ્યાસન કરજે ભાવે, આત્મતત્ત્વની થાય પ્રતીતિ ;
નિદિધ્યાસન યોગ સમાધિ, મળતી જ્યોતિમાંહી જ્યોતિ. ॥૨૦૯॥
નિદેશ સમજે જ્ઞાનીઓનો, જ્ઞાનીઓની આજ્ઞા માન !!;
નિદેશમાં અર્પાઇ જાઇ, આતમશુદ્ધિ કર !! ગુણખાણ. ॥૨૧૦॥
નિદ્રા પણ ઉપયોગી સારી, નિદ્રાવસ્થા શક્તિકાર ;
નિદ્રાસમ વૈરી નહિ કોઇ, નિદ્રા સુખ ને દુઃખ કરનાર. ॥ ૨૧૧ ॥
નિદ્રા દેહ હયાતી પર્યંત, નિદ્રાવણ જગ નહિં જીવાય;
નિદ્રા ઉપયોગી છે સારી, અનુપયોગી દુઃખકર થાય ॥ ૨૧૨ ॥
નિદ્રા જીવન ને મૃત્યુ, સાપેક્ષાએ સમજો !! સત્ય;
નિદ્રિત સારા પાપી લોકો,–કરે ન જેથી જે દુષ્કૃત્ય. ॥ ૨૧૩ ॥

નિર્ધન આળસુ અજ્ઞાનીઓ, અનુદ્યમી લોકો છે જાણુ !!;
નિર્ધનતા છે પૂર્વકર્મથી, આ ભવના પણ દોષ પિછાણુ !!. ॥૨૧૪॥

નિપજ પ્રમાણે ખર્ચ કરે જે, વિવેકથી તે લહે ન દુઃખ;
નિપાત ન થાય તેનો ક્યારે, વિવેકથી વર્તતાં સુખ. ॥ ૨૧૫ ॥

નિપાત થાતો ગુણભ્રષ્ટોનો, વ્યસનીઓનો થાય નિપાત;
નિપાત થાતો દુર્ગુણીઓનો, પ્રતિજ્ઞા લોપે થાય નિપાત. ॥ ૨૧૬ ॥

નિપાત કરવો છે નિજ હાથમાં, ઉંચે ચઢવું છે પણ હાથ;
નિપાતને દુઃખકારક જાણી, કદિ ન કરશો તેનો સાથ. ॥ ૨૧૭ ॥

નિપુણ બનીને જગમાં વર્તો !!, નિપુણ બન્યાથી જગ જીવાય;
નિપુણ વિનાના મૂર્ખાઓથી,-જ્યાં ત્યાં હાસ્યપણું જ કરાય. ॥૨૧૮॥

નિપુણ તરે છે વ્યસનો સર્વે, નિપુણ તરે છે દુર્ગુણ સર્વ;
નિપુણ ભજે છે સદ્ગુણ સર્વે, કરતો નહિં સત્તાદિક ગર્વ. ॥૨૧૯॥

નિબંધ સારા ગુણકર વાંચો !!, પ્રભુ પ્રાપ્તિકર વાંચ !! નિબંધ;
નિબંધ લખશો સારા ગુણકર, પાપનિબંધે થશો ન અંધ. ॥૨૨૦॥

નિભાવ કરજે આશ્રિતોનો, શરણાગતને પૂર્ણ નિભાવ !!;
નિભાવ કરજે સ્નેહીઓનો, નિભાવ કરવા ગુણ પ્રગટાવ !!. ॥૨૨૧॥

નિભાવની શક્તિ પ્રગટાવો !!, ધર્મમાર્ગમાં સત્ય નિભાવ !!;
નિભાવી લેજે સામાન્યોને, ઉદારતાનો લાવી ભાવ. ॥ ૨૨૨ ॥

નિભાવી લેજે જેવું તેવું, દ્રવ્યાદિક શક્તિ અનુસાર;
નિભાવ !! કરજે સ્વાન્યોનો જગ, નિભાવવાની શક્તિ ધાર !!. ૨૨૩

નિભાવવા જે અન્યોને તે, સહેલું નહિં છે કાર્ય લગાર;
નિભાવી જાણે તેને ધન્ય છે, નિભાવવામાં શક્તિ અપાર. ॥૨૨૪॥

નિભાવવામાં આત્મભોગ છે, ક્ષમા ધીરતા ઉદાર ભાવ;
નિભાવવું સદ્ગુણથી થાતું, નિભાવવાનો ગુણ પ્રગટાવ !!. ॥ ૨૨૫ ॥

નિભાવવું સૌ સારા માટે, સારૂં સઘળું કરજે નિભાવ;
નિભાવ સંબંધી લોકોને, પ્રગટ્યા ગુણને રક્ષ !! નિભાવ. ॥ ૨૨૬ ॥

નિમકહરામી ન થાજે ક્યારે, નિમકહરામીને ધિક્કાર;
નિમકહરામી કૃતઘ્ન લોકો, જ્યાં ત્યાં પામે બહુ ધિક્કાર. ॥૨૨૭॥

નિમક ન થાજે પ્રભુભક્તિમાં, નિમક ન થઈ સંતોને સેવ !!;
નિમ્નતા છે કાર્ય સિદ્ધિકર, સત્કાર્યોમાં સાચી ટેવ. ॥ ૨૨૮ ॥

નિમાજ પઢતા મુસ્લીમ લોકો, કરે ખુદાની પ્રાર્થના નિત્ય;
નિમાજ તે પ્રભુ ભક્તિ સ્તવના,—જેથી મનડું થાય પવિત્ર. ॥૨૨૯॥

નિમિત્ત જેવાં પામે આતમ, અંતર્ આતમ તેવો થાય;
નિમિત્ત સારાં સેવો !! આતમ !!,—જેથી દુર્ગુણ દોષો જાય. ॥૨૩૦॥

નિમિત્ત સામગ્રી સહુ સારી,—ત્યાં છે સુખનો આવિર્ભાવ;
નિમિત્ત વણ સુધરે નહિ કોઇ, નિમિત્ત વણ નહિં કાર્યનો લ્હાવ. ॥૨૩૧॥

નિયમિત સઘળાં કાર્યો કરવાં, નિયમિત ચલાવો !! સહું વ્યવહાર;
નિયમિત રીતે કાર્યકર્યાથી, માનવ થાતો જગ હુંશિયાર. ॥૨૩૨॥

નિયમિત રીતે કાર્યકર્યાથી, અનેક કાર્યો શીઘ્ર સધાય;
નિયમિત રીતે જેઓ વર્તે, પ્રામાણિક તે જગમાં થાય. ॥ ૨૩૩ ॥

નિયુક્ત કરજે કાર્યમાં મનડું,—જેથી કાર્યની સિદ્ધિ થાય;
નિયુક્ત નિશ્ચલતાવણ માનવ, અનધિકારે બહુ અથડાય. ॥૨૩૪॥

નિરખો !! નિજાતમ સમ સૌને, માતાસમ પરનારી દેખ !!;
નિરખી હયો !! સારૂં સહુ જગમાં, દુર્ગુણ દોષો દૂર ઉવેખ !!. ॥૨૩૫॥

નિરધારીને કર !! કર્તવ્ય, સમકિતનો કરજે નિરધાર;
નિરધારો !! સદ્ગુણગણ મનમાં, સત્યાસત્યનો કર !! નિરધાર. ॥૨૩૬॥

નિરપેક્ષી જ્ઞાનીઓ કિંચિત્, સાધુઓ છે નિઃસ્પૃહ કોઇ;
નિરંકુશ જ્યાં નરને નારી,—ત્યાં દુઃખી જન રહેતા રોઈ. ॥ ૨૩૭ ॥

નિરંકુશ સારા નહિં મૂઢો, નિરંકુશ પાપી દુઃખકાર;
નિરંકુશ રહેવું નહિ સારૂં, યાવત્ છે અજ્ઞાન લગાર. ॥ ૨૩૮ ॥

નિરંકુશ જ્યાં દેશ કોમ છે,—ત્યાં અજ્ઞાને પડતી થાય;
નિરંકુશતા સારી ખોટી, સાપેક્ષિક જ્ઞાને સમજાય. ॥ ૨૩૯ ॥

નિરંજન છે નિર્મલ આતમ, નિરંતર તસ કરજે ધ્યાન;
નિશ્ચલ અસંખ્યપ્રદેશી તું છે, ધ્યાન ધરીને થા !! ભગવાન્. ॥૨૪૦॥

નિરાકરણ કર !! સત્યતત્ત્વનું, સુખનો નિશ્ચય કરીને ચાલ !! ;
નિરાધાર આતમ !! પણ તું છે, સર્વ જગત્નો પ્રભુ આધાર. ॥૨૪૧॥

નિરાશ થા !! નહિ સત્કાર્યોથી, મોક્ષાશાએ જગમાં જીવ !!;
નિરાશ થાવું તે મૃત્યુ છે, આશા અમૃત જાણ !! સજીવ. ॥૨૪૨॥

નિરાશ છે અંધકાર ઘણો જગ, અંધારાનું પણ છે અંધાર;
નિરાશ બન !! નહિ પ્રભુ પ્રાપ્તિમાં, આશાથી પ્રગટે ઉજીઆર. ॥૨૪૩॥

નિરાશ થાતાં અશક્તિયો છે, આશામાં શક્તિ ને સુખ;
નિરાશ એ છે મૃત્યુ નક્કી, નિરાશમાંહી પ્રગટે દુઃખ. ॥ ૨૪૪ ॥

નિરાશ કર !! નહિં શ્રદ્ધાળુને, નિરાશના બોલો નહિં બોલ !!;
નિરાશના નહિં કરો !! વિચારો, આશાનો મોટો છે તોલ. ॥૨૪૫॥

નિરાશ કર !! નહિં વિશ્વાસીને, નિરાશ કરતાં હિંસા થાય;
નિરાશના છે અનેક ભેદો,—સમજે તેની ભ્રાંતિ જાય. ॥૨૪૬॥

નિરાંતવાળી એવી રહે નહિં, પરમાર્થીને નહિં નિરાંત;
નિરાંત સારી ખોટી જાણો !!, નિરાંત નહિં સાચો !! એકાંત. ॥૨૪૭॥

નિરાંત તે વિશ્રામો સારો, નિરાંતથી પ્રગટે પુરુષાર્થ;
નિરાંત લેવી બળ રક્ષાર્થે, સ્વાર્થે પણ એ છે પરમાર્થ. ॥ ૨૪૮ ॥

નિરીક્ષણ કરી આતમમાંહી, દુર્ગુણ ટાળી ગુણ પ્રગટાવ !!;
નિરીક્ષણ કરતાં નિર્મલતા, કાર્યસિદ્ધિનો છે સદ્ભાવ. ॥ ૨૪૯ ॥

નિરીક્ષણ કર !! રાત્રી દિવસમાં,—કર્યાં કાર્યનું ધરી વિવેક;
નિરીક્ષણથી ગુણો પ્રગટતા, પ્રગટે પ્રતિક્રમણની ટેક. ॥ ૨૫૦ ॥

નિરુત્તર રહેવું તે સારું,—ગાંડું સાપેક્ષાએ જાણ !!;
નિરુત્તરના ભેદ ઘણા છે સમજે સારા મનમાં આણ !!. ॥ ૨૫૧ ॥

નિરુદ્યોગી જીવન [illegible], મનમાં [illegible];
નિરુદ્યમીને [illegible], પ્રગટે તેને [illegible] ॥ [illegible] ॥

[illegible]
[illegible] ॥ [illegible] ॥

[illegible]
[illegible]

[illegible]
[illegible]

નિર્જન સ્થાનમાં ગોગી રહેતા, અવધૂતોને કે મસ્તાન;
નિર્જન સ્થાનમાં સિંહો રહેતા, હિંસક ચોરો ને શયતાન. ॥૨૫૬॥
નિર્ણય કરીને પહેલો જ્ઞાને.–પછીથી કાર્યનો કર ! ! આરંભ;
નિર્ણય કરીને ફરી જવામાં, અશક્તિને વર્તે છે દંભ. ॥ ૨૫૭ ॥
નિર્ણય કરીને ફરી જવાથી, અશક્તિ ને નિજ હાંસી થાય;
નિર્ણય પણ સંશયમાં રહેતાં, વિનાશતા ત્યાં ત્યાં દેખાય. ॥૨૫૮॥
નિર્ણય કરીને વર્તો ! ! ધર્મો, નિર્ણય કરીને કર ! ! કર્તવ્ય;
નિર્ણયથી છે કાર્યની સિદ્ધિ,–એવો નિશ્ચય લાવજે ભવ્ય !!. ॥૨૫૯॥
નિર્ણય ઉપર પહેલાં આવો ! !,–પછીથી કરજે શુભ શરૂઆત;
નિશ્ચયવણ નહિં આતમ બળ છે, નિશ્ચય તે જીવ્યાનું પાત્ર. ॥૨૬૦॥
નિશ્ચયવણ સંશયી વ્હેમીઓ,–કર્તવ્યોથી વિમુખ થાય;
નિશ્ચયવણ નહિં પુરૂષાર્થતા, સંશયથી કાર્યો છેદાય. ॥ ૨૬૧ ॥
નિશ્ચય સંકલ્પે છે સિદ્ધિ, કરી નિર્ણય ને આગળ ચાલ ! !;
નિર્ણીત કાર્યો કરી વધ !! આગળ, શ્રદ્ધા પ્રીતિથી જગ હાલ !!. ॥૨૬૨॥
નિશ્ચય બુદ્ધિ નિશ્ચલ પ્રજ્ઞા, નિશ્ચય કાર્ય પ્રવૃત્તિ બેશ;
નિશ્ચય કરી વ્યવહારે વર્તો ! !,–તેથી નાસે સઘળા ક્લેશ. ॥ ૨૬૩ ॥
નિશ્ચય કીધો ટકે ન જેનો, મરેલો તે જગમાંહી જાણ ! !;
નિશ્ચય મોક્ષાદર્શ ન જેનો, તેના ભવમાં વર્તે પ્રાણ. ॥ ૨૬૪ ॥
નિર્દય ક્રૂર ને રાક્ષસ જાણો ! !, દયાવંત લોકો છે દેવ;
નિર્દય થા ! ! નહિં ક્યારે આતમ, દયાવૃત્તિથી કરજે સેવ. ॥૨૬૫॥
નિર્દોષી સર્વજ્ઞો સાચા, જગજીવો સૌ દોષી જાણ !! ;
નિર્દોષી કરવાને આતમ !!, દર્શન ચરણ ધરો !! શુભ જ્ઞાન. ॥૨૬૬॥
નિર્દોષી થાવાને આતમ, દોષો હરવા કર !! અભ્યાસ;
નિર્દોષી આતમ સત્તાયે, મોહ દોષ છે જાણો ! ! ખાસ. ॥૨૬૭॥
નિર્દોષી જીવો જે અંશે, તે અંશે કર ! ! તેનું જ્ઞાન;
નિર્દોષી જે પૂરણ અંશે, તે અંશે પૂરણ ભગવાન.. ॥ ૨૬૮ ॥
નિર્બળ તે હિંસક ને જૂઠા, ચોરી વ્યભિચારી કરનાર ;
નિર્બળ તે ક્રોધી માનીને, માયા લોભીના અવતાર. ॥ ૨૬૯ ॥

નિર્લજ્જ તે કામી ને દ્વેષી, હિંસાસક્તિતણા ધરનાર ;
નિર્લજ્જ તે મદિરામાં ભીંજે. નિર્લજ્જ અતિસ્વાર્થી [illegible]. ॥ [illegible] ॥
નિર્લજ્જ તે નિંદક કામીને, ધર્મ દ્રોહ આદિ ધરનાર ;
નિર્લજ્જ તે અજ્ઞાની ક્રોધી, નાસ્તિક મૂઢ ને પાપાચાર. ॥ [illegible] ॥
નિર્લજ્જ તે નિજ કર્મ ધરે નહિ. કર્તવ્યોની શાનો ભાર ;
નિર્લજ્જ તે આગમ નહીં જુવે, માને જે નહિં પ્રભુ આધાર. ॥ [illegible] ॥
નિર્લજ્જ [illegible] ! ! આતમ !!, [illegible] નહિં [illegible]
[illegible] આત્માનંદ [illegible]. ॥ [illegible] ॥
[illegible]

નિવાસ તારો નિત્યને નિર્ભય, નિવાસ તારો સુખમય જાણ !!;
નિવાસ તારો દુઃખ રહિત છે, જાણી નિજપર કર !! કલ્યાણ. ॥૨૮૪॥
નિવાસ તારો ચાર ગતિમાં, અનાદિકાલથી બહુ બદલાય;
નિવાસ તારો અસંખ્ય પ્રદેશે,—થાવે તો નહિં મૃત્યુ થાય. ॥૨૮૫॥
નિવાસ જગમાં માન્યા જે જે,—કલ્પ્યા જે તે જૂઠા ખાસ;
નિવાસ સાથ ન જે કોઈ આવે,—તેમાં ધર !! તું નહિં વિશ્વાસ. ॥૨૮૬॥
નિવૃત્તિમય જીવન ગાળો !!, નિવૃત્તિમય ચેતન ધર્મ;
નિવૃત્તિ વરવાને માટે, નિષ્કામે કર !! સારાં કર્મ. ॥૨૮૭॥
નિવૃત્તિથી મુક્તિ મળતી, વૃત્તિથી બંધાવું થાય;
નિવૃત્તિને આત્મસ્વભાવે, આત્મોપયોગે તે વેદાય. ॥૨૮૮॥
નિવૃત્તિને અર્થે પ્રવૃત્તિ,—કરવી તે છે મુક્તિ હેત;
નિવૃત્તિનાં સાધન સઘળાં, નિમિત્ત પ્રવૃત્તિ સંકેત. ॥૨૮૯॥
નિવેડા લાવો !! ન્યાય નીતિથી, કર !! ગુરૂને નીવેદન સર્વ;
નીવેદ શુભ અશુભ સૌ કીધું, ગુરૂ નીવેદે રહે ને ગર્વ. ॥૨૯૦॥
નીશદિન આગળ ચાલો !! આતમ, આગળ ધસ !! ધરીને ઉત્સાહ;
નીશદિન મુક્તિ પંથે ચાલો !!, સમાવીને મહાકામના દાહ. ॥૨૯૧॥
નીશદિન ધર્મ કરી લ્યો !! આતમ, નીશદિન કર !! આવશ્યક કર્મ;
નીશદિન જ્ઞાન ચરણને ધારો !!,—તેથી પામો !! મુક્તિ શર્મ. ॥૨૯૨॥
નીશદિન ઉમ્મર ઘટતી જાતી, કરવું હોય તે કરી લે !! ભવ્ય !!;
નીશદિન આતમ શુદ્ધિ કરવા, સંવર નિર્જર શુભ કર્તવ્ય. ॥૨૯૩॥
નીશા ને દિવસ બે ઉપયોગી,—કરે તે જગમાં સુખિયો થાય;
નિશ્ચય આત્મિક સુખને પામી, મુક્તિદશાનો અનુભવ પાય. ॥૨૯૪॥
નિશાન લક્ષમાં રાખી વર્તો !!, પલ પણ ભૂલીશ નહીં નિશાન;
નિશાની તારી જ્ઞાનાનંદ છે, પ્રગટાવે તુજ છેજ પીછાણ. ॥૨૯૫॥
નિશાની ત્હારી આનંદરૂપી, વિષયાનંદની પેલી પાર;
નિશાળ માંહી નિશાની ત્હારી, ઓળખી તું પોતાને ધાર !!. ॥૨૯૬॥
નિશો કરીશ નહીં વ્યસનનો ક્યારે, નિશો કરંતાં આવે ખાદ;
નિશો મજાનો આતમ સુખનો, અનુભવ જ્ઞાન થકી આસ્વાદ !!. ॥૨૯૭॥

નિશ્ચય સમકિત ગુણ પ્રગટાવો ! !, નિશ્ચય ચારિત્ર ગુણ પ્રગટાવ ! !;
નિશ્ચય જ્ઞાનને ઘટ પ્રગટાવી, નિશ્ચય સમતાને મન લાવ !!. ॥૨૯૮॥

નિશ્ચય ધ્યાન સમાધિ રહેતાં, શ્વાસોશ્વાસમાં મુક્તિ થાય;
નિશ્ચય ટાળ્યો ટળે જેહનો,-તે ક્ષણમાં મુક્તિને પાય. ॥૨૯૯॥

નિશ્ચય નયદ્રષ્ટિને ધારી, અંતરૂ ધર ! ! આતમ ઉપયોગ;
નિશ્ચય નયથી આતમ ભાવો !!, સાધો !! એવો નિશ્ચય યોગ. ॥૩૦૦॥

નિશ્ચિન્ત થાજે ધર્મ ધરીને, આત્મોપયોગે નિશ્ચિન્ત થાવ ! !;
નિશ્ચિન્ત થાવું છે તુજ હાથે, આત્મપ્રભુમાં લગની લગાવ ! !. ॥૩૦૧॥

નિષિદ્ધ પંથે જવું ન ક્યારે, નિષિદ્ધ કર્મો કર ! ! નહિં લેશ;
નિષિદ્ધ લાગે અનુભવથી જે,-તેમાં કરવો ન લેશ પ્રવેશ. ॥૩૦૨॥

નિષ્કપટીને પાપ ન લાગે, નિષ્કપટીની થાય ન હાર;
નિષ્કપટી જો મનડું થાવે, તો લાગે છે પ્રભુપર પ્યાર. ॥૩૦૩॥

નિષ્કલંકી ચરિત્ર ધરવું, નિષ્કલંકી ધર ! ! મન કાય;
નિષ્કલંકી રહેવા માટે, ધરજે પ્રેમે નિત્યે ન્યાય. ॥૩૦૪॥

નિષ્કામીને જીવન્મુક્તિ, આવવું અહિં અનુભવાય;
નિષ્કામીનું જીવન સઘળું, પરમાર્થિક કાર્યે હોમાય. ॥૩૦૫॥

નિષ્કામી થા ! ! આતમ જ્ઞાને, નિષ્કામી થૈ સાચું જીવ ! ! ;
નિષ્કામી થૈ પ્રભુપદ વરશો, અંતરૂમાં પ્રગટાવો ! ! શીવ. ॥૩૦૬॥

નિષ્કામે પ્રવૃત્તિ કર ! ! સહુ, ભવ મોક્ષે સંભાવન ધાર ! !;
નિષ્કામી થૈ આત્મોપયોગે, પરમ પ્રભુતા ને ઉદ્ધાર. ॥૩૦૭॥

નિષ્કારણ થાવું નહિં વૈરી, નિષ્કારણ કરવો નહિં ક્લેશ;
નિષ્કારણ પરઘેર ન જાવું, નિષ્કારણ જાવું ન વિદેશ. ॥૩૦૮॥

નિષ્ઠા સાચી રાખી ચાલો ! ! સાચી નિષ્ઠાએ જય થાય;
નિષ્ઠા નીતિ જેની સારી,-તે દુઃખોની પારે જાય. ॥૩૦૯॥

નિષ્ઠા સારી રાખો ! ! આતમ ! ! , રાગ રોષથી રહેશો દૂર;
નિષ્ઠા પ્રામાણિકતા સત્યે, , વાંચ્છિત સુખ મળશે ભરપૂર. ॥૩૧૦॥

નિષ્ઠુર નિર્દય નગુણો થા ! ! નહિં, નિષ્ઠુરતાથી દુર્ગતિ થાય;
નિષ્ઠુરતાથી હિંસા પાપો,-ઉભરાતાં નહિં શાંતિ લહાય. ॥૩૧૧॥

નિષ્ફલ થાતાં કર !! નહિ ચિંતા, સફળ થતાં નહિં ધરવો હર્ષ;
નિષ્ફલ થાવું પાપોદયથી, પુણ્યોદયથી છે ઉત્કર્ષ. ॥ ૩૧૨ ॥

નિઃસંગી થૈ વર્તો !! ચેતન !!, દુનિયામાં નિઃસંગને ધાર !!;
નિઃસંગી જે સર્વસંગમાં, જીવન્મુક્ત તે નરને નાર. ॥ ૩૧૩ ॥

નિઃસંગી થા !! સર્વવસ્તુમાં, સર્વવસ્તુનો કર !! ઉપયોગ;
નિઃસંગી થૈ સર્વવસ્તુમાં,—રહેતાં અંતર્ નહિં સંયોગ. ॥ ૩૧૪ ॥

નિશાસો કોનો લે !! નહિં ક્યારે, દુઃખીના લેજે નહિં શાપ;
નફ્ફટનો વિશ્વાસ ન કરજે, નિષ્કારણ કરજે નહિં પાપ. ॥ ૩૧૫ ॥

નિશાસો લે !! નહિં હિંસક થઈને, નિશાસો લે !! નહિં કરીને પાપ;
નિશાસો લે !! નહિં જૂલ્મ કરીને, અન્યજીવોને નહિં સંતાપ. ॥૩૧૬॥

નિશાસો ને શાપ હોય જે,—અંતરની મહા અગ્નિ જાણુ !!;
નિશાસો લેનારાઓનું, અંતે થાતું બહુ નુકશાન. ॥ ૩૧૭ ॥

નિઃસ્પૃહ થઈને આગળ ચાલે !!, નિઃસ્પૃહતાથી શાંતિ થાય;
નિઃસ્પૃહતાથી પાપ ન થાવે, નિઃસ્પૃહી જ્ઞાની કહેવાય. ॥ ૩૧૮ ॥

નિઃસ્પૃહીના હાથમાં મુક્તિ, જીવન મરણમાં નિઃસ્પૃહ જેહ;
નિઃસ્પૃહીને આતમ આનંદ,—પ્રગટે તેમાં નહિં સંદેહ. ॥ ૩૧૯ ॥

નિઃસ્પૃહીમાં ગુણગણ વૃદ્ધિ, નિઃસ્પૃહી નહિં થાતો દાસ;
નિઃસ્પૃહી સ્વાતંત્ર્યને ધારે, નિઃસ્પૃહી રહેતો ન ઉદાસ. ॥ ૩૨૦ ॥

નિઃસ્પૃહીને તૃણવત્ સઘળું,—તેને કોની નહિં દરકાર;
નિઃસ્પૃહી ત્યાગી મહાસંતો, દેહાદિક અર્પણ કરનાર. ॥ ૩૨૧ ॥

નિંદક લોકો ધોબી જેવા, નિંદક લોકો ભંગી ધાર !!;
નિંદકની ઉપયોગિતા બહુ, પરમલને જે દૂર કરનાર. ॥ ૩૨૨ ॥

નિંદકથી સહુ લોકની શુદ્ધિ, નિંદકથી સહુ ચેતે લોક;
નિંદક અન્યની શુદ્ધિ કરવા, ભંગી પેઠે પાડે પોક. ॥ ૩૨૩ ॥

નિંદક સાફ કરે છે મનને, અન્યોનાં તે ધોબી પેંઠ;
નિંદક લોકો અન્ય જનોની, દુર્ગુણરૂપી ખાવે એંઠ. ॥ ૩૨૪ ॥

નિંદકની છે કાકની દૃષ્ટિ, અન્યોના દોષો જોનાર;
નિંદક મ્હારા જેવો તેવો, મ્હારી શુદ્ધિના કરનાર. ॥ ૩૨૫ ॥

નિંદકની છે અવળી બુદ્ધિ, માંસાહારીથી પણ દુષ્ટ;
નિંદકથી ગુણ નહિં દેખાતાં, દોષદૃષ્ટિથી થાતો તુષ્ટ. ॥ ૩૨૬ ॥

નિંદકથી બીવે નહિં સજ્જન, નિંદક ઉપર ધરે ન રોષ;
નિંદક ઉપર દયાને ધારે, નિંદકના પણ જુવે ન દોષ. ॥ ૩૨૭ ॥

નિંદક ઉપર દ્વેષ ન ધારે, ભક્તોપર નહિં કરતો રાગ;
નિરંજન તે જ્ઞાની યોગી,-જેને રાગ નહિં મન ત્યાગ. ॥ ૩૨૮ ॥

નિંદા કોની કર !! નહિં આતમ, નિંદો ! ! ગર્હો ! ! નિજના દોષ;
નિજ ભૂલો ને દેખો ! ! ત્યાગો ! !,-તેથી થાશે શુભ સંતોષ. ॥૩૨૯॥

નિંદા નિજની કરવી સારી, અન્યની નિંદા કરવી વાર ! !;
નિંદક તે ચંડાળજ ચોથો, નિંદાનું મહાપાપ નિવાર ! ! ॥ ૩૩૦ ॥

નિઃસ્નેહી છે નિર્દય સૂકો, નિઃસ્નેહીમાં જડતા ધાર ! !;
નિઃસ્નેહી છે જડના જેવો,-સમજે નહિં જે સાચો પ્યાર. ॥ ૩૩૧ ॥

નિઃસ્નેહીમાં ગુણો ન વિકસે, સુઝે નહિં તેને ઉપકાર;
નિઃસ્નેહીમાં સ્વાર્થ ઘણો છે, કઠોરતાનો છે અવતાર. ॥ ૩૩૨ ॥

નિઃસ્નેહીમાં ભક્તિ ન વિકસે, નિઃસ્નેહીને થાય ન જ્ઞાન;
નિર્મળ સ્નેહે આતમ વિકસે, અંતે તે થાવે ભગવાન. ॥ ૩૩૩ ॥

નીચ ઉંચના ભેદો જાણો ! !, નીચ દુષ્ટનો ત્યજ ! ! વિશ્વાસ;
નીચો હિંસક જૂઠો ચોર છે, વ્યભિચારી દુર્ગુણઘર ખાસ ॥ ૩૩૪ ॥

નીચથી ક્રોધી માની માયી, લોભી ક્રૂર ને ઘાતક જેહ;
નીચ તે ઉપકારોને ભૂલે, ધારે નહિં તે સાચો સ્નેહ. ॥ ૩૩૫ ॥

નીચ તે નગુણો નગુણો માનવ નીચને દયા ન હોય લગાર;
નીચ તે ઉપકારનું ભૂંડું કરવામાં રહેતો તૈયાર. ॥ ૩૩૬ ॥

નીચ તે દુર્ગુણ વ્યસન પૂરે [illegible] વિશ્વાસીનો ઘાતક જેહ;
નીચ તે દેશનો [illegible] જૂઠી સાક્ષી પૂરે તેહ. ॥ ૩૩૭ ॥

નીચ તે હિંસા [illegible] કરતો જેહ;
નીચ તે [illegible] પરના દેહ. ॥ ૩૩૮ ॥

નીચ તે [illegible] કરતો [illegible];
નીચ તે [illegible] ધરે ન [illegible]. ॥ ૩૩૯ ॥

નીચું મુખડું જેથી થાવે,-એવાં કુકૃત્યો તજ !! સર્વ;
નીચું મુખ રાખીને જીવવું, ને કરવો મન ફોગટ ગર્વ. ॥ ૩૪૦ ॥
નીતિનાં સહુ શાસ્ત્રો વાંચો !! નીતિના સહુ વેદ વિચાર !!;
નીતિ ધારો !! દેશકાલથી, હાનિ લ્હાવનો વિવેક ધાર !!. ॥ ૩૪૧ ॥
નીતિનું જીવન ઉપયોગી, નીતિથી ચલવો !! વ્યવહાર;
નીતિ ન્યાય વિનાનું જીવન,-ધરવું તેથી દુઃખ અપાર. ॥ ૩૪૨ ॥
નીતિ રીતિ પ્રીતિ ધારો !!, નીતિથી કરજે કર્તવ્ય;
નીતિની રહેણીમાં રહેવું, નીતિનું ભણતર છે ભવ્ય. ॥ ૩૪૩ ॥
નૃત્ય કરીને જીવવું ન્યાયે, પણ અન્યાયી જીવન ત્યાગ !!;
નાચો !! પ્રભુની પ્રાપ્તિ માટે, સારા વર્તનમાં ધર !! રાગ. ॥ ૩૪૪ ॥
નેક ટેકથી જીવો !! જગમાં, નેક ટેકનું જીવન બેશ;
નેક રહીતો અનેક મળતાં, નાસે સઘળાં દુઃખો ક્લેશ. ॥ ૩૪૫ ॥
નેકી નકામી જાય ન ક્યારે, નેકીથી કર !! સહુ વ્યવહાર;
નેકીથી ધર !! વર્તન સાચું, માન મહત્તા વધશે સાર. ॥ ૩૪૬ ॥
નેકી રાખી જીવો !! જગમાં, નેકીથી દુઃખ સઘળાં જાય;
નેકી રાખે દુઃખ પડે પણ, અંતે શુભવેળા પ્રગટાય. ॥ ૩૪૭ ॥
નેકીથી જે ઠંડો વાગે, સ્નેહીને સુખ શાન્તિ થાય;
નોબત વાગે સત્યની જ્યાં ત્યાં, સત્યથી વર્તતાં દુઃખ જાય. ॥૩૪૮॥
નૌકા તારી ચલાવ !! જ્ઞાને, ભવસાગરનો પામે પાર;
નૌકા આતમ જીવનરૂપી, સમજે તો શિવપુર છે સાર. ॥ ૩૪૯ ॥
ન્યૂનપણું રાખો !! નહિં કિંચિત, ધર્મ કર્મ કરવામાં ભવ્ય !!;
ન્યાય નીતિથી જ્ઞાને સઘળાં,-સમજીને કરશો કર્તવ્ય ॥ ૩૫૦ ॥
ન્યાય ન ધારો !! દુઃખ પડંતાં, પ્રાણ પડે પણ ત્યજ !! અન્યાય;
ન્યાયી સ્વર્ગના રાજ્યને પામે, અન્યાયી તે નર્કે જાય. ॥ ૩૫૧ ॥
ન્યાયનાં સઘળાં શાસ્ત્રો વાંચો !!, કુતર્કો ને ત્યજો !! વિવાદ;
ન્યાયી જીવન ધારણ કરતાં, આભવ પરભવ જશે ન ખાદ. ॥૩૫૨॥
ન્યાયી જીવન ધારણ કરવું, આતમ તારો એ છે ધર્મ;
ન્યાયથી બોલો !! ન્યાયથી ચાલો !!, ન્યાયથી કરજો ન્યાયી કર્મ. ॥૩૫૩॥

ન્યાય અને અન્યાયો જાણે,—એવો ન્યાયી ધારે ન્યાય;
ન્યાયધીશ થવું મહા દુર્લભ, ત્યજશો આતમ સહુ અન્યાય. ॥૩૫॥
ન્યાયતણા સહુ ભેદો જાણો !!, સત્ય રહેણીમાં સાચો ન્યાય;
ન્યાય કરતાં ભૂલોને ખોજે, અંતરથી સમજાય છે ન્યાય. ॥૩૫॥

પ

પપ્પા પ્રભુથી પ્રીતિ ધારો !!, વિષય સ્વાર્થમાં પ્રેમ ન સત્ય;
પાપ કર્મ સઘળાં પરિહરશો, નિષ્કામે કરો !! પુણ્યનાં કૃત્ય. ॥ ૧ ॥
આતમને પરમાતમ કરવા, પ્રગટયો માનવભવ નિર્ધાર;
પવિત્રતા કર !! મનની જ્ઞાને, દેવગુરૂપર કર !! બહુ પ્યાર. ॥ ૨ ॥
સર્વજાતનાં પાખંડ છંડો !!, પગલાં ભરજે ધર્મને હેત;
પુદ્‌ગલ માયા મોહ તજી દો !!, મુકત થવાનો એ સંકેત. ॥ ૩ ॥
પુદ્‌ગલ કર્મથકી તું ન્યારો, અરૂપ અનામી આતમરામ;
અનંતગુણ પર્યાયમયી તું, અનંત શકિતનું તું ધામ. ॥ ૪ ॥
પપ્પા ભણ્યા ગણ્યા કહેવાશો, પ્રભુથી પુરો પ્રેમ લગાવ !!;
પરખો !! આતમ !! રાજા પોતે, અલખ અકલ આતમને જગાવ !!. ॥૫॥
પ્રેમ કરો !! પરમેશ્વર ઉપર, પરસ્ત્રી પરધન પ્રેમ નિવાર !!;
પરધન પત્થર પરસ્ત્રી માતા,—માની વર્તો !! મુકિત થનાર. ॥ ૬ ॥
પ્રકર્ષ કરશો આત્મગુણોનો,— પ્રગટાવો !! નિજ ગુણ પર્યાય;
પિતા ભકિત કરવી બહુ પ્રેમે, પુત્રાદિક પાલન છે ન્યાય. ॥ ૭ ॥
પાપી દુર્જન સંગ કરો !! નહી, પાપીને દ્યો નહી ધિક્કાર;
પરોપકારો નિશદિન કરશો, પ્રભુ સ્મરો !! પલપલ નિર્ધાર. ॥ ૮ ॥
પુણ્ય કર્મ કરશો સુકૃત્યર્થે, પુરો દુઃખી જનની આશ;
પાપાચાર વિચારો !! તજશો, પરતંત્ર બનશો નહીં ખાસ. ॥ ૯ ॥
પૂજો !! દેવ ગુરૂ સંતોને, પંડિત થાવા ધરશો ખંત;
પહેલ કરો !! શુભ કાજમાં વહેલી, પોલ ન રાખો !! સેવા સંત. ॥ ૧૦ ॥
પાપથી પડતી પુણ્યથી ચડતી, પરદારા ભોગે દુઃખરાશિ;
પરતંત્ર દુર્ગુણી મનમોહી, પ્રગટ કરો !! આતમ ગુણવાસ ॥ ૧૧ ॥
પરમેશ્વરની ભક્તિ કરવી, પરમેશ્વર દિલમાં ધરવા;
પંચ પ્રમાણિક માનવ ન્યાયમાં, પરમેશ્વર પ્રેમે વરવા. ॥ ૧૨ ॥

પ્રાણાયામ કરો !! નિયમસર, મનને દેહની પુષ્ટિ થનાર;
પૃથ્વીમાં સહુ સાથે હળીમળી,-રહેવું સમજો !! નરને નાર. ॥૧૩॥
પૃથ્વી પાણી વાયુ અગ્નિ, વનસ્પતિને મહાઆકાશ;
પ્રકાશ છે સહુજીવો માટે,-તેથી જીવો જીવે ખાસ. ॥ ૧૪ ॥
પાણીનો ઉપયોગ કરો !! શુભ, પાણી જતાં રહ્યું ન કાંય;
પાણી જાવા દો નહીં કયારે, પાણીવિના નહીં કિંમત થાય. ॥૧૫॥
પાણીથી છે સહુની કિંમત, પાણી રાખો !! નરને નાર;
પાણીનું રક્ષણ કરશો સહુ, પાણી પ્રભુશક્તિ નિર્ધાર. ॥૧૬॥
પુષ્ટિ કરીએ તનુને મનની, હવા દવાને સદ્ભાવે;
પૂર્ણપણું આતમમાં જાણી, પૂર્ણ બનો !! આતમભાવે. ॥૧૭॥
પરમાતમ જ્યોતિ ગ્રન્થ કીધો, પરમાતમ દર્શન સુખકાર;
એ ગ્રંથોને ભાવે વાંચે,-તે પામે આનંદ અપાર. ॥૧૮॥
પરમાણુઓનું બન્યું પુદ્ગલ, તનુ, પરમાણુ ધૂળ થનાર;
પુદ્ગલમાં શી મમતા પ્રીતિ, અનંત તનુ બદલ્યાં નિર્ધાર. ॥૧૯॥
પટેલાઇ કરે શી ? પંચાતે, પોતાના ગુણ દોષ વિચાર !!;
પર પંચાતે થા !! ના ડાહ્યો, પોતાની ભૂલોને વાર !!. ॥૨૦॥
પુણ્યોદયથી દુઃખ ન પ્રગટે, પુણ્યે પાપનો થાય વિનાશ;
પાપોદયથી દુઃખ થતાં પણ, પુણ્ય કરો!! સુખ શાંતિ આશ. ॥૨૧॥
પાપે પડતી પુણ્યે ચડતી, પાપની ઇચ્છા પ્રગટી વાર !!;
પ્રભુ મળે છે પુણ્યધર્મથી, પડે દુઃખ પણ ધર્મને ધાર !!. ॥૨૨॥
પાણીના પરપોટા જેવી, કાયા માયા વિણશી જાય;
પરને પોતાનું માને પણ, પોતાનું કયારે નહીં થાય. ॥૨૩॥
પલ પછીની નહીં ખબર પડે તુજ, પલપલ પ્રભુને દિલ સંભાર !!;
પલ પણ પ્રભુને વિસારીશ નહીં, પ્રભુની લગની પાકી ધાર !!. ॥૨૪॥
પ્રતિક્રમણ તે પાછા ફરવું, દુરાચાર દોષથી એહ;
પ્રતિક્રમણ મતમાં લાગ્યા, દોષની નિંદા ગર્હા તેહ. ॥૨૫॥
પ્રતિક્રમણ છે પંચ પ્રકારે, દુર્ગુણ દોષોનો પશ્ચાત્તાપ;
પ્રેમે કર !! આતમની શુદ્ધિ, થાશે એવી નિશ્ચય છાપ. ॥૨૬॥

પ્રત્યાખ્યાન આવશ્યક જાણો !!, શુભાશુભ ઇચ્છા પરિહાર;
પુદ્ગલ ખાનનેપાનની ઇચ્છા, આદિ સહુને જ્ઞાને વાર !!. ॥૨૭॥

પોપાબાઈનું રાજ્ય ન ચલવો !!, સદા નભે નહીં પોલંપોલ;
પાપને પાતાળે ઘાલો !!પણ,—પ્રગટ થતું કર !! સત્યનો તોલ. ॥૨૮॥

પલપલ આયુ ઓછું થાતું, ગયો સમય નહીં પાછો આય;
પામર જીવડા ચેતી લે !! ઝટ, પરભવમાંહી ધર્મ સહાય. ॥૨૯॥

પત્ની તે પતિપર છે પ્રેમી, સ્વાર્પણ કરતી પતિને સર્વ;
પતિ સાથે સુખદુઃખ સહચારી, વિનય વિવેકે ટાળે ગર્વ. ॥૩૦॥

પુસ્તક વાંચો !! સાંભળશો શુભ, પરમેશ્વરનું કરશો જ્ઞાન;
પાઠ્ય પુસ્તકો ગુરૂગમ લેઇ, નક્કી કરી વાંચો !! ગુણવાન્. ॥ ૩૧ ॥

પૂજા સંગ્રહ ભાગ રચ્યા એ, પૂજાઓને વાંચો !! ભવ્ય !!;
પૂજક પૂજ્ય બને પૂજાથી, એવું દર્શાવ્યું કર્તવ્ય. ॥ ૩૨ ॥

પ્રભુ થાવું જ્ઞાન ચારિત્રે, જ્ઞાનાનંદ છે પ્રભુનું રૂપ;
પ્રભુ પ્રેમની લગની લાગે, તો નિજ પ્રગટે પ્રભુસ્વરૂપ. ॥ ૩૩ ॥

પ્રશસ્ય, ધર્માર્થે ઉપયોગી, ક્રોધ, માન, માયા ને લોભ;
પ્રસંગ પડતાં કરવા સારા, અશુભ કષાયોને ઝટ થોભ !!. ॥ ૩૪ ॥

પુણ્યાર્થે મુક્તર્થે દેવને, ગુરૂની ધર્મની ભક્તિ હેત;
પ્રકૃતિનું અવલંબન છે, જ્ઞાનીને શુભ કર !! સંકેત. ॥ ૩૫ ॥

પંડિતાઇ એ શા ? ખપની,—જેથી ટળે ન આપદ્ દુઃખ;
પંડિતાઇ એ છે ખપની,—જેથી પ્રગટે સાચું સુખ. ॥ ૩૬ ॥

પુત્ર ખરો તે માત પિતાને, વૃદ્ધ ગુરૂની કરતો સેવ;
પિતાદિ વર્ગનાં દુઃખો ટાળે, માતાપિતા ગુરૂ માને દેવ. ॥ ૩૭ ॥

પદવી માટે તજો !! ખુશામત, ધરે ઉત્તમ ગુણવતને કર્મ;
પ્રગટ કરે જે આનંદ જ્ઞાનને,—તે પામ્યો જાણો !! સહુ ધર્મ. ॥૩૮॥

પવિત્ર થા !! તજ !! પાપ વિચારો, પાપાચારોનો કર !! ત્યાગ;
પવિત્ર કર !! તન મન વાણીને, પવિત્ર થૈને કર !! પ્રભુ રાગ. ॥૩૯॥

પવિત્ર તે જે દુર્ગુણ દોષો,—દુર્વ્યસનોથી રહેતા દૂર;
પ્રકટ પ્રભુ તે જીવંતો જગ, પ્રગટાવ્યું સુખ અનંત નૂર. ॥ ૪૦ ॥

પ્રકટ પ્રભુ સાકારી સંતો,-જેઓનું સહુ ધર્મ સ્વરૂપ;
પૂજા કર!! તેઓની પ્રેમે, પડાય નહિં જેથી દુઃખકૂપ. ॥૪૧॥
પ્રભુને પરખો!! પ્રભુમાં હર્ષો!!, પ્રભુરૂપે થૈ જગમાં જીવ!!;
પ્રભુ શરણ છે પ્રભુપદ અર્થે, શુભ કર્મોથી જીવ સદીવ. ॥ ૪૨ ॥
પ્રભુને દ્વેષી પ્રિયજ નહિં કોઇ, પ્રભુનો સર્વ ઉપર સમભાવ;
પ્રભુનું એ ભગવદ્ ગીતામાં,-કથન છે સાચું જ્ઞાને લાવ!!. ॥ ૪૩ ॥
પ્રેમ તે સાચો પ્રભુ શુરૂને, સત્ય ધર્મની ઉપર થાય;
પ્રેમ ન સાચો તે કહેવાતો, મૈથુન ભોગાર્થે પ્રગટાય. ॥ ૪૪ ॥
પ્રેમ નહીં તે ચામડી રૂપે, ચામડી સ્પર્શે જે પ્રગટાય;
પ્રેમ નહીં તે વિષય સ્વાર્થમાં, ધન સત્તામાંહી જે થાય. ॥ ૪૫ ॥
પતિ પત્ની આદિ જગજીવે, નિષ્કામે પ્રભુ પામવા હેત;
પ્રેમ કરે તે સદ્ગુણ ઉપર, તે પ્રેમે સાચા સંકેત. ॥ ૪૬ ॥
પ્રેમ હૃદય રૂપ પંડિતાઈ, તે તો મગજ સમી છે જાણ!!;
પ્રેમની કિંમત પ્રેમી આંકે, પ્રેમ પ્રતીતે પ્રભુ પ્રમાણ. ॥ ૪૭ ॥
પ્રેમ ન આશુક માશુકનો જે,-મૈથુન કામે સ્વાર્થે થાય;
પ્રેમ ન પુદ્ગલપર જે થાતો, પ્રેમ જે આતમપર પ્રગટાય. ॥૪૮॥
પ્રભુપ્રેમીની પાસ ન હેયું, સહુજીવો પ્રભુરૂપ જણાય;
પ્રભુપ્રેમીની આંખો ન્યારી, શ્રદ્ધાપ્રેમ તે ભક્તિ સુહાય. ॥ ૪૯ ॥
પ્રેમ ત્યાં ભીતિ દ્વેષ ન લજ્જા, પ્રેમ ત્યાં પ્રભુજી હજરાહજૂર;
આત્મપ્રભુ પ્રગટાવે પ્રેમી, પ્રેમીને પ્રભુ છે નહીં દૂર. ॥ ૫૦ ॥
પતિ આદર્શ જે પત્ની સાથે, શુદ્ધપ્રેમથી વર્તે નિત્ય;
પરબ્રહ્મદાપર પ્રેમ ન ધારે, પત્ની સુખ દુઃખમાં સમચિત્ત. ॥ ૫૧ ॥
પ્રેમ શુદ્ધવણ પતિ પત્ની નહીં, ભિન્ન સ્વાર્થ મનની જૂદાઈ;
પ્રેમ જ્યાં ચામડી ભોગે રૂપે, દુઃખ-સંકટમાં જે ન સખાઈ. ॥૫૨॥
પ્રાચીન સાચું હાલનું જૂઠું, જૂઠો એ છે વાદ વિવાદ;
પ્રાચીન સમ્પ્રતિમાં સાચું ને, જૂઠું બન્ને છેજ હયાત ॥ ૫૩ ॥
પૌર્વાત્યોનું સાચું સઘળું, પાશ્ચાત્યોનું સર્વ અસત્ય;
પંડિત એવું કદિ ન માને, બન્નેમાં છે સત્યાસત્ય. ॥ ૫૪ ॥

પ્રતિજ્ઞાપાલન ગ્રન્થ રચ્યો મેં, પ્રતિજ્ઞાપાલન ગુણને હેત;
પ્રભુપદ વરવા કરો !! પ્રતિજ્ઞા, ધર્મ્ય પ્રતિજ્ઞા સુખને હેત. ॥ ૫૫ ॥

પાલન કરતા જેહ પ્રતિજ્ઞા, શકિતયો પ્રગટાવે બેશ;
પાળો !! આતમ કરી પ્રતિજ્ઞા,-તેથી દુઃખના નાસે કલેશ. ॥ ૫૬ ॥

પાપ પ્રતિજ્ઞા કરો !! ન કયારે, પાપ પ્રતિજ્ઞાનો કર !! ત્યાગ;
પરને નિજ ઉપયોગી હિતકર, કરી પ્રતિજ્ઞા પ્રેમે જાગ !!. ॥ ૫૭ ॥

પરાક્રમોને પરોપકારે, આતમ !! જગમાંહી તું જીવ !!;
પગ પહેલા ઉપાડો !! આતમ !!, પાડે જીવો જયાં દુઃખરીવ. ॥૫૮॥

પડતીમાં નહિ શોકને કરજે, ચડતીમાં નહીં ગર્વને ધાર !!;
પડતી ચડતી સર્વજીવોની, કર્મોદયથી છે નિર્ધાર. ॥ ૫૯ ॥

પડતી ચડતીમાં સમભાવે, સત્કાર્યોમાં જીવન ગાળ !!;
પતિત થા !! ના પ્રાણ પડે પણ, આત્મસમા સહુ જીવો ભાળ !!. ॥૬૦॥

પાલકનો કદિ દ્રોહ ન કરજે, છુપાવ !! ના પરના ઉપકાર;
પૂજ્યજનોની સેવા કરજે, નિઃસ્વાર્થે કર !! પરોપકાર. ॥ ૬૧ ॥

પ્રભુ માટે જો !! પ્રભુ માટે રો !!, પ્રભુનો કર !! પૂરો વિશ્વાસ;
પ્રભુપ્રેમી થા !! પ્રભુ ટેકી થા !!, પ્રભુમય થઇ જગજીવ તું ખાસ. ॥ ૬૨ ॥

પ્રભુરૂપ થઇને જીવ !! તું જગમાં, સર્વજીવોને નિજ રૂપ દેખ !!;
પ્રભુમાં નિજમાં સર્વજીવોમાં, આત્મોપયોગે દેખ !! તું ઐકય. ॥૬૩॥

પ્રભુપદ વરવા કર્તા ભોકતા, કરણીમાં ' હું ' ભાવને ત્યાગ !!;
પરમબ્રહ્મધ્યાને તું પણ તે, તત્ત્વમસિ ધ્યાને ઘટ જાગ !!. ॥ ૬૪ ॥

પ્રભુ પ્રભુ વદ !! પ્રભુ પ્રભુ સ્મર !!, શુદ્ધાતમ અર્હં તું ખાસ;
પેખો !! પરમાતમજયોતિ ગ્રન્થ, કીધો પ્રભુસ્વરૂપ પ્રકાશ. ॥૬૫॥

પ્રીતિ શ્રદ્ધારૂપ છે ભકિત, ભકિત પણ છે પ્રભુનું રૂપ;
પ્રેમ જે વ્યાપક શુદ્ધ તે નક્કી, આત્મપ્રભુનું સાધનરૂપ. ॥૬૬॥

પ્રભુ છે સર્વજીવોની પાસે, અજ્ઞાને દેખાતો દૂર;
પ્રભુ છે પાસે જ્ઞાને ઘટમાં, સંતોના દિલ પ્રભુ હજૂર. ॥ ૬૭ ॥

પ્રભુથી કોટિ ગાઉ દૂરે, પાખંડી નાસ્તિક અજ્ઞાન;
પ્રભુમય થઇને જીવે જેઓ . પ્રભુ છે તેઓ પામ્યા જ્ઞાન. ॥ ૬૮ ॥

પ્રભુની સાથે પ્રેમ ન તેનો, જડ મૈથુન સુખમાં ગુલ્તાન;
પરજીવોના પ્રાણને ચૂસે, પાપ કરે જસ ઘટ અજ્ઞાન. ॥ ૬૯ ॥
પ્રભુમાં જીવોમાં ને નિજમાં, શુદ્ધપ્રેમથી ધારો !! ઐક્ય;
પ્રકટ પ્રભુ થાવાને જીવ !! તું, ઉપયોગે પલ પલ જીવ ટેક. ॥ ૭૦ ॥
પ્રભાતમાં ઉઠીને આતમ !!, આત્મપ્રભુના કરો !! વિચાર;
પ્રગટ ગુણો દોષો ક્યા નિજમાં, વિવેકે તેનો કર!! નિર્ધાર. ॥ ૭૧ ॥
પ્રેમ જે શુદ્ધ તે આત્મપ્રભુમાં, નરસ્ત્રી દેહમાં નહીં તે થાય;
સ્ત્રીને નરપર નરને સ્ત્રીપર, પ્રેમ અશુદ્ધ તે જાણ્યો જાય. ॥ ૭૨ ॥
પરની વાતોમાં ક્યાં પડતો, પોતાનું પોતે સંભાળ ! !;
પહેલો સુધર !! તું આતમ !! પોતે, અન્યો તારો લેશે ખ્યાલ. ॥૭૩॥
પ્રયત્ન ઉત્સાહ ખંતને ઉદ્યમ, બુદ્ધિકળથી કાર્યસધાય;
પુરૂષાર્થથી દેવો સ્હાયે,—આવે એવો નિશ્ચય લાવ્ય. ॥ ૭૪ ॥
પડતીનું લક્ષણ છે કુસંપ, અનીતિ જૂલ્મને દુર્ગુણીસંગ;
પાપપ્રવૃત્તિ વ્યસનપ્રવૃત્તિ, વ્હાલો લાગે દુર્જનસંગ. ॥ ૭૫ ॥
પડતી લક્ષણ નવરા રહેવું, હિંસા જૂઠ અને વ્યભિચાર;
પરનું અન્યાયે ધન લેવું, ચોરી જૂગટાનો વ્યાપાર. ॥ ૭૬ ॥
પ્રામાણ્યજ મનવચ કાયાથી, સત્ય પ્રમાણિક જે નરનાર;
પ્રતીતિ તેની કરવી પ્રેમે, બનો !! પ્રમાણિક ધરી વ્યવહાર. ॥ ૭૭ ॥
પ્રતીતિ કર!! નહીં જૂઠા જનની, જૂઠાના સોગન નહીં માન ! !;
પ્રેમ તે જૂઠાનો છે જૂઠો, જૂઠો કો દિન લેતો પ્રાણ. ॥ ૭૮ ॥
પ્રેમને શ્રદ્ધાવણ શી ભક્તિ, સેવા સગપણને શું ! મેળ;
પ્રેમને શ્રદ્ધાવણ લુખાજન, લુખાંમંદિર માળિયાં મહેલ. ॥ ૭૯ ॥
પ્રેમને શ્રદ્ધા, જ્ઞાનવિનાની, સંયોગોથી આવે જાય;
પ્રેમને શ્રદ્ધાવણ જે જ્ઞાન તે, શુષ્કજ્ઞાન જગમાં કહેવાય. ॥ ૮૦ ॥
પુણ્યબંધથી શાતાસુખ છે, નવહેતુથી પુણ્યનો બંધ;
પુણ્યબંધ છે અનેક રીતે, પુણ્યવડે ઉત્તમ સંબંધ. ॥ ૮૧ ॥
પુણ્યના બેતાલીશ ભેદો છે, પુણ્યોદય ફલ ભેદે જાણુ ! !;
પુણ્યે નરભવ ધર્મની પ્રાપ્તિ, પુણ્યે શુભસંયોગો માન !!. ॥ ૮૨ ॥

પુણ્યે ઈચ્છિત વસ્તુ મળતી, પુણ્યે રણમાં મંગલ થાય;
પુણ્યે રામ ત્યાં નગરી અયોધ્યા, પુણ્યે પગ પગ ઋદ્ધિ સહાય. ॥૮૩॥

પુણ્ય અપેક્ષાએ પ્રભુ રીઝ છે, પાપ અપેક્ષાએ પ્રભુ કોપ;
પુણ્ય તે કર્મ પ્રભુની દૃષ્ટિ, પુણ્યનાં બીજો જગમાં રોપ !!. ॥૮૪॥

પુણ્ય તે સુવર્ણ બેડી સરખું, પાપ તે લોહની બેડી સમાન;
પુણ્ય પાપ એ બેના ક્ષયથી, આતમ પ્રગટે છે ભગવાન. ॥ ૮૫ ॥

પુણ્ય પાપ બેના ક્ષય યોગે, આત્મપ્રભુ પામે નિર્વાણ;
પુણ્યેચ્છાવણ સમ્યગ્ દૃષ્ટિ, નિષ્કામે કરે ધર્મ સુજાણ. ॥ ૮૬ ॥

પુણ્યેચ્છાવણ પુણ્યનાં કાર્યો,-કરવાથી નિજ મુક્તિ થાય;
પુણ્યેચ્છાવણ કાર્યો કરતાં, સુખ પામે ને સ્વર્ગે જાય. ॥ ૮૭ ॥

પાપનાં સ્થાનો અઢાર મોટાં, અશુભ વિચારે પાપનો બંધ;
પાપ ઉદયમાં બ્યાસી પ્રકારે,-આવે છે સમજો!! એ ધંધ. ॥ ૮૮ ॥

પાપ અપેક્ષાએ પ્રભુ કોપ છે, પાપવૃત્તિ શયતાન મહાન;
પાપનાં કારણ સર્વે છંડો!!, પાપે દુઃખને દુર્ગતિ જાણ !!. ॥ ૮૯ ॥

પાપે સંકટ રોગ શોક સહુ, પાપે દુઃખી સહુ અવતાર;
પાપે અણધાર્યાં દુઃખ પ્રગટે, પાપે અપકીર્તિને હાર. ॥ ૯૦ ॥

પાપ તે અશુભ કષાય વિચારો, દુર્ગુણ દુર્વ્યસને છે પાપ;
પાપથી પાપ વધે છે જાણો, પાપોદયે પ્રગટે સંતાપ. ॥ ૯૧ ॥

પાપ વિચારો પાપાચારો, છંડો !! અનેક રીતે ભવ્ય !!;
પાપ તજીને પુણ્ય ધર્મનાં, સ્વાધિકારે કરો !! કર્તવ્ય. ॥ ૯૨ ॥

પાપીઓ પાપોથી મરતા, પાપીઓને પાપ જ ખાય;
પુણ્યે જલ થલ શત્રુ ને રણમાં,-પુણ્યવંતની રક્ષા થાય. ॥ ૯૩ ॥

પેટને ભરવા ધર્મ્ય પ્રવૃત્તિ,- કરતા તે ધર્મી કહેવાય;
પેટને ભરવા પાપ પ્રવૃત્તિ,-કરતા લોકો નીચ ગણાય. ॥ ૯૪ ॥

પેટને ભરવા અગાઉથી જે, સહુઅવર્ણની કમાઈ કૃત્ય;
પ્રપંચ પાપો કરતા લોભે, પાપીઓ તેનાં દુષ્કૃત્ય. ॥ ૯૫ ॥

પેટ ભરીને ખાતાં પણ જે, લોભે તૃષ્ણાએજ તણાય;
પેટને માટે અન્યાયોને, પાપો કરતાં નરકે જાય. ॥ ૯૬ ॥

પેટ ભરાયા પછીથી પશુઓ, આનંદે લેતાં વિશ્રામ;
પેટ ભરાયા છતાં મનુષ્યો, લોભે કરતાં બૂરાં કામ. ॥ ૯૭ ॥

પેટ–ઉદર ભરવાને માટે,–કર ! ! પ્રમાણિક નીતિ પ્રવૃત્તિ;
પાપે પેટનું પોષણ કરવું, અધમજીવનની એ છે રીતિ. ॥ ૯૮ ॥

પેટ ભરાયા પછીથી સિંહો, પશુઓનો નહીં કરે શિકાર;
પાપી સિંહથી જન તે પાપી, લોભે કરતો દુરાચાર. ॥ ૯૯ ॥

પેટને માટે અનેક પાપો,–કરતાં જગમાં નર ને નાર;
પેટને ઉત્સર્ગે અપવાદે,–ભરતા જ્ઞાની ધર્મી સાર. ॥ ૧૦૦ ॥

પત્થર તેવા જનથી સારો, જેહ કરે નહીં પરોપકાર;
પુત્રને બદલે પત્થર જન્મ્યા, માતાપિતાઘાતક અવતાર. ॥ ૧૦૧ ॥

પાષાણો કરતાં તે કાઠાં, નિર્દય હિંસક નરને નાર;
પિતા માતની કરે ન સેવા, પ્રભુ સંત પર લેશ ન પ્યાર. ॥ ૧૦૨ ॥

પુણ્યવંત તે નરને નારી, દયા સત્ય ધરે દમ ને દાન;
પુણ્યવંત જ્યાં પગલાં ભરતો, ત્યાં પ્રગટે છે સ્વર્ગ વિમાન. ॥૧૦૩॥

પ્રત્યાખ્યાન તે સર્વ શુભાશુભ, વાસના ઇચ્છાઓનો ત્યાગ;
પ્રત્યાખ્યાન તે ઇચ્છાઓ પર, કાબૂ ધરવો દિલ વૈરાગ્ય. ॥ ૧૦૪ ॥

પ્રત્યાખ્યાન છે અસંખ્યભેદે, દ્રવ્યભાવ નિશ્ચય વ્યવહાર;
પ્રતિક્રમો અતિચારાદિકને, આત્મશુદ્ધિ કર!! ધર!! આચાર. ॥૧૦૫॥

પતિ થવાને યોગ્ય તે જગમાં, બળ બુદ્ધિ કળ હુન્નર જાણ !!;
પ્રેમી શૂરને પત્ની આદિ,–રક્ષક ગૃહપતિ ગુણગણખાણ. ॥ ૧૦૬ ॥

પતિ યોગ્ય જે નહી ન પુંસક, ઉમર લાયક નીતિ સુજાણ;
પ્રવીણ સર્વકલામાં પૂરો, નપુંસકને શું કન્યાદાન. ॥ ૧૦૭ ॥

પતિ થવું શુભ કર્મોએ શુભ, નભાવે જે પરણી નાર;
પતિ થવું સાત્ત્વિક શુભ કર્મે, પત્ની યોગ્ય પરણે સુખકાર. ॥૧૦૮॥

પતિ યોગ્ય જે મન વાણી ને, કાયાથી નિર્દૂષણ જેહ;
પત્ની પણ નિર્દૂષણ યોગ્ય છે, દયા પ્રેમ વિનયાદિ ગેહ. ॥૧૦૯॥

પત્ની યોગ્ય તે શુભ કર્મી શુભ, પતિથી જેનો ભિન્ન ન સ્વાર્થ;
પતિ પત્ની મન મેળ વિના નહિ, સાચુંથી દંપતીમાં પરમાર્થ. ॥૧૧૦॥

પતિ પત્ની થવું ગુણ કર્મોને, ધર્મ સામ્યથી તે છે યોગ્ય;
પતિ પત્ની બન્નેમાં ભેદે, દંપતી માટે તેહ અયોગ્ય. ॥ ૧૧૧ ॥

પરણ્યાવણ રહેવું તે સારૂં, ગુણકર્મોવણ લગ્ન ન બેશ;
પતિ પત્ની જ્યાં ચામડી મોહે, થાતાં ત્યાં પછીથી છે ક્લેશ. ૧૧૨

પતિ પત્ની સાત્વિક ગુણ કર્મે, સમાનધર્મે સ્વર્ગી જાણ !! ;
પતિ પત્ની બે તમોગુણી ત્યાં,–જીવતાં નરકનું પ્રગટે સ્થાન. ॥૧૧૩॥

પૂર્વ ને પશ્ચિમ મેળ મળે નહિ, બન્નેની જ્યાં દિશાએ ફેર;
પુણ્યને પાપને મેળ મળે નહીં, અમૃતને તેમ જાણો !! ઝેર. ॥૧૧૪॥

પાપી અને ધર્મી એ બેને, ગુણી દુર્ગુણીને મળે ન મેળ;
પવિત્ર મેલાં ને નહિ બનતું, સરખામાં છે મેળનો ખેલ. ॥ ૧૧૫॥

પરાક્રમો વણ કોઈ ન માને, પરાક્રમોથી જગ જીવાય;
પરાક્રમીઓ સ્વતંત્ર જીવો, નિર્બલ જગમાં માર્યો જાય. ॥ ૧૧૬ ॥

પરાક્રમી તે જગમાં સાચો, દયા દાન દમ ધારે જેહ;
પાપકર્મીનાં પાપો ટાળે, પાપે પોષે નહીં નિજ દેહ. ॥ ૧૧૭ ॥

પરાક્રમી તે દુષ્ટ પાપીને, અન્યાયીને દેતો દંડ;
પરાક્રમી તે અન્યલોકની,–ચઢતો સ્હાયે બની પ્રચંડ. ॥ ૧૧૮ ॥

પરાક્રમી તે દુઃખીઓને, સંકટવેળા કરતો સ્હાય;
પશુ પંખી જન રક્ષા કરતો, સંકટ બૂમે વ્હેલો ધાય. ॥ ૧૧૯ ॥

પવિત્ર તે જે મન વચ કાયથી, હિંસાદિકને ત્યાગે જેહ;
પવિત્ર તે જે પાપ કરે નહિ, પાપે પોષે નહીં નિજ દેહ. ॥ ૧૨૦ ॥

પવિત્ર તે જે રાગ રોષને, કામ ક્રોધ વ્યભિચારથી દૂર;
પરને મારી પેટ ભરે નહીં, અનીતિ જૂલ્મે થાય ન ક્રૂર. ॥૧૨૧॥

પવિત્ર થા !! આતમ !! ઘટમાંથી, ત્યાગી પાપાચાર વિચાર;
પવિત્રતાઈ માંહી પ્રભુ છે,–એવો નિશ્ચય કરીને ચાલ !!. ॥ ૧૨૨ ॥

પવિત્ર રહો !! શયતાન નિવારી, જો !! તુજ આતમરૂપ પવિત્ર;
પવિત્ર થાતાં આત્મપ્રભુ છે,–જાણી ધારો !! પવિત્ર રીત. ॥ ૧૨૩ ॥

પ્રસન્નતા ધર !! સાંપ્રત સ્થિતિમાં, પ્રસન્નભાવે જીવન ગાળ !!;
પ્રગટે–થાતું તે સહુ ભાવી, ઉન્નતિ માટે માની ચાલ !!. ॥ ૧૨૪ ॥

પ્રભુમાં રહેવું એનો અર્થ છે, શુદ્ધાતમમાંહી ઉપયોગ;
પ્રભુમાં રહેવું-આત્મોપયોગજ, પ્રભુસ્મૃતિનો જે સંયોગ. ॥૧૨૫॥
પ્રભુમાં રહેવું એનો અર્થ છે, પ્રભુ ઉપયોગી થવુંજ એહ;
પ્રભુમાં રહીને કાર્ય તે કરવું,-નિષ્કામે પ્રભુફર્જે તેહ. ॥ ૧૨૬ ॥
પ્રભુમાં રહેવું એટલે આતમ,-શુદ્ધ સ્વરૂપનું સ્મરણ છે સત્ય;
પ્રભુમાં રહીને જોવું વદવું,-લખવું બીજાં કરવાં કૃત્ય. ॥ ૧૨૭ ॥
પ્રભુમાં રહેવું એટલે પ્રભુમાં, નામ રૂપાદિક રાગનો ત્યાગ;
કરીને પ્રભુને દિલમાં ધરવા, મોહાભાવે મન વૈરાગ્ય. ॥ ૧૨૮ ॥
પ્રભુમાં જીવવું એટલે પ્રભુમાં,-આતમનો ધરવો ઉપયોગ;
પ્રભુમય જીવન તે પ્રભુરૂપે, ઉપયોગે થાવું નિર્ભોગ. ॥ ૧૨૯ ॥
પ્રભુમય જીવન તે પ્રભુ સદ્ગુણ,-પ્રગટાવીને જીવવું જેહ;
પ્રભુમય જીવન તે સમકિત ને, જ્ઞાન ચરણ તે ભાવ વિદેહ. ॥૧૩૦॥
પ્રભુમય જીવન તે શુદ્ધાતમ,-નિર્વિકલ્પદશા પ્રગટાવ !!;
પ્રભુ તે અસંખ્યપ્રદેશી આતમ, અંતરૂમાંહી લગની લગાવ!!. ॥૧૩૧॥
પદ્મપ્રભુને પાર્શ્વજિનેશ્વર, વંદું પૂજું ધ્યાવું એથ;
પાપો ટળતાં પ્રભુ સ્મરંતાં, વર્તે પૂર્ણાનન્દ હમેશ. ॥૧૩૨॥
પકડી વશમાં રાખો !! મનને, સંતનો પાલવ પકડી ચાલ !!;
પકડો!! સારા માર્ગો સઘળા, સદ્ગુણ દેખી થાજો નહાલ. ॥૧૩૩॥
પકડાઓ નહિં દુર્ગુણ જાળમાં, પશુપરે પકડાવું વાર !!;
પરતંત્રતા પકડાવામાં, પકડીશ નહિં મિથ્યા જંજાળ. ॥૧૩૪॥
પકવ બનો!! સેવા ભક્તિથી, પકવપણાની કિંમત થાય;
પકવો જ્ઞાનાદિક સહુ ગુણને, પકવ અનુભવ સત્ય સુહાય. ॥૧૩૫॥
પક્કાઈ ધારો !! અનુભવથી, પક્કાઈના પંથે ચાલ!!;
પક્કાઈથી નહિં કચ્ચાઇ, પક્કાઈમાં અનુભવ ભાળ !!. ॥૧૩૬॥
પકવાનુભવ સંગી થાવું, પાકે વય તવ અનુભવ થાય;
પાકયામાં મિઠાશ આવે, કાચામાં ખટ્ટાશ સુહાય. ॥૧૩૭॥
પાકયા તેની કિંમત નહિં છે, પાકયા પ્રભુને પરખ્યા એહ;
પાકયા જ્ઞાની યોગી ભકતો, દેહ છતાં જે થયા વિદેહ. ॥૧૩૮॥

પાકે અનુભવે પલપલ માનવ, અનેક ભવમાં પાકયો જાય;
પક્કાઈ જો પ્રભુની પ્રગટે, તો એ વિશ્વ પ્રેમી સુહાય. ॥૧૩

પાકું કાચું બેના ભેદો, અનુભવમાંહી પરખ્યા જાય;
પકવ ન બોલે કાચો બોલે, બચ્ચાને ઇંડાનો ન્યાય. ॥૧૪

પાકો થા ! ! તું ક્ષણ ક્ષણ આતમ !!, મોહને જીતી જ્ઞાન પચાવ ! !
પાકો મોહને જીતે તે છે, ચાલે નહિં શયતાનના દાવ. ॥૧૪

પકવ થવું જગમાં મહાદુર્લભ, સંતની સંગે પકવ થવાય;
પાકો તે છે કાળથી ન્યારો, કાચાઓને કાળજ ખાય. ॥૧૪

પક્ષ ન પકડો ! ! જૂઠો કયારે, પ્રભુ અનુભવ પક્ષ છે સત્ય;
પક્ષાપક્ષી મોહે જૂઠી,-કરવું તે ઉંચે જાવાનું કૃત્ય. ॥૧૪

પક્ષ જે સાચો તેને ગૃહીયે, જૂઠા પક્ષથી રહીએ દૂર;
પક્ષાપક્ષીમાં મરવાનું, નિર્પક્ષે છે પ્રભુ હજૂર. ॥૧૪

પક્ષ વિચારો સાપેક્ષે સહુ, સદ્ગુણીઓનો કરજે પક્ષ;
પક્ષ કરી લે !! ધર્મનો સાચો, દુર્ગુણ જીતવા થાજે દક્ષ. ॥૧૪૫

પક્ષપાતમાં જગ બંધાણું, કરીને પક્ષની તાણાતાણ;
પક્ષપાત તજ !! અંતરૂ દેખી, નિર્પેક્ષે છે કેવલજ્ઞાન. ॥૧૪૬

પક્ષો મત પંથો સઘળા જે, અનેકાંતમાં તેહ સમાય;
પક્ષપાત પણ નય સાપેક્ષે, ન્યાયકર્યાથી ધર્મ જણાય. ॥૧૪૭

પક્ષપાતી જે અજ્ઞાનીઓ, કરી કદાગ્રહ ગ્રહે ન સત્ય;
પક્ષવાદીની સર્વ બાજુઓ,-તપાસીને કર !! સાચું કૃત્ય. ॥૧૪૮

પક્ષવાદી એકાંતે જેઓ,-પાખંડીઓ તેહ ગણાય;
પરનું સત્ય ગ્રહે નહિં મોહે,-સમજી કદાગ્રહી જે થાય. ॥૧૪૯॥

પગપર ઉભા રહીને ચાલો !!, પરાશ્રયી થાવો !! નહિં લેશ;
પરની આશા ધરી ન મુંઝો !!, પ્રભુવિશ્વાસે થા !! તું બેશ. ॥૧૫૦॥

પગસમ સેવાધર્મ વિચારો, પગસમ સેવા ધર્મનાં કૃત્ય;
પગવણ ઉભું રહે ન કોઈ, સેવા ધર્મનું એવું સત્ય. ॥૧૫૧॥

પરસ્પરે ઉપકાર કરીને, એક બીજાની સેવા થાય;
પગસમ બ્રહ્માંડે સેવાનાં,-કૃત્યોથી જગ જીવતું થાય. ॥૧૫૨॥

પગને પકડો !! પહેલા પ્રેમે, પગની પહેલી સેવા થાય;
પગસમ પહેલાં સેવા કૃત્યો,–કરવાથી પ્રભુમાં જીવાય. ॥૧૫૩॥
પગ પૂજાતા જ્યાં ત્યાં પહેલા, સેવાનો એ મહિમા જાણ !!;
પગ અટકે.તો અટકે સઘળું, સમજી સેવા કર!! ગુણખાણ. ॥૧૫૪॥
પગના ઉપર ઉભો રહીને, ભાગ્યના બુદ્ધિ જ્ઞાનથી જીવ !!;
પગથી સહુ કર્તવ્ય કરીને, થા !! તું આતમ !! ભાવે શિવ. ॥૧૫૫॥
પગથીઆ સમ સેવા પગથિઓ, ધર્મપગથીઓ મૂકો !! પાદ;
ધર્મપગથીએ પાદ પડયા તો, અંતરૂમાં પ્રગટે આહ્લાદ. ॥૧૫૬॥
પગથીઆં બહુ મુક્તિનાં છે, અસંખ્યભેદે જાણો !! તેહ;
પગથીઆં જેમ ઉંચા આવે, ચડતાં પ્રગટે ગુણગણ ગેહ. ॥૧૫૭॥
પગથીએ ચડવું તો પ્રતિદિન, ચડતાં પાછો પગ નહિં મૂક !!;
પગલે પગલે દૃષ્ટિ રાખી,–ચડતાં પ્રભુને લેશ ન ચૂક !!. ॥૧૫૮॥
પ્રત્યાખ્યાન તે ઈચ્છારોધે, ઇચ્છારોધ તે પ્રત્યાખ્યાન;
પ્રત્યાખ્યાન તે મોહને હણવો, સમતા એ થાવો !! ભગવાન.॥૧૫૯॥
પ્રત્યાખ્યાન તે ઈચ્છાઓને, વારી ધરવો શુભ સંતોષ;
પ્રત્યાખ્યાન કરીને આતમ!!, ચિદાનંદ પ્રભુતાને પોષ. !!. ॥૧૬૦॥
પચન થાય.એવું સહુ ખાવું,–જેથી અજીર્ણ રોગ ન થાય;
પચાવીને આગળનું ખાવું,–જેથી માંદા નહિં પડાય. ॥૧૬૧॥
પચાવવાથી પ્રભુ શક્તિ છે, ગુરૂગમ જ્ઞાનને પૂર્ણ પચાવ !!;
પચાવવું કરતો તે પૂરો, લેતો તે પ્રભુ પદના લ્હાવ. ॥૧૬૨॥
પચાવવામાં આનંદ શક્તિ, નહિં પચે ત્યાં કલેશો થાય;
પચાવવામાં કૃપા પ્રભુની, નહિં પચાવે મરી તે જાય. ॥૧૬૩॥
પચાવવું વિરલા કોઇ જાણે, કાચો પારો જીરવે જેહ;
પચાવે તે પાકા થઇ જાતા, તેનો પ્રભુમાં સાચો સ્નેહ. ॥૧૬૪॥
પચાવીને ભૂખ લાગંતાં જે,–ખાવે પચેજ એટલું જેહ;
પુષ્ટિ પામે અનુભવ પામે, આરોગી રહેતો જગ તેહ. ॥ ૧૬૫ ॥
પચાવ !! કાચો પારો ઉરમા, શક્તિયોથી સર્વ પચાવ !!;
પચાવ !! ગુરૂગમ જ્ઞાન ગ્રહીને, પ્રભુપદ લેવાના એ લ્હાવ. ॥૧૬૬॥

પછડાઇશ નહિં ગર્વ કરીને, ક્રોધે અન્યને નહિં પછાડ ! !;
પછાડવું નહિં કોઇને સારૂં, ઉચ્ચ થવામાં પ્રેમ લગાડ ! !. ॥૧૬૭॥

પ્રેમ ત્યાં આંતરો છે નહિં ક્યારે, પ્રેમ ત્યાં પટંતરો નહિં થાય;
પ્રેમ ત્યાં ખાલી પટુતા છે નહિં, પ્રેમ ત્યાં ખોટા છે નહિં ન્યાય. ॥૧૬૮॥

પ્રેમની વાતો પ્રેમી જાણે, વાગ્યાં જેને પ્રેમનાં બાણ;
પ્રેમના પ્યાલા પીધા જેણે, પ્રભુમાં તેહ થયા મસ્તાન. ॥ ૧૬૯ ॥

પ્રેમીઓને પ્રેમી જાણે, પ્રેમનાં જગમાં નહિં બજાર;
પ્રેમ ત્યાં મરવું ભેદ નહિં છે, શુદ્ધ પ્રેમ ત્યાં નહિં વિકાર. ॥૧૭૦॥

પ્રભુથી પ્રેમ જો લાગ્યો પૂરો, વિશ્વપ્રેમી આતમ થઇ જાય;
પ્રેમમાં પડદો રહે ન ક્યારે, અનુભવીને અનુભવ થાય. ॥ ૧૭૧ ॥

પઠન કરો ! ! સહુ વિદ્યાઓનું, પઠન કર્યાથી જ્ઞાન સુહાય;
પઠતાં પઠતાં વિદ્યાવૃદ્ધિ, મૂર્ખાઓ પણ જ્ઞાની થાય. ॥ ૧૭૨ ॥

પડછાયો છે માયાનો બહુ, માયા પડછાયો કર ! ! દૂર;
પડતી માયા પડછાયામાં, ચડતી ભક્તિમાંહી સમૂળ. ॥ ૧૭૩ ॥

પડતી થાતી દુર્બુદ્ધિથી, સદ્‌બુદ્ધિથી ચડતી થાય;
પડતીનાં લક્ષણુ છે દુર્ગુણ, દુર્વ્યસનોમાં મન મલકાય. ॥ ૧૭૪ ॥

પડતીનાં અજ્ઞાન ને આળસ, ચડતીમાંહી જ્ઞાન ને શૂર;
પડતીમાંહી કુસંપ કજીયા, ચડતીમાંહી સંપનું નૂર. ॥ ૧૭૫ ॥

પડતી સ્વાર્થને જૂઠા મોહે, ચડતી આતમપરાક્રમે થાય;
પડતી ત્યાં મતભેદો ઝાઝા, ચડતીમાં મતભેદ ટળાય. ॥ ૧૭૬ ॥

પડતી ચડતીનાં સહુ લક્ષણ, દ્રવ્ય ને ભાવ થકી છે અનેક;
પડતીનાં સહુ લક્ષણ છંડી, ચડતી કરશો ધરીને ટેક. ॥ ૧૭૭ ॥

પડતી દશામા પૂર્ણોત્સાહે, ચડતીના સહુ કરો !! વિચાર;
પડતીની પાછળ છે ચડતી,-એવો નિશ્ચય કરીને ચાલ ! !. ॥૧૭૮॥

પડતી દશામા પ્રભુને ભજલે ! !, પડતીદશામાં ધર્મ ન ચૂક ! !;
પડતીદશામાં દીન બનો !! નહિં, સદ્‌ગુણનાં કાર્યો નહિં મૂક!!. ॥૧૭૯॥

પડતીમાંહી પ્રભુના શ્રદ્ધા,-પ્રીત ધરીને આગળ ચાલ ! !;
પડતી પાપોદયથી થાતી. ધર્મ માર્ગમા જીવન ગાળ ! !. ॥૧૮૦॥

પડતી ચડતી છે નિજ હાથે, સમજી સાચો મારગ ઝાલ !!;
પડવું ચડવું છે નિજ સાથે, સમજીને ત્યજ !! જૂઠા ખ્યાલ. ॥૧૮૧॥
પડતી ચડતી લક્ષણ જાણી, ચડતીના સહુ કરો !! ઉપાય;
પંડિત લોકોની જ સલાહે, ચડતીના સમજાતા ન્યાય. ॥ ૧૮૨ ॥
પડતી પાપોદયથી થાતી, ચડતી પુણ્યોદયથી થાય;
પડતીનાં કારણુ છે પાપો, ચડતી કારણ ગુણો ગણાય. ॥૧૮૩॥
પ્રતિક્રમણ તે પાપ કરેલાં,-તેનો કરવો પશ્ચાત્તાપ;
પ્રતિક્રમણ તે આત્મદશા તરફ, વળવું હરીને સહુ સંતાપ.॥૧૮૪॥
પ્રતિક્રમણ તે આત્મવિશુદ્ધિ,-કરવાના આચાર વિચાર;
પ્રતિક્રમણ તે આસવમાર્ગથી, પાછા ફરવું તે નિર્ધાર. ॥૧૮૫॥
પતન થતું ક્રોધે ને કામે, માયાલોભથી થવાય ભ્રષ્ટ;
પતનથી ઉંચા ચઢીને પડવું, ઉચ્ચદશાથી થાવું ભ્રષ્ટ. ॥૧૮૬॥
પતન થતું વારો !! સહુ જીવન, પતિતોનો કરવો ઉદ્ધાર;
પડતાઓને સહાય આપી, ચડતા કરશો કરી ઉપકાર. ॥૧૮૭॥
પતન તે પાપ વિચારાચારે, જગમાં સર્વ જીવોનું થાય;
પતન તે અજ્ઞાને અનુદ્યોગે, આળસ ઈર્ષ્યાથી સમજાય. ॥૧૮૮॥
પતાવવા ઝઘડા સહુ ન્યાયે, પતવો !! દેવાં કીધાં સર્વ;
પતંગ પેઠે મનડું જાણી,-વશમાં કરજે ત્યજીને ગર્વ. ॥૧૮૯॥
પતિતદશા મિથ્યાત્વે થાતી, પતિત દશાનું કારણ મોહ;
પતિતદશાનું કારણ મૂર્છા, કામ ક્રોધને માયા દ્રોહ. ॥૧૯૦॥
પતિતોદ્ધારક પરમ ગુરૂ છે, પતિતોદ્ધારક ઈશ્વર દેવ;
પતિતોને ઉંચા જે લાવે, તેની સાત્વિક સુખકર સેવ !!. ॥૧૯૧॥
પ્રતીતિથી પ્રભુ આંખી થાવે, પ્રતીતિ ત્યાં વર્તે છે નિત્ય;
પ્રતીતિથી છે સેવા ભક્તિ, પ્રીતીતિથી છે ધર્મની રીત્ય. ॥૧૯૨॥
પ્રતીતિ ચૂકે સહુ ચૂકાતું, પ્રતીતિ નાશે આત્મવિનાશ;
પ્રભુપ્રતીતિરણુ જીવો સહુ,-દુઃખી જગમાં બને ઉદાસ. ॥૧૯૩॥
પરતંત્ર છે જીવો કારણે, જ્યા ત્યા જગમાં રહે ગુલામ;
પરતંત્ર લોકો છે દુઃખી, બનના અશક્તિનું તે ધામ. ॥૧૯૪॥

પરતંત્રતા અજ્ઞાને છે, કુસંપ ક્લેશને દ્વેષથી જાણ !!;
પરતંત્રતા કુસંપ મોહે, ઐકય વિના જગમાં તે માન !!. ॥૧૯૫॥

પરતંત્રને દુઃખ સદા છે, પરતંત્રતા નરકનીવાસ;
પરતંત્રતા બેડી તોડી, સ્વતંત્ર થાવામાં સુખ ખાસ. ॥૧૯૬॥

પરતંત્રથી જીવે ગુલામો, પરતંત્રનું જીવન ટાળ !!;
પરતંત્રતા વિષયના રાગે, પરતંત્રતા દુઃખની જાળ. ॥૧૯૭॥

પરતંત્ર જે દેશને કોમો,–તેનું જગમાં રહે ન નામ;
પરતંત્રની નહિં હયાતી, પરતંત્રનું નહિં છે ઠામ. ॥૧૯૮॥

પરતંત્ર તે પામર નિર્બળ, પરની આશાયે જીવંત;
પરતંત્ર તે પશુના સરખો, દેહ છતાં પણ તેહ મરંત. ॥૧૯૯॥

પરતંત્રતા ટાળો !! નિજની, સર્વલોકને કરો !! સ્વતંત્ર;
પરતંત્રતા ચહો !! ન કોની, સ્વતંત્રતાના ફુંકો !! મંત્ર. ॥૨૦૦॥

પરતંત્રતા છે અંધારૂં, સર્વદુઃખનું કારણ જાણ !!;
પડતી હરણ અશક્તિ હેતુ, પરતંત્રતા છે દુઃખખાણ. ॥૨૦૧॥

પરતંત્રતા સર્વપ્રકારની,–ટાળી સ્વતંત્રતા પ્રગટાવ !!;
પ્રભુસમ થાવા સ્વતંત્રતાના,–આચારોને વિચારો જગાવ!!. ॥૨૦૨॥

પતિ પત્નીના શુદ્ધ કર્મોને, સમજી વર્તે તે સુખપાય;
પતિ થવું જગમા મહાદુર્લભ. પતિપણું શક્તિજ સુહાય. ॥૨૦૩॥

પતિ થતો સ્વતંત્ર જે માનવ, પત્ની પણ પતિ પ્રેમી સુહાય;
પત્ની રક્ષણ કરે પતિ તે, પામરથી નહિં પતિ થવાય ॥૨૦૪॥

પતિ થવું છે સ્વાર્પણ ભોગે, પત્ની સાથે [illegible] ભાવ !!;
પતિ સાત્ત્વિક સાત્ત્વિક પત્નીથી, [illegible] છે જગ [illegible]. ॥૨૦૫॥

પ્રેમાર્પણથી પત્ની સુહાની, પતિના [illegible],
પતિને આત્મસમ [illegible] [illegible] ॥૨૦૬॥

પત્ની [illegible] છે શુદ્ધ કર્મોથી. સાત્ત્વિક પત્ની [illegible].
[illegible] ॥૨૦૭॥

[illegible]
[illegible] ॥૨૦૮॥

પતિની કરણી દુર્લભ જગમાં, પત્ની:કરણી દુર્લભ જાણુ !!;
પતિ પત્ની જ્યાં પ્રેમે એક છે, ત્યાં સાત્વિક સુખની છે ખાણુ. ॥૨૦૯॥
પતિપણું જ્યાં ચામડી મોહે, પતિપણું તે સત્ય ન જાણુ !!;
પત્નીપણું જ્યાં ચામડી મોહે, તે કેવળ છે દુઃખની ખાણુ. ॥૨૧૦॥
પ્રેમ પ્રતીતિ બંન્નેને નહિં, બન્નેના જ્યાં સ્વાર્થો ભિન્ન;
પતિને પત્ની ત્યાં નહિં સાચા, વિષય સ્વાર્થથી બંન્ને દિલ.॥૨૧૧॥
પતિવ્રતાનો ધર્મ છે મોટો, પત્ની વ્રત્તનો ધર્મ મહાન્;
પતિવ્રતાના ગુણ કર્મોથી, પત્નીયો થાવે ભગવાન. ॥૨૧૨॥
પતિવ્રતાઓ જગ દેવીયો, દેશ કોમમાં જ્યાં ઉભરાય;
પ્રગટ પ્રભુ શકિતયો ઉછળે, જ્ઞાનાનંદની લીલા થાય. ॥૨૧૩॥
પરણ્યા એટલા પતિ ન સાચા, પરણી એટલી પત્ની ન જાણુ !!;
પતિ પત્નીપણું ધર્મ પ્રેમથી, ધર્મ્ય લગ્ન આચારે માન!!.॥૨૧૪॥
પત્ની દુઃખો ટાળે પતિ તે, પતિની વ્હારે પત્ની ધાય;
પતિ પત્ની જ્યાં સાત્વિકભાવે, ગૃહસ્થ દશાનું સુખ પ્રગટાય. ॥૨૧૫॥
પતિ પત્ની જ્યાં સ્વાર્પણ ભાવે, અરસ્પરસમાં જીવે તેહ;
પતિ પત્ની જ્યાં ધર્મ્ય પ્રેમથી, ધર્મમાર્ગમાં વર્તે તેહ ॥૨૧૬॥
પતિ પત્ની જ્યાં વિષય ભોગની, આત્રેચ્છાયે ત્યાં નહિં સુખ;
પતિ પત્ની જ્યાં અન્યો અન્યમાં, બ્રહ્મને દેખે ત્યાં નહિં દુઃખ.॥૨૧૭॥
પતિ પત્નો જે રાજસ્ તામસ્, સાત્વિક ભેદે નરને નાર;
પતિ પત્ની જો સાત્વિક પ્રેમે, વર્તે તો વૈકુંઠ જનાર. ॥૨૧૮॥
પથ્યને પાળો !! પથ્યથી વર્તો !!, ધારો !! પથ્ય વિચારાચાર;
પુષ્ટિ કરવા પથ્ય મહત્વનું, આચરતાં છે સુખ નિર્ધાર. ॥૨૧૯॥
પદભ્રષ્ટ થાતા નિર્બળ જન, નભળાઇને જે ધરનાર;
પદભ્રષ્ટને સુખ શાન્તિ નહિં, દુઃખ કલેશને પામે હાર. ॥૨૨૦॥
પદવી ઉંચી ત્હારી આતમ !!, ત્હારી પદવીને સંભાળ !!;
પદવી જાળવી રાખો!! સારી, પદવીને પામી નહિં હાર!!. ॥૨૨૧॥
પદવી જે તે સુખ કરનારી, જ્ઞાન પ્રકાશક પદવી જાણ !!;
પદવી જે નિરૂપાધિ દશા છે,-તેમાંથી પ્રગટે નિર્વાણ. ॥૨૨૨॥

પદ્યને ગદ્યમાં લખવું સારૂં, પદ્યને ગદ્યથી સાચું બોલ !!;
પદ્ધતિ આત્મસ્વભાવની ધારો !!, તેથી પ્રભુ સમ થાશે તોલ. ॥૨૨૩

પરગજુમાં છે સ્વાર્પણ શક્તિ, પરગજુ માંહી છે પરમાર્થ;
પરગજુ પ્રભુને પામે પૂરા, અંતે રહે ન તેમાં સ્વાર્થ. ॥૨૨૪

પરોક્ષને પ્રત્યક્ષના ભેદે,–કરો !! ન જગમાં વાદ વિવાદ;
પરોક્ષ વા પ્રત્યક્ષદશામાં, પ્રભુ ગુણોનો લેવો સ્વાદ. ॥૨૨૫

પરચો પૂરે પ્રભુ તે જાણો !!, પરદુઃખભંજક પ્રભુ ગણાય;
પરદુઃખોને દૂર કર્યામાં, ધર્મીપણાની શક્તિ સુહાય. ॥૨૨૬

પરદેશી વા નિજદેશીની, આતમભાવે કરવી સેવ;
પરને પોતાનામાં આતમ !!, આતમ તે પરમાતમ દેવ ॥૨૨૭

પરધર્મીનું સારૂં ગ્રહવું, પરધર્મીના ગુણને ધાર !!;
પરધર્મીની કરો !! ન હિંસા, સ્વધર્મ શ્રદ્ધા પૂરી ધાર !!. ॥૨૨૮

પરબો માંડો !! જ્યાં ત્યાં સુખકર, પરબો માંહે ધર્મ છે બેશ;
પરબો અનેક પ્રકારે જાણો !!, સારી પરબો ધરો !! હંમેશ. ॥૨૨૯॥

પરબડીયો છે દયાનું ખાતું, પરબડીયો છે દયાનું સ્થાન;
પરબડીયોથી પ્રભુ પ્રગટાશે, થાતાં સત્ય દયા મસ્તાન. ॥૨૩૦॥

પરબ્રહ્મ છે અનંત શક્તિ, અનંત ગુણ પર્યાયનું ધામ;
પરબ્રહ્મ જો દીલમાં પ્રગટે, કર્મી છતાં આતમ નિષ્કામ. ॥૨૩૧॥

પરબ્રહ્મની અનંત શક્તિ,–તેનો મહિમા અપરંપાર;
અનંત નામે અનંત રૂપે, નિરાકાર નહિં તે સાકાર. ॥૨૩૨॥

પરમાર્થોમાં જીવન ગાળો !!, પરમાર્થોથી જીવ્યું ગણાય;
પરમાર્થી સમ કોઇ ન મોટું, પરમાર્થોમાં પ્રભુ પ્રગટાય. ॥૨૩૩॥

પરમાર્થી છે ભક્તને શૂરો, પરમાર્થીને હોય ન ભેદ;
પરમાર્થી નિર્મોહે થા !! તું, પરમાર્થીમાં સ્વાર્થ ન ખેદ. ॥૨૩૪॥

પરમાર્થી ભય કાળને જીતે, સર્વજાતના જીતે ખેદ;
પરમાર્થી સહુ ધર્મી ગણાતો, વિશ્વ પ્રેમી નિશ્ચયથી વેદ. ॥૨૩૫॥

પરમાર્થે જીવ્યું તે જીવ્યું, બાકી જીવ્યું નિષ્ફળ જાણ !!;
પરમાર્થોમાં આતમ મારા, અર્પાઇ જા !! પામી જ્ઞાન. ॥૨૩૬॥

પરમાર્થે છે સર્વ મળેલું, પરમાર્થે વાપર !! નિષ્કામ;
પરમાર્થો કરવામાં આતમ !!, તારૂં શિવપુર નિશ્ચય ઠામ. ॥૨૩૭॥

પરમાર્થી થા !! સ્વાર્થ તજીને, પરમાર્થે પ્રગટાતા દેવ;
પરમાર્થે પરમેષ્ઠી પદ છે કરજે પંચ પ્રભુની સેવ. ॥ ૨૩૮ ॥

પરમેષ્ઠીમાં આતમ તુ છે, જ્ઞેય બ્રહ્મ સિદ્ધાતમ ધ્યાવ !!;
પરલોકે છે ધર્મ સહાયક, આત્મસ્વરૂપમાં લયને લાવ્ય !!. ॥૨૩૯॥

પરવશ થા !! નહિં મોહે જ્યાં ત્યાં, કામે પરવશ આતમ ગુલામ;
પરવશતા છે કામ વિચારે, ઠરવાનું તેથી નહિં ઠામ. ॥૨૪૦॥

પરવશ કામે ચક્રી ઇન્દ્રો, પરવશતામાં પ્રેમ ન હોય;
પરવશતા છે દેહાધ્યાસે, અસ્થિર મનડું જ્યાં ત્યાં જોય. ॥૨૪૧॥

પરવશતા છે ચામડી મોહે, નામ રૂપ મોહે પરતંત્ર;
પરતંત્રને ભાન ન નિજનું, નિર્મોહી છે શુદ્ધ સ્વતંત્ર ॥૨૪૨॥

પરવશ કર્મે સર્વજીવો છે, સ્વતંત્ર સિદ્ધાતમ જીનરાય;
પરતંત્રતા ત્યાં નહિ સુખ છે, સ્વતંત્રતા ત્યાં સુખડાં ઉભરાય. ॥૨૪૩॥

પરવશ થાવાનાં સહુ કારણ, ચેતન સમજી દૂર નિવાર !!;
પરવશ થાવું ત્હને ઘટે નહિ, આતમ આપ સ્વરૂપ સભાળ !!. ॥૨૪૪॥

પરવશતા છે કામિની મોહે, પરિગ્રહે પરવશતા ધાર !!;
પરવશ થાવું નરકના સરખું, સ્વતંત્રતામાં સુખ નિર્ધાર ॥૨૪૫॥

પર્વ સરિખા સંતજનો છે, પર્વ સરિખો ધ્યાનનો કાળ;
પર્વ થકી પણ અધિકી જાણો !!,-આતમ ભાવના સુખકરનાર. ॥૨૪૬॥

પર્વાનો શિવ જાવા માટે, સર્વ લોકને છે નિર્ધાર,
પર્વાનો છે પ્રભુ પદ લેવા, જ્ઞાનને ધ્યાન થકી નિર્ધાર. ॥૨૪૭॥

પરસેવો વાળી જે કાર્યો,-કરતા તેઓ ઉન્નતિ પાય;
પરસેવો વાળ્યા વણ કાર્યની,-સિદ્ધિ જગમાં કદિ ન થાય. ॥૨૪૮॥

પરસેવો નવગજ વાળે જે, પ્રભુ આદિ શુભપદને પાય;
પરમાર્થે સ્વાર્થે જે ઉદ્યમ,-કરતા તે ઇચ્છિત ને પાય. ॥૨૪૯॥

પરસ્વામીન થાઓ નહિં કયારે, સ્વપ્ને નહિં પરતંત્રને સુખ;
પરિહર !! પરવશતાનાં કારણ, આત્મસ્વભાવે સહેજે સુખ. ॥૨૫૦॥

પરિહર !! મોહાદિ વૃત્તિયો, પરિહર !! મમતા રાગને રોષ;
પરિહર !! પડતીનાં સહુ કારણ, પરિહર !! પોતાના સહુ દોષ. ॥૨૫૧॥

પરિહરજે સહુ દુઃખનું કારણ, આત્મશક્તિઓ સહુ પ્રગટાવ !!;
પરિહરવું ને ગ્રહવું એ બે, તેથી ન્યારો આતમ ભાવ !!. ॥૨૫૨॥

પરાક્રમોથી જીવો !! જગમાં, પરાક્રમી છે આતમ રાજ;
પરાક્રમો પરમાર્થે વાપર !!,–તેથી મળશે શિવપુર રાજ્ય. ॥૨૫૩॥

પરાક્રમીયોનું જીવ્યું સફળું, પરાક્રમી જ્યાં ત્યાં પરખાય;
પરાક્રમો કરવામાં જીવન,–ગાળી જીવો !! આતમ રાય. ॥૨૫૪॥

પરંપરાનું સત્ય ગ્રહો !! સહુ, પરંપરા સાચી તે ધાર !!;
પરંપરા જે સ્વોન્નતિકર છે,–તેના યોગ્ય ધરો !! આચાર. ॥૨૫૫॥

પરાભવોથી દીન બનીશ નહિં, પરાભવોથી થાવ !! સચેત;
પરાભવોથી ઉઠી આતમ !!, પ્રભુ થાવાના ધર !! સંકેત. ॥૨૫૬॥

પરાભવોથી ગભરાતો નહિં, પરાભવો છે ઉન્નતિ હેત;
પરાભૂત થઇ શક્તિ જગાવે,–તેના બળીયા સહુ સંકેત. ॥૨૫૭॥

પરાભૂત થઇ જીવે જેઓ, સ્વતંત્ર થાવા કરે ન કાજ;
પરાભૂત તે મડદા સરખા, જગમાં રહે ન તેની લાજ. ॥૨૫૮॥

પરિક્રમણ છે ધર્મે સારૂં, સેવાભક્તિમાં સુખકાર;
પરિક્રમણ કર !! જ્ઞાને આતમ !!, કર !! મોહાદિકનો પરિહાર. ॥૨૫૯॥

પરિગ્રહે પ્રભુ દૂર વસે છે, પરિગ્રહે પ્રભુ નહીં પરખાય;
પરિગ્રહ મોહીથી પ્રભુ ન્યારો, ગરીબતા ત્યાં પ્રભુ પ્રગટાય. ॥૨૬૦॥

પરિગ્રહ ગ્રહના સરખો દુઃખકર, પરિગ્રહમોહે મુક્તિ ન થાય;
પરિગ્રહ મમતા પ્રીતિ જ્યાં ત્યાં, પ્રભુ પ્રીતિ ત્યાં નહિં સુહાય. ॥૨૬૧॥

પરિગ્રહ રાગે પ્રભુ મળે નહિં, પરિગ્રહ ત્યાગે પ્રભુ હજૂર;
પરિગ્રહીને સ્વપ્ને સુખ નહિં, અંતે તેમાં ધૂળની ધૂળ. ॥૨૬૨॥

પરિગ્રહ લાલચ ગુલામી ત્યાં છે, પરિગ્રહ મોહે પાપો થાય;
પરિગ્રહીને ધર્મ ન સુઝે, પરિગ્રહી છે નહિં નિર્ભય. ॥૨૬૩॥

પરિગ્રહ બાહ્યાંતર બે ભેદે, આંતર મમતા પરિગ્રહ ત્યાગ !!;
પરિગ્રહ ત્યાગે સાધુના પણ, પ્રભુ સરખો મન ધરજે રાગ. ॥૨૬૪॥

પરિગ્રહ મોહ તજ્યાથી અંતર્, આત્મપ્રભુનો અનુભવ થાય;
પરિગ્રહ માટે પ્રભુ ભજે તે, જડનો કામી મૂઢ ગણાય. ॥ ૨૬૫ ॥
વ્રત તપ જપ કિરિયાની મમતા, અહંતા તે પણ પરિગ્રહ જાણ !!;
પરિગ્રહ સાત્વિક ભાવનો ત્યાગે, શુદ્ધ બુદ્ધ થાતો ભગવાન.॥૨૬૬॥
પરિચય કરીને મનુષ્ય પરખો !!, પરિચયથી ગુણ દોષ જણાય;
પરિચય કરીને શ્રદ્ધા ધારો !!, પરિચય થાતાં નિશ્ચય થાય. ॥૨૬૭॥
પરિણામે છે બંધ જીવોને, શુભાશુભ પરિણામ તે જાણ !!;
પરિણમવું આતમમાં સારૂં,-તેથી પ્રગટે કેવળજ્ઞાન. ॥ ૨૬૮ ॥
પરને પરિતાપક નહિં બનશો, પરોપકારો કરીને વર્ત !!;
પરિત્રાણ કર !! અન્યજીવોનું, મોક્ષ જવાની એછે શર્ત. ॥૨૬૯॥
પરિપાલન કર !! પ્રેમે સહુનું, પરિપૂર્ણ નિજ બ્રહ્મને ભાવ !!;
પરિપૂર્ણતા છે નિજમાંહી, નિશ્ચય એવો અંતર્ લાવ્ય. !! ॥૨૭૦॥
પરિભ્રમણ છે કર્મ જગતમાં, અજ્ઞાને પરિભ્રમણો થાય;
પરિભ્રમણ છે મોહોદયથી, પરિભ્રમણ ધર્મે સુખદાય. ॥ ૨૭૧ ॥
પરિભ્રમણ સારૂં ને ખોટું, કરજે તેનો સત્ય વિવેક;
પરિભ્રમણ કર !! પ્રભુને માટે, ધારી સંત ગુરૂની ટેક. ॥ ૨૭૨ ॥
પરિવર્તન આચાર વિચારે, અનંત જગમાં થયાં ને થાય;
પરિવત ન પર્યાયે સહુમાં, સમય સમય દ્રવ્યે વર્તાય. ॥ ૨૭૩ ॥
પરિવર્તન સારાં ને ખોટાં, સર્વદેશમા થયાં ને થાય;
પરિવર્તનશીલ જગ સહુ જાણો !!, એવો છે કુદ્રતનો ન્યાય.॥૨૭૪॥
પર પરિવાદ ન બોલો !! જગમા, પરની નિંદા કરવી વાર !!;
પરનાં મર્મો નહિં પ્રકાશો !!, પરના સદ્‌ગુણ હૃદયે ધાર !!. ॥૨૭૫॥
પરિશ્રમ કર !! નિજ હિતને માટે, પરોપકારે પરિશ્રમ ધાર !!;
પરિશ્રમ કરીને આગળ જાવું,-એવો નિશ્ચય દીલમાં ધાર !!. ॥૨૭૬॥
પરિખ બનીને કરો !! પરીક્ષા, સત્ય જૂઠનો નિશ્ચય ધાર !!;
પરોપકારો કર !! નિષ્કામે, આનંદમાં મન !! જીવન ગાળ !!. ॥૨૭૭॥
પરોપકારીનો પ્રતિ બદલો,-વાળવા માટે સર્વે ત્યાગ !!;
પરોપકારી સમકિત દાતા, ગુરૂપર ધરજે પુરણ રાગ. ॥ ૨૭૮ ॥

પર્યાપ્તિ શઠ સમજો !! જ્ઞાને, પર્યાયોનું કરજે જ્ઞાન;
પર્યાયો નિજપરના સમજે,-તેને પ્રગટે સમ્યગ્જ્ઞાન. ॥ ૨૭૯ ॥

પર્યાલોચ કરી નિજ ગુણની, શુદ્ધિ કરવા ધર !! ઉમંગ;
પર્યાયો નિજના સહુ જાણો !!, બ્રહ્મ ભાવમાં ધારો !! રંગ. ॥ ૨૮૦ ॥

પર્વ પજુસણ જગમાં મોટું, જૈનકોમનું પર્વ મહાન;
પર્વ પજુસણ પામી આતમ !!, તપ જપ સંયમ કરજે ધ્યાન.॥૨૮૧

પર્વત દૂરથી મોટા લાગે, પાસે જાતાં તે પાષાણ;
પર્વત સમજી ઉંચા માને,-તેમાં વર્તે છે અજ્ઞાન. ॥ ૨૮૨ ॥

પલટો ખાવો સારો ખોટો, ધર્મને માટે પલટો બેશ;
પલટાઇ જઇશ નહિ મોહે, ધર્મના પલટે ટળતા ક્લેશ. ॥૨૮૩॥

પવિત્ર થાવા જ્ઞાનને ધારો !!, જ્ઞાન સમું નહિ વિશ્વ પવિત્ર;
પવિત્ર થા જો !! આતમજ્ઞાને, જ્ઞાને પ્રગટે શુદ્ધ ચરિત્ર. ॥ ૨૮૪ ॥

પવિત્રતા પ્રગટાવો !! આતમ !!, ધૈર્યોત્સાહ ધરીને ઉમંગ;
પવિત્રતા માટે જગ જીવો !!,-ધારો !! આતમ !! સદ્‌ગુણ રંગ.॥૨૮૫॥

પવિત્રતા છે મોહ વિનાશે, પવિત્રતાના ધર !! આચાર;
પવિત્રતાના કરો !! વિચારો, પવિત્રતા નિશ્ચયથી ધાર !!. ॥૨૮૬॥

પશુસમ અજ્ઞાની લોકો છે, પશુબળ ધરીને કરો !! ન પાપ;
પશુબળથી માનવ છે હલકો, પશુઓના હરશો સંતાપ. ॥ ૨૮૭ ॥

પશુઓ જગમાં બહુ ઉપયોગી, ઉપકારી પશુઓ નિર્ધાર;
પશુઓના ઉપકાર સ્મરીને, પશુઓનો કર !! નહિં સંહાર. ॥૨૮૮॥

પશુઓની કરવી શુભ રક્ષા, પશુઓને મરતાંજ બચાવ !!;
પશુઓનાં માંસને રકતને ખાતા, હિંસક જાણો !! ક્રૂર સ્વભાવ. ૨૮૯

પશુ પંખીની રક્ષા કરવી, નિજ આતમ સમ માની બેશ;
પશુપંખીની રક્ષા કરતાં, નાશે અનંતભવના ક્લેશ. ॥ ૨૯૦ ॥

પશુઓના નાશે જગમાંહી,-અનેક રોગો દુઃખ પ્રગટાય;
પશુપક્ષીની દયા કરંતાં, સ્વર્ગતણા સુખ માનવ પાય. ॥૨૯૧॥

પશુઓની કત્લો બહુ થાતી, માંસાહારી તેને ખાય;
પશુઓને રક્ષો !! ઉપયોગે, જીવદયા ત્યાં ધર્મ સુહાય. ॥૨૯૨॥

પશુ પંખી આદી સહુ જીવની, દયા કરંતાં પ્રગટે ધર્મ;
પશુપંખીની રક્ષા કરતાં, દેશકોમમાં પ્રગટે શર્મ. ॥૨૯૩॥

પશ્ચાત્તાપ કરો !! ભૂલોનો, પાપનો કર !! ઝટ પશ્ચાત્તાપ;
પશ્ચાત્તાપથી આતમ શુદ્ધિ, ટળતા અનેક ભવ સંતાપ. ॥૨૯૪॥

પરા પશ્યંતી મધ્યમા વૈખરી, ચારેનું કર !! ઉત્તમ જ્ઞાન;
પરા પશ્યંતી જ્ઞાનને જાણો !!, અંતર્ નાદથી સમ્યગ્ ભાન.॥૨૯૫॥

પરા પશ્યંતીમાં જે પ્રગટે, સત્ય વિચારો તે સહુ જાણ !!;
પરા વિચારો આત્મ અવાજ છે, સમજે જ્ઞાની જન મસ્તાન. ॥૨૯૬॥

પશ્ચાત્યોને પૂર્વાત્યોમાં, જ્ઞાન ક્રિયામાં છે મતભેદ;
પરાપૂર્વથી ચાલ્યા આવે, સમજે તેને રહે ન ખેદ. ॥૨૯૭॥

પસંદ કરજે સુખકર સારૂં, ઉપકારીપર થાવ !! પ્રસંન્ન;
પસંદ કરવું સાચું સારૂં, વશમાં રાખો !! ચંચળ મન. ॥૨૯૮॥

પસ્તાવો કરી ભૂલ તજી દે !!, ધર્મ કરંતાં કરજે પહેલ;
પહેલાં થાવું નિર્મલ પોતે, પછીથી કરવી અન્યની ટેલ. ॥૨૯૯॥

પંડિત તે જે શાસ્ત્ર વિચક્ષણ, સ્વપર શાસ્ત્ર ભેદાદિક જાણ !!;
પંડિત તે જે સ્થિર પ્રજ્ઞાવંત, સર્વશાસ્ત્રનું જેને જ્ઞાન ॥ ૩૦૦ ॥

પંથે ચાલો !! આતમ !! જ્ઞાને, હળવે હળવે પંથ કપાય;
પંથે જનનો મેળો મળીયો, પંથ વચ્ચે શો ? મેળ કહાય. ॥ ૩૦૧ ॥

પંથી તું છે આતમ !! નક્કી, પંથ વિષે નહિં કરો !! પ્રમાદ;
પંથમાં ચાલો !! ઉપયોગી થઈ, પંથમાં મોહે છે ઉન્માદ. ॥ ૩૦૨ ॥

પાખંડ ત્યાગી પંથે ચાલો !!, પાખંડીનો તજ !! વિશ્વાસ;
પાખંડોનું સ્વરૂપ સમજો !!, પંથી થઇ નહિં રહો ઉદાસ. ॥૩૦૩॥

પાક મહોબત પ્રભુની સાચી, પાક દોસ્તી કર !! પ્રભુની સાથ;
પાક સદા તું આતમ !! ચિદ્ઘન, ભાવે ભજ !! તું ત્રિભુવનનાથ. ॥૩૦૪

પાગળ થઇ પ્રભુને ઝટ શોધો !! પ્રભુ શોધક પાગળ શુભ જાણ !!;
પાગળ સારા ખોટા જગમાં, પાગળ પ્રભુનો દોસ્ત સુજાણ. ॥ ૩૦૫ ॥

પાજી થા ! ! ના પ્રભુભક્તિમાં, પાજી તે છે પ્રભુથી દૂર;
પાજીપણું છંડવાથી આતમ !! આપો આપ પ્રભુજી સનૂર. ॥૩૦૬॥

પાજીથી પ્રભુતા છે દૂરે, પાજી જન છે દીનમાં દીન;
પાજી મોહે વસે છે દુઃખી, વિત્તાદિક યોગે પણ ખિન્ન. ॥ ૩૦૭ ॥

પાટુ માર !! ન ક્રોધે કોને, પાટુ મારે હિંસા થાય;
પાટુ વિવેકની છે સારી,-જેથી બોધને શાંતિ થાય. ॥ ૩૦૮ ॥

પાટુ મારે તે પશુ સરખો, સમજી પાટુ મારવી વાર !!;
પાઠ ભણાવો !! સહુને સારા, સારા પાઠો ભણવા ધાર !! ॥ ૩૦૯ ॥

પાઠક તે સદ્‌ગુણી જ્ઞાની છે, વિશ્વ લોકને આપે જ્ઞાન;
પાઠક જે તે મનને બોધે, ગુણી કરે જે થઇ ગુણવાન્. ॥ ૩૧૦ ॥

પાઠક દ્રવ્યને ભાવથી થાજે, આતમ તે પાઠક નિર્ધાર;
પાઠક થા !! તું નિજનો પ્રેમે,-પછીથી અન્યોનો હિતકાર.॥ ૩૧૧ ॥

પાડ માનજે ઉપકારીનો, જ્યાં ત્યાં ગુણીનો માનજે પાડ;
પાડ માનીને પાડ કરંતાં, ગુણ પ્રગટંતા હાડોહાડ. ॥ ૩૧૨ ॥

પાણી રાખો ! ! આત્મ સમર્પી, પાણીવણ નહિં જીવ્યું જાય;
પાણીવણ કિંમત નહિં કોની, પાણી વિના નહિં કિંમત થાય. ॥૩૧૩

પાણી જ્યાં ત્યાં નહિ નાદાની, પાણીવણ જીવંત મરેલ;
પાણીવણ મડદા સમ લોકો, પાણીવણ નહિ કોઇ ઠરેલ. ॥ ૩૧૪ ॥

પાણીવણ જ્ઞાની નહિં શોભે, પાણીવણ નહિં શૂર કથાય;
પાણીવણ નહિં ખડ્‌ગની કિંમત, પાણીવણ નહિં અશ્વ સુહાય. ૩૧૫

પાણીથી સહુ જગમાં જીવે, પાણી અમૃતરૂપ સુહાય;
પાણી ગયું તો ગયુંજ સઘળું, પાણી વિના નહિં જીવ કથાય. ॥૩૧૬

પાણી ઉતરે ઉતર્યું સઘળું, પાણી ચઢતાં ચડયુંજ સર્વ;
પાણી નહિં ત્યાં અજ્ઞાનીયો,-કરતા મોહ વડે બહુ ગર્વ. ॥ ૩૧૭ ॥

પાણી દ્રવ્યને ભાવથી જ્યાં છે, ત્યાં છે દ્રવ્યને ભાવથી પ્રાણ;
પ્રાણીનું જીવન પાણી જાણો !!, પાણીવણ પ્રાણી નાદાન. ॥ ૩૧૮ ॥

પાણી રાખ્યું શૂર થયા તે, પાણી રાખ્યું થયા તે સંત;
પાણી રાખે તે છે ભક્તો, રાજા યોગી સત્વ મહંત. ॥ ૩૧૯ ॥

પાણી લજવ્યું તેહ મરેલા, પાણી લજવે રહે ન પ્રાણ;
પાણી ન રાખે તેહ મરેલા, પાણી વિનાના સહુ નાદાન. ॥ ૩૨૦ ॥

પાણી ધારી જીવો !! જગમાં, પાણી વિના જીવ્યું તે ફોક;
પાણી વિના નહિ ગુણગણ પ્રગટે, પાણી ધારી દુર્ગુણ રોક!!. ॥૩૨૧॥

પાણી આતમનું છે અનંતું, પાણી વડે સહુ જીવ જીવાડ !!;
પાણી પ્રગટાવીને આતમ !!,-પરમ પ્રભુમાં થા !! મસ્તાન. ॥૩૨૨॥

પાણી ફેરથી હવા દવાથી, સુધરે દેહાદિક આરોગ્ય;
પાણી ફેર છે સારો ખોટો,-સમજે વર્તે નિરોગ ભોગી. ॥ ૩૨૩ ॥

પાતક લાગ્યાં દૂરે કરજે, સઘળાં પાતક દૂર નિવાર !!;
પાતકીની સંગત નહિં કરજે, સદ્ગુણી જનની સંગતધાર!!.॥૩૨૪॥

પ્રાણ પડે પણ પાતકી થા !! નહિ, પાતક કર્મો સઘળાં જાણ !!;
પવિત્ર થાવા કર !! સહુ યત્નો,-ધર !! સહુ ધર્માચાર પ્રમાણ. ॥૩૨૫॥

પાત્ર બની કર !! શુભ સહુ કાર્યો, સુપાત્ર થા !! તું ત્યજીને દોષ;
પાત્રતા જેવી તેવી ચડતી, જાણી ત્યજી દે !! સઘળા રોષ. ॥ ૩૨૬ ॥

પાથુ પરભવનું બાંધી લે !!,-જેથી પરભવ સુખડાં થાય;
પંથમાં વહેતાં ભાતું સારૂં,-જેથી આનંદ ઘટ પ્રગટાય. ॥ ૩૨૭ ॥

પાદને પૂજો !! ગુરૂ સંતોના, ગુરૂ સંતોના પાદને સેવ !!;
પાદને પૂજો !! દેવના પ્રેમે, ટાળો !! સઘળી દુર્ગુણ ટેવ. ॥ ૩૨૮ ॥

પાદ થકી કર !! ધર્મનાં કાર્યો, ધર્માર્થે વાપરજે પાદ;
પાદ અમૂલા ધર્મીઓના, પાદવડે મળતો આલ્હાદ. ॥ ૩૨૯ ॥

પાદ થકી સંવરને ધરજે, પાદ થકી કર !! નિર્જર કૃત્ય;
પાદ થકી કર !! ધાર્મિક કૃત્યો,-સમજીને વર્તો !! સહુ સત્ય.॥૩૩૦॥

પાન કરીલે !! સદ્ગુરૂ બોધનું, દેવગુરૂ ગુણ કરજે ગાન;
પાન વિનાની સદ્ફળ પ્રગટે, પ્રગટાવો !! ઘટ ગુણનું તાન. ॥૩૩૧॥

પાપનાં સ્થાનક સઘળાં વારી, ધર્મના સ્થાનક સઘળા ધાર !!;
પાપના સઘળા વિચાર વિચારો !!, વારી ભજ !! પ્રભુને નિર્ધાર. ॥૩૩૨॥

પાપી મનડું રાખ !! ન ક્યારે, પાપીઓની સંગત ત્યાગ !!;
પાપીઓને પ્રતિબોધ દઇ, નિષ્કામે પ્રભુ ભાવમાં જાગ !!. ॥૩૩૩॥

પાપીઓના પાપો ટાળો !!, પાપીઓને દો !! ઉપદેશ;
પાપીઓને સમજાવીને, ધર્મની કરતાં શાંતિ હમેશ. ॥૩૩૪॥

પાપીઓને ધિક્કાર્યાથી, પાપીઓ થતા નહિં શુદ્ધ;
પાપીઓને જ્ઞાન સમર્પી,–કરજે સચ્ચારિત્ર પ્રબુદ્ધ. ॥૩૩૫॥

પાપ તજીને થા !! નિષ્પાપી, મનવચ તનથી પાપ નિવાર !!;
પાપ પુણ્યનું સ્વરૂપ સમજી, સત્કર્મો કર !! આત્મ સુધાર !!. ॥૩૩૬॥

પાપોથી જગમાં છે દુઃખો, જ્યાં ત્યાં રોગ અને દુષ્કાળ;
પાપથી દુઃખનાં કારણ સઘળાં,–મળતાં એવું નિશ્ચય ધાર!!.॥૩૩૭॥

પામર થા !! નહિં પાપ કરીને, પાપીજન પામર નિર્ધાર;
પામર તે પશુબળનો ધારક, આત્મ શક્તિનો ધરે ન પ્યાર.॥૩૩૮॥

પામર જન છે મોહ ગુલામો, પામર જડની આશ ધરંત;
પામર પ્રભુથી પ્રેમ કરે નહિં, જડના રાગી નિત્ય મરંત. ॥૩૩૯॥

પાયમાલ થાતા જડ પામર, પામર અજ્ઞાની આસક્ત;
પામર આત્મપ્રભુથી દૂરે,–થાતો નહિં જે પ્રભુનો ભક્ત. ॥૩૪૦॥

પામર જડ વસ્તુથી જીવે, ધારે જડમાં સુખની આશ;
પામર બહિરૂ આતમ અજ્ઞાની, દેહાદિક જડ વસ્તુ દાસ. ॥૩૪૧॥

પાયો ધર્મનો પક્કો ચણજે, પાયો પક્કો કરી લે !! બેશ;
પાર પામ !! તું પ્રભુનો પ્રેમે,–તેથી સઘળા ટળશે ક્લેશ. ॥૩૪૨॥

પાર થજે આતમ !! કર્મોથી, ભવોદધિનો કર !! ઝટ પાર;
પાર થવું છે તારા કરમાં, આપો આપને ઝટ ઉદ્ધાર !!. ॥૩૪૩॥

પારતંત્ર્ય તે મોહદશા છે, મરવામાં ભીતિ તે જાણ !!;
પારતંત્ર્ય છે જડ આસક્તિ, પારતંત્ર્ય તે છે અજ્ઞાન. ॥૩૪૪॥

પારતંત્ર્ય તે નબળાઇ છે, દુર્ગુણ દુષ્ટાચાર વિચાર;
પારતંત્ર્ય તે અસક્તિયો છે, કુસંપ દ્રોહ ને ઇર્ષ્યાચાર. ॥૩૪૫॥

પારદની શક્તિયો ઝાઝી, પારદ રસેન્દ્ર તત્વ કથાય;
પારદ તત્વને જાણી વર્તે,–તે રોગની પારે જાય. ॥૩૪૬॥

પારમાર્થિક કાર્યો કરવામાં,–અર્પાઇ જાતા તે સંત;
પરોપકારે પ્રાણ સમર્પે–તે વિરલા કઇ સંત મહંત. ॥૩૪૭॥

પારમાર્થિક કાર્યોને કરવાં,– તન મન ધન અર્પીને પ્રાણ;
પારમાર્થિક કાર્યો જે કરતાં,–તેનું જાણ્યું સફળ પ્રમાણ. ॥૩૪૮॥

પરભવ જાતાં પહેલાં માનવ, અન્યધર્મનાં કરી લે !! કૃત્ય;
પરભવ જાતાં પહેલાં માનવ,-પરખીને પામી લે !! સત્ય. ॥૩૪૯॥

પારિતોષિક હરિ કૃપા છે, પારિતોષિક સંતની સેવ;
પારિતોષિક સત્કાર્યો છે,-સમજી પ્રેમે ભજી લે !! દેવ. ॥૩૫૦॥

પાસે તેને પ્રભુ છે નક્કી.-જેને પ્રભુનો છે વિશ્વાસ;
પાસે છે મુક્તિને સ્વર્ગજ, સેવાભક્તિની જો પ્યાસ. ॥૩૫૧॥

પાસે તીર્થો અંતરમાં છે, જ્ઞાન અને આનંદ છે પાસ;
પાસમાં મિત્રો શત્રુઓ છે, સાપેક્ષાએ સમજો !! ખાસ. ॥૩૫૨॥

પાંખો બે છે દર્શન જ્ઞાનને,-તેથી શિવપુર પ્રતિ જવાય;
પાંગળો આતમ !! ચારિત્ર વણ છે, પાંગળો ચારિત્ર વણ કહેવાય.૩૫૩

પાંગળો અક્રિય માનવ પોતે, પ્રવૃત્તિ વણ પંગુ સર્વ;
પાંગળો પશ્ચ ઉદાસ બને છે, મિથ્યા તેનો જગમાં ગર્વ. ॥૩૫૪॥

પાંચ ઇંદ્રિયો પૂરી જેને, અંગોપાંગે પૂરણ જેહ;
પુણ્ય પ્રભાવક ધર્મી જે નર, પુણ્યવંત છે જગમાં તેહ. ॥૩૫૫॥

પંચ તે પરમેશ્વરનો વાસો, પંચ ત્યાં કાર્યની સિદ્ધિ થાય;
પંચ ત્યાં પ્રભુની શક્તિ પ્રગટે,-પંચ ત્યાં પ્રભુનો ન્યાય સુહાય. ॥૩૫૬॥

પાંચ જ્યાં જ્ઞાની માનવ બેસે, જગમાં સાચું પંચ ગણાય;
પંચ જ્યાં ઉત્તમ લોકનું, ત્યાં તો, સર્વ શક્તિ બુદ્ધિ પ્રગટાય.॥૩૫૭॥

પાંજરાપોળો જગમાં જ્યાં ત્યાં,-બાંધો !! તેથી પુણ્યનો બંધ;
પાંજરાપોળો દયાનાં સ્થાનક, દયા ધર્મ નહિં જગમાં અંધ.॥૩૫૮॥

પિતા થવું જગમાં મહાદુર્લભ, પાલક રક્ષક પિતા સુબેશ;
પિતા પ્રભુસમ ઉપકારક છે, સંતતિના તે ટાળે કલેશ. ॥૩૫૯॥

પિતૃસેવા ભક્તિ મોટી, પિતૃભક્તિમાં રહેશો રક્ત;
પિતાની આજ્ઞાઓ સહુ માનો!, મોક્ષાર્થે ગુણી થાશો!!વ્યક્ત.॥૩૬૦॥

પીળા ભીળો સમ જગમાં મોટા,-થાવાનાં સહુ કરશો કાજ;
પીન બનો!! શક્તિયો પામી,-તેથી પિંડનું છે સામ્રાજ્ય. ॥૩૬૧॥

પુચ્છો !! સદ્ગુરૂઓને પ્રશ્ન, પુચ્છી નિર્ણય કરશો સત્ય;
પુચ્છયા વણ ઉત્તર નહિં મળતો, પુછીને કરશો શુભ કૃત્ય. ॥૩૬૨॥

પુચ્છો !! જ્ઞાનીઓને પ્રેમે, દયાળુ આગળ કર !! પોકાર;
પુણ્યનાં કાર્યો કરનારાઓ, અંતે વૈકુંઠમાંહી જનાર. ॥ ૩૬૩ ॥

પુત્ર છે સાચો માતપિતાને, ગુરૂજનોની કરતો સેવ;
પુત્રજ સાચો જ્ઞાન ચરણને, શક્તિથી જે થાતો દેવ. ॥ ૩૬૪ ॥

પુત્રોને કેળવણી દો !! ખૂબ, આપો !! પુત્રોને શુભજ્ઞાન;
પુત્રીઓને શિક્ષા આપો !!, બળવંતી પાકે ગુણખાણ. ॥ ૩૬૫ ॥

પુનઃ પુનઃ ભવ લેવા પડતા, કર્મથકી જગમાંહી અનેક;
પુનર્ભવો નહિં લેવા પડતા,—એવો તું પ્રગટાવ !! વિવેક. ॥૩૬૬॥

પુરા તત્ત્વની શોધો કરવી, પુરા તત્ત્વનાં સ્થાપો !! સ્થાન;
પુરા તત્ત્વનાં શિક્ષણ આપો !!,—તેથી સત્ય પ્રગટશે જ્ઞાન. ॥૩૬૭॥

પુરાણ સહુ ઈતિહાસિક ગ્રંથો, વાંચો !! બાઇબલ અને કુરાન;
પુરાવો એથી સત્યનો જડશે, જૈનાગમનાં સત્ય પ્રમાણ. ॥ ૩૬૮ ॥

પુરૂષાર્થથી પુરૂષ ગણાતો, પુરૂષાર્થથી પ્રકટે શક્તિ;
પુરૂષ થવું જગમાં દુર્લભ છે, પુરૂષપણાને કરશો વ્યકત. ॥ ૩૬૯ ॥

પુરૂષ બનો !! જગમાં સહુ શૂરા, નપુંસક વૃત્તિ દૂર નિવાર !!;
પુરૂષાર્થવણ માન નહિં છે, પુરૂષપણાને લેશ ન હાર !!. ॥ ૩૭૦ ॥

પુરૂષો મોહને જીતે તે છે, મૃત્યુ ભીતિ જીતે જેહ;
પુરૂષની જગમાં કિંમત છે, સમજી થાશો !! ગુણગણગેહ. ॥૩૭૧॥

પુષ્ટ બનો !! જગમાં નર નારી, પુષ્ટિવણ નહિ જગ જીવાય;
પુષ્ટિ તે મન તનની શકિત, આત્મિક બળની પુષ્ટિ સુહાય. ॥ ૩૭૨ ॥

પુષ્ટિમાર્ગ છે કસરત સારી, પુષ્ટિમાર્ગ છે જ્ઞાનને ધ્યાન;
પુષ્ટિમાર્ગ છે સેવા ભકિત, શુદ્ધ પ્રેમને સાચું જ્ઞાન. ॥ ૩૭૩ ॥

પુષ્ટિમાર્ગ છે મરજીવાનો, શૂરા લોકો પુષ્ટિ પાય;
પ્રેમમાં પુષ્ટિ લહે ન સાચી, વિષય પ્રેમમાં જે મકલાય. ॥ ૩૭૪ ॥

પુષ્ટિ કરશો મન તન પ્રાણની, જ્ઞાનાદિકની કરશો પુષ્ટિ;
પુષ્ટિ સમજી પુષ્ટ બનો ! ! સહુ,—તેથી થાશે શાંતિ તુષ્ટિ. ॥ ૩૭૫ ॥

પુસ્તક છે સંતોની પુંજી, પંડિત અનુભવ સંગ્રહ એશ;
પુસ્તક છે વિશ્વોન્નતિને, પુસ્તક આપે સુખને કલેશ. ॥ ૩૭૬ ॥

પુસ્તક સુખકર સારાં ધર્મી, અધમા પુસ્તક દુઃખકર જાણુ !!;
પુસ્તક સારાં ખોટાં સમજી,-સારાં તે આચારે આણુ !!. ॥ ૩૭૭ ॥
પુસ્તક સઘળાં જ્ઞાનાર્થે છે, સારૂં ખોટું તેથી જણાય;
પુસ્તકમાંથી સારૂં ગ્રહવું, સ્વોન્નતિકર મોક્ષાર્થે ન્યાય. ॥ ૩૭૮ ॥
પુંજી ધર્મકમાણી સાચી, ધનની પુંજી જૂઠી જાણુ !!;
પુંજી પરભવ સાથે આવે, સુખકારી આચારે આણુ !!. ॥ ૩૭૯ ॥
પુંજી સેવા ભક્તિ તે છે, જ્ઞાન ઉપાસના યોગ પ્રમાણુ;
પુંજી આતમની આતમમાં, દર્શન જ્ઞાન ચારિત્ર વખાણુ. ॥ ૩૮૦ ॥
પુંજી તે છે જ્ઞાનને આનંદ, શાંતિ પુષ્ટિ તુષ્ટિ જાણુ !!;
પુંજી તંદુરસ્ત તબીયત છે, દેહારોગ્યજ પુંજી માન !!. ॥ ૩૮૧ ॥
પુંજી સર્વપ્રકારની વિદ્યા, પુંજી ધર્માચાર વિચાર;
પુંજી ધીરજ શુદ્ધ પ્રેમ છે, ઉત્સાહી જીવન ઉર ધાર !!. ॥ ૩૮૨ ॥
પુંજી આત્મિક શુદ્ધિ તે છે, પુંજી સંવર નિર્જર તત્ત્વ;
પુંજી જ્ઞાનને ધ્યાન સમાધિ, સાત્ત્વિક ગુણ કર્મોને સત્વ. ॥ ૩૮૩ ॥
પુંજી દુઃખ કરનારી જૂઠું, સુખ કરનારી પુંજી સત્ય;
પુંજી દુર્ગુણ દોષની ખોટી, પુંજી પુણ્યનાં કરવાં કૃત્ય. ॥ ૩૮૪ ॥
પુંજી પુણ્યાશ્રવની સુખકર, પરોપકાર છે પુંજી બેશ;
પુંજી પરમાતમની ભક્તિ,-જેથી શાંતિ હોય હમેશ. ॥ ૩૮૫ ॥
પુંજી આત્મગુણોની સાચી, કેવળદર્શન કેવળજ્ઞાન;
પુંજી તે નિરૂપાધિકસુખ છે, આત્મની પુંજી એવી માન !!. ॥૩૮૬॥
પુંઠ ન દેજે સત્કાર્યોમાં, પરોપકારે દે !! નહિં પુંઠ;
પુંઠ ન દેજે સહાય કરતાં, અંતરૂમાંહી થા !! નહિં દુષ્ટ. ॥ ૩૮૭ ॥
પુંઠ ન દેજે બીરૂ થઈને, દાનકર્મોમાં દે !! નહિં પુંઠ;
પુરૂં સમજી વર્તો !! પુરૂં, ચલવો નહિં વર્તનમાં જૂઠ. ॥ ૩૮૮ ॥
પૂજક થા !! તું સદ્ગુણી વર્ગનો,-પૂજક થા !! ગુરૂદેવનો સત્ય;
પૂજ્યપણું વરવ ને માટે, પૂજકના ગુણ ધર !! ને કૃત્ય. ॥ ૩૮૯ ॥
પૂજા કરજે શ્રદ્ધા પ્રેમે, પૂજ્યના ગુણને ગ્રહજે ભવ્ય !!;
પૂજક પોતે પૂજ્ય થાય છે, કુદરતથી પૂજા કર્તવ્ય ॥ ૩૯૦ ॥

પૂર્ણ સ્વયં તું આત્મબ્રહ્મ છે, સંગ્રહ નય સત્તાયે જાણ !!;
પૂર્ણ બ્રહ્મ પ્રગટ કરવાને, કરજે આત્મસમાધિ ધ્યાન. ॥ ૩૯૧ ॥
પૂર્ણ સ્વરૂપે નિજને જાણ્યો, તો સંતોષ હૃદયમાં થાય;
પૂર્ણ થતાં નહિં રહે ઇચ્છાઓ, પ્રભુ પામે ઇચ્છાઓ જાય.॥૩૯૨॥
પૂરૂં કર ! ! પોતાનું ભાવે, અન્યોને પણ પૂરૂં આપ ! !;
પૈગંબર નિજ અંતરૂ આતમ,–છે એવી નિશ્ચયથી છાપ. ॥ ૩૯૩ ॥
પેટનું કરજે ઠેઠનું કરજે, પેટ વિના નહીં ઠેઠનું થાય;
પેટને માટે કર !! નહીં પાપો, ધર્મે પેટ ભરી લે ન્યાય. ॥ ૩૯૪ ॥
પેટને માટે હિંસા જૂઠું,–ચોરી આદિ પાપ નિવાર ! !;
પેટને માટે થા !! ન અધર્મી, પેટથી ઠેઠનું કર !! નિર્ધાર. ॥૩૯૫॥
પોક મૂકીને રોઇ રહીશ નહિ, પુરૂષાર્થથી કર !! સદુપાય;
પોક મૂકીને પ્રભુ સ્મરંતાં, અંતે થાતી પ્રભુની સહાય. ॥ ૩૯૬ ।
પોકારો સુણીને દુઃખીના, દુઃખીઓની વ્હારે દોડ ! !;
પોકારો કર !! ધર્માર્થે શુભ, સત્કર્મોમાં અન્યને જોડ !!. ॥ ૩૯૭ ।
પોથીમાંના રીંગણાં જેવું,–વર્તન ધરવાથી શું થાય;
પ્રવૃત્તિ કર !! સારી કે જેથી, કથનીપર વિશ્વાસ ધરાય. ॥ ૩૯૮ ॥
પોથી વાંચો ! ! સારા માટે, દુર્ગુણોને કાઢો !! દૂર;
પુસ્તક વાંચી ગુણો અહ્યાવણુ, કદિ ન બનતું આતમ શૂર. ॥૩૯૯॥
પોમલા જેવા નિર્બળ ધનથી, દુનિયામાંહી નહીં જીવાય;
પૂરાઓ જગમાં જીવંતાં, બળી બુદ્ધિ ધરી સત્તા ન્યાય. ॥ ૪૦૦ ॥
પોલંપોલા ગુપ્ત રહેલી, અંતે તેનો થાય પ્રકાશ;
પોલંપોલા ચલાવજે નહી,–અંતે તેથી દુઃખ વિલાસ. ॥ ૪૦૧ ॥
પોલંપોલા દૂર કરીને, સત્યને આગળ કરીને ચાલ ! !;
પાખંડીથી કદિ ના ડરજે, સર્વજીવપર થા !! તું દયાલ. ॥ ૪૦૨ ॥
પૌષધશાળા જ્ઞાન ધ્યાનને, સંયમ ગુણનું સાધક સ્થાન;
પૌષધશાળામાં ગુણ વરવા, સંયમજ્ઞાનને કરજે ધ્યાન. ॥ ૪૦૩ ॥
પૌષધ તે ગુણ પુષ્ટિકારક, આત્મગુણો જેથી પોષાય;
પૌષધ તે શુદ્ધાત્મદશાની,–સિદ્ધિ સાધના સત્ય કથાય. ॥ ૪૦૪ ॥

પોષધ દ્રવ્યને ભાવથી જાણો !!, જ્ઞાનાનંદ છે પોષધ બેશ;
પોષધ શાળામાંહી પોષધ,-કરીને ટાળો !! તન મન કલેશ. ॥૪૦૫॥
પોષક થાજે સદ્ગુણી જનનો, પોષ્ય વર્ગનો પોષક થાવ !!;
પોષક થાજે સ્વાધિકારે, પોષક થઈને ગર્વ હઠાવ !!. ॥ ૪૦૬ ॥
પોષક થા !! તું આત્મગુણોનો, સાત્વિકવૃત્તિનો કર !! પોષ;
પોષક થા !! તું જ્ઞાનાનંદનો, મોહભાવના ટાળો !! દોષ. ॥૪૦૭॥
પૌરૂષ ત્હારૂં ધર્મમાં વાપર !!, સત્સંગતની ધરજે પ્યાસ;
પ્યાસ કરી પ્રભુ ગુણ વરવાની, જ્યાં પુદ્ગલની છૂટે આશ. ॥૪૦૮॥
પ્યાસને ધરજે મોક્ષાર્થે તું, પ્રભુ પામવા ધરજે પ્યાસ;
પ્યાસ ખરી જો પ્રભુની લાગે, મનની સઘળી ટળે ઉદાસ. ॥ ૪૦૯ ॥
પ્રગટ કરી લે !! આત્મ ગુણોને, પ્રગટ કરી લે !! નિજ પર્યાય;
પ્રગટ કરી લે !! સર્વ શક્તિયો, પ્રગટ ગુણોએ સિદ્ધતા થાય. ॥૪૧૦॥
પ્રગટ ગુણો જ્યાં જ્ઞાનાનંદ છે, પ્રગટ પ્રભુ તે સંતો જાણ !!;
પ્રગટ પુરૂષ જ્ઞાની ગુરૂ સંતો, સાકારી પ્રભુઓ તે માન !!. ॥૪૧૧॥
પ્રગટ ગુણો ત્યાં પ્રેમી થાવું, ગુણ પર્યાયને ઘટ પ્રગટાવ !!;
પરમસ્વભાવ છે જ્ઞાન ખરો નિજ, તે પ્રગટાવવા લક્ષ લગાવ !!. ૪૧૨
પ્રગટ્યા ગુણ છાના નાહ રહેતા, પ્રગટદશા અંતર્ પરખાય,
પ્રગટ્યા સમકિત આદિ સદ્ગુણ,-તેનો સ્વયં અનુભવ થાય.॥૪૧૩॥
પ્રગટાવો !! ગુણ પૂર્ણપ્રેમથી, મોહભાવને દૂર હઠાવ !!;
પ્રગટપણે થા !! આત્મસ્વરૂપે, આપ સ્વરૂપે આપ સુહાવ. ॥૪૧૪॥
પ્રકર્ષ પોતાનો કર !! ભાવે, અન્યનો કરવો નહિં અપકર્ષ;
પ્રકર્ષમાંહી પ્રગટ પ્રભુતા, નિજપરનો કરવો ઉત્કર્ષ. ॥ ૪૧૫ ॥
પ્રકાશ કરજે સારૂં જે તે, નઠારૂં તે સહુ દૂર નિવાર !!;
પ્રકાશી થા !! તું ભાનુ પેઠે, દુર્ગુણ તમનો ઝટ પરિહાર !!. ॥૪૧૬॥
પ્રકાશજે તું આતમ !! નક્કી, અંધકાર તે છે અજ્ઞાન;
પ્રકાશરૂપી નિશ્ચય તું છે, કર !! પોતાનું પોતે ભાન. ॥ ૪૧૭ ॥
પ્રકૃતિને પુરૂષ એ બન્ને, કાળ અનાદિ અનંત જાણ !!;
પ્રકૃતિ:સુખ અવલંબીને, આતમ નિજસુખ જ્ઞાનને માન !!. ॥૪૧૮॥

પુદ્‌ગલ સુખ અનુભવ્યા પછીથી, આતમ સુખનો અનુભવ થાય;
પુદ્‌ગલ સુખ જગમાં છે તાવત્, આત્માનંદ ન યાવત્ થાય. ॥૪૧૯॥

પુદ્‌ગલ સુખ છે શાતાવેદની, દેહાદિકથી તેનો ભોગ;
પુદ્‌ગલ સુખ છે પુણ્યના યોગે, દેહીઓને તેનો યોગ. ॥ ૪૨૦ ॥

પુદ્‌ગલ સુખ પણ સાચું જગમાં, સાપેક્ષાએ તે કહેવાય;
પુદ્‌ગલ સુખ છે સર્વજીવોને, અનુભવે છે દેહે ન્યાય. ॥ ૪૨૧ ॥

પુદ્‌ગલ સુખ છે અનિત્ય જગમાં, સદા નહિં કોને રહેનાર;
પુદ્‌ગલ સુખ છે ક્ષણિક નક્કી, આત્મિક સુખ સાચું નિર્ધાર. ॥૪૨૨॥

પુદ્‌ગલ સુખની પેલી પારે, આતમસુખનો અનુભવ થાય;
પુદ્‌ગલ સુખની વાસના છૂટે, આતમ અનંતસુખિયો થાય. ॥ ૪૨૩ ॥

પુદ્‌ગલ સુખનો મોહ ન છૂટે, આત્મિકસુખ પ્રાપ્યાવણ જાણ !!;
પરમ બ્રહ્મ સુખ અનુભવ આવે, પુદ્‌ગલ સુખનું રહે ન ભાન. ॥ ૪૨૪ ॥

પ્રકૃતિ સુખ અવલંબીને, જગમાં જીવે જીવો સર્વ;
પરમબ્રહ્મ સુખ અનુભવ્યાથી, પુદ્‌ગલ સુખનો રહે ન ગર્વ. ॥૪૨૫॥

પુદ્‌ગલ સુખ છે ક્ષણિક તેથી, સુખ થોડું અને દુઃખ અનંત;
પુદ્‌ગલ માંહી સુખની ભ્રાન્તિ, માની મુંઝે કો નહિ સંત. ॥ ૪૨૬ ॥

પુદ્‌ગલ સુખનો ભોગ છતાં પણ, જ્ઞાની તેમાં નહિં મુંઝાય;
પુદ્‌ગલ સુખની પેલી પારે, આત્મિક સુખમાં તે હર્ષાય. ॥ ૪૨૭ ॥

પુદ્‌ગલ સુખની ઇચ્છા ટળતી, આત્મિક સુખ પામે નિર્ધાર;
પુદ્‌ગલ સુખની વાસના રહેતી, આત્મિક સુખ પામ્યા વણ ધાર!!.॥૪૨૮॥

પુદ્‌ગલ સુખની રહે ન ઇચ્છા, આત્મિક સુખ પ્રગટયાથી જાણ !!;
પરમબ્રહ્મ સુખ પામવા માટે, તપ જપ સંયમ કરીલે !! ધ્યાન. ॥૪૨૯॥

પ્રકૃતિ છે અવલંબન યાવત્,–તાવત્ પ્રકૃતિ રહે છે સંગ;
પ્રકૃતિમાંહી નિઃસંગી થૈ,–રહેતાં પ્રગટે આતમરંગ. ॥ ૪૩૦ ॥

પ્રક્ષાલન કર !! નિજ દોષોનું, મન તન વાણી દોષ પખાલ !!;
પ્રખ્યાતિ કર !! આત્માની જગ, નામ રૂપના મોહને ટાળ !!. ॥૪૩૧॥

પ્રગતિ કર !! તુ પલપલ સાચી, પ્રગતિ પંથે આગળ ચાલ !!;
પ્રગતિ કરવામાં ઉત્સાહી, ઉમંગી નિજ જીવન ગાળ !!. ॥ ૪૩૨ ॥

પ્રગતિ કર!! તું યત્નોદ્યમથી, સર્વ જાતિ પ્રગતિ શુભ ધાર !!;
સર્વજાતિના પ્રગતિ વિચારો, મોક્ષાર્થે તે સત્યાચાર.॥ ૪૩૩ ॥

પ્રચાર કર !! તું ધર્મપંથનો, દુર્ગુણ દોષોને દુર્વાર !!;
પ્રચંડ થાજે ધર્માર્થે તું, પ્રગલ્ભતાને વેગે વાર !!. ॥ ૪૩૪ ॥

પ્રજા વિના નહિં રાજા ક્યારે, પ્રજા વિષે છે ઉન્નતિ તંત્ર;
પ્રજાજ શોભે સ્વાતંત્ર્યે જગ, પ્રજાપતિના ઉન્નત તંત્ર. ॥ ૪૩૫ ॥

પ્રજા અને રાજા બેથી જગ, શાંતિ વર્તે છે નિર્ધાર;
પ્રજા અને રાજા જો સદ્ગુણી, રાષ્ટ્રોન્નતિ છે ત્યાં નિર્ધાર. ॥ ૪૩૬ ॥

પ્રજ્ઞાનો મદ કર!! નહિં ક્યારે, પ્રજ્ઞાનો કર !! સદુપયોગ;
પ્રજ્ઞાની વૃદ્ધિ કરવાને, સર્વજાતના ધરજે યોગ. ॥ ૪૩૭ ॥

પ્રણય જગતમાં વિષને અમૃત, પ્રણય થકી છે સુખ ને દુઃખ;
પ્રેમ જો પ્રભુની સાથે લાગે, નિરૂપાધિ પ્રગટે છે સુખ. ॥ ૪૩૮ ॥

પ્રણિપાત કરી સદ્ગુરૂઓને, વિનયવડે વિદ્યાને શીખ !!;
પડતીના મારગ રોકાશે, ક્યારે પડે ન માગવી ભીખ. ॥ ૪૩૯ ॥

પ્રતિકૃતિ કર!! સારી જગમાં, પ્રતિકુળ લાગે તેને ટાળ !!;
પંડિતોનાં પ્રણીત શાસ્ત્રો,-તે પર ધર !! અભ્યાસે વ્હાલ.॥ ૪૪૦ ॥

પ્રતાપ સારો જગમાં વધશે, ટળશે દુઃખકર સહુ સંતાપ,
પુણ્ય પ્રતાપે સુખને શાંતિ, ત્યાગો !! સઘળી જાતનાં પાપ. ॥૪૪૧॥

પ્રેમે કરી પ્રતિજ્ઞા પાળે !!, સર્વ જીવોને દો !! પ્રતિબોધ;
પ્રતિભા ખીલવ !! યોગાભ્યાસે, દુષ્ટવિચારો સર્વે રોધ!!. ॥ ૪૪૨ ॥

પ્રતિમાપૂજા પ્રેમે થાતી, પ્રેમ છે પ્રતિમા પૂજા હેતુ;
પ્રભુની પ્રતિમા પૂજી શુભ લો!, પ્રતિમા પૂજા છે ભવસેતુ.॥ ૪૪૩ ॥

પ્રતીતિ જ્યારે પ્રભુની થાતી,-ત્યારે જડપર રહે ન રાગ;
પ્રભુનો અનુભવ પ્રત્યક્ષ થાતાં,-રહે ન જડ માયાનો રાગ. ॥ ૪૪૪ ॥

પ્રત્યાહારને ધારણાધ્યાને, સમાધિથી આગળ તું ચાલ !!;
પ્રભુ પ્રાપ્તિનાં સાધન તે છે,-તે પર ધરજે પ્રેમે વ્હાલ. ॥ ૪૪૫ ॥

પ્રત્યાહારાદિક સાધનથી, શુદ્ધાતમ ન્યારો છે જાણ !!;
પૂર્ણ અસંખ્યપ્રદેશી આતમ, જ્ઞાનાનંદી છે ભગવાન. ॥ ૪૪૬ ॥

પ્રદીપ પેઠે પ્રકાશી તે છે, આતમ સ્વપર પ્રકાશી જાણુ !!;
પ્રથમ પ્રભુને અંતરૂમાંહી, સમજી રાખો !! સર્વે સાન. ॥ ૪૪૭ ॥

પ્રતિજ્ઞા પાલન ગ્રંથ રચીને, પ્રકાશ્યું ત્યાંજ પતિજ્ઞા સ્વરૂપ;
પ્રતિજ્ઞા પાલન ગ્રંથ ભણે તે, ટાળે સર્વપ્રકારની ધૂપ. ॥ ૪૪૮ ॥

પ્રતિષ્ઠા નિજની પૂરી પામો ! !, પ્રતિષ્ઠા યોગ્ય કરો !! શુભકાજ;
પ્રતિષ્ઠાવણ કિંમત નહીં જગમાં, પ્રતિષ્ઠાયોગે છે સામ્રાજ્ય. ॥૪૪૯॥

પૂર્ણપ્રતિષ્ઠા પ્રાસ કરો !! સહુ, જ્ઞાનાનંદ સ્વરૂપી જેહ;
પ્રતિષ્ઠા રક્ષણ માટે સ્વાર્પણ,-કરવું એછે ગુણગણગેહ. ॥ ૪૫૦ ॥

પ્રબળપણું પ્રગટાવો !! નિજમાં, પ્રબળપણાથી મળતી સહાય;
પ્રબળપણામાં સર્વે શક્તિ, પ્રબળપણે રક્ષાતો ન્યાય. ॥ ૪૫૧ ॥

પ્રબોધ પ્રગટાવો !! અંતરૂમાં, પ્રબોધથી સિદ્ધિ સહુ થાય;
પ્રબોધ પ્રગટે એવા સર્વે,-ગુરૂગમથી સહુ લ્યો !! ઉપાય. ॥ ૪૫૨ ॥

પ્રભાત તે અંતરૂ છે અનુભવ, પ્રભુના સાક્ષાત્કારનું ભાન;
પ્રભાત પ્રગટાવો !! અંતરૂમાં,-જેથી પ્રગટે કેવલજ્ઞાન. ॥ ૪૫૩ ॥

પ્રભાત પહોરમાં પ્રભુ ભજીલો !!, પ્રગટાવો!! સ્વોન્નતિ પ્રભાત;
પ્રભાતકાળે શક્તિ સ્ફુરાવી, અંતરૂમાં થાશો !! રળિયાત. ॥૪૫૪॥

પ્રભુનું સ્મરણ કરીલે !! પલપલ, પ્રભુમાં પૂરણ ધર!! વિશ્વાસ;
પ્રભુમાં રહીને પ્રભુમય જીવને, જીવવું એ આદર્શ છે ખાસ. ॥૪૫૫॥

પ્રભુવિના નહીં અન્યની ઇચ્છા, ઉત્તમ ભક્તો ઇચ્છે એમ;
પ્રભુની પ્રાપ્તિ માટે જગમાં, સેવાભક્તિ ધર્મને નેમ. ॥ ૪૫૬ ॥

પ્રભુ અંતરૂમાં પ્રગટ સદા છે, ધ્યાનસમાધિ ભાવે દેખ!!;
પ્રભુને પ્રભુ સ્વરૂપે દેખી, જડની માયા સર્વે ઉવેખ!!. ॥ ૪૫૭ ॥

પ્રભુમાં પૂરણ શ્રદ્ધા પ્રીતિ,-ધરીને ફરજો સર્વે બજાવ !!;
પ્રભુ ભૂલ્યો તો ભૂલ્યો સઘળું, પ્રભુ ભજ્યામાં સુરતા લાવ્ય !!. ॥૪૫૮॥

પ્રભુ ઘટમાં તો સહુ છે પાસે, પ્રભુ પાસે તો સૌ છે પાસ;
પ્રભુ દૂરેતો દૂરે સહુ છે, પ્રભુભજીલે !! શ્વાસોશ્વાસ. ॥ ૪૫૯ ॥

પ્રભુ અસંખ્યપ્રદેશી આતમ, અકળકળાવંત નહીં કળાય;
પ્રભુ છે જ્ઞાનાનંદ સ્વરૂપી, અલખ અગોચર જ્ઞાતા થાય. ॥ ૪૬૦ ॥

પ્રભુ છે પુદ્ગલભાવથી ન્યારો, સાપેક્ષાએ રૂપારૂપ;
પ્રભુને જાણે પ્રગટ પ્રભુ તે, નેતિ જાણીથા !! મન ચૂપ. ॥ ૪૬૧ ॥
પ્રભુનો મહિમા નહીં કળાતો, પ્રભુ મહિમા છે અપરંપાર;
પ્રગટ પ્રભુ આતમ કરવાને, તત્ત્વમસિ ઉપયોગને ધાર !!. ॥૪૬૨॥
પ્રભુપદ પામે વીતરાગી જેમ, પ્રભુપદ પામે સંત ફકીર;
પ્રભુપદ પામે જૈનો જ્ઞાને, અંતરૂ પ્રગટાવે મહાવીર. ॥૪૬૩॥
પ્રમત્તદશાને દૂર નિવારી, ઉપયોગે સહુ કર !! કર્તવ્ય;
પ્રમત્તતા તે મૃત્યુ જાણો !!, સર્વપ્રકારે પરિહર્તવ્ય. ॥૪૬૪॥
પ્રમાદી થા !! નહીં ક્યારે આતમ, વાર !! તું પ્રગટતો સહુ પ્રમાદ;
પ્રમાણુ તર્કની માથાકૂટી, ધરીને કર !! નહિં શુષ્ક વિવાદ ॥૪૬૫॥
પ્રમાણુ સાચાં સર્વે જાણો !!, સત્ય પ્રમાણે તત્ત્વ વિચાર !!;
પ્રભા વિકાશો !! અંતરમાંહી, પ્રભારૂપ નિજ આતમને ધાર !!. ॥૪૬૬॥
પૂર્ણ પ્રમાણિક બનીને આતમ, મનુષ્યભવનું જીવન ગાળ !!;
પ્રમાણિક જીંદગી કર !! તારી, પ્રગટ પ્રભુનો થાશે ખ્યાલ. ॥૪૬૭॥
પ્રયત્ન કરીને કર !! કર્તવ્યો, સ્વોન્નતિ માટે કર !! પ્રયાણ;
પ્રયાણ કરીને જીવન યાત્રા,-કરવાનું ધારો !! શુભ જ્ઞાન. ॥૪૬૮॥
પ્રવાસ તારો જ્ઞાનાનંદી,-જીવન માટે જગમાં જાણ !!;
પ્રયોગ સઘળા પરંપરા એ, મોક્ષાર્થે મળીયા છે માન !!. ॥૪૬૯॥
પ્રવીણ થા !! તું કર્તવ્યોમાં, પ્રયોજનોનો સાર વિચાર !!;
પ્રવૃત્તિ કર !! ધર્માર્થે તું, પ્રવચન સાર સુજ્ઞોનને ધાર !!. ॥૪૭૦॥
પ્રવેશ કરીને ગુરૂના દિલમાં, સમાધિમાંહી કરી પ્રવેશ;
પ્રવેશ કરીને પ્રભુપદમાંહી, સર્વપ્રકારના ટાળો !! કલેશ. ॥૪૭૧॥
પ્રવેશ યોગ્ય ઘટે તે સારો, દુષ્ટપ્રવેશો દૂર નિવાર !!;
પ્રશસ્તિ પોતાની કર !! સારી, પ્રશંસા વાસના કર !! પરિહાર. ॥૪૭૨॥
પ્રસંગ પડે પરખાતા લોકો, સારા ખોટા દુષ્ટને મિત્ર;
પ્રસંગ પડે મિત્રો પરખાતા, પ્રસંગ પડે પરખાતું ચિત્ત. ॥૪૭૩॥
પ્રસંગ પડ્યાવણુ થાય ન કિંમત, પ્રસંગ પડયાથી સત્યપ્રકાશ;
પ્રસંગ પામી આગળ વધવું, ધરીને મનમાંહી ઉલ્લાસ. ॥૪૭૪॥

પ્રસાદ તે દેવગુરૂ કૃપા છે, પ્રસાદથી શુભ સ્વોન્નતિ થાય;
પ્રસાદ પામી પ્રભુપદ વરવું, પ્રસન્ન કરતાં પ્રસાદ થાય. ॥૪૭૫॥

પ્રસિદ્ધ થાતો વિશ્વમાં આતમ, યોગી જ્ઞાની જગ હિતકાર;
પ્રસિદ્ધ થાતા જિન વીતરાગો, દયાવંત જે નરને નાર. ॥૪૭૬॥

પ્રેમે ધર્મ પ્રસારો !! જગમાં, સદ્‌ગુણરૂપ શુભ ધર્મ પ્રસાર!!;
પ્રચાર કર !! તું જૈનધર્મનો, પ્રસાર કર !! સાત્વિક આચાર. ॥૪૭૭॥

પ્રસ્તાવો સઘળાજ તપાસી, આત્મશુદ્ધિકર ધર !! પ્રસ્તાવ;
પ્રસ્તાવો સારા સ્વોન્નતિકર,-તેમાંહી નિજ ચિત્ત લગાવ !!. ॥૪૭૮॥

પ્રાગટ્ય અંતરમાં પ્રભુનું, જ્ઞાનાનંદ સ્વરૂપ છે જાણ !!;
પ્રગટપણે વેદીલે !! તેને,-તેથી તું થાશે ભગવાન. ॥ ૪૭૯ ॥

પ્રાચીનને અર્વાચીનમાં જે,-સારૂં તેનો આદર ધાર !!;
પ્રાચીનને અર્વાચીનમાં જે,-સાચું તેનો ધરજે પ્યાર. ॥ ૪૮૦ ॥

પુરાતત્વનો જ્ઞાની થાજે, પ્રાચીન તત્વનું કરજે જ્ઞાન;
પ્રાચીન ઇતિહાસોને જાણો !!, સાચી શોધ પ્રભુની માન !!. ॥૪૮૧॥

પ્રાજ્ઞ બનીને સદ્‌ગુણ વરજે, સદ્‌વર્તનને ઘટ પ્રગટાવ !!;
પ્રાજ્ઞપણામાં ગર્વદશા નહિ,-એવી પ્રાજ્ઞદશા મન લાવ્ય !!. ॥૪૮૨॥

પ્રાણને પોષો !! પ્રામાણિકથી, પ્રાણાયામ કરો !! નરનાર;
પ્રાણાયામથી શરીર પુષ્ટિ,-થાશે સમજો !! મન નિર્ધાર. ॥ ૪૮૩ ॥

પ્રાણાયામથી પ્રાણની પુષ્ટિ, મનની નબળાઇ દૂર જાય;
પ્રાણાયામ કર્યાથી માનવ, પ્રત્યાહારને યોગ્ય ગણાય. ॥ ૪૮૪ ॥

પ્રાણાયામ કરો !! નરનારી, શરીર વીર્યના રક્ષણ હેત;
પ્રાણાયામથી શકિત વધશે,-એવા જ્ઞાનીના સંકેત. ॥ ૪૮૫ ॥

પ્રાપ્તિ કર !! તું સ્વાધિકારે, સર્વગુણોની ધરીને પ્રેમ;
પ્રબળપણું પ્રગટાવી યત્ને,-પામો !! સાચો યોગને ક્ષેમ. ॥૪૮૬॥

પ્રાયશ્ચિત્ત કરીને આતમ !!, મન વચ કાયની સિદ્ધિ ધાર !!;
પ્રાયશ્ચિત્તથી મનની શુદ્ધિ થાતી,-એવો છે સાચો નિર્ધાર !!. ૪૮૭

પ્રારબ્ધ વેદજે સમભાવે તુ,-તેથી આતમ શુદ્ધિ થાય;
પ્રારબ્ધ કર્મોમાં આતમ !!, સમભાવે રહે તો શિવ પાય. ॥ ૪૮૮ ॥

પ્રાર્થના કર !! તું પ્રભુની ભાવે, પ્રભાતમાંહી પ્રાર્થના ધાર !!;
પ્રાર્થના કર!! તું ભક્તિ ઉમળકે, પ્રભુની સાથે એકતા ધાર!!.૫૪૮૯॥
પ્રાર્થના કર !! તું નિજ મનમાંહી,-આત્મા વિચારથી ધરી પ્રેમ;
પ્રાર્થના હૃદયનું ભક્તિ ઝરણું,-તેથી વધશે યોગ ને ક્ષેમ. ॥૪૯૦॥
પ્રેરક થા !! તું નિજનો નિજથી, આત્મગુણોમાં નિજને પ્રેર!!;
પ્રેરક થા !! તું પ્રભુપદ લેવા, પ્રેરણા જ્ઞાનની સુખમય લેર. ॥૪૯૧॥
પ્રેરણા ઝીલજે અંતર્ પ્રગટી, પરાજ્ઞાનની પ્રેરણા ધાર !! ;
પરાભક્તિ સેવાની પ્રેરણા,-સમજી કરજે વિશ્વોદ્ધાર. ॥ ૪૯૨ ॥
પરા ભક્તિમાં પ્રભુજી ભાસે, પરા જ્ઞાનમાં પ્રભુ હજૂર;
પરા પશ્યંતી રહસ્ય જાણી,--થવું ન કયારે પ્રભુથી દૂર ॥ ૪૯૩ ॥
પરા પશ્યંતી મધ્યમા વૈખરી, ચારનું રહસ્ય સમ્યગ્ જાણ !!;
પરા વિચારો તે પૈગામાં, પ્રેરિત પ્રભુનાં ગીત તે માન !!. ॥૪૯૪॥
પરા પશ્યંતીમાંહી પ્રગટે, ધ્યાન સમાધિયે જે સત્ય;
પ્રભુની પ્રેરણા વેદ તે જાણો !!, સત્ય પૈગામાંનું એ કૃત્ય. ॥૪૯૫॥
પરબ્રહ્મ શુદ્ધાતમ જ્ઞાને, નિર્વિકલ્પ દશાએ જેહ; .
પરામાં પ્રગટે સત્ય વિચારો, પ્રભુ ઉપદેશો જાણો !! એહ. ॥૪૯૬॥
પરા પશ્યંતીમાં જે ઉતર્યો, ધ્યાન સમાધિથી જે ભવ્ય;
પ્રેરણા પામ્યો પ્રભુની સાચી, જાણે તે સમ્યક્ કર્તવ્ય. ॥૪૯૭॥
પરા પશ્યંતીમાં જે ઉતર્યો, રાગને રોષ હણીને જેહ;
પિંડમાં આતમ શુદ્ધ કરે તે,-જિન અર્હતપદ પામે તેહ. ॥૪૯૮॥
પરા પશ્યંતી પેલી પારે, પરાજ્ઞાનની પેલી પાર;
પ્રભુ મહાવીર છે કેવલજ્ઞાની, સમજાવે સાચું જયકાર. ॥૪૯૯॥
પરાજ્ઞાનની પેલી પારે, અંતરૂમાં છે કેવલજ્ઞાન;
પરબ્રહ્મ આતમ પ્રગટાવો !!,-એથી સ્વયં થશો ભગવાન્. ॥૫૦૦॥
પ્રમદા વનમાં મોહ ન પામે, પ્રમદા દેખી ચહે ન કામ;
પ્રમદામાં નિષ્કામી રહે તે,-જીવંતો સાચો મુનિ રામ. ॥૫૦૧॥
પ્રમોદ ભાવના દિલમાં ધારી, સર્વજીવોના ગુણ લેનાર;
પ્રભુપદ પામવા યોગ્ય બને છે, સર્વજીવોપર પ્રભુસમ પ્યાર.॥૫૦૨॥

પ્રમોદ ભાવના જેણે ધારી, સમકિત પામ્યો નિશ્ચયે જાણુ !!;
પ્રમોદ ભાવે શ્વાન દંતને, શંસ્યા કૃષ્ણે શાસ્ત્ર પ્રમાણુ. ॥૫૦૩॥

પ્રમોદ ભાવે ગુણ સહુ ખીલે, અન્યના દોષો નહિં ગ્રહાય;
પરની નિંદા દોષ ટળે છે, આતમ શિવપુર પંથે જાય. ॥૫૦૪॥

પલપલ પ્રભુનું ભજન કરીલે !!, ભજન કરીલે !! શ્વાસોચ્છવાસ;
પલક પછીની ખબર પડે નહિં, તજીદે !! પરપુદ્ગલ વિશ્વાસ. ॥૫૦૫॥

પલપલ ધર્મ કરીલે !! સાચો, પલપલ આતમ !! ભાવે જાગ !!;
પલમાં અણધાર્યું સહુ થાતું, પ્રભુ ઉપર કર !! સાચો રાગ. ॥૫૦૬॥

પાગલ થા !! તું પ્રભુને માટે, દુનિયા સાથે ડહાપણ ધાર !!;
પ્રભુના પાગલ ભકતો મોટા, અવધૂતો મસ્તો નિર્ધાર. ॥૫૦૭॥

પાજીથા !! નહિં કન્જુંસ થઇને, પાજી થા !! નહિં ધરી પ્રમાદ;
પાજીપણાની વૃત્તિયોને,-છોડી દે !! તું ખોટા વાદ. ॥૫૦૮॥

પરાણે પ્રેમ થતો નહિં કોઇથી, પરાણે કોઇ થાય ન મિત્ર;
પરાણે તાણી તોષી કરવું,-તેમાં નહિં કોઇ રસની રિત. ॥૫૦૯॥

પાપ પંકમાં પગ નહિં મૂકો !!, પરનારીમાં ધર !! નહિં રાગ;
પરધનને પત્થર સમ ગણજે, પ્રભુપદ મળશે નિશ્ચય જાગ !!. ॥૫૧૦॥

પડાઇ લે !! નહિં કોનું દ્વેષે, વૈરે પરના લે !! નહિં પ્રાણ;
પરજીવોનું ભલું કરવામાં,-ટાળી દે !! મનથી શયતાન. ॥ ૫૧૧ ॥

પરજીવોને દુઃખ ન દેજે, પરના હિતમાં નિજહિત માન !!;
પરનું ભલું કરવામાં આતમ !!,-હોમી દે !! નિજતનમન પ્રાણ. ॥૫૧૨॥

પુંઠની પાછળ શત્રુની પણ, નિંદા કરજે નહિં તલભાર;
પોતાની પણ ભૂલ હોય તો,-સમજી તેનો કર !! પરિહાર. ॥ ૫૧૩ ॥

પરના પેટને ઠારજે પ્રેમે, પરનાં હૈયાં નહિં સંતાપ !!;
પરનાં દીલડાં નહિં દુભવજે, મનથી પણ નહિં કરજે પાપ. ॥૫૧૪॥

પટેલાઇ જૂઠી કરવાની,-છંડી દઇ નિજગુણને ધાર !!;
પરની પંચાતે ડાહ્યો થઇ,-પાપવિશે નહિં આયો હાર!!. ॥૫૧૫॥

પુણ્ય થકી માનવભવ પામ્યો,-તેને એળે લેશ ન હાર !!;
પ્રમાદ કર!! નહિં પામર!! ચેતન!!, ભૂલ્યો તો ભટકીશ બહુવાર. ॥૫૧૬॥

પ્રમાદ આઠ પ્રકારના ત્યાગો !!, ધરીને આતમનો ઉપયોગ;
પ્રમાદથી છે પામરતા બહુ, પ્રમાદસમ બીજો નહિં રોગ. ॥૫૧૭॥

પ્રમાદસમ શત્રુ નહિં કોઈ, પ્રમાદથી બહુ પડતી થાય;
પ્રમાદ પ્રકટ્યો જ્ઞાની જાણે, મૂઢજનોને નહિં સમજાય. ॥ ૫૧૮ ॥

પ્રમાદ ત્યાગે તે ચારિત્રી, અપ્રમાદી મુક્તિ પાય;
પ્રમાદ જેને વ્હાલો લાગે, દુર્ગતિમાંહી તે ભટકાય. ॥ ૫૧૯ ॥

પ્રમાદી જીવન ઝેરના જેવું, પ્રમાદી જીવન છે અંધકાર;
પ્રમાદી જીવન દારૂ જેવું;-સમજી પ્રમાદ કર!! પરિહાર.॥ ૫૨૦ ॥

પ્રમાદી થા!! નહિં પલપણ મોહે, અપ્રમાદે જીવનગાળ!!;
પ્રભુને પામવા માટે નક્કી,-એવું જીવન છે જયકાર. ॥ ૫૨૧ ॥

પ્રભુને પામે પૂરા સંતો, થાય ન દુનિયાં માંહી અંધ;
પ્રમાદ કરીને બંધાતા નહિં, સર્વ સંબંધે તેહ અબંધ. ॥ ૫૨૨ ॥

પડતી મૂકો !! જૂઠી વાતો, પડતા મૂકો !! દુષ્ટ વિચાર;
પડતાને પાટુ નહિં મારો !!, પડતાનું નહિં બૂરૂ ધાર !!. ॥૫૨૩॥

પડતી ચડતી સહુની આવે, પડતી ચડતીના ફેર અનંત;
પડતાઓને સહાય કરીલે !!,-સમજી વર્તે તેઓ સંત. ॥ ૫૨૪ ॥

પડતીમાં પાપોદય ભારી, પોતાનું પણ પારકું થાય;
પોતાનાં પણ સ્હામાં થાવે, દુઃખે પાડે ચેતન કાય. ॥ ૫૨૫ ॥

પડતીમાં ભગવાન્ છે બેલી, પ્રભુ ભજન કર!! તું તે સત્ય;
પડતી કારણ પૂરો !! ન પાપો,-સમજી તજી દે !! પાપનાં કૃત્ય.॥૫૨૬॥

પાછો પડ !! નહિં પ્રભુ ભજનમાં, પડતી થાતાં પણ નિર્ધાર;
પડતીમાં પણ પ્રભુ ભક્ત્યાથી, આતમ સુખ શાંતિ જયકાર. ॥૫૨૭॥

પડતાઓનું ઓઠું લઈને,-દુર્ગુણમાંહી ન પડતું મૂક !!;
પડતાઓનું ઓઠું લઈને-શ્રેષ્ટ થવાનો માર્ગ ન ચૂક !!. ॥૫૨૮॥

પડતાઓનું ઓઠું લઈને, પાપાચાર વિચાર ન ધાર !!;
પડતાઓને સહાય આપી, સુખી કરજે ધરીને પ્યાર. ॥ ૫૨૯ ॥

પતિતજનોપર પ્રેમને ધરજે, પતિતજનોપર ધર !! નહિં દ્વેષ;
પતિતજનોને ધિક્કારો !! નહિં, કરૂણા ભાવના ધારો !! બેશ. ૫૩૦

પતિત જનોની સેવા કરજે, દુઃખીઓનો કર ! ! ઉદ્ધાર;
પતિત થાતાં કર્મોદયથી,-જાણી કરૂણા ભાવ વિચાર ! !. ॥ ૫૩૧ ॥

પતિત થવાનાં કારણ છંડો !!, પતિત થવાના પંથો ત્યાગ !!;
પતિત જનોને ઉદ્ધરવાને,-ઉપકારી થૈને કર ! ! રાગ. ॥ ૫૩૨ ॥

પાછળ પડ !! નહિં મોહ પ્રમાદે, આગળ જાવા સ્વાર્પણ ધાર ! !;
પાછળ પડતાં પસ્તાવાનું,-સમજી આગળ જા ! ! નિર્ધાર. ॥૫૩૩॥

પાછળ પડ !! નહિં કોની ક્યારે, પાછળ પડતાં રહે ન લાજ;
પાછળ પડવું છોડી દઇને,-પોતાનું રક્ષો ! ! સામ્રાજ્ય. ॥ ૫૩૪ ॥

પડવું થાતું ભૂલ પ્રમાદે, પડે નહિં તે આગળ જાય;
પુણ્ય પાપના હેતુ વિચારી, પુણ્ય કરે તે સદ્ગતિ પાય. ॥ ૫૩૫ ॥

પડતું મૂક !! ન જાણી જોઇ, પડતીના હેતુ સહુ ત્યાગ ! !;
પાપીઓની પણ કર ! ! શુદ્ધિ, અંતરમાં જો પ્રભુનો રાગ. ॥૫૩૬॥

પહેલાં પોતે શુદ્ધ બને તો,-બીજાઓની શુદ્ધિ થાય;
પહેલી કર ! ! પોતાની શુદ્ધિ,-જેથી થાતી અન્યને સ્હાય. ॥૫૩૭॥

પિંડ સુધારે જે જન પહેલાં, તે બ્રહ્માંડ સુધારે જાણ ! !;
પિંડની શુદ્ધિ કરવા માટે,-હોમી દે !! તું તન મન પ્રાણ. ॥૫૩૮॥

પ્રથમ પ્રમુખપદ વરવા માટે,-કરજે મન વચ કાયા શુદ્ધિ;
પ્રગટ પ્રભુ સંતોની સેવા,-કરજે ધરજે નિર્મળ બુદ્ધિ. ॥ ૫૩૯ ॥

પ્રથમ પ્રભુપદ વરવા માટે,-સર્વ જીવોપર કર ! ! ઉપકાર;
પરોપકારી પહેલો થા ! ! તું,-તેથી પ્રભુપદ છે તૈયાર. ॥ ૫૪૦ ॥

પોતાનું હિત કરીને પહેલાં,-અન્યલોકના હિતને ધાર ! !;
પહેલી અવસ્થા એવી સાચી, પ્રભુપદ વરવા છે નિર્ધાર. ॥ ૫૪૧ ॥

પંડિત જન તે જાણી વર્ત્તે, સુખ દુઃખમાંહી ધરે સમભાવ;
પલક ન ભૂલે પ્રભુને દીલથી, ખેલે નટ નાગરના દાવ. ॥ ૫૪૨ ॥

પ્રજ્ઞાનો મદ કર !! નહિં ક્યારે, વિદ્યાગર્વથી લાભ ન થાય;
પ્રજ્ઞામદ કરવાથી સાચું, કેવળજ્ઞાન નહિં પ્રગટાય. ॥ ૫૪૩ ॥

પ્રજ્ઞામદ કરવાથી હાનિ, ખીલે નહિં સાચું ચારિત્ર;
પ્રજ્ઞામદ ત્યાગીને આતમ !!, થાજે પોતે શુદ્ધ પવિત્ર. ॥ ૫૪૪ ॥

પડછાયા સમ જગની માયા, વિદ્યા તન ધન સત્તા જાણ !!;
પડછાયા સમ પુદ્ગલ સુખડાં,-તેમાં સુજ્ઞે નહિં કલ્યાણ. ॥ ૫૪૫ ॥
પડછાયા સમ લક્ષ્મી સત્તા,-તેની પાછળ પડ!! નહિં ભવ્ય !!;
પડછાયાની પાછળ પડતાં, ભૂલીશ પ્રભુપદનું કર્તવ્ય. ॥ ૫૪૬ ॥
પનોતિ તે પાપોદય ભારી, દુઃખની વેળા જેથી થાય;
પનોતિ તે નિજ પાપ કરેલાં,-સમય પામી જે પ્રગટાય. ॥૫૪૭॥
પનોતિ તે કુમતિ કુસંગત, પનોતિ તે દુર્ગુણ વ્યભિચાર;
પનોતિ તે દુર્ગુણ દુર્વ્યસનો,-સમજી દૂર કરો !! નરનાર ॥૫૪૮॥
પનોતિ તે કુમિત્રની સોબત, પોતાના દોષો જે ભૂલ !!;
પનોતિ ટાળવી સત્કૃત્યોથી, પનોતિના વ્હેમે નહિં ઝૂર!!.॥૫૪૯॥
પુછી લે !! ગુરૂઓને સાચું, જ્ઞાનીઓને સાચું પુછ !!;
પ્રત્યુત્તરથી કરી ખુલાસો, પકડીશ નહિં પછી ગદ્ધાપુચ્છ. ॥૫૫૦॥
પોતાનામાં ગુણ ને અવગુણ, કયા કયા છે તેહ વિચાર!!;
પોતાની ભૂલોને પોતે,-દેખી તેનો કર !! પરિહાર. ॥ ૫૫૧ ॥
પોતાનું સારૂં જે કરવું,-તે તો છે પોતાના હાથ;
પોતાનું તું કરી લે !! પોતે, પરાશ્રયી થાતાં દુઃખ સાથ. ॥ ૫૫૨ ॥
પોતાની પ્રગતિના માર્ગો, પોતે તેનો કર !! નિર્ધાર;
પોતાના સમ બળ નહિં કોઇ, કરી નિશ્ચયને ધર!! વ્યવહાર. ॥૫૫૩॥
પોતાને પોતે ઉદ્ધારો !!, પોતાને પોતે તું તાર !!;
પોતાના પગ ઉપર રહીને,-ચલાવ !! પોતે સહુ વ્યવહાર. ॥૫૫૪॥
પોતાના માટે દુનિયાના,-અભિપ્રાયો જે હોય હજાર;
પણ તેમાં તું મુંઝાયાવણ,-કર્તવ્યો કર !! સ્વાધિકાર. ॥ ૫૫૫ ॥
પોતાનો નિશ્ચય તે સાચો,-તેમાં શક્તિ બળ પ્રગટાય;
પરના નિશ્ચયમાંહી બળ નહીં, સ્વનિશ્ચયમાં બળ સુખદાય.॥૫૫૬॥
પોતે પોતાનો વિશ્વાસી,-થઇને આતમ !! આગળ ચાલ !!;
પોતે જેવું કરીશ તેવું,-પામીશ એવો ધર!! મન ખ્યાલ ॥૫૫૭॥
પિંડે તે બ્રહ્માંડે છે સત્ય, પિંડ વિષે પ્રભુને પ્રગટાવ !!;
પિંડમાં આતમ તે પરમાતમ,-સમજી ધ્યાન સમાધિ લગાવ!!.॥૫૫૮॥

પદ્માસન આદિ સહુ આસન, સિદ્ધ કરી કર !! પ્રાણાયામ,
પ્રત્યાહારને ધારણા ધ્યાતાં, ધ્યાન સમાધિ સિદ્ધિ ઠામ. ॥ ૫૫૯ ॥

પરિષહ પ્રગટ્યા સર્વ સહીને, સમતાભાવે ધર !! ચારિત્ર;
પાપોદયથી પરિષહ પ્રગટે, આતમ છે તેથી અતિરિક્ત. ॥ ૫૬૦ ॥

પવિત્ર રહેજે મન વચ કાયથી, સંબંધીઓને કરો !! પવિત્ર;
પવિત્ર મનમાં પ્રભુજી પ્રગટે,-એવી અનાદિ કૃત કુલરીત. ॥ ૫૬૧ ॥

પડાવી લે !! ના અન્યના ધનને, અન્યને ખાડામાંહી ન પાડ !!;
પડવાના હેતુ સહુ ત્યાગો !!, પંથ ચલંતાં ત્યજ !! વઢવાડ. ॥ ૫૬૨ ॥

પરની સાથે સદા પ્રમાણિક, પ્રથમથી નિજ જીવન ગાળ !!;
પરના સારામાં નિજ સારૂં,-સમજી પ્રભુથી કરજે વ્હાલ. ॥ ૫૬૩ ॥

પ્રાણાન્તે ત્યજ !! નહીં સદ્‌વર્તન, પ્રાણાન્તે પણ ત્યજ !! નહીં ધર્મ;
પ્રાણાંતે પણ પાપ કરીશ નહીં, પ્રાણાંતે પણ કર!! શુભ કર્મ. ॥ ૫૬૪ ॥

પર્વાદિકમાં આનંદી થઇ, નિર્દોષે નિજ જીવન ગાળ !!;
પંચાતોમાં માર !! ન માથું, પંચાતે છે જૂઠો ખ્યાલ. ॥ ૫૬૫ ॥

પવિત્ર થઇને જગમાં રહેવું, મન વાણીને ધાર !! પવિત્ર;
પવિત્ર પાસે સદા પ્રભુ છે, રૂડાં તેનાં સદા ચરિત્ર. ॥ ૫૬૬ ॥

પવિત્ર રહેવા પલપલ પ્રભુને, પૂર્ણ પ્રેમથી દીલ સંભાળ !!;
પૂરાઓની સંગત કરતાં,-પ્રગટે દીલમાં પવિત્ર ખ્યાલ. ॥ ૫૬૭ ॥

પદ્મપ્રભુને પાર્શ્વનાથજીન, ભજીને આતમ !! કર !! દિનરાજ;
પાર્શ્વપ્રભુ ઉપયોગે પાસે, આત્મદૃષ્ટિથી ઘટમાં રાજ્ય. ॥ ૫૬૮ ॥

પૂજાસંગ્રહ ગ્રંથ રચીને, પ્રભુ પૂજાનું કથ્યું સ્વરૂપ;
પૂજાસંગ્રહને વાંચી ભવ્યો !!, ટાળો !! મિથ્યા મોહની ધૂપ. ॥ ૫૬૯ ॥

પલપલ આતમ !! પ્રભુને જગાવો !!,-ધારી આતમનો ઉપયોગ;
પ્રવૃત્તિ કર !! સહુ સાક્ષી થઈને,-યોગ છતાં પણ રહી અયોગ. ॥ ૫૭૦ ॥

પ્રકાશ કરજે જગની આગળ, સાચું લાગે તે હિતકાર;
પ્રકાશ સાચો જગને દેવો, અંધકારને દૂર નિવાર !!. ॥ ૫૭૧ ॥

પ્રગટાવો !! પ્રગતિના પંથો, પ્રગતિ પંથે આગળ ચાલ !!;
પ્રકર્ષ તેથી આતમ ત્હારો,-થાશે એવો નિશ્ચય ધાર !!. ॥ ૫૭૨ ॥

પરમાનંદ સ્વરૂપ છે મ્હારૂં, મ્હારામાં છે મંગળમાલ;
પ્રેમ પ્રતીત પ્રગટાવો !! તે, તુજ અનંત ઋદ્ધિ વિશાલ. ॥ ૫૭૩ ॥

(फ)

ફફફા ફુલણુ થઈ નહીં ફુલો !!, ફજેતીકારક છ ટો !! દોષ;
ફોગટ જડમાં સુખની બુદ્ધિ, તજશો ધરશો મન સંતોષ. ॥ ૧ ॥
ફાતડા સરખા બનો !! ન બહુ, ફોલી ખાશો નહીં પરવિત્ત;
ફફફાનું ભણતર એ ભણશો,-તેથી થાશે વિશ્વ પવિત્ર. ॥ ૨ ॥
ફાગણુ માસના હોળી રાજા,-સરખા થશો ન મોહે લેશ;
ફાવડી સરખી વદો !! ન વાણી, ફરજ અદા કરો !! રહી નિર્દોષ. ॥ ૩ ॥
ફંદા માયાના લખ કોટિ, ફસાઓ !! નહીં તેમાંહી લગાર;
ફકીર થાશો ફીકર તજીને, જૂઠો ગણો !! સઘળો સંસાર. ॥ ૪ ॥
ફાકી ભરશો અનુભવ જ્ઞાનની, ફાંકો ધરો !! ન ગુણનો કોઇ;
ગુણધર્મોથી આતમ ફાલો !!, ઉપયોગે રહો !! આતમ જોઇ. ॥ ૫ ॥
ફાવે તે કરશો શુભ કાર્યો,-કરો !! નહીં કયારે બદફેલ;
ફાંદ વધારો !! નહીં આલસથી, ફુલસમા થઇ કરો !! ન સહેલ. ॥ ૬ ॥
ફળની આશા રાખ્યાવણુ સહુ, સ્વાધિકારે કરશો કાજ;
ફરજ દો પોતાના કેળવો !!, સ્વાતંત્ર્યે નિજ કરશો રાજ્ય. ॥ ૭ ॥
ફકીરોને સંતોષી રાખો !!, ફકીરોની લેશો નહિં હાય;
ફકીર ગરીબ હાય શાપથી, વંશ કુલનો નાશજ થાય. ॥ ૮ ॥
ફકીરીમાંહી સુખ છે સાચું, અમીરીમાં સુખ નહીં તેવું;
ફીકર વિના સુખ મસ્તી પ્રગટે, ફકીરી માંહી ફરતા રહેવું ॥ ૯ ॥
ફીકર તજે જે સર્વજાતની, સર્વ વિકલ્પરહિત થઈ જાય;
ફકીર ખરો તે પરા પારનો, પ્રભુનો સત્ય અનુભવ થાય. ॥ ૧૦ ॥
ફીકર વિના જે કરે કર્તવ્યો, ચિંતા શોક રહિત થઇ જાય;
ફીકર વિનાનો આતમ બળિયો, જગમાં અનંત શક્તિ પાય. ॥ ૧૧ ॥
ફીકર તજીને કર !! કર્તવ્યો, પ્રભુ ધરીને દિલ વિશ્વાસ;
ફક્કડ થઇને જગમાં ફરવું, રહેવું નહિ ક્ષણમાત્ર ઉદાસ. ॥ ૧૨ ॥

ફીકર કર્યાથી મન તન હાનિ, ફીકર કર્યાથી કાર્ય ન થાય;
ફીકરની ફાકી ભરે ફકીર તે, કર્મયોગે થઇ જ્ઞાની સુહાય. ॥ ૧૩ ॥

ફીકર વિનાનો માનવ બળિયો, મરણભીતિ જેને નહિં હોય;
ફીકર વસે ત્યાં ફકીરાઇની, ફીકર ટાળતાં પ્રભુતા જોય. ॥ ૧૪ ॥

ફક્કડ થઇને તું જગમાં ફરજે, રાગ રોષને કરીને દૂર;
ફજેત થા!! નહિં દુનિયામાંહી, નિજમાં આનંદનું છે પૂર. ॥ ૧૫ ॥

ફજેતી મોહ વિના નહિં બીજી, મોહથી આતમ !! થાય ફજેત;
ફજેતી નહિં પ્રભુમાં જો મનડું,-સમજી જ્ઞાની શુભ સંકેત. ॥ ૧૬ ॥

ફટકા પડતા દુઃખના સહુને,-તેથી સર્વે પામે શીખ;
ફટકા સહુને શિક્ષાદાતા, ફટકાવણુ પામે સહુ ભીખ. ॥ ૧૭ ॥

ફટકા ઠોકર વાગે ત્યારે,-મનમાં પ્રગટે છે શુભ સાન;
ફટકા ઠોકર સહુને વાગે,-સમજે નહિં તે છે નાદાન. ॥ ૧૮ ॥

ફરજ બજાવો !! આતમ નિજની, ફરજ બજાવે સિદ્ધિ થાય;
ફરજ વિનાનું માણુસ નબળું, સાધ્ય વિના જ્યાં ત્યાં ભટકાય. ॥ ૧૯ ॥

ફરજ બજાવે શક્તિ પ્રગટે, ફરજ બજાવે છે આનંદ;
ફરજ બજાવ્યા વિના ફજેતી, બળિયો પણુ જગ થાતો મંદ. ॥૨૦॥

ફરજ જે સ્વાધિકારે ધર્મ તે, ફરજ બજાવે શાંતિ થાય;
ફરજને ચૂકે નિર્બળ આતમ !!, સબળો ફરજ બજાવી જાય. ॥૨૧॥

ફરજ જે આવશ્યક તે કરવી, ફરજ થકી જન મુકિત પાય;
ફરજને નિષ્કામે જે બજાવે, જગમાં સહુથી શ્રેષ્ઠ ગણાય. ॥ ૨૨ ॥

ફરજ બજાવો !! સ્વાર્પણુ કરીને,-તેથી પ્રભુપદ વરશો સત્ય;
ફરજ બજાવતાં ભાગી જાવે,-તેનાં તન મન નબળાં કૃત્ય. ॥ ૨૩ ॥

ફરજ બજાવે પ્રભુતા પ્રગટે, સેવા ભકિત સિદ્ધિ થાય;
ફરજ વિનાનો માણુસ પશુસમ, જીવંતાં મડદાં તે ગણાય. ॥ ૨૪ ॥

ફરજ બજાવો !! સમભાવી થઇ, રાગરોષને કરીને દૂર;
ફરજ બજાવતાં મૃત્યુ આવે,-તોપણુ પામશો આનંદ પૂર. ॥ ૨૫ ॥

ફરજ બજાવતાં ભીતિ તજવી, ચિન્તા શોકનો કરવો ત્યાગ;
ફરજ બજાવતાં હિમ્મત ધરવી. ધરવો પ્રભુપર પૂરણુ રાગ ॥ ૨૬ ॥

ફરજ બજાવતાં ઉદાર થાવું, ભેદ બુદ્ધિનો કર !! પરિહાર;
ફરજ બજાવતાં મૃત્યુ થાવે,—તો પણ હિમ્મત લેશ ન હાર!!. ॥૨૭॥
ફરજ બજાવો !! પ્રભુ વિશ્વાસે, ફરજ તે માનો !! પ્રભુની ભક્તિ;
ફરજ તે માનો !! પ્રભુની સેવા, ફરજ તે માનો !! પ્રભુની રીતિ. ॥૨૮॥
ફરજ તે માનો !! વ્યષ્ટિધર્મ છે, સમષ્ટિધર્મનો તે પણ ભાગ;
ફરજ તે સ્વાધિકારે સમજે, કર્મયોગી જ્ઞાની વડ ભાગ. ॥ ૨૯ ॥
ફરજને જાણી ફરજ અદા કર !!, ફરજને જાણવી છે મુશ્કેલ;
ફરજ જણાતી સમ્યગ્જ્ઞાને,—તેથી શિવપુર પ્રાપ્તિ સહેલ. ॥ ૩૦ ॥
ફરજ અદા કરી પ્રભુમાં જીવો !!, પ્રગટાવી ઘટ પરમાનંદ;
ફરજનું જીવન જ્ઞાનાનંદે, પ્રકટાવો !! નાસે સહુ ફંદ. ॥ ૩૧ ॥
ફરવું મુક્ત્યર્થે જગમાંહી, ફરવું પરમાનંદને હેત;
ફરવું સદ્ગુણ પ્રાપ્તિ કરવા, સત્કૃત્યોનાં જ્યાં સંકેત. ॥ ૩૨ ॥
ફરવું પરોપકારે જગમાં, ફરવું સદ્ગુણ લેવા કાજ;
ફરવું પ્રગતિ માટે સારૂં, પ્રગટે આત્મિક શુભ સામ્રાજ્ય. ॥ ૩૩ ॥
ફુરસદ મળતાં પરોપકારો,—કરશો જગમાં નરને નાર;
ફરી જશો નહિ બોલો બોલી, ફરી જવું તે મોટી હાર. ॥ ૩૪ ॥
ફરી જવું તે સારૂં ખોટું, પુણ્ય પાપ વૃત્તિ સાપેક્ષ;
ફરી જવું નહીં ધર્મનું બોલી, સંતજનોનો એ ઉપદેશ. ॥ ૩૫ ॥
ફાટફૂટ એ બહુલી હાનિ, ફાટફૂટથી સર્વનો નાશ;
ફાટફૂટથી પડતી થાવે, કુસંપ ત્યાં છે એહ વિલાસ. ॥ ૩૬ ॥
ફાટફૂટે છે પાપની વૃત્તિ, ફાટફૂટમાં છે શયતાન;
ફાટફૂટ છે પડતી ચાળા, ઈર્ષ્યાનાં સઘળાં તોફાન. ॥ ૩૭ ॥
ફાટફૂટથી થાય ન શાંતિ, જ્યાં ત્યાં દુઃખો બહુ ઉભરાય;
હિંદમાં દાખલા એના બહુલા, હિંદમાં એથી પડતી જણાય. ॥ ૩૮॥
ફાનસ સમ સાત્વિક વૃત્તિને,—કરીને જ્ઞાનદીપક પ્રગટાવ !!;
ફોગટ તમો રજો ગુણ માંહી, ભૂલીશ નહિ ધર !! આત્મિક દાવ. ॥૩૯॥
ફાંફાં મારે ક્યાં તું જડમાં, ફાંફાં માર્યે થાય ન શાંતિ;
ફાંફાં માર્યે મળે ન સુખડાં, ઉલટી વધતી મોહની ભ્રાંત. ॥ ૪૦ ॥

ફાંસ ન મારો !! પરહિતમાંહી, પરોપકારે ગાર !! ન ફાંસ;
ફાંસી તે કુમતિ છે અંતર, ચિંતા શોક તે ફાંસી માન !!. ॥ ૪૧ ॥

ફીટકારો દે !! નહિં પાપીને, પાપોને તું દે !! ફીટકાર;
ફીટકારોનું પ્રતિફલ છે તેવું,-સમજી કર !! સહુનો સત્કાર. ॥ ૪૨ ॥

ફીલસુફ થઇને પ્રભુ પ્રેમી થા !!, ફીલસુફી તે શુભ સેવા ભક્તિ;
ફીલસુફ સાચો પ્રભુને પરખે, ટાળે કર્મનાં પાપ અનીતિ. ॥ ૪૩ ॥

ફૂટાફૂટ કરી રાજી થા !! નહિં, શત્રુઓમાં કર !! નહિં ફૂટ;
ફૂટાફૂટથી કોનું ન સારૂં, ફૂટાફૂટની લે !! નહિં લૂંટ. ॥ ૪૪ ॥

ફરતા રહેવું જગમાં જ્યાં ત્યાં,-સારૂં લેવા દેવા કાજ;
ફેરફાર છે સર્વજીવોમાં, કર્મ પ્રભુ છે એ સામ્રાજ્ય. ॥ ૪૫ ॥

ફેરો ખાવો ધર્માર્થે શુભ, પરોપકારે ફેરો ધાર !!;
ફેરો કરીને પસ્તાતો નહિં, ફેરો કરતાં પુણ્ય અપાર. ॥ ૪૬ ॥

ફરી કરતાં પેટની માટે,-મનમાંહી લજ્જાને ધાર !!;
ફેરી કરવી સારા માટે, ફોગટ મોટાઇ નહિં ધાર !!. ॥ ૪૭ ॥

(બ)

બબ્બા બહાદુર બળિયા બનશો, બળવંતાથી જગ જીવાય;
બળ કળથી સહુ કાર્યની સિદ્ધિ, બચપણથી બલ પામો !! ન્યાય. ॥૧॥

બરોબરિયાની સાથે લડવું, વિશેષ બળથી સલાહ રીતિ;
બકવાદિ નહીં થવું કદાપિ, બ્રહ્મચર્ય ધરવું મહાનીતિ. ॥ ૨ ॥

વીશ વર્ષની ઉપર ધરવું, બ્રહ્મચર્ય સહુ શકિત મૂલ;
બ્રહ્મચર્યવણ સર્વથા પડતી, ચડતામાંહી પડતી ધૂળ. ॥ ૩ ॥

વીશ વર્ષપર્યંત બાલક સહુ, બ્રહ્મચારી રહેતાં જયકાર;
દેશ કોમને ધર્મની ચડતી, અન્યથા પડતી છે નિર્ધાર. ॥ ૪ ॥

સાત્ત્વિક ગુણને કર્મથી બ્રાહ્મણ, બ્રહ્મજ્ઞાની બ્રાહ્મણ કહેવાય;
જ્ઞાન વિના નહિ બ્રાહ્મણ કોઇ, બ્રહ્મજ્ઞાન કરતાં સુખ થાય. ॥ ૫ ॥

બાલક બાલિકાને કેળવો !!, બ્રહ્મચારી રાખી નરનાર;
બાળો !! મિથ્યા કામ વિચારો, જશો નહીં સદ્ગુણની બહાર. ॥ ૬ ॥

બારીઓ સહુ મનની મેલો !!,–જેથી આવે જ્ઞાનપ્રકાશ;
બુંદ એક પણ વિર્યનું રક્ષો !!,–જેથી બહુ જીવો !! જગ ખાસ. ॥ ૭ ॥
બુરા હસ્તકર્માદિ મૈથુન દોષો,–છોડી રહેજો બહુ આનંદ;
બળવંતા બ્રહ્મચર્યથી,–જીવાનું જગમાં સ્વતંત્ર. ॥ ૮ ॥
બાકી રાખો !! નહીં ઋણ લેવા, બરબાદી નહીં કરો !! લગાર;
બરફી આદિ મીઠાં ભોજન, નજરનાં આરોગ્ય રહેનાર. ॥ ૯ ॥
બાહિર અંતર ભેદભાવવણ,–વર્તો ! ! સત્યભાવે નરનાર;
બુદ્ધિ ધર્મ ગુણોની ધારો ! !, બહુ બોલનાં દુઃખ અપાર. ॥ ૧૦ ॥
બહિરાતમપદ તજીને આતમ !!, અંતર્ આતમપદને પાવ !! ;
બળિયા પરમાતમપદ પામે, પારમાતમપદ પ્રેમ જગાવ !!. ॥ ૧૧ ॥
બહોતેર આદિ સર્વકળાનું,–ભણતર ભણતાં જે નરનાર;
તે બુદ્ધિબલ જગમાં રહેતાં, બને બાહોશ સદા ત્યકાર. ॥ ૧૨ ॥
બહોતેર ઉપર ધર્મકલા છે, જૈનધર્મ જગમાં આધાર;
બચે દુર્ગુણ દોષોથી તે, જૈનધર્મ સ્વતંત્ર વિચાર !!. ॥ ૧૩ ॥
બોલો !! સારા બોલ વિચારી, આતમ તારો !! આપો આપ;
બબ્બા ભણ્યા ગણ્યા કહેવાયો, વર્તનની જગમાં છે છાપ. ॥ ૧૪ ॥
બાહુથી પુરૂષાર્થ કરીને,–જીવો !! જગમાં નરને નાર;
બાજીગર બાજીસમ દુનિયા,–સમજી ધર્મ કરો !! સુખકાર. ॥ ૧૫ ॥
બુદ્ધિસાગર આતમ તું છે, નામરૂપથી ભિન્ન છે જાણ ! !;
બુદ્ધિસાગર બ્રહ્મ પ્રભુ તું, દેહાદિક સાધન તુજ માન ! !. ॥ ૧૬ ॥
બાવન અક્ષર બાહિર તું છે, બુદ્ધિસાગર આતમ જાણ ! !;
બાવન બાહિર બાવન બોલે, અનામી તું નામ પ્રમાણ. ॥ ૧૭ ॥
બાવન અક્ષરનાં જે નામો,–એવાં તારાં અનંત નામ;
બુદ્ધિથી તે જાણે પણ તું, ભિન્ન છે તેથી સત્ય અનામ. ॥ ૧૮ ॥
બુદ્ધિસાગર નામ તે કૃત્ય, દેહને ઓળખવાને કાજ ;
બાવન બાહિર આત્મ અનામી, શબ્દોથી ન્યારૂં મુજ રાજ્ય. ॥૧૯॥
બાહ્યાકૃતિ પુદ્ગલ કાયાની, દેહરૂપાદિકથી હું ભિન્ન ;
બુદ્ધિસાગર ચિદાનન્દમય, આત્મપ્રભુ તેમાં હું લીન. ॥ ૨૦ ॥

બુદ્ધિસાગર આદિ ગણાતાં, નામને રૂપોએ જે વહાય;
બ્રહ્મ સ્વરૂપી શો સાંધીને,-શોથી ન્યારો ચેતનરાય. ॥ ૨૧ ॥

બ્રહ્મ સ્વરૂપ સ્વરૂપ જાણ્યું જેણે,-તેને વંદુ કોટિવાર;
બુદ્ધિસાગર આતમ જાણ્યો, નામરૂપ નિઃસંગ વિચાર. ॥ ૨૨ ॥

બીજાઓના દોષો દેખે, દેખે જે નહીં નિજના દોષ ;
બુદ્ધથલ મૂર્ખ છે જે ભૂલ દેખાને, ગુણરૂપે કરતો ઘટ પોષ. ॥ ૨૩ ॥

બાહિર અંતર્ આતમ ધ્યાવો !!, બાવનથી પણ બાહર જાણ !!;
બાવનને જે બોલે જાણે, બાવન પણ તેથી અજ્ઞાન. ॥ ૨૪ ॥

બુદ્ધ તે શુદ્ધાતમ જિનવર છે, સિદ્ધસ્વરૂપી ગુણધરનાર;
બુદ્ધ તે સત્તા એ નિજ આતમ, વંદુ પ્રણમું વારંવાર. ॥ ૨૫ ॥

બાલ્ય થકી બ્રહ્મચારી તે નર, વીર્ય નૂરથી નિતરે અંગ;
બ્રહ્મચારી નૈષ્ઠિક તે સાચો, નહીં મૈથુન ભોગેચ્છારંગ. ॥ ૨૬ ॥

બ્રહ્મચર્ય તે દેહ વીર્યનું,-બિંદુ ન ખરતો સ્વપ્નથી લેશ;
બ્રહ્મચારી તે નરને નારી,-જેને નહીં મન કામનો કલેશ. ॥ ૨૭ ॥

બ્રહ્મચારી નર નારીઓનું, સત્યારોગ્યને ચળકે દેહ;
બ્રહ્મચારી તે કાયથી મનથી, બિંદુ ખરે નહીં કામ ન રેહ. ॥ ૨૮ ॥

બ્રહ્મચારી જે નરને નારી, વીશ વર્ષ સુધી રહેનાર;
બ્રહ્મચર્ય છે દ્રવ્યને ભાવથી, દ્રવ્ય તે ભાવનો હેતુ સાર. ॥ ૨૯ ॥

બ્રહ્મચર્યની રક્ષણકારક, નવવાડો સાચી હિતકાર;
બ્રહ્મચર્યનો અનન્ત મહિમા, બ્રહ્મચર્યની શક્તિ અપાર. ॥ ૩૦ ॥

બાળલગ્ન તે પશુ યજ્ઞજ છે, બાળલગ્નથી સર્વ વિનાશ;
બાળલગ્નથી દેશ કોમની,-પડતી થાતી સમજો !! ખાસ. ॥ ૩૧ ॥

બાળલગ્ન હિંસા યજ્ઞામાં, બાલક હોમે જે નરનાર;
બાલક હત્યાનાં કરનારાં, આ ભવમાંહી દુ:ખી થનાર. ॥ ૩૨ ॥

બાલલગ્નથી ક્ષયાદિ રોગો, સંતતિ નબળી રોગી થાય;
બહાદુર સંતતિ તેથી ન પાકે, ગુલામ સંતાનો જગ થાય. ॥ ૩૩ ॥

બાલલગ્નથી પરંપરાએ, પ્રજા સંઘને રાષ્ટ્રનો નાશ;
બાલલગ્નની હિંસા ટાળો !! ,-સમજીને નરનારી ખાસ. ॥ ૩૪ ॥

બંધ તત્ત્વ તે આતમ સાથે, રાગે રોષે કર્મનો બંધ;
બંધ છે ચાર પ્રકારે જાણો !!, અજ્ઞાની કર્મે છે અંધ. ॥ ૩૫ ॥

બંધનું કારણ મુખ્ય મોહ છે, બંધ છે જેનો તેની મુક્તિ;
બંધ સમયમાં ચેતો !! આતમ !!, કર્મબંધમાં નિજ અશક્તિ. ॥૩૬॥

બંધનો કર્તા આતમ પોતે, જ્ઞાને કરતો બંધનો નાશ;
બંધાતાં નહીં નવીન કર્મો, જ્ઞાને અને વૈરાગ્યે ખાસ. ॥ ૩૭ ॥

બાંધે તે છે છોડવા શક્ત જ, આત્મોપયોગે છે નહીં બંધ;
બંધાતા નહીં જ્ઞાની ભક્તો, અનાદિ કર્મને જીવ સંબંધ. ॥ ૩૮ ॥

બ્રાહ્મણ તે જે બ્રહ્મને જાણે, સાત્ત્વિક વિદ્યા સાત્ત્વિક કર્મ;
બુદ્ધિ સાત્ત્વિક બ્રહ્માનુભવ, અનુભવતો જે બ્રહ્મનું શર્મ. ॥ ૩૯ ॥

બ્રાહ્મણ તે જે બ્રહ્મથી વૃત્તિ,-કરતાં ગાળે આયુઃ સર્વ;
બાહ્યાંતર સદ્‌ગુણને પામે, ગુરૂ શિક્ષક થૈ કરે ન ગર્વ. ॥ ૪૦ ॥

भ

ભભ્ભા ભણનાર ભણશો પ્રભુનું, ભગવંતપર મૂકો !! વિશ્વાસ;
ભણો !! ભક્તિ સેવાનાં કાર્યો, ભાગ્યદશાનો તેથી પ્રકાશ. ॥ ૧ ॥

ભલા ભલા પણ ચાલ્યા જાતા, અમર રહે નહીં જગમાં કોય;
ભગિનીસમ પરસ્ત્રીને માને, વર્તે તે જગ સુખિયો હોય. ॥ ૨ ॥

ભણ્યા ગણ્યાનો ગર્વ ન કરશો, ભણ્યો ભૂલતો નક્કી માન !!;
ભાગીદાર પ્રમાણિક કરવો, ભમો !! નહીં ભૂલી નિજ ભાન. ॥ ૩ ॥

ભાજન સ્વચ્છ ધરો !! ભૂખ લાગે,-ત્યારે ભોજન જમશો ખાસ;
ભય રાખો !! ચોરી નારીનો, પ્રભુના સાચા બનશો દાસ. ॥ ૪ ॥

ભૂંડું પરનું કરો !! ન ક્યારે, કરો !! ભલાઇનાં સહુકાજ;
ભીડ વખતમાં ગભરાવું નહીં, ભીડું બનતાં થાય ન રાજ્ય. ॥ ૫ ॥

ભાડાની કોટડીસમ કાયા,-પોતાની ક્યારે ન થનાર;
ભક્તિ કરતાં ભય લજ્જાને, ખેદને તજીએ થૈ હુંશિયાર. ॥ ૬ ॥

ભાવો !! ભાવના બાર ચારને, ભાવથી પ્રગટે કેવલજ્ઞાન;
ભજવા ભજન કરતાં દુઃખો,-પડે તેથી નહીં ચળો !! લગાર. ॥ ૭ ॥

ભાળો !! ગુણુને ભાવના ભાવો !!, કદિ ન છંડો !! સત્ય ભલાઇ;
ભભ્ભા એવું ભણતાં ગણતાં, ભગવંત મળવાની છે વધાઇ. ॥ ૮ ॥
ભલાકાર્યમાં ભાગજ લેશો, રાખો ! ! નિજ આતમનું ભાન;
ભલું કરતાં શિવપુર જાશો, આપો આપ થશો ભગવાન્. ॥ ૯ ॥
ભલાં ધર્મનાં કાર્ય ન ભાંગો !!, ભોળા થાશો નહીં અજ્ઞાન;
ભૂંડામાં કદિ ભાગ ન લેશો, ભાષણ કરવાં બની ગુણવાન્. ॥ ૧૦ ॥
ભોળા જન ભરમાતા ભર્મે, ભોળા થાશો !! નહીં નરનાર;
ભોળાને દુનિયા છે તરવી, ભાંડપણું તજશો નિર્ધાર. ॥ ૧૧ ॥
ભારત સહકાર શિક્ષણ કાવ્યની, રચના કીધી મેં સુખકાર;
ભારતની સત્યોન્નતિ કરવા,-વાંચો !! પ્રેમે નરને નાર; ॥ ૧૨ ॥
ભજનસંગ્રહના ભાગ એકાદશ, રચિયા મેં કરવા ઉપકાર;
ગુરૂગમ શ્રદ્ધા એ જે વાંચે,-વર્તે તે પામે ભવપાર. ॥ ૧૩ ॥
ભાષાસમિતિ સમજી વર્તો !!,-કરી વિચારો સારૂં બોલ !!;
ભાષાગુપ્તિથી ગુણ પ્રકટે, સત્ય વાતનો કર !! મન તોલ. ॥ ૧૪ ॥
ભગિની સાથે પણ અણુજાણ્યા,-ચૌટામાં સાથે નહીં ચાલ !!;
ભય આવે એવાં સ્થાનકને,-વર્જે સુખ શાંતિ નિર્ધાર. ॥ ૧૫ ॥
ભારત સહકાર શિક્ષણ કાવ્યે,-દીધી મેં જગલોકને શીખ;
ભણે ગણેને જેહ પ્રવર્તે,-તે માગે નહીં જગમાં ભીખ. ॥ ૧૬ ॥
ભારતમાં સેવા ભક્તિ છે, આત્મજ્ઞાન વિદ્યાને દાન;
ભક્તો જ્ઞાનીઓ બહુ પાકે, આલસ ઇર્ષ્યા કુસંપ માન !!. ॥ ૧૭ ॥
ભારત ગુરૂસમ સર્વખંડમાં, ભારત જાગ્યાથી જગ શાન્તિ;
ભારતમાં બળકળ બુદ્ધિને,-સંપ શોધ !! વધતાં વિજ્ઞાન. ॥ ૧૮ ॥
ભારત આતમ જ્ઞાનની આગળ, યૂરોપ આદિ દેશો બાલ;
ભારતદેશની ચડતી થાશે, સદ્‌ગુણ વૃન્દે મન કર !! ખ્યાલ. ॥ ૧૯ ॥
ભંગીઓ અન્ત્યજ તે જાણો ! !, વ્યભિચારી કરે દારૂપાન;
ભૂંડું કરવામાં જે શૂરા, દ્રોહી નાસ્તિક દુર્ગુણખાણ. ॥ ૨૦ ॥
ભોગી તે નિન્દક મહાપાપી, ભગમાં સુખ માને નિર્ધાર;
ભક્તિ સેવા ધર્મ ન ધારે, જ્ઞાન ત્યાગને સત્યાચાર. ॥ ૨૧ ॥

ભીતિ દે !! નહીં કોને ક્યારે. ભીતિ તે હિંસાનું કાજ;
ભીતિ દેતાં ભીતિ થાવે, ભીતિ તે હિંસા સામ્રાજ્ય. ॥ ૨૨ ॥
ભય પમાડો !! નહીં જગ કોને, મૃત્યુ ભીતિ કોઇ ન આપ !!.
ભીતિ નહીં મૃત્યુસમ કોને, મૃત્યુભય મહાદુઃખની છાપ. ॥ ૨૩ ॥
ભયથી કોઇને મળે ન શાંતિ. ભય દેનારા મૃત્યુ થાય;
ભય પામેલાં લોકો ઉગારો !!, નિર્ભયતાથી સુખ ગુણાય. ॥ ૨૪ ॥
ભય નહિ ધરવો મૃત્યુ થતાં પણ, નિર્ભયતાથી કર !! સૌ કાજ;
ભીતિ છે હિંસાનું કારણ, ભીતિથી દુઃખી છે સમાજ. ॥ ૨૫ ॥
ભય કરતાં હિંસા ફળ પામીશ, ભયથી ભીતિ ફળ નિર્ધાર;
ભય આપો !! નહિ શત્રુને પણ, ભયથી મૃત્યુ થતું મન ધાર!!. ॥૨૬॥
ભીતિમાંહી દુઃખ વસે છે, ભીતિનું કારણ અજ્ઞાન;
ભીતિનું કારણ મમતા છે, ભીતિ દેનારો શયતાન. ॥ ૨૭ ॥
ભીતિ શંકાથી મૃત્યુ છે, ભીતિથી છે દેહ વિનાશ;
ભીતિ જેને લેશ ન લાગે,-તે જ્ઞાની છે અવધૂત ખાસ. ॥ ૨૮ ॥
ભીતિ સર્વજીવોની ટાળો !!, અભયદાનથી જીવ ઉગાર !!;
ભીતિ જ્યાં ત્યાં મન નિર્બળતા, પ્રભુભજનથી ભીત નિવાર!!. ॥ ૨૯ ॥
ભીતિ મૃત્યુપ્રદ નહિ આપો !!, ભયની વૃત્તિને સંહાર !!;
ભીતિ પમાડી ભયને પામીશ, ભય પામેલાં લોક ઉગાર !!. ॥૩૦॥
ભરોસો ધર !! તું પ્રભુનો પૂરો, કર્મવિના નહિં મૃત્યુ થાય;
ભીતિ ધર!! નહિ કોની ફોગટ, ભીતિથી નહિં શાંતિ પાય. ॥૩૧॥
ભીતિ ધરે છે ફોગટ શાને,-કર્મે લખ્યું તે નિશ્ચય થાય;
ભીતિ કરતાં વળે ન કાંઇ, ભીતિ તે પ્રભુ પ્રેમે જાય. ॥૩૨॥
ભીતિથી કાર્યો નહિ થાતાં, ભીકણથી શું ? જગ જીવાય;
ભીતિ મૃત્યુની પણ ધર !! નહીં, નિર્ભયતાથી જીવ્યું જાય. ॥૩૩॥
ભયથી આયુષ્ય વીર્ય ઘટે છે, એકદમે મૃત્યુ થઇ જાય;
ભીતિની કદિ રીતિ ધર !! નહિં, ભીતિ એ છે મૃત્યુ ઉપાય. ॥૩૪॥
ભરોસો ધર !! તું પ્રભુનો પૂરો, ભયથી ક્યાં તું હારી જાય;
ભય તજીને ચાલો !! આગળ, નિર્ભયતામાં શાંતિ સુહાય. ॥૩૫॥

ભયથી ડરતાં ભાગી જાતાં, ભય સામો આવી દેખાય;
ભયની સામે કુસ્તી કરતાં, ભીતિ દુઃખો ભાગી જાય. ॥૩૬॥
ભીતિ વિચારો દે !! નહિં કોને, મૃત્યુની ભીતિ નહિ આપ !!;
ભય પમાડી નબળાઓને, દુઃખનું કારણ લેશ ન છાપ !!. ॥૩૭॥
ભય ટળતાં નિર્ભયતા પૂરી, નિર્ભયતાથી સુખને શાંતિ;
ભીતિના વિચારો સઘળા, ભયકાર્યોમાં મોહની ભ્રાંતિ. ॥૩૮॥
ભલા ભલા પણ ભયને પામે, મૃત્યુ સામું જબ દેખાય;
ભય નહિં પામે મૃત્યુ દેખી, તબ તે જ્ઞાની ભક્ત સુહાય. ॥૩૯॥
ભાગી જા !! નહિં ભયથી જ્યાં ત્યાં, થનાર હોય તે નિશ્ચય થાય;
ભાગી જાતાં ભય નહિં ટળતો,–એવું અંતર્માંહી લાવ્ય !!. ॥૪૦॥
ભયની મોટી ભૂલ ભૂલામણી, ભલા ભલા ત્યાં કરતા ભૂલ;
ભયને સર્વપ્રકારે ત્યાગી,–આત્મપ્રભુમાં થા !! મશગુલ. ॥૪૧॥
ભય છે સારો ખોટો જગમાં, પાપથી બીને પાપ નિવાર !!;
ભીતિ ધર !! નહિં ધર્મ કરંતાં, પાપથી ડરવું તે સુખકાર. ॥૪૨॥
ભયથી હિંસા ભયથી જૂઠું, ભયથી ચોરી કરવું થાય;
ભય ત્યાગ્યાથી હિંસાદિક નહીં, ભય ટળતાં પ્રભુમાંહી ભળાય. ॥૪૩॥
ભણતર ભણ !! નહિં ભયનું ક્યારે, નિર્ભયતાનું ભણતર ધાર !!;
ભણવું ગણવું નિર્ભય થઈને, મૃત્યુ ભયને તજ !! અહંકાર. ॥૪૪॥
ભીતિના આચારો ખોટા, ભીતિથી વિશ્વાસ હણાય;
ભીતિથી નિર્બલતા પ્રગટે, ભીતિ મડદા સમી ગણાય. ॥૪૫॥
ભયને ત્યાગી નિર્ભય થા !! ઝટ, મૃત્યુ ભયને દૂર નિવાર !!;
ભાવી ભાવ બને છે સર્વે, ભય મળે નહિ શાંતિ લગાર. ॥૪૬॥
ભોળો થઈને ભય શું કર !! તું, આતમ-ઝટપટ નિર્ભય થાવ !!;
ભાવી આગળ ભય શું કરતો, નિર્ભયતાની ભાવના ભાવ !!. ॥૪૭॥
ભયથી ભરમાઈશ નહિ ક્યારે, ભય પમાડે તે કર !! દૂર;
ભાવી ભાવ હશે તે થાશે, મનમાં નિશ્ચય ધર !! ભરપૂર. ॥૪૮॥
ભાવી ભાવ પ્રમાણે થાતું, બીવાથી નહિ છટક્યું જાય;
ભયથી ન્યારો આતમ માની, જ્ઞાની નિર્ભયતાને પાય. ॥૪૯॥

ભીતિવણ તું કાર્ય કરે જા ! !, પાપથી ડર ! ! નેપાપ નિવાર ! !;
ભણ્યો ગણ્યો તું ત્યારે સાચો,-નિર્ભયતા પ્રગટે સુખકાર. ॥૫૦॥
ભાવી ભાવ હશે તેમ થાશે,-માની ઉદ્યમ લેઇ ન છંડ ! !;
ભાવી ભાવ જ્યાં ઉદ્યમ ત્યાં છે,-જાણી ધર્મોદ્યમમાં મંડ. ! ! ॥૫૧॥
ભાવી ભાવનો નિશ્ચય કર ! ! પણ, ઉદ્યમથી નિજ કાર્યને સાધ્ય;
ભવિતવ્યતા જેવી તેવી,-ઉદ્યમની બુદ્ધિ આરાધ્ય ! !. ॥૫૨॥
ભયસંજ્ઞાને ત્યાગો ! ! આતમ ! !, ભયસંજ્ઞા છે મોહનું ઠામ;
ભયસંજ્ઞા ત્યાં નિર્ભયતા નહિં, ભયસંજ્ઞા ત્યાં દુઃખ છે જામ. ॥૫૩॥
ભય કરતાં મરવાનું થાતું, પ્રાણાદિકનો થાય વિનાશ;
ભય નહિં આતમપ્રભુને ક્યારે, નિર્ભય આતમપ્રભુ છે ખાસ. ॥૫૪॥
ભય છે સાત પ્રકારે જાણો ! !, સાત પ્રકારે ભયને ત્યાગ ! !;
ભયને આતમ ઉપયોગે હણ ! !, આતમપ્રભુમાં ધારી રાગ. ॥૫૫॥
ભૈરવ થા ! ! તું મોહને હણવા, કાલતણો પણ ભૈરવ કાલ;
ભૈરવ આતમપ્રભુ તું પોતે, પોતાની શક્તિ સંભાળ ! !. ॥૫૬॥
ભય પામીશ નહિં કાલથકી તું, આતમપ્રભુ છે નિત્ય અકાલ;
ભયપામીશ નહિં મૃત્યુ થકી તું, મરે નહિં તું આતમ ! ! બાળ. ॥૫૭॥
ભૂંડું કર ! ! નહિં કોનું ક્યારે, ભૂંડા સર્વવિચારો ત્યાગ ! !;
ભૂંડાનું પણ ભૂંડું કર ! ! નહિં, ભૂંડા ઉપર ધર ! ! પ્રભુ રાગ. ॥૫૮॥
ભૂંડાઈમાં નર્ક છે નક્કી, ભલાઈમાંહી સ્વર્ગ છે માન !!;
ભૂંડા સાથે ભૂંડો નહીં થા ! !, ભલાઈમાંહી છે ભગવાન. ॥૫૯॥
ભૂંડાઓનું ભલું કરવામાં, ઉત્તમ સંતપણું છે જાણ ! !;
ભૂંડા સાથે ભૂંડા થાતાં, ભૂંડાઇનું પોતે સ્થાન. ॥૬૦॥
ભૂંડાઓનું ભલું ઇચ્છવું,-તેથી પ્રગટે છે ભગવાન;
ભૂંડાઇથી લોક બચાવો !!, ભૂંડાઈથી છે બહુ હાણ. ॥ ૬૧ ॥
ભૂંડાઓને સારા કરવા,-એમાં સંતપણું છે સત્ય;
ભૂંડાઓનું ભૂંડું કરવું,-એવું છે મોહીનું કૃત્ય. ॥ ૬૨ ॥
ભૂંડાઇની વાસના ભૂરી-,રોઇ રોઇને તેને ત્યાગ !!;
ભૂંડાઈના પંથો બૂરા,-તે પર કદિ ન કરશો રાગ. ॥ ૬૩ ॥

ભૂંડાઇમાં ભૂંડપણું છે, ભૂંડાઇ એ છે ચંડાળ;
ભૂંડાઇમાં ભળો !! ન ક્યારે. ભલાઇમાં ધરજો બહુ વ્હાલ. ॥ ૬૪ ॥

ભલાઈ કરતાં દુઃખો પડતાં, અંતરથી નહિ ત્યાગ !! ભલાઇ;
ભલાઇમાંહી પ્રભુ પરગટ છે, પરમાતમની મળે વધાઈ. ॥ ૬૫ ॥

ભલાઈનાં અનુભવ સહુ ભણતાં, ભલાઇનાં કરતાં સૌ કાજ;
ભલા જનોની વ્હારે રહેવું,-તેથી પ્રગટે શિવ સામ્રાજ્ય. ॥ ૬૬ ॥

ભલાઈ કરતાં [illegible] નહિ ધરશો, [illegible] કર નિર્ધાર !!
ભલું કરવામાં આયુ ગાળો !!, ભલું કરવામાં રહો !! તૈયાર. ॥ ૬૭ ॥

ભલું [illegible] !! [illegible], ભલાઈમાંહી રે !! [illegible]
ભલું [illegible], ભલાઈના [illegible] !! નહિ [illegible]. ॥ ૬૮ ॥

[illegible] !! [illegible]
[illegible] !! [illegible]. ॥ ૬૯ ॥

[illegible] !! ન [illegible];
[illegible]. ॥ ૭૦ ॥

[illegible]

ભ્રમણા ટાળો !! મનની જૂઠી, જડમાં સુખની ભ્રમણા ત્યાગ !!;
ભ્રાંતિ ત્યાગો !! વ્હેમની જૂઠી, આતમસુખથી ઘટમાં જાગ !!. ॥૭૮॥
ભોળો થા ! ! નહિ દુનિયાં માંહી, વિવેકથી કર !! સૌ કર્તવ્ય;
ભજન કરી લે !! પલપલ પ્રેમે, સદા હૃદયમાં પ્રભુ સ્મર્તવ્ય. ॥ ૭૯ ॥
ભાગી જા !! નહિં ભીરૂ થઇને, સત્કર્તવ્યો કર !! નિર્ધાર;
ભીરૂ જીવી શકે ન જગમાં, ભીરૂનું જીવન ધિક્કાર. ॥ ૮૦ ॥
ભીરૂ થા !! નહિ દુઃખો પડતાં, મૃત્યુ થતાં નહિં ભીતિ ધાર ! !;
ભલું કરંતાં ભીતિ ધર ! ! નહિં, ભીરૂનો થાજે રખવાળ. ॥ ૮૧ ॥
ભીરૂઓને શૂરા કરવા, ભીરૂઓને દેવી સહાય;
ભીરૂઓની વ્હારે ચઢવું, ભીરૂને શીખામણ ન્યાય. ॥ ૮૨ ॥
ભીરૂ થઇને વળ ! ! નહિ પાછો, મૃત્યુ થતાં પણ આગળ ચાલ !!;
ભીરૂઓનો સંગ કરીને, શૂરા કરવા ધરજે ખ્યાલ. ॥ ૮૩ ॥
ભીરૂ થાતાં ભય નહિં જાવે, મરતાં ડરવું નહિં લગાર;
ભાવી ભાવ તે નક્કી બનતું,–માટે ભીતિ કરવી વાર ! !.. ॥ ૮૪ ॥
ભીરૂઓને મળે ન મુક્તિ, ભીરૂઓ કદિ થાય ન સિદ્ધ;
ભીરૂઓ કદિ બને ન બહાદૂર, ભીરૂઓને મળે ન રિદ્ધ. ॥ ૮૫ ॥
ભીરૂઓ થઈ મરવામાં જે,–ભીતિ ધરતાં નરને નાર;
ભલાઇનું તે કાર્ય કરે નહિ,–ગુલામીનું જીવન ધરનાર. ॥ ૮૬ ॥
ભ્રષ્ટ ન થાવું ધર્મ કર્મથી,–એવો આતમ નિશ્ચય ધાર ! !;
ભ્રષ્ટ થવું નહિં પ્રાણ પડતાં, મરણે પણ નિર્ભયતા ધાર !!. ॥ ૮૭ ॥
ભ્રષ્ટ ન થાય તે ભણી ગણીને, ધર્મમાર્ગમાં રહો !! પવિત્ર;
ભ્રષ્ટોને કદિ ધિક્કારો !! નહિં, ભ્રષ્ટોનું ભલું કર !! શુભ રીત. ॥ ૮૮ ॥
ભ્રષ્ટજનોનું ભલું કરવામાં,–તન મન ધન અરપી દો !! પ્રાણ;
ભ્રષ્ટોને નહિ હેઠા પાડો !!, દેવાં તેને પ્રગતિ દાન. ॥ ૮૯ ॥
ભ્રષ્ટોને પણ આગળ ચઢવા,–ખુલ્લાં મૂકો !! સર્વે દ્વાર;
ભ્રષ્ટ બનીને સન્મતિ યોગે,–ભ્રષ્ટોનો થાતો ઉદ્ધાર !!. ॥ ૯૦ ॥
ભણતર આતમ શુદ્ધિનું શુભ,–સર્વલોકને સત્ય ભણાવ !!;
ભણી લે !! એકડે એકો આતમ !!, પરમેશ્વરને દીલ પ્રગટાવ !!. ॥૯૧॥

મ

મમ્મા મેહનત કરીને જીવો !!, મહાન થવાનાં કર !! સહુ કાજ;
મજબૂત બનશો વીર્યને રક્ષો !!, મન વશ કરતાં મુક્તિરાજ. ॥ ૧ ॥

મતભેદે કદિ મોહ ન કરીએ, સત્યને ખેંચી લેવું સાર;
મમતા માયા છંડો !! આતમ !!, મરતાં નિર્ભય ભાવને ધાર !!. ॥૨॥

મન વશ કરીને આતમ બળથી,–નિષ્કામે કર !! સઘળાં કર્મ;
મન તે સ્વર્ગ નરક છે જાણી, મન વશ કર !! થાવે શિવ શર્મ. ॥ ૩ ॥

મનની મારામારી જગમાં, મન સાધંતાં સાધ્યું સર્વ;
મન મરતાં મુક્તિ સુખ અહીં છે, મન જીત્યું એમ કરો !! ન ગર્વ. ॥૪॥

મર્દ બનીને દર્દ સહો !! સહુ, મર્દો મરજીવા વખણાય;
મર્દ વિના મડદાલ જનોથી,–દેશ સંઘની પડતી થાય. ॥ ૫ ॥

મન ઇન્દ્રિયો દુર્ગુણ વશમાં, મર્દ નહીં તે જગ કહેવાય;
મરતાં બીવે મર્દ નહીં તે, નામર્દોથી કશું ન થાય. ॥ ૬ ॥

મઝામોજમાં રાચ !! ન આતમ !!, મર્યાદા સારી નહીં મૂક !!;
માગણી અન્યો કરે તેહને, નિજ શક્તિયે કદિ ન ચૂક !!. ॥ ૭ ॥

મતિ ધર્મમાં ધારણ કરજે, મદ સહુ જાતના વેગે ત્યાગ !! ;
મનનો મેલ નિવારો!! આતમ !!, મુનિ ગુરૂપર ધરજે રાગ. ॥ ૮ ॥

માટીની કાયા માટીમાં,–મળતી સહુની નજરે દેખ !!;
મમતા કરી શું મુંઝે આતમ !!, પરભવ ચાલે જીવો પેખ !!. ॥ ૯ ॥

મરજીવા થૈ જીવો !! જગમાં, સાક્ષી ભાવે રહીને સત્ય;
મરવું આતમજ્ઞાને કરવું, સ્વાધિકારે કરીને કૃત્ય. ॥ ૧૦ ॥

માનપૂજા કીર્તિની ઇચ્છા, ત્યાગી આતમભાવે વર્ત !!;
માયાથી ન્યારો ગણી આતમ !!, વર્તો !! મુક્તપણાની શર્તે. ॥૧૧॥

મારૂં તારૂં જગમાં કરે શું ?, મૂકી સઘળું સર્વે જનાર;
મુક્તિ માટે માનવ ભવ છે, મૂર્ચ્છા સઘળી જ્ઞાને વાર !!. ॥ ૧૨ ॥

મુંઝ !! ન આતમ!! જગમાં ક્યાંયે, નામ રૂપથી તું છે ભિન્ન;
જડ દેહાદિક તે તું નહીં છે, ચિદાનંદ આતમ !! તું પીન. ॥ ૧૩ ॥

મરણુ ભય આદિ સહુ ભયને, આતમજ્ઞાને દૂર નિવાર !! ;
અમર આત્મા મરે નહીં તું, દેહને પ્રાણનો નાશ વિચાર !!. ॥ ૧૪॥
મુનિવરને વંદો !! ને પૂજો !!, મુનિની સંગે મુક્તિ થાય;
અનંત ભવનાં કર્મો વિણસે, મુનિ ગુણ આચારે નિર્માય. ॥ ૧૫ ॥
મેળો જગમાં સર્વજીવોનો, અનંત સગપણ કીધા મેળ;
પણ આતમવણ કોઈ ન સાથે, મોહનો સઘળો કર્મનો ખેલ. ॥૧૬॥
મોહ શયતાનની સાથે લડીને,–આતમ થા !! મુક્તિનો ભૂપ;
મોહની સઘળી વૃત્તિ વારી,–આતમ થા !! તું આપસ્વરૂપ. ॥૧૭॥
મોહને જીતે જીત્યું સઘળું, મોહ વશી સહુ જીવો દાસ;
મડદા સરખા જીવંતા તે, કામિનીભોગોમાં સુખઆશ. ॥ ૧૮ ॥
મોહને મારે તે જગ મર્દો, બીજી સઘળી માથાકૂટ;
જગમાં રાગને રોષ ભાવથી, મોહ કરે છે સહુની લૂંટ. ॥ ૧૯ ॥
મંડો !! આતમશુદ્ધિ કરવા, પામો !! તેથી મુક્તિ મહેલ;
મનમાં પ્રગટી દુષ્ટેચ્છાઓ,–વારો !! કરશો !! નિજ ગુણ સહેલ.॥૨૦॥
મળિયો માનવ ભવ નહીં હારો !!, મોહ મારીને જીવો !! ભવ્ય !!;
મળશો જ્યોતિર્જ્યોતે ધ્યાને, પરમાત્મપદ તુજ કર્તવ્ય. ॥ ૨૧ ॥
માયા મમતા મારીને જે, આત્મોપયોગે વર્તે તેહ;
મોટા જગમાં તેઓ નક્કી, દેહ છતાં જે હોય વિદેહ. ॥ ૨૨ ॥
મિત્ર તે આતમ અભેદ ભાવી, આપતમાં અર્પે ધન પ્રાણ;
મન તન જુદાં આતમ ઐક્ય જ્યાં,–મિત્રપણું ત્યાં સાચું માન!!.॥૨૩॥
મિત્ર તે મિત્રભલામાં જીવે, નિષ્કામી મિત્રો છે સત્ય;
મિત્રવિના સૂનું જગ જાણો !!, મિત્રપણાનાં મોટાં કૃત્ય. ॥ ૨૪ ॥
મિત્ર ખરા દુર્લભ છે જગમાં, મિત્ર વિના છે સૂનું સ્વર્ગ;
મિત્ર કર્યા સાચા મુનિવરને,–તેને મળતું શિવ અપવર્ગ. ॥ ૨૫ ॥
મિત્રમૈત્રીના નામે મેં રચિયો,–ગ્રન્થ લોકના બહુ હિતકાર;
મિત્ર સ્વરૂપનું વર્ણન તેમાં,–જોશો ત્યાંથી બહુ અધિકાર. ॥ ૨૬ ॥
મરતા પહેલાં મોહને મારો !!, મરવું પડે નહીં બીજીવાર;
મૃત્યુ જન્મ્યા તેનું થાતું, મૃત્યુ અણધાર્યું નિર્ધાર. ॥ ૨૭ ॥

મલ્લિનાથ તીર્થંકર જેવા,-કપટે પામ્યા સ્ત્રી અવતાર;
માયા ત્યાગથી કરમાં મુક્તિ, આતમ!! કર!! માયા પરિહાર. ॥૨૮॥

મનસુખા કંઈ કરો!! કરોડો,-તેથી થાય ન કાર્યની સિદ્ધિ;
મનમાં નિશ્ચય કરી પ્રવર્ત્તો!!, આતમ સુખ પામો!! સમૃદ્ધિ. ॥૨૯॥

મહુડો ફળતો દીઠો નાગો, આંબો ફળ તો ઢાંકયો દેખ!!;
મોટા નીચાનું એ અંતર, સ્વભાવથી સમજાતું પેખ!!. ॥ ૩૦ ॥

મહાવીર પ્રભુને વંદુ ધ્યાવું,-સર્પ ડસ્યો પણ કરી ન રીસ;
મોહ મહામલ્લ જેણે જીત્યો, તીર્થંકર છેલ્લા જગદીશ. ॥ ૩૧ ॥

મહાવીર પ્રભુએ જૈનધર્મને,-સ્થાપ્યો ટાળ્યાં સૌનાં દુઃખ;
મહાવીર પ્રભુજી કેવલજ્ઞાની, પરમેશ્વર જગ આપે સુખ. ॥ ૩૨ ॥

મહાવીર પ્રભુનાં શાસ્ત્રો વાંચ્યાં,-તેથી થયો હું પ્રભુનો ભક્ત;
મહાવીર પ્રભુજી દેવ છે મારા,-વ્યાપી રહ્યા દેહમાં મહાશક્ત. ॥૩૩॥

મારા શુદ્ધાદર્શ મહાવીર, પરમેશ્વર સાચા ભગવાન્;
મહાવીરરૂપમાં જીવું જ્ઞાને, મહાવીરમાં બનિયો મસ્તાન. ॥ ૩૪ ॥

મહાવીર પ્રભુએ તત્ત્વ પ્રકાશ્યાં,-તેમાં પૂરણ મુજ વિશ્વાસ;
મહાવીર આતમ અસંખ્ય પ્રદેશી, અધ્યાત્મ મહાવીર હું ખાસ. ॥૩૫॥

મહાવીર થૈને મહાવીર સેવું,-ધ્યાવું આતમ મહાવીર દેવ;
મહાવીર પરમબ્રહ્મ પરમાતમ, સાત નયોથી કરૂં હું સેવ. ॥ ૩૬ ॥

મહાવીર પ્રભુમાં સર્વે સ્વાર્પણ, મહાવીર ભાવે જીવવું સત્ય;
મહાવીર સેવા ભકિત અર્થે, તન મન વાણી સઘળાં કૃત્ય. ॥ ૩૭ ॥

મનમાં પ્રગટ્યા રાગ રોષને,-મારે તે જન મહાવીર થાય;
મહાવીર થાતો આતમ પોતે, દર્શન જ્ઞાન ચારિત્રે ન્યાય. ॥ ૩૮ ॥

મહાવીર પ્રભુરૂપ આતમ જાણે,-વર્તે તે મહાવીરજ થાય;
મન જીત્યાથી મહાવીર આતમ, પૂર્ણ શુદ્ધિએ સ્વયં સુહાય. ॥૩૯॥

મોહ કર્મ છે આઠ કર્મમાં,-બળવંત શયતાનજ તે જાણ!!;
મોહને મારે તે પ્રભુ પોતે,-ફરે ન લાખ ચોરાશી ખાણ. ॥ ૪૦ ॥

મોહ રાજ્યના જીવો સેવક. યુદ્ધયુદ્ધા મોહે થાય;
મોહની પ્રકૃતિ અઠ્ઠાવીશ,-હણે તે યોગી પ્રભુ સુહાય. ॥ ૪૧ ॥

મોહને પ્રભુને કરોડ ગાઉનું, છેટું અંતર્ સમજો !! ભવ્ય !!;
મનમાં મોહ પ્રવેશી કરાવે,–તેવાં કરો !! ન પાપનાં કૃત્ય. ॥ ૪૨ ॥
મોહને મારે તે છે મુનિ ઋષિવર, નામને વેષે થાય ન કાજ,
મનમાં માયા મોહ તો બાહ્યથી, ખોટાં મોટાં કરવાં રાજ્ય. ॥૪૩॥
મીઠી બરફી ઘારી ન ઘેબર, મીઠી ના લાગે મન દ્રાખ;
મીઠું મનમાં જેહ રૂચે તે, રૂચિ સમું મીઠું નહીં ચાખ !!. ॥ ૪૪ ॥
મીઠું ન સ્વાર્થ સમું કો જગમાં, જ્યાં જેની રૂચિ તે મિષ્ટ;
મીઠી ઘેંઘાને વિષ્ટા છે, રૂચિ વિના બીજું છે અમિષ્ટ. ॥ ૪૫ ॥
મીઠું ખાવું મીઠું પીવું, મીઠું ઉઘવું મીઠું બોલ !!;
મીઠું કરવું મીઠું ફરવું, સત્ય મિષ્ટ અંતર્માં તોલ !!. ॥ ૪૬ ॥
મૈથુન સેવન કામે ક્રોધે, રાગે લોભે સ્વાર્થે થાય;
મૈથુન ભયથી જડ સુખ મોહે,–જીવોવડે જગમાં સેવાય. ॥ ૪૭ ॥
મૈથુનસંજ્ઞા મોહ સ્વરૂપી, મૈથુનથી સુખ કદિ ન થાય;
મૈથુનથી દુઃખ પરંપરા છે, મૈથુનાર્થે લગ્ન કરાય. ॥ ૪૮ ॥
મૈથુન જે કાયા મનનું છે,–તેમાં હોય ન વિશુદ્ધ પ્રેમ;
મૈથુનવણુ જગ સુખિયા સંતો, મૈથુન છંડે શાંતિ ક્ષેમ. ॥ ૪૯ ॥
મનતનુ વાણી ગુપ્તિ ધારો !!, આતમ !! જ્ઞાને નિજ ઉપયોગ;
મુક્તિનાં સુખ અહિયાં ભોગવ !!, પુદ્ગલભોગને માની રોગ. ॥૫૦॥
મૂર્તિપૂજા માન્યતા ભાખી,–જૈનશાસ્ત્ર આગમમાં પાઠ;
મૂર્તિપૂજા પ્રેમીઓને,–પ્રથમ દશામાં છે ગુણહાટ. ॥ ૫૧ ॥
મૂર્તિપૂજા ગુણી જિનવરની, જિનવર ગુણ લેવાને હેત;
મૂર્તિપૂજા મુક્તિ પગથિયું, ગુણ લેવાનો શુભ સંકેત. ॥ ૫૨ ॥
મનમા પરણ્યા મનમાં રાંડ્યા,–તેથી ન સિદ્ધે કાર્ય લગાર;
મનમા લાવી કાર્યને કરજે, મનથી સ્વર્ગને નરક વિચાર !!. ॥ ૫૩ ॥
મનની ગતિને કોઈ ન પહોંચે, મન જીતે જીત્યો સંસાર;
મનને અશ્વની પેઠે હળવે,–હળવે વશ કર !! તું નિર્ધાર. ॥ ૫૪ ॥
મનવાણી તનુ ઈન્દ્રિયોથી, આતમ !! ન્યારો છે ભગવંત;
મન આદિ સાધનને જાણી, મુક્તિ સાધ્ય !! તું થૈને સંત. ॥ ૫૫ ॥

મનવચ કાયા ત્રણમાં એકજ, સંતો સજ્જન તે કહેવાય;
મનતન વચને જૂદું જૂદું, દુર્જન દુષ્ટો તેહ કથાય. ॥ ૫૬ ॥

માગણ સરખો કો નહીં હલકો, માગે જે ખોઇ નિજલાજ;
માગણથી પણ અધમ નીચ તે, માગણને કરતો નારાજ. ॥ ૫૭ ॥

માગણ રંકની પાસે માગે, તે અધમાધમ નીચો જાણ !!;
માગણ વેળા મહાગુલામી,-વૃત્તિથી પોપાતા પ્રાણ. ॥ ૫૮ ॥

મુંજ સરીખા રાજાએ પણ,-મોહે માગી ઘરઘર ભીખ;
મોહ નચાવે નાચો !! સહુને, સમજુને લાગે મન શીખ. ॥ ૫૯ ॥

મનુષ્યપણું છે સત્કર્મોથી, સદ્‌ગુણ શકિતથી નિર્ધાર;
મનુષ્ય, પ્રભુનો પ્રતિનિધિ પેખો !!, અનેક ગુણનો જે ભંડાર. ॥૬૦॥

મનુષ્યપણું વિદ્યાને જ્ઞાને-સદ્‌ગુણથી ખીલવો !! નરનાર.
મનુષ્ય તરીકે જન્મમાત્રથી, મનુષ્યત્વ પ્રગટે નહીં સાર. ॥ ૬૧ ॥

મનુષ્યત્વ પ્રગટાવવું જ્ઞાને, ચારિત્રે કરી આત્મવિકાસ;
મનુષ્ય તે સર્વજ્ઞ બને છે, તીર્થંકર આદિપદ ખાસ. ॥ ૬૨ ॥

મનુષ્ય સર્વગુણોએ ખીલે, આતમને તે કરતો દેવ;
માનવભવ પામીને આતમ !!, કર !! સદ્‌ગુણ સત્કાર્યની સેવ. ॥ ૬૩ ॥

મોટાઓમાં મોટી પોલો, નાનાઓમાં નાની પોલ:
મોટાઓનું સઘળું મોટું, કરે વિવેકે જ્ઞાની તોલ. ॥ ૬૪ ॥

મેતાર્ય મુનિવરને ધનધન્ય, કોની ઉપર કર્યો ન રોષ;
મમતા દેહની છંડી સમતા,-ભાવે પામ્યા શિવ સંતોષ. ॥ ૬૫ ॥

મેઘકુમાર મુનિવર મોટા, છંડ્યું દેહનું જેણે મમત્વ;
મેઘરથરાજા મહા મોટું,-દયા ધરીને રાખ્યું સત્વ. ॥ ૬૬ ॥

મહાવીર પ્રભુના કાને ખીલા,-માર્યા ગોપે ધરીને ક્રોધ;
મનમાં તોયે સમતા ધારી. ધન્યધન્ય મહાવીરનો બોધ. ॥ ૬૭ ॥

મનઃકલ્પના અનેક રીતે, ઇશ્વરરૂપો ઘટે અનેક;
મનઃકલ્પના પેલી પારે, ઇશ્વર સમજો !! ધરી વિવેક. ॥ ૬૮ ॥

મનુષ્યને નહીં અશક્ય જગમાં. મનુષ્ય ધારે કરે તે સર્વ;
મનુષ્યની કિમ્મત નહીં થાતી. મનુષ્ય હારે કરીને ગર્વ. ॥ ૬૯ ॥

મોક્ષ તે મૂકાવું સહુકર્મોથી, એવંભૂત નયે એ મુક્તિ;
મોક્ષ તે કર્મબંધથી મુક્તિ, સાત નયોથી મોક્ષની મુક્તિ; ॥ ૭૦ ॥

મોક્ષ તે આત્મની પૂરણ શુદ્ધિ, મોક્ષ તે પૂરણ જ્ઞાનાનન્દ;
મોક્ષ તે સર્વથા દુઃખથી છૂટવું, ટાળવો સર્વથા મોહનો ફંદ. ॥ ૭૧ ॥

મનુષ્ય તે મનુષ્યભવમાં ધ્યેય છે, સર્વધ્યેયનું મુખ્ય તે ધ્યેય;
મોક્ષધ્યેયવણ બીજા ધ્યેયો, મોક્ષ દૃષ્ટિએ છે આદેય. ॥ ૭૨ ॥

મન છે બંધ ને મોક્ષનું કારણ, મન છે સ્વર્ગ ને નરક પિછાણ !!
મન જેવું તેવા છે જીવો, મનથી મનની તાણાતાણ. ॥ ૭૩ ॥

મન ક્ષણમાં જ્યાં ત્યાં બહુ ભમતું, મનને જીતે તે છે મર્દ;
મન વશમાં તો ઘટમાં મુક્તિ, મનથી સઘળાં જગમાં દર્દ. ॥ ૭૪ ॥

મન તે સ્વર્ગ છે દયા દાન દમ, પ્રેમ ભક્તિ સાત્વિકગુણખાણ;
મન તે નરક છે હિંસા જૂઠું, ચોરીવાળું દુર્ગુણ ઠાણ. ॥ ૭૫ ॥

મન સમજાવી વશમાં કરતા,-તે વીરો ભક્તો છે સંત;
મન ના વશ તે ગુલામ હલકા, દુર્ગુણી દુઃખી છે પરતંત્ર. ॥ ૭૬ ॥

મન વશ કરનારા મહાવીરો, કર્મોદધિ તરી પારે જાય;
મન વશ થાતું હળવે હળવે, અશ્વને ગજની પેઠે ન્યાય. ॥ ૭૭ ॥

માન છે ચાર પ્રકારે મોટું, માનથી સત્યગુણો ન સહાય;
માનથી અંધા પાટા આંખે, માને ગુણ આવ્યા તે જાય. ॥ ૭૮ ॥

માનથી જગમાં રાવણ હાર્યો, માને દુર્યોધનની હાર;
માને વિદ્યા વિનય ન આવે, દુર્ગુણના વધતા અંબાર. ॥ ૭૯ ॥

માને અંતર બાહ્યમાં શત્રુ, માને દિલમાં છે અંધાર;
માને મનની છે નબળાઈ, નિર્માને આતમગુણ ધાર !!. ॥ ૮૦ ॥

માન તે ભ્રાંતિ માન તે રોગ છે, અજ્ઞાને દિલ પ્રગટે માન;
માન ટળે આત્મજ્ઞાન વણુ, નામર્દોને માન છે જાણુ !!. ॥ ૮૧ ॥

માન છે અજ્ઞાની લોકોને, ભૂલેલાઓને છે માન;
માનમાં જૂઠી છે મોટાઈ, માન કરંતા તે નાદાન ॥ ૮૨ ॥

માન ગર્વ અહંકાર નહિ રે !!, અગુરુ લઘુ નિજ આતમભાવ;
મહાત્મા શુદ્ધાતમ ભારે છે, આતમ !! નિજમાં ગર્વ ન લાવ્ય !! ॥ ૮૩ ॥

માયા કપટ તે નબળાઇ છે, આત્મશક્તિયોની છે હાન;
માયાથી અંતરૂમાં પ્રભુની,-સાથે મળતાં પડદો જાણુ !!. ॥ ૮૪ ॥

માયા ચાર પ્રકારે જાણો !!, શુભાશુભ માયાના ભેદ;
માયાથી આતમ !! પ્રભુ દૂરે, અંતમાંહી વર્ત્તે ખેદ. ॥ ૮૫ ॥

માયાથી તપ જપ વ્રત કિરિયા, ચારિત્ર પાળ્યું નિષ્ફલ જાય;
માયાથી સ્ત્રીના અવતારો, આત્મપ્રભુ પ્રાકટ્ય ન થાય. ॥ ૮૬ ॥

માયા ટાળ્યામાં મર્દાઈ, માયામાં છે નામર્દાઈ;
માયા ટાળો !! મોક્ષાર્થે જન,-તેથી વધશે આપ વડાઇ. ॥ ૮૭ ॥

મર્દ તે અંતર્ શત્રુ જીતે, દોષોની ટાળે નબળાઈ;
મર્દ તે ગર્વ ને માયા જીતે, વ્યભિચાર ટાળે દુ:ખદાઇ. ॥ ૮૮ ॥

મર્દ તે દુર્ગુણ દોષ ન સેવે, મોહવૃત્તિનો કરે વિનાશ;
મર્દ તે પરમાર્થે દે પ્રાણો, નિશ્ચય કદિ રહે ન ઉદાસ. ॥ ૮૯ ॥

મર્દ તે કામને ક્રોધને જીતે, દુ:ખીઓની કરતો સહાય;
મર્દ તે બૂરી કામના જીતે, મર્દ તે કરે નહીં અન્યાય. ॥ ૯૦ ॥

મર્દ તે ગુલામી બંધન તોડે, મરવાથી ડરતો નહીં લેશ;
મર્દ બનો !! નિજ આતમ શૂરા, ટાળો !! રાગ અને મહાદ્વેષ. ॥૯૧॥

મર્દ બનીને જગમાં જીવો !!, મર્દોથી જગમાં જીવાય;
મર્દાઇવણ જનો મરેલાં, જાણો !! જીવંતાં એ ન્યાય. ॥ ૯૨ ॥

મર્દાઇ નહીં શિકાર ખેલે, નબળાઓનો કરે વિનાશ;
મર્દાઈ નહીં જૂલ્મ કર્યામાં, સાત્ત્વિક મર્દનો સ્વર્ગમાં વાસ. ॥ ૯૩ ॥

મર્દ તે મન ઇન્દ્રિયો જીતે, સહે નહીં જૂલ્મો અન્યાય;
મર્દ તે દુ:ખીજનની વ્હારે,-દોડે પ્રાર્થકને દે સ્હાય. ॥ ૯૪ ॥

મર્દ પરાક્રમગુણથી શોભે, નામર્દોમાં સ્વાર્થ ને ભીતિ;
મર્દાઈ છાની નહીં રહેતી, નામર્દાઇમાંહી અનીતિ. ॥ ૯૫ ॥

મૃત્યુ છે દુનિયાનો શિક્ષક, મૃત્યુ ભયથી પ્રભુ ભજાય;
મૃત્યુભય સમ ભીતિ ન કોઇ, મૃત્યુ ભયથી ધર્મ સધાય. ॥ ૯૬ ॥

મૃત્યુ સામું ખડું કરીને, વર્તે કે જેથી થાય ન પાપ;
મૃત્યુ ઓચિંતુ ઝટ આવે, પામીને મરણો સંતાપ. ॥ ૯૭ ॥

મૃત્યુકાલે પ્રભુમાં મન ધર !!, પાપોનો કર !! પશ્ચાત્તાપ;
મૃત્યુકાલે સર્વજીવોને, ખમાવી લે !! તજ !! મોહનાં પાપ. ॥ ૯૮ ॥

મૃત્યુભય જેને મન લાગે,-તે ચેતી કરતો પ્રભુધ્યાન;
મૃત્યુ પૂર્વે આતમ !! સાચું,-ધર્મ કર્મ કરી લે !! મન માન. ॥ ૯૯ ॥

મૃત્યુના પડદાની પાછળ, સત્યધર્મીને આનંદ શાંતિ;
મૃત્યુકાલે મહોત્સવ તેને, પ્રભુમાં મન ટળી જેની ભ્રાંતિ. ॥ ૧૦૦ ॥

મૃત્યુને મહોત્સવસમ લેખે, જ્ઞાની ભક્તો યોગી સંત;
મૃત્યુ તે આતમની ઉન્નતિ, હેતે જાણે મુનિ મહંત. ॥ ૧૦૧ ॥

મૃત્યુથી નિર્ભય છે જ્ઞાની, પાપીઓ ભય પામે ખૂબ;
મૃત્યુસમ શિક્ષક નહીં કોઈ, મૃત્યુ છે ગુણ શિક્ષા લુંબ. ॥ ૧૦૨ ॥

મૃત્યુના પડદાની પાછળ, સારા ખોટા બહુ અવતાર;
મૃત્યુથી આગળ નિજભાવી, કર્મનું ફળ ભોગવવું સાર. ॥ ૧૦૩ ॥

મૃત્યુ પહેલાં સદ્‌ગુણ સઘળા, સત્કર્મો કરીલે !! નિર્ધાર;
મૃત્યુ પહેલાં આતમ !! ચેતી, ધર્મ કરી લ્યો !! તૈયાર. ॥ ૧૦૪ ॥

મૃત્યુ પ્રતિપળ સામું રાખી,-પ્રભુભક્તિ કરશો નરનાર;
મૃત્યુ સ્મરતાં અનેક પાપો,-ટળતાં મૃત્યુભયે નિર્ધાર. ॥ ૧૦૫ ॥

મૃત્યુ દેહ ને પ્રાણ વિયોગે, થાતું વ્યવહારે કહેવાય;
મૃત્યુ ન આતમનું નિશ્ચયથી, અજર અમર આતમ લેખાય. ॥૧૦૬॥

મૃત્યુપૂર્વે મોહને મારો !!, મર્યા પછી નહીં જન્મો થાય;
મૃત્યું વખતે મતિ તેવી ગતિ છે, પ્રભુ ભજંતાં દુઃખો જાય. ॥ ૧૦૭॥

મહાન્ મોટો લક્ષ્મી રાજ્યથી, સત્તાથી માને તે ફોક;
મોટાઈ જે બાહ્ય સંબંધે,-તેને જ્ઞાની સમજે પોક. ॥ ૧૦૮ ॥

મોટાઇ દુનિયા દૃષ્ટિએ, જૂઠી તે છે સ્વપ્ન સમાન;
મોટાઈમાં બહુ નબળાઇ, વધે ન તેથી આતમવાન. ॥ ૧૦૯ ॥

મેળ ખરો જ્યાં મળે નહીં ત્યાં, સગપણ સ્નેહનો નહિ સંબંધ;
મેળ મળ્યાવણ લગ્ન નકામાં, શુદ્ધ પ્રેમ ત્યાં મેળનો બંધ. ॥૧૧૦॥

મેળ મળ્યાવણ પત્ની સાથે, પતિ સાથે દુઃખદાયી લગ્ન;
મેળ જ્યાં સદ્‌ગુણ સત્કર્મોથી, પતિપત્ની સુખમાંહી મગ્ન. ॥૧૧૧॥

મેળ વિના ઉપરથી મળવું,-તેથી થાય ન મનમાં હર્ષ;
મેળ તે વિશુદ્ધ શ્રદ્ધા પ્રેમે,-થાતો ત્યાં પ્રગટે ઉત્કર્ષ. ॥૧૧૨॥

મેળ ન જ્યાં મનમાં માયાને, ભિન્ન સ્વાર્થથી મળવું થાય;
મેળ ન બકરી સિંહનો ક્યાંયે, સરખા સરખી મેળ સુહાય. ॥૧૧૩॥

મેળ ન ગરીબ લક્ષ્મીવંતનો, મેળ ન સ્વામી શેઠનો થાય;
મેળ ન ઉંચા નીચા ભાવે, ભિન્ન ધર્મીમાં મેળ ન ક્યાંય. ॥૧૧૪॥

મેળ ન સામા સામી સ્વાર્થે, દયાળુ નિર્દયનો નહીં મેળ;
મેળ ન ઘરડાને બાલકનો, સમાનતાએ મેળનો ખેલ. ॥૧૧૫॥

મેળ મળે છે સ્વભાવ વચને, ગુણકર્મો જ્યાં સરખાં ત્યાંય;
મેળ મળે નહીં ભિન્ન વિચારે, વિરૂદ્ધ મેળે સુખ નહીં ક્યાંય. ॥૧૧૬॥

મેળ ખરો જ્યાં આત્મસ્વભાવે, સર્વજીવોથી મળવું થાય;
મેળ પ્રભુથી પ્રભુરૂપ થાતાં, ઐક્યભાવમાં મેળ સુહાય. ॥૧૧૭॥

મેળ જે મનનો તે મન ફેરે, મેળ ફરે છે અસંખ્ય વાર;
મન તનના સઘળા મેળો તે,-ક્ષણિક છે દેખો !! નરનાર. ॥૧૧૮॥

મેળ જે શુદ્ધાતમ પ્રીતિથી, આતમથી મળે આતમ જ્યાંય;
મેળ તે શુદ્ધાતમનો સાચો, ચિદાનંદ પ્રભુ પ્રગટે ત્યાંય. ॥૧૧૯॥

મેળ પરસ્પર પ્રેમને શ્રદ્ધા, સામ્યગુણો કર્મોથી થાય;
મેળ ન બળિયાથી નિર્બળનો, બરાબરીમાં મેળ સુહાય. ॥૧૨૦॥

મન આતમ મળે ત્યાં છે મેળા, કર્મે સર્વજીવોથી મેળ;
મનથી કીધા વાર અનંતી, મનના મેળા નાટક ખેલ. ॥૧૨૧॥

મેળો સકામભાવે દુઃખકર, સુખકર નિષ્કામે છે મેળ;
મેળ કરો !! તો પ્રભુને સંતથી,-ગુરૂથી મેળ કરો !! સુખરેલ. ॥૧૨૨॥

મેળ કર્યાની પહેલાં મેળનો,-અનુભવ કરશો સાચી શીખ;
મેળ છે સ્વર્ગને નરકસમા બહુ, મેળના સાચા બનો !! પરીખ. ॥૧૨૩॥

મેળ જે;આતમ પ્રેમ વિનાના, સ્વાર્થે તે દુઃખના દાતાર;
મેળ જે મોહની સાથે કરવો, ડગલે ડગલે દુઃખ દેનાર. ॥૧૨૪॥

મેળ ન અજ્ઞાનીઓ જાણે, સ્વાર્થીઓને જૂઠો મેળ;
મેળ ચામડી ભોગના સ્વાર્થે,-તેમાં દુઃખદાયક છે ઝેર. ॥૧૨૫॥

મેળ જે લક્ષ્મી સત્તા સ્વાર્થે,-તેમાંથી ખાતું છે મશાણ;
મેળ જે કામે લોભે થાતો, જીવંતાં તે કબ્ર સમાન. ॥૧૨૬॥

મેળ જે સદ્ગુણી સત્કર્મીનો, અરસપરસ ત્યાં સુખની લ્હેર;
મેળ જ્ઞાનાનન્દ સ્વભાવે,-વર્તે નહીં ત્યાં કંઇ અન્ધેર. ॥૧૨૭॥

મેળ છે આત્મસ્વભાવે મારે, સર્વજીવોથી અંતર્ બેશ;
મળ્યો પ્રભુથી વિશ્વથી જ્ઞાને, વિશુદ્ધ પ્રેમ રહ્યો ન કલેશ. ॥૧૨૮॥

મુનિસુવ્રત જિનવર જયકારી, વીશમા તીર્થંકર સુખકાર;
મુક્તિ સુખદાતા પ્રભુ પૂરણ, જન્મ મરણ દુઃખના હરનાર. ॥૧૨૯॥

મેળ કરીને આતમભાવે, જગમાં હળીમળીને ચાલ!!;
મળતા વિચારે સહુની સાથે, મળીને રહેવું નિશ્ચય ધાર!!. ॥૧૩૦॥

મળતા વિચારોને આચારો,-જે નહીં આવે અન્યની સાથ;
મતભેદે ત્યાં દ્વેષ ન કરવો, દ્વેષે મળે ન ત્રિભુવનનાથ. ॥૧૩૧॥

મળતા જે જે અંશે આવે, અન્યોના આચાર વિચાર;
મળતા તે તે અંશે રહીએ, અન્યોથી શુભ એ વ્યવહાર. ॥૧૩૨॥

મતપંથ દર્શન ધર્મ ઘણા જગ, મતભેદોથી લડવું ફોક;
મતપંથ દર્શન ધર્મ રહસ્યો,-જાણે એવા લડે ન લોક. ॥૧૩૩॥

મનની હયાતી સુધી જગમાં, મતિ મતામત રહે હયાત;
મન મર્યા પછી શુદ્ધાતમમાં, મતો કદાગ્રહ રહે ન જાત. ॥૧૩૪॥

મતપંથોને ધર્મોને જે,-સાત નયોથી જાણે જેહ;
મત ઔદાર્ય તો સાપેક્ષાએ,-જાણી જૈન બને ગુણગેહ. ॥૧૩૫॥

મત ધર્મોની મારામારી, અનાર્ય લોકોમાં બહુ થાય;
મહાવીર પ્રભુનાં તત્ત્વો જાણે,-તો વીતરાગદશા જીવ પાય. ॥૧૩૬॥

મતિશ્રુત અવધિ ને મનઃપર્યવ, પંચમ વ્યાપક કેવલજ્ઞાન;
મહાવીર પ્રભુએ પાંચે જ્ઞાનનું, સ્વરૂપ પ્રકાશ્યું સુખકર જાણ!!. ॥૧૩૭॥

મળતા રહીએ મળતા સાથે, સદ્ગુણ આત્માર્થે જ્યાં ત્યાંય;
મળીએ હળીએ મસ્તીભાવે, મિત્રભાવ ધર!! જીવોમાંય. ॥૧૩૮॥

માઠું કહેવું કોને ન મીઠું,-લાગે મનમાં નિશ્ચય ધાર!!;
મીઠું ખાવું પીવું મીઠું, કહેવું રહેવું સુખું સાર. ॥૧૩૯॥

મીઠું વર્તન મીઠી વાણી, મીઠી મિત્રાચારી રાખ ! !;
મીઠું કહેતાં કાર્યસરે તો,-કડવું નહી નિજપુત્રને ભાખ ! !. ॥૧૪૦॥

મીઠું જેને જે રૂચે તે, મીઠું તે વણ બીજું ન કાંઇ;
મન જીવ્હાથી મીઠું તે પણ, કડવું અપેક્ષાએ દુઃખદાઈ. ॥૧૪૧॥

મીઠું પણ કડવું પરિણામે, કડવું પણ પરિણામે મિષ્ટ;
મીઠું કડવું સહુ ઉપયોગી, સાપેક્ષાએ ઇષ્ટાનિષ્ટ. ॥૧૪૨॥

મજીઠ રાગથકી પણ અધિક,-દેવ ગુરૂપર લાગે રાગ;
મનની શુદ્ધિ ત્યારે થાતી,-પ્રગટે યોગ અને વૈરાગ્ય. ॥૧૪૩॥

મેલ જે મનનો તેથી મેલાં, જગમાં જાણો ! ! નરને નાર;
મેલા દેહથી મનથી નિર્મલ, એ મેલા નહી જાણ ! ! લગાર. ॥૧૪૪॥

મહેલ બાગ વાડી ને ગાડી, લાડી પુત્રાદિક પરિવાર;
મૂકી જાવું અંતે પરભવ,-માટે ધર્મનું શરણું ધાર !!. ॥૧૪૫॥

મુંજી કંજુસથી પણ માગણ, ઉદારતાથી છેજ મહાન્;
મુંજી ખાવે પીવે ન દેવે, જગમાં તે મોટો હેવાન. ॥૧૪૬॥

મખ્ખીચુસની પાસે માગે,-તે માગણ પણ છે નાદાન;
માગણની પાસે જે માગે,-નાદાનોનો તે શયતાન. ॥૧૪૭॥

માગણથી પણ હલકો તે છે,-માગણ પાસે માગી ખાય;
માગણને જે આપે નહીં તે,-માગણથી હલકો કહેવાય. ॥૧૪૮॥

માઠું જગમાં માગવું તે છે, મુખવાણી મન દીનતા થાય;
મત્યુથકી પણ માગવું ખરૂં, જીવંતાં મૃત્યુ કહેવાય. ॥૧૪૯॥

મૃત્યુ દેહાદિકનું થાતું-મોડું વહેલું જગમાં જાણ ! !;
મૃત્યુદશાની પૂર્વે જ્ઞાને, નિર્ભયતાને દિલમાં આણ ! !. ॥ ૧૫૦ ॥

મૃત્યુ પ્રસંગે આત્મોપયોગી, નિર્ભય થૈ ધર ! ! સમતા ભાવ;
મૃત્યુ પછીથી ધર્મ પ્રતાપે, જ્ઞાનાનંદના પ્રગટે લ્હાવ.. ॥ ૧૫૧ ॥

મૃત્યુ શિક્ષક સરખું સૌને, સુખદુઃખ શીખામણ દે સાર;
મૃત્યુ જીવન એ બે પ[illegible] ગથી અનંત ધાર ! !. ॥ ૧૫૨ ॥

મૃત્યુ દેતાં મૃત્યુ ફ[illegible] ઓને ઉગાર ! !;
મરનારાને [illegible] ॥ ૧૫૩ ॥

મરનારાને નિર્ભય કરશો, પ્રભુ ધર્મનો આપી બોધ;
મરવાનું કોને નહિ કહેશો, મૃત્યુ કારણ અંતર્ શોધ !!. ॥ ૧૫૪ ॥
મરવું એવો શબ્દ ન કોને,–સારો લાગે જગમાં જાણ !!;
મરવાનું તું કહે નહિં કોને, જગમાં સૌને વ્હાલા પ્રાણ. ॥ ૧૫૫ ॥
મરણ ભીતિથી દુઃખી જેઓ,–તેઓને નિર્ભયતા આપ !!;
મરણ દુઃખથી દુઃખીઓનાં,–દુઃખોને વેગે તું કાપ !!. ॥ ૧૫૬ ॥
મરણ થકી રક્ષો !! સૌ જીવો,–તેથી પુણ્ય ઘણું બંધાય;
મરનારાની સેવા કરતાં,–પ્રગટ પ્રભુ નયને નિરખાય. ॥ ૧૫૭ ॥
માર !! ન કોને ક્રોધે ક્યારે, જીવોને દે !! નહિં સંતાપ;
મારંતાં નહિં ધર્મ પ્રગટતાં, માર્યામાં છે ઝાઝું પાપ. ॥ ૧૫૮ ॥
મર !! એવો કદિ શબ્દ બોલ !! નહિં,–ક્રોધાદિકથી આતમરાજ !!;
મારવું મરાવવું અનુમોદવું,–એ સૌ પાપ તણાં છે કાજ. ॥ ૧૫૯ ॥
મૃત્યુ પોતાને વ્હાલું નહિં,–એવું બીજાનું તું જાણ !!;
મરકી આદિ રોગથી મરતા, જીવોના રક્ષો !! શુભ પ્રાણ. ॥૧૬૦॥
મરવું શિખો !! ધર્મમાર્ગમાં, મરતાં અમર જીવો થઇ જાવ !!;
મરીને અન્ય બચાવો !! જીવો, મારણ વૃત્તિ વેગે હઠાવ !!. ॥૧૬૧॥
મરતાં નિર્ભય આતમ કરવું, અમર આતમા જાણી નિત્ય;
મરે તે દેહાદિક છે પ્રાણો, દેહ વિનાશી સદા અનિત્ય. ॥ ૧૬૨ ॥
મનની મારા મારી જગમાં, મનથી મરવું જીવવું થાય;
મન તે જાણો !! સ્વર્ગ નરક છે, મનથી ભવની મુક્તિ પમાય. ॥૧૬૩॥
મનથી મરવું મનથી તરવું, મનથી જગમાં હારને જીત;
મનને જીત્યાં જીત્યું સઘળું, જ્ઞાને મનને ધાર !! પવિત્ર. ॥ ૧૬૪ ॥
મનડું જેવું તેવું ભાસે,–દુનિયામાં સૌ નિશ્ચય જાણ !!;
મનની ભૂલ ભૂલામણી જગમાં, મનવશ કરતાં મુક્તિ માન !!. ॥૧૬૫॥
મનમાં મેલ તો મેલું સૌ છે, પવિત્ર મન તો સર્વ પવિત્ર;
મન શુદ્ધ જ તો આતમપ્રભુ છે,–એવી સમજો !! મનની રીત. ॥૧૬૬॥
મનડું હરાવે હરાવે વશમાં,–ધાર્નુ. એવો નિશ્ચય ધાર !!;
મન વશમાં તો દેવ છે પાસે, અવરમાં નીચો નિરધાર. ॥ ૧૬૭ ॥

મન વચ કાયા સાધન સઘળાં, આતમની શુદ્ધિ છે સાધ્ય;
મનને વશમાં રાખી આતમ !!, પરમાતમપદને આરાધ્ય!!. ॥૧૬૮॥

મનમાં પ્રગટ્યા દોષ હઠાવો !!, મનમાં પ્રગટ્યા ટાળ !! કષાય;
મન જીત્યાવણ થાય ન મુક્તિ, મનને આતમ સન્મુખ વાળ્ય !!.॥૧૬૯॥

મનનો મોહ તજી દો !! આતમ !!, મારૂં તારૂં સત્ય ન કોઈ;
મારૂં તારૂં મોહે માની,-દુનિયા લોકો રહ્યા છે રોઈ. ॥ ૧૭૦ ॥

મનમાં પ્રગટ્યો ક્રોધ નિવારો!!, મનમાં પ્રગટ્યો છંડો !! માન;
મનમાં પ્રગટી માયા છંડો !!, છંડો !! લોભ તણાં સૌ સ્થાન. ॥૧૭૧॥

મનમાં પ્રગટ્યો કામ નિવારો !!, કામોદયથી સુખ નહિ થાય;
મનની જૂઠી કામના છંડો !!, જડભોગે નહિ શાંતિ સુહાય. ॥૧૭૨॥

મનના સંબંધ સર્વે ખોટા, વાસના જેવાં જન્મો થાય;
મનની કામના દુઃખ કરનારી,-તેથી સાચું સુખ ન ન્યાય. ॥ ૧૭૩ ॥

મનની સઘળી ભ્રમણા ત્યાગો !!, આત્મપ્રભુમાં ધારો !! પ્રેમ;
મરજીવાથી મુક્તિ પામો !!, પ્રભુને ભજતાં યોગ ને ક્ષેમ. ॥ ૧૭૪ ॥

મૃત્યુથી ભય ધારણ કરતાં, મૃત્યુથી જગ બચે ન કોય;
મનમાં મૃત્યુ ભય નહિં ધારીશ, ભવિતવ્યતા અવશ્ય હોય. ॥૧૭૫॥

મન છે મરકટ જેવું ચંચળ, મોહ દારૂ પીને મસ્તાન;
મરકટ જેવું દોડે જ્યાં ત્યાં, ભૂલીને નિજ આતમ ભાન. ॥ ૧૭૬ ॥

મોહે જન્મ મરણ છે જગમાં, મોહે આત્મપ્રભુ છે દૂર;
મોહે અનંત દુઃખો પ્રકટે, મોહે મનડું ગાંડું તૂર. ॥ ૧૭૭ ॥

મોહને જીત્યો તે જગ જીપક, મોહથી હાર્યો તેહ ગુલામ;
મોહની મારામારી જગમાં, મોહ ત્યાં લેશ ન સમજો !! શમ. ॥૧૭૮॥

મોહ ત્યાં ઘોર અંધારૂં જગમાં, નિર્મોહે છે આત્મપ્રકાશ;
મોહને મારી જગમાં જીવો !!, મોહ જીતવા કર !! અભ્યાસ. ॥૧૭૯॥

મોહને જીતો !! આત્મજ્ઞાને, આત્મજ્ઞાનથી મોહ હણાય;
મોહ મલ્લને જીતવા કાજે,-પામ્યો માનવ ભવ સુખદાય. ॥ ૧૮૦ ॥

મનુષ્ય ભવને હાર !! ન આતમ !!, રત્નત્રયી તું ઘટ આરાધ્ય !!;
મનમાં સાધ્યનું લક્ષ્ય જ રાખો, આત્મોપયોગે મુક્તિ સાધ્ય !!.॥૧૮૧॥

મૈથુન સંજ્ઞા ત્યાગો !! આતમ !!, મૈથુનથી નહીં સુખની આશ;
મધુબિન્દુ દૃષ્ટાન્તે જાણો !!, મૈથુન સુખનો ત્યજ !! વિશ્વાસ. ॥૧૮૨॥
મૈથુન દુઃખનું કારણ પહેલું, ક્ષણિક સુખને દુઃખ અનંત;
મૈથુનસંજ્ઞા ટળતાં આતમ !! પરમાતમ થાતોજ સ્વતંત્ર. ॥૧૮૩॥
મૈથુનસંજ્ઞા ભવનું કારણ, મૈથુન સંજ્ઞા એ સંસાર;
મૈથુનસંજ્ઞા પરિહરવાથી, આતમ પામે ભવનો પાર. ॥૧૮૪॥
મૈથુનસંજ્ઞા વેદજ જાણો !!, ગુણ સ્થાનક દશમાએ અંત;
મૈથુન ત્યાગે આત્મપ્રભુજી, પ્રગટપણે વર્તે ભગવત. ॥૧૮૫॥
મૈથુનસંજ્ઞા જીતીતો પછી,–આવે જલ્દી ભવનો અંત;
મૈથુનસંજ્ઞા મનમાં વર્તે,–ત્યાં સુધી નહીં કોઇ સંત. ॥૧૮૬॥
મૈથુનસંજ્ઞાથી જગ જીવો,–કષાય વશ થઇ કરતા પાપ;
મૈથુનસંજ્ઞાથી જગ જીવો,–પામે જગમાં બહુ સંતાપ. ॥૧૮૭॥
મૈથુનસંજ્ઞા જીતે જેઓ,-તે જીનવર છે યોગી મહંત;
મૈથુનસંજ્ઞા ત્યાગ્યાવણુતો,–કદિ ન આવે ભવનો અંત. ॥૧૮૮॥
મૈથુનના જગજીવો દાસો, મૈથુન માટે જીવ્યા જાય;
મૈથુનસંજ્ઞા મરતાં આતમ !!, અનંત શાન્તિ સુખને પાય. ॥૧૮૯॥
મૈથુનવૃત્તિ ત્યાગો !! આતમ !!, મૈથુનમાં દુઃખ જાણી સર્વ;
મૈથુનસંજ્ઞા ટળતાં નક્કી,–થાશે શાશ્વત સુખ અપવર્ગ. ॥૧૯૦॥
મૈથુનસંજ્ઞામાં નહીં મુંઝો !!, મૈથુન વૃત્તિ વેગે ટાળ !!;
મૈથુનના વિચારો રોકી,–આતમસુખમાં મનડું વાળ !!. ॥૧૯૧॥
મૈથુનનું નહીં સ્વપ્નું આવે, સ્વપ્નામાં નહી મૈથુન ભોગ;
મારી નાંખો !! કામની વૃત્તિ,–તેથી પ્રગટે સુખ સંયોગ. ॥૧૯૨॥
મૈત્રી ભાવના ભાવો !! આતમ !!, સર્વજીવો છે મિત્ર સમાન;
મિત્ર સરીખા જીવો માનો !!,–તેથી થાશો !! જીન ભગવાન. ॥૧૯૩॥
મૈત્રીભાવે જગમાં વર્તો !!, અન્યજીવને શત્રુ ન ધાર !!;
મિત્ર સરીખી દુનિયા થાતાં, આતમ પામે ભવનો પાર. ॥૧૯૪॥
મૈત્રી આદિ ચારે ભાવના, ભાવંતાં પ્રગટે છે મુક્તિ;
મિત્રભાવ જો !! સર્વજીવોપર,–પ્રગટે તો શાશ્વતપદ મુક્તિ. ॥૧૯૫॥

મૈત્રીભાવના સિદ્ધિ થાતાં,-જગમાં વૈરી રહે ન કોય;
મૈત્રીભાવના સિદ્ધિ થાતાં,-હિંસા બુદ્ધિ રહે ન જોય. ॥૧૯૬॥
મૈત્રીભાવના સિદ્ધિ થાતાં,-આ-મસરખું જગ મન વર્તાય;
મૈત્રીભાવના સિદ્ધિ થાતાં,-વ્યક્ત પ્રભુ આતમ થૈ જાય. ॥૧૯૭॥
મનને મિત્ર કરીને આતમ !!, સદ્ગુણગણમાં તેને વાળ્ય !!;
મન જો મિત્રસમું થયું તોપછી,-રહેતી નહી ભવદુ:ખ જંજાળ. ॥૧૯૮॥
મનથી મિત્રો મનથી અમિત્રો, મનથી ઉઠી સૌ જંજાળ;
મનને મારંતાં મુક્તિ છે, સર્વધર્મમાં એવો ખ્યાલ. ॥૧૯૯॥
મિત્ર કરો !! આતમને આતમ !!, આતમ મિત્ર તો મુક્તિ પાસ;
મિત્રાઇ શુદ્ધાતમની શુભ, આતમમિત્રમાં ધર !! વિશ્વાસ. ॥૨૦૦॥
મિત્રાઇ જો પ્રભુની પ્રગટે, રહે ન મૃત્યુ ભીતિ લેશ;
મિત્રપણું આતમનું સાચું,-પ્રગટે તો નહીં રાગને દ્વેષ. ॥૨૦૧॥
મરવું જીવવું બેમાં જેને,-હર્ષ વા શોક નહિંજ લગાર;
મરણ જીવનમાં સમભાવી જે,-ધન્ય ધન્ય તે નરને નાર. ॥૨૦૨॥
મરવું જીવવું દેહને પ્રાણે, આતમભાવે નહિં લગાર;
મરવું જીવવું ધર્માર્થે જ્યાં,-આત્મોન્નતિ ત્યાં છે નિર્ધાર. ॥૨૦૩॥
મરવામાં કદિ શોક કરીશ નહિં, મૃત્યુ પાછળ તું છે નિત્ય;
મનમાં આવો નિશ્ચય રાખી,-મનવચ કાયને કરો !! પવિત્ર. ॥૨૦૪॥
મરવાથી કદિ ડર ! ! નહિં આતમ !!, મૃત્યુ પાછળ આત્મપ્રકાશ;
માનો !! જ્ઞાનપ્રતાપે નક્કી, ધારી લે ! ! પ્રભુનો વિશ્વાસ. ॥૨૦૫॥
મરવું પંડિત મરણે સારૂં, અજ્ઞાની મૃત્યુ દુ:ખકાર;
મૃત્યુ પણ મહોત્સવ સમ થાતું,-સંતોને જાણો ! ! નિર્ધાર. ॥૨૦૬॥
માનો !! સર્વજીવોને નિજસમ, સર્વ લોકને દે !! સત્કાર;
મર્દાઇ ધરી કર!! સત્કાર્યો, માનવભવ એળે નહિં હાર !!. ॥૨૦૭॥
માખીને પણ દુ:ખ નહિં દે !!, શત્રુને પણ દે !! નહિં માર;
મારદેવને જીતી ચાલો !!, પરમેશ્વર પર ધરીને પ્યાર. ॥૨૦૮॥
મુસાફરીમાં આગળ ચાલવું, ઉંઘો !! નહિં મારગમાં ભવ્ય !!;
માનવ !! તું મુસાફર જગમાં. મુસાફરીનાં કર ! ! કર્તવ્ય. ॥૨૦૯॥

માનવભવનું મૂલ્ય ન થાતું, માનવ ભવથી મૃત્યુ વિનાશ;
માનવભવથી મુક્તિ થાતી, પ્રભુમાં પૂરણ ધર !! વિશ્વાસ. ॥૨૧૦॥

માનવભવની મુસાફરીમાં,-કરી લે!! સાચી ધર્મ કમાઈ;
માનો !! સઘળી જાતના સરખા, સૌમાં દેખો !! પ્રભુ વડાઈ. ॥૨૧૧॥

માનવ જાતને ધિક્કારો !! નહીં, વર્ણાદિ ભેદોથી લેશ;
માનવજાતિને સંહારો!! નહીં, માનવના હર !! સઘળા ક્લેશ. ॥૨૧૨॥

માનવ મોટું સર્વજીવોમાં, સર્વજીવોનો છે રખવાળ;
માનવ ઇશ્વર રૂપ બને છે, સર્વલોકનો તારણહાર. ॥૨૧૩॥

માનવ જાતને દુઃખો !! નહિં કદિ, પશુ પંખીના જીવો ઉગાર !!;
મનમાં જીવો ઇચ્છે તો પણ, મરવું તેનો કરો !! વિચાર. ॥૨૧૪॥

મનમાંહી છે જીવવું ત્હોંયે, મરવું શાથી થાય વિચાર !!;
મનપર કોની સત્તા એવી,-શોધો !! તેને શોધનહાર. ॥૨૧૫॥

મરણ જીવન બેથી જે ન્યારૂં, બેમાં રહીને ખેલે ખેલ;
મરણાદિકનો સાક્ષી રહે તો,-એવો આતમપ્રભુ અહેલ. ॥૨૧૬॥

મુજપર સત્તા બીજી વર્તે,-એ સત્તાનો કરજે ખ્યાલ;
મોટી સત્તા જગમાં એ કઇ, શોધ કરી લે !! થઇ તૈયાર. ॥૨૧૭॥

મોટામાં મોટો પ્રભુ ઇશ્વર, સર્વવિશ્વનો તારણહાર;
મોટાઈ એની આગળ શી ત્હારી, મનમાંહી તું જરી વિચાર!!. ॥૨૧૮॥

મોટાઇથી ફૂલે ફોગટ, મૃત્યુ આગળ શી મોટાઇ;
મૃત્યુ આગળ ચલે ન તુંજ કંઈ, ફોગટ કરે શું આપ વડાઇ.॥૨૧૯॥

મોટાઇ તજ !! જૂઠી મિથ્યા, પ્રભુની આગળ લઘુતા ધાર!!;
માન મહત્તા દુનિયાની સહુ, જૂઠી ધારી લે !! નિર્ધાર. ॥૨૨૦॥

મરવું એક દીન સૌને નક્કી, મારૂં તારૂં કરવું ફોક;
મારૂં તારૂં સ્વપ્નની બાજી,-ત્યજી મોહની વૃત્તિ રોક !!. ॥ ૨૨૧॥

મરવું આગળ પાછળ સૌને, ફોગટ કરવી મારામાર;
મૃત્યુ થાતાં કોઇ ન સાથે,-આવશે એવો નિશ્ચય ધાર !!. ॥૨૨૨॥

મૃત્યુ થાતાં પરભવમાંહી, પુણ્ય પાપ બે આવે સાથ;
મૃત્યુ થાતા પહેલાં પ્રેમે,-ભજી લે !! આતમ !! ત્રિભુવનનાથ. ॥૨૨૩॥

માઽરૂં તારૂં કરે શું મોહે, પડતું રહેશે અહીંઆં સર્વ;
મારામારી કરે શું મોહે, મૃત્યુ આગળ ચલે ન ગર્વ. ॥ ૨૨૪ ॥

મારૂં મારૂં કરી શું મુંઝો !!, ત્હારૂં જગમાં છે નહિ કોય;
મૃત્યુ થતાં ત્હારૂં નહિ કોઇ, પુણ્ય પાપ એ સાથે જોય. ॥ ૨૨૫ ॥

માથાકૂટ કરે શું મોહે, માયા મમતા દૂરે મૂક !!;
મનમાં પ્રભુનો પ્રેમ ધરી લે !!, પ્રભુસ્મરણને ક્ષણુ નહિં ચૂક !!.॥૨૨૬॥

મોહને જીતે તે મર્દો છે, નામર્દો તે મોહ ગુલામ;
મૂઢ તે મોહના તાબે રહેતો,-પાપનાં કરતો બૂરાં કામ. ॥૨૨૭॥

મોહની સંગે મૂઢ બનો !! નહિ, શરણુ કરી લે !! આતમરામ;
મર્દાઈ સાચી પ્રગટાવો !!, કરી લ્યો !! સાચાં ધર્મનાં કામ. ॥૨૨૮॥

મોજ મજામાં ભૂલ !! ન આતમ !!, આત્મ ગુણોને ઝટ પ્રગટાવ !!;
મર્દ બનીને દર્દ સહી લે !!, નામ રૂપના જૂઠા દાવ. ॥ ૨૨૯ ॥

મોહની સાથે કુસ્તી કરતાં,-હળવે હળવે મોહ જીતાય;
મનમાં પ્રભુનો નિશ્ચય ધારી, આતમ પરમાતમ થઇ જાય. ॥ ૨૩૦ ॥

મુંઝ !! ન આતમ !! મોહ વિચારે, ત્હારૂં શુદ્ધ સ્વરૂપ વિચાર !!;
મળવું પ્રભુની સાથે ધારી,-મુસાફરીમાં થા !! તૈયાર. ॥ ૨૩૧ ॥

મળશો મુજને સંત સમાગમ, મળશો મુજને ઇશ્વર દેવ;
મળશો મુજને પ્રભુ ભકતો બહુ, મળશો મુજને સાચી સેવ. ॥૨૩૨॥

મેળો થાશો સંતની સાથે, મળશો મુજને આત્મપ્રકાશ;
મળશો મુજને નિર્ભય પ્રભુતા, રહો !! સદા મુજ પ્રભુ વિશ્વાસ. ॥૨૩૩॥

મળશો સદ્ગુરૂ બોધો સાચા, મળશો શુદ્ધાતમ ચારિત્ર;
મળશો પ્રભુની ભક્તિ સેવા, મળશો જ્ઞાની સંત પવિત્ર. ॥ ૨૩૪ ॥

મળશો આતમ મિત્ર મજાના, મળશો કેવળજ્ઞાની દેવ;
મળશો મુજને જ્ઞાની લોકો,-જેથી નાસે કર્મ કુટેવ. ॥ ૨૩૫ ॥

મળશો નિર્ભય પ્રભુની પ્રીતિ, પ્રભુની સાથે મળશો મેળ;
મળશો જ્ઞાનાનંદની મસ્તી, ટળશો મોહ દશાના ખેલ. ॥ ૨૩૬ ॥

મળશો મુક્તિ ચિદાનંદમય, પૂર્ણબ્રહ્મ મળો !! સુખકાર;
મળશો આપોઆપને આતમ !!, અસંખ્યપ્રદેશી પ્રભુ નિર્ધાર. ॥૨૩૭॥

મળશો પરમાતમપદ પ્રાપ્તિ, ટળશો અનંત કર્મનાં દુઃખ,
મળશો પૂર્ણાનંદમયી પ્રભુ, અનંત સાચું મળશો સુખ. ॥ ૨૩૮ ॥

(૫)

યાચક થૈ પ્રભુપદને યાચો ! !, જડ સુખ યાચના જૂઠી જાણ ! !;
જડસુખયાચક સૌથી હલકો, પ્રભુગુણ યાચો !! પામી જ્ઞાન. ॥ ૧ ॥
યજ્ઞ નિવારો ! ! હિંસામય સહુ, યજ્ઞની હિંસા દુઃખદાતાર;
પ્રભુને પશુની કુર્બાનીની,–જરૂર છે નહીં સત્ય વિચાર !!. ॥ ૨ ॥
યજ્ઞને દેવીને નહીં ખપ છે,–પશુરક્ષાનો સમજો ! ! સત્ય
પશુ યજ્ઞો હિંસામય છંડે, યજ્ઞ અહિંસા સુખકર કૃત્ય. ॥ ૩ ॥
યારી કરશો નહીં દુર્જનની, નહીં નાદાનની યારી એશ;
યજો !! પ્રભુ ગુરૂ સંત જનોને,–જેથી નાસે દુઃખકર ક્લેશ. ॥ ૪ ॥
યુક્તિ સત્યની સમજી !! સાચી, યુવકદશાને બહુ સંભાળ !!;
યૌવન નદીની રેલ સરીખું, યૌવન પામી દુર્ગુણ ટાળ !!. ॥ ૫ ॥
યૌવનની મસ્તી સંભાળો !!, ડગલે ડગલે ધરી વિવેક;
યથ્થા ભણ્યા ગણ્યા કહેવાશો, નિત્ય નિયમ ધારીને ટેક. ॥ ૬ ॥
યુદ્ધો જગમાં થાતાં વારો !!, યુદ્ધોથી સુખશાંતિ ન થાય;
યુદ્ધથી પડતી સંપથી ચડતી, યુદ્ધથી દુઃખો જગ ઉભરાય. ॥ ૭ ॥
યાદી ક્ષણ ક્ષણ પ્રભુની કરવી, પ્રભુની યાદી સુરતા જાણ !!,
યોગને આઠ પ્રકારે ધારો !!, યોગી થાતાં સુખ નિર્વાણ. ॥ ૮ ॥
યોજના કરજે ધર્મ કર્મની, પલપલ આતમપ્રભુ સંભાર !!;
યોગેશ્વર પ્રભુ અરિહંત છે, મહાવીર વંદો !! કોટિવાર. ॥ ૯ ॥
યોગાભ્યાસે જીવન ગાળો !!, રાજયોગથી મુક્તિ થનાર;
હઠયોગે તન પ્રાણની પુષ્ટિ, ઉપયોગજ છે સહુ શિરદાર. ॥ ૧૦ ॥
યોગ દીપક શુભ ગ્રન્થની રચના, કરીને કીધો યોગપ્રકાશ;
યોગાભ્યાસી નરનારીનો,–તેથી થાતો આત્મવિકાસ. ॥ ૧૧ ॥
યુદ્ધ કરે શયતાનની સાથે, જીતે તેને તેં છે યોધ;
યોધા મોહને મારે તે છે –[illegible]

યોગીઓ સાચા કહેવાતા, સાધે પરમાતમનો યોગ;
યુવતીઓના રૂપને સ્પર્શનો, સ્વપ્નામાં ઇચ્છે નહીં ભોગ. ॥ ૧૩ ॥
યુવતીઓના રૂપને સ્પર્શથી, સ્વપ્નામાં કદિ સુખ નહીં થાય;
યુવક દશામાં કર !! નહીં હોયો, મનકપિને વશ કર !! સુખ થાય. ॥૧૪॥
યૌવનવય જીતો તે જીત્યો છે, યૌવન હાર્યો તે મડદાલ.
યશસંપત વિદ્યા પ્રભુભક્તિ, યૌવનમાં ધર ! ! કરી સંભાલ. ॥ ૧૫ ॥
યુરોપમાં વિદ્યા વિજ્ઞાનને. હુન્નર બાગ કળ સ્પર્ધા માન !!;
યુક્તિ પ્રયુક્તિ યુક્તને વિદ્યા, ભૌતિક જડ સુખ સેવક જાણ !!. ॥૧૬॥
[illegible] વાચક જ્ઞાની, હરિભદ્ર શરણો અવતાર;
[illegible] પ્રતિષ્ઠા જેની, જૈનોમાં જેની નિર્ધાર. ॥૧૭॥
યજ્ઞ તે ઉપકારી છે વ્યવહાર, પરોપકારને ધર્મનું દાન;
યજ્ઞ તે શુભ ઉપકારો કરવા, યજ્ઞ તે સેવા ભક્તિ માન !!. ॥૧૮॥
યજ્ઞ તે સર્વજીવોની સેવા, પરોપકારે [illegible] પ્રાણ;
યજ્ઞ તે પ્રભુમાં સર્વજીવાર્પિત,—અર્પાઈ જાવું સાચું માન !!. ॥૧૯॥
યજ્ઞ તે ગુરુને સંતની સેવા, દેશ ધર્મની સેવા જાણ !!;
યજ્ઞના ભાન વિના ઉપકારી,—[illegible] સાચા ભાવે માન !!. ॥૨૦॥
યજ્ઞ તે ભૂખ્યાઓને ભોજન, તરસ્યાઓને પાણી દાન;
યજ્ઞ તે ધર્મી જનનું રક્ષણ, કરવું આપી નિજના પ્રાણ. ॥૨૧॥
યજ્ઞ તે સર્વજીવોને પ્રભુરૂપ—માની કરવું રક્ષણ [illegible]
[illegible]

યુગપ્રધાન છે યુગમાં મોટા, ધર્મપ્રવર્તક તારણહાર;
યુગપ્રધાનો સૈકે સૈકે,-થાતા ચારિત્રી સુખકાર. ॥૨૭॥

યુગપ્રધાન તે યુગમાં સૌથી, પ્રધાનતાને ધારે જેહ;
યુગમાં ઉદ્ધારક પ્રગતિમય, કર્તવ્યોને કરતો તેહ. ॥૨૮॥

યુગપ્રધાનથી ધર્મ પ્રવર્તે, અધર્મ દુર્ગુણ થાય વિનાશ;
યુગપ્રધાનો તે તે કાલે, અંશે ધર્મોદ્ધારક ખાસ. ॥૨૯॥

યુગપ્રધાનો જૈન જગતમાં, હજાર બેને ઉપરે ચાર;
યુગમાં પંચમ આરામાંહી, ધર્મ પ્રવર્તક મુનિવર સાર. ॥૩૦॥

યુગે યુગે જન્મે છે મોટા, યુગપ્રધાનો સૌમાં શ્રેષ્ઠ;
યુગમાં મુખ્યપણે છે ધાર્મિક, નેતાઓ બીજા તસ હેઠ. ॥૩૧॥

યુગપ્રધાન છે જ્ઞાની ધ્યાની, ચારિત્રી ઉપદેશક ધીર;
યુગપ્રધાન છે પ્રભાવશાલી, તત્કાલીન વીરોમાં વીર. ॥૩૨॥

યુગમાં સાધુવૃન્દમાં મોટા, શ્રુતજ્ઞાની ગીતાર્થ મહાન;
યુગમાં ધર્મપ્રવર્તક શક્તિ, બુદ્ધિ ધારક પ્રભુ ગુણવાન. ॥૩૩॥

યુગપ્રધાનની સેવા ભક્તિ,-કરતાં આતમ શુદ્ધિ થાય;
યુગપ્રધાન સૂરિ ગણ આજ્ઞા,-ધારતાં પાપો દૂર જાય. ॥૩૪॥

(र)

રમિરમશો આતમ ગુણમાં, રહો !! સ્વભાવે ધરી ઉપયોગ;
રતિલહો !! નિજઆતમ રસની, રજ્જનમો ગુણ ટાળો !! ભોગ. ॥૧॥

રસિયા બનશો પ્રભુ ગુણ રાગે, આતમરામ ભજો !! ભગવંત;
રામને કામ રહે નહીં સાથે, રાજી થાતા પ્રભુપર અંત. ॥ ૨ ॥

રહેમ કરો !! સહુજીવો ઉપર,-તેથી થાશો પ્રભુ રહિમાન;
રાગ ને રોષ નિવારે મુક્તિ, અરિહંત ભાખે ભગવાન. ॥ ૩ ॥

રાગ ધરો !! અરિહંત ગુરૂપર, ધર્મ ઉપર મુક્તિને હેત;
રતિ રાખો !! ધર્મ કર્મની, રૂચો !! પ્રભુમાટે શિવસંકેત ॥ ૪ ॥

રીઝ આતમ !! દુનિયા ખીજની,-પરવા કરશો નહીં લગાર;
રગ ધરો !! પ્રભુ ધ્યાને નિશદિન, રક થતાં નહીં શોકને ધાર !! ॥૫॥

રાજી રહેવું પ્રભુને ભજતાં, સુખ દુઃખમાં નહીં હર્ષને શોક;
રટવું એવું ભણતાં ગણતાં, કદિ ન પડતી દુઃખની પોક. ॥ ૬ ॥

રાગીઓના રાગ નિવારો !!, દવા ઔષધ આદિથી ભવ્ય !!;
રોગીઓની સેવા કરવી,-માનવ !! તારૂં છે કર્તવ્ય. ॥ ૭ ॥

રાજા મેઘસમો નહીં કોઈ, સર્વવિશ્વ જીવાડે જેહ;
રંક તો માગણસમો ન કોઇ, હાથ ધરી પોષે નિજ દેહ. ॥ ૮ ॥

રાજા તે રૈયત રક્ષણમાં, તન મન ધન ને આપે પ્રાણ;
રાણી તે પુત્રી સમ રૈયત,-માની સ્વાર્પણ કરે સુજાણ. ॥ ૯ ॥

રોવું તેની આગળ સારૂં,-છાનો રાખી ટાળે દુઃખ;
રાજી થાવું તેને દેખી,-સહાય કરે ને આપે સુખ. ॥ ૧૦ ॥

રામ તે શુદ્ધાતમ અર્હન્ પ્રભુ, ઘટ ઘટ વસતો આતમ રામ;
રામ રામ નિજ આતમ ભજતાં, રાગ રોષને વિણશે કામ. ॥ ૧૧ ॥

રામ રામ જપે પણ જે લોકો, રામના સરખો ધરે ન ન્યાય;
રામના સરખા ગુણ નહીં ધારે, રામ ભજે તેનું શું થાય. ॥ ૧૨ ॥

રામ એક દશરથ નંદન છે, ઘટ ઘટ વ્યાપક આતમરામ;
રામ એક દશપ્રાણનો ઉપજે, વ્યવહારે તે આતમનામ. ॥ ૧૩ ॥

રામ રામ એમ પોપટ બોલે, રામનાં કરે ન ગુણ ને કૃત્ય;
રામ ભજી તે સત્ય ન પામે, રામ ત્યાં કામ નહીં દુષ્કૃત્ય. ॥ ૧૪ ॥

રામ છે સાત્વિક આતમ પોતે, કર્માતીત શુદ્ધાતમ રામ;
રામ ને સમજી રામ ભજે તે,-રામ બને ગુણ અનંતધામ. ॥ ૧૫ ॥

રામ જે આતમ સીતા સમતા, મોહ તે રાવણ અંતર જાણ !!;
રામાયણ અધ્યાત્મ સ્વરૂપે,-સમજી વર્તે તે ભગવાન. ॥ ૧૬ ॥

રાજ્ય તે રામના રાજ્ય સરીખું,-પ્રજા ભૂપના સરખા ન્યાય;
રાજ્ય ખરૂં જ્યાં નહીં અનીતિ, પ્રજા ઉપર જૂલ્મો નહીં થાય. ॥ ૧૭ ॥

રાજ્ય ખરૂં જ્યાં રાજા રૈયત,-બન્નેથી ચાલે સહુ કાજ;
રાજ્ય તે જૂઠું રાજ પ્રજાની, અરસપરસ નહીં થાતી સાજ. ॥ ૧૮ ॥

રાજ્યમાં વિપત્તિયો કર બહુ, અન્યાયે રૈયત પીડાય;
રાજ્ય તે નાસ્તિ રાક્ષસ સરીખું,-એવું રાજ્ય ટળે સુખ થાય. ॥ ૧૯ ॥

રાજ્ય જ્યાં ભૂપના લોભે સ્વાર્થે,-થાતું રૈયતનો પોકાર;
રક્ષણ કરનારો જ્યાં મારે, રાજ્ય તે જૂઠું નરક ને ધાર !!. ॥ ૨૦ ॥
રાજા રૈયત બન્ને ન્યાયે, સંપી કાર્ય કરે તે રાજ્ય;
રાજ્યનો રાજા નોકર જેવો, સાપેક્ષાએ છે સામ્રાટ. ॥ ૨૧ ॥
રાજી નહી રાજાથી રૈયત, બકરાં ઉપર જેવો વાઘ;
રાજ્ય કરે જે રાજા એવો,-રૈયત પર તે પાપી નાગ. ॥ ૨૨ ॥
રાજી કરે નહીં રૈયતને જે,-રાજ્ય નહીં તે વિશ્વે બેશ;
રાજ્ય જ્યાં સાત્ત્વિક, સ્વતંત્રતા ત્યાં, સુખ શાંતિ શક્તિયો હમેશ. ।૨૩।
રોગો પ્રગટે રો !! નહીં આતમ !! જાણજે રોગનું સત્ય નિદાન;
રોગનું કારણ પ્રથમથી વારો !!, કર્મોદયે રોગો છે જાણ !!. ॥ ૨૪ ॥
રોગ તે શિક્ષક સરખો જાણો !!, આપે શિક્ષા કર !! નહીં ભૂલ;
રોગથી રો !! નહીં રાંક બની ને, રોગે ચિંતામાં નહીં ડૂલ !!. ॥૨૫॥
રોગનાં કારણો સર્વે સમજો !!, વૈદકનું કરી સાચું જ્ઞાન;
રોગનું ઔષધ કરવું યત્ને, રોગીને દે !! ઔષધદાન. ॥ ૨૬ ॥
રોગીઓની સેવા કરતાં, પ્રભુ ભક્તિ છે નિશ્ચય જાણ !!;
રોગીઓના રોગ નિવારણ,-માટે કરજે યોગ્યજ દાન. ॥ ૨૭ ॥
રોગ થયાથી આર્તધ્યાનને,-રૌદ્રધ્યાન થાતું ઝટ વાર !!;
રોગથી સમજે સાચું તેને, સદ્ગુણ સન્મતિ થાતી સાર. ॥ ૨૮ ॥
રહેણીવણ કહેણી છે મિથ્યા, રહેણીની નહીં કિંમત થાય;
રીઝો !! રહેણીથી નરનારી, કથનીમાત્રથી પળે ન કાંય. ॥ ૨૯ ॥
રાત ને દિન બે ઉપયોગી છે, નિવૃત્તિ ને પ્રવૃત્તિ હેત;
રજ સરખી પણ છે ઉપયોગી, જ્ઞાની ગુપ્ત લહે સંકેત. ॥ ૩૦ ॥
રીઝ પડે જેની જ્યાં પ્રીતિ,-તેને ત્યાં નિશ્ચય મન ધાર !!;
રીઝની રીતના અનન્ત ભેદો, અધિકારે રીઝના આચાર. ॥ ૩૧ ॥

(ળ)

લટકા પ્રભુની લગની લગાવો !!, પ્રભુ ભક્તિમાં ધરો !! ન લાજ;
લહુના દુનિયાની સહુ છોડો !!, લાભ ન માનો !! મજાનાં રાજ. ॥૧॥

[illegible]

લખું વાંચું-ઉપદેશું સર્વે,-કરૂં તે પ્રભુપદ પ્રાપ્તિ હેત;
લખાણુ આદિ આત્મશુદ્ધિની,-સેવાના નિશ્ચય સંકેત.. ॥૧૬॥

લગની આત્મપ્રભુની પૂરી,-શુદ્ધિ માટે પ્રગટી છે જ;
લક્ષ્ય ધ્યેય પ્રભુપદને વરવું, જ્ઞાન ક્રિયા એ યોગ છે સ્હેજ. ॥૧૭॥

(व)

વવ્વા વશ મન તનને કરવું, ઇન્દ્રિયો વશ કરશો સર્વ;
વળશો મુક્તિપુરીની વાટે,-વધતાં શક્તિ કરો !! ન ગર્વ. ॥ ૧ ॥

વચન વિચારીને ભવી બોલો !!, વજ્ર સરીખું કરશો દિલ;
વડભાગી થાશો વૈરાગ્યે, વ્યભિચારથી જીવો હીન. ॥ ૨ ॥

વનમાં ઘરમાં ધર્મે મંગલ,-થાશે અંતે ઘર !! વિશ્વાસ;
વ્હાલ કરો !! આતમ સમ સઘળા,-જીવો ઉપર બનો !! ન દાસ. ॥૩॥

વર્ણભેદથી ભેદ ન કરશો, સર્વજીવો ગણુ !! આત્મ સમાન;
વઢો !! ન કોની સાથે વૈરે, વર્જો !! વિષય વિકારનું ધ્યાન. ॥૪॥

વહેમો મિથ્યા દૂર નિવારો !!, વસો !! આત્મગુણ સુખની માંહ્ય;
વક્રપણું ત્યજી સરલ બનો !! ઘટ,-વૈરીને પણ કરશો સ્હાય. ॥૫॥

વાતો સારી હિતકર કરવી, સાંભળવી શુભ ધર્મની વાત;
વાદ કરો !! નહીં શઠની સાથે, કરો !! નહીં વિશ્વાસીઘાત. ॥૬॥

વાસના કામાદિક દોષોની,-વારો !! આતમ આપોઆપ;
ક્રોધાદિકની તજો !! વાસના, ટળશે તેથી ત્રિવિધ તાપ. ॥ ૭ ॥

વિનય સમું નહીં વશીકરણ કોઇ, વિનયે વિદ્યા પ્રાપ્તિ થાય;
વિનયે વૈરી થાતા વશમાં, ધર્મનું મૂલ છે વિનય સદાય. ॥૮॥

વૃદ્ધજનોને માતપિતાનો,-ગુરૂનો વિનય કરો !! નરનાર;
વિદ્યા ભણશો જૈન ધર્મની, દુઃખીઓની કરશો વ્હાર. ॥૯॥

વ્યાપારે રહો !! સત્ય પ્રમાણિક, વિઘ્ન ટળે છે ધર્મે જાણ !!;
વેશ્યાની સંગત નહીં કરશો, વ્યભિચારી દોષે દુઃખ ખાણ. ॥૧૦॥

વિષયવાસના વારો !! આતમ !!, વિષયવાસનાથી બહુ દુઃખ;
વિષયવાસના કામે ન તૃપ્તિ, વિષય મોહ ટળતાં છે સુખ ॥૧૧॥

વ્યસન નિવારો !! સર્વજાતનાં, વ્યસન થકી પરતંત્ર ગુલામ;
દારૂ માંસને વેશ્યા જૂગટું, ચોરી પરસ્ત્રી તજો !! તમામ. ॥૧૨॥

વાંક ન કરશો ગરીબનો પણ, વૈર અને ત્યાગો ! ! વઢવાડ;
વિરોધ વારો ! ! નાનો સરખો, વ્યાલથી ખેલ ન સારા ભાળ ! !. ॥૧૩॥

વિચાર કરશો પળપળ સારા, વૈરીનો કર !! નહિ વિશ્વાસ;
વાસ ન કરવો દુશ્મન ઘરમાં, વિવેકથી વર્તો !! જગ ખાસ. ॥૧૪॥

વીર્યની રક્ષા બ્રહ્મચર્યથી,-કરશો જગમાં નરને નાર;
વીર્ય ગયું તો સર્વ ગયું એમ,-સમજી વીર્યનું રક્ષણ ધાર !!. ॥૧૫॥

વિના વીર્ય કોઈ વીર ન બનતો, વિના વીર્ય જીવો મડદાલ;
મન વચ તનુ આતમના વીર્યનું,-રક્ષણ કરવા ધરશો વ્હાલ. ॥૧૬॥

વિષયભોગ મૈથુનકર્મે જે, વીર્યાદિકનો કરતો નાશ;
જગમાં જીવંતાં જ મરેલો, હડકાયા કુતરાસમ ખાસ. ॥ ૧૭ ॥

વત્સવાસના નિયમ વિના જે, વીર્યને હારે નરને નાર;
દેશ કોમને ધર્મની પડતી,-કરતાં તેઓને ધિક્કાર. ॥ ૧૮ ॥

વિષયવાસના હડકવાયુ,-વારો ! ! કોટિ કરી ઉપાય;
વામા દેખી વિષય ન જાગે, બ્રહ્મચર્ય ત્યારે સુખદાય. ॥ ૧૯ ॥

વ્યભિચારની વૃત્તિ છે જગ, હડકાયા કુતરાસમ ખાસ;
વ્યન્નિપાત વ્યભિચાર છે જાણો !!, વ્યભિચારનો કરશો નાશ. ॥ ૨૦ ॥

બાધથકી પણ વ્યભિચારની,-વૃત્તિથી મરણાં છે અનંત;
વ્યભિચારસમ કોઈ ન વૈરી, નિજ ભૂલ ટાળે તેહ મહંત. ॥ ૨૧ ॥

વૈરથી વૈર વધે જગમાંહી,-વૈરથી વૈરી ન વશમાં થાય;
વૈર શમાવો !! પ્રેમને દાને,-વિનયે વૈરી લાગે પાય. ॥ ૨૨ ॥

વૈરી ઉપર પ્રેમ કરીને,-વૈરીનું કરતા શુભકાજ;
વિવેકી સાધુઓ તે જગમાં,-પામ્યા માનો !! પ્રભુ સામ્રાજ્ય. ॥ ૨૩ ॥

વેશ્યા વૈદ્યને વકીલ ત્રણ્યે,-રોકડીયાં છે વિશ્વમઝાર;
વણિક વેશ્યા વૈદ્ય વકીલથી,-માયા પ્રગટી જગ નિર્ધાર. ॥ ૨૪ ॥

વાસ ન કરવો વૈરી ઘરમાં, હિંસક લોભી ધૂર્તાવાસ;
વિશ્વાસથી થા" ના ધૂર્તાના, વ્યસની વૈરીનો તજ !! વાસ. ॥૨૫॥

વાદે વિશ્વાસીની સાથે,-જતું કરી પરીક્ષા સાર;
વાદવિષે અતિ સાવધ રહેવું, છળોથી મરે છવ અપાર. ॥ ૨૬ ॥
વ્યાધિ વ્યાજ બે વધતાં જાતાં, વાઘ વ્યાધ સરખાં દુઃખકારઃ
વધતું વારો !! વ્યાધિ વ્યાજને, વૈરને વારો !! ધારી પ્યાર. ॥ ૨૭ ॥
વાડામાંહી બકરાં આદિ,-રહેતાં સમજો !! નરને નાર !!;
વાડો વળે નહીં મસ્ત મુનિનો, મત પન્થોના વાડા ધાર !!. ॥ ૨૮ ॥
વાઘનો વાડો થતો ન ક્યારે, મતમતાંતર વાડા જાણ !! ;
વ્યવહારે વાડાઓ વળતા, નિશ્ચયથી નહિ વાડા માન !!. ॥ ૨૯ ॥
વૈકુંઠ છે નિજ આતમમાંહી, જ્ઞાનાનન્દ પ્રગટતા બેશ;
વૈકુંઠનું સુખ આતમમાં છે, જ્યાં નહીં દુઃખને બીતિ કલેશ. ॥ ૩૦ ॥
વૈકુંઠ તે નિજ આતમ શુદ્ધિ, મોહાદિ દોષોનો નાશ;
વિવેકથી સત્કર્મો કરવાં, પ્રગટે આતમ સુખ પ્રકાશ. ॥ ૩૧ ॥
વૈરી વિરોધી લોકો થાવે,-તારા તેમાં તારો દોષ;
વગર વિચારે કાચા વાણીથી.-બોલ !! ન મનમાં રાખ !! ન રોષ. ॥૩૨॥
વૈરી વા વ્હાલો કરવો તે,-આતમ !! ત્હારા હાથમાં જાણ !! ;
વિવેક વિનયને વ્હાલથી વર્તો !!, વૈર વિરોધીની છે હાણ ॥ ૩૩ ॥
વ્યાપક શ્રદ્ધા પ્રીતિ ભક્તિ,-યોગે આતમ વ્યાપક થાય,
વ્યાપક ભક્તિમાં પ્રભુ પ્રગટે, આતમ પરમાત્મપદ પાય. ॥ ૩૪ ॥
વિષ્ણુ શુદ્ધાતમ પ્રભુ અર્હન, કેવલજ્ઞાને વ્યાપક સર્વ.
વૈર મોહ દૈત્યોને હણ્યા તે,-આવો શાશ્વત શાન્તિ સર્વ. ॥ ૩૫ ॥
વિશ્વરૂપ વૈરાટ પ્રભુ તે, સર્વવિશ્વજીવોનો સંઘ.
વિશ્વરૂપ પ્રભુ સાપેક્ષાએ, વિશ્વરૂપ પ્રભુનું [illegible] ॥ ૩૬ ॥
વિશ્વરૂપ પ્રભુ આતમ [illegible]
વિશ્વમાં હુને [illegible] ॥ ૩૭ ॥
વિશ્વ જીવોના [illegible] વિષ્ણુ [illegible]
વિષ્ણુ સ્વરૂપે આતમ [illegible] ॥ ૩૮ ॥
વિષ્ણુ તે હું આતમ [illegible] વિષ્ણુ [illegible]
[illegible] વિષ્ણુ [illegible] ॥ ૩૯ ॥

વાસુ પૂજ્ય તીર્થંકર બારમા, વિમલનાથ છે તેરમા દેવ;
વૈરાગી થૈ પ્રભુને ભજતાં, સર્વ કર્મની ટળે કુટેવ. ॥ ૪૦ ॥

વાડામાં બકરા આદિ રહે, સિંહનો વાડો હોય ન ક્યાંય;
વાડા નહીં જ્ઞાની સન્તોના, મસ્ત ભક્તનો એવો ન્યાય. ॥ ૪૧ ॥

(श)

શસ્શા શત્રુ મિત્રના ભેદો,-સમજી વર્તો !! થૈ હુશિયાર;
શત્રુનો વિશ્વાસ કરો !! નહીં, શાણપણું પામો !! નરનાર. ॥ ૧ ॥

શુભાશુભ સહુ સમજો !! જ્ઞાને, શાણા જનનો કરીએ સંગ;
શાણાજનની સલાહ લેવી, શૌર્ય ધરીને રાખો !! રંગ. ॥ ૨ ॥

શાસ્ત્રો સઘળાં વિવેક બુદ્ધિ,-ગુરૂ ગમથી વાંચો !! નરનાર;
શઠજનનો વિશ્વાસ કરો !! નહીં, શંકાનો કરો !! ઝટ પરિહાર. ॥૩॥

શનૈઃ શનૈઃ મન વશમાં આવે, શાપ દીજે નહિં કરીએ ક્રોધ.
શાહુકારી રાખીને વર્તો !!, શ્વાસોશ્વાસે ધરો !! શુભ બોધ. ॥ ૪ ॥

શીખામણ સજ્જન સંતોની,-અનુભવીની માનો !! બેશ;
શિક્ષા ગુરૂજન આપે તેથી,-કદિ ન કરીએ મનમાં ક્લેશ. ॥ ૫ ॥

શિષ્યને શિક્ષા સત્ય આપવું, શીર પડતાં પણ કરો !! ન પાપ;
શાહ રંકનો ન્યાય સરીખો,-થાતો ત્યાં ટળતો સંતાપ. ॥ ૬ ॥

શરીર સારૂં રાખો !! સમજુ, શર્મને ધારો !! સારા હેત;
શાથી જન્મ્યા શાથી મરવું.-તેનો સમજો !! ઝટ સંકેત. ॥ ૭ ॥

શ્મશાન ઘોરમાં અનન્ત જનનાં,-શરીરોની થઇ ગઇ છે ધૂળ;
શૂરા થૈને ધર્મને ધારો !!, તન ધન સંસારે નહીં કુલ. ॥ ૮ ॥

શૌચ ધારો !! મન કાય ને... પાપકાર્યમાં બનો !! ન શૂર;
શિક્ષા દેતાં રીસ ન કરીએ. શક્તિથી જીવો !! ભરપુર. ॥ ૯ ॥

શક્તિયો મન તન આતમની, પ્રગટાવો !! કરી કોટિ ઉપાય;
શક્તિ વિનાનું જીવવું શાનું, શક્તિયે સુખ સઘળાં થાય. ॥ ૧૦ ॥

શક્તિયે જે નરનારની, નિર્બલી થાતું શક્તિમન્ત:
શક્તિ વિના નહીં ધર્મ ન કર્મો, શક્તિવિના જીવો પરતંત્ર. ॥૧૧॥

શૂન્ય છે જીવન શક્તિ વિનાનું, જીવંતી શક્તિ પ્રગટાવ !!;
આતમની શક્તિયો સઘળું,-શૌર્ય ધરીને જીવ!! જગાવ!!. ॥૧૨॥

શળીનું સિંહાસન થાવે, શીયલ પાળતાં નરને નાર;
શીયલ પાળતાં શક્તિ પ્રગટે, શીયલ વિના નહિ શક્તિ લગાર. ॥ ૧૩ ॥

શાણી સતીઓ શીયલવંતીઓ, શીયલથી વખણાઇ બેશ;
શીયલથી સંકટ સહુ ટળતાં, શીયલ પાળે નાશે ક્લેશ. ॥ ૧૪ ॥

શાંતિ બાહ્યાંતરની પામો !!, શુદ્ધિ આતમની કરશો;
શાંત બનીને શુદ્ધ વિચારો,-કરશો ભવસાગર તરશો. ॥ ૧૫ ॥

શાહની શાખે ઝાઝો ચાલે, શાખ પ્રતિષ્ઠા નહીં ગુમાવ !!;
શાહપણું છે સત્યથી વર્તે, સત્ય પ્રમાણે વર્તન લાવ!!. ॥ ૧૬ ॥

શૌચને સંયમ આતમશુદ્ધિ,-થાવાથી પ્રભુ મુક્તિ મેળ; .
શલ્ય નિવારી સર્વજાતનાં, શુદ્ધોપયોગે આતમ!! એલ!!. ॥ ૧૭ ॥

શયતાનજ મન મોહ છે મોટો, શયતાન જ છે શત્રુ મહાન્;
તેને મારો!! પ્રભુ પદ મળશે,-આપોઆપ થશો ભગવાન્. ॥ ૧૮ ॥

શ્રવણ કરીને ગુરૂમુખ શાસ્ત્રો, સાંભળીયે સહુ સારાં તત્ત્વ;
શ્રદ્ધાથી શક્તિયો પ્રગટે, શ્રદ્ધાથી પ્રગટે છે સત્ત્વ. ॥ ૧૯ ॥

શ્રદ્ધા એ છે ધર્મનો પાયો, શ્રદ્ધા ગુણથી પ્રગટે સર્વ,
શઠના કુતર્કવાદને છંડી,-શ્રદ્ધા ધારો !! તજીને ગર્વ. ॥ ૨૦ ॥

દેવગુરૂને ધર્મની શ્રદ્ધા, જૈનશાસ્ત્ર શ્રદ્ધા ધરનાર;
શ્રાવક ધર્મી કહેવાતો તે, સમકિત વ્રત ગુણ પાલણહાર. ॥ ૨૧ ॥

શોક ન કરીએ સંકટ પડતાં, ઝંઝો !! નહીં નવરસ શૃંગાર;
શોધી લેઇએ સત્યને જ્ઞાને, આતમ શોભા પામો !! સાર. ॥ ૨૨ ॥

શુભ પોતાનું ઘરનું કરવું, શુભાશુભે ધારો !! સમભાવ;
શિવ વરવાની એહ નિશાની, શાણાઓ સમજો !! શુભ દાવ. ॥૨૩॥

શુદ્ધોપયોગે આતમ રહેશો !!, શુભાશુભ પરિણામને ત્યાગ !!;
જ્ઞાનાનન્દમયી આતમ તું, ધર !! પોતાનો પોતે રાગ. ॥ ૨૪ ॥

શ્વાનો પણ નિજ સ્વામી માટે,-સેવામાંહી છંડે પ્રાણ;
સદેલ શઠ એવો જે સેવક,-શ્વાનથી નીચો પાપી જાણ !!. ॥ ૨૫ ॥

શ્લોક ભણે પણ શીખ ન સમજે, સદ્વર્તન ધારે નહીં જેહ;
શાસ્ત્રો ભણીને શાસ્ત્રી થતાં પણ,-અજ્ઞાનીમાં પહેલો એહ. ॥૨૬॥
શાણપણું જેનામાં આવ્યું, ભણ્યો તેહ માનો !! સહુ ગ્રન્થ;
શાણાની સંગત કરવાથી,-વિપત્તિના જાશે પન્થ. ॥ ૨૭ ॥
શેઠ થવાનો નિશ્ચય ઇચ્છા,-તો તું સેવક પહેલો થાવ !!;
શ્રેષ્ઠ કાર્ય આચાર વિચારે, શ્રેષ્ઠપણું નિજમાં પ્રગટાવ !!. ॥ ૨૮ ॥
શઠપ્રતિ શાઠ્યં કરવું એ તો,-દુનિયાના લોકોની નીતિ;
શઠપ્રતિ સજ્જનતાને સત્યતા, સંત મુનિવરની એ રીતિ. ॥ ૨૯ ॥
શઠતા છંડી શાહ બનો !! જીવ !!, સન્તજનોનો એ પ્રભુ પન્થ;
શાહપણું ધારો !! વર્તનમાં, વળે શું ? વાંચે ફોગટ ગ્રન્થ. ॥૩૦॥
શહેનશાહી ત્રણ્યભુવનની, આતમ અનુભવ જ્ઞાને જોય;
શહેનશાહી દુનિયાની જે, દુઃખ સંકટમય ક્ષણક્ષણ હોય. ॥ ૩૧ ॥
શૂરાઓ જગ તે કહેવાતા, જીતે મનવર્તી શયતાન;
શૂરા નહીં મારે નબળાને, શૂરાનાં થાતાં સન્માન. ॥ ૩૨ ॥
શયતાને સહુ જગ જીવોને, નિજ વશમાં કીધા નિર્ધાર;
શયતાનીયતથી થયા જે ન્યારા,-તે સંતો પ્રભુ પામે સાર. ॥ ૩૩ ॥
શ્રાવક તે કહેવાતો સાચો, શ્રદ્ધા વ્રત ગુણ ધરે વિવેક;
સવાવસાની દયા ધરે ને,-જૈનધર્મની સાચી ટેક. ॥ ૩૪ ॥
શ્રાદ્ધ કરે જે મરેલ વર્ગનું, જીવંતાની કરે ન સેવ;
શ્રાદ્ધ નહીં તે શ્રદ્ધા હીનનું, સેવે ના જે સદ્ગુણી દેવ. ॥ ૩૫ ॥
શ્રાદ્ધ ખરૂં જીવંતી માની,-પિતા વૃદ્ધની કરવી ભક્તિ;
શ્રદ્ધાવણ બળ શક્તિ ન પ્રગટે, શ્રદ્ધાવણ રહેતી ના નીતિ. ॥ ૩૬ ॥
શકિત ખીલવવી તનુમન વચની, ખીલવ!! સર્વ પ્રકારની શકિત;
શરીરને કસરતને કવાયતે, ખીલવ !! સર્વ પ્રકારની નીતિ. ॥ ૩૭ ॥
શિષ્યોપનિષદ્ ગ્રન્થ રચ્યો મેં, શિષ્ય ધર્મ સમજાવ્યો સાર;
શિષ્ય જે ગુરૂમાં અર્પાયો તે,-શિષ્ય બને છે ગુરૂ નિર્ધાર. ॥ ૩૮ ॥
શરીર ગાડી ઇન્દ્રિય અશ્વો, મન ક્ું સારથિ સંયમ રાશ;
શિવપુર પન્થે ગાડી ચલાવો !!,-આતમ સાહિબ !! સુખ પ્રકાશ. ॥૩૯॥

શિવપુર પન્થે આતમપ્રભુજી, શરીર ગાડી વેગે ચલાવ!!;
સમ્યગ્‌દર્શન જ્ઞાન બે આંખે,-દેખી શત્રુ દૂર હઠાવ!!. ॥ ૪૦ ॥
શિષ્યો પાંચસે સ્કંધક સૂરિના,-ક્ષમા ધરી પામ્યા નિર્વાણ;
સમતાથી નિજ આતમ ભાવ્યો,-ધન્ય ધન્ય સાધુ ભગવાન. ॥ ૪૧ ॥
શિવસ્વરૂપ મુજ દેહપિતાથી, શિવ નામે ઉપકારી મહાન્;
શિક્ષાર્થે મુજને ભણતાં સહાયક,-બન્યા દયાળુ સદ્‌ગુણવાન. ॥ ૪૨ ॥
શિવસ્વરૂપ મુજ આતમ કરવા,-થયા તમારા જે ઉપકાર;
શતભવમાં પણ વાળી શકું નહીં, શાન્તિ મળો!! તમને નિર્ધાર. ॥૪૩॥
શિક્ષકસમું આદર્શ જીવન,-મહર્ષે બાલ્યાવસ્થામાંહિ;
શિક્ષાઓ દેનારા સહાયક, જનક સ્નેહ નહીં જગમાં ક્યાંહિ. ॥ ૪૪ ॥
શહેનશાહી ફકીરીમાંહી, દુનિયા માયા મોહ ન જ્યાંય;
શહેનશાહ સાચા સંતો છે,-સમ જલ પીવે જ્ઞાનને ખાય. ॥ ૪૫ ॥
શિષ્યોપનિષદ્ ગ્રન્થ રચ્યો મેં, શિષ્યોને હિત સુખકરનાર;
શિષ્યના ગુણ કર્તવ્યો જણાવ્યાં,-શ્રદ્ધા પ્રીતિથી હિતકાર. ॥૪૬॥
શ્રાવકધર્મસ્વરૂપ જણાવ્યું, બે ભાગોમાં ગુણ કરનાર;
શ્રાવકધર્મ સ્વરૂપને વાંચી,-શ્રાવકો સદ્‌ગુણ લહે આચાર. ॥ ૪૭ ॥
શ્રદ્ધા વિવેક સત્ કિરિયાથી,-શ્રાવક સ્વાધિકારે શ્રેષ્ઠ;
શ્રદ્ધાવણ સંશય મિથ્યાત્વથી,-નબળો આતમ હલકો ઠેઠ. ॥ ૪૮ ॥
શ્રદ્ધાવણ નહીં કાર્યની સિદ્ધિ, સંશયમાં સઘળી નબળાઈ;
શ્રદ્ધાસમ બળ કોઇ ન જગમાં, શ્રદ્ધામાં સઘળી સબળાઇ. ॥ ૪૯ ॥
શ્રદ્ધાવણ છે આતમ મડદું, શ્રદ્ધાવણ નહીં ધર્મની શકિત;
શ્રદ્ધાવણ મડદા સમ માનવ, શ્રદ્ધાવણ નહીં સબળી વ્યકિત. ॥૫૦॥
શ્રદ્ધાથી સમકિત ગુણ પ્રગટે, શ્રદ્ધા એ છે તંત્રને મંત્ર;
શ્રદ્ધાથી સબળો છે આતમ, શ્રદ્ધામાંથી પ્રગટે યંત્ર. ॥ ૫૧ ॥

(ષ)

ષટ્‌કારક ષટ્‌ચક્રો સમજો !!, ષડ્‌દ્રવ્યોનું કરશો જ્ઞાન;
આતમદ્રવ્યનું જ્ઞાન કરીને, ઉપયોગે થાવો !! મસ્તાન. ॥ ૧ ॥

ષડ્દર્શન પણ જૈનધર્મનાં, સાપેક્ષાએ અંગો સત્ય;
ષડ્રિપુને જીતે તે સાચો,-જૈન બની કરતો શુભકૃત્ય. ॥ ૨ ॥

ષડ્ આવશ્યક કર્મો કરવાં, ષોડશ ત્યાગો !! દુષ્ટ કષાય;
ષડ્ લેશ્યાનું સ્વરૂપ સમજી,-ઉત્તમ લેશ્યા ધર !! સુખદાય. ॥ ૩ ॥

ષડ્ ગુણ હાનિ, ષડ્ ગુણ વૃદ્ધિ, ષડ્દ્રવ્યોમાં સદા રહંત;
ષટ્ કાયોના જીવની રક્ષા,-કરતા ઉત્તમ જ્ઞાની સંત. ॥ ૪ ॥

ષટ્ સંપત્તિ જ્ઞાનને દર્શન, સચ્ચારિત્રને સમતા ભાવ;
ક્ષમા અને નિ:સંગતા પામો !!, અહિંયાં તેથી મુક્તિ લ્હાવ. ॥ ૫ ॥

ષડ્દ્રવ્યોનું જ્ઞાન થવાને,-ગ્રન્થ રચ્યો **ષડ્દ્રવ્ય વિચાર**;
ષડ્દ્રવ્યોનું સ્વરૂપ ભાખ્યું, આત્મતત્ત્વ સમજાવ્યું સાર. ॥ ૬ ॥

स

સસ્સા સમજો !! સત્ય તત્ત્વને, સત્ય ન છંડો !! પડતાં પ્રાણ;
સત્યને વદીએ સત્યને કરીએ,-તેથી પ્રભુપદ પામો !! જ્ઞાન. ॥ ૧ ॥

સાદાં વસ્ત્રો સાત્ત્વિક ભોજન, સાત્ત્વિક પાન કરો !! નરનાર;
સાત્ત્વિક શાસ્ત્રો સાત્ત્વિક કર્મો, સાત્ત્વિક બુદ્ધિ ધરશો સાર. ॥ ૨ ॥

સમજણ સારી નિશદિન લેવી, સમય વિચારી કરવું કૃત્ય;
સમય વિચારી બોલો !! વર્તો !!, સાપેક્ષાએ સમજો !! સત્ય. ॥૩॥

સત્યને છંડીએ નહીં સારૂં, સગપણને સાચવીએ વિવેક;
સહાય કરીએ અન્યજીવોને, પ્રભુપદ વરવા ધરીએ ટેક. ॥ ૪ ॥

સલાહ સાચી લઇએ દઇએ, સાચી શિખામણને ધાર !!;
સાચા સંત ને સાધુ સેવો !!, સંતની સંગતિ ક્ષણ સુખકાર. ॥ ૫ ॥

સુખદુ:ખમાં સમભાવે રહીએ, સમતાભાવે સહીએ દુ:ખ;
શત્રુ મિત્રપર સમતા ધારો !!,-એથી મળતું મુક્તિ સુખ. ॥ ૬ ॥

સર્વની સાથે સંપી વર્તો !!, સ્વપ્ના સમ જાણો !! સંસાર;
સાચું સમજી સાચું વર્તો !!, સમભાવી પ્રભુનો અવતાર. ॥ ૭ ॥

સદ્ગુણ સઘળા સમજી સાને,-પ્રગટાવીએ કરી પુરૂષાર્થ;
સદ્ગુણથી સુખશાંતિ સારી, સદ્ગુણ સમજો !! સારો સ્વાર્થ. ॥૮॥

સર્વજીવોને આતમ સરખા,-માનીને વર્તો !! સંસાર;
સુખ છે આતમમાંહી સાચું, જડમાં સુખની બુદ્ધિ વાર !!. ॥ ૯ ॥
સુખનો દરિયો આતમ ભરિયો, કામભોગથી સુખ ન થાય;
કામભોગથી દુઃખના દરિયા, સંતો સમજી શાંતિ પાય. ॥ ૧૦ ॥
સદ્ગુણી સજ્જન સંગત કરવી, સડેલ શઠનો કરો !! ન સંગ;
સારૂં તે મારૂં માનીને,-સાચું કર સારૂં કર !! અંગ. ॥ ૧૧ ॥
સાધુ સતીની સેવા કરવી, સાધુ સતીને નહીં સંતાપ;
સાધુ સતીની હાય ન લેશો, સંત સતાવતાં પ્રગટે પાપ. ॥ ૧૨ ॥
સેવા કરશો ગુરૂ સંતોની, માતપિતાની કરશો સેવ;
સેવા કરતાં દેવ મળે છે, નિજ આતમ થાતો ઘટ દેવ. ॥ ૧૩ ॥
સહન કરો !! દુઃખ સંકટ પડિયાં, સમકિત જ્ઞાન થકી નરનાર;
સમતાભાવે કર્મવિપાકો,-ભોગવતાં નિજમુક્તિ થનાર. ॥ ૧૪ ॥
સૌની સાથે હળીમળીને,-રહેવું આ સંસાર મઝાર;
સર્વધર્મીઓ સાથે સમધી,-વર્તતાં મુક્તિ નિર્ધાર. ॥ ૧૫ ॥
સહિષ્ણુ વૃત્તિ ખીલવો !! દિલમાં, ધરો !! ન ધર્મના ભેદે ખેદ;
સદ્વિચારો કરો !! પ્રતિક્ષણ, દુર્વિચારોને ઝટ છેદ !! . ॥ ૧૬ ॥
સુધર્યા તે સાચા જગ જાણો !!, દુર્ગુણ દુર્વ્યસનોથી દૂર;
સદ્ગુણ સદાચારમાં રહેતાં,-પામ્યા આતમ આનંદ પૂર. ॥ ૧૭ ॥
સુધરેલા નામે બગડેલા,-કુશ્રદ્ધા નાસ્તિક ને સડેલ;
દુરાચાર દુર્ગુણથી સડેલા,-શાના તેઓ કેળવાયેલ. ॥ ૧૮ ॥
સદ્વર્તનવણ કોઈ ન સુધર્યા, સદ્વર્તની છે ધર્મી લોક;
સદ્વર્તનવણ સંત ન સાધુ, સાધુ જેને રાગ ન દ્વેષ. ॥ ૧૯ ॥
સાક્ષી થૈને વર્તો !! જગમાં, સ્વાર્પણ કરીને સેવો !! સંત;
સૌના સારામાં નિજ સારૂં,-માની વર્તો !! બુદ્ધિમંત. ॥ ૨૦ ॥
સત્ય સલાહો દેશો દેશો, સંપે વર્તો !! નરને નાર;
સંપ જપ ને શાંતિ સુખ છે. સંપથી શક્તિ વધે અપાર. ॥ ૨૧ ॥
સારી સંગને સારા સંગે,-પ્રભુપદ પામો !! નરને નાર;
સ્મરણ કરો !! અરિહંત મહાવીર,-પ્રભુનું ભજન એ છે સાર. ॥૨૨॥

ઇન્દ્રિયોમાં નહીં મુઝાતાં,-સાધો !! આતમ !! ધ્યાન સમાધિ;
આધિ ઉપાધિ વ્યાધિમાંહી, સમભાવે વર્તો !! શિવસાધ્ય. ॥ ૨૩ ॥

સ્વાર્થ થકી અન્યાયને પાપો,-હિંસા કરશો નહીં નરનાર;
સ્નેહ કરી લ્યો !! સાચી રીતે, ધર્મસ્નેહથી દોષ જનાર. ॥૨૪॥

સંયમ સાધે તે સાધુઓ, સંસારે નહીં માને સાર;
સંસારે નહીં સ્નેહ ધરે તે,-ઉતરે ભવસાગરની પાર. ॥ ૨૫ ॥

સ્મરણ કરો !! પલપલ અરિહંતનું, સુરતા સાધો !! આતમ સાર;
પ્રભુ સ્મરણથી પાપ ન પ્રગટે, આતમ થાતો ત્રિભુવન નાથ. ॥૨૬॥

સોડહં સોડહં આતમ સમરો !!, આત્મસ્મરણ સુરતાજ વિચાર;
સોડહં સોડહં ષટ્ચક્રોમાં,-ધ્યાને આતમ શુદ્ધિ ધાર !!. ॥ ૨૭ ॥

સિદ્ધ બુદ્ધ પરમાતમ થાવું,-આતમ તારો સાચો ધર્મ;
ચિદાનંદ તે આત્મ સ્વરાજ્ય છે, સ્થિરતા ધારો !! નાસે કર્મ. ॥૨૮॥

સાગર જેવા ગંભીર થાશો, સાગરવર ગંભીરા સંત;
સાચને આંચ ન ક્યારે લાગે, સત્યથી શક્તિ સિદ્ધિ મહંત. ॥૨૯॥

સ્વર્ગના દાસ થવાથી સારૂં, નરકના રાજા થાવું એહ;
સંતનું દાસપણું છે સારૂં, મૂર્ખ ભૂપ થાવું દુઃખગેહ. ॥ ૩૦ ॥

સ્વતંત્રતાને સ્વછંદતામાં, મેરૂ સર્ષપ સરખા ફેર;
મનતનુ ઇન્દ્રિયો વશ કરવી,-સ્વતંત્રતા એવી સુખ લ્હેર. ॥ ૩૧ ॥

મનતનુ ઇન્દ્રિના વશ થાવું, દુર્ગુણદોષના થાવું દાસ;
સ્વચ્છંદતા એવી મન ઇચ્છા,-વર્તન તેથી દુઃખપ્રકાશ. ॥ ૩૨ ॥

સાબરમતી ગુણ શિક્ષણ કાવ્યમાં,-ભાખી મેં શિક્ષાઓ બેશ;
સમજીને જે એમ પ્રવર્ત્તે,-તેના નાસે સઘળા ક્લેશ. ॥ ૩૩ ॥

સરસ્વતીના પુત્રો જ્ઞાની,-નિર્ધન પણ સુખિયા તે થાય;
લક્ષ્મી પુત્રો જડ ધનવંતા,-અંતર સુખિયા નહીં સમજાય. ॥૩૪॥

સંવર ભાવે રહેતાં સુખ છે, સ્વતંત્રતા પ્રગટે છે બેશ;
સ્વરાજ્ય સત્ય સ્વદેશની પ્રાપ્તિ,-આનંદ તેથી હોય હંમેશ. ॥૩૫॥

સરખા સર્વે સિદ્ધ સ્થાનમાં, કર્મે જીવો નહીં સમાન;
સુન્દરતા આતમમાં દેખો !!, સ્વપ્ના સમ દુનિયા સહુ જાણ !!. ॥૩૬॥

સત્ય તથ્યને પથ્યને બોલો !!, સત્યને બોલો કરશો સત્ય;
સંકટ પડતાં સત્ય ન છંડો !!, સજ્જનનાનાં કરશો કૃત્ય. ॥ ३७ ॥
સરવર વૃક્ષને સંતસાધુઓ,-જીવીને કરતા પરમાર્થ;
સઘળું સ્વાર્પણ ઉપકારાર્થે, ઇચ્છે નહીં તે બીજો સ્વાર્થ. ॥ ३८ ॥
સત્તા સાહિબી સાતા શોભા, સલામ કરતા ઝૂકી લોક;
સઘળી જાશે પુણ્ય ટળ્યાથી,-અંતે પાછળ પડશે પોક. ॥ ३९ ॥
સત્તાએ છાકી ના જતો, સ્વપ્ન સરીખી સત્તા જાણ !!;
સાહિબી તારી સદા ન રહેશે, સત્ય પ્રભુને દિલમાં આણ !!. ॥४०॥
સારો નિજને લોકો બોલે,-તેથી આતમ ! ! લેશ ન ફુલ !!;
સારી શિક્ષા દેતાં કોપે,-સમજો !! તેનું જીવન ધૂળ. ॥ ४१ ॥
સુષુમ્ણા નાડી જબ ચાલે,-ત્યારે સંકલ્પો સહુ ત્યાગ !!;
સમતા ભાવે આતમ ધ્યાવો !!, આતમ ઉપયોગે દિલજાગ !!. ॥४२॥
સામાયક તે સમતા ભાવ છે, જડ જીવોમાં રાગ ન રોષ;
સામાયક એવું સુખમય છે, સામ્યેઆતમ ગુણને પોષ !!. ॥ ४३ ॥
સંઘની પ્રગતિ કરવા માટે, સંઘ પ્રગતિ નામે શુભ ગ્રન્થ;
સર્વ સંઘ સેવાર્થે રચનાં,-આતમ વળિયો મુક્તિ પન્થ. ॥ ४४ ॥
સર્વજીવો સત્તા એ પ્રભુ છે,-જાણી કર !! તું સર્વની સેવ.
સર્વજીવો નિજ આતમ સરખા,-સેવા કરતાં બનીશ દેવ. ॥ ४५ ॥
સત્ય સ્વરૂપ નામે એક પુસ્તક, રચ્યું છે સર્વજીવોના હેત;
દયા ધર્મની વાત કરી મેં,-જેમાં મુક્તિના સંકેત. ॥ ४६ ॥
સુખસાગર ગુરૂગીતા રચી મેં, સદ્દગુણગણનો કર્યો પ્રકાશ;
સુખસાગર રૂપ આતમ મુક્તિ,-વાંચો !! વર્તે પામો !! ખાસ. ॥ ४७ ॥
સ્નેહ થકી છે સગપણ સાચું, સ્નેહ વિનાનો સગો ન કોય;
સ્નેહ ન છુપાતો જે સાચો, સ્નેહ જણાવે આંખો જોય. ॥ ४८ ॥
સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા, સંઘ ચતુર્વિધ વિશ્વ મહાન;
સંઘની સેવાભક્તિ કરવી, સંઘને નમતા જિન ભગવાન. ॥ ४९ ॥
સંઘ છે પચ્ચીશમો તીર્થંકર, સંઘની સેવાભક્તિ ધાર !!;
સંઘની સેવાભક્તિ કરતાં,-મુક્તિપદ મળતું નિર્ધાર. ॥ ५० ॥

સંઘથી શાસન ચાલે જગમાં, સંઘ હયાતીમાં સહુધર્મ;
સંઘના સંપે સંઘવૃદ્ધિથી, જૈનધર્મ પ્રગતિનાં કર્મ. ॥ ૫૧ ॥

સંઘની સંખ્યા વૃદ્ધિનાં સહુ,-દ્વારો જ્ઞાને શીઘ્ર ઉઘાડ !!;
સંઘના નાશે જૈનધર્મના,-નાશને જાણી જૈન જગાડ !!. ॥ ૫૨ ॥

સંપે ચડતી પ્રગટે સુખડાં, સંપે પ્રગટે શક્તિ સર્વ;
સંપવિના પડતી સહુ વાતે,-જાણી ત્યાગો !! ખોટો ગર્વ. ॥ ૫૩ ॥

સાંખો !! સૌની નિંદામહેણાં, સહો !! વિપત્તિ સંકટ દુઃખ;
સમતા હિંમત શૌર્યને ધારો !!,-અંતે પ્રગટે આતમ સુખ. ॥ ૫૪ ॥

સંયમથી શક્તિયો પ્રગટે, સંયમ ચૂકો !! નહીં લગાર;
સંયમ બળથી મોહને જીતો !!,-સમતા એજ સમાધિ ધાર !!. ॥૫૫॥

સ્વરની પેઠે આતમ આંખો, પુણ્ય પાપ તનુ વ્યંજન જાણ !!;
સ્વર વ્યંજનની સૃષ્ટિ દ્વિધા છે, આત્મજ્ઞાનથી સત્ય તે માન !!. ॥૫૬॥

સ્વધર્મના સહુ ગ્રન્થો પહેલા,-વાંચી સાંભળો !! પામો !! જ્ઞાન;
સ્વધર્મ સર્વજ્ઞે ઉપદેશ્યો, સત્યદેવ છે નિજ ભગવાન્. ॥ ૫૭ ॥

સુધારકોમાં સઘળું સાચું,-એવો મત નહીં બાંધો !! કોઇ;
પ્રાચીન નવીન સુધારક સહુનું,-સમજી કરશો નિર્ણય જોઇ. ॥૫૮॥

સત્યવિચારાચારે ભયલજ્જા તજો !!, સત્યતેમારૂંમાની ચાલો !! ભવ્યજો;
સત્ય સલાહો લીજે દીજે સત્યનાં,-કરશો પ્રેમે ભવ્યો !! સત્કર્ત્તવ્ય જો.
સત્યને કરશો સત્ય વદો !! નરનારીઓ; ॥૫૯॥

સુખ છે સાતાવેદની ઇન્દ્રિય,-દેહાદિકયોગે થાનાર;
ક્ષણિક સુખ તે જાણો !! દિલમાં,-વિષય ભોગથા થયું મન ધાર !!. ॥૬૦॥

સત્ય છે સ્થાયી શાશ્વત સુખ જે,-સ્વભાવે આતમમાં નિધાર;
સમાધિજ્ઞાને આતમસુખને,-પ્રગટાવો !! ઘટમાં નરનાર ॥ ૬૧ ॥

સર્વજીવોને સુખ છે વ્હાલું, સર્વ જીવોને દુઃખ અનીષ્ટ;
સમજી સુખકર સર્વજીવોને,-કોઇનું કર !! નહીં ક્યારે રિષ્ટ. ॥૬૨॥

સર્વ શક્તિયો ખીલવ !! આતમ !!, સર્વગુણોને ઘટ પ્રગટાવ !!;
સ્વદેશ સંઘને સ્વજન હિતાર્થે,-કર્તવ્યો કરવા મન લાવ્ય !! ॥૬૩॥

સ્વાશ્રયે જીવો !! આતમ યત્ને, સ્વાશ્રયે જીવે તેહ સ્વતંત્ર;
સ્વાશ્રયવણ પરની આશાએ,-જીવવું તે જાણો !! પરતંત્ર. ॥ ૬૪ ॥

સ્વતંત્રતાને સ્વચ્છંદતામાં,-નભને પૃથ્વી સરખો ફેર;
સ્વધર્મ માટે સ્વાર્પણ કરવું, જૈનોને શિક્ષાગુણ લ્હેર. ॥ ૬૫ ॥
સંઘની સેવા ભક્તિ કરવી, સ્વદેશ સમાજનાં કરશો કર્મ;
સ્વધર્મી બંધુ સેવા કરવી, સત્ય છે આતમ !! મુક્તિ ધર્મ ॥ ૬૬ ॥
સાચી સારી શીખ દેનારા,-ઉપર કદી ન કરજો રીસ;
સારી શીખદેનારા દુર્લભ,-કરોડે તે છે વીશ પચીશ. ॥ ૬૭ ॥
સાચાને કોઇ ખોટું માને,-તેમાં તેના કર્મનો દોષ;
સત્ય વિચારને સદાચારથી, ગુણોવડે આતમને પોષ !!. ॥ ૬૮ ॥
સાચાને કદિ આંચ ન આવે, આવે તો તે દૂર પલાય;
સત્ય ન છંડો ! ! સંકટ પડતાં, સત્યમાં છીવે શક્તિ ન્યાય. ॥ ૬૯ ॥
સકામ સેવા ભક્તિ કરતાં, અનંતગુણુ ઉંચી નિષ્કામ;
સકામમાં જડ પુદ્ગલ સુખની, સ્વાર્થેચ્છા તે જાણુ !! સકામ. ॥ ૭૦ ॥
સમ્યગ્દષ્ટિ સમકિત જ્ઞાની, જૈનોને સેવા નિષ્કામ;
પરંપરાએ આજીવિકાદિ, કર્મો પણ થાવે નિષ્કામ. ॥ ૭૧ ॥
સર્વજ્ઞ મહાવીર પ્રભુનાં,-તત્ત્વો સદ્દહે સમ્યગ્દષ્ટિ;
સમકિત તે અરિહંત ગુરૂની,-ધર્મની શ્રદ્ધા પૂર્ણ પ્રતીતિ. ॥ ૭૨ ॥
સમ્યગ્દષ્ટિ સમકિતવંતા,-જૈનોનું છે મુક્તિ ધ્યેય;
સર્વ વિચારાચાર છે તેને, નિષ્કામે આદર્શાદેય. ॥ ૭૩ ॥
સમ્યગ્દષ્ટિ પ્રગટે તેને,-પરમાતમ આદર્શ જણાય;
સાધ્યની સાપેક્ષાએ સઘળુ,-નિષ્કામે પરિણમતું જાય. ॥ ૭૪ ॥
સકામ સઘળું નિષ્કામાર્થે,-સમ્યગ્જ્ઞાનીને પ્રણમાય;
સકામ પછી નિષ્કામ છે ભક્તિ,-અધિકારે અનુક્રમે પ્રગટાય. ॥૭૫॥
સેવાભક્તિ કરતાં સંકટ,-દુઃખ પડે ને ટળતો સ્વાર્થ;
સહન કરી જે કર્મો કરતો,-નિષ્કામી સહુ તસ પરમાર્થ. ॥ ૭૬ ॥
સાકારપ્રભુ સાચા છે સંતો,-નિષ્કામે કરે સઘળાં કૃત્ય;
સાકારપ્રભુની પાસે રહેતાં,-સેવાથી સહુ પ્રગટે સત્ય. ॥ ૭૭ ॥
સાકારપ્રભુરૂપ આતમ થાતાં,-નિરાકાર થાતો પશ્ચાત,
સાકારપ્રભુ અરિહંતને સૂરિ,-વાચક સાધુઓ સાક્ષાત. ॥ ૭૮ ॥

સ્વદેશઉપર પ્રેમ કરો !! પણ,-અન્યદેશપર ધરો !! ન દ્વેષ;
સ્વધર્મઉપર પ્રેમ કરો !! પણ,-અન્ય ધર્મપર ધરો !! ન કલેશ. ॥૭૯॥

સર્વવિશ્વમાં સર્વજાતિના,-જીવોપર જે પ્રેમજ થાય;
સાર્વિક વ્યાપક પ્રેમને જાણે,-વ્યાપક પ્રેમે પ્રભુ પ્રગટાય. ॥ ૮૦ ॥

સર્વકળાનું શિક્ષણ સારૂં, સર્વ ભાષા જાણો !! બેશ;
સાયન્સ આદિ જ્ઞાન કર્યાથી,-જ્ઞાનની વૃદ્ધિ થાય હંમેશ; ॥ ૮૧ ॥

સાત્વિકજ્ઞાનને સાત્વિકભકિત, સાત્વિકસેવા સાત્વિકકર્મ;
સાત્વિકભોજન પાનના યોગે, પ્રગટે મુકિત નિશ્ચય શર્મ. ॥ ૮૨ ॥

સાત્વિકજ્ઞાનાદિક ગુણથી પણ, જૂદું આતમ !! કેવલજ્ઞાન;
સાત્વિકસુખથી જૂદું આતમ,-સુખ છે અનુભવ આવે જાણ !!. ॥૮૩॥

સચ્ચારિત્રી નરનેનારી,-જીવ્યાં મરીને જગમાં તેહ;
સીતા દ્રૌપદી દમયંતી શુભ,-સતીયો સ્મરો !! જે ગુણગણગેહ. ॥૮૪॥

સતીઓ પતિવ્રતા દેવીઓ, સાત્વિક ગુણવત કર્માધાર;
સન્તો સતીઓથી જગ શોભે, સ્વર્ગ સમું જાણો !! સુખકાર. ॥૮૫॥

સત્યપંથમાં ચાલે સજ્જન, દુર્જન દુર્ગુણ પન્થે જાય;
સુરસરખા સજ્જન સંતો છે, અસુર પાપોથી પરખાય. ॥ ૮૬ ॥

સ્વાર્થ સંબંધે સગપણ ધારે, સ્વાર્થ થકી જે ધારે રાગ;
સ્વાર્થ સંબંધે સગા થતા જે,-એવા તેથી મનમાં જાગ !!. ॥ ૮૭ ॥

સ્વાર્થ ભોગ જે આપે સ્નેહે, સત્ય સગા પોતાના ધાર !!;
સગાં વ્હાલાં અવસરે સમજાતાં, સંકટ પડતાં સ્નેહ વિચાર !!. ॥૮૮॥

સર્વવાતમાં સર્વકાજમાં,-પહેલું કર્તવ્ય જ સત્સંગ;
સત્સંગ જો ક્ષણ એકની થાવે,-તેથી સુધરે સઘળા રંગ. ॥ ૮૯ ॥

સાહિબી ચક્રવર્તિને ઇન્દ્રની,-મળે તો પણ તેથી નહીં રાચ !!;
સત્સંગ આગળ તે સહુ જૂઠું, સત્સંગે મુકિત છે સાચ. ॥ ૯૦ ॥

સત્સંગતિવણ ક્ષણ જે થાવે,-તેથી કર !! મન પશ્ચાત્તાપ;
સંત્સંગતિને સદ્ગુરૂ સેવા, સદ્ગ્રન્થોથી નાસે પાપ. ॥ ૯૧ ॥

સત્સંગ જ્યારે મળે નહીતો,-સદ્ગ્રન્થો વાંચી ગુણ ધાર !!;
સદ્ગુરૂ બોધ પ્રસંગ મળે તો,-તદા ગ્રન્થવાંચનને નિવાર !!. ॥૯૨॥

સુખસાગરગુરૂ દીક્ષા દાયક,–શાંત અનેક જે ગુણનું ધામઃ
સુખસાગર ગુરૂ મહોપકારી,–વંદુ પૂજું કરૂં પ્રણામ. ॥ ૯૩ ॥
સહાયકો ઉપકારી મારા,–તેનાં નિશદિન સ્મરૂં સુનામ;
સંત મુનિયો શિક્ષક શ્રાવક,–સહાયકો સમરૂં હું તમામ. ॥ ૯૪ ॥
સેવાભક્તિ ધર્મકાર્યમાં,–અલ્પ દોષને ધર્મ મહાન;
સાપેક્ષદૃષ્ટિએ જાણી વર્તો !!,–આતમ થાતો પ્રભુ ભગવાન. ॥૯૫॥
સર્વવિશ્વમાટે મુજ જીવન, સર્વવિશ્વ છે મારૂં અંગ;
સર્વવિશ્વનું અંગ હું આતમ, નય સાપેક્ષે સમજુ ચંગ. ॥ ૯૬ ॥
સર્વવિશ્વવર્તિ જીવોને,–પરસ્પરે વર્તે ઉપકાર;
સર્વવિશ્વજીવોને જડનો,–જીવોનો ઉપકાર છે સાર. ॥ ૯૭ ॥
સ્વતંત્રતાવણ રાજ્ય શાનો ?, સ્વતંત્રતાવણ નહીં સ્વરાજ્ય;
સ્વતંત્રતાવણ લોકો સઘળા,–મરેલ સરખા ખાય અનાજ. ॥ ૯૮ ॥
સારૂં તે થોડું જગમાંહી, નઠારૂં તે જગમાં બહુ જાણ !!;
સારા લોકો ધર્મી થોડા, અધર્મી કોટિ અસંખ્ય પ્રમાણ. ॥ ૯૯ ॥
સારાજન થોડા દેખીને,–અધર્મીલોકમાં ભળો !! ન ભળ્ય;
સુવર્ણ થોડું લોહું બહુ છે,–સમજી કર!! સાચાં કર્તવ્ય ॥ ૧૦૦ ॥
સંતો થોડા અધર્મી અનન્તે, અનાદિકાલથકી એ ન્યાય;
સર્વવિશ્વલોકો કોઈ કાળે, સર્વ સંત બની નહીં જાય. ॥ ૧૦૧ ॥
સ્વર્ગ તે દેહનું શુભ આરોગ્યજ, સાત્ત્વિક આહારે તનુ પોષ !!;
સ્વર્ગ તે દેહનું બ્રહ્મચર્યને,–સારા કૃત્યોથી સંતોષ ॥ ૧૦૨ ॥
સ્વર્ગ તે દેહનું પાપ ન કરવું, ધર્મકાર્યમાં તનુ વપરાશ,
સ્વર્ગ તે વાણીનું વચ સમિતિ, સત્યવચનને બોલવું ખાસ. ॥૧૦૩॥
સ્વર્ગ તે મનનું સાત્ત્વિકગુણને, સાત્ત્વિક વૃત્તિયોના વિચાર;
સ્વર્ગ તે આત્મનું સાત્ત્વિકજ્ઞાનને, સાત્ત્વિક આનંદરસની ધાર.॥૧૦૪॥
સિદ્ધિ તે નિજ આત્મગુણોનો,–પૂર્ણપણે જે થયે પ્રકાશ;
સિદ્ધપણું તે સર્વકર્મનો,–નાશે ગુણપર્યાયવિકાસ. ॥ ૧૦૫ ॥
સરલપણું જ્યાં પડે ત્યાં ધરવું, સરલ વૃક્ષ જગમાં છેદાય,
સમજુ સરલપણાને સમજે, વક્ર વૃક્ષ સ્થાનેજ કરાય ॥૧૦૬॥

સહાય નિષ્કામે શુભ કરવી, છતી શક્તિ ગોપવ !! નહીં ભવ્ય !!;
સહાય દેતાં સહાય મળશે, સહાયે કર !! તારૂં કર્ત્તવ્ય. ॥૧૨૧॥
સહાયકોને અવસર આવે,-દેવી તન ધન શક્તિ સહાય;
સહાયકોની સેવા કરવી, સહાય કર !! નહીં ધરી અન્યાય. ॥૧૨૨॥
સહાયકો પરમાર્થી સારા, પરમાર્થે જગમાં જીવંત;
સારાઓ જગ સારૂં કરતા, અપકારીનું ભલું કરંત. ॥૧૨૩॥
સહકારો સરવર નદી ઘનવત્,-સંતો નિષ્કામે કરે સ્હાય;
સહાયનો બદલો ઇચ્છિયાવણ,-સહાય કરતા ગુણી સદાય. ॥૧૨૪॥
સ્હામાનું બળ અધિકું જ્યાં ત્યાં,-સામા પડતાં થાતી ખોટ;
સામાનું બળ અધિક જ્યાં ત્યાં,-કળ યુક્તિથી વિજય સચોટ.॥૧૨૫॥
સામાસામી બળ જ્યાં સરખાં, લાભને હાનિ હોય સમાન;
સામાનું બળ ઘટતું ત્યાં તો,-યુદ્ધ કર્યાથી ચડતી જાણ !!. ॥૧૨૬॥
સમાનતા જ્યાં વર્ણ ધર્મને, વિદ્યા કર્મ શક્તિની એશ;
સખ્ય ત્યાં પ્રકૃતિ સામ્યે રહેતું,-અન્યથા દુઃખ વિપત્તિ કલેશ.॥૧૨૭॥
સંભવ સુમતિ સુપાર્શ્વ સુવિધિ, શીતલને શ્રેયાંસ જિનેશ;
શાંતિનાથ તીર્થંકર ધ્યાવું, પ્રભુભક્તિથી નાસે કલેશ. ॥૧૨૮॥

ह

હર્દા હરદમ પ્રભુ ભજી લ્યો !!, હજી છે હાથમા બાજી સુધાર !!;
હજી પણ ચેતી લે !! ચેતન !! તું, હજી પળ આયુ એળે ન હાર !!. ॥૧॥
હારી જા !! ના છેલ્લી બાજી, હૈયામાં ધર !! ધર્મ વિચાર;
દર્શેણ દોષો હરે તે હરિ છે,-આતમ !! એવો નિશ્ચય ધાર !!. ॥ ૨ ॥
હણતો કામને લોભને માયા,-ક્રોધ માનને હર કહેવાય;
હવે સમજીને ધર્મ કરી લ્યો !!, હીન ન થાશો ધારો !! ન્યાય. ॥૩॥
હલકા મોહથી મોટા જ્ઞાનથી,-સમતાનું સજી લે !! હથિયાર;
હાંસી કર !! નહીં કોની કયારે, હાજી હા જીહાની ચાર !!. ॥ ૪ ॥
હાર્યા મોહી દુર્ગુણી વ્યસની, જીત્યા ધર્મી જ્ઞાની સંત;
હાજર દેહદેવળમાં આતમ, દેવ છે તેને સેવ !! ભદંત. ॥ ૫ ॥

હુશિયારી ધર !! સદ્ગુણ ધર્મે, હોળી રાજા મોટી દુષ્ટ;
હેલના કરશો નહિ સાધુની, હેમના મોહે થશો ન પુષ્ટ !!. ॥ ૬ ॥
હિંમતની કિંમત નહીં થાતી, હિંમત ધરી કર ! ! સારાં કાજ;
હિંમતથી નહિ હીરા મોટા, હિંમતથી રહેતી જગલાજ. ॥ ૭ ॥
હઠો !! નહીં સત્કાર્યો કરતાં, હઠીલા થઈ કરશો શુભ કામ;
પાપકર્મમાં હઠ નહીં કરશો,-કાર્યો કર !! ધારીને હામ. ॥ ૮ ॥
હોંશ થકી કર્તવ્યો કરવાં; હોંશીલા થઈ કર !! કર્તવ્ય;
હુશિયારીને હોંશથી આતમ,-કર !! કાર્યો સુખકર હે ભવ્ય !!. ॥૯॥
હિંસકનો વિશ્વાસ ન કરવો, હિંસકથી રહો ! ! સાવધ નિત્ય;
હરામીનો વિશ્વાસ ન કરવો,-અસ્થિર મન જેનું જે અમિત્ર. ॥૧૦॥
હળવું મળવું સૌની સાથે, હરામખોરથી સાવધ થાવ !!;
હાર્યો હિંમત જેણે ત્યાગી, હાર !! ન આતમ ગુણ પ્રગટાવ !!. ॥૧૧॥
હરિ તે આતમ કર્મ હરે તે,-અન્તરાત્મ પરમાતમ જાણ !!;
હરિ તે આત્મપ્રભુ દિલ દેખો !!, કર્મ હરે હર આત્મ પ્રમાણ. ॥૧૨॥
હિંસકનો વિશ્વાસ ન કરવો, હિંસકથી રહો !! સાવધ નિત્ય;
હરામીનો વિશ્વાસ ન કરવો, અસ્થિર મન જેનું જે અમિત્ર. ॥૧૩॥
હિંસા ક્રોધે માને કપટે, લોભે કામે સ્વાર્થે થાય;
હિંસા ભયને હાસ્યે થાતી, પાપનું મૂળ હિંસા અન્યાય. ॥ ૧૪ ॥
હિંસા કરનારા જીવોને,-પાપ કર્મ ભારે બંધાય;
હિંસાથી નહીં સુખ ને શાન્તિ, હિંસાથી દુઃખો પ્રગટાય. ॥ ૧૫ ॥
હિંસા સુખને માટે કરતાં, દુઃખ વિપત્તિ અંતે થાય;
હિંસા મન વચ કાયથી તજતાં,-સુખ શાંતિ જગ વર્તે ન્યાય. ॥૧૬॥
હે પ્રભુ મારી વ્હારે આવો !!; મારો કરશો ઝટ ઉદ્ધાર;
હે પ્રભુ તું છે વિશ્વનો પાલક, તુજ શક્તિ છે અપરંપાર. ॥ ૧૭ ॥
હે પ્રભુ તારો પાર ન પામું, મારા દોષ કરો !! સહુ માફ;
હે પ્રભુ તારો બાલક જાણી,-મારૂં હૃદય કરો !! ઝટ સાફ. ॥ ૧૮ ॥
હે પ્રભુ તારા માટે જીવવું, તુજવણુ મુજને ગમે ન ક્યાંય;
હે પ્રભુ દિનદયાળુ પાલક, બાપ હું ચહું છું તારી છાંય. ॥ ૧૯ ॥

હે પ્રભુ જેવા તેવા પણ તું,–મારી નાવડી પાર ઉતાર !!;
હે પ્રભુ! ત્હારૂં શરણું કીધું, મારો એક છે તું આધાર. ।। ૨૦ ।।

હે પ્રભુ મુજને પ્રકાશ આપો !!, અનંત ભવનાં ટાળો !! દુઃખ;
હે પ્રભુ શાશ્વત સાચું એવું,–આપો !! મુજને આતમ સુખ. ।।૨૧।।

હે પ્રભુ જેવા તુજને જાણું,–મારી યથામતિ અનુસાર;
હે પ્રભુ તેવો તુજને માનું,–તેમાં દોષ ન મારો લગાર. ।। ૨૨ ।।

હે પ્રભુ જેવો જાણું તુજને,–તેવો તુજને ભજું નિર્ધાર;
હે પ્રભુ તેમાં ભૂલ જો હોય તો,–ભૂલ ચૂક સદ્ગુરુ નિવાર !!. ।।૨૩।।

હે પ્રભુ તારા સદ્ગુણ વરવા,–તે પ્રભુ માની તારી ભક્તિ;
હે પ્રભુ મારામાંહી રહેલા,–દોષને હણવા દેશો !! શક્તિ. ।। ૨૪ ।।

હે પ્રભુ જ્ઞાનાનન્દ સ્વરૂપી,–તારો મહિમા અપરંપાર;
હે પ્રભુ તુજને ભાવે વિનવું, મારા દોષો દૂર નિવાર !!. ।। ૨૫ ।।

હે પ્રભુ મુજને સત્ય સુઝાડો !!, તુજમાં રહી હું જીવું એહ;
હે પ્રભુ ઇચ્છું તુજમય જીવન, તુજ ઉપયોગે બનું વિદેહ. ।।૨૬।।

હે પ્રભુ તુજને વરવા માટે,–તાલાવેલી પ્રગટ્યો ચાહ.
હે પ્રભુ કૃપા કરીને ભાવે, ટાળો !! કામાગ્નિનો દાહ. ।। ૨૭ ।।

હે પ્રભુ તું છે પૂર્ણ દયાળુ, દયા કરી સેવક સંભાર !!;
હે પ્રભુ તારો પૂર્ણ ભરુસો,–તું મારો છે તારણહાર. ।। ૨૮ ।।

હે પ્રભુ તારો પૂર્ણ લહેરો,–તું મારો છે તારણહાર.
હે પ્રભુ મારા દિલમાં પ્રગટો !!, અનંત ગુણ પર્યાયથી વ્યક્ત;
હે પ્રભુ તારી લગની લાગી, જેવો તેવો છું તુજ ભક્ત. ।। ૨૯ ।।

હે પ્રભુ મુજમાં સત્ય પ્રકાશો !!, દિલમાં રહેશો પાસના પાસ;
હે પ્રભુ તારા ઉપર ધાર્યો,–પૂર્ણપણે મનમાં વિશ્વાસ. ।। ૩૦ ।।

હે પ્રભુ તુજને ઇચ્છું છું પ્રેમે, તુજવણ બીજું ચહું ન લેશ,
હે પ્રભુ તું તે હું ને હું તે,–તું એમાં જીવું હમેશ. ।। ૩૧ ।।

હે પ્રભુ તુજમાં જગજીવોમાં,–શુદ્ધપ્રેમથી વર્તન થાય;
હે પ્રભુ એવી રીતની પૂરી,–આપો !! મુજને ભક્તિ સ્હાય. ।।૩૨।।

હે પ્રભુ, જગના સર્વજીવોપર,–કરૂં હવે નહીં રાગને રોષ; ।।૩૩।।
હે પ્રભુ મારાવણ બીજાના,–જોવું નહીં હું ક્યારે દોષ. ।।૩૪।।

હે પ્રભુ, મારી આત્મવિશુદ્ધિ,-કરવાના સહુ હેતુ પ્રકાશ;
હે પ્રભુ !! મૃત્યુકાલે તુજમાં-મારો પૂર્ણ રહો !! વિશ્વાસ. ॥૩૪॥

હે પ્રભુ સર્વ જીવોનું સારૂં,-ઈચ્છું કરૂં ત્યાં આપો !! સ્હાય;
હે શુદ્ધાતમ પરમ પ્રભુ તું,-જ્ઞાને અનુભવ્યોજ સુહાય. ॥૩૫॥

હે પ્રભુ, મોહની સાથે લડતાં,-હારૂં નહીં એવું બળ આપ.!!;
હે પ્રભુ ! પ્રભુમય જીવન ધરવા, ઘાતી કર્મોને ઝટ કાપ !!. ॥૩૬॥

હે પ્રભુ !! તું એક મારો વ્હાલો, સ્વાર્પણ કીધું તુજને સર્વ;
હે પ્રભુ તારામાં હું સમાયો, નામ રૂપના રહ્યા ન ગર્વ. ॥૩૭॥

હે પ્રભુ, તુજમાં રહીને જીવું,-કરૂં લખું ને દઉં ઉપદેશ;
હે પ્રભુ એવું ચાહું વર્તું, જિનત્વ પ્રગટી રહો !! હમેશ. ॥૩૮॥

હે પ્રભુ તું મારૂં સહુ જાણે, તું તો નેતિનેતિ થાય;
હે પ્રભુ તું છે જીવન મારૂં, તુજવણ બીજે નહીં જીવાય. ॥૩૯॥

હે પ્રભુ, શુદ્ધાતમ ઉપયોગે,-રહી શુદ્ધપરિણામની પ્રાપ્તિ;
હે પ્રભુ ! ક્ષાયિકભાવે કરવી,-વીતરાગપદની શુભ આપ્તિ. ॥૪૦॥

હે પ્રભુ ભ્રાતા પિતામાત તું,-રહેશો દિલમાં સદા હજૂર;
હે પ્રભુ પ્રેમે ઉગાર મુજને, તું છે જ્યોતિ અનંત નૂર. ॥૪૧॥

હે પ્રભુ તું સાકાર નિરાકાર, અનેકરૂપે અનંત દેવ;
હે પ્રભુ સાપેક્ષાએ સઘળાં,-દર્શન કરતાં તારી સેવ. ॥૪૨॥

હે પ્રભુ તુજને પ્રાર્થું શું બહુ, તુજને ગમે તે કર !! મુજ ઇષ્ટ;
હે પ્રભુ ચારિત્ર પંથે ચાલું,-યથાશક્તિ કરૂં તુજ આદિષ્ટ. ॥૪૩॥

હે પ્રભુ મન વચ કાયની સઘળી,-પ્રવૃત્તિ તે તુજ સેવા ભક્તિ;
હે પ્રભુ તુજરૂપ થાઉં એવી,-આપો !! સઘળી ઉત્તમ શક્તિ. ॥૪૪॥

ક્ષ,

ક્ષમા ધરો !! અપરાધી ઉપર, સહુ જીવો.છે ભૂલને પાત્ર;
ક્ષમાથકી ટળે વૈર વિરોધો,-નિર્વૈરી થાવે જીવ માત્ર. ॥૧॥

ક્ષાન્તિ ધારો !! સર્વજીવોનું,-ક્ષેમ કરો !! ધરી ધર્મીભાવ;
ક્ષુબ્ધ બનો !! નહી પરિષહ આવે, ક્ષુધા પરિસહે સમતા લાવ!!. ॥૨॥

ક્ષોણીતલમાં ક્ષોદવિનાનો, ક્ષતવણુ નહી કો નરનેનાર;
ક્ષીરોદધિ સમ નિર્મલ આતમ,-થાવા કર !! સદુપાય વિચાર. ॥૩॥

ક્ષેમ ને યોગ છે ગુરૂકૃપાથી, ગુરૂકૃપાથી યોગને ક્ષેમ;
ક્ષેમ યોગને સંતો ભક્તો,-પામી ધારી ઉત્તમ નેમ. ॥૪॥

ક્ષયોપશમભાવે મેં જ્ઞાને,-લખ્યા લેખ ને કીધા ગ્રન્થ;
ક્ષયોપશમભાવે ઉપદેશો,-દીધા વરવા મુક્તિ પન્થ. ॥ ૫ ॥

ક્ષયોપશમભાવે અંતરમાં, ધ્યાન સમાધિ કર્યા વિચાર;
ક્ષાયોપશમિક દર્શન જ્ઞાનને, ચારિત્ર ભાવના ભાવી સાર. ॥ ૬ ॥

ક્ષાયિકભાવે દર્શન જ્ઞાનને, ચરિત્ર વરવા ધારી આશ:
ક્ષયોપશમની ભાવના બળથી, પૂર્ણ મુક્તિ સુખ મળશે ખાસ. ॥૭॥

ક્ષયોપશમના દર્શન જ્ઞાનને,-ચરણનો કરૂં-કરીશ અભ્યાસ:
ક્ષયોપશમથી ક્ષાયિક સિદ્ધિ,-થાશે એવો છે વિશ્વાસ. ॥ ૮ ॥

ક્ષયોપશમથી જ્ઞાન ચરણનું,-લખ્યું વિચાર્યું પરોક્ષ ભાવ;
ક્ષયોપશમથી ક્ષાયિકભાવે,-સિદ્ધદશાનો થશે બનાવ. ॥ ૯ ॥

ક્ષય નથી ધર્મપ્રવૃત્તિનો કદિ, ધર્મ કર્યું નિષ્ફલ નહીં જાય:
ક્ષય ક્યારે નહીં આત્મપ્રભુનો,-નિત્ય અખંડ છે આનન્દરાય ॥૧૦॥

ક્ષણે ક્ષણે પ્રભુ સમરૂં હું ભાવે,-જ્ઞાને ક્ષણમાં મુક્તિ થાય;
ક્ષણિકપણું પુદ્ગલમાયાનું.-જાણી ચેતો !! આનન્દરાય. ॥૧૧॥

ક્ષણિક છે દેહાદિક સહુ વસ્તુ, ક્ષણિક છે ભોગ વિષયનું સુખ:
ક્ષણિક છે ભોગવિલાસો સર્વે, મોહદશામાં જ્યાં ત્યાં દુ:ખ. ॥૧૨॥

ક્ષણ ક્ષણ આયુષ્ય વિણસે તેથી, ક્ષણ ક્ષણ આયુ મૃત્યુ થાય;
ક્ષણિકદશાનું સુખને દુ:ખ બહુ,-એવામાં તું ક્યાં મુંઝાય. ॥૧૩॥

ક્ષણ પણ માનવભવની મુક્તિ,-માટે થાય છે જાણી ચેત !!;
ક્ષણમાં અણધાર્યું જવાનું, કાલ ઝપાટા નિરન્તર દેત. ॥૧૪॥

ક્ષણપણ કર !! નહીં પ્રમાદ આતમ,-જ્ઞાનધ્યાનમાં આયુષ્ય જાણ; !!
ક્ષણપણું એક જો જ્ઞાન ધ્યાનમાં.-જાવે તો પ્રગટે પ્રભુભાણ ॥૧૫॥

જ્ઞ.

જ્ઞાનથકી છે સુખને શાંતિ, જ્ઞાને ક્ષણમાં મુક્તિ થાય;
જ્ઞાન થકી છે જીવતો આતમ, જ્ઞાને પ્રભુ મળતા નિર્માય. ॥૧॥
જ્ઞાનીની સેવા ભક્તિથી,-પ્રગટે છે નિજ આતમજ્ઞાન;
જ્ઞાની આઠે કર્મને ટાળે, જ્ઞાની પામે છે નિર્વાણ. ॥૨॥
જ્ઞાનાનન્દમયી છે આતમ, અનંત નામે આતમ દેવ;
જૈનધર્મનો સાર છે આતમ, પરમાતમ કરવો તતખેવ. ॥૩॥
જ્ઞાતા બનશો !! સર્વતત્ત્વના, જ્ઞાન વિના સહુ લોક ગમાર;
જ્ઞેયો જાણો !! જ્ઞાને સઘળાં, જ્ઞાનથી દુઃખો સહુ ટળનાર. ॥૪॥
જ્ઞાને મન જીતાય છે, ગુરૂથી પ્રગટે જ્ઞાન;
જ્ઞાનથી ધ્યાન ચારિત્ર છે, ચારિત્રથી નિર્વાણ. ॥૫॥
જ્ઞાનક્રિયાથી મોક્ષ છે, જ્ઞાન છે જ્ઞાની પાસ;
જ્ઞાની ક્ષણમાં મુક્તિને,-પામે પ્રભુ કહે ખાસ. ॥૬॥
જ્ઞાનાનંદમયી છે આતમ,-ચિદાનંદને ઝટ પ્રગટાવ !!.
ચિદાનન્દ પ્રગટે તે પ્રભુ છે, અનંત જ્યોતિ પ્રભુ જગાવ !!. ॥૭॥
જ્ઞાનાનન્દ સ્વરૂપ આતમ છે,-તે છે અસંખ્ય નામે દેવ;
જ્ઞાન કરીને સમ્યક્ સમજો !!, નિજને નિજ નિજ જ્ઞાને સેવ !!. ॥૮॥
જ્ઞાનીઓની સેવા ભક્તિ,-સંગતિમાં સહુ જીવન ગાળ !!;
જ્ઞાન કરો !! પ્રતિદિન નવનવલું,-જ્ઞાની આગળ થઇ જા !! બાળ. ॥૯॥
જ્ઞાની આગળ ગર્વ ન કરવો, જ્ઞાનીનું કરી બહુ સન્માન;
જ્ઞાન મળે ત્યાં અર્પાઈ જા !!,-સર્વ લોકને આપો !! જ્ઞાન. ॥૧૦॥
જ્ઞાનસમું નહીં પવિત્ર કોઈ, નહીં અજ્ઞાન સમો કો દોષ;
જ્ઞાની સંગે જ્ઞાન મળે છે, જ્ઞાની સંગે આતમ પોષ !!. ॥૧૧॥
જ્ઞાન ક્રિયાથી મુક્તિ નક્કી, સૌથી મોટું આતમ જ્ઞાન;
જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં મુક્તિ,-પામે છે એ નક્કી માન !!. ॥૧૨॥
જ્ઞાની ગુરૂથી જ્ઞાનજ પ્રકટે, અજ્ઞાની ગુરૂ હોય ન જાણ !!;
જ્ઞાનીઓના અનુભવ જાણો !!,-સાપેક્ષા એ કરશો જ્ઞાન. ॥૧૩॥

—સમાપ્ત.—

પ્રશસ્તિ.

પેથાપુરમાં ઓગણીસ એંસી, સાલનું ચોમાસુ કર્યું સાર;
ત્યાંથી માગશર શુદી તેરશ, દીન રાંધેજા કર્યો વિહાર ॥ ૧ ॥
રાંધેજાથી લીંબોદર થઇ, માણસા માંહી કર્યો પ્રવેશ;
ત્યાંથી લોદ્રા થઇ પોષ વદિમાં, મહુડી યાત્રા કરી વિશેષ ॥ ૨ ॥
પોષવદી એકમ રવિવારે, મહુડી વાંદ્યા પદ્મજીણંદ;
રવિવારે રચના શરૂ કીધી, સર્વ જીવોને દે સુખકંદ ॥ ૩ ॥
મહુડીમાંહી રચના કીધી, ત્યાંથી પ્રાંતિજપુર વિહાર;
માઘ શુદી બીજે કીધો શુભ, પ્રતિદિન ત્યાં રચના કરી સાર ॥ ૪ ॥
માઘ વદિ સાતમે પ્રાંતિજથી, મધુપુરી (મહુડીમાંહી) કર્યો વિહાર;
મધુપુરી પ્રતિદિન રચના, કીધી લાવી હર્ષ અપાર ॥ ૫ ॥
મધુપુરીમાં ધ્યાન સમાધિ, ઉપયોગે આનંદ રસ લીધ;
નિર્જન સ્થાનો કોતરો માંહિ, આત્મસ્વરૂપ વિચારણા કીધ ॥ ૬ ॥
મધુપુરીથી ફાલ્ગુન શુદિ ત્રીજ, દિવસે સૂર્યોદયે વિહાર;
કરીને વિજાપુરમાં પ્રવેશી, વ્યાખ્યાનો આપ્યાં સુખકાર ॥ ૭ ॥
વિજાપુર પ્રતિદિન રચના, કીધી મોક્ષાર્થી સુખકાર;
ચૈત્ર શુદિ પંચમીએ પહોંચ્યા, વૃદ્ધિસાગર સ્વર્ગ મઝાર ॥ ૮ ॥
ચૈત્ર પૂર્ણિમા શુક્રવાર દિને, પુર્ણ કર્યો કક્કાવલિ ગ્રંથ;
ભણેગણે જે ભાવે સાંભળે, પામે તે શિવપુરનો પંથ ॥ ૯ ॥
કક્કાવલિ બે રચી મેં પૂર્વે, ગુણરાગીને હિત કરનાર.
કક્કાવલિ સદ્બોધ રચ્યો મેં, તેમાં કીધો શિખ વિસ્તાર ॥ ૧૦ ॥
કક્કાવલિ સુબોધ રચ્યો મેં, સર્વ વિશ્વ જીવ હિત કરનાર;
પ્રભુ પ્રાપ્તિને મોક્ષની પ્રાપ્તિ, જણાવી શબ્દોથી સુખકાર ॥ ૧૧ ॥
કક્કાવલિ સુબોધમાં જે જે, ભૂલચૂકને થયો જે દોષ;
સર્વ સંઘની આગળ તેની, માફી માગુ બહુ ગુણપોષ ॥ ૧૨ ॥
કક્કાવલિ સુબોધને જોઓ, શ્રદ્ધાએ વાંચે નરનાર;
સર્વ ગુણોની કરીને પ્રાપ્તિ, નક્કી પાવે પ્રભુપદ સાર; ॥ ૧૩ ॥
નિષ્કામે સૌ લોકને માટે, લખ્યું મેં મારી મતિ અનુસાર;
સર્વ વિશ્વની સેવા ભક્તિ, એ રીતે મેં કરી નિર્ધાર. ॥ ૧૪ ॥

ભણ્યામાં ભૂલ, લખ્યામાં ભૂલ, છદ્મસ્થ જ્ઞાનથી ભૂલો થાય;
એવી મારી દશા વિચારી, જ્ઞાનીઓ કરશો મુજ સ્હાય ॥ ૧૫ ॥
વિજાપુર વિદ્યાશાળામાં, આત્મોન્નતિનાં બીજો સિદ્ધ;
વિજાપુર વિદ્યાશાળામાં, ગ્રંથની રચના પૂર્ણ પ્રસિદ્ધ ॥ ૧૬ ॥
વિજાપુરમાં જન્મભૂમિ છે, મુજપર વિજાપુર ઉપકાર;
વિજાપુરની સર્વ કોમને, ઉપદેશો દીધા હિતકાર ॥ ૧૭ ॥
કક્કાવલિમાં આત્મોદ્‌ગારો, આત્મોદ્દેશથી પ્રકટ્યા બહાર;
કક્કાવલિ સુબોધને વાંચી, સુખડાં પામો નરને નાર. ॥ ૧૮ ॥
નથી લેખક ને નથી કવિ હું, નથી જ્ઞાની વા નથી વિદ્વાન;
બાલક ચાલે પ્રેમે લખ્યું મેં, સત્ય જણાય તે લેશો જ્ઞાન ॥ ૧૯ ॥
પ્રભુનો બાલક ગાંડો ઘેલો, ચાહું અંતરથી પ્રભુ દેવ;
હે પ્રભુ ! તુજ રૂપ વિશ્વને જાણી, કીધી કાંઇપણ તારી સેવ ॥૨૦॥
તારો ભેદ ન પૂરો પામ્યો, પ્રભુ છે ત્હારૂં સ્વરૂપ અનંત;
કક્કાવલિ શબ્દોથી ન્યારો, તુજને સમજે જ્ઞાની સંત ॥ ૨૧ ॥
તોપણ કક્કાવલિ શબ્દોથી, તારૂં કંઇક સ્વરૂપ સમજાય;
શાસ્ત્રો તે માટે ઉપયોગી, નકશા સરખાં કરતાં સ્હાય ॥ ૨૨ ॥
ખમું ખમાવું સર્વ જીવોને, ભૂલ્યો તેની માગું માફ;
પ્રભુ હું તારી વાટે ચાલું, શાશન દેવો કરશો સ્હાય ॥ ૨૩ ॥
સર્વ વિશ્વમાં શાંતિ પ્રકટે, થાઓ લોકોનું કલ્યાણ;
સર્વ લોકમાં સત્ય પ્રકાશો, દિલમાં પ્રકટો શ્રી ભગવાન ॥ ૨૪ ॥
શાંતિ તુષ્ટિ પુષ્ટિ પામો, જીવો પામે મંગલ માળ !
આત્મિક ઋદ્ધિ સિદ્ધિ પામો, પામો આત્મ મહાવીર લાલ ॥૨૫
ગુરૂ રવિસાગર સુખસાગર ગુરૂ પામી તેનો પૂર્ણ પસાય;
બુદ્ધિસાગર મંગળમાળા, ગ્રંથ રચી પામ્યો સુખદાય ॥ ૨૬
વાંચક શ્રોતા ગ્રહસ્થ ત્યાગી, સાધુ શિષ્યો પામો જ્ઞાન;
બુદ્ધિસાગર મંગળ સુખકર, પ્રકટે પરમાતમ ભગવાન ॥ ૨૭
ભણે ગણે તે મંગલ પામો, આશિશ એવી આપું બેશ;
બુદ્ધિસાગર શાંતિ તુષ્ટિ, આનંદ મંગળ લહો હમેશ ॥ ૨૮